બુકસેલર એન્ડ પબ્લિશર, મુ. પેટલાદ (વાયા આણંદ)

બલસારા ટ્યુશન ક્લાસ.

આ જુના અને જાણીતા ક્લાસો તેના મહલાજ ભરેલાં ખંતીલા શિક્ષણ માટે ઘેર ઘેર એક અવાજે વખણાય છે. એમાં કોઇપણ ઉંચ કોમના છોકરા-છોકરીઓ, બાનુઓ, અને ગૃહસ્થોને સવારે-સાજે-રાતે યા આખો દિવસ, અંગ્રેજી જલદી લખતાં વાંચતાં અને બોલતાં તેમજ હારમોનીઅમ વાયોલીન, ફ્લરબા, ફ્રેંચ, બુક-કીપીંગ, શોર્ટહેંડ-ટાઇપરાઇટીંગ, ધર્મજ્ઞાન અને ક-ખ થી મેટ્રિક સુધીની કોઇપણ બાબતો ઘણાં વરસોના અનુભવી મરદ અને સ્ત્રી શિક્ષકો દરેક વિદ્યાર્થી ઉપર છુટું ધ્યાન આપી ઘણીજ કાળજી અને મહેનતથી શીખવે છે. બાનુઓ માટે મહુલાજાલગ્રેલી ખાસ સગવડો છે. શિક્ષકોગાંના એક પારસી બાનુ શિક્ષક ' ટ્રેન્ડ ' થએલાં છે. જેવણ ૧૦ વરસનાં અનુભવી છે અને કોલેજમાથી મેડલ મેળવ્યો છે. તમારાં બચ્ચાંઓને તાજદે લાભ આપવા માટે ગોરખપુરવાલા બીલડીંગ વાડીઆળના આતશબેરામ સામે ૧૧૬ ઘોબીતલાવ અથવા ૨) કોટમાં ઝે. એરચશાહ લુકીમનાં દવાખાનાં સામે આ૦ શેઠની વાડીની પાસે. ૮૧ ધનબાર સ્ટ્રીટમાં મળશોજી.

નવા ધોરણની નોટો.

તમામ વિષયોના સંપૂર્ણ અને સરલ ખુલાસાવાળી દરેક ધોરણની નોટો, એક સારા બાહોશ માણસ પાસે બનાવી બહાર પાડી છે. આ નોટો વિદ્યાર્થીઓને બહુજ પસંદ પડે તેવી છે જેના સર્ટિફીકેટો અમારી પાસે ઘણાં છે. મહેરબાની કરી એક વખત ઓર્ડર આપશો; પસંદ ન પડે તો માલ પાછો રાખવાને તૈયાર છીએ. મોઢેથી વખાણ કરવા કરતાં એક વખત માલ મંગાવાથી પુરતી ખાત્રી થશે. ધોરણ પહેલું ૦—૫—૦; ધોરણ બીજું ૦—૬—૦; ધોરણ ત્રીજું ૦—૮—૦; ધોરણ ચોથું ૦—૧૨—૬; ધોરણ પાચમું ૦—૬૫—૦; હેડમાસ્તર કૃત ગુજરાતી ઉંચા ધોરણને વાસ્તે સંક્ષિપ્ત વ્યાકરણ (છપાય છે) કિંમત ૦—૧—૦ હેડમાસ્તર કૃત અંગ્રેજી મિડલ સ્કૂલ પાર્સીંગ ફોર બીગીનર્સ કિંમત ૦—૧—૦ કમિશન સારૂં આપવામાં આવશે.

કેસવલાલ કુલભજી તલસાણીઆ.

બુકસેલર અને દવાના વેપારી.

લીંબડી કાઠીયાવાડ.

" બાળશિક્ષણસાહિત્ય. "

સ્કુલો તથા લાયબ્રેરીમાં રાંગવા લાયક જ્ઞાનદર્શક બોર્ડો.

બોધવચનો ૧ લી ચોપડી	૦-૪-૬	જોડાક્ષરો ૧ લી ચોપડી	૦-૪-૦
" ૨ જી	" ૦-૪-૬	" ૨ જી	" ૦-૩-૦
" ૩ જી	" ૦-૪-૬	" ૩ જી	" ૦-૪-૦
આકનું અરૂં લેખન	" ૦-૩-૦	" ૪ થી	" ૦-૩-૦

ધાર્મિક ચિત્રોની પઝલ બોક્સીસ.

પઝલ બોક્સ નં. ૧	૦-૪-૦	પઝલ બોક્સ નં. ૪	૧-૦-૦
" નં. ૨	૦-૬-૦	" નં. ૫	૧-૮-૦
" નં. ૩	૦-૮-૦	" નં. ૬	૨-૧૨-૦

વધુ વીગત માટે નીચેને સરનામેથી અમારૂં કેટલોગ મંગાવી વાચો.

જીવણલાલ શંકરલાલ શાહ. ટે. કોલાગલી રતનપોળ-વડોદરા.

ગુજરાતનો વાર્તા રૂપે ઇતિહાસ. કી. રૂ. ૦-૭-૦

ઉપલા પુસ્તકના સંબંધમા જાહેર કરવાનું કે ઉત્તર વિભાગના કેટલાક શિક્ષકોએ એ પુસ્તક પોતાની શાળાઓમા ચલાવવા પરવાનગી માગેલી, અને મે. એજ્યુ. ઇન્સ્પેક્ટર સાહેબે મંજૂરી આપેલી છે. વિદ્યાર્થીઓને ખરીદવામા સુગમતા થાય તે હેતુથી એની કિંમત અર્ધ લેવામા આવશે તે તમામ શિક્ષકોને વિદિત થવા લખ્યું છે.

આ જાહેરખબર મે. એજ્યુ. ઇન્સ્પેક્ટર સાહેબના પત્ર નંબર ૬૧૬૧ (તા. ૨૩-૭-૨૧) ને આધારે આપવામા આવી છે.

નવીન પુસ્તકો—પદ્ય ભાષા આત્મક કરસ કાવ્ય કી. રૂ. ૦।।। (કષ્ટ કાપનાર) હીરાકણી કીંમત રૂ. ૦।।।

શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ પાસેથી અર્ધ પુસ્તકોની પોણી કીમત લેવામા આવશે.

કરછ કેરા. કરમચલી રહીમ નાનજીઆણી બી. એ.

" શિક્ષણ સાહિત્યોનો ભંડાર "

આ કાર્યાલયમાં રાષ્ટ્રીય, પ્રાથમિક, હાઇ સ્કૂલો, કૉલેજો, મોન્ટેસોરી, ને કિન્ડરગાર્ટન સ્કૂલો માટે તમામ પ્રકારના ને દરેક વિષયોનાં સાહિત્યો ને ફરનીચર મળશે. પત્ર વ્યવહાર નીચેના સરનામે કરો ને લિસ્ટ મંગાવો.

સાદર સાહિત્યો મુંબઇમાં—કૃષ્ણશંકર એલિઝ એન્ડ બ્રધર્સ સ્ટૉકમાં તૈયાર મળશે.—કેટલાંક ઘોષીતલાવ મરોન લાઇન્સ ચોથી ગલીના નાકે."

કાશીગાઈ છગનદાસ પટેલ

નાંદોલ શિક્ષણ સાહિત્ય કાર્યાલય કં. લી.

દહેગામ (અમદાવાદ)

પચીસ રૂપીઆની ચોપડીઓ ખરીદનારને સુંદર કેલેન્ડર આપવામાં આવે છે.

જરૂર વાંચો જરૂર વાંચો

અમારૂં સરનામું તમો કદી ભુલશો નહિ.

કારણ કે અમારે ત્યં નિશાળોનાં ઉપયોગી તમામ જાતનાં પુસ્તકો, ઉર્દુ પુસ્તકો, લાયબ્રેરિઓને શોભા આપે તેવા પુસ્તકો, તથા સ્કૂલોને લગતી દરેક જાતની સ્ટેશનરી રાખવામાં આવે છે.

મહેતાજીઓને સારૂ કમીશન આપવામા આવશે. કમીશન માટે અમારૂ પ્રાઇસલિસ્ટ મંગાવવા અમારી ખાસ વિનંતી છે.

રીચીરોડ
આલાહરમાન
અમદાવાદ.

મેનેજર
ચંદુલાલ મણીલાલ પારેખ
શ્રી અભયતા બુકડીપો

જાહેરજાખર.

જોઈએ છે; એક ટ્રેન્ડ મુસલમાન મુનશી. પગાર. રૂ. ૧૫) નો. લખોઃ—

મુનશી અબદુલગની તાજમોહંમદ.

મેનેજર ઉર્દુ સ્કૂલ, ડીસા ટ્રેઝ.

ઝેન. એમ. ત્રિપાઠા એન્ડ કંપની બુકસેલર્સ-કાલબાદેવીરોડ-મુંબઇ.

ગુજરાતી પ્રાથમિક શાળાઓમાં ટેક્સ્ટ તરીકે મંજુર થયેલ

ચોથા ધોરણની ભૂગોળ.

લખનાર:-રા. હિંમતલાલ ગણેશજી અંતરિયા એમ. એ., એલ એલ. બી.

૨૦ નકશા સાથેની બીજી આવૃત્તિ, મૂલ્ય ૦-૮-૦

રાજા ભોજ અને કવિ કાલિદાસ.

બોધક અને આનંદદાયક વાર્તાઓનો સંગ્રહ.

૧૦ સુંદર ચિત્રો સહિત દ્વિતીયાવૃત્તિ-કિંમત રૂ. ૪-૦-૦

લાંબી અને સુખી જીંદગી ભોગવવા ઇચ્છતા હો તો વાંચો

રા. બ. ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈ કૃત

દીર્ઘાયુપી શી રીતે થવાય.

સુધારેલી ત્રીજી આવૃતિ મૂલ્ય રૂ. ૨-૦-૦

શાળોપયોગી નિબંધસંગ્રહ.

(સરકારે પ્રાઇમરી તથા સેકન્ડરી સ્કૂલો માટે લાઇબ્રેરી તથા ઇનામના પુસ્તક તરીકે મંજુર કરેલું.)

પ્રાથમિક શાળાઓનાં ધોરણ ૫, ૬ અને ૭: ગુજરાતી વર્નાક્યુલર ફાઇનલ તથા મેટ્રિક ઓટને સ્કૂલ લીવીંગ પરીક્ષાઓ અને ગેલ તથા શ્રીમેલ ટ્રેનિંગ કોલેજોના ત્રણે વર્ષ માટે. કર્તા-ઉસમાન ગનિ ખુડણુડીયા અને મહોબતસિંહજી મોતીભાઈ રાણા. ૨૫૦ પાનાનું દળદાર પુસ્તક, કિંમત માત્ર રૂ. ૧).

સરકારે પ્રાઇમરી તથા સેકન્ડરી સ્કૂલો માટે લાઇબ્રેરિ તથા

ઇનામના પુસ્તક તરીકે મંજુર કરેલું

ઉદ્યમ કર્મ સંવાદ.

કવિના જીવન ચરિત્ર, શબ્દકોષ. મિ. હિંમતલાલ ગણેશજી અંતરીયા, એમ. એ., એલ. એલ. બી., ની ટીકા સાથે. કિં. રૂ. ૦-૧૦-૦

બાળ સદ્બોધ વાર્તાશતક રૂ. ૧-૮-૦

નેપોલીયન બોનાપાર્ટનું ચરિત્ર પાકું પુંઠું રૂ. ૨-૮-૦

સંસાર એક જીવન નાટય. રૂ. ૧-૦-૦

સ્વદેશ કવિ રવિન્દ્રનાથ ટાગોરકૃત બીજી આવૃત્તિ. રૂ. ૧-૦-૦

સૂચના.

૧. પત્ર સબંધી લખાણ—એડિટર તરફ મોકલવું. છાપવા મોકલવાનું લખાણ કાગળની એક બાજુએ ચોકખે અક્ષરે લખવું. છાપવા યોગ્ય લાગશે તો છપાશે, નહિ પસંદ કરેલા લેખ ટિકિટ મોકલી હશે તો પાછા મોકલનારના આવશે.

૨. લેખકને ઉત્તેજન—વિષયો વખી મોકલનારની પેસા લેવાની ખુશી હશે તો પ્રથમ બીજા અખર આપેથી દર છાપેલે પાને યોગ્યના પ્રમાણે રૂા ૧) સુધી આપવામા આવશે. ચર્ચાપત્ર માટે કંઈ આપવામાં નહિ આવે.

૩. લવાજમ—વરસ એકનો રૂ. ૧–૮–૦ ટપાલ ખર્ચ સાથે અગાઉથી. વિદ્યાર્થીઓ માટે ૦–૧૨–૦; છુટક અંકના રૂા. ૦–૨–૬. પોસ્ટેજ રૂા. ૦–૦–૬ જુદુ.

૪. મનિઓર્ડર—કૂપન પર ગામ કે શહેરનું ઠેકાણું સ્પષ્ટ લખવું. તેમજ ત્યા એકથી વધારે નિશાળો હોય તો નિશાળનો નંબર તથા શાળાપત્ર ઓફિસ તરફથી અપાએલા સરનામાના લેબલ ઉપરનો નંબર લખવો.

જાહેરખબરના ભાવ.

મુદ્દત.	પેજ.		
	આખુ	અર્ધું	પા.
આખું વર્ષ	રૂ. ૬૫	રૂ. ૩૪	રૂ. ૨૦
૬ માસ.	રૂ. ૩૫	રૂ. ૧૮	રૂ. ૧૨
ત્રણ માસ.	રૂ ૨૦	રૂ ૧૦	રૂ. ૬

છુટક છપાવવાનો દર.

દર ત્રણ લીટીએ રૂ. ૧–૨–૦ રાખ્યા છે

આ પત્ર માથે કોઈ પણ હુંડી બીલ વહેવવામાં આવશે નહિ.

૫. શાળાપત્રમા આપેલી બાનગી જાહેરખબરોમા જણાવેલી ચોપડીઓ બાનાગે મંજુર કરેલીજ હોય એમ હમેશ હોતું નથી. માટે દરેકને મંજુર કરેલી તરીકે ગણવી નહિ.

૬. શાળાપત્રનું વરસ જાન્યુઆરિથી ડિસેમ્બર સુધી ગણવામા આવે છે, માટે વચ્ચનો જે ગ્રાહક બંધ થવા માગતા હશે તેમની પાસેથી લેવાના અંકો તેમને મળ્યા હશે તેટલાની છુટક અંક લેખે કિંમત લેવામા આવશે

તંત્રી.

गुजरात शाळापत्र.

પુસ્તક ૬૧મું. ફેબ્રુઆરિ સને ૧૯૨૨. અંક ૨.

માસિક નોંધ.

૧

ઇતિહાસશિક્ષણને લગતો નવીન વિચાર.

ઇતિહાસનું શિક્ષણ તે વાર્તા અને સચિત્ર વર્ણન કે રસિક જીવનચરિત્રોનું જ્ઞાન છે એમ વિદ્યાર્થીને ખ્યાલ ન થવો જોઈએ. ખરો ઉદ્દેશ નૈતિકતત્વો જાણવાનો અને ઐતિહાસિક બીનાના ખરા ખોટાપણા કે લાભગેરલાભ વિષે અનુમાન કરતા શીખવવાનો છે.

શિક્ષણ ઉપયોગી થાય તેને લગતી આજ્ઞાઓ.

૧ History repeats itself.
ઇતિહાસ જુની બીનાનું પુનરાવર્તન છે. લોકોના પહેરવેશ, સ્થાનિક રાજ્ય-પદ્ધતિ, વ્યવહારના માર્ગ, શોધખોળ, દરીઆ ઉપરની બીનાઓ, વિદ્યાર્થીના પોતાના શહેર કે ગામમાં જાણવાલાયક સ્થળ હોય તેનાં નામ વગેરે ઇતિહાસમા શીખવવાં જોઈએ

૨ ઇટલીક સાલો બીનાઓને જોડનારી હોવાથી તે સંબંધમા શીખવવી.

૩ ચિત્રોની આવશ્યકતા. આથી વિષયનો સંપૂર્ણ ખ્યાલ આવશે અને સમજણ દૃઢ થશે.

૪ મોટી ઉંમરનાને વિચાર તથા અનુમાનને માર્ગે દોરવા.

૫ જીવનચરિત્રો અસંબદ્ધ સ્વરૂપમાં ન શીખવવાં, પરંતુ એક બીજાની સાથે સંબંધવાળા બનાવવાં.

નાનાં બાળકો (૮ થી ૯ વર્ષનાં)ને માટે સૂચના.
તેઓ સૂક્ષ્મ કે તાર્કિક સ્વરૂપ સમજતાં નથી. માટે જે વાર્તા કહેવી તે બનવિષયમા તેને અંતે નિર્ણય કરી શકે તેવી રીતે કહેવી. નૈતિક શિક્ષણની દૃષ્ટિએ જે શીખવવી. દરેકના જીવનમાંથી જે બોધ મળ્યો તે જોવી કારના પણ શીખવવું.

ફરજીઆત કેળવણીને અંગે નિમાએલી કમિટિની બેઠક.

મુમઇ ધલાકામાં ફરજીઆત કેળવણી દાખલ કરવી ઇષ્ટ છે કે નહિ તે વિષે લોકમત તેમજ અધિકારી વર્ગના મત જાણવા મુંબઇ સરકારે એક કમિટિ નીમી છે. તેને અંગે થોડુક સૂચન ગત માસના અંકના અમ લેખમાં અમે કર્યું છે. તે કમિટિ ઓ૦ સર એન. જી. ચંદાવરકરના અધ્યક્ષપણા નીચે અત્રેની પુરુષો માટેની ટ્રેનિંગ કોલેજના મકાનમાં તા. ૯-૧૦ ને ૧૦ મી ડિસેમ્બર ૧૯૨૧ને રોજ મળી હતી. કુલ ૮ સભ્યો હતા. તેમની સમક્ષ ઉત્તર વિભાગના જુદા જુદા જિલ્લામાંથી કેટલાક સુપ્રતિષ્ઠિત ગૃહસ્થોએ, ઉત્તર વિભાગના કમિશ્નર સાહેબ મિ. પ્રાટ તથા અમદાવાદ જિલ્લાના કલેક્ટર સાહેબ મિ. ચેટફીલ્ડે પણ સાક્ષી તરીકે અભિપ્રાય દર્શાવ્યા હતા. અત્રેની મ્યુનિસિપલ સ્કૂલોના સુપ્રીન્ટેન્ડન્ટ રા. પી. કે. દેમાઈ, મ્યુનિસિપલ પ્રેસિડન્ટ રા. બ. રમણભાઈ તથા બા. બ. સમસુદ્દીન કાદરીએ તેમજ સુરતથી રા. બ. હાકોરરામ, સરદાર જનાર્દન પાઠકજી, ભરૂચના રા. બ. અંબાશંકર મુળજી. નડિઆદવાસી રા. ગિરધરદાસ ભગવાનદાસ દેસાઇ, સર્જન્ટ ઓફ ધ્રાંગ્ડ્રા સોસાયટિવાળા રા અમૃતલાલ વી. ઠક્કર અને વડોદરાના પ્રિ. મસાણી વગેરે કેટલાકની જુબાનીનો અમૂલ્ય લાભ કમિટિને મળ્યો હતો. ભરૂચ તથા સુરત જિલ્લામાંથી કેટલાક મુખીઓ તેમજ અન્ય ગૃહસ્થો પણ જુબાની આપવા આવ્યા હતા. એકંદર ત્રણ દિવસની બેઠકમા પ્રસ્તુત પ્રશ્નો સંબધે વિધવિધ મત દર્શાવાયા હતા. રિપોર્ટ પ્રસિદ્ધ થએ સવિસ્તર હકીકત જાણવાનો જિજ્ઞાસુઓને લાભ મળશે.

જગતનાં સાત ચમત્કારી સ્થળો.

૧ ઇજિપ્તના પિરેમિડ—કુલ ૭૫ છે. રાજાઓ અને તેમના કુટુમ્બના મડદા જાળવી રાખવા તે બાંધેલા છે. ઇ. સ પૂર્વે ૩૭૩૩-૩૬૩૩. મોટામા મોટા પિરેમિડ ત્રીજે નામના શહેરમા છે. તેની ઉચાઈ ૪૮૧ ફીટ છે. પાયો ૭૭૪ ચોરસ ફુટ છે.

૨ લેલી કાર્નેસસની મરણોદ્ગાર—કેરીઆનો રાજા લેલીકાર્નેસસ પોતાની બેન આર્ટેમીઝીઆને ઇ. સ. પૂર્વે ૩૭૭ મા પરણ્યો હતો. ઇ. સ. પૂર્વે ૩૫૩ માં મરણ પામ્યો. તેના માનમા આ મસીદ બંધાઈ છે.

૩ એફીસસ શહેરમાંનુ ડાએનાનું દેવળ—આને બાંધતા ૨૨૦ વર્ષ

લાગના છે. તે ૪૨૫ ફુટ લાંબુ અને ૨૨૫ ફુટ પહોળું છે. ૬૦ ફીટ ઉંચાઇના ૧૨૭ થાંભલા છે. ઓશિઆ ખંડના જુદાં જુદા રાજાઓએ તે બંધાવ્યું છે. મહાન સિકંદર જન્મ્યો તેજ રાતે (ઈ. સ. પૂ. ૩૫૬માં) તે બળી ગયું હતું. તેને ફરી બાંધવામાં આવ્યું અને ફરી ગોથ લોકોએ બાળી નાખ્યું. (ઈ. સ. પૂ. ૨૫૨ કે ૨૬૨).

૪ બાબીલનનો ઝુલતો બગીચો—ચોરસ આકારનો બાંધેલો છે, તેને અગાસીઓ છે. કમાનોથી તે અગાસીઓને ટેકા આપેલા છે.

૫ રહોડસ શહેરનું કોલોસસ—એપોલો દેવનું પુતળું છે. ૭૦ કયુબીટ ઉંચું છે. ઈ. સ. પૂર્વે ૨૯૦ કે ૨૮૮ મા એપોલો-સૂર્ય-ના માનમાં રહોડસ બંદરે તે બાંધેલું છે. તે બાવલાનો એક પગ બંદરની દરેક બાજુએ ગોઠવ્યો છે. ધરતીકંપથી તે ઇ. સ. પૂ. ૨૨૪ મા પડી ગયું હતું. ૯ મા સૈકા સુધી તે તેમજ રહ્યું. છેવટે સેરેસન્સ લોકોએ એક યાહુદીને ઈ. સ. ૬૫૩ માં વેચી દીધું. તેનું વજન ૭૨૦૫૦૦ રતલ હતું.

૬ જ્યુપિટર ઓલિમ્પસનું હાથીદાંત તથા સુવર્ણનું બાવલું—પેલોપોનીસમ (ગ્રીસ) ની પાસે આવેલું ઓલીમ્પીઅમ બાવલું ઈ. સ. પૂર્વે ૪૩૭-૪૩૩ મા કોતરેલું.

૭ ફેરોસ—અલેકઝાંડ્રીઆ આગળ આવેલું છે.—નિરીક્ષાનો મિનારો છે. દીવાદાંડી તરીકે વાપરવા ઇ. પૂ. ૨૯૮ માં બાંધવો શરૂ થયો. ટોલેમી રાજાએ ૨૮૩ મા પુરો કર્યો. તે ૫૫૦ ફુટ ઉંચો હતો. તેની ઉપરનો દીવો ૪૨ માઈલ દૂરથી જોઈ શકાતો. ("ટીચર્સ ગ્રેડ" ઉપરથી.)

વર્ગશિક્ષકનું કર્તવ્ય.

(લેખક—રા. હરિશંકર દુર્લભજી ત્રિવેદી આચાર્ય, દક્ષિણામૂર્ત્તિ વિદ્યાલય, ભાવનગર.)

કોઈ પણ વર્ગ શિક્ષકના કર્તવ્યના સગવડતાની ખાતર ત્રણ વિભાગ પાડી શકાય.

૧. વર્ગગોઠવણ
૨. વર્ગવ્યવસ્થા
૩. વર્ગશિક્ષણ

આ ત્રણે વિભાગોની ઝીણવટમાં જવાથી વર્ગશિક્ષક આરપાર

ન જાય ત્યાંસુધી પોતાના કાર્યમાં તે પરિપૂર્ણતા લાવી શકે નહિ, તેમજ પોતાના કાર્યમાં દરરોજ જોઈતો વખત અને મહેનતનો બચાવ પણ કરી શકે જ નહિ. આથી કરીને ઉપર્યુક્ત બન્ને બાબતોમાં શિક્ષકે જે જે કરવાનું છે તે ઉપર ટુંકમાં થોડુંઘણું આ લેખમાં લખવાનો મારો વિચાર છે.

(૧) વર્ગ ગોઠવણ.

એ તો જાણીતી વાત છે કે દરકોઈ શાળાના શિક્ષકને ચોક્કસ વર્ગ સોંપવામાં આવે છે. શાળાના આખા મકાનમાં, પોતાને સોંપવામાં આવેલાં વર્ગનું સ્થાન ક્યે ઠેકાણે છે અને ક્યે ઠેકાણે હોવું જોઈએ, એ વર્ગને બારી બારણાં કેટલાં અને કઈ કઈ દિશામાં છે અને હોવા જોઈએ, વર્ગમાં હવા પ્રકાશ કેવાં છે અને કેવાં જોઈએ, વર્ગમાંના હવા કે પ્રકાશ સીધી રીતે વિદ્યાર્થીને લાભકર્તા છે કે હાનિકર્તા, વિદ્યાર્થીઓની બેઠકો કેવી રીતે ગોઠવેલી હોય છે અને તેમાં કંઈ ફેરફાર કરવા જેવું છે કે નહિ, વર્ગમાંનું પાટીયું કયા છે અને ક્યાં હોવું જોઈએ વગેરે વગેરે વર્ગ ગોઠવણીના પ્રશ્નો તરફ સાચા શિક્ષકનું ધ્યાન હમેશાં ખેંચાયેલું જ રહેવું જોઈએ.

વર્ગના મકાનની બાંધણી તથા તેમાંની વીગતો વિચાર્યા પછી શિક્ષકે એ પણ જોવાનું રહે છે કે વર્ગના વિદ્યાર્થીઓને ક્યે ક્યે સ્થળે બેસાડવા જોઈએ કે જેથી દરેક વિદ્યાર્થીનાં આખ તથા કાનને બિલકુલ નુકશાન ન થાય. વિદ્યાર્થીઓનાં આખ અને કાનની શારીરીય તપાસની કેટલી અગત્ય છે તે આ ઉપરથી સહેજે સમજી શકાશે.

શિક્ષકને સોંપવામાં આવેલા સમયપત્રકમા પોતાને જે જે વિષયો શીખવવાના હોય છે તે તે વિષયો પૈકી પોતાપુરતી ગોઠવણ, તેમજ દરેક વિષયને કેટલો સમય આપાયો હોય છે તેનો વિચાર અને શીખવવાના વિષય તથા તેને આપવાના સમયનું પ્રમાણ એ બધી બાબતોનો પણ વર્ગગોઠવણના દૃષ્ટિબિન્દુથી શિક્ષકે વિચાર કરવો ઘટે છે.

વર્ગ ગોઠવણની બાબતમા ઉપસ્થિત થતા ઉપર્યુક્ત આવશ્યક તત્વોનો વિચાર કર્યા પછી હું તને વર્ગવ્યવસ્થા ઉપર આવું છું.

(૨) વર્ગવ્યવસ્થા.

ઉપર કહી ગયા તે પ્રમાણેના વર્ગગોઠવણના પ્રશ્નો ઉકેલાતા શિક્ષકનું વર્ગવ્યવસ્થાનું કામ અલબત ચોક્કસ ઘણે અંશે સહેલું તો થઈ જાય છે, પરંતુ શિક્ષણશાસ્ત્રની દૃષ્ટિથી, શિક્ષક અને વિદ્યાર્થીઓના સુમેળનો

નકામો વ્યય ન થાય તેમજ શિક્ષક પોતાના કાર્યમાં સંપૂર્ણ પ્રતિષ્ઠા મેળવી શકે તેટલા માટે વર્ગવ્યવસ્થા સંબંધે ધ્યાનું આકર્ષવાનું કરવા જેવું રહી જાય છે તે આપણે તપાસીએ.

વિદ્યાર્થીઓ બળયુત શરીરવાળા થાય તેમજ વિનયી, સત્યપ્રિય અને પ્રભુરાગી થાય એટલા માટે વર્ગમાં વિદ્યાર્થીઓનું વર્તન કયું હોય છે અને કેવું હોવું જોઈએ એ બાબત દરેક ખરા શિક્ષકને માટે બહુજ અગત્યની અને ઝીણવટવાળી છે. શિક્ષકે યાદ રાખવું જોઈએ કે સમગ્ર શાળાના તેમજ પ્રત્યક્ષ વર્ગના નિયમોને વિદ્યાર્થીઓ પાસે પળાવવાના આગ્રહની સાથે પોતે પણ એ નિયમને સુરતપણે વળગી રહેવા આગ્રહી બનવું જોઈએ. શાળા પુરતા તેમજ પોતાના વર્ગ પુરતા પોતેજ ઉપજાવી કાઢેલા નિયમોને પળાવવા તેમજ પાળવાના આગ્રહમાજ શિક્ષકના ચારિત્ર્યની કસોટી તેમજ વર્ગવ્યવસ્થાની ઉપેક્ષા રહેલાં છે; અને ઉન્નત ચારિત્ર્યવાળા શિક્ષકના વર્ગમાં વર્ગવ્યવસ્થાના અટપટા પ્રશ્નો બહુજ થોડા ઉભા થાય છે.

આ ઉપરાંત વિદ્યાર્થીની રીતભાત, તેમ ગોઠવાની અને ઉભા રહેવાની ટેવ, બોલવામાં વિનય અને સભ્યતાનો આગ્રહ, શરીર અને પોશાકની સ્વચ્છતા, વિદ્યાર્થીને વિદ્યાભિમુખ કેમ રીતે બનાવવા તેનું મનન ચિંતન, વિષય-શિક્ષણમાં રસ ઉત્પન્ન કરવા માટે સાચી અને રંગીન પદ્ધતિનો ઉપયોગ વગેરે બીનતો પણ વર્ગવ્યવસ્થાના અતિ આવશ્યક અંગો છે, તેથી ચતુર શિક્ષકની નજર આગળથી કોઈ દિવસ એ બાબતો જોઈએ નહિ.

વર્ગવ્યવસ્થા ઉભી કરવા માટેની ઉપર્યુક્ત બીનતોથી કોઈ પણ શિક્ષકે એમ વિચારવાનું નથી કે વર્ગવ્યવસ્થાના એકલા માત્ર બહારના નિયમોથીજ વિદ્યાર્થીમાં ચારિત્ર્યવિકાસ થઈ શકે છે. વિદ્યાર્થીના ચારિત્ર્ય-વિકાસ—આત્મ વિકાસ—માટે નીચેની કેટલીક બહુજ અગત્યની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

૧. વિદ્યાર્થીમાં આત્મશ્રદ્ધા જાગી થવા દેવી.
૨. વિદ્યાર્થીઓ ઉપર અયોગ્ય દબાણ ન મૂકવું અને તેમ કરી તેનામાં થતો સ્વાતંત્ર્યનો વિકાસ ન અટકાવવો.
૩. વિદ્યાર્થીને જાતેજ વિચારવાની અને કામ કરવાની ટેવ પડવા દેવી.
૪. વિદ્યાર્થી ખોટે માર્ગે જતો હોય તો એકાએક આબુધટતી રીતે દાબી ન દેવો પણ તે સાચે માર્ગે જઈ શકે તેવી મદદગારી કરી આપવી.
૫. વિદ્યાર્થીનો મન અને બુદ્ધિના વિકાસ માટે યોગ્ય ખોરાક મળી રહે તેવા પગલાં યોજવા.

૬. વિદ્યાર્થીને સ્વતંત્ર અને સ્વાશ્રયી થવા દેવો.

ઉપર્યુક્ત ૭ સિદ્ધાંતોનો બરાબર અમલ થવાથી શિક્ષકનું વર્ગવ્યવસ્થાનું કામ ઘણું સહેલું થઈ જાય છે.

વર્ગગોઠવણ અને વર્ગવ્યવસ્થા ઉપરના વિચારો જોયા પછી હવે આપણે શિક્ષકના સૌથી અગત્યના કામ તરફ આવીએ. વર્ગશિક્ષકના કર્તવ્ય સંબંધેના ત્રણ મુદ્દાઓ પૈકી છેલ્લો અને અગત્યનો મુદ્દો તે વર્ગશિક્ષણ છે.

વર્ગશિક્ષણનો વિચાર કરવામાં પ્રથમજ આપણું ધ્યાન ત્રણ મુખ્ય વસ્તુઓ ઉપર પડે છે.

૧. વિદ્યાર્થી.
૨. શિક્ષણના વિષયો,
૩. શિક્ષણપદ્ધતિ.

૧. વિદ્યાર્થી.

જે કેળવણીથી વિદ્યાર્થીની બધી શક્તિઓ (faculties) નો યોગ્ય વિકાસ થાય તેજ કેળવણી સાચી કહી શકાય. આવી કેળવણી આપનાર શિક્ષકમાં બાલમાનસશાસ્ત્ર તેમજ શારીરિક શાસ્ત્રનું જરૂરજોગું જ્ઞાન તો આવશ્યકજ ગણાય. આવા માનસશાસ્ત્ર તેમજ શરીરશાસ્ત્રના જ્ઞાનને સંપાદન કરવામાં, જથાબંધ પુસ્તકોના અભ્યાસની ઓટલી બધી જરૂર નથી, જેટલી વિદ્યાર્થીઓનાં હમેશના બારીક નિરીક્ષણની છે. વર્ગના એકેએક વિદ્યાર્થીની બુદ્ધિશક્તિ, તેની કોઈ ખાસીયત હોય તો તે, તેનો સ્વભાવ, તેની નબળાઈ વગેરેનો શિક્ષકે બહુજ બારીકીથી અભ્યાસ કરવો જોઈએ; અને શિક્ષકનો આવી જાતનો જેટલો વધારે અભ્યાસ તેટલો વધારે તે પોતાના કામમાં ફતેહ મેળવી શકે છે.

૨. શિક્ષણના વિષયો.

અલબત્ત શીખવવાના વિષયોનું ધોરણ વિદ્યાર્થીના વય અને શક્તિના પ્રમાણમાં વધારે ઓછું રહે છે, તોપણ એટલું તો ચોક્કસ સમજવું કે, જે કોઈ પણ વિષય અથવા તો વિષયનો ભાગ શિક્ષકે વર્ગમાં શીખવવાનો હોય તેમાં તો શિક્ષકે સંપૂર્ણ તૈયારી કરેલી હોવી જોઈએ એટલુંજ નહિ, પરંતુ શીખવવાના વિષયને લગતું બીજું જેટલું લક્ષ્ય હોય તેટલું વાંચી તથા વિચારી જવું જોઈએ. તોજ શિક્ષક પોતાના શિક્ષણમાં વિવિધતા અને રસ ઉત્પન્ન કરી શકે.

વળી જે વિષય શીખવવાનો હોય તે વિષયની સાથે સંબંધ ધરાવતા બીજા વિષયો વિષે પણ શિક્ષકે જરૂર જોગું જાણી લેવું જોઈએ; નહિ તો જે ઘડીએ વિદ્યાર્થીઓને શિક્ષકના વિષયના જ્ઞાનની મર્યાદાની ખબર પડી તેજ ઘડીએ તેઓનો પોતાના શિક્ષકમાંથી અર્ધો વિશ્વાસ ઓછો થવાનો, અને શીખવાતા વિષય સાથે સંબંધ ધરાવતા એવા બીજા વિષયપરત્વે પૂછવામા આવેલી શંકાનું સમાધાન સંતોષકારક નહિ કરી શકવાથી શિક્ષકની પણ વર્ગમાં કફોડી સ્થિતિ થાય છે, અને જ્યાં શિક્ષકને કફોડી સ્થિતિમા મુકાવું જવાનો પ્રસંગ ઉભો થાય અને પરિણામે વિદ્યાર્થીઓનો શિક્ષકમાં વિશ્વાસ ઘટે તેવા સંજોગોમાં શિક્ષકના સઘળા પ્રયત્નો નિષ્ફળ જવાનો ભય રહે. આટલા માટે ખાનગી વાચન એ દરેક શિક્ષકને માટે અત્યંત આવશ્યક છે, વળી આવા વાચનથી શિક્ષક પોતાના કેળવણીવિષયક દૃષ્ટિમર્યાદા પણ વિશાળ બનાવી શકે છે, અને વિદ્યાર્થીઓની મુશ્કેલીમાં તેમજ સ્ખલનોમાં તેઓનો સાચો સહાયક બની રહે છે. આથી એક અગત્યની વાત સાબીત થાય છે કે શિક્ષકે તો પોતાના જીવનમાં એક વિદ્યાર્થીજ થઈ રહેવું જોઈએ, અને પોતાના શાસ્ત્રનાં અભ્યાસ તેમજ અનુભવ વધાર્યેજ જવાં જોઈએ.

૩ શિક્ષણપદ્ધતિ.

આગાં શિક્ષકે બે બાબતો ધ્યાનમાં રાખવી ઘટે છે. એક તો શીખવવાના વિષય માટેની ઉત્તમોત્તમ શિક્ષણપદ્ધતિની પસંદગી અને વિષયનું યથાર્થ અને સુંદર નિવેદન. શિક્ષણપદ્ધતિ પસંદ કરવામાં શિક્ષકે એ પદ્ધતિના બાહ્યાંગથી અથવા તો એ પદ્ધતિના નિયમોથી અંજાઈ જવાનું નથી, પરંતુ તે પદ્ધતિને પદ્ધતિ તરીકે ઘડવામાં બાલમાનસશાસ્ત્રના સિદ્ધાંતોનું યથાયોગ્ય પાલન કરવામાં આવ્યું છે કે નહિ તે જોવું જરૂરનું છે. શિક્ષક જે જ્ઞાનસમૃદ્ધિ ધરાવતો હોય છે તેનો સંપૂર્ણ લાભ વિદ્યાર્થીઓને ચોક્ષ અને રસપૂર્વક કેવી રીતે આપવો એ પ્રશ્નના ઉકેલમાંજ શિક્ષકના પદ્ધતિના જ્ઞાનની ખરી ચાવી રહેલી છે. જ્ઞાનસમૃદ્ધિ મેળવ્યા પછી અને સંગીન તેમજ સાચી પદ્ધતિનો બરાબર અભ્યાસ કર્યા પછી જેમ જેમ શિક્ષક એને કાર્યમાં ઉતારતો જાય છે તેમ તેમ પોતાના જ્ઞાનની મર્યાદાનો તેમજ શિક્ષણપદ્ધતિને બરાબર અમલમાં મૂકવા જોઈતી યોગ્યાયોગ્યતાનો તેને સાચો ખ્યાલ આવતો જાય છે; અને અવલોકનશક્તિ તથા અન્તરાત્માને પરિણામે સત્યમાર્ગનું દર્શન તેને આપોઆપ સ્વાનુભવથીજ થાય છે.

હકીકતોની માહીતી આપવી (Instruct) અને જ્ઞાન આપવું — કેળવવું (Educate) એ બે વચ્ચેનો થોડોઘણો ભેદ બતાવવો આ સ્થળે અયોગ્ય નહિ ગણાય. (૧) હકીકતો મઢવા (Instruction) થી વિદ્યાર્થીઓને તે હકીકતો સંબંધેનું બધું જ્ઞાન મળે છે તેમજ સાથે સાથે તેમની બુદ્ધિને પણ થોડો ઘણો ખોરાક મળે છે ખરો, પરંતુ કેળવણી (Education) તો તેજ કહી શકાય કે જેથી કરીને વિદ્યાર્થીઓની આંતરશક્તિઓનો યોગ્ય વિકાસ થાય અને પ્રાપ્ત કરેલા બુદ્ધિના જ્ઞાનને વ્યવહારૂ રૂપ આપતાં આવડે. (૨) Instruction થી તો માત્ર થોકબંધ બાબતોજ આપણે વિદ્યાર્થીઓના મગજમાં ભરી દઇએ છીએ, પરંતુ Education થી તો એ બાબતોના જ્ઞાનને યોગ્ય માર્ગે વહારી શકે એટલી શક્તિ એમનામાં આવી શકે છે. (૩) Instruction થી અમુકજ ચોક્કસ બાબતો વિષેની પુષ્કળ માહીતી ધરાવેતા આપણે વિદ્યાર્થીઓને બનાવી દઇએ છીએ અને તેથીજ તેઓ પોતાના જીવનપ્રવાહને એટલા સારૂ માર્ગદર્શકજ વહાવી શકે છે, જ્યારે Education થી વિદ્યાર્થીઓની દૃષ્ટિમર્યાદા વિશાળ થતી જાય છે અને તેથી જીવનની સઘળી આટીઘુંટી ઉકેલવા જેટલા તેઓ સમર્થ બની શકે છે.

આટલા ભેદો બતાવ્યા છતા એ તો સહેજે સમજી શકાય તેવી વાત છે કે એ બન્ને વસ્તુઓ Instruction અને Education એક બીજા ઉપર સંપૂર્ણ આધાર રાખનારી તો જરૂર છે. હકીકતોથી પરિચિત કર્યા સિવાય વિદ્યાર્થીઓને સાચા માર્ગે વાળી શકાયજ નહિ અને વિદ્યાર્થીઓની આંતરશક્તિઓનો વિકાસ કરવા માટેની કેળવણી પ્રાપ્ત કરવાના રસ્તા ઉપર તેમને દોર્યા સિવાય એકલું હકીકતોનું પોપટીઉ જ્ઞાન આપવુ એ વિદ્યાર્થીઓના મગજ ઉપર નકામો ભાર ભર્યા બરાબર છે; વળી સાથે સાથે એ પણ ધ્યાનમાં રાખવા જેવું છે કે વિદ્યાર્થીને પોતાના વિકાસને માર્ગે વાળવામાં જો હકીકતોના જ્ઞાનથી તે વંચિત રહી જાય તોપણ તેને લાભ તો જરૂર જરૂર થાય છે; જ્યારે વિકાસને માર્ગે વાળવાના પ્રયત્નો કર્યા સિવાય જો એકલી હકીકતોથીજ વિદ્યાર્થીઓનાં મગજને ભરી દેવામાં આવે તો તેમને કશો લાભ થતો નથી એટલુંજ નહિ પરંતુ એમની કેટલીક શક્તિઓનો હ્રાસ થાય છે, અને પરિણામે અણધારેલું નુકશાન પણ થાય છે.

*એથેન્સમાં વિદ્યાર્થીજીવન.



(લેખકઃ—રા. ચીમનલાલ કાલિદાસ ભટ—મુ. સામલોદ. જિ. ભરૂચ.)

એથેન્સના કેટલાક મહાન વિદ્યાર્થીઓ.

પ્રાચીન કાળમાં એથેન્સ વિદ્યાનું મોટું ધામ હતું. ત્યાના લોકો વિદ્યાના બહુ શોખીલા હતા. ત્યાં વિદ્યાનો પ્રચાર એટલો બધો હતો કે અશિક્ષિત લોકો પણ વિદ્વાનોનાં ભાષણો સમજી શકતા. વૃક્ષોની ઘટાઓ નીચે તત્ત્વજ્ઞાનીઓની આસપાસ જિજ્ઞાસુ જનોની મેદની ભરાતી, અને કલાકોના કલાકો સુધી રસમય ચર્ચાઓ ચાલ્યા કરતી. ત્યાંના પ્લેટો અને ઝીનો જેવા કેટલાક તત્ત્વજ્ઞાનીઓની કીર્તિ તો એટલે સુધી ફેલાએલી હતી, કે પૃથ્વીના જુદા જુદા દેશોના વિદ્યાર્થીઓ તેમનાથી આકર્ષાઈ ત્યાં આવતા. ત્યાનું વિદ્યાર્થીજીવન પણ ઘણું ઉચ્ચ હતું. ત્યાની શિક્ષણપદ્ધતિ એવી તો ઉત્કૃષ્ટ હતી કે વિદ્યાર્થીઓમાં કંઈ ઓરજ ચેતન સ્ફુરતું, અને કેટલાક તો પોતાની કીર્તિ ઘણે દૂર સુધી ફેલાવવાને શક્તિમાન બનતા. મહાન વક્તા સિસેરોએ અત્રેજ અભ્યાસ કીધો હતો. જ્યારે તે અત્રે આવ્યો ત્યારે બરાબર બોલી પણ શકતો ન હતો. તેની છાતી અતિશય નબળી હતી, પણ અત્રે રહીને તેણે વક્તૃત્વકળામા એવું તો પ્રાવીણ્ય મેળવ્યું કે, પાછળથી તે છટાદાર ભાષણ કરી શકતો. વળી તેને અત્રેનું જીવન એવું તો મહત્ત્વનું જણાયું કે પાછળથી તે પોતાના પુત્રને પણ ત્યાં મોકલવા ચૂક્યો નહિ.

વળી ઈ. સ. ૧૫૦ મા થઈ ગએલા રોમના બાદશાહ માર્કસે પણ અત્રેજ અભ્યાસ પુરો કીધો હતો. બાલ્યાવસ્થામાં તેણે એથેન્સમાથી કેટલાક ગ્રેકિમરોને બોલાવી ગ્રીક ભાષાનો અભ્યાસ કીધો હતો, છતાં પણ તેને એ અભ્યાસ સંપૂર્ણ કરવાને તો એથેન્સમાજ આવવું પડયું હતું. તે તત્ત્વજ્ઞાની ઝીનોનો અનુયાયી હતો અને સ્ટોઈક× પદ્ધતિનો સુસ્ત હિમાયતી હતો.

---

* કાર્ડિનલ ન્યુમેનના "Student Life in Athens" એ લેખને આધારે.

× 'સ્ટોઈક' એ તત્ત્વજ્ઞાનની એક પદ્ધતિ છે. તેનો સ્થાપનાર ઝીનો હતો. આ પદ્ધતિના અનુયાયીઓ માને છે, કે પવિત્ર જીંદગી ગાળવી અને સુખદુઃખમા સમાન વૃત્તિ રાખવી એજ જીવનનો ઉમદા હેતુ છે.

ક્રીન્થીસ એ ઝીનોનો બીજો પ્રખ્યાત વિદ્યાર્થી હતો. જ્યારે તે એથેન્સમાં આવ્યો, ત્યારે પાસે અઢી શિલિંગ કરતાં વધારે ન હતું. તે પોતાનું ગુજરાન ચલાવવાને બીજાઓને ત્યાં પાણી ભરતો, વાસણ માંજતો, અને એવા બીજાં હલકાં કામ પણ કરતો. પણ તેણે એવી તો વિદ્યા સંપાદન કરી કે તે પોતાના ગુરુ ઝીનોના મરણ પછી તેજ જગાએ મુખ્ય અધ્યાપક તરીકે નીમાયો અને એટલું ઉત્તમ પ્રતિનું કાવ્ય લખવાને શક્તિમાન થયો. આમ છતાં તેણે પોતાની સાદાઈ છોડી ન હતી. તે પહેલાંની માફક સખત કામ કરતો. તેની સાદાઈ વિષે એમ કહેવાય છે, કે એકવાર પવનને લીધે તેણે પહેરેલો કોટ બાજુએ ખસી ગયો અને તેના વિદ્યાર્થીઓના આશ્ચર્ય વચ્ચે એવું જણાયું, કે તેણે ગાત્ર એકલોજ કોટ પહેરેલો હતો!

ગ્રેગરી ઈ ત્રિપ્તના અપેક્ઝાડ્રિઆ બંદરેથી અત્રે આવ્યો હતો. શરૂઆતમાં તે તેના સહાધ્યાયીઓને બહુ ચપળ ન જણાયો, પણ તેણે એક વિષયનો અભ્યાસ કરી ગ્રીક ભાષા ઉપર અગાધ કાબુ મેળવ્યો, અને પાછળથી ઈશ્વરશાસ્ત્રવેત્તા તરીકે પંકાયો. હોરેસ ગરીબ માબાપનો છોકરો હતો. ઈટાલિના પાટનગર રોમમા તેણે સારી કેળવણી લીધી હતી, છતાં તેને એથેન્સમા આવવાની અગત્ય જણાઈ. તેની કાવ્ય લખવાની શક્તિ એવી તો ઉત્કૃષ્ટ હતી કે પાછળથી દુનિયાના પ્રખ્યાત કવિઓમાં તેની ગણના થઈ.

એથેન્સમાં નવાસવા વિદ્યાર્થીની શરૂઆતની મુશ્કેલીઓ.

આ પ્રમાણે વિદ્યાર્થીઓ એથેન્સમા ઉંચી કેળવણી મેળવતા, પણ ત્યાં આવેલા નવાસવા વિદ્યાર્થીને ઓછી મુશ્કેલીઓ ભોગવવી પડતી નહિ. તે શહેરમા દાખલ થતો કે બીજા વિદ્યાર્થીઓ તેની આસપાસ વીંટળાઈ જતા, અને તેને ચીડવવામા પાછી પાની કરતા નહિ. કેટલાક તેના અજ્ઞાન અને અણઘડપણા માટે તેની ઠંડી મજાક કરતા, કેટલાક તેની આસપાસ ગાડાની માફક ગાતા ગાતા નાચતા. કેટલાક તો તેને હાથે પગે ચીમટા ભરતા, અને બીજાઓ પોતાનાથી બને તેવું આવું તરેહ તરેહવારનું તોફાન કરી તેને પજવવામા કસર રાખતા નહિ. તેઓ તેને આમ સરઘસના રૂપમા ફેરવતા ફેરવતા જાહેર હમામખાનાઓ સુધી લઈ જતા. બિચારા આ નવા વિદ્યાર્થીની હાડમારીઓનો ત્યાં અંત આવતો. હમામખાનાંઓ પાસે આવ્યા પછી તેને વિશ્વવિદ્યાલય તરફથી એક ઝબ્બો આપવામા આવતો, અને તેની એથેન્સના વિદ્યાર્થીઓ પૈકીના એક તરીકે ગણના થતી. પછી બીજા વિદ્યા-

થીઓ તેને આવી સ્થિતિમાં છોડીને જતા રહેતા. દરેક નવાસવા વિદ્યાર્થીને બીજા વિદ્યાર્થીઓ તરફથી આવી વર્તણુક સહન કરવી પડતી; માત્ર એલિક્ષ કરીને એક વિદ્યાર્થીજ આનો અપવાદરૂપ હતો. તે ઉપર વર્ણવેલા ગ્રેગ રીનો જીવનજાન દોસ્ત હતો, જેથી તેણે તેને વિદ્યાર્થીઓની આવી ઉદ્ધતાઈભરી વર્તણુકમાંથી બચાવી લીધો હતો.

પણ આપણા આ નવાસવા વિદ્યાર્થીની મુશ્કેલીઓ હજી પુરેપુરી પતી ગઈ નથી. હવે એથેન્સમાં મુકામ ક્યાં કરવો એ તેને ભારે પ્રશ્ન થઈ પડતો. જેવા પેલા વિદ્યાર્થીઓ તેને ઝપ્પો આપીને જતા રહેતા, કે વિદ્યાર્થીઓની બીજી એક ટોળી તેને વીંટળાઈ વળતી. બિચારો આ નવો વિદ્યાર્થી આમાંના એક જણને પણ ઓળખતો ન હોય, છતા તેઓ તેના હાથમાં પોતપોતાના પ્રોફેસરો,ના નામનાં સંખ્યાબંધ કાર્ડો તેના હાથમાં મૂકતા, અને જેમ કોઈ પરદેશ ગએલો નવો પ્રવાસી ટ્રેનમાંથી નીચે ઉતરતાં પોર્ટરો તેના સામાનની ખેંચાખેંચ કરે છે, તેમ આપણા આ નવા વિદ્યાર્થીને પોતપોતાના પ્રોફેસરોને ત્યાં લઈ જવા પેલી ટોળીમાંનો દરેક જણ બનતો પ્રયત્ન કરતો. એથેન્સમાં ઘણા પ્રોફેસરો રહેતા હતા, જેથી જેની પાસે સૌથી વધુ વિદ્યાર્થીઓ આવતા તેની પ્રતિષ્ઠા સારી લેખાતી, વળી દરેક વિદ્યાર્થીને પ્રોફેસરોનાં ભાષણો સાંભળવા બદલ કંઈ રકમ પણ આપવી પડતી; આથી પ્રોફેસરોને કમાણી પણ ઠીક થતી. આથી દરેક વિદ્યાર્થી પોતાના પ્રોફેસરને સૌથી વધુ વિદ્યાર્થીઓ મેળવી આપવાનો પ્રયત્ન કરવા ચૂકતો નહિ.

એથેન્સનાં મકાનો.

ધારો કે આપણા વિદ્યાર્થીએ રહેવાને માટે એકાદ સ્થળ પસંદ કર્યું, પણ હજી તેની અગવડ પુરી થઈ નથી. એથેન્સનાં મકાનો જોતાં નવાસવા પ્રવાસીને તો ત્રાસજ થતો. ત્યાં નહોતા ભવ્ય મહેલો કે મોટી ઈમારતો. આખા શહેરમાં હામ હામ નાનાં ઝુંપડાંઓ માલમ પડતાં. એ ઝુંપડાંઓ ઈંટ અને લાકડાનાં બનાવેલાં હતાં, અને આપણાં ટોરને રહેવાનાં કોટડીઆર ઘરોને વધારે ભળતાં આવતા. કેટલાક ઘરોની બારીઓને તો બારણાં પણ ના હતા, અને તેઓ એવી તો કંગાળ સ્થિતિમાં હતા કે કયારે પડશે તે કહી શકાતું નહિ. કેકાણે કેકાણે ખુલ્લી ગટરો જોવામાં આવતી. ત્યાંના મહોલ્લાઓ સાંકડા અને વાંકાચુંકા હતા. ઘરોના ઉપલા માળ રસ્તાઓ ઉપર આગળ પડતા. ઘરનાં બારણાંઓ બહારથી ઉઘડે તેવાં હતાં, જેથી સાંકડા રસ્તાઓમાં થઈને જતાં ગાડીઓને મુશ્કેલી પડતી. આ સઘળું જોતાં એક પ્રવાસી લખે

છે કે "જો કોઇ અજાણ્યો પ્રવાસી એથેન્સમાં એકદમ દાખલ થાય, તો તે ભાગ્યેજ માને કે હું પોતે એથેન્સમાં છું." એક અંગ્રેજ મુસાફરે કરેલું ગેલીપોલિનું વર્ણન એથેન્સને ઘણે ભાગે મળતું આવે છે. તે લખે છે કે "ઇંગ્લન્ડની બહાર આવેલા ખેતરોમાંના પડુપડુ થઈ રહેલાં લાકડાંનાં ઘરો, અને નદીકાંઠે આવેલાં નાના કંગાળ ઝુંપડાંઓ તમારી દૃષ્ટિ સમક્ષ આવો, અને તેમને એકાદ ઝાડપાન વિનાની ઉદ્દંડ ટેકરીના ઢોળાવ ઉપર અસ્તવ્યસ્ત સ્થિતિમાં મૂકી દો. આ પ્રમાણે કરવાથી ઘરોની વચ્ચે રહેલી જગાઓને મહોલ્લા ગણો, અને રસ્તાઓને સાંકડા વાંકાચુંકા કરો તો તમને ગેલીપોલિનો સારો ખ્યાલ આવશે."

એથેન્સમાં શિક્ષણપદ્ધતિ.

આમ એથેન્સનાં ઘરો તરફ જોઈએ, તો આપણને ત્યાંની કેળવણીની મહત્તાનો ભાગ્યેજ ખ્યાલ આવે. પરંતુ ખેર ! ઉંચી કેળવણી કંઈ ભવ્ય મકાનો સિવાય નથી મળી શકતી એવું કયા છે ? ત્યાં અર્વાચીન સમયની માફક કેળવણી આપવાને માટે ભવ્ય મકાનો ન હતાં. ત્યાંના મોટા મોટા પ્રોફેસરો ખુલ્લી હવામા બેસીને ભાષણો આપતા. ત્યાંના વિદ્યાર્થીઓને પુસ્તકો ખરીદવાની કડાકૂટ પણ ન હતી. ત્યા નહોતી લાયબ્રેરિઓ કે વાચનાલયો. વિદ્યાર્થીઓ માત્ર રાત્રેજ આરામ લેવા મુકામ ઉપર આવતા, અને ગમે તેવી અગવડ ભરી જગામા આરામ લઈ લેતા. સવારમાં ઊઠી કેટલાક ટેકરીઓ ઉપરના દહેરાઓમાંના રંગબેરંગી ચિત્રો અને શિલ્પકળાનું અવલોકન કરવા જતા, કેટલાક બજારમાં અથવા કયરથાનમા પ્રોફેસરોના ભાષણોમાં હાજરી આપતા, અને કેટલાકો તો થીએટરોમાં પ્રોફેસરોએ રચેલાં નાટકો પ્રત્યક્ષ ભજવી બતાવવામા આવતાં હતા ત્યાં જતા. આ પ્રમાણે વિદ્યાર્થીઓ પોતે જે કંઈ જોએલું અથવા સાંભળેલું હોય તેને પોતાના જીવનમા પચાવી તે પ્રમાણે વર્તવા પ્રયાસ કરતા. ત્યાં શિક્ષક અને શિષ્ય વચ્ચેનો સબંધ અતિશય ગાઢો હતો. તેઓ એક બીજા પ્રત્યે અદ્‌ભુત સહાનુભૂતિ ધરાવતા. આ પ્રમાણે શિક્ષકના સમાગમમાં લાંબો કાળ રહેવાથી તેના જીવનના ઉમદા સૂત્રો શિષ્યના જીવનમા ઉતરતાં, અને તેમના આચરણ ઉપર શિક્ષકની સચોટ છાપ પડતી. આમ-થતું કે શિષ્યની કેળવણી પુરી થઈ ગણાતી. સુંદર ઉપવનોમાં વૃક્ષછાયાઓ નીચે બેસેલા જ્ઞાન ગુરુનાં વચનામૃતોનું પાન કરવાનું હોય ત્યાં પછી શું બાકી રહે ? ઘણાઓ

તો આવું સુંદર દૃશ્ય જોઈનેજ નંદલાલ પાછો સ્વર્ગના તરફ પાછા ફરતા અને, જોકે તેઓ તેના ઉપદેશનો એક અક્ષર પણ સાંભળતા નહિ, તો પણ પોતાના પુત્રપૌત્રાદિકને ત્યાના ઉમદા જીવનનું રસમય ભાષામાં કંઈક વર્ણન કરી બતાવવાને શક્તિમાન બનતા.

ભૂગોળના વાસ્તવિક અને આમોદપ્રમોદ શિક્ષણ માટે સાધનો.

(અનુવાદકઃ રા. સોમાભાઈ જે. પકઈ આ૦ મા૦ મ૦ ટ્રે૦ ટે૦ ટ્રેઈનિંગ વીભાગ, અમદાવાદ.)

૧ પ્રાકૃતિક નકશા.

પ્રાસ કરીને કોઈ પણ ખંડનો કે દેશનો અભ્યાસ શરૂ કરતી વખતે પ્રાકૃતિક નકશાનો ઉપયોગ કરવો. આવા પ્રાસ નકશા ઓકસફર્ડ ભાળાના જેવા પ્રસિદ્ધ થએલા છે તે વાપરવા. તેજ કુદરતી સ્વરૂપનો નકશો કાળા પાટીઆ પર દોરવો, અગર મજકૂર દોરેલા નકશામાં એક પછી એક પર્વત, નદી, શહેરના નામ પુરતા જવા અને વિદ્યાર્થીઓ પાસે પુરાવવા. ત્યારબાદ બજારમાં છાપેલા નકશા વાપરવા
જોઈએ.

ઢાલ રૂપાઓના નકશાઓ વપરાય છે તેથી પૃથ્વીના સ્વરૂપનો વિદ્યાર્થીઓને બરાબર ખ્યાલ આવતો નથી માટે થતી ભૂલ અટકાવવાને શિક્ષકે ગોળાનો ઉપયોગ કરવો. ઋતુઓના ફેરફારનો ખ્યાલ આપવા માટે ઋતુદર્શક યંત્રનો ઉપયોગ બહુજ અસરકારક થઈ પડશે.

૩ માટીનો. (નમુના)

નકશો વાપરતા પહેલા રેતીના કે એના બીજા કોઈ પદાર્થના બનાવેલા નમુના વાપરવા. કાગળના પોઠાના, પટ્ટીના બનાવેલા નમુના છાપેલા નકશા કરતાં બહુજ ઉપયોગી થઈ પડે છે. પહાડ, બીગુ, નદી, જમીનનો ઢાલ કઈ દિશામા છે વગેરે બધું સારી રીતે દર્શાવી શકાય ઉપર મુજબ પાડેલા સંસ્કાર દૃઢ અને ચિરસ્થાયી નીવડે છે.

૪ કાળા પાટીઆ પર આકૃતિઓ.

પદાર્થ, વર્ગ, દાણા, ગામ, જિલ્લો કે દેશની આકૃતિ કાળા પાટીઆ પર દોરી શકાય. રંગીન ચાક જુદા જુદા ભાગ બતાવવા વાપરવા. વિદ્યાર્થીઓને પણ સાદી આકૃતિઓ દોરતા શીખવવું. દરેક શિક્ષકને ચિત્રકળાનું જ્ઞાન અવશ્ય હોવું જોઈએ.

૫ ચિત્રો.

રમુજ અને ઉપયોગની દૃષ્ટિથી ચિત્રો વાપરી શકાય; મોઢેથી વર્ણન (ચિતાર) આપવાથી કેટલીક વખત કંઈ ફાયદો થતો નથી; ઉલટા ચિત્રથી પાઠ અનરકારક બને છે. ચિત્રના દરેક ભાગનું અવલોકન તથા વર્ણન વિદ્યાર્થી પાસે કરાવવું. શિક્ષકનું તે સંબંધીનું વર્ણન ચોચગ; આબેહુબ અને મનહર હોવું જોઈએ. કેટલીક વખત અનેક ચિત્રોનો ઉપયોગ કરવો પણ પડે. ઓ. ડી. વર્કના જુદા જુદા દેખાવોનાં ચિત્રો અને શીલીપની (ભૂગોળના જ્ઞાન સંબંધીની) આકૃતિઓ ઉપયોગમા લેવા જેવી હોય છે.

વર્તમાનપત્રો, માસિકો, આગગોટના ભાગ વગેરેનાં ચિત્ર શિક્ષકે તેમજ શિષ્યોએ એકઠાં કરવાં. દરેક શાળામાં જંગલ, રણ, મેદાન, ધોધ, બરફ, હિમક્ષેત્ર, હિમપ્રવાહ, લંડન જેવા મોટા શહેર, પિરામીડ, મનુષ્યની મુખ્ય જાતો, પશુ અને વનસ્પતિ જીવનનાં ચિત્ર હોવાં જોઇએ.

૬ જાદુઈ ફાનસ.

નાની ચિત્રની આકૃતિઓ કરતાં પડદા ઉપરના જાદુઈ ફાનસના મોટા દેખાવ બહુ આકર્ષક હોય છે; પરંતુ રંગ પુરેલા નહિ હોવાને લીધે સહેજ ખામી રહે છે. કેટલાક શિક્ષકો જાતે આવી તસવીર લઈ શકે અને તરત બાસ બનાવ્યાનો ઉપયોગ કરી શકે.

ફક્ત એક કે બે નમુનેદાર દેખાવ બતાવવામાં આવે તો બસ છે. જો કોઇ નાની શાળામા જાદુઈ ફાનસ ન હોય તો આખા તાલુકાની શાળાઓ વચ્ચે એકાદ જાદુઈ ફાનસ રાખી વારાફરતી તેનો ઉપયોગ દરેક મહીને કરી શકાય. એક પાઠમા બહુ દેખાવ બતાવવા નહિં, કેટલાક આસિસ્ટંટ ડેપ્યુટિ એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર પોતાની સાથે મુસાફરીમા આવું ફાનસ રાખે છે અને પ્રયોગો શાળામા તેમજ જાહેરમાં કરી બતાવે છે.

૭ ચિત્રને આબેહુબ જોવાનાં યંત્ર.

આવા યંત્રો (' સ્ટિરિઓસ્કોપ ') ની મદદથી દેખાવ જોવામાં આવે તો વિદ્યાર્થીવર્ગની એકાગ્રતા થઈ શકે; પરંતુ કેટલાક ચિત્રોમા રંગ ખામી હોય છે. વળી તે ચિત્રો એક પછી એકને બતાવવા પડે છે. કારણ કે ચિત્રનું નકશો શાળાના બધા વિદ્યાર્થીઓને પહોંચી શકે એટલી હોતી નથી. દેખાવની પૃષ્ઠ પર આપેલી હકીકત વિદ્યાર્થીઓએ પહેલેથી સમજી જોઈએ અગર શિક્ષકે સમજાવવી જોઈએ.

૮ ભૂગોળવિદ્યા સંબંધી પદાર્થો.

પરદેશનું આબેહુબ શિક્ષણ આપવા માટે કેટલાક પદાર્થો જેવા કે પત્થર, ચીજો, ખનિજ દ્રવ્યો, કાચો તથા બનાવેલો માલ અને ઐતિહાસિક નિશાનીઓ દરેક શાળાએ શિક્ષકે તેમજ વિદ્યાર્થીઓએ એકઠાં કરવાં. દરેક પર ચિઠ્ઠી ચોંટી તેમનું વર્ગીકરણ કરવું અને ભવિષ્યના ઉપયોગ માટે એક સારી યાદી બનાવી સંગ્રહસ્થાનમાં પદાર્થો ગોઠવવા. આવી રીતનાં નાનાં મોટાં સંગ્રહસ્થાન દરેક શાળામા હોઈ શકે. બાહ્ય દેખાવનો ઉદ્દેશ નહિ રાખતાં ઉપયોગની દૃષ્ટિથી ઉપર મુજબ શરૂઆત કરવી. પદાર્થ-પાઠ માટે બનાવેલાં 'કોનના' પત્તાં પણ કેટલીક વખત વાપરી શકાય.

૯ ભૂગોળવિદ્યા સંબંધી પ્રયોગો.

ખડકોનું ઘસાવું, પાણીનું શોષાવું, પાણીનો પ્રવાહ, વરાળનું ચડવું અને તેનું વરસાદરૂપે પડવું તે વિષે દરેક શિક્ષક ધારે તો નાને મોટે દરજ્જે પ્રયોગો પોતાની શાળામા જુજ વખતના વ્યયથી કરી શકે, અને તેથી આબેહુબ જ્ઞાન વિદ્યાર્થીઓને આપી શકે. આવી રીતે આપેલા સંસ્કાર કદી પણ કુમળાં બાળકોના મગજમાંથી જતા નથી.

ભૂગોળ સંબંધી ગણિત શાસ્ત્રના પ્રયોગ પણ સૂર્યની ગતિ, ઋતુ-દર્શક યંત્ર અને લાકડીના પડછાયા પરથી કરી શકાય. ઉપર મુજબ અનુભવ બનાવી વિદ્યાર્થીઓ ઘડીઆળ વગર અડસટ્ટે પણ વખત જાણી શકે.

૧૦ પુસ્તકો.

શિક્ષક જરૂર પડતી પણ બહાર પાઠય પુસ્તકો ઉપરાંત મેળવતી જોઈએ-હમેશાં પોતે જ્ઞાન વધારતા રહેવું. દેશ, ભેદાગ, દેશ અને વિભાગ વગેરે સંબંધી સારાં વર્ષનાં વર્તમાનપત્રો તેમજ પુસ્તકોમાંથી ગોળી કાઢવાં અને તેની એક નોંધ બનાવવી.

૧૧ વાયુચક્ર સંબંધી યંત્રો.

ઉષ્ણતાદર્શક યંત્ર, વાયુભારમાપક યંત્ર, પવનચક્રો, રંક, છાયાયંત્ર વગેરેનો ઉપયોગ યોગ્ય પ્રસંગોમાં કરવો.

આર્કિમીડીસના સિદ્ધાન્તો.

[લખનારઃ—મિ. વલીશાહ કુરબમશાહ મુન્શી.]

જ્યારે હિન્દુસ્તાનમાં અજ્યથી બાવીસો વર્ષ ઉપર પટણામાં મહાન અશોક નામક રાજા રાજ્ય કરતો. હતો, ત્યારે ભૂમધ્ય સમુદ્રના આવેલા સિસિલિ દ્વીપસમૂહના સયરાકુસ નગરમાં Hiero હિએરો-નામે રાજા ઇ૦ સ૦

પૂર્વે ૨૮૭ મ અમલ ચલાવનો હતો. આ હિએરો રાજાના સમયમાં એક આર્કિમીડીસ નામે વિશ્વવિખ્યાત સમર્થ ગણિતશાસ્ત્રી થઈ ગયો છે તે સુવિદિત છે. આ પ્રબળ તત્ત્વવેત્તાએ પોતાના બુદ્ધિનાસામર્થ્ય વડે ગણિતશાસ્ત્રના કેટલાક સિદ્ધાન્તો સ્થાપિત કર્યા છે, તેમાંના બે સિદ્ધાંતો વિષે અત્ર સંક્ષિપ્ત વિવરણ કરવામા આવે છે.

આર્કિમીડીસે જે બે સિદ્ધાન્તોનું સંશોધન કર્યું, તે એ હતા કે (૧) પાણી સર્વ પદાર્થોને ઉપરની મેર ધકેલે છે-દબાવે કરે છે; (૨) નક્કર ઘન પદાર્થોને પાણી અથવા પ્રવાહી વસ્તુમાં ડુબાડતાં તે પોતાના Volume - કદ-જેટલું પાણી અથવા પ્રવાહી વસ્તુ બસેડે છે; પાણીના આ લક્ષણોથી સોનું, રૂપું ઇત્યાદિ ધાતુઓ શુદ્ધ છે કે નહિ તેની કસોટી ઘણી સરળતાથી કરી શકાય છે.

આર્કિમીડીસે ઉપરના નિયમોથી હિએરોના મુગટમા કેટલું સોનું અને રૂપું છે, તે નિશ્ચયપૂર્વક રાજાને અતિ દક્ષતાથી બતાવી આપ્યું, અને તેના સર્વ પ્રશ્નોના ઉત્તર ઘણી કુશળતાપૂર્વક આપ્યા; પણ આર્કિમીડીસની તીવ્ર જિજ્ઞાસા આટલાથી પરિપૂર્ણ તૃપ્ત થઈ નહી; તેથી પોતાના કાર્યક્ષેત્રમા વધુ સંશોધન કરવા માટે અવિરત મનત પ્રયત્નમહ ચીવટપણે મંડી રહ્યો. જો તે આટલાથીજ સંતોષ માની નિવૃત્ત બેસી રહ્યો હોત અને મુગટના ચોકખાપણા વિષે કરેલી પરીક્ષાથી માત્ર પ્રફુલ્લિત થયો હોત તો વિજ્ઞાન-શાસ્ત્રના પ્રદેશમા એક તસુની પ્રગતિ પણ ન કરી શકત અને અન્યાર્થે વિજ્ઞાનદર્શક માર્ગ ઉઘાડો ન મૂકી જાત; કેમકે આવી ધૈર્યયુક્તતા, બુધ્ધિ-કૌશલ્ય અને અવિરામ અવિચ્છિન્ન પ્રયત્ન તથા પ્રયોગોથી કોઈ વસ્તુના સત્યની શોધખોળ કરનાર કર્મવીર પુરુષો ઘણા ચોડા દૃષ્ટિગોચર થાય છે.

પાણીમા ઉપર ધકેલવાનું વલણ છે એવું આર્કિમીડીસે સ્નાન કરતી વેળા અનુભવ્યું હતું. તે પાણીના આ ખાસ ગુણની સહાયતા વડે મુગટનું શુદ્ધપણું ઘણી સરળતાથી પારખી શક્યો. તત્પશ્ચાત, તેણે અગણિત પ્રયોગોનો અનુભવ કર્યા પછી પ્રસ્તુત વિષયને અનુલક્ષિત એક સિદ્ધાંત પ્રતિપાદન કર્યો, કે " પ્રત્યેક ઘન પદાર્થને પાણીમાં તોળતા તેના કદ બરા-બરના પાણીના ભાર જેટલું વજન તેમાથી ઘટી જાય છે. " આ નિયમને આધારે કોઈ પદાર્થ કેવળ સોનાનો બનેલો છે કે નહિ તેની ખાતરી કરવી હોય, તો (૧) તે પદાર્થને હવામા તોળી જોવો; (૨) તેનું પાણીમાં

વજન કરવું; (૩) જેટલું વજન પાણીમાં ઘટયું હોય તે વડે તે પદાર્થના તોલને ભાગવું; (૪) જો ભાગાકાર કોઈ ચોકખા સોનાના કડકાના ભાર આવે બગનો આવે, તો જાણવું કે તે પદાર્થ માત્ર સોનાનોજ બનેલો છે, અને ઘટ પડે તો તેમાં નિઃસંશય કોઈ બીજી ધાતુ મિશ્ર કરવામાં આવી છે.

કોઈ વસ્તુ કેવળ શુદ્ધ અથવા મિશ્ર છે તે ભાગાકારથી કેવી રીતે જાણી શકાય ? જ્યારે કોઈ ભાગ તેમાંથી કાપી લાય તોજ તે હલકી થાય. ત્યારે પાણીમાં તો તે વસ્તુ જેમની તેમ હોય તે છતાં હલકી કેમ થઈ જાય ? આ બે પ્રશ્નોનો ઉત્તર આપવા માટે લાંબા વિવરણની આવશ્યકતા છે, પરન્તુ અત્ર માત્ર ટુંકાણમાં દિગ્દર્શન રૂપે પ્રયત્ન કરવામાં આવ્યો છે. આર્કિમીડીસે જે ભાગાકાર કરીને મુગટની સત્યતા-શુદ્ધતા શોધી તેને વૈજ્ઞાનિકો અંગ્રેજીમાં Relative density અથવા Specific gravity કહે છે અને ગુજરાતી પરિભાષામાં સાપેક્ષ ઘટત્વ અથવા વિશેષ ગુરુત્વ કહે છે.

રસાયનશાસ્ત્રની પોથીમાં લખેલું છે, કે સોનું પાણીથી ઓગણીસ ગણું, સીસું અગીઆર ગણું, પારો સાડાતેર ગણો ભારે છે. આમ બતાવવાની શી જરૂરિયાત છે ? પારો પાણીથી સાડા તેર ગણો ભારે છે તેનો અર્થ એવો છે, કે અમુક પારાનું વજન તેની સમાન Volume-કદના—પાણીના વજન કરતાં સાડાતેર ગણું છે, અર્થાત્ એક કાચના પ્યાલામા ચોકખું પાણી ભરી તે તોળવામાં આવે, અને ત્યાર પછી પાણી કાઢી નાખી કેવળ પારો ભરી વજન કરવામાં આવે તો જણાશે, કે પ્યાલામા ભરેલા પારાનું વજન તેમાં ભરેલા પાણીના વજન કરતા સાડા તેર ગણું છે. આ સાડાતેર ગણુંજ પારાનું વિશેષ ગુરુત્વ—Specific gravity-કહેવાય છે.

સેંકડો પ્રયોગો કર્યા પછી એવું સિદ્ધ થઈ ચુક્યું છે, કે એક ચીજનું વિશેષ ગુરુત્વ બીજી ચીજના વિશેષ ગુરુત્વથી જુદું હોય છે; પરન્તુ તેજ વસ્તુનું વિશેષ ગુરુત્વ તેજ સ્થિતિમાં સદા સમાનજ રહેશે. જેમકે સોનાનું વિશેષ ગુરુત્વ ૧૯.૩ છે. ચોકખું સોનું ગમે તે સમયે અને ગમે તે સ્થળે પારખવામાં આવે, તો તેનું વજન તેની સમાન કદના ચોકખા પાણીના વજનથી ૧૯.૩ ગણું થશે; એટલા માટે કોઈ પણ પદાર્થની શુદ્ધતા શોધી કાઢવા માટે તેના વિશેષ ગુરુત્વને પ્રથમ નક્કી કરવાની ખાસ જરૂર છે. કેમકે જો કોઈ પદાર્થનું વિશેષ ગુરુત્વ સેંકડો વખતની કસોટીઓ કર્યા પછી જે માલમ પડયું છે, તેજ તે જાતના પદાર્થનું જણાય, તો

સમજવું, કે તે પદાર્થ સાવ શુદ્ધ છે, નહિ તો મિશ્ર છે. આ નિયમ સોના અને પ્લેટિનમની ધાતુઓના સબંધમાં સંપૂર્ણ રીતે લાગુ પડયો છે; પણ બીજી ધાતુઓના સંબંધમાં કોઈ કોઈ વાર ભૂલથાપ થઈ જાય છે. ઉદાહરણ તરીકે રૂપાને લઈએ તો રૂપાનું સાપેક્ષ ઘટત્વ ૧૦.૫, સીસાનું ૧૧.૪ કથીરનું ૭.૩ અને જસતનું ૭.૧ છે. ને આ ત્રણે ધાતુઓને ઘણી સંભાળપૂર્વક રૂપા સાથે મેળવવામા આવે, તો ચોકખા રૂપાનું જે વિશેષ ગુરુત્વ છે તેજ આ મિશ્રણનું પણ થઈ શકે છે; તેથી રૂપાની બતાવેલી ચીજોની પરિપૂર્ણ પરીક્ષા થઈ શકતી નથી; કારણ કે મેળવણી કરનાર માણસ કોઈ હલકી ધાતુને ભેળવે, પણ હલકી ધાતુનું સાપેક્ષ ઘટત્વ એટલું બધું ઓછું હશે, કે જેથી મિશ્રણનું સાપેક્ષ ઘટત્વ સદાકાળ સોના તથા પ્લેટિનમના સાપેક્ષ ઘટત્વથી ઘટતું રહેશે.

નક્કર પદાર્થોનું સાપેક્ષ ઘટત્વ શોધી કાઢવા માટે કઈ કઈ બાબતોની જરૂર છે તે જાણવું જોઈએ નક્કર પદાર્થનું વજન અને જેટલું તેનું કદ છે તેટલા પાણીનું વજન આ બે બાબતો ખાસ લક્ષમા રાખવાની છે પણ તેટલાજ કદના પાણીનું તોલ તે પદાર્થથી બમેલા પાણીના તોલ જેટલુ જ છે; કેમકે તે પદાર્થ પાણીમા જેટલી જગા રોકે છે તેટલુંજ પાણીનું પરિમાણ ખરી જશે; માટે પદાર્થના વજનને બમેલા પાણીના વજને ભાગવાથી જે ભાગાકાર આવશે તેજ તે પદાર્થનું સાપેક્ષ ઘટત્વ છે.

સોનું, પારો, સીસુ ઇત્યાદિ પદાર્થો ભારે, અને એટણુમિનિયમ, લાકડું વગેરે વસ્તુઓ હલકી કેમ ગણાય છે, તે હવે સ્પષ્ટ સમજાશે. જે ચીજો હલકી હોય છે, તેનું સાપેક્ષ ઘટત્વ ભારે ચીજોના મુકાબલામાં ઘણું ઓછું હોય છે. એલ્યુમિનિયમનું સાપેક્ષ ઘટત્વ ૨.૭ છે; લાકડાનું એકથી પણ ઓછું છે, જે ચીજ પાણીમા ડુબતી નથી તેનું સાપેક્ષ ઘટત્વ એકથી કમી હોય છે. અર્થાત્ જે તેના વજનનેજ તેટી સમાન કદના વજનથી ભાગીએ તો ભાગાકાર એકથી ઓછો આવે છે. આ ઉપરથી જણાય છે, કે જે પદાર્થો દેખાવમાં નાના હોય પણ તોલમા ભારે હોય, તે ભારી કહેવાય અને જે પદાર્થો કદમા મોટા હોય પરન્તુ વજનમા હલકા હોય, તે હલકા કહેવાય. રૂ હલકું ગણાય છે; કેમકે એક શેર રૂ જેટલી જગા રોકે તેટલીજ જગા એક મણ લોઢું ભાગ્યેજ રોકે.

કેટલીક વસ્તુઓનું સાપેક્ષ ઘટત્વ નીચે પ્રમાણે જણવામા આવ્યું છે.

ચોકખી વસ્તુ	સાપેક્ષ ઘટત્વ
પ્લેટિનમ	૨૧.૫

સોનું		૧૯·૩
સીસું		૧૧·૪
રૂપું		૧૦·૫
તાંબું		૮·૮
લોહું	લગભગ	૭·૩
કલાઈ		૭·૩
જસત		૭·૧
હીરા		૩·૫
ઍલ્યુમિનિયમ		૨·૭
આરસપહાણ		૨·૬
ચોકખો પ્રવાહી		સાપેક્ષ ઘટત્વ
પારો		૧૩·૬
ગાયનું દૂધ	લગભગ	૧·૩
અનીજ પદાર્થો ઓગળ્યા લોમ એવું પાણી		ઓકથી વધુ
ટરપેનટાઈન તેલ		·૭૭૩
ઈથર		·૭૩૬

જ્યારે એક વસ્તુનું સાપેક્ષ ઘટત્વ હંમેશાં હવામાં સરખું જ રહે છે, તો તે વસ્તુ પાણીમાં કેમ હલકી થઈ જાય છે? તે વસ્તુની સ્થિતિ હવામાં છે તેવીજ પાણીમાં છે; તોપણ તેનું સાપેક્ષ ઘટત્વ પાણીમાં કમી થઈ જાય છે, એવું આ ઉપરથી માલમ પડે છે. વસ્તુસ્થિતિ પાણીની બહાર છે, તેવીજ પાણીમાં છે. એવું કહેવું તદ્દન વાસ્તવિક નથી. સોનું પોતાના ગુરુ બહારની પેઠે પાણીમાં પણ ધારણ કરે છે એ દૃષ્ટિએ તો સ્થિતિ સમાન છે. તેનાં લક્ષણોમાં તો કોઈ પણ પ્રકારની ન્યૂનતા આવી નથી; પણ વસ્તુસ્થિતિનો એવો અર્થ નથી કે ગુણો એક સરખા રહે, તેનો ભાવાર્થ એવો પણ છે, કે તે વસ્તુની સાથે બાહ્ય પદાર્થોનો સંબંધ પણ સમાન છે. અર્થાત્ બાહ્ય પદાર્થોની અસર પણ તેના ઉપર એક સરખીજ પડે છે. ત્યારે પાણીની અસર તેના ઉપર શું જોવી પડે છે, કે જેથી તે વસ્તુ હલકી થઈ જાય? વાસ્તવિક છે તો આમજ; પણ આ વિષે વિચાર કરતાં પહેલાં વસ્તુ હલકી અને ભારે કેમ થાય છે, તે જાણવું કંઈક આવશ્યક છે. કોઈ ભારે વસ્તુ ઉંચકતી વેળાએ શું એવું જણાતું નથી, કે તે નીચલી તરફ ખેંચાતી જાય છે અમારું તેનું વલણ નીચલી તરફ છે, તો તેને ખેંચનાર કોણ છે? પૃથ્વીમાં એક એવી શક્તિ છે, કે તે વડે સર્વ પદાર્થો નીચલી મેર ખેંચાતા જાય છે; આ શક્તિને પૃથ્વીનું આકર્ષણબળ કહે છે. આ આકર્ષણ પૃથક

પૃથક પદાર્થોમાં જુદા જુદા પ્રમાણમાં માલમ પડે છે. અર્થાત્ પૃથ્વીનું આકર્ષણ ભિન્ન ભિન્ન વસ્તુઓ પર ભિન્ન ભિન્ન પ્રમાણમાં અસર કરે છે.

ગણિતશાસ્ત્રમાં દર્શાવવામાં આવ્યું છે, કે આકર્ષણ અને પદાર્થોના રજકણોમાં એક ખાસ નિકટ સંબંધ છે. જેમ જેમ પદાર્થોના રજકણોમાં વૃદ્ધિ થાય છે, તેમ તેમ તેમના ઉપર આકર્ષણબળ પણ વધતું જાય છે, અને રજકણો ઘટવાથી આકર્ષણબળ પણ તેજ પ્રમાણમાં ઘટતું જાય છે. જો આમ ન હોત, તો એક ભારે વજન ઉંચકવાને જેટલું વજન કરવું પડત તેટલુંજ બળ હલકામાં હલકો ભાર ઉંચકવા માટે કરવું પડત, અને નાનામાં નાની વસ્તુ પણ ઘણી મુસીબતથી ઉંચકી શકાત. એવી પણ ગણતરી કરવામાં આવી છે, કે જો કોઈ પણ પદાર્થ પૃથ્વીના કેંદ્રથી ઘણો દૂર જતો રહે, તો તેના ઉપર આકર્ષણબળ ઓછું થઈ જાય છે. આજ બળથી ચંદ્રમા પૃથ્વીની ચોતરફ ફરતા ફરતાં સૂર્યની પણ પ્રદક્ષિણા કરે છે; સમુદ્રમાં ભરતી ઓટ થાય છે; વસ્તુઓ ઉપરથી નીચે પડે છે; મોટી મોટી ઘડિયાળોના Pendulum-લોલક-આમતેમ ગતિ કરી ઘડિયાળના કાટાઓને ફેરવી સમયનું માપ કાઢે છે; પૃથ્વી સૂર્યને છોડી એટલે અંતરે જતી રહેતી નથી, કે જેથી તે ઠંડી પડી જાય અને તેના ઉપરનાં સર્વ પ્રાણી ટાઢથી મરણ પામે.

પાણી આકર્ષણવિરુદ્ધ પાણીમાં નાખેલી વસ્તુ પર અસર કરે છે. આને લીધે પાણીમાં સર્વ વસ્તુઓનું વજન ઘટી જાય છે અને કેટલીક વસ્તુઓ તો એવી હોય છે, કે તેઓ પર આકર્ષણબળ તદ્દન જણાતું નથી, કારણ કે તેઓ પાણીના ઉપર રોકાઈ રહે છે-તરતી રહેછે. જ્યારે પાણી આકર્ષણ સામે કાર્ય કરી રહ્યુંછે, ત્યારે પાણીનું બળ આકર્ષણ વિરુદ્ધ કઈ દિશામાં છે, તે સ્પષ્ટ જણાય છે. આ ઉપરથી એવું માલમ પડે છે, કે જો પૃથ્વીનું આકર્ષણ કોઈ વસ્તુને નીચવી ગમ ખેંચી રહ્યું છે, તો પાણીનું બળ તેને ઉપલી મેર ધકેલી રહ્યું છે. પાણીની આ શક્તિને તારકશક્તિ કહે છે.

અદ્યાપિપર્યન્ત કસોટીના પ્રયોગો પાણીની સાથે કરવામાં આવ્યા છે, પાણીની પેઠે પારો, દૂધ, મધ, તેલ, વગેરે પ્રવાહી પદાર્થો સાથે પણ તરતી વસ્તુઓનો આજ પ્રમાણે સંબંધ છે. ખાતરી તરીકે પાણીને બદલે બીજો કોઈ પ્રવાહી લઈ તેજ પ્રયોગ કરી શકાય છે. આ નિયમને સામાન્ય રીતે આ પ્રમાણે કહી શકીએઃ--જ્યારે કોઈ તરતી વસ્તુ કોઈ પ્રવાહી પદાર્થમાં મૂકવામાં આવે, તો તે પોતાના વજન જેટલો પ્રવાહી ખસેડી નાખે છે. એટલે ખસેલા પ્રવાહી પદાર્થનું વજન તરતી વસ્તુના વજન બરાબર હોય છે.

(અપૂર્ણ)

પાકી શાહી.

(રા. રા. દેવશંકર જેઠાલાલ પંડ્યા.)

આપણી સ્કૂલોમાં આવતા સદ્‌ગ્રંથોમાંથી પેઢી ઘણા સદ્‌ગ્રંથો ઉપયોગી હોય છે. લાંબા વખત સુધી તે સાચવી રાખવા પડે છે. આવા સદ્‌ગ્રંથો તથા બીજું ઉપયોગી લખાણ એવી શાહીથી લખાવું જોઈએ કે તે ગમે તેટલા વખત સુધી સારી સ્થિતિમાં રહી શકે, પાણીનો સ્પર્શ થયા છતાં લખાણ બગડે નહિ. આમ થાય તો ભવિષ્યમાં ફાયદો થવા સંભવ છે.

ઓફિસોમાં ઉપયોગી લખાણ 'ટાઈપિ' કરવું પડે છે, એ 'ટાઈપિ'થી ખર્ચ વધારે થાય છે, છતાં અક્ષરો સારા ઉઠતા નથી. માટે એવી શાહીની જરૂર છે કે જેનાથી લેખણવડે લખતાં અક્ષરો સારા આવે, ચકચકિત દેખાય, ચિરસ્થાયી થાય, છતા 'ટાઈપિ' કરતાં ખર્ચ ઘણો ઓછો થાય.

આવી શાહી પહેલાં હતી. માગ કરતાં પણ તે વિષેના વિશેષ જાણકારો હશે. છતાં આ સ્થળે મારું કાર્ય એ છે કે તેઓને આ વાત સ્મૃતિપટ પર આણી તાજી કરાવવી. એટલા માટે પાકી શાહી કેવી રીતે બનાવવી તે વિષેની બે રીતો રજુ કરું છું.

૧ લી રીતઃ—૨૦ પૈસાભાર લાખને ૨૦૦ પૈસાભાર પાણીમા નાખી, કોરી હાંડલી (માટીનુ કોરું વાસણ) માં ભરી, ધીમા ધીમા તાપે ઉકાળવી. ઉકળે તે વખતે હલાવતા રહેવું. ઉકળવાથી લાખ અને પાણીનું મિશ્રણ બનશે. એ મિશ્રણમા લેખણ બોળી કોરા કાગળ ઉપર લખી જોવું. જો તે મિશ્રણ પસરી ન જાય કે ફુટી ન નીકળે તો પછી આગળ બીજી ક્રિયા કરવી. ફુટી નીકળતું હોય તો વધારે વખત ઉકળવા દઈ ફરી કહ્યા મુજબ ખાતરી કરી જોવી. પછી લોદર અને ટંકણખાર (શાહીમાં ચળકાટ આવે એટલાં) મેળવી પછી તેમા તેલના દીવે પાડેલું કાજળ (શાહી કાળી બને એટલું) પોટલીમાં બાંધી તે પોટલી તે મિશ્રણમા બૂડવી. કાજળ, લોદર, ટંકણખાર એ બધાં લાખ સાથે મળી જતા કાળી અને સુઘટ, ચકચકિત શાહી બની જશે.

પ્રથમ જે ગ્રંથો લખાતા તે આજ શાહીથી લખાતા હતા. જોસો કે તેથી પણ વધારે વર્ષો પહેલા લખાયલા ગ્રંથો હજી સુધી જેવીને તેવી સ્થિતિમા મળી આવે છે તે આ શાહીનાજ પ્રતાપે.

આ શાહીથી કાગળ પણ કેટલો દીપી નીકળે છે તે તો જેણે પ્રત્યક્ષ જોયું હોય તેનેજ માલમ પડે.

૨ જી રીતઃ—આ રીતે બનાવેલી શાહીને પહેલાના લોકો કાચી શાહી કહેતા. છતા મેં તેને પાકી શાહીમાં ગણવાની છે તેનું એક કારણ છે. તે એ કે હાલ આપણે ત્યા જે કાળી શાહી વપરાય છે, તેના કરતાં આ શાહી ઘણો વખત ટકી રહે છે, માટે આપણી હાલની શાહીને મુકાબલે તો તે શાહી પાકીજ છે.

એક રૂપીઆભાર હીરાબોળ અને ત્રણ રૂપીઆભાર ગુંદરના ગાંગડા એ બેને પાણીમાં નાખી ખૂબ ઘુંટવા. પાણી નાખતાં જવું ને ઘુંટતાં જવું. બે ત્રણ દિવસ સુધી આ ક્રિયા ચાલુ રાખવી; પછી તેમાં આગળી બોળી ઉંચી લેવી, જો સળંગ તાર ચાલે તો જાણવું કે તે કાજળ બોળવવા લાયક થયેલ છે. કાજળ તેલના દીવેજ પાડેલું જોઈએ. (નહિ તો બીજા કાજળથી શાહી ઝાખી પડી જાય છે.) કાળો રંગ થાય તેટલું કાજળ ઘુંટેલા મિશ્રણમા નાખી ફરી બેએક કલાક સુધી ઘુંટવું. પછી તે પટ્ટ થએલા મિશ્રણમાં જોઈતું પાણી નાખી ગાળી લેવું. આટલું તો ગામડાના વેપારીઓ હાલ પણ કરે છે, તેમા હું ઉમેરો કરાવવા માગું છું. તે એ કે જે જે વખતે કાજળ નાખવામા આવે તે વખતે તેની સાથે લગભગ એક તોલો બાંગરો પણ નાખવો. બાગરો જળાશયને કિનારે થતી વનસ્પતિ છે, તેને ઘોળા ફૂલ થાય છે એ ધ્યાનમા રાખવું. બાગરો નાખવાથી શાહીમા ચળકાટ આવે છે એટલે અક્ષરો મોતેરી દેખાય છે.

ઉપર કહી ગએલ બે શાહી પૈકી ગમે તે વાપરવા લાયક છેજ. સરકારી લખાણોમાં, બાનગી દસ્તાવેજોમા તથા વેપારીના નામાના કિંમતી ચોપડાઓમા આ શાહીનો ઉપયોગ કરવાથી થોડા ખર્ચે સુંદરતા વધશે, અને સરળતા થશે.

આશા છે કે શિક્ષક બધુઓ બોટા બાવકા દેખાડનારી ટીકડીઓના મોહપાશમાંથી નીકળી આ શાહી પ્રયોગદ્વારા બનાવશે, અને પોતાના વિદ્યાર્થીઓને આ કિંમતી હુન્નર શીખવી કૃતકૃત્ય થશે, તથા આ શાહીનો ઉપયોગ કરી તે પ્રમાણે વિદ્યાર્થીઓને પણ ઉપયોગ કરવાનો પાઠ પઢાવી દેશે.

પુસ્તકપરિચય.

૧. શિક્ષકોનો આદર્શ—આ પુસ્તક તથા નીચેના બીજાં ચાર અમને તેમના પ્રકાશક રા. જીવણલાલ અમરશી મહેતા–પીરમશા રોડ, અમદાવાદ તરફથી અભિપ્રાય અર્થે મળ્યાં છે. ઉક્ત પુસ્તક ડો. રવીન્દ્રનાથ ટાગોરનાં શિક્ષણને લગતાં ભાષણો ઉપરથી તૈયાર થએલા "શિક્ષા" નામના બંગાળી પુસ્તકનો અનુવાદ છે. આ અનુવાદ હિંદી ઉપરથી કરવામા આવ્યો છે. પ્રસ્તાવના સાક્ષર શ્રી છગનલાલ હરિલાલ પંડ્યાએ લખી છે. પુસ્તકમા શિક્ષણ આપવાની તથા લેવાની જુની અને હાલની રીત, તેમા નડતા અંતરાયો, પાશ્ચાત્ય રીતનું અનુકરણ ઇષ્ટ છે કે નહિ ઇત્યાદિ વિષયોનો ખ્યાલ સુન્દર અને બોધક સ્વરૂપનો છે. કેટલીક બાબતો સર્વને ન રુચે તેવી છે. ભાષાંતર સમજાય તેવી શૈલીવાળું છે. આદિ વચન પણ મનનીયછે.

૨. મેજીક ગેન્ટર્ન—આ નાનું પુસ્તક મેજીક લેન્ટર્નની રચના, તેને અંગે વપરાતા સાહિત્યો, તથા તેને લગતી ઐતિહાસિક હકીકતવાળું છે. કેળવણીનું આ એક ઉપયોગી સાહિત્ય મનાય છે. તેથી મેજીક લેન્ટર્ન દ્વારા શિક્ષણ આપનારને ઉપયોગી થાય તેવું પુસ્તક છે.

૩. બાલબોધ ભાગ ૧ લો—આ એક અંગ્રેજી પુસ્તક "magic garden" નું ભાષાન્તર છે. આ દેશના બાળકોનો વિચાર કરતા વાર્તાઓ બહુ રસિક નીવડવાનો સંભવ છે. દરેક વાર્તામાં સમાએલો બોધ લક્ષમાં રાખતા પુસ્તક નીતિબોધનું કહી શકાય.

૪ લઘુ પાકશાસ્ત્ર—આ પુસ્તક સ્ત્રીઓને લગતું હોવાથી કન્યાશાળામાં બાળકી બાળાઓને ઉપયોગી થાય એવું છે. ખોરાકની ઉપયોગિતા મર્મ પિછાને છે. ખોરાકની દરેક ચીજ કેવી રીતે બનાવવી તેની સવિસ્તર હકીકત આપી છે. છેવટે વૈદક વિભાગ આપ્યો છે તો ખોરાકમાની કઈ ચીજ્યેકુંઆરોગ્યને નુકસાનકર્તા છે એ કહેવાની જરૂર હતી.

૫ યોગ્યત એટલા ઓડીસન—આ પુસ્તક અનુવાદ રૂપે રચાયું છે. પ્રખ્યાત વિદ્વાનશાસ્ત્રી અને આધુનિક વિદ્વાનયુગનો મહાન અમરગણ્ય શોધક ઓડિસન કોણ છે, કેવી ગરીબ સ્થિતિમાથી તે આ પદવીએ પહોંચ્યો તે ગુજરાતી ભાષા જાણનારને આવશ્યક છે. પુસ્ત-

૬ વાર્તાઓનો સંગ્રહ—સંસ્કૃત ભાષામાં રચાએલા જુના પૌરાણિક તથા ઐતિહાસિક ગ્રન્થોમાંથી ચુંટી કાઢેલી ઉપયોગી વાર્તાઓ મોટે ભાગે આમાં આપી છે. પુસ્તક બાળકોને માટે રચેલું હોવાથી નાનું છે અને વાર્તાનો સંગ્રહ પણ જોઈએ તેટલો જ રાખ્યો છે. મોટો ભાગ નીતિની દૃષ્ટિએ બોધદાયક છે. અતિથિ સત્કારની વાર્તા બાળકોને અનુકૂળ ન માની શકાય. કેટલીક લાંબી છે અને કેટલીક કાલ્પનિક પણ છે.

૭ અલ્લાઉદ્દીન અને જાદુઈ દીવો—આ એક અદ્‌ભુત રસવાળી વાર્તા છે, વાર્તા સાદી અને સ્પષ્ટ શૈલીમાં લખાઈ છે.

પુસ્તકોનો સ્વીકાર.

૧ મુંબઈ ઈલાકાની સામાન્ય અને હિંદુસ્તાનની રૂપરેખા ભૂગોળ. લેખક. એન. જે. વખારીઆ, પ્રાયમરિ સ્કૂલ શિક્ષક-ગોકળગરા કાઠીઆવાડ કિંમત ૦-૬-૦

૨ અમદાવાદનો જીવન વિકાસ-તંત્રી તથા પ્રકાશક રા. શંકરરાય અમૃતરાય. જ્ઞાનમંદિર પ્રેસ-અમદાવાદ, કિંમત ૨-૮-૦

ચર્ચાપત્રોના ઉત્તર.

મિ૦ મોહનલાલ વિ૦ મેઘજી જોશી.

મુ. જંગણાર

તમારી શંકાઓની લાંબી યાદી મળી છે. ઉત્તરો અનુક્રમે નીચે મુજબ છે:—

(૧) ૭ મી ચોપડી પાઠ-૭,૮,૧૧,૧૫ મા જે કવિતા છે તેના રાગનાં નામ જાણવા ઇચ્છો છો તે નીચે મુજબ છે:—
પાઠ-૭ મો-રાગ-'કલ્યાણ' અથવા 'માઢ'
પાઠ-૮ મો-રાગ-સારંગ.
પાઠ-૧૧ મો. પદો છે. એકજ ઢાળમાં ગાવા.
પાઠ-૧૫ મો. રાગ-ધનાશ્રી.

પ્રશ્ન ૨ જો. ૭ મી ચોપડી પાઠ ૫૫ મો.
મેઘઇંદ કોને કહેછે? ઉ૦ આ છંદ ગ. નવલરામભાઇએ પોતે નવો કાઢ્યો છે. આખી કવિતા કાલિંગડા રાગમા ગાવી. મેઘ રાગ છે, છંદ નથી.

છઠ્ઠી ચોપડી.

પા૬–૩૪–'ઘેળા' એમ મથાળે લખ્યું છે તે પીલુ રાગમા ગાવું.

પા૬–૫૪–" (પ્રશ્ન) લાવણી રાગ છે, પણ ખૂલ કયા રાગમાં ગાવી."

ઉ૦–લાવણીનીજ ધુનમાં સાખી પ્રમાણે જુદી જુદી રીતે ગવાય છે.

શુ૦ પ મી–પા૬–૩૮–(પ્રશ્ન) 'સોરઠના ગરબાની દેશી ' એ કઈ ઢબની ગોવવી.

ઉ૦–સોરઠના રૂપમાં " ઓધવજી સંદેશો કહેજો " ઇ૦ પ્રમાણે ગાવી.

પા૬–૩૪–ચિત્ર વિશ્વામિત્રનું સમજી લેવું.

પા૬–૩૮–પ્રતાપના છોકરાનું નામ "અમર" હતું એજ માનવા લાયક છે.

ગુજરાતી બીજી ચોપડી—

પા૬–૨ જો–કવિતા ભૈરવ રાગમાજ ગાવી. રાગ કદાચ તો પડશે. જો રાગ નજ આવડે તો " આજ શ્યામ ઇ૦ " પ્રમાણે ગાવી.

જરાતી પહેલી.

પા૬–૨૨–માત્ર વાર્તા છે. ઐતિહાસિક હકીકત સાથે તેને સંબંધ નથી.

પા૬–૨૯–અસલ ઢબના કલ્યાણ રાગમાજ ગાવી.

પા૬–૩૦–આખી ભૈરવી રાગમાજ ગાવી.

(નોંધ—કવિતાના રાગ આ સંસ્થાના સંગીત શિક્ષક રા. બી. એ. હવે બતાવે છે તે લખ્યા છે.)

પ્રશ્ના ઉત્તર.

(૧) રા૦ હરિલાલ છગનલાલ પરમાર સ્કૂલ માસ્તર, કંબોઈ.

તમારા ચર્ચાપત્ર નં. ૫ ના પેટા વિભાગ સમયે લખવાનું કે–ત્રીજી ચોપડી પા૬–૧૦ માગાનું ચિત્ર પાસ્સીનું નથી. હિંદુઓ–બાપ કરીને કબીર–જાતિના મુસલમા મળે આવી ગાયડી મૂકે છે. ચિત્રમા બતાવેલું દર્શાવ્યું છે તે તરફ નજર ગઈ જણાતી નથી.

નં. ૬ નું ચર્ચાપત્ર ગાણાની બુકરયાને લગતું હોવાથી તેનો ઉત્તર આપવા અમે બંધાએલા નથી.

(૨) રા૦ ડાહ્યાભાઈ વલ્લભભાઈ પટેલ. મુ૦ કનીજ.

તમારા ચર્ચાપત્ર નં–૩ ના જવાબમાં જણાવવાનું કે " ભૂતલ " ની વ્યુત્પત્તિ તમે કરો છો તે ખરી છે, પણ " તલ " એટલે " તળીઉં " અર્થ ન સમજતા ' સપાટી ' અર્થ વધારે બંધ બેસતો છે.

(૩) મિ૦ ઉમરખાન શેરખાન મુ૦ ચોર વડોદરા.

ચર્ચાપત્ર નં–૨. છઠ્ઠી ચોપડી પા૩–૧૩.

ચોર ચખાર–આ શબ્દસમૂહમાં ચખાર એટલે લુટારા, અર્થ માનવાનો છે. દ્વિરુક્ત શબ્દ છે.

સરખાવો—રીતભાત, નાતજાત ઇ૦

(૪) મિ૦ વિઠ્ઠલજી જયરામ જોષી.

(૧) પ્રશ્ન—મધમાખી મધ બનાવે છે, છતાં ભમરાનું નામ મધુકર કેમ કહેવાતું હશે ?

ઉત્તર—ભમરો પણ મધ બનાવે છે એ વાત સુવિદિત છે.

રા. કલ્પતરામ મણીશંકર ભટ્ટ.

પ્રશ્ન–" મહમુદ ગીઝનીએ ૧૭ સ્વારી હિંદ ઉપર કરી હતી " માર્શ્મનકૃત ઈતિહાસમાં આમ લખ્યું છે. અંતિમ ભાગના સાલવાર ટિપ્પણમા " બારમી અને ચૌદમી ચઢાઈ સોમનાથ ઉપર હતી " એમ છે.

ઉ૦–કુલ ૧૭ ચઢાઈઓ કરી હતી. સોમનાથ ઉપરની પણ ૧૭ મી માનવી. પાંચ નબરી મનાય છે, તેથી કેટલાક બાર ગણે છે.

(હંટરકૃત ઈતિહાસ.)

મિ૦ જયશંકર ચોપટલાલ જોશી. મુ૦ જંગવડ.

પ્રશ્ન–પૃથ્વીરાજ ચોહાણ જીવતો પકડાયો હતો કે રણમા મરાયો હતો ?

ઉત્તર–મિ૦ રંગસ્વામી આયંગરની ઈતિહાસની ચોપડીમા પૃથ્વીરાજ કેદ પકડાયો હતો એજ હકીકત છે.

બીજો પ્રશ્ન નામું લખવાની રીતને લગતો અનુચિત છે.

(અપૂર્ણ.)

જાહેરખબર.

ઉ. ભા. ની સને ૧૯૨૧ માં લેવાએલી વર્નાકયૂલર ફાઇનલ પરીક્ષામાં પાસ થયેલા ઉમેદવારોની યાદી.

(ગતાંકથી ચાલુ)

[ઉ. વિ. ના મે. એ. ઇ. સાહેબના હુકમ નં. ૧૦૦૨૩ તા. ૧૩-૧૦-૨૧ ઉપરથી.]

નંબર.	નામ.	માર્ક.	નંબર.	નામ.	માર્ક.
	ગોધરા મધ્ય સ્થળ.		૧૪	ચીમનલાલ જટાશંકર ઉપાધ્યાય	૩૧૫
			૧૫	રેવાશંકર નાથજી ત્રિવેદી	૩૦૬
			૧૬	ચીમનલાલ કોદરલાલ શાહ	૩૦૬
૧	અંબાલાલ રેવાશંકર ત્રિવેદી	૩૭૮	૧૭	કાન્તીલાલ ગણપતરામ પંડયા.	૩૦૮
૨	મણિલાલ વલ્લભદાસ લુહાર	૩૭૭	૧૮	છગનલાલ રાયજીભાઇ નારસિંગ	૩૦૧
૩	ગુલાબસિંગ ભાવસિંગ બાગ્યા.	૩૭૦	૧૯	કેશવલાલ મગનલાલ શાહ	૩૦૧
૪	પર્વતસિંહ નાનાભાઇ લકોડ	૩૬૪	૨૦	અન્ટોલભાઇ હીરાભાઇ પટેલ	૩૦૦
૫	રતનસિંહ જાલમસિંહ સોલકી	૩૫૫	૨૧	વિઠ્ઠલદાસ ચંદુલાલ મહેતા.	૨૯૮
૬	*યાકુબઅલ્લી મઝરઅલ્લી શેખ.	૩૫૨	૨૨	ચીમનલાલ દલસુખ શાહ	૨૯૬
૭	રામસિંગ વીરા નલવીયા	૩૫૧	૨૩	આદિતરામ હરજીવન પંડયા	૨૯૫
૮	નારણલાલ નાથાલાલ પંચાલ	૩૪૭	૨૪	નાથાલાલ ગોવર્ધન ત્રિવેદી	૨૯૪
૯	રતિલાલ નાથજી પાઠક	૩૪૦	૨૫	*અબ્બાસમીયા હમીદમીયા કાશ્મીરી	૨૮૩
૧૦	નાનાલાલ હરિલાલ મહેતા	૩૩૨	૨૬	સણુર નાથા કુંભાર	૨૮૨
૧૧	ભગવાનદાસ મૂળજીભાઇ શાહ	૩૨૭	૨૭	જગન્નાથ ગણપતરામ પાઠક	૨૭૯
૧૨	મોહનલાલ ટહેરચર જોશી	૩૨૬	૨૮	મોહનલાલ નાથાલાલ ત્રિવેદી	૨૭૯
૧૩	તખેસિંગ દાભાઇ પટેલ	૩૧૯	૨૯	ચંદુલાલ છોટાલાલ ભટ	૨૭૮

૩૦	*અકબરમીયા અમીરમીયા કાજી	૨૭૮
૩૧	કેસરીસિંહ કાળુભાઇ મકોડા	૨૭૮
૩૨	છોટાલાલ દયાળુભા પાઠક	૨૭૬
૩૩	પોલ નાથાભાઇ ક્રીસ્તિ	૨૭૫
૩૪	હીરાલાલ ભગવાનદાસ દોશી	૨૭૪
૩૫	વજેસિંહ બુદ્ધસિંહ ઠાકોર	૨૭૨
૩૬	હિંમતલાલ જેઠાનાનમ વ્યાસ	૨૭૪
૩૭	ડોસુમીયા સેદુમીયા સૈયદ	૨૭૩
૩૮	અજીતસિંહ પર્વતસિંહ મોલડી	૨૭૨
૩૯	શંકરલાલ દલસુખરામ ઠાકોર	૨૭૨
૪૦	ભાદાશંકર વ્રજશંકર જોશી	૨૭૧
૪૧	ભગવાનદાસ મુખલાલ શાહ	૨૭૦
૪૨	અનોપરામ શામળભાઇ ઉપાધ્યાય	૨૭૦
૪૩	નર્મદાશંકર મેવકરામ પંડયા	૨૬૯
૪૪	નરભેરામ અંબારામ સુતાર	૨૬૯
૪૫	શાંતીલાલ અંબાલાલ વ્યાસ	૨૬૯
૪૬	*નસીરૂદ્દીન અમીરૂદ્દીન કાદરી	૨૬૮
૪૭	મોહનલાલ રાયજી શાહ	૨૬૭
૪૮	રૂગનાથસિંહ જીવાભાઇ રાણા	૨૬૬
૪૯	જવસિંગ માનસિંગ નાઠોડ	૨૬૬
૫૦	લીલાધર ભોળાશંકર ઠાકર	૨૬૫
૫૧	સોમાલાલ ભોગીલાલ શાહ	૨૬૩
૫	મગળ ગીન્ધર પરેલ	૨૬૧
૫૩	જેઠાલાલ ભગવાન જોશી	૨૬૦
૫૪	કુળજીભાઇ ગજપતરામ જોશી	૨૫૯
૫૫	દોલતસિંહ રતનાસ હજી [illegible]	[illegible]
૫૬	બાગ ભાઇજી પરેલ	૨૫૮
૫૭	બાલદાસ હરિભાઇ પરેલ	૨૫૮
૫૮	ભાવગર કીશોરગર ગોસાંઇ	૨૫૭
૫૯	નિર્ભોવન પુરુષોત્તમ ઉપાધ્યાય	૨૫૭
૬૦	જેઠાભાવ નાથજી વ્યાસ	૨૫૭
૬૧	દોલતસિંહ બહેચ-નિંહ ઠાકોર	૨૫૬
૬૨	જીવણભાવ હિંમતવાવ ભટ્ટ	૨૫૪
૬૩	*ખુદાબક્ષ યાકુબઅલી શેખ	૨૫૪
૬૪	મગનલાલ કૃષ્ણલાલ ત્રિવેદી	૨૫૩
૬૫	ભુદ્રેશ્વર સોમેશ્વર વાળંદ	૨૫૨
૬૬	કેશવલ વ દ્વારકાદાસ પરીખ	૨૫૦
૬૭	ત્રિભોવન પ્રતાપમિંગ આરેટ	૨૪૯
૬૮	મોભાભાઇ ભીખાભાઇ પટેલ	૨૪૯
૬૯	અંબાલાલી હરગોવિંદ પાઠક	૨૪૯
૭૦	દાદુભાઇ નાથનભાઇ ગીર	૨૪૮
૭૧	*મુસ્તફાખા મુર્તજાખા પઠાણ	૨૪૮
૭૨	*કાદીરઅલી અકબરઅલી સૈયદ	૨૪૮
૭૩	સોમા વામા વાળંદ	૨૪૭
૭૪	પ્રતાપસિંહજી ગયસિંહજી ઠાકોર	૨૪૬
૭૫	ઉમીઆશંકર રેવાશંકર જોશી	૨૪૧
૭૬	પ્રાગુવાલ પુરુષોત્તમ પરીખ	૨૪૪
૭૭	છોટાલાલ ગણેશભાઇ ભટ	૨૪૨
૭૮	ચીમનલાલ ભોગીલાલ પડયા.	૨૪૨
૭૯	પુલાભાઇ નારજી ગાન્ધા	૨૪૦

૮૧	પુનમરામ મોતીરામ જોષી.	૨૪૦
૮૧	સોમેશ્વર કરણશંકર પાઠક	૨૩૯
૮૨	લક્ષ્મણ ઝવેરા મકવાણા	૨૩૮
૮૩	નર્મદાશંકર નીકમલાલ પાઠક	૨૩૮
૮૪	શંકરલાલ પુરોત્તમ પાઠે	૨૩૭
૮૫	ઠેસિંહ મકનસિંહ સોલંકી	૨૩૭
૮૬	*ફીરામુદીન અકબુદીન કુરેશી	૨૩૬
૮૭	જોધતારામ લાલજી વાળંદ	૨૩૫
૮૮	ભગવાન જોધ્ધારામ ભાટીયા	૨૩૪
૮૯	કુબેરલાલ રણછોડભાઈ જોષી	૨૩૩
૯૦	ચીમનલાલ શંકરલાલ ઉપાધ્યાય	૨૩૩
૯૧	જેઠાલાલ લાભશંકર જોષી	૨૩૨
૯૨	શનાભાલ માણેકભાઇ ભટેવા	૨૩૨
૯૩	ચીમનભાઇ કેશવલાલ શાહ	૨૩૧
૯૪	ગલાસુખલાલ મનસુખલાલ શાહ	૨૩૧
૯૫	કુબેરસિંહજી વખાભાઇ ઠાકોર	૨૩૧
૯૬	રામદાસ સખીદાસ પટેલ	૨૩૦
૯૭	છગનભાઇ ઝવેરભાઇ પટેલ	૨૨૯
૯૮	અંબાલાલ ચુનીલાલ પંડયા	૨૨૭
૯૯	ઠાકરદાસ છોટાલાલ શાહ	૨૨૭
૧૦૦	છોટાલાલ કાળીશંકર પંડયા	૨૨૫
૧૦૧	શંકરલાલ શોભારામ પાઠક	૨૨૫
૧૦૨	ચંદુલાલ ગગનલાલ શાહ	૨૨૫
૧૦૩	દલસુખરામ ચુનીલાલ ગાંધી	૨૨૪
૧૦૪	બીખાલાલ શીવરામ પંડયા	૨૨૪
૧૦૫	હરીક દોસ્ત મકવાણા	૨૨૩
૧૦૬	ભુરાભાઇ ગામસંગસિંહ સોલંકી	૨૨૩
૧૦૭	વલ્લભભાઇ લખાભાઇ વાળંદ	૨૨૩
૧૦૮	મોતીલાલ બીમજી પટેલ	૨૨૨
૧૦૯	રણછોડભાઇ ગીરધરભાઇ પટેલ	૨૨૧
૧૧૦	હરિપ્રસાદ લાભશંકર પુરોહિત	૨૨૧
૧૧૧	નંદલાલ મુળજીભાઇ પાઠક	૨૨૦
૧૧૨	ધનેસિંહ કીશોરસિંહ બસાણી	૨૧૯
૧૧૩	નંદિલાલ આદિત્યરામ નિવેદી.	૨૧૮
૧૧૪	શાંતીલાલ જેઠાલાલ ઉપાધ્યાય	૨૧૭
૧૧૫	શીવશંકર નવનીતલાલ પંડયા	૨૧૬
૧૧૬	છગનભાઇ કેવળભાઇ પટેલ	૨૧૬
૧૧૭	મોતીલાલ ગગનલાલ પાઠક	૨૧૬
૧૧૮	કાળાલાલ જેઠાલાલ કદીષ	૨૧૨
૧૧૯	ભગવાન ખતુભાઇ પટેલ	૨૧૧
૧૨૦	બીખાભાઇ રણછોડ વાલંદ	૨૧૦
૧૨૧	મોતીસિંહ અભેરસિંહ કનીજ	૨૦૯
૧૨૨	લલ્લા લાકજી પટેલ	૨૦૬
૧૨૩	છીતાભાઇ વરધાભાઇ પટેલ	૨૦૬
૧૨૪	લલ્લુભાઇ જેઠાભાઇ વાલંદ	૧૯૮
	ગૃહ્ય ગ્રંથસ્થ.	
૧	ઇસ્માઇલ અબ્દેરહેમાન મુલ્લા.	૪૫૧
૨	હીરાલાલ જગન્નાથ પંડયા.	૪૨૧
૩	શીવશંકર રાયશંકર જોષી.	૯૯
૪	પરસુભાઇ લાલભાઇ માળી.	૩૮૬

૫	ચીમનલાલ જેઠાલાલ દવે.	૩૭૨
૬	માધવભાઇ છીતાભાઇ વાઘેલ.	૩૭૨
૭	જયશંકર ગણપતરામ દવે.	૩૬૫
૮	જમનાશંકર મુળશંકર ત્રિવેદી.	૩૪૮
૯	નવનીતલાલ નર્મદાશંકર ભટ્ટ.	૩૩૧
૧૦	જીવાભાઇ ત્રીકમ કુંભાર	૩૨૧
૧૧	ખુશાલ કેાલાભાઇ પટેલ	૩૧૭
૧૨	પીર સાહેબ વલીમીયા સૈયદ	૩૧૫
૧૩	શંકરલાલ દામોદર ઠક્કર	૩૧૫
૧૪	*મુસા અલીભાઇ સાલેહ પટેલ.	૩૧૪
૧૫	અંબાશંકર જયશંકર ત્રિપાઠી.	૩૧૨
૧૬	ગીગ્નાશંકર જમીઅતરામ દવે	૩૧૦
૧૭	પુરશેાત્તમ મણિશંકર પંડયા	૩૦૬
૧૮	માધવસંગ નાગજીભાવા રાજ	૩૦૬
૧૯	નટવરલાલ કેશવલાલ ત્રિવેદી	૩૦૬
૨૦	ગેાવિંદભાઇ મુળજીભાઇ પટેલ	૩૦૫
૨૧	પુરષેાત્તમ રાઘવરામ સેવક	૩૦૫
૨૨	*ઇસ્માઇલ ઇસપ ઉમરજી પટેલ	૩૦૪
૨૩	ઉમીઆશંકર ગેાવિંદરામ પંડયા	૩૦૩
૨૪	હીરાભાઇ જેસંગભાઇ નરસિંહભાઇ પટેલ	૩૦૧
૨૫	મણીશંકર કુબેરજી કેાઠારી.	૨૯૩
૨૬	રાયસિંહ કાભાઇ સેાલંકી	૨૯૨
૨૭	ઉમરખા કાલેખા બલુચી	૨૯૦
૨૮	ચંદ્રલાલ રામચંદ્ર દવે	૨૮૭
૨૯	મહમદ મુસા પટેલ	૨૮૭
૩૦	જટાશંકર બાલેશ્વરદાસ ઉપાધ્યાય	૨૮૫
૩૧	ઠાકેારલાલ છગનલાલ દેસાઇ	૨૮૪
૩૨	લખા કરસન વશી	૨૮૩
૩૩	મુળજીભાઇ ભરમલ પટેલ	૨૮૨
૩૪	નહારસિંહ રાયજીભાઇ પરમાર	૨૮૦
૩૫	ભકેાર ઇશ્વર રાઠેાડ	૨૮૦
૩૬	છેાટાલાલ છીતાભાઇ શેખ	૨૮૦
૩૭	હબીબ રહેમાન મલેક	૨૭૮
૩૮	બાલેશ્વર લક્ષ્મીદાસ પટેલ	૨૭૮
૩૯	શામળભાઇ પરસેાતમ પટેલ	૨૭૮
૪૦	જેઠાભાઇ ચુનીલાલ વાલંદ	૨૭૬
૪૧	દલપતરામ દલસુખરામ જેાશી	૨૭૫
૪૨	સુંદરલાલ મુળશંકર પંડયા	૨૭૪
૪૩	જમનાશંકર પાર્વતીશંકર ત્રિવેદી	૨૭૦
૪૪	ચંદુલાલ બાપાલાલ દેસાઇ	૨૬૯
૪૫	ચુનીલાલ કાશીરામ તેરાર	૨૬૯
૪૬	મેાતીરામ જગજીવન જેાશી	૨૬૮
૪૭	શીધરરાવ ભીમાજીરાવ મહાજન	૨૬૮
૪૮	વલી આદમ અબ્રાહામ લુનસેહ	૨૬૭
૪૯	ગંજનન ત્રિભેાવન પંડયા	૨૬૬
૫૦	નાથન ગુલામ મલેક	૨૬૫
૫૧	*વલી ઇબ્રાહીમ ઉમર પટેલ	૨૬૫
૫૨	સેામાલાલ કાલાભાઇ શાહ	૨૬૪
૫૩	ગણપતિશંકર પ્રાણશંકર ત્રિવેદી	૨૬૪

૫૪	ચતુરભાઈ લલ્લુભાઈ પટેલ	૨૬૩
૫૫	*ઠોકરશીયાં વલદે અલીક્ષમીયા સૈયદ	૨૬૩
૫૬	મોગા જેસંગ સેલોટ	૨૬૨
૫૭	વાસુદેવ શંકરલાલ ઉપાધ્યાય	૨૬૨
૫૮	*ગુલામરસુલ રહેમતુલ્લા શેખ	૨૬૨
૫૯	જેઠાલાલ શિવશંકર ભટ્ટ	૨૬૧
૬૦	લલ્લુભાઈ તુળજારામ દવે	૨૬૧
૬૧	ગલબદ અરજાલ બગાસ પટેલ	૨૬૦
૬૨	મીઠાભાઇ ગંગારામ પટેલ	૨૬૦
૬૩	ડાહ્યાભાઇ રામજીભાઇ હોડીવાલા	૨૫૮
૬૪	મગનલાલ નાગજીભાઇ હંસાચીયા	૨૫૮
૬૫	કુબચંદ ચુનીલાલ નાહ	૨૫૭
૬૬	સુરજરામ ધનસુખરામ પંડ્યા	૨૫૭
૬૭	જેસંગ જીતાભાઇ પટેલ	૨૫૬
૬૮	દાસજીમીયા તુરમીયા સૈયદ	૨૫૬
૬૯	લક્ષ્મીશંકર લલ્લુભાઇ ભટ્ટ	૨૫૫
૭૦	દલપત કાળીદાસ સુતરીઆ	૨૫૫
૭૧	અમરસંગ મંગળ કોળી	૨૫૪
૭૨	મોગાભાઇ ભગાનભાઇ પઢીઆર	૨૫૪
૭૩	આશવા કાળીઆ પરમાર	૨૫૪
૭૪	*ઇસ્માઇલ ઇસા ભાઇજી પટેલ	૨૫૪
૭૫	મણિશંકર કીરપાશંકર ભટ્ટ	૨૫૩
૭૬	જયાસંઢ આસજીભાઇ પરમાર	૨૫૩
૭૭	ગોમાન માવા પટેલ	૨૫૩
૭૮	*ગુલામ અહમદ હુસેન મહમદ શેખ	૨૫૩
૭૯	ભીખાભાઇ નાનજી ગોડી	૨૫૧
૮૦	બાલાશંકર જસરંતરામ પંડ્યા	૨૫૧
૮૧	*શેખ આબાસ મહમદ સુતેનાર	૨૫૧
૮૨	હરિશંકર પાર્વતીશંકર ત્રિવેદી	૨૫૦
૮૩	*ઇબ્રાહીમ બગાસ અહમદ અમ્રેવાળા	૨૫૦
૮૪	*ઇસ્માઇલ ઇબ્રાહીમ મહમદ પટેલ	૨૪૯
૮૫	*હસુ રસુલ હુસેન શેખ	૨૪૯
૮૬	*કરીમ રસુલ હુસેન શેખ	૨૪૯
૮૭	પ્રાણશંકર સોમેશ્વર ભટ્ટ	૨૪૮
૮૮	નાગજીભાઇ મોતીભાઇ પટેલ	૨૪૭
૮૯	ઇશ્વરભાઇ અહેચરભાઇ અમીન	૨૪૬
૯૦	ઇશ્વરલાલ ગોહનલાલ દેશાઇ	૨૪૬
૯૧	રમણલાલ મણેકલાલ ત્રિવેદી	૨૪૬
૯૨	*અહમદ મુસા વલી પટેલ	૨૪૬
૯૩	પરમાતમસિંગ રામસિંહ પરમાર	૨૪૪
૯૪	*અહમદ દાદાભાઇ મહમદ પટેલ	૨૪૩
૯૫	*મુસા સુલેમાન ઇસ્માઇલ પટેલ	૨૪૩
૯૬	ઉદેસંગ પરતાપસંગ રાણા	૨૪૨
૯૭	પરભુલાલ ગગુપતગમ વ્યાસ	૨૪૨
૯૮	ગભીર નાથા મહેરેજા	૨૪૧
૯૯	કાળીદાસ પીતાંબર પંડ્યા	૨૪૧
૧૦૦	જેસંગભાઇ ભુખણભાઇ પટેલ	૨૪૦
૧૦૧	નરહરિદાસ વનમાળીદાસ વૈષ્ણવી	૨૪૦
૧૦૨	*હસુ છીતાન મસેક	૨૪૦
૧૦૩	*અબદુલ રહેમાન રસુલ શેખ	૨૪૦

૧૦૪	શિવશંકર ગીરજાશંકર જોશી	૨૩૯	૧૨૨	રણછોડદાસ મગનલાલ મહેશ્વર	૨૨૯
૧૦૫	મુર્તઝા મુસ્તફા શેખ	૨૩૯	૧૨૩	મથુરભાઇ બહેચરભાઇ પટેલ	૨૨૯
૧૦૬	રણછોડદાસ કરસનદાસ સ્વામી	૨૩૯	૧૨૪	જીજીભાઇ હીરાભાઇ દેસાઇ	૨૨૮
૧૦૭	રતનલાલ નાગેશ્વર ઠાકર	૨૩૯	૧૨૫	હાથીભાઇ લક્ષ્મીદાસ પટેલ	૨૨૮
૧૦૮	*ઇબ્રાહીમ મહમદ ઉમર પટેલ	૨૩૮	૧૨૬	*કઝલે અલીશા સાહેબ શીયા સૈયદ	૨૨૮
૧૦૯	*રસુલખાં ઇબ્રાહીમખા નાથેખા પઠાણ	૨૩૮	૧૨૭	ગીરજાશંકર મનસુખરામ ત્રિવેદી	૨૨૭
૧૧૦	ચીમનલાલ ધનેશ્વર અધ્યારૂ	૨૩૮	૧૨૮	અગીરમગ નાગજી બારા સોલકી	૨૨૬
૧૧૧	સરદાર હુસેન મક્રેક	૨૩૮	૧૨૯	*મહમદઅલી ઇબ્રાહીમ પટેલ	૨૨૬
૧૧૨	*ગુલામ રસુલ રહીમ કાતુન્યા	૨૩૮	૧૩૦	મગન ભણા ભીલ	૨૨૪
૧૧૩	*અલી બાકર વલી પટેલ	૨૩૮	૧૩૧	*યુસુફ બાપુજી હાજી માસ્તર	૨૨૩
૧૧૪	ચુનીલાલ પ્રેમાનંદ ભટ્ટ	૨૩૭	૧૩૨	મોહનલાલ ત્રિભોવનદાસ ઠાકર	૨૨૨
૧૧૫	જીભાઇ સાબા પટેલ	૨૩૭	૧૩૩	બાપુભાઇ અમથાભાઇ વાલંદ	૨૨૧
૧૧૬	ગોતીભાઇ ધનજીભાઇ ચોહાણ	૨૩૬	૧૩૪	મુમે બગાસ પટેલ	૨૨૦
૧૧૭	*મહમદ યુસફ ઇબ્રાહીમ પટેલ	૨૩૫	૧૩૫	દામોદર પુરશોત્તમ ધાયી	૨૧૫
૧૧૮	*ગુલખા અલ્લમદખા પઠાણ	૨૩૪	૧૩૬	માધવભાઇ છીના પટેલ	૨૧૫
૧૧૯	*ઉમરજી સુલેમાન આલમ પટેલ	૨૩૨	૧૩૭	રામદાસ રણછોડ સુથાર	૨૧૫
૧૨૦	*ઇસપ ઇસ્માઇલ મહમદ પટેલ	૨૩૧	૧૩૮	રમણલાલ જગમોહનદાસ દેખતા	૨૦૨
૧૨૧	*ગુલામ હુસેન મહમદ શેખ	૨૩૦			

* ઉર્દુ

(અપૂર્ણ)

ચર્ચાપત્ર.

ગુ. શા. પત્ર. ઓગસ્ટ સને ૧૯૨૧ ના. સ્કો. દેવશંકરનું જેઠાલાલ પંડ્યાના શારીરિક આરોગ્ય અને આળસંભાળના લેખમાંથીઃ—

(૧) માખીથી ફેલાતા રોગોમાં ધાવરૂં કયા પ્રકારનો રોગ છે અને તેનાં ચિહ્ન કયાં કયાં તથા પછી ઉપાય શું?

(૨) પ્લેગમાં બજાર ખુલ્લી હવામાં રહેવા ગયા પછી પાછા પોતે પોતાને સ્થળે આવતા તે પ્લેગમ ત્યાગ પાછળ ચાંચડનો નાશ કરવો. આ અતિશયોક્તિ જેવું જણાય છે, તો તેના વગર ચાચડ નાશ કરવાનો બીજો શું ઉપાય કરવો.

લિ૰

હરિલાલ (એક શિક્ષક)

મે. શાળાપત્રના તંત્રી સાહેબ!

મારા લેખ સંબંધી શિક્ષક હરિલાલે જે શંકાઓ પૂછી છે તેના પ્રત્યુત્તર નીચે મુજબ છે.

(૧) ધાવરૂં—એ ચેપી રોગ છે. માખીઓ દ્વારા તેનો ફેલાવો થાય છે. જે બાળકના કે માણસના ચહેરા પર માખીઓ વિશેષ બેસતી હોય તેને એ રોગ જલદી લાગુ પડે છે. આંખોના ઉપલા ભાગમાં સોજા ચડે છે, એ સોજામાં એ રોગના જંતુ હોય છે, માટે એ જંતુને માખીઓ બીજે ન લઇ જાય તેની સાવચેતી માટે કાળજી રાખવી. મોં પર માખીઓ બેસવા ન દેવી. તેનો ઉપચારઃ- જંતુનો નાશ થાય તેવી દવાનો લેપ કરવો. દડુનો લેપ કર્યો હોય તોપણ સોજો ઉતરી જવાનો સંભવ છે.

(૨) લેખમાં ચાચડનો નાશ કરવાનો ઉપાય બતાવ્યો છે, તે કોઇપણ પ્રયોગ પ્લેગને માટે છે એમ હું પણ માનું છું. આપણાં ઘરોમાંથી ચાંચડનો તથા બરાબ રહેતી બદબો દૂર કરવાને દેશી ઉપાયો ઘણા છે અને તે બધાના જોવામાં પણ આવે છે, પણ સ્મૃતિની બહાર ગયા-એ ઉપાય બતાવું છું. પ્લેગ બંધ પડયા પછી આવારીએ આવી ઘરનાં તમામ બારી-બારણાં ગે કલાક સુધી ઉઘાડાં રાખવાં, ત્યારબાદ લીમડાનાં પાનની, ગુગળની કે તમ્બાકુની ધૂણી કરવી; પછી ઘરની ભીંતો ધોવરાવી અને તળીએ

લીંપણ કરવું. આટલું કાર્ય કરવાથી ઘરની હવા તદ્દન સ્વચ્છ થશે. ત્યારબાદ ઘરમાં વાસ લેવામાં કશી હરકત નહિ. જ્યાં સુધી ગામમાં કે પોતાના લત્તામાં ઉંદરો પડતા હોય કે હવા પ્લેગની છે એમ લાગતું હોય ત્યાં સુધી ગામમાં રહેવા આવવા પ્રયત્નજ કરવો નહિ.

લી૦

સ્કો. દેવશંકર જે. પંડ્યા.

૨

(૧) સને ૧૮૨૧ ના શાળાપત્રના ભાગના પૃષ્ટ ૮૧ મે સંસ્કૃત પ્રાચીન ગ્રંથોમા આવેલા દેશ, પર્વત, નદીઓ, નગર વગેરેની હકીકતનો લેખ છે. તેમાં પાંચાલ વિષે નીચે મુજબ છે.

પાંચાલ-ઉત્તર પાંચાલ, અને દક્ષિણ પાંચાલ એમ બે દેશ હતા. ગંગા નદીની પૂર્વ અને અયોધ્યાની વાયવ્ય ખુણામા આવેલો દેશ તે ઉત્તર પાંચાલ, અને યમુના તથા ગંગા નદીની વચ્ચે, અને કુરૂ તથા શૂરસેનની પૂર્વથી નૈઋત્ય ખુણા તરફ આવેલો તે દક્ષિણ પાંચાલ. ઉત્તર પાંચાલની રાજ્યધાની અહિચ્છત્ર છે. હાલ બરેલી જીલ્લામા રામનગર પાસે આ નામની જગા છે.

દક્ષણ પાંચાલની રાજ્યધાની કાંપીલ્ય હતું. ફરૂકાબાદ જિલ્લામા કાંપીલ ગામની પાસે આ પ્રાચીન શહેર હતું. આ પ્રમાણેનો લેખ છે.

પરંતુ कण्वकंडूलोपाख्यानમા સોરાષ્ટ્રમા પાંચાળ દેશ બતાવ્યો છે અને તેમા આ પ્રમાણે હકીકત છે કે:-કૃતયુગમા આપણા ભરતખંડનો રાજા પૂર્વવંશી અયોધ્યામાં માંધાતા નામે હતો. તેણે એક સમે બ્રાહ્મણોની જીવાઇ બંધ કરી હતી. ત્યારે ઘણા ખરા બ્રાહ્મણો પંચાળી દેશમાં કણ્વ ઋષિના આશ્રમે આવ્યા હતા, કણ્વ ઋષિનો શિષ્ય ગાલવ હતો. તેને મોકલી રાજાને કષ્ટો દેવરાવ્યો. ततः सौराष्ट्र मध्यस्थं पांचालं देशमाययौ। અર્થ-પછી તે સોરઠ દેશમાંના પાંચાળ દેશમા આવ્યો. તો આ બંનેમાથી સત્ય હકીકત શુ હશે તે જાણવા કૃપા કરશોજી.

જગન્નાથ જાલમસિંહ રાવ મહેતાજી ઢોલકા. માન્ડુમેવાસ

૧. સરલ દેશીનામાની પદ્ધતિ-ટેક્સ્ટ બુક, આ. ૨૯ મી ૦-૪-૬; ૨ સરલ ગુજરાતી બાળબોધરચના—લાઈ. બુક, ધણે ઠેકાણે ટેક્સ્ટ, આ. ૨૪ મી, ૦-૪-૬; ૩. સરલ વ્યુત્પત્તિ-જ્ઞાનપ્રકાશ (૫-૬-ગુજી ચોપડીના પાઠવાર શબ્દોના કોષ સહિત), લા. પ્રા. બુક, સુધારેલી આ. ૩ જી ૦-૮-૦; ૪ નવું સરલ મુખગણિત, (બાળવર્ગથી ધો. ૫ સુધી ઓછ્યું બુકમાં), ધણે ઠેકાણે ટેક્સ્ટ, આ. ૨૦ મી, ૦-૪-૦ ૫. ગુજરાત પ્રાંતની ભૂગોળવિદ્યા—આ. ૯ મી ૦-૧-૬; મુખ્ય ઓજંટ અમદાવાદ, એસ. બી. રાહની ટંપની, ૪૦ ૪૦.

પ્રેમચંદ કરમચંદ શાહ, ગોંડળના આજ્ઞા. ટે. એ. ઈ. મુ. કપડવંજ.

ચિત્રો સહિત.

ગુજરાતના ઇતિહાસની સહેલી વાર્તા.

કર્તા

વલ્લભભાઇ લલુભાઇ પટેલ,

હેડમાસ્તર પ્રેક્ટિસિંગ સ્કૂલ પ્રે. રા. ટ્રે. કૉલેજ.

વર્ષો. ધી ગુજરાત ઓરીએન્ટલ બુક ડીપો—અમદાવાદ.

સ્કૂલ બુકો.

બલસારા ટ્યુશન ક્લાસ.

આ જુના અને જાણીતા ક્લાસો તેના મહલાભ ભરેલાં ખંતીલા શિક્ષણ માટે ઘેર ઘેર ઘણે આવાજે વખણાય છે. એમા કોઇપણ ઉંચ કોમના છોકરા-છોકરીઓ, બાનુઓ, અને ગૃહસ્થોને સવારે-સાંજે-રાતે યા આખો દિવસ, અંગ્રેજી જલદી લખતાં વાચતા અને બોલતા તેમજ ફોનોગ્રાફીઅમ વાયોલીન, ટીપ્પણા, ડ્રોઈંગ, બુક-કીપીંગ, શોર્ટહેંડ ટાઈપરાઈટીંગ, ધર્મજ્ઞાન અને ૬-૭ થી મેટ્રિક સુધીની કોઇપણ બાબતો બત્રીસ વરસોના અનુભવી મરદ અને સ્ત્રી શિક્ષકો દરેક વિદ્યાર્થી ઉપર ખુબ ધ્યાન આપી ઘણીજ કાળજી અને મહેનતથી શીખવે છે. બાનુઓ માટે મહેલાતભરેલી ખાસ સગવડો છે. શિક્ષકોમાંના કેટલાક પાસની બાબુ શિક્ષક ' ટ્રેન્ડ ' થએલાં છે. જેવણ ૧૦ વરસના અનુભવી છે અને કોલેજમાંથી મેડલ મેળવ્યો છે. તમારાં બચ્ચાંઓને તાબડતોબ લાભ આપવા માટે ગોરધનપુરવાલા બીલ્ડીંગ ' વાડીબાહુના બાતશબેરામ સામે ૧૨૬. ચોખીતલાવ બગવા ૨) કેટમાં ટે. ઓરસદાદ લુકીમનાં દવાખાનાં સામે માળ શેઠની વાડીની પાસે. ૮૨ બનવાન ઓટમાં મળીશકે.

લીંપણ કરવું. આટલું કાર્ય કરવાથી ઘરની હવા તદ્દન સ્વચ્છ થશે. ત્યારબાદ ઘરમાં વાસ લેવામાં કશી હરકત નહિ. જ્યાં સુધી ગામમાં કે પોતાના લત્તામા ઉંદરો પડતા હોય કે હવા પ્લેગની છે એમ લાગતું હોય ત્યા સુધી ગામમા રહેવા આવવા પ્રયત્નજ કરવો નહિ.

લી૦

સ્કે. દેવશંકર જે. પંડ્યા.

૨

(૧) સને ૧૯૨૧ ના શાળાપત્રના માર્ચના પૃષ્ટ ૮૧ મે સંસ્કૃત પ્રાચીન ગ્રંથોમા આવેલા દેશ, પર્વત, નદીઓ, નગર વગેરેની હકીકતનો લેખ છે. તેમા પાંચાલ વિષે નીચે મુજબ છે.

પાચાલ–ઉત્તર પાચાલ, અને દક્ષિણ પાચાલ એમ બે દેશ હતા. ગંગા નદીની પૂર્વ અને અયોધ્યાની વાયવ્ય ખુણામા આવેલો દેશ તે ઉત્તર પાંચાલ, અને યમુના તથા ગંગા નદીની વચ્ચે, અને કુરૂ તથા શૂરસેનની પૂર્વથી નૈઋત્ય ખુણા તરફ આવેલો તે દક્ષિણ પાચાલ. ઉત્તર પાચાલની રાજ્યધાની અહિચ્છત્ર છે. હાલ બરેલી જીલ્લામા રામનગર પાસે આ નામની જગા છે.

દક્ષિણ પાંચાલની રાજ્યધાની કાપીલ્ય હતું. ફરૂકાબાદ જિલ્લામા કાપીલ ગામની પાસે આ પ્રાચીન શહેર હતું. આ પ્રમાણેનો લેખ છે.

પરંતુ कण्वकंडूलोपाख्यानમા સોરઠમા પાચાળ દેશ બતાવ્યો છે અને તેમા આ પ્રમાણે હકીકત છે કે:–કૃતયુગમા આખા ભરતખંડનો રાજા સૂર્યવંશી અયોધ્યામાં માંધાતા નામે હતો. તેણે એક સમે બ્રાહ્મણોની જીવાદ બંધ કરી હતી. ત્યારે ઘણા ખરા બ્રાહ્મણો પાચાળ દેશમાં કણ્વ ઋષિના આશ્રમે આવ્યા હતા, કણ્વ ઋષિનો શિષ્ય ગાન્ધર્વ હતો. તેને મોકલી રાજાને ઠપકો દેવરાવ્યો. ततः सौराष्ट्र मध्यस्थं पांचालं देशमाययौ। અર્થ–પછી તે સોરઠ દેશમાના પાંચાળ દેશમાં આવ્યો. તો આ બનેમાંથી સત્ય હકીકત શુ હશે તે જણાવા કૃપા કરશોજી.

જગન્નાથ જાલમસિંહ રાવ મહેતાજી ઢોડકા, પાન્ડુમેવાસ

લેખનકળા કોપીબુકો.

ગુજરાતી અને બાળબોધ છ નંબરમાં

દરેક નંબરની કિંમત અઢી આના.

ઠેળવણી ખાતાના મે. ડિરેક્ટર સાહેબે મુંબાઇ ઇલાકાની ગુજરાતી નિશાળોમાં ચલાવવાને મંજુર કરી છે.

૨૫૦ અને તે ઉપરાંત કોપી ખરીદનારને સેંકડે ૧૫ ટકા કમિશન આપવામાં આવશે. પેકિંગ અને રેલ્વે ખર્ચ પણ આપવામાં આવશે, પણ પોસ્ટ મારફતનું કે સ્ટેશનથી આગળનું ખરચ આપવામા આવશે નહિ.

કોપીઓ સાથે બીજા પુસ્તકો મંગાવનારને સેંકડે એક ટકો હકસાઇ માટે મોકલી આપવા ગોકલજી રાખી છે. મળવાનું ઠેકાણું—કાલાભાઇ લગજીવનદાસ એન્ડ સન્સ. લેખનકળા કોપીબુકની ઓફિસ—જુની કાળાટેકરી પોસ્ટ ઓફિસ સામે નંબર ૨૬૭—મુંબાઇ.

દક્ષકૃત શિક્ષક કોપીબુકો

ગુજરાતી અને બાળબોધ આઠ નંબરમાં કેળવણી ખાતાના મે૦ ડિરેક્ટર સાહેબે મુંબઇ ઇલાકાની દરેક ગુજરાતી નિશાળમા ચલાવવાને મંજુર કરી છે. લડાઇને લીધે કાગળના ભાવ બેવડ વધી જવાથી મે૦ ડિરેક્ટર સાહેબના નં૦ ૧૧૧૪૫, ૧૯૧૭-૧૮ ની સાલના હુકમથી ભાવ થોડા વખત માટે અઢી આના દરેક નંબરની કિંમત રાખી છે. અને ૩૦૦ તથા તેથી વધુ કોપી ખરીદનારને બાકીમાં બે દડે (૧૫) ટકા કમિશન ઉપરાંત પેકિંગ અને રેલ્વે ખર્ચ આપવામાં આવશે; પણ પોસ્ટ મારફતનું કે સ્ટેશનથી આગળનું ખર્ચ આપવામા આવશે નહિ. દક્ષકૃત શિક્ષક કોપી બુકની સ્ટીલ પ્લેટ દરેક નંબરને અંદર બેસતી કરવા [illegible]
પોસ્ટમા એકલ્લ મોકલતી વ. પી. કિંમત રૂ. ૦૫૫ પડશે.

મળવાનું ઠેકાણું:- ગોકળજી કોયલજી મારફતર

ઠે. નં૦ ૧૦ ધોબી તલાવ—મુંબઇ

હમણાંજ છપાઇને બહાર પડી છે. મંગાવો.

પ્રાથમિક ભૂગોળ ગ્રંથમાળા. પુ. ૨.

મુંબઇ ઇલાકાની સામાન્ય અને હિંદુસ્તાનની રૂપરેખા ભૂગોળ

રંગીત ૭ નકશાઓ અને આઠ ચિત્રો સહિત.

સને ૧૯૧૩નાં નવાં ધોરણો મુમ્બ ઇ કેંદ્રાનુસારી શિક્ષણપદ્ધતિથી ગુજરાતની વિશેષ, મુંબઇ ઇલાકાની સામાન્ય અને હિંદુસ્તાનની રૂપરેખા - પ્રાકૃતિક, ઔદ્યોગિક અને રાજકીય હકીકતો આપી છે, તેથી ચોથા ધોરણના વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ઘણી ઉપયોગી માલમ પડી છે. વિદ્વાનો અને અનુભવી શિક્ષકોએ ઉત્તમ અભિપ્રાયો આપ્યા છે.

કદ સુપર રોયલ ૧૦૦ પૃષ્ઠો, કિંમત માત્ર ૭ આના.

મળવાનાં ઠેકાણાં.

જીવણલાલ અમરસી મહેતા. પીરમહારોડ—અમદાવાદ.

તેમજ સઘળા પ્રસિદ્ધ બુકસેલરો પાસેથી મળી શકશે.

કર્તા—નાનચંદ જશરાજ વખારીઆ,

તાલુકા સ્કૂલ માસ્તર. ભેંસાણ—કાઠિઆવાડ.

દેશીનામું. કિં. રૂ. ૦ા પો. ૦)—

નામદાર મુંબઇ સરકારના જા. ખા. નં. ૧૪૯૭ સને ઉ. વિ. એ, ઇ. નં ૪૪૩૮ તા. ૧૬-૧-૦૧ થી નવીન ટેક્સ્ટ બુકોમાં મંજુર છે. નામા વિષે પ્રથમ ચર્ચા કરનાર સ્વતંત્ર પુસ્તક તો એજ. વ્યાવહારિક સિદ્ધાંતોની રચના. નવાં ધોરણો.

વેચનાર—સુરત, ક. ના. ની કંપનિ, એન. એમ. ત્રિપાડીની કંપની, અમદાવાદ, રીચી રોડ પુલ ઉપર સી. એ. પટેલની કંપનિ, સુરત, પગથીઆ શેરી વાડી ફળીઆ એમ. જે. ની કંપનિ,

અને અમે પોતે

મફત મફત હિસ્ટીરિયા બોર્ડકાર્ડ લખનારને,

છગનલાલ લલુભાઇ શાહ. દેશીનામાવાળા

દયાળભાઇની શેરી—મોડદરા

સરકારી જાહેરખબર.

નવરોજજી પેસ્તનજી સ્કોલરશિપને લગતા નિયમોના ૭ મા નિયમના સુધારા મુજબ નીચે લખેલી છોકરીઓને ફ્રામ ચલાઉ સ્કોલરશિપ આપવામા આવી છે.

નં૦	નામ.	નિશાળનું નામ.	કયા ધોરણમા હાલ છે.	રકમ
૧	ગુલબાનુ સોગુ.	ગર્લ્સ હાઇસ્કૂલ અમદાવાદ.	૬ ઠું ધોરણ.	૩. ૪
૨	ગુલબાનુ વાડીઆ.	,,	૫ મું ધોરણ.	૩. ૪

એ. ઇ૦ સા૦ ની ઓફિસ. ૨૨-૧૨-૨૬. (સહી) જી. એમ. સપ્રે એ. ઇ. વતી.

અમદાવાદ મ્યુ૦ ની સ્કૂલ્સ સુપ્રિન્ટેન્ડન્ટના તા. ૧૧-૧-૨૭ ના પત્રને આધારે.

શિક્ષકો તથા વિદ્યાર્થીને અતિ ઉપયોગી.

મે. ઉ વિ. ના એ. ઇ. સાહેબે, ગાયકવાડ સરકારે, અને કાઠિયાવાડ એજન્સીએ લાયબ્રેરી બુકસ તથા ઇનામ માટે મંજુર કરેલ.

શબ્દશિક્ષણ.

ધોરણ ૧ લું તથા બીજું

કિંમત-૩।.-૩-૦

તથા

કાઠિયાવાડ એજન્સીએ, વડોદરા સરકારે, કાઠિયાવાડ સ્ટેટોએ ઇનામ, લાયબ્રેરી બુકસ માટે મંજુર કરેલ

દેશી હિસાબ ભાગ ૧ લો.

કિંમત-૩।.-૦-૨-૬

જથાબંધ લેનારને સારા કમીશને આપવામા આવશે. સિવાય ઇંગ્રેજી, ગુજરાતી-નિશાળોમા ચાલતી ટેક્સ્ટ બુકો, કોપીઓ અમારી બનાવેલી નબરવાર પ્રાઇઝ બુકસો, ધોરણવાર અર્થની નોટો, તરજુમાવાળી મીનીંગ બુકો અને સ્ટેશનરી તથા ડ્રોઇંગને લગતો સામાન છુટક તથા જથાબંધ મળશે.

લિ. બુકસેલર સુખલાલ નાથાલાલ. દરીયાપુર, અમદાવાદ.

ખુડખુડીઆ અને રાણાકૃત પુસ્તકો.

માસ્તરા. ગુ. કોપી બુક નં. ૧ થી ૬, ૩. ૦)–ના; ઉર્દુ સ્કૂલો માટે ઉર્દુ ગુશખતી કોપી બુક નં. ૧ થી ૬, ૩૦)૯; ધી ઈન્ડિઅન મિડલ સ્કૂલ કોપી બુક નં. ૧ થી ૮, ૩.૦)૯ના; સુંદર રંગીન ગુજરાતનો નકશો, ગુ. ધોરણ ૩ જા માટે, ૧૮ા " × ૧૬ા, " ૩.૦)૯; ગુજરાતની ભૂગોળ, ધો. ૩ જા માટે, વ્યાખ્યાઓ, સ્કેલ અને ભૂતળ રચના સહિત, બગબર છાપેલા સરકારી ધોરણ પ્રમાણે, ૦.૦)–; ગુ. ધોરણ વાર મુખગણિત—આળવર્ગ ૦)–ના, ધો. ૧ લું ૦)–ના ધો. ૨ જું ૦)–ના, ધો. ૩ જું ૦)–ના અને ધો. ૪–૫ મું ૦)–ના; મધ્યમ ફિનરગાર્ટન પદ્ધતિ, ૩. ૦ના; લાલશંકર કૃત નવા મોટા અંકગણિતનો ભુલાસો ૩. ૦ના; ભૂગોળ અગોળનો ઉપયોગ કે ગોળાનાં કૃત્યો ૦)૯, સ્લેટબોર્ડ ડ્રોઇંગ ૦)૯, દેશી હિસાબ અને આંક ભા. ૧ લો ૦)–ના. ૨૫ નકલે સેંકડે ૨૫ ટકા ડિસ્કાઉન્ટ. ઠા. બેચર મેઘજી એન્ડ સન્સ, બુકસેલર્સ, પરા બજાર, રાજકોટ.

અહીંની તાલુકા સ્કૂલના પહેલા સ્પેશીયલ માસ્તરે પોતાના ઘણા જુના વખતના અનુભવથી ઘણા સારા પ્રયાસથી નીચે પ્રમાણે ગુજરાતી ચોપડીઓ નો નોરો બહાર પાડી છે.

ગુજરાતી પહેલુ ધોરણ
" બીજી "
" ત્રીજી "
" ચોથું "
ગુજરાતી પાચમુ ધોરણ.

આ નોરાનો ઘણા જુના અનુભવી માણસને બતાવતા અભિપ્રાય સારો આપેલો છે તો મહેરબાની કરી એક વખત સેમ્પલ મંગાવવા કૃપા કરશો. પસંદ નહીં પડે તો પૈસા પાછા આપવામા આવશે. તેમજ અહીંના હેડ માસ્તર સાહેબે ગુજરાતી ચોથા, પાચમા અને છઠ્ઠા તેમજ ઇંગ્રેજી ધોરણ પહેલા, બીજા અને ત્રીજાને ; વ્યાકરણ ઘણું સારૂ બનાવેલુ છે જેની કિંમત ૦–૧૦–૦ છે, તો મગા ના કૃપા કરશો. ઉપરનો ચાર્જ જણાવશો.

કેસવલાલ દુલભજી તલસાણીઆ.
બુકસેલર અને દવાના વેપારી
લીબડી. (કાઠીઆવાડ)

"શિક્ષણ સાહિત્યોનો ભંડાર"

આ કાર્યાલયમા રાષ્ટ્રીય, પ્રાથમિક, હાઇ સ્કૂલો, કોલેજો, મોન્ટેસોરી, ને કિન્ડરગાર્ટન સ્કૂલો માટે તમામ પ્રકારના ને દરેક વિષયોના સાહિત્યો ને ફરનીચર મળશે. પત્ર વ્યવહાર નીચેના સરનામે કરો ને વિશ્વ મગાવો.

સદર સાહિત્યો મુંબઇમાં—કરણાશંકર બોમ્બે એન્ડ ગર્વમેન્ટ સ્કુલમા તૈયાર મળશે.—હેડકવાર્ટર્સ મણીતલાવ મરીન લાઇન્સ ચોથી ગલીના નાકે."

કાશીભાઈ છગનદાસ પટેલ

નાદોલ શિક્ષણ સાહિત્ય કાર્યાલય કં. લી

ઢેબનામ (અમદાવાદ)

પચીસ રૂપીઆની ચોપડીઓ મંગાવનારને સુંદર કેલેન્ડર

આપવામા આવે છે.

જરૂર વાંચો — જરૂર વાંચો

અમારૂં સરનામું તમો કદી ભુલશો નહિ.

કારણ કે અમારે ત્યાં નિશાળોના ઉપયોગી તમામ જાતના પુસ્તકો, જુદાં પુસ્તકો, લાયબ્રેરિઓને શોભા આપે તેવા પુસ્તકો, તથા સ્કૂલોને લગતી દરેક જાતની સ્ટેશનરી રાખવામા આવે છે.

મહેતાજીઓને સારૂ કમીશન આપવામા આવશે કમીશન માટે અમારે પ્રાઇસલિસ્ટ મગાવવા અમારી આસ વિનતી છે.

રીચીરોડ
બાલાહરમાન
અમદાવાદ.

મેસર્સ
થાકુલાલ મણીલાલ પારેખ
શ્રી બાલાયતા બુકડીપો

જરા વાંચશો કે !:—

અમારે ત્યા સ્કૂલોમાં ચાલતાં તમામ પુસ્તકો તદન મૂળ કિમતે તથા નકશા, સ્ટેશનરી વગેરે બહુજ કિફાયતે મળશે. સામટા લેનારને ઘણુ સારૂ કમીશન. એકવાર કામ પાડી જરૂર ખાતરી કરશો.

શ્રી ગજેન્દ્ર બુક ડીપો

કે ઉંઝામા કુવા પાસે. મુ. ગોધરા (પંચમહાલ)

એન એમ ત્રિપાઠી એન્ડ કંપની બુકસેલર્સ-હાજાખાર્ટ મીરાઉ-મુંબઈ

ગુજરાતી પ્રાથમિક શાળાઓમાં ટેક્સ્ટ તરીકે મંજુર થયેલ

ચોથા ધોરણની ભૂગોળ.

લખનાર -રા. હિંમતલાલ ગણેશજી અજારિયા એમ. એ, એલ એલ બી,

૨૦ નકશા સાથેની બીજી આવૃત્તિ, મૂલ્ય ૦-૮-૦

રાજા ભોજ અને કવિ કાલિદાસ.

બોધક અને આનંદદાયક વાર્તાઓનો સંગ્રહ

૧૦ સુંદર ચિત્રો સહિત દ્વિતીયાવૃત્તિ-કિંમત રૂ. ૪-૦-૦

લાગી અને સુખી જીંદગી ભોગવવા ઈચ્છતા હો તો વાંચો

રા. બ. ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈ કૃત

દીર્ઘાયુષી શી રીતે થવાય.

સુધારેલી ત્રીજી આવૃત્તિ મૂલ્ય રા. ૨-૦-૦

શાળોપયોગી નિબંધસંગ્રહ.

(સરકારે પ્રાઇમરી તથા સેકન્ડરી સ્કૂલો માટે લાઈબ્રેરી તથા ઇનામના પુસ્તક તરીકે મંજુર કરેલુ.)

પ્રાથમિક શાળાઓના ધોરણ ૫, ૬ અને ૭, ગુજરાતી વર્નાકયુલર ફાઈનલ તથા મેટ્રિક એટલે સ્કૂલ લીવીંગ પરીક્ષાઓ અને મેલ તથા ફીમેલ ટ્રેનિંગ કોલેજોના વર્ગો માટે. કર્તા-ઉસમાન અબ્દુલ પુડાપુડીયા અને મહોબતસિંહજી મોતીભાઈ રાણા. ૨૫૦ પાનાનું દળદાર પુસ્તક, કિંમત માત્ર રા. ૧)

સરકારે પ્રાઇમરી તથા સેકન્ડરી સ્કૂલો માટે લાઈબ્રેરી તથા

ઇનામના પુસ્તક તરીકે મંજુર કરેલું

ઉદ્યમ કર્મ સંવાદ.

કવિના જીવન ચરિત્ર, શબ્દકોષ મિ. હિંમતલાલ ગણેશજી અજારીયા, એમ. એ, એલ. એલ. બી., ની ટીકા સાથે કિં. રા. ૦-૧૦-૦

બાળ સહયોગ વાર્તાશતક રા. ૧-૮-૦

નેપોલીયન બોનાપાર્ટનું ચરિત્ર પાકું પુઠું રા ૨-૮-૦

કુમાર એક જીવન નાટક. રા ૧-૦-૦

...રા કવિ રવિન્દ્રનાથ ટાગોરકૃત બીજી આવૃ... રા ૧-૦-૦

REGISTERED No B 43

પુસ્તક ૬૧ મું] [અંક ૩ જો.

Gujarat School Paper

ગુજરાત શાળાપત્ર

માર્ચ સને ૧૯૨૨.

અનુક્રમણિકા.

વિષય	પૃષ્ઠ
અગત્યના	૬૫
કવિતા	૬૬
સારા અક્ષર એ એક કળા છે, અને તે શીખીને પ્રાપ્ત કરવી?	૬૭
આર્ખીમીડીઝના સિદ્ધાન્તો	૭૧
ત્રૈરાશિક	૮૦
ત્રૈલિયમ	૮૩
ગયા પત્રના ઉત્તર	૮૪
ગણિતપ્રશ્નાવલિ	૮૮

કેળવણીખાતાના દફ્તરથી

તંત્રી અને પ્રકાશક (ઓક્ટોબર ૧૯૧૪ થી)

મિ. કેખુશરૂ અરદેસર ભાલા, બી.એ.,

પ્રિન્સિપલ, પ્રે. રા. ટ્રેનિંગ કોલેજ—અમદાવાદ

(સર્વ હક્ક સ્વાધીન રાખ્યા છે)

ધ અમૃતસિદ્ધિ પ્રિન્ટિંગ પ્રેસમાં મહમદ તુરખાન અમીરખાન વડીએ છાપ્યું,

સૂચના.

૧. પત્ર સબંધી લખાણ—એડિટર તરફ મોકલવું. બીજા મોકલનારનું લખાણ કાગળની એક બાજુએ ચોકખે અક્ષરે લખવું. છોડવા યોગ્ય લાગશે તો છપાશે, નહિ પસંદ કરેલા લેખ ટિકિટ મોકલી હશે તો પાછા મોકલવામાં આવશે.

૨. લેખકને ઉત્તેજન—વિષયો લખી મોકલનારની પેસા લેવાની ખુશી હશે તો પ્રથમથીજ ખબર આપેથી દર છાપેલે પાને યોગ્યતા પ્રમાણે (રૂ. ૧) સુધી આપવામાં આવશે. ચર્ચાપત્ર માટે કંઈ આપવામા નહિ આવે.

૩. લવાજમ—વરસ એકનો રૂ. ૧–૮–૦ ટપાલ ખર્ચ સાથે અગાઉથી. વિદ્યાર્થીઓ માટે ૦–૧૨–૦; છુટક અંકના રૂ. ૦–૨–૬; સ્ટેજ રૂ. ૦–૦–૬ જુદું.

૪. મનિઓર્ડર—કૂપન પર ગામ કે થાણાનું ઠેકાણું સ્પષ્ટ લખવું. તેમજ ત્યાં એકથી વધારે નિશાળો હોય તો નિશાળનો નંબર તથા થાણાપત્ર ઓફિસ તરફથી અપાએલાં સરનામાના સેંસલ ઉપરનો નંબર લખવો.

જાહેરખબરના ભાવ.

મુદ્દત.	પાનું	અધું	પા.
આખું વર્ષ.	રૂ. ૬૫	રૂ. ૩૨	રૂ ૨૦
૬ માસ.	રૂ. ૩૫	રૂ ૧૮	રૂ. ૧૨
ત્રણ માસ.	રૂ. ૨૦	રૂ. ૧૦	રૂ. ૬

છુટક છપાવવાનો દર.

૬૨ નગ લીટીએ રૂ. ૧–૨–૦ રાખ્યા છે.

આ પત્ર સાથે કોઈ પણ હુંડી બીલે વહેંચવામાં આવશે નહિ.

૫. થાણાપત્રમાં આપેલી ખાનગી જાહેરખબરોમાં વપરાયેલી ચોપડીએ ખાતાએ મંજુર કરેલીજ હોય એમ હમેશ હોતું નથી. માટે દરેકને મુજબ રૂચેલી તરીકે ગણવી નહિ.

૬. થાણાપત્રનું વરસ જાન્યુઆરીથી ડિસેમ્બર સુધી ગણવામા આવે છે; માટે વરસની વચમા જે ગ્રાહક બન થવા માગતો હશે તેમના પાસે લેટવા અંકો તેમને મળ્યા હશે તેટલાની છુટક અંક લેખે કિંમત લેવ આવશે

તંત્રી

ગુજરાત શાળાપત્ર.

પુસ્તક ૬૧મું. માર્ચ સને ૧૯૨૨. અંક ૩.

—: અગ્રલેખ. :—

શિક્ષણની બે ઉપયોગી રીતો.

"પૃથક્કરણ અને સંયોગીકરણ પદ્ધતિઓ"

'શિક્ષણ આપવું' એટલે માત્ર અમુક વિષય શીખવી જવો અથવા તો એકબી પદ્ધતિ બતાવી એવો અર્થ થતો નથી. બન્નેનો સમન્વય કરવાની જરૂર છે. કોઈ પણ કાર્યની સિદ્ધિ અર્થે સાધન કે સાહિત્યોની આવશ્યકતા હોય છે જ, તે દૃષ્ટિએ તપાસતા કોઈ પણ વિષયના શિક્ષણને અંગે પદ્ધતિરૂપી સાધન પણ જરૂરનું છે. મોના બાળકોની કેળવણી જેમને હસ્તક સોપાઈ છે તેમને, એટલે પ્રાથમિક શાળાઓના શિક્ષકોને, આ વિષયપરત્વે કઈ બાબતો લક્ષમા રાખવાની જરૂર છે તે વિચારીએ જ્ઞાન આપવાની જુની અને ખોટી રીત માત્ર વ્યાખ્યાન કરી જવાની હતી. તે યુગ હવે જતો રહ્યો છે, અને બાળસ્વભાવની ખાસીઅતો લક્ષમા રાખી બાળકોને અનુકૂળ થાય તેવી રીતે અને તેમની માનસિક શક્તિઓ ખીલે એવી પદ્ધતિથી શિક્ષણ આપવાની નવી રીત અમલ બનેલ છે, પાઠ આપવો કે વિષય શીખવો એ સહેલું કામ નથી શિક્ષકે તેને અંગે અગાઉથી તૈયારી કરી તેનો ક્રમ તથા વ્યવસ્થા નક્કી કરવા પડે છે. આજ તેની પદ્ધતિ કહેવાય છે તેને લગતા ઘણા પ્રકારો શિક્ષણ-શાસ્ત્રીઓએ નક્કી કર્યા છે તેમાના બે મુખ્ય 'પૃથક્કરણ' તથા 'સંયોગીકરણ' છે. જુદા જુદા વિશિષ્ટ દાખલા લઈ આખા વર્ગને લગતો એક નિયમ શોધવાની રીત પૃથક્કરણ રીત છે. સંયોગીકરણ રીતમા વિધાર્થી નિયમો કે સિદ્ધાંતો ખરા માની તેને વિશિષ્ટ દાખલાને લાગુ પાડે છે 'નાની ઉંમરના

બાળકોને અંગે ઘણું જ્ઞાન સ્વાશ્રય, કે જાતમહેનતથી કરવાની વૃત્તિ સ્વાભાવિક બનાય છે. માટે પૃથક્કરણ રીત તેમને ઘણી અનુકૂળ પડે છે. આમ છતાં શિક્ષણમાં બન્ને રીતને સ્થાન છે. બન્નેનો કાર્ય પ્રદેશ જુદો છે. પૃથક્કરણ રીત વિદ્યાર્થીના જ્ઞાનનો વિકાસ અને કમિકતાનું સ્વરૂપ લક્ષમાં રાખી ચોજાઈ છે બીજી રીત વિદ્યાર્થીએ મેળવેલા જ્ઞાનનો સંગ્રહ કરી તેને લાગુ પાડવાના કામમાં વપરાય છે. શિક્ષકે પોતાના કાર્યમાં સફળ થવા બાળકની દૃષ્ટિ લક્ષમાં રાખી બેમાંની એક રીતનો ઉપયોગ કરવો જોઈએ. વિષયપરત્વે બાળકોનો રસ, જિજ્ઞાસા, અને સહાનુભૂતિનો વિચાર કરી શિક્ષકે પોતાનું કાર્ય કરવું. માત્ર પૃથક્કરણ રીતે કામ કરીએ તો જ્ઞાન આપતા અને લેતાં બહુ સમય થાય. તેમજ દરેક હકીકત શિક્ષક બોલી જાય અને વિદ્યાર્થીઓ તેને વેદવાક્યરૂપે માની લે એ પણ ઇષ્ટ નથી. માટે બન્ને રીતના મિશ્રણની જરૂર છે. જ્ઞાનમા ટુંકા માર્ગ પણ આવશ્યક છે. નિયમો પ્રથમ પૃથક્કરણ રીતથી શોધાવી તેને કેવી રીતે લાગુ પાડવા તે પણ વિદ્યાર્થીને શીખવવાની જરૂર છે. પૃથક્કરણ રીતમાં બાળક પોતાની મેળે કામ કરે છે, દૃષ્ટાંતો તપાસે છે, અને વસ્તુ જ્ઞાનનો નિર્ણય કરે છે. આ રીતને જ્ઞાન શોધી કાઢવાની રીત પણ કહી શકાય; તે ધીમી છે. તેમા નિર્ણયોરૂપી સત્યો અગાઉથી કહી દેવામા આવતાં નથી. બાળકો દરેક કામ રસથી કરે છે. બુદ્ધિની કસોટી તથા વિકાસ થાય છે. કામ જાતે કર્યાનો સંતોષ મળે છે. આ રીતમા કંઈ ભૂલી જવાનો કે મૂળ જ્ઞાનનો ત્યાગ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થતો નથી, નિરીક્ષા અને સર્વદેશી પ્રયોગ કરવાથી વિદ્યાર્થી સામાન્ય અને સર્વદેશી સત્યો ગ્રહણ કરવાની શક્તિ પ્રાપ્ત કરે છે. બીજી કેટલીક રીતથી કામ કરતાં ભૂલો ઉત્પન્ન થાય અને બાળક નિરાશ થાય એવો સંભવ આ રીતમા હોતો નથી. ખરું અને ચોક્કસ તથા સંપૂર્ણ જ્ઞાન મળતાં એની લાગણીને ઉત્તેજન મળે છે. મનને ઉત્તમ કેળવણી મળે છે, અને તેની શક્તિઓનો ઉંચા તથા સ્વાશ્રયી પ્રયાસથી વિકાસ થાય છે.

સંયોગીકરણ પધ્ધતિમા સામાન્ય સત્યો વર્ગવી કે જાણી લઈને કામની શરૂઆત કરીએ છીએ. આમ કરવાથી કેટલીક વખતે બાળકો તે સત્યોને સ્પષ્ટ રીતે સમજી શકતા નથી; શિક્ષક બોલે અથવા કહે તે ખરું માની લેવું પડે છે. એ પણ અધૂરું સમજ્યા હોય તો તેનો પ્રયોગ કે ઉપયોગ ભૂલ-ભરેલો બાળકો કરે છે. છેવટે આ દોષ સુધારવાની જરૂર ઉત્પન્ન થાય છે. આથી પૃથક્કરણ રીત ચઢિઆતી છે, પણ તે રીતે જ્ઞાન પ્રાપ્ત કરતાં સમય બહુ લાગે એ સંભવિત છે. માટે બન્ને રીતનું મિશ્રણ કરવું જોઈએ. બન્ને રીતે

કામ કરનાં મન સામાન્ય જ્ઞાન ચોક્કસ મેળવી શકે છે. નાનાં બાળકોને માટે પહેલી રીત લાભકારક છે એ આગળ જોઈ ગયા. ઉત્તમ શિક્ષક પૃથક્કરણ રીતથી કામ કરી નિયમ તારવી કઢાવી, સંયોગીકરણ રીત વાપરી તે નિયમનું જ્ઞાન આધારભૂત લઈને વિશિષ્ટ સ્વરૂપની બીજી બાબતોને લંગાડી, તેના સંસ્કાર દૃઢ કરે છે, માટે બન્ને રીતનું મિશ્રણ ઉપયોગી છે.

(૨) ઓરોરા.

'ઓરોરા' ધ્રુવ પ્રદેશોમાં નજરે પડતો એક આકાશી દેખાવ છે. ઉત્તર ધ્રુવમાં તે ' ઓરોરા બોરીઅલીસ ' કહેવાય છે. દક્ષિણ ધ્રુવમાંના દેખાવને ' ઓરોરા ઓસ્ટ્રેલીસ ' કહે છે. આના ઘણા પ્રકાર હોય છે. કેટલીક વખતે તે રંગીન દેખાય છે. કેટલીક વખતે ધોળો, રુપાળી, લીલો અને પીળો એવા તેના ભાસ, રંગ હોય છે. આથી તે સૌન્દર્યના આકર્ષક દેખાવ રજુ કરે છે, અને ચમકારાને લીધે તેનું સૌન્દર્ય વિશેષ નજરે પડે છે.

તેની ઉત્પત્તિ વિષે ચોક્કસ નિર્ણય થયો નથી. ઉપલી હવા અને નીચેની હવા કે પૃથ્વીની વચ્ચેના ભાગમાં જે વિદ્યુત ઉત્પન્ન થાય છે, તેનું આ પરિણામ છે એમ કેટલાક માને છે. આના આધારમા એક એ બાબત છે કે ચક્રચક્રિત અને રૂપાંતર પ્રાપ્ત કરતા ઓરોરાને અંગે પૃથ્વી ઉપર મેગનેટીક (લોહચુંબકનાં) તોફાનો પણ થાય છે. વિદ્યુત્પ્રવાહ શાથી થાય છે એ કળી શકાતું નથી. સનસ્પોટસ (સૂર્યના ધાબાં) વધુ સંખ્યામાં હોય છે ત્યારે ઓરોરાની સંખ્યા પણ વધે છે. તેથી કહી શકાય કે સૂર્ય પણ તેનું એક કારણ હશે. વાતાવરણની ઉંચેની પાતળી હવામાં થતા વિદ્યુત્પ્રવાહને લીધે ઓરોરા નજરે પડે છે એ મતનો બીજો આધાર એ છે કે તેનો પ્રકાશ તથા ચળકાટ બહુ જુજ હવા વાળી નળીમાંથી પસાર કરવામાં આવતા વિદ્યુત્પ્રવાહના પ્રકાશને મળતો હોય છે.

ઓરોરા કેટલી ઉંચાઈએ હોય છે તેની પણ ગણતરી થઈ છે. ઓછામાં ઓછી ૫૦ માઈલની ઉંચાઈએ નજરે પડે છે. વધારેમાં વધારે ૨૦૦ માઈલની ઉંચાઈએ હોય છે. ઘણુંખરા ૬૫ માઈલ ઉંચે દેખાય છે. ઉત્તર ધ્રુવમાં ૬૦° કે ૭૦° ઉ૦ અક્ષાંશમાં દેખાય છે. અક્ષાંશ ઘટે તેમ તે નજરે દેખાતા બંધ પડે છે. તેમ છતા ઈંગ્લાંડનો વતની તે પ્રકાશ વર્ષમાં ચાર પાંચ વખત આકાશમાં જોઈ શકે છે. માત્ર શ્વેત પ્રકાશની પટી તે જોઈ શકે છે. ખરો રંગીન પ્રકાશ તેની નજરે પડતો નથી. દક્ષિણ ધ્રુવનો ઓરોરા બોરીઅલીસ આથી ઓછો દેખાય છે. તેના કારણો પણ ઉત્તર ધ્રુવના ઓરોરા જેવાંજ છે. બન્નેના દેખાવ જુદા હોય છે કે પ્રકાશમાં ફેર હોય છે એમ માનવાનાં કારણ નથી. (અનુવાદ)

(૩) વિજ્ઞાનના વિષયને લગતાં કેટલાંક યંત્રો.

ઈરેફોન—બહેરા માણસને મીજની વાણી અથવા સંગીતના અવાજ સંભળાય એવા બનાવવામા મદદ આપનારૂ યંત્ર.

મેગેફોન—કાનમા દાખલ કરી શકાય તેવી નળીવાળું તેમજ તારની મદદ વિના બે માઈલ દૂર અવાજ જઈ શકે એવું બોલતું યંત્ર.

ડાપોફોન—કઈ દિશાએથી અવાજ આવે છે તે કહેનારૂં યંત્ર.

એનીમોસ્કોપ—પવનની દિશા સૂચવનારૂં યંત્ર.

ઈલેકટ્રોસ્કોપ—વીજળી અમુક સ્થળે છે કે નહિ તે બતાવનારૂં યંત્ર.

હાઈગ્રોસ્કોપ—હવામાનો બેજ દર્શાવનારૂં યંત્ર.

પેરીસ્કોપ—પાણીની સપાટી ઉપરના પદાર્થો જોવાને પાણીની અંદર ફરતી આગબોટોમા વપરાતું યંત્ર.

સ્પેક્ટ્રોસ્કોપ—પ્રકાશના કિરણો જેમાં કે તારામાંથી આવતાં કિરણોનું પૃથક્કરણ કરવાનુ યંત્ર.

સ્ટીરીયોસ્કોપ—બે સપાટ ચિત્રો એક દેખાડવાનું યંત્ર.

સ્ટેથોસ્કોપ—હૃદય અને ફેફસાના બબકારા સાભળવા માટે વપરાતું યંત્ર.

હિલીઓગ્રાફ—સૂર્યના પ્રકાશ મારફત સંદેશા મોકલી આપનારૂં યંત્ર.

સીસમોગ્રાફ—ધરતી કંપની નોધ રાખનારૂં યંત્ર.

એનીમોમિટર—પવનની ગતિ તથા બળ માપવાનું યંત્ર.

એટમોમિટર—બેજવાળી સપાટીમાંથી થતા બાષ્પ બનની ગતિ માપવાનું યંત્ર.

ઈલેકટ્રોમિટર—વીજળીના પ્રવાહની કાર્યશક્તિ માપવાનું યંત્ર.

હાઈગ્રોમિટર—હવાનો બેજ માપનારૂં યંત્ર.

લેકટોમિટર—દૂધનું ઘટત્વ બતાવનારૂં યંત્ર.

સીસમોમિટર—ધરતીકંપનું બળ માપવા માટે વપરાતું યંત્ર.

(૬) કવિતા.

[રા૦ ગિરજાશંકર બાપુજી શુકલ ટ્રે૦ સ્કૂલ ગોધરા.]

(પુનમ ચાંદની ખીલી પુરી ગાહાં રે એ રાહ,)

× આવો ભાઈઓ આજે આપણુ શીખીએ રે,
પહેલા ઉભા થઈને જોઈએ ચારે મેર;
કઈ છે ઉગમણી દિશા તે આપણુ ખોળીએ રે...૧

(સાખી.)

સૂર્ય જોને જે દિશામા, પૂર્વ દિશા કે'વાય;
પશ્ચિમ તેને જાણવી, સૂર્ય અસ્ત જ્યા થાય.
આવો પૂર્વ દિશામા મોહ રાખી આપણે રે,
કહીએ જમણા હાથ તરફની દક્ષિણ દિશ;
ઉત્તર દિશા ડાબા હાથ તરફની થાય છે રે...૨

(સાખી.)

દક્ષિણ પૂર્વની મધ્યનો, અગ્નિખૂણો જે થાય;
નૈઋત્ય તેને જાણવો, દક્ષિણ પશ્ચિમ સાથ.
તેમજ ઉત્તર પશ્ચિમ વચ્ચે વાયવ્ય ખૂણો રે,
આવી રીતે ઉત્તર પૂર્વ વચ્ચે ખૂણ,
કહીએ ઈશાન જેને વા ઇશાન વાયછે રે...૩.

(સાખી.)

આવી રીતે હું કહું, ખૂણા ત્યા શીખ ચાર;
દિશા ચારજ જાણવી, કવ કહું તમ આજ.
આવી બાળપણાની ગમ્મત સાથે શીખજો રે,
* રાખી ગુરુ પિતા કેરી ધ્યાને શીખ,
રાખી ચિત તમારૂં સારા તમ અભ્યાસમારે...૪.

× કન્યાશાળામા ગવરાવતી વખતે ઉપરની લીટીને ફેરવીને
"આવો જોનો આપણુ સર્વે સાથે શીખીએરે." આ કડી ગવરાવવી.

* આ લીટીને બદલે " રાખી જોનો કેરી મનમાં સારી શીખ. "
એ લીટી ગરાવવી. માત્ર બે લીટીમાં ફેરફાર કરીએ તો ઈષ્ટ લાગે છે તેથી બે લીટીમાં ફેરફાર કર્યો છે.

(૨) ગુજરાતની મુસાફરી.

ધોરણ ૩જા માટે

(રા. કુબેરદાસ શીવદાસ પટેલ. હેત્રોજ.)

રાય—મિત્રો નીતિની શીખામણ સર્વે પાળજો રે.

ભાઈઓ, સહુ મળી ચાલો ફરીએ ગુર્જર દેશમાં રે,
પ્રથમ રાજનગર કૃપાળું અસલી શહેર;
જ્યે ત્રણ તારોપર વડા અહીં વેપારીઓ રે....ભાઈઓ. (૧)
પાટણ જઈએ પ્રેમથી મુડી પટોળાં કાજ,
પંચાસરા પારસ મહીં જુઓ રાય વનરાજ;
ત્યાંથી સિદ્ધપુર જઈને કુમારિકે કરી સ્નાન ને રે...ભાઈઓ. (૨)
આબુગઢ રળિયામણો દેલવાડું દેવધામ,
અંબામાતાએ જતા રાધો લે છે દાણ;
ત્યાંથી ગાડી બેસી જોવો સોરઠ દેશને રે...ભાઈઓ (૩)
સોરઠની લાડી અને ઘોડી બહુ વખણાય,
જામનગર મોતી મુડી વળી કચ્છ બહુ થાય;
જોવું દરીઆમાર્ગે સોમતીરનાને દ્વારકાં રે...ભાઈઓ. (૪)
સોમનાથ પાટણ જુનું ત્યાંથી જઈશું ગીર,
સિંહ વસે આ દેશમાં નજીક અમરેલી;
પછી તો પાલીતાણે ભાવનગરુ બંદર પછી રે...ભાઈઓ. (૫)
સુધારો સારો કરે શાણા ત્યાંના રાય,
મંદિર કેળવણી તણું અહીંનું ઠીક ગણાય;
બેસી આગબોટમાં પુરાણ ખંભાને ગયા રે...ભાઈઓ. (૬)
દાણી ધરતી ભરૂચની કપાસ અનગળ થાય.
શેઠ શોખીલા સુરતના વિવેકમાં વખણાય;
અહીં તો ઉદવાડામાં પારસીની અગિયારી છે રે...ભાઈઓ. (૭)
ગોળ આગ્યો ગણદેવાનો ઝીના કુંડ ઉનાઈ,
દર્શન રેવાજી તણા ચાણોદે કરી લેઈ;
પછી તો ગામકવાડી રાજનગર રહેવું ઘણું રે...ભાઈઓ. (૮)
સયાજીરાવ સરકાર બહુ સારા રાય ગણાય,
મહેલ કમાટી બાગ ને સ્વારી દશેરે થાય;
જો પછી ભાવ થશે તો સેવ મુંબાણી ખાઈશું રે...ભાઈઓ. (૯)

પાવાગઢ પ્રખ્યાત છે મંહાકાળીનો વાસ,
ભૂલા પડેલા પથિકને ભીનોનો બહુ ત્રાસ;
અહીંનાં સાગ, મકાઇ, મહુડા બહુ વખણાય છે રે...ભાઈઓ. (૧૦)

જાત્રા રણછોડરાયની કરી જઈશું નડિયાદ,
મુલક ચરોતર આ બધો તમાકુનો બહુ પાક;
અહીંના અમીન લોકો ભણ્યે ગણ્યે હોશિયાર છે રે...ભાઈઓ. (૧૧)

બહુ દ્વિસ ફર્યાર્યા કર્યું ઘેર જવા મન થાય,
મહેમદાવાદ આગળ થઈ રાજનગર પહોંચાય;
મળીને સગા સંબંધી હરખ્યાં અપરપાર છે રે...ભાઈઓ. (૧૨)

ટીપ. અ. ભાવનગરમા કેળવણીમંડળ એટલે કોલેજ (શામળદાસ કોલેજ)

બ. પાઠ વધારે આકર્ષક કરવા માટેઃ—

૧. ગુજરાત પ્રાંતનું માટીનું મોડલ લોઢાના પતરાંમા બનાવવું.

૨. કવિતામાં આવતા સ્થળ, નદીઓ, પર્વતો, વગેરે મોડેલમા બતાવવા.

૩. દરેક છોકરો એકેક સાખી બોલે ને પછીની ત્રીજી લીટી બધા છોકરા સાથે બોલે.

સારા અક્ષર એ એક કળા છે, અને તે શી રીતે પ્રાપ્ત કરવી ?

(મિ. મણિલાલ મોતીલાલ ભટ્ટ ઠે. ચિંગારપરા. ભરૂચ.)

वर्णाने समशीर्षाणि वर्तुलानि घनानि च ॥
परस्परमलग्नाने यो लिखेल्लेखकः स वै ॥ १ ॥

प्रणवविस्तारपट्ट

વ્યાખ્યાઃ— આપણા વાણીસ્થાનમાંથી નીકળતા હૂંકારમા ટુંકા ઉચ્ચાર, અને તે લખી બતાવવાની નિશાનીને અક્ષર કહે છે.

આ વ્યાખ્યા ઉપરથી સ્પષ્ટ જણાય છે કે આપણી લિપિ તે ઉચ્ચારજન્ય છે. ઈતર દેશોની પેઠે વસ્તુચિત્રો ઉપરથી લિપિ નીકળેલી નથી. પ્રથમ શ્રુતિના નાગરના લખવાના અક્ષરો વપરાતા નહિ હોય એમ તે શબ્દની વ્યુત્પત્તિ ઉપરથી સમજાય છે. પરંતુ જેમ જેમ ગ્રંથો વધતા ગયા અને ભાષાવિસ્તાર વધતો ગયો તેમ તેમ એ ચિહ્નોનો ઉપયોગ થવા લાગ્યો. મતલબકે અઢાર લિપિ વપ-

રાવા લાગી. સઘળી લિપિ ૐકારપ્રણવ બ્રહ્મામાંથી ઉત્પન્ન થઈ છે, એમ હિંદુશાસ્ત્રો કહે છે. મહાભારત જેવા પ્રસિદ્ધ ગ્રંથની શરૂઆતમાં વ્યાસજીએ તેના શ્લોકો રચવાની અને ગણપતિજીએ તે લખવાની પ્રતિજ્ઞા કર્યાનું જણાવેલું છે. તે ઉપરથી માલમ પડે છે, કે આસરે ૫૦૦૦ વર્ષ ઉપર અક્ષર લિપિ આ દેશમા પ્રચલિત હતી પરંતુ તેનું સ્વરૂપ હાલના જેવું ન હતું.

ગુજરાતી અક્ષરોની ઉત્પત્તિ.

જુના લેખો ઉપરથી માલમ પડે છે કે પ્રથમ આપણા દેશમાં પાલી, ગુપ્ત, વલ્લભી, વગેરે લિપિઓ પ્રચલિત હતી. પરંતુ જેને 'દેવનાગરી' લિપિ કહીએ છીએ, તે લિપિ તો બ્રાહ્મા લિપિ ઉપરથી નાગરોમાના કોઈ મહાપુરુષે શોધી કાઢી હશે, એમ હાલની શોધો ઉપરથી જણાય છે. જેમ સંસ્કૃત વાણીને 'દેવવાણી' કહે છે, તેમ આ લિપિનો મોટો ઉપયોગ સંસ્કૃત પુસ્તકો લખવામા થવા લાગ્યો તેથી એ દેવનાગરી લિપિ કહેવાઈ હશે. આપણા દેશમા એને 'બાળબોધ લિપિ' પણ કહે છે, કેમકે શીખનારને સરળતાથી બોધ થાય તેવી તે છે. ગુજરાતી અક્ષરોની ઉત્પત્તિ આ બાળબોધ લિપિમાથીજ થઈ છે. સરળતા અને ત્વરા જાળવવા માટે જે બાળ-અક્ષરો ફેરફાર કરવા જેવા લાગ્યા, તેમા લોકોએ યોગ્ય ફેરફાર કર્યો, અને બાકીના અસલ પ્રમાણે રહેવા દીધા. દરેક અક્ષરનું માથું દોરતાં વાર લાગે, માટે લીટી દોરવાની યુક્તિ શોધી કાઢી કાના સીધા કાપબંધ રાખવાને બદલે છેડે તેમને જમણી તરફ વાળવામા આવ્યા. આ પ્રમાણે પ્રચલિત ગુજરાતી અક્ષર લિપિની ઉત્પત્તિ થઈ છે.

આપણા અક્ષરોનો ક્રમ શાસ્ત્રીય રીતે ઠરાવેલો છે, એટલે કે તેમને સ્થાનવાર ગોઠવ્યા છે, તેથી તે બોલવામા અનુકૂળ પડે છે.

ઉપર જણાવ્યા પ્રમાણે આપણી લિપિ ઉચ્ચારજન્ય છે, અને ઉચ્ચારમાં જે સ્વરો અને વ્યંજનો નીકળ્યા, તેજ ક્રમ વ્યાકરણગ્રંથોમા જોવામા આવે છે. 'સારસ્વત' નામે વ્યાકરણ ગ્રંથમાં વર્ણાનુક્રમ ગણાવતાં ઌૄ, ૠ, ઌૢ, ૡ, ણ્, ન્, ઙ્, મ્, ઇત્યાદિ ક્રમ રાખેલો છે. પરંતુ હાલનો પ્રચલિત ક્રમ ક્, ખ્, ગ, ઘ, ઙ્ છે. ત્યારે આપણો હાલનો ક્રમ કયારે શરૂ થયો એ સવાલ ઉદ્ભવે છે. એનો ચોક્કસ ખુલાસો મળી શકતો નથી, પરંતુ 'સિદ્ધવર્ણસમામ્નાય' (સિદ્ધો) નામે લઘુ વ્યાકરણ રચાયા પછી એ ક્રમ શરૂ થયો હશે એમ અનુમાન થાય છે.

વધુ સંખ્યા.

સાધારણ રીતે ૫૨ અક્ષરો ગણાય છે. ૩૬ વ્યંજન તથા ૧૬ સ્વર. "બબ્બા બાવનનો વિસ્તાર, ત્રેપન જણ્યાથી પાર" એ બરાબર છે. પરંતુ ગુજરાતી ભાષામાં પ્રચલિત અને ગુજરાતી વ્યાકરણો જેની મુખ્યતે ગણના કરે છે તે સંખ્યા તો ૫૦ ની છે. એટલે ૩૪ વ્યંજન, ૧૪ સ્વર અને બે જોડાક્ષર (ક્ષ, તથા જ્ઞ.)

આ પ્રમાણે ગુજરાતી અક્ષરોની ઉત્પત્તિ, ક્રમ, તથા સંખ્યા છે.

આપણા મનના વિચારો આપણે બે રીતે દર્શાવી શકીએ છીએ; બોલીને, તથા લખીને. મનુષ્યજાતિનું સામાજિક બંધારણ એવી જાતનું છે કે તેમાં પરસ્પર એક બીજાના વિચારોની આપલે કરવાની અનિવાર્ય જરૂર પડે છે. એમ કર્યા સિવાય વ્યવહાર ચાલી શકતો નથી. હવે પોતાના મનમાં ચાલતા વિચારોને કોઈ માણસ પ્રત્યક્ષ જોવા માગે તો તેમ કરવા માટે તેને કોઈ પણ સંજ્ઞાનો ઉપયોગ કરવો પડે. કારણ કે વિચારને કંઈ પ્રત્યક્ષ જોઈ શકાય નહિ. 'ભાષા' એ આ હેતુ પાર પાડવા માટેની સંજ્ઞાનો સંગ્રહ છે. સંજ્ઞાઓ નિર્માણ કર્યા પછી લખવાથી આંખે જોઈ શકાય છે, તથા ઉચ્ચારણ કર્યાથી બોલી તથા સાભળી શકાય છે. આ પ્રમાણે એ સંજ્ઞાના ઉપયોગથી આપણે આપણો વ્યવહાર સરળતાથી ચલાવી શકીએ છીએ. અક્ષર સંજ્ઞાના ઉપયોગથી આપણે બે હેતુ સિદ્ધ કરી શકીએ છીએ.

(૧) આપણા પોતાના મનના પટ પર ફરી જતા વિચારોને પ્રત્યક્ષ કરી શકાય એવા રૂપમા દર્શાવી શકીએ છીએ, તથા

(૨) તે પ્રમાણે સંજ્ઞાના રૂપમાં દર્શાવી તે વિચારો બીજાને પણ આપી શકીએ છીએ.

આ સંજ્ઞાઓને લખી દર્શાવવા માટે હાથની આંગળીઓના તથા કાંડાના અંશો આપણા હાથના સ્નાયુઓને ફસવા પડે છે, વળી એમાં અક્ષરોના જુદા જુદા અવયવોનું સબંધપૂર્વક પ્રમાણ સમજવું અને યાદ રાખવું એ મનનો વિષય હોવાથી મન પણ ફસાય છે.

ગુજરાતમા મુદ્રણકળા ઇ. સ. ૧૮૧૨ માં શરૂ થઈ, પરંતુ તમાર પહેલા પુસ્તકો વગેરે હાથે લખવાં પડતાં. પ્રાચીન વિદ્વાનો જે જ્ઞાનભંડાર મૂકી ગયા છે, તે લેખનકળા વડે સચવાઈ રહ્યો છે. વેપારરોજગારમા લેખન વગર બેહુંજ કામ થઈ શકે. રાજકારભારમાં પણ એની અનિવાર્ય જરૂર છે. આ પ્રમાણે વ્યવહારના અતિ મહત્વના અને ૫૦૦૦ વર્ષથી

પ્રચલિત અક્ષરલેખનમાં સૌંદર્ય અને કળાની દૃષ્ટિએ ઘણાએ સુધારા વધારા થયા છે.

અક્ષરલેખન ઘણા જુના વખતથી જાણમાં હોવાથી, આપણા પૂર્વજોએ અક્ષર લેખનમાં સુધારા વધારા કરી તેનું છેવટનું સુંદર સ્વરુપ નિર્માણ કર્યું છે. લખવાનું ઘણું ખરું કામ લહીઆ અથવા પંડિતોજ કરતા હોવાથી એ સ્વરુપ ઘણા કાળ સુધી જળવાઈ રહ્યું છે. લહીઆના મરોડદાર અક્ષરો આજ પણ જોનારને આશ્ચર્યચકિત કરે એવા સ્વરુપમાં સંગ્રહસ્થાનોમાં મોજૂદ છે. ઘણો સમય વીત્યા છતા તે લખાણની શાહી ઝાંખી પણ પડી નથી !

અક્ષરના સૌન્દર્યનું નિરૂપણ.

वर्णानि समशीर्षाणि । वर्तुलानि घनानिच ॥
परस्परमलग्नानि यो लिखेल्लेखक स वै ॥ ? ॥

प्रणवविस्तारपट्ट.

समशीर्षाणि—માથાં બરાબર સરખી લીટીમા જોઈએ. એ વાત બરાબર છે. ગુજરાતી લખાણમાં તો માથાં જોડી દઈને લીટીજ દોરવાનું રાખ્યું છે, માટે તે લીટીઓ સમાંતર હોવી જોઈએ એટલુંજ લક્ષમાં રાખવાનું છે.

वर्तुलानि—ગોળ અક્ષર જોઈએ. બત્તલક્ષ કે બરાબર મધ્યબિંદુથી ચારે તરફનો વિભાગ (પાખડા સહિત) જોઈએ; તો ગોળાકાર થાય. જ્યારે 'કાનો', 'માત્રા', 'અનુસ્વાર', 'વરતુ' ને 'અ'નો સમાવેશ થતો નથી. એ સહિત અક્ષરનું પ્રમાણ લઈએ તો પહોળાઈ કરતા લંબાઈ દોઢી થવી જોઈએ.

घनानि—ઘન કહેવાનો અર્થ એ છે કે, અક્ષરને કાંઈ જાડાઈ કે ઉંચાઈ હોતી નથી પણ દરેક અક્ષર ભર્યો હોવો જોઈએ, એટલે દરેક અક્ષરના અવયવમા પૂર્ણપણે શાહી ભરેલી હોવી જોઈએ. વત્તી ન જોઈએ.

अलग्नानि—છુટા એટલે પરસ્પર અક્ષરો મળી ગએલા ન જોઈએ. એ અવશ્યની વાત છે. જેમ 'શબ્દો છુટા પાડીને લખવાની અગત્ય છે તેમ શબ્દમાં આવતા અક્ષરો પણ પરસ્પર જુદાજ જોઈએ.

ઉપર વર્ણવ્યા પ્રમાણેના અક્ષરે લખનારજ લેખક—લહીઆ ગણાતા.

(અપૂર્ણ.)

આર્કિમીડીસના સિદ્ધાન્તો.

[લખનારઃ—મિ. વલીશાહ રૂસ્તમશાહ મુન્શી. મનુભર ઉર્દુસ્કુલ,]

અનુસંધાન પુ૦ ૬૧ — પૃ૦ ૫૨થી

એક પ્રવાહી પદાર્થ બીજા પ્રવાહી કરતા ભારે કે હલકો છે, તે કેવી રીતે જાણી શકાય, તે વિષે વિચાર કરીએ. બે પ્રવાહી પદાર્થોને બેળવવાથી કયો પદાર્થ ભારે છે તે જણાઈ આવે છે; કારણ કે હલકી ચીજ ભારી ઉપર તરે છે. આ તો કેટલેક અંશે ઠીક છે; કેમકે આ પ્રયોગથી બાન જે ચીજો એક બીજા સાથે મળી જતી નથી, તેવી ચીજોનીજ હાલત જણાઈ આવે છે; જેમકે પાણી અને તેલ, ઘી અને પાણી વગેરે; પરન્તુ દૂધ અને પાણીનુ, પાણી અને ખારા પાણીનું હલકા ભારેપણું આવી રીતે જાણી શકાતું નથી, પણ એક પાત્રમા વારા ફરતી દૂધ અને પાણી છબાછબ ભરી તેમને તોલવાથી કયું ભારે છે તે જણાશે. પછી ત્રણ ભાગ દૂધ અને એક ભાગ પાણી, અથવા અર્ધોઅર્ધ દૂધ અને પાણી મેળવી તોલ કરવાથી આ મિશ્રણ ચોકખા દૂધ અને ચોકખા પાણીથી ભારે છે કે હલકું તે માલમ પડશે. એવી સિદ્ધ થાય છે, કે ચોકખું દૂધ ચોકખા પાણીથી ભારે હોય છે. જેમ જેમ પાણી દૂધમા બેળવવામા આવે છે, તેમ તેમ દૂધ હલકુ થતું જાય છે. ઘણા પ્રયોગો કર્યા પછી નક્કી થયું છે, કે જો ચોકખું દૂધ કોઈ પાત્રમા ૧૦૩ શેર માપ છે, તો તેમાં ચોકખું પાણી ૧૦૦ શેર સમાય છે. જો દૂધમા પાણી બેળવ્યું હશે, તો તેનું પરિણામ ૧૦૩ અને ૧૦૦ ની વચ્ચે થશે.

આમ ચોકખા અને મિશ્ર દૂધની પરીક્ષા થઈ શકે છે, પણ શેર દોઢ-શેર દૂધને લીધે પંદર વીસ મિનિટનો વ્યય કરવો પડે. પ્રયત્ન વિના કંઈ પણ થઈ શકતું નથી. ઘણો શ્રમ વેઠીને એક યંત્ર બનાવવામાં આવ્યુ છે અને તેનાથી એક મિનિટમા પરીક્ષા થઈ શકે છે. આ યન્ત્રને અંગ્રેજીમાં Lectometre લેક્ટોમિટર—દૂધ માપવાનું યંત્ર—કહે છે. આ લેક્ટોમિટરની બનાવટ ઘણી સાદી છે. એ બજારમા રૂપીએ દોઢ રૂપીએ મળી શકે છે. જો બનાવવું હોય તો સહેજ ખર્ચે બની શકે છે. આ લેક્ટોમિટર આર્કિમીડીસે શોધી કાઢેલી પાણીની તારક શક્તિ અથવા તરતી ચીજોનું વજન

તેનાથી ખસેલા પાણીના વજનથી સમાન હોય છે, તે નિયમને આધારે બનાવવામાં આવ્યું છે.

લેક્ટોમિટરની બનાવટ—કાચની ત્રણ ચાર ઇંચની એક નળી હોય છે. તેમાં પારો ભરવામાં આવે છે. પારાને ઠેકાણે સીસાની ગોળીઓ પૈસા ભરી શકાય છે. ત્યારપછી ચોકખા દૂધમા મૂકવામાં આવે છે; જેટલો ભાગ ડૂબે ત્યા આગળ એક નિશાની કરાય છે; આવીજ રીતે ચોકખા પાણીમાં મૂકી જ્યાંસુધી પાણીમા ભાગ ડૂબ્યો હોય તે જગાએ ચિહ્ન કરી લેવામાં આવે છે. ત્યારપછી દૂધમાં અર્ધો, ત્રીજો, પા ભાગ પાણી ભેળવે છે અને દૂધમાં લેક્ટોમિટરની નળી મૂકે છે. જેટલો જેટલો નળીનો ભાગ ડૂબે છે, ત્યા ત્યાં નિશાનીઓ કરે છે. આટલો વિધિ કરવાથી લેક્ટોમિટર યંત્ર તૈયાર થઈ જાય છે. આ યંત્ર દૂધમાં લંબરૂપે રહે છે; વાંકું વળી જતું નથી. આવુંજ એક બીજુ યંત્ર બનાવવામા આવ્યું છે. તેનાથી સર્વ પ્રવાહી પદાર્થોનું સાપેક્ષ ઘટત્વ શોધી કાઢી તેઓની સત્યતા–શુદ્ધતા–પારખી શકાય છે. આ યંત્રને Hydrometre હાઈડ્રોમિટર–કહે છે.

અદ્યાપિ પર્યંત માત્ર હલકી ચીજો વિષે આર્કિમીડીસના નિયમનું વિવરણ કરવામા આવ્યું છે અને વળી એમ કહેવામા આવ્યું છે કે પ્રવાહી પદાર્થનું ઉપલી ગમનું દબાણ હડી ગએલા પ્રવાહી પદાર્થના વજનની સમાન હોય છે. હલકી વસ્તુ પ્રવાહી પદાર્થ પર પડી રહે છે, તેથી હલકી વસ્તુનું વજન ખસેલા પ્રવાહીના વજનની બરાબર છે; ત્યારે આ ઉપલી ગમનું દબાણ–તારક શક્તિ–ડૂબી જનારી ભારે વસ્તુઓ પર કંઈ અસર કરે છે કે નહિ, તે વિષે કિંચિત્ નિરૂપણ કરવામાં આવે છે. પ્રવાહી પદાર્થોની તારક શક્તિને લીધેજ વસ્તુઓ પાણીમા હલકી થઈ જાય છે. વસ્તુઓનું વજન નીચલી ગમ ખેંચી જાય છે અને પાણીની તારક શક્તિ ઉપલી મેર ધકેલે છે, પણ તેનામાં એટલું બળ નથી, કે હલકી વસ્તુની પેઠે ઉપર ધારણ કરી શકે. આથી વસ્તુ પાણીમા ડૂબી જાય છે, પણ તેના ભારમા પાણીમા તોલતાં ઘટ પડી જાય છે.

વજનમાં કેટલી ઘટ પડી તે હવે જાણવું જોઈએ. હલકા પદાર્થોનું વજન તારક શક્તિની બરાબર હોય છે. પણ આ નિયમ ભારે પદાર્થોને લાગુ પડતો નથી; કેમકે ભારે વસ્તુઓનું વજન પાણીની તારકશક્તિ કરતા વધારે છે; પણ ખસેલા પ્રવાહી પદાર્થનું વજન તેની તારક શક્તિની બરાબર છે, એવું પણ જાણવામાં આવ્યું છે. માટે ભારે વસ્તુઓથી જેટલો

પ્રવાહી ખસશે તેટલીજ તારક શક્તિ તેના પર અસર કરશે. એટલે તે વસ્તુ જેટલો પ્રવાહી ખગેડે છે, તેટલુંજ દબાણ તે પ્રવાહી પદાર્થનું તેના પર હોય છે. કારણ કે દબાણ ઉપરથી ગમ છે, તેથી તેના વજનમાંથી પ્રવાહીની તારકશક્તિ જેટલુ વજન ઘટી જશે. અર્થાત્ જેટલો પ્રવાહી પદાર્થ હટી ગયો હશે, તેટલીજ ઘટ વસ્તુના તોલમા પડશે. અમુક વસ્તુથી કેટલું પાણી હટશે, તેનો પ્રયોગ બતાવવામા આવ્યો છે. વસ્તુઓના તોલમા કેટલી ઘટ પડી જાય છે, તે જાણવા માટે આર્કિમીડીસે સુવર્ણમુગટની ઘટ શોધી કાઢવા માટે જે યુક્તિ કરી હતી, તેજ યુક્તિ કરવી પડશે. પ્રવાહી પદાર્થોની તારકશક્તિ ખસેલા પ્રવાહી પદાર્થના તોલની સમાન હોય છે; તેથી જ્યારે અમુક વસ્તુ પ્રવાહી પદાર્થમાં ડૂબી જાય છે, ત્યારે તેના વજનમાથી ખસેલા પ્રવાહી પદાર્થના વજન જેટલો ભાર ઓછો થાય છે.

કોઈ પણ પદાર્થનુ સાપેક્ષ ઘટત્વ કાઢવા માટે તેના તોલને ખસેલા ચોકખા પાણીના તોલથી ભાગવું પડે છે, કારણ કે પાણીમા તોલવાથી જેટલું વજન ઘટે છે, તેટલુંજ વજન હઠેલા પાણીનુ હોય છે. માટે સૌથી સહેલો સાપેક્ષ ઘટત્વ કાઢવાનો નિયમ એ છે, કે પદાર્થોને હવામા સાધારણ રીતે તોલો; પછી ચોકખા પાણીમાં લટકાવી તોલો; જે ઘટાડો આવે, તે વડે તે પદાર્થના તોલને ભાગો; જે ભાગાકાર આવે તે સાપેક્ષઘટત્વ થશે.

આ નિયમને આધારે થતા કેટલાક વ્યાવહારિક દાખલા નીચે આપવામા આવે છે.

૧—એક નક્કર પદાર્થનું વજન હવામા તોલતા ૬૫ તોલા થાય છે અને પાણીમા લટકાવી તોલતા ૪૭ તોલા થાય છે, તો તેનું સાપેક્ષ ઘટત્વ શું ?

હવામા તે પદાર્થનું વજન = ૬૫ તોલા
અને પાણીમા ,, ,, = ૪૭ તોલા
∴ પાણીમા તેના વજનમા ઘટ = ૧૮ તોલા
∴ પાણીની તારકશક્તિ = ૧૮ તોલા
∴ ખસેલા પાણીનું વજન = ૧૮ તોલા
∴ સાપેક્ષ ઘટત્વ = ૬૫ તોલા ÷ ૧૮ તોલા = $3\frac{11}{18}$ તોલા.

જવાબ

૨—એક લાકડાનું બીમ ૫૦ ફુટ લાંબું, ૩ ફુટ પહોળું અને ૩ ફુટ ઉંચું છે, તેને પાણીમાં નાખવાથી તેનો ⅔ ભાગ પાણીમાં ડૂબી ગયો, તો બીમ કેટલું ભારે હશે ? (૧ ઘન ફુટ ચોકખા પાણીનું વજન = ૬૨·૪ શેર છે.)

પાણીમાં બીમનો ⅔ ભાગ ડૂબી ગયો એટલે ૫૦×૩×૩×⅔ = ૩૦૦ ઘન ફુટ બીમ પાણીમાં હુબ્યું.

∴ બીમથી પાણી ૩૦૦ ઘન ફુટ ખસ્યું

પણ ૧ ઘન ફુટ પાણીનું વજન = ૬૨·૪ શેર છે

∴ ૩૦૦ ઘન ફુટ પાણીનું વજન = ૧૮૭૨૦ શેર

∴ પાણીની તારકશક્તિ = ૧૮૭૨૦ શેર

∴ બીમનો કુલ ભાર = ૧૮૭૨૦ શેર

એટલે ૧૮૭૨૦÷૪૦=૪૬૮ મણ. જવાબ.

૩—એક સોનાની રણીને સાધારણ રીતે તોલવાથી ૭૭. ૨ તોલા થાય છે અને પાણીમાં તોલવાથી ૭૩.૨ તોલા થાય છે, તો રણી કેવળ શુદ્ધ સોનાના બનાવેલી છે, તે સાબિત કરો.

રણીનું સાધારણ તોલ = ૭૭. ૨ તોલા

અને પાણીમા તેનું તોલ = ૭૩. ૨ તોલા

∴ પાણીમાં રણીના તોલમાં ઘટ= ૪ તોલા

∴ પાણીની તારકશક્તિ = ૪ તોલા

∴ બમેલા પાણીનું તોલ = ૪ તોલા

∴ સાપેક્ષ ઘટત્વ =૭૭.૨÷૪=૧૯·૩ તોલા

પણ ચોકખા સોનાનું સાપેક્ષ ઘટત્વ પણ ૧૯·૩ છે, માટે રણી ચોકખા સોનાની બનાવેલા છે.

૪—એક સોનાની નથનું વજન હવામાં એક તોલો ૨ માસા ૫ રતી છે. પાણીમા તોલતા માત્ર ૧ તોલો, ૧ માસો ૬ રતી થાય છે, તો બતાવો, કે એ ચોકખા સોનાની બનાવેલી છે, કે નહિ ?

હવામા તોલતાં નથનું વજન=૧ તોલો, ૨ માસા, ૫ રતી=૧૧૭ રતી

અને પાણીમા „ „ =૧ તોલો, ૧ માસો, ૬ રતી=૧૧૦ રતી

∴ પાણીમા નથનાં વજનની ઘટ = ૭ રતી

∴ પાણીની તારકશક્તિ = ૭ રતી

∴ હઠેલા પાણીનું વજન = ૭ રતી

∴ નથનું સાપેક્ષ ઘટત્વ ૧૧૭÷૭=૧૬$\frac{૫}{૭}$=૧૬·૭૧ રતી

પણ ચોખ્ખા સોનાનું સાપેક્ષ ઘટત્વ ૧૯–૩ છે, માટે નથમાં બીજી કોઈ હલકી ધાતુ મેળવવામા આવી છે.

૫–એક મલી હોડનું વજન ૫૦ મણ છે. તેમાં ઘઉં ભર્યા ત્યારે ૧૦૦ ઘન ફુટ પાણી તે હોડીથી ખસી ગયું, તો તેમા ઘઉં કેટલા ભર્યા હશે ?

સૂચના:– ખસેલું પાણી ચોખ્ખું પાણી માની દાખલો કર્યો છે.

૧ ઘન ફુટ પાણીનું વજન = ૬૨.૪ શેર

∴ ૧૦૦ „ „ „ = ૬૨૪૦ શેર

∴ પાણીની તારકશક્તિ = ૬૨૪૦ શેર

∴ હોડીનો કુલ ભાર = ૬૨૪૦ શેર

અથવા ૬૨૪૦÷૪૦ = ૧૫૬ મણ

∴ ઘઉંનું વજન ૧૫૬–૫૦ = ૧૦૬ મણ. જવાબ.

૬–એક નક્કર ચીજનું વજન હવામાં ૧૨ અધેળ છે. પાણીમાં ૧૦ અધેળ છે. અને ખારા પાણીમાં ૧૧ા અધેળ છે, તો તે વસ્તુનું અને ખારા પાણીનું સાપેક્ષ ઘટત્વ કાઢો.

(૧) હવામાં ચીજનું વજન=૧૨ અધેળ (૨) ચીજનું વજન હવામાં=૧૨ અધેળ

અને પાણીમાં „ „ =૧૦ „ „ „ખારા પાણીમાં=૧૧ા „

∴ પાણીમાં વજનની ઘટ=૨ „ ∴ ખારા પાણીમાં ઘટ =૨ા „

∴ પાણીની તારકશક્તિ =૨ „ ∴ ખારા પાણીની તારકશક્તિ =૨ા અધેળ

∴ ખસેલા પાણીનું વજન=૨ „ ∴ ખારા પાણીનું સાપેક્ષ ઘટત્વ=

∴ ચીજનું સાપેક્ષ ઘટત્વ=૧૨÷૨=૬ અધેળ જવાબ. ૨ા÷૨=૧ા અધેળ જવાબ.

૭–એક વાટકીનું વજન ૪ તોલા છે. તેમાં ૩૬ તોલા રતિનું ભરીને પાણીમાં મૂકવાથી તરે છે, પણ તેનો બહારનો બધો ભાગ પાણીમાં ડુબી જાય છે. ૩ તોલા સીસું ભરીને તેમાં મૂકવાથી પણ તેવીજ રીતે તરે છે અને ૩૬ તોલા રતિનુ ભરીને બાજા પાણીમાં મૂકવાથી પહેલાની પેઠે જ તરે છે, તો તેલ અને બાજા પાણીનું સાપેક્ષ ઘટત્વ કાઢો.

વાટકી જેવી રીતે તરતી હતી, કે જેથી બધો બાજા ભાગ પાણીમાં ડુબેલો હતો. એટલે વધારેમાં વધારે જેટલું પાણી વાટકી લે ખસેડાય તેટલું ભરયું, અને આ હોડેલા પ્રવાહીનું વજન તરતી વસ્તુ (વાટકી અને સીસું)ના વજનની બરાબર હતું.

∴ હઠેલાં પાણીનું વજન = ૪ તોલા +૩$\frac{૬}{૧૦}$ તોલા = ૭$\frac{૬}{૧૦}$ તોલા
બીજી રીતે ખસેલા તેલનું વજન = ૪ તોલા +૩ તોલા = ૭ તોલા
" " ખારા પાણીનું વજન = ૪ તોલા +૩$\frac{૬}{૧૦}$ તોલા = ૭$\frac{૬}{૧૦}$ તોલા
∴ તેલનું સાપેક્ષ ઘટત્વ = ૭÷૭$\frac{૬}{૧૦}$ = $\frac{૧૦}{૧૬}$ તોલા
અને ખારા પાણીનું સાપેક્ષ ઘટત્વ = ૭$\frac{૬}{૧૦}$÷૭$\frac{૬}{૧૦}$ = ૧$\frac{૧}{૬૦}$ તોલા. } જવાબ.

રેડિયમ.

(રા. એમ. એ. ભગત. આ૦ ભા૦ પ્રે૦ રા૦ ટ્રે૦ કૉલેજ, અમદાવાદ.)

આધુનિક સમયમાં રસાયનશાસ્ત્રીઓ અને વિજ્ઞાનશાસ્ત્રીઓમાં રેડિયમની શોધે વિદ્યા માટે જેટલો રસ ઉત્પન્ન કર્યો છે તેટલો રસ બીજી કોઈ પણ શોધે કર્યો નહિ હોય. તેની શોધથી માન્ય કરેલા વિચારોનું પરિવર્તન થયું છે. રેડિયમની શોધની શરૂઆતમાં જનસમૂહનું લક્ષ તે ધાતુ તરફ વિશેષ દોરાયું ન હતું; પણ તેના અદ્‌ભુત ગુણો અને શક્તિને લીધે લોકો તેને એક અજાયબ તત્વ તરીકે લેખવા લાગ્યા છે.

આ તત્વની શોધ કરવાનું માન પારિસના મોંસ્યુર ક્યુરી અને તેમનાં પત્ની મેડમ ક્યુરીને ઘટે છે. પોતાના લગ્ન થયા પછી આ દંપતી વિદ્યાના પ્રયોગો સાથે કરવા લાગ્યાં. પીચ બ્લેન્ડ (Pitch blende) નામની કાચી ધાતુના અસંખ્ય પ્રયોગો કરવાથી તેમને માલમ પડ્યું કે યુરેનિયમ અને રેડિયમના અણુઓ એક બીજા જોડે સંલગ્ન થએલાં હોવાં જોઈએ.

મેડમ ક્યુરીએ જે બીજી કાચી ધાતુઓમાથી યુરેનીયમ નીકળે છે તેના ઉપર પ્રયોગો કરી સિદ્ધ કર્યું કે બધી ધાતુઓ એક સરખી (Radio active) કિરણપ્રસારક નથી, પણ જે ધાતુઓમા રેડિયમના અંશો હોય તેમાં જિવણ ફેંકવાની શક્તિ (Radio activity) વિશેષ હોય છે.

ધીરજ અને ધીરજથી પીચ બ્લેન્ડ અને તેની બીજી કાચી ધાતુઓમાથી રેડિયમના ક્લોરાઇડ અને બ્રોમાઇડના સંયુક્ત પદાર્થો તે મેળવી શક્યા.

રેડિયમ ધાતુ વિદ્યુતની મદદથી તેના સંયુક્ત પદાર્થોમાંથી મેળવી શકાય છે. તે સફેદ છે; અને હવામાં ખુલ્લી રહેવાથી એકદમ કાળી પડે તેવી અને પાણીમાં ભળી જાય એવી છે.

યુરેનિયમના પરમાણુઓ છિન્નભિન્ન (breaking) થવાથી તેમાંથી રેડિયમના પરમાણુઓ નીકળે છે; અને રેડિયમના પરમાણુઓમાંથી હેલિયમ, આરગન, અને નિઅન સ્વતઃ પેદા થાય છે.

પોતાના પરમાણુઓમાં છુટા પડવાની શક્તિને લીધે તેમાં ગરમી, વિદ્યુત, અને હવાનાં મોજાં (wave-motion) ઉત્પન્ન કરવાની અદ્‌ભુત શક્તિ છે. પોતાની અંદર નિરંતર ગરમી પેદા થાય છે તે તેનો મોટામાં મોટો ગુણ છે. આ ગરમી પોતાના પરમાણુઓનાં (disintegration) છુટા પડવાથી પ્રકટ થાય છે.

યુરેનિયમમાંથી કિરણો સતત નીકળ્યાં કરે છે અને તેથી તે મૂળનો યુરેનિયમ નહિ રહેતાં નવો યુરેનિયમ બને છે અને હેલિયમ વાયુ બહાર નીકળે છે. આ નવો યુરેનિયમ પોતાની અંદર રહેલી શક્તિને લીધે બદલાઈને પોતાની મેળે આયોનિયમ બને છે. ત્યારપછી તેમાંથી રેડિયમ થાય છે. અને આ રેડિયમ પોતાના પૂર્વજોની માફક કિરણો ફેંકી ઘણા રૂપાન્તરો પામી છેવટે સીસાના રૂપમાં હમેશને માટે રહે છે. આ બધા વિકારો ઘણા લાંબા વખતે બને છે. તેમને કોઈ પણ રીતે રોકી કે બદલી શકાતા નથી. તેના દરેક વિકાર વખતે હેલિયમ નીકળ્યાજ કરે છે.

રેડિયમમાંથી જ્યારે સીસું થાય છે ત્યારે એવું અનુમાન કરવામાં આવે છે કે પૃથ્વીમા રહેલું બધું સીસું વર્ષોના વર્ષો દરમ્યાન યુરેનિયમમાંથી બનેલી પદાર્થની છેવટની સ્થિતિ હશે.

સ્થિર દેખાતા તત્વ-પદાર્થોનું-આમ આપણી નજરે બીજા તત્વમાં રૂપાન્તર થાય છે ત્યારે એમ પણ કહી શકાય કે જે પદાર્થોને આપણે હાલ તત્વ કહીએ છીએ તે પદાર્થો કદાચ બીજા કોઈ પદાર્થોનું છેવટનું રૂપ હોઈ શકે, અને સીસા જેવા બીજા કેટલાએ પદાર્થો સૃષ્ટિ પર હશે.

રેડિયમ ગરમીનાં કિરણો ચોમેર ફેંકે છે એ વાત ઉપરથી એમ ધારવામાં આવે છે કે પૃથ્વીમા રહેલી ગરમી આ પદાર્થને આભારી હશે; કેમકે તે પૃથ્વીપર થોડાએ પ્રમાણમાં પણ ઘણીખરી ખડકોમાં આવેલો છે. ખડકના દસ લાખ ભાગમા એક ભાગ રેડિયમનો રહેલો છે. માટે પૃથ્વીની અંદર ગરમી રહી રહેવાનું કારણ રેડિયમ છે.

રેડિયમની શક્તિ અદ્‌ભુત છે; જે ત્વરાથી તેમાંથી કિરણો (emanation) પ્રસરે છે તે ત્વરા ઓછી થતી નથી અને તેનો (રેડિયમનો)

જથ્થો કમી થતો નથી. રેડિયમના સંયુક્ત પદાર્થોમાંથી નીકળતાં કિરણે યુરેનિયમના કિરણો કરતા ઘણા પ્રચંડ છે. ચોડાક કલાક સુધી જો શરીરપ પડવા દેવામાં આવે તો ચામડી સૂજી જાય છે; કાગળ અને કાચના રંગ ઉડી જાય છે.

દરદો મટાડવાને રેડિયમમાંથી નીકળતા કિરણો (emanations રેડિયમ એટલાજ ગુણકારી છે; તેમાથી કિરણરૂપે નીકળતા પદાર્થો (emanations) ને શીશીઓમા ઓકહા કરવામા આવે છે અને પછી તે શીશીઓ દેશપરદેશ મોકલવામા આવે છે. વળી રેડિયમની સંસ્થા (Radium Institute) મા તેમાંથી નીકળતા કિરણોને પાણીની અંદર પસાર કરવામા આવે છે; અને આ પાણીની શીશીઓ પણ જુદા જુદા સ્થળે પહોંચાડવામાં આવે છે. પરંતુ આ પાણીની અંદર કિરણરૂપે દાખલ થએલો પદાર્થ લાંબે વખત રહી શકતો નથી, કેમકે તેનામા કિરણો ફેંકવાની શક્તિ (radio activity) રહેલી છે; તેથી આ પાણીનો ઉપયોગ જેમ બને તેમ જલદીથી કરવો પડેછે. જો ચારપાચ દિવસની અંદર આ પાણી વપરાય નહિ તો તે નકામુ થાય છે.

રેડિયમ ચામડીના દરદો માટે અકસીર ઈલાજ છે, પાકું, ગુમડા, ગાઠ જેવાં અસાધ્ય મનાયલા દરદો તેનાથી મટાડી શકાય છે. કેટલાક ઝરાઓનું પાણી ચામડીના રોગ મટાડનાર તરીકે ઓળખાય છે તેનું કારણ સહજ સમજાશે. તેની અંદર આવી જાતનો પદાર્થ હોવો જોઈએ.

ટહુકો' એક ઝીણો લુગડાનો ટહુકો, ઝીણી ધૂળ અને લાકડાનું એક વતરણું એટલા વાના હતા. શિક્ષાગુરુની પાસે વિદ્યાર્થીઓ એકાદ મકાનમા પોતાના દોપીસ્તા, લુગડાના ટહુકા અને વતરણાં લઈને જતા અને અક્ષરજ્ઞાન મેળવતા શાળાના એ ઓરડામા ધૂળનો એક ઢગલો રાખવામાં આવતો. તેમાની ધૂળ અથવા શેરીની ધૂળ લુગડાના પેલા ટહુકામા નાખી વિદ્યાર્થી દોપીસ્તા ઉપર તે ધૂળને ચાળતો અને આખું પાટીઉ ઝીણી ધૂળની સપાટીથી ઢાકી દેતો. મહેતાજી વતરણાથી કે આગળીથી અંક કે અક્ષર લખી આપતા, તે અંક કે અક્ષર ઉપર વિદ્યાર્થી વતરણું ફેરવતો અને ફેરવતા ફેરવતા લાગે વખતે અક્ષર શીખતો. મૂળ અક્ષર બગડી જાય ત્યારે બીજી વાર ધૂળ પાથરી ફરી વાર અક્ષર લખવાની અને ઘુટવાની સારી સગવડ આ પદ્ધતિમા રહેતી. સાધારણ રીતે અક્ષર શીખવવાનો ક્રમ પ્રથમ વ્યંજનો અને પછી સ્વરોનો હતો. વ્યંજનો અને સ્વરોના શિક્ષણમાં પણ મૂળાક્ષરનોજ ક્રમ અનુસરવામા આવતો. અક્ષરજ્ઞાનની સાથેજ મૂળાક્ષરની મોપાઠ ચાલતી અને એ મુખપાઠદ્વારા અક્ષરનો પરિચય આપવાનું કામ ચાલતું. આ પદ્ધતિમા ધૂળની સાથે પુરો વ્યવહાર હોવાથી મેલ અને ગંદકી પુષ્કળ રહેતા. આ પદ્ધતિમાં વિદ્યાર્થીઓને અક્ષર લખી આપવા ઉપરાત તથા મોપાઠ લેવરાવવા સિવાય શિક્ષકને માથે બીજો બોજો નહોતો રહેતો. 'સોટી વાગે ચમચમ વિદ્યા આવે રમઝમ' એ, એ વખતની શાળાનું શિક્ષણસૂત્ર હતું. એટલે બીક સિવાય કઈ પણ ઉત્તેજક વિદ્યાર્થીઓને નહોતું. વિદ્યાર્થીઓ મોટી ઉંમરે ભણતા અને નામું માંડવા માટે સારા અક્ષરનો આદર્શ એજ અક્ષરજ્ઞાન આપવાનો આદર્શ હોવાથી અને એ એકજ બાબત ઉપર બધો પ્રયત્ન થતો હોવાથી તે વખતમા અક્ષરો મરોડદાર થતા એમ કહેવાય છે અક્ષરજ્ઞાન એજ અક્ષરજ્ઞાન લેવાનો આદર્શ હતો. આ પદ્ધતિ શાસ્ત્રીય હતી કે કેમ એ અત્યારે ચોક્કસપણે કહી શકાય નહિ, પરંતુ તેમા દેખીતા મોટલાએક દોષો હતાજ. આ પદ્ધતિ સ્વચ્છતાની અને શરીરશાસ્ત્રની વિરોધી હતી. અક્ષરજ્ઞાન આપવાનો ક્રમ વ્યાકરણાનુસરી હતો તેથી બાળકના માનસ વલણને શિક્ષણમા કંઈ પણ સ્થાન હતું નહિ એમ દેખાય છે. અક્ષરજ્ઞાન આપવામા સ્પર્શેન્દ્રિયનો ઉપયોગ ન હતો. અક્ષરજ્ઞાનજ શિક્ષણનુ ધ્યેય હોવાથી અક્ષરજ્ઞાન લેતા બીજી શક્તિઓનો વિકાસ થતો નહિ, છતા દોપીસ્તા ઉપર વતરણાં વડે લખવાની પદ્ધતિ હોવાને લીધે અક્ષરોનો મરોડ સુંદર થતો, તેમ અક્ષરનો આકાર આખદ્વારા અને હાથના ચાલનદ્વારા મગજ ઉપર જતો તેથી અક્ષર શીખવામા

એમની આંખને મહેનત પડતી નહિ. આ પદ્ધતિ તો હાલમાં માત્ર વૃદ્ધ જનોની વાણીમાં જોવામાં આવે છે.

૨. ઘુંટવાની પદ્ધતિ:–ઉક્ત પદ્ધતિ પછી જેને હું ઘુંટવાની પદ્ધતિ કહું છું તે પદ્ધતિ શરૂ થઈ. એ પદ્ધતિની શરૂઆત આપણા દેશમાં અંગ્રેજી નિશાળોની શરૂઆત સાથે છે. સ્વચ્છતા રાખવાના પ્રયત્નમાં દોપીસ્તાં અને વતરણાંને વિદાય આપતાં આ પદ્ધતિ જન્મ પામી છે. દોપીસ્તાંની જગા પાટીઓએ લીધી અને વતરણાંને બદલે પથરપેન આવી; દોપીસ્તાં–વતરણાંની ગંદકી જતાં ચાળાની સ્વચ્છતા કેટલી વધી એ એક પ્રશ્ન છે. તોપણ એ પદ્ધતિ જતાં લાભને બદલે હાનિજ થએલી છે. ઘુંટવાની પધ્ધતિમા મહેતાજી એક અથવા પાંચ અક્ષરો પાટીમા માંડી આપે છે, અને બાળકને તે ઘુંટવાનું કહેવામા આવે છે, અથવા જોઈ જોઈને લખવાનું કહેવામાં આવે છે. એકી સાથે વર્ગના બધા વિદ્યાર્થીઓને અક્ષરો માંડી આપવામાં આવે છે અને વિદ્યાર્થીઓ તે ઘુંટે છે. ઘુંટતી વખતે વિદ્યાર્થી અક્ષરનાં નામ બોલતોજ જાય છે એવું કાંઈ નથી. અક્ષરોનો મુખપાઠ વારંવાર કરાવાય છે. તેથી વિદ્યાર્થીઓને અક્ષરોનાં નામ ક્રમસર યાદ રહે છે અને આ ઉપરથી ક્રમસરઘુંટવામાં આવતા અક્ષરોનાં નામ સમજી લે છે. વિદ્યાર્થી જ્યારે અક્ષર ઘુંટતા બેસે છે ત્યારે અક્ષર પાટીની સપાટી ઉપર લખી આપેલા હોવાથી ઘુંટવાની ચોકસાઈમાં કંઈ પણ મદદગાર થતો નથી અને તેથી પથરપેન સરાસર અક્ષર પર ન ફરતા આજુબાજુમાં ફર્યે જાય છે. ધીરે ધીરે અક્ષરનું સ્વરૂપ એવું થઈ જાય છે કે એ અક્ષરનો મૂળ અક્ષર કયો હતો તે પારખવું મુસ્કેલ થઈ પડે છે. આવો વિરૂપ અને વિકૃત અક્ષર બાળકની આખદ્વારા મગજમાં ઠસે છે; તેમ ઘુંટવાથી પણ એવો અસ્થિર અને વિરૂપ અક્ષર મગજ ગ્રહણ કરે છે. આથી આ પધ્ધતિમાં અક્ષર એકદમ ખરાબ થાય છે અને સાથે સાથે હાથની સ્થિરતા અને આખ બન્ને બગડે છે. દોપીસ્તાંની પધ્ધતિમાં ધૂળમાં કાઢેલો અક્ષર બગડી ન જાય તે માટે સ્વાભાવિક કાળજી રહેતી; કારણ કે ધૂળમાં બગડેલો અક્ષર જરા પણ ચાલી શકે નહિ. પરન્તુ આ પધ્ધતિમાં અક્ષર બગડી ન જાય પણ ધીરે ધીરે વિરૂપ થતો જાય અને તે સુધારવા તરફ કોઈનું ધ્યાન જાય નહિ. આથી દોપીસ્તાંની પધ્ધતિ કરતા આ પધ્ધતિ ઉતરતા દરજ્જાની છે એમ લાગે છે. દોપીસ્તા પધ્ધતિના બીજા જેવો તો આ પધ્ધતિમા પણ છે. એ ઉપરાંત અક્ષર અને આખ

ગડે તે વધારામાં. આ પધ્ધતિમાંજ બગડેલા અક્ષરોને સુધારવા માટે નવીના અક્ષરોનું લેખન અને કોપિ બુકના લેખનને મૂકવામા આવ્યા છે. આ પધ્ધતિમાં આપણી જુની પધ્ધતિનું અને વગર સમજ્યે આણેલી અંગ્રેજી પધ્ધતિનું મિશ્રણ છે. અક્ષરજ્ઞાન થયા પછી કોપિબુકનું લેખન એ આ વાતનું દૃષ્ટાંત છે. આ પધ્ધતિ હાલમાં આપણી શાળાઓમાં મોટે ભાગે ચાલી રહી છે. આ પધ્ધતિમાં શિક્ષકને અલ્પ શ્રમ પડે છે, તેથી તે ટકી રહી છે. આ પધ્ધતિ દોપીસ્તા અને વતરણાની પધ્ધતિ કરતા ચડતી નથી.

બીજી પધ્ધતિ:-આ પદ્ધતિ કોઈ તર્કપ્રધાન મગજમાંથી જન્મી જણાય છે. આ પધ્ધતિનું સ્વરૂપ એવું છે કે શિક્ષકે મૂળાક્ષરોનો મરોડ કેવો છે તેનો વિચાર કરી તે મૂળાક્ષરોના બે અથવા વધારે ખંડો પાડી બાળકોને તે ખંડો બતાવી તે ખંડોથી અક્ષર કેમ બને છે તે સમજાવી તેમને અક્ષરજ્ઞાન આપવાનું છે. બાળક પાસે અક્ષર પણ એક આખી વસ્તુ છે એવી રીતે અક્ષર મૂકવામા આવતો નથી, પરંતુ જુદા જુદા ટપકાંઓ રૂપી વસ્તુથી બનેલી એક મોટી વસ્તુ છે એમ સમજાય એવી રીતે અક્ષર મૂકવામાં આવે છે. આમ કરવામાં એમ માની લીધેલું જોવામાં આવે છે કે બાળકની સ્વાભાવિક વૃત્તિ પૃથક્કરણ પધ્ધતિથી જ્ઞાન લેવાની છે, સંયોગીકરણ પધ્ધતિથી નહિ. આ માન્યતા તર્કદૃષ્ટિથી સાચી હોય પરંતુ માનસશાસ્ત્રની દૃષ્ટિથી ભૂલ ભરેલી છે. બાળક અને મોટાઓની જ્ઞાન મેળવવાની રીતિઓ એકજ પ્રકારની છે એમ આ પધ્ધતિએ માની લીધેલું છે, પરન્તુ વસ્તુતઃ એમાં સત્ય નથી. ખરી વાત એમ છે કે મોટો માણસ ઘણે ખરે ભાગે પોતાનું જ્ઞાન પૃથક્કરણ પધ્ધતિથી લે છે જ્યારે બાળક સંયોગીકરણ પધ્ધતિથી લે છે. આથી ખંડપધ્ધતિ બાળકને માટે હિતાવહ નથી. બાળક જેમ કોઈ પણ વસ્તુનો સમગ્ર ખ્યાલ લઈને તે વસ્તુને જાણી લે છે તેવીજ રીતે અક્ષરને પણ આખી એક વસ્તુ તરીકે જાણી શકે છે. બિલાડીની ઓળખ કરાવવામા જેમ બાળકને બિલાડીના જુદા જુદા અંગોનું જ્ઞાન આપ્યા પછી અથવા જુદા જુદા અંગો તેના લક્ષ ઉપર મૂક્યા પછી આખી બિલાડીનો ખ્યાલ આપવાનુ ધોરણ જેમ હમી કાઢવા જેવું છે તેવુંજ ન કે ક ના ખંડો તરફ બાળકોનું ધ્યાન ખેંચીને અક્ષરજ્ઞાન આપવાનુ ધોરણ હમી કાઢવા જેવુ છે.

અક્ષરના ખંડ તરફ ધ્યાન ખેંચીને અક્ષર લખતાં શીખવવાનું અને જાણીતી વસ્તુ સાથે અક્ષરનો સંબંધ જોડી અક્ષરનું

સમજણ શીખવાડવાનું કાર્ય આ પધ્ધતિથી બાળકો અક્ષર શીખે છે તેને લીધેજ છે. અક્ષર સાથે ચિત્ર આપવાની પધ્ધતિ યુરોપમાં મૂઢ બાળકોને શીખવાડવાની પધ્ધતિનું અનુકરણ છે. આપણી શાળાઓનું દુર્ભાગ્ય એજ છે કે જે પધ્ધતિ મંદ બુદ્ધિના વિદ્યાર્થીને માટે વાપરવામાં આવે તે પધ્ધતિ આપણે ત્યાં ઉત્તમ ગણાય, અને જે ઉત્તમ પધ્ધતિ હોય તે કયાં આપણી જાણીતી ન હોય અથવા આપણે મન વહેમ હોય.

બંડપધ્ધતિથી અક્ષરો શીખવતાં પાટી ઉપર કે પાટીઆ ઉપર બંડો લખી અક્ષર બનાવવાની રીતિ છે એ રીતિને બદલે કે વધારે સહેલી બનાવવા માટે વાળાના કે બીજા પદાર્થોના બંડોથી અક્ષરો બનાવવાનું પણ છે. આથી બાળકોના મગજમાં અક્ષરોનું રૂપ એટલું બધું બેડોળ છપાય છે કે બાળકના અક્ષરો બગડે છે અને પાછળથી બડીથી કે કાપિથી કે ડિક્ટેશનથી અક્ષરો સારા કરવાની કડાકૂટ લાંબો વખત ચાલે છે, છતાં સારા અક્ષરો તો અકસ્માતથી થાય છે. આ પધ્ધતિમાં કેવળ આંખનોજ ઉપયોગ થાય છે. શરીરશાસ્ત્ર પ્રમાણે જે ઉંમરે બાળકની આખ નબળી છે તેજ ઉંમરે આ પધ્ધતિથી બાળકની આંખ ઉપર વધારે પડતો બોજો આવી પડે છે એથી એકંદરે આ પધ્ધતિ ત્યાજ્ય લાગે છે.

પરચુરણ પધ્ધતિઓઃ—પરચુરણ પધ્ધતિઓમાં ઉપરની ત્રણ પધ્ધતિઓ અને વ્યક્તિગત કરેલા કેટલાએક અખતરાઓ અને કેટલીએક કલ્પનાઓનો સમાવેશ થાય છે. કેટલાક લોકો અક્ષરને બાળકના મગજમાં બરાબર ઠસાવવા માટે રંગબેરંગી કાગળોમાંથી કાપી કાઢેલા અને રંગબેરંગી પુંઠા ઉપર ચોડેલા અક્ષરોનો ઉપયોગ કરે છે. તેઓની માન્યતા એવી છે કે વિવિધ રંગી અક્ષરો વિવિધ રંગી પુંઠાઓ ઉપર ચોડીને બાળક પાસે ધરવાથી બાળકને તે સહેલથી આવડી જશે. મોટે ભાગે તેઓ ચકચકિત અને આકર્ષક રંગને પસંદ કરે છે, પણ આ કૃત્ય માનસશાસ્ત્રના સિધ્ધાન્તથી વિરૂધ્ધ છે. કોઈ એક વસ્તુનું જ્ઞાન આપતી વખતે તે એકજ વસ્તુનું પ્રદર્શન બાળક સમક્ષ થવું જોઈએ; તે વસ્તુની આસપાસ સબંધ ધરાવતી જેટલી વસ્તુઓની ગોઠવણ તેટલાજ પ્રમાણમાં મૂળ વસ્તુનું જ્ઞાન લેવાનું કામ મુંઝવણ ભરેલું. એકી સાથે મુકાએલી ઘણી વસ્તુઓમાંથી એકજ ધારેલી વસ્તુ બાળક શીખે અને બીજી વસ્તુઓ મદદગાર થાય એ વાત બોટી છે. કયાં તો બાળક મુંઝવણથી બધી વસ્તુને શીખે છે, અથવા તો બોટી વસ્તુને બરી વસ્તુ તરીકે માની લે છે. દાખલા તરીકે રાતા રંગના અક્ષરને અક્ષર તરીકે શીખવાને બદલે રંગ તરીકે શીખે છે, અને આ

શું એમ પૂછતાં રાતું ,એમ કહીને ઉભું રહે છે. આ પધ્ધતિથી આપને શ્રમ પડે છે. આ પધ્ધતિ મોન્તેસોરી પધ્ધતિનું ઉપલકીઉં અનુકરણ હોવાથી આ પધ્ધતિ મોન્તેસોરી પધ્ધતિ ઉપર કરેલો અણઘટતો સુધારો હોવાથી અશાસ્ત્રીય છે.

કેટલાએક લોકો અક્ષરોનાં આકારો સાથે વસ્તુઓના આકારો સરખાવી અક્ષરો શીખવે છે. જેમકે ગ શીખવતા વખતે ગ નો પહેલો ભાગ બીજના જેવો છે, અથવા અર્ધગોળ છે, અને પાસેનો કાનો શીખવતી વખતે ગેંડીનો આકાર છે અથવા પણીનો આકાર છે એમ કહે છે. કેટલાએક લોકો પહેલા દસ એકડા શીખવે છે અને પછી બગડો એટલે ૨, ઉંધો તગડો એટલે ૬, ચોગડાનું મોઢું વાળ્યું એટલે ૪, પાંચડો એટલે ૫, પાંચડાના મોઢામાં ધાડ મારીએ એટલે ૫, આડડાને કાનો કરીએ એટલે ૮, નવડાને કાનો કરીએ એટલે ૯, અને ૨ માંથી શ, ૨ માંથી સ, ચ, ૬ માંથી ધ, ધ, છ, ઈ, તગડાને ઉંચો લંબાવો એટલે ઉ, એમ અક્ષર જ્ઞાન આપે છે. કેટલાએક વ્યાકરણને વળગીને સ્થળ પ્રમાણે અક્ષર શીખવે છે. કેટલાએક સચિત્ર અક્ષરના ગંજીપાથી અથવા ચોપડીઓથી અક્ષર શીખવવાનો પ્રયત્ન કરે છે. કેટલાએક કુશળ માણસો અક્ષરોમાંથીજ ચિત્રો ઉપજાવીને અને તેની અસંબધ્ધ વાર્તાઓ કહીને કે તેનું ધારસ કરીને અક્ષરનો આકાર બાળકના મગજમાં ઠસાવવા પ્રયત્ન કરે છે. દાખલા તરીકે ગ ના અર્ધગોળમાંથી માણસનો આકાર બનાવી અને કાનામાંથી છત્રી બનાવી, માણસને ગંગડી કે ગગલાનું નામ આપી, ગંગડી કે ગગલાને તડકે ચાલતો બતાવી ગંગડીમાંથી ગ અને ગ માંથી ગંગડી બનાવી બારે આનંદદાયક પ્રયત્ન ગ શીખવવા કરે છે. આવી રીતે પોતાને સુઝે તેમ અક્ષરજ્ઞાન આપવા મચી રહ્યા છે. આ બધી પધ્ધતિઓ શિક્ષણશાસ્ત્રની દૃષ્ટિએ અશાસ્ત્રીય છે. શાસ્ત્રીય પધ્ધતિ એ છે કે જે પધ્ધતિ માનસશાસ્ત્ર અને શરીરશાસ્ત્રપર રચાએલી હોય. ઉપર લખેલ દરેક પધ્ધતિમાં ઉપર લખેલ પધ્ધતિ પ્રમાણે કંઈ ને કંઈ ખામી છે. બાળકનું મગજ પ્રભુએ એવું ઘડેલું છે કે તે ગમે તે અને ગમે તેવી પધ્ધતિએ શીખી શકે છે પણ પધ્ધતિ તે છે કે જે બાળકના મગજને અનુસરે છે અને જે વિકાસના ક્રમ ઉપર રચાએલી છે. જે રીતિથી બાળક શીખી જાય છે તે રીતિ પધ્ધતિ નથી, પણ જે રીતિથી બાળક સ્વાભાવિક રીતે શીખી જાય છે તેજ પધ્ધતિ છે. આ પધ્ધતિ તે મોન્તેસોરી પધ્ધતિ છે. આ સંબન્ધે હવે પછી લખારો.

(ચાલુ)

સારા અક્ષર એક કળા છે.

લે.—મણિલાલ મોતીલાલ ભટ્ટ, ચિંગસપરા-ભરૂચ.

અનુસંધાન-ગતાંક પૃ૦ ૭૪ થી શરૂ.

અક્ષરના મરોડ.

જેમ દેશના વિભાગવારી બોલી જુદી હોય છે, એકજ ભાષામાં પ્રાન્તિક ભેદ દૃષ્ટિગોચર થાય છે તેમ વિભાગવાર અક્ષરોના મરોડ પણ જુદા જુદા જણાય છે. ભાવનગરી મુત્સદ્દીઓનો અક્ષરમરોડ આજે પણ જુદો જણાઈ આવે છે. જેના અક્ષરોનો બહુ પરિચય હોય એવા સ્વજનનો પત્ર, તેના પરબીડીઆપરના શિરોનામના અક્ષરોપરથી ઓળખી શકીએ છીએ.

કલાર્કો, વેપારીઓ અને મહેતાજીઓના લખાણો પણ તેમના નિશ્ચિત મરોડપરથી માલમ પડી આવે છે. વેપારીઓના લખાણ જોડણીના નિયમ વગરના, સહજ ઢળતા અને લાંબા માત્રા તથા લાંબા વરડુવાળા, અને હ્રસ્વ ઇ તથા દીર્ઘ વરડુ સિવાયનાં હોય છે. કલાર્કોનાં લખાયેલા અક્ષરો ઝડપથી લખેલા તથા જમણી તરફ ઝૂકતા હોય છે. શિક્ષકોના લખાયેલા જોડણીના નિયમ મોટે ભાગે જળવાએલા હોય છે ખરા, પરંતુ મોટે ભાગે તે કોપિની માફક ચીપીને લખેલા હોય છે. આ ત્રણે જાતના લખાણ વિશેષ પ્રચલિત છે. તેમા વેપારીઓના અક્ષર સારા મરોડદાર હોઈ તે સારા અક્ષરમા ગણી શકાય.

છાપાકળાને અભાવે પૂર્વ કાળમા આપણે ત્યા આ કળાપર ઘણુ લક્ષ આપવામા આવતું. લખનારો પણ 'પ્રેમ' રાખતો. સારા અક્ષરે લખનાર—લહીઆ—ઓ ધંધા વડે આજીવિકા ચલાવતા. જો કે છાપખાના થવાથી લહીઆનો ધંધો બંધ પડ્યો છે, તોપણ સુંદર લેખન પ્રત્યેનો ભાવ કઈ કમી થયો નથી. ગમે તેવા બેદરકારીથી લખેલા અપ્રિય લખાણો વાચવા ન પડે તેમજ ઝડપથી સુંદર કામ થાય એ હેતુથીજ 'ટાઇપ રાઇટર' ની શોધ થએલી છે. મતલબ કે સુંદર અક્ષર એ એક કળા છે એટ-

હુંજ નહિ પણ તે સર્વને એક તરફથી પ્રિય છે. જ્યારે સારા અક્ષર ન લખી શકતા હોય તે પણ સારા અક્ષરના વખાણ કરે છે. પેઈન્ટરોમાં સારા અક્ષરે–સારા મરોડથી લખનારજ પોપાય છે. આ પ્રમાણે સારા અક્ષર જોઈ સર્વ કોઇનું મનરંજન થાય છે. તો દરેકને પ્રશ્ન ઉદ્ભવશે કે:—

સારા અક્ષરે લખવાની કળા કઈ રીતે પ્રાપ્ત કરી શકાય?

લેખનક્રિયાનું પૃથક્કરણ.

જ્યારે આપણે કંઈ લખીએ છીએ ત્યારે આપણે આપણા મનમા આવતા વિચારોને યોગ્ય સંજ્ઞાના રૂપમા સ્થિર કરીએ છીએ અને તેથી તે વખતે નીચે પ્રમાણે મુખ્ય ક્રિયાઓ ચાલે છે.

(૧) મગજમા વિચારો સ્ફુરવાની, પછી તે વિચારોનું સંજ્ઞાના રૂપમા રૂપાંતર કરવાની અને પછી હાથના સ્નાયુઓને દોરવાની અથવા લખવાની આજ્ઞા આપવાની. હવે જો આ ત્રીજી ક્રિયા યોગ્ય રીતે કરવા માટે મગજને વારંવાર હાથના સ્નાયુઓને યોગ્ય રીતે દોરવામા રોકાવું પડે તો તેટલું વિચારના સ્ફુરણમા ભંગાણ પડે છે, અને વળી આપણને આપણા વિચારો દર્શાવવામા પણ અડચણ નડે છે. આ પ્રમાણે જોતા લેખનકળાના બે અંગ કલ્પી શકાય એમ છે.

(૧) વિવિધ સંજ્ઞાઓ દોરવા માટે હાથ તથા આંગળીઓને યોગ્ય દિશાઓમા દોરવવાનું યાન્ત્રિક કાર્ય.

(૨) આપણા વિચારોને સંજ્ઞાના રૂપમા દર્શાવવાનુ બુધ્ધિમય કાર્ય.

આ બે અંગોમાનું પહેલું જેટલું સંપૂર્ણ સિદ્ધ થાય, તથા મગજ તે કાર્યને દોરવવામા જેટલુ ઓછું રોકાય તેટલુ બીજું અંગ વધારે પરિપક્વ બને. કુંદરમા લખતી વખતે સામે રાખેલા સાદર્શ અક્ષરો લખવાની આગળ કરતા જતા જેટલું ધ્યાન તેમા રોકાય તેટલું વિચારશક્તિના કાર્યમાંથી ધ્યાન ઓછું થાય છે.

આ બધું જોતાં સારા અક્ષરે લખવાની ટેવ રૂઢ કરી દેવી જોઇએ કે જેથી લખતી વખતે અક્ષરો પર ધ્યાન આપવું ન પડે. સઘળું ધ્યાન વિચારો દર્શાવવા પાછળજ રોકાય.

બાળપણમા બાળકને જ્યારે લખતા શીખવીએ છીએ ત્યારથીજ તેના અક્ષરોપર સંપૂર્ણ ધ્યાન આપવાની જરૂર છે. મનુષ્યમાત્ર ટેવને વશ વર્તે-

નાર પ્રાણી છે. જેથી પ્રારંભથી જેવી ટેવ પાડીએ તેવી ટેવ પ્રમાણે તે વર્તે છે. અક્ષરો લખવામા પણ શરૂઆતથી સારા અક્ષરે લખવાની ટેવ પાડીએ તો તે સહેલાઈથી પાડી શકાય છે. પાછળથી રૂઢ થએલી ટેવ બદલવી તથા હાથની ચાલુ યાન્ત્રિક ગતિમાં ફેરફાર કરવો અઘરો પડે છે. માટે શરૂઆતથી સારા અક્ષરે લખતાં કેમ શીખવું તે જોઈએ.

લેખન શીખવવા માટેની પદ્ધતિ યોજવાની ખરી રીત એ છે જે આપણી હાલની શિષ્ટતા, સ્થિતિ, સંજોગો તથા રીતરિવાજોનો અભ્યાસ છોડી દઈ તથા મનુષ્યજાતિએ લેખનનો પ્રારંભ કેવી રીતે કર્યો અથવા લેખનકળાનું મૂળ શું છે એ બધા પ્રશ્નોને એક કોરાણે રાખી કોઈ પણ જાતના પૂર્વકલ્પિત વિચારોથી પક્ષપાતી નહિ થએલા એવા તદ્દન ખુલ્લા મનથી આપણે કોઈ અક્ષર લખતી વ્યક્તિનું અવલોકન કરવું જોઈએ, તથા તે લખવામા જે દૃશ્ય ક્રિયાઓ કરે છે તેનું પૃથક્કરણ કરવું જોઈએ. તેણે લખેલા અક્ષરોનું નહિ. આવી રીતે પ્રયોગો કરવા તથા તે ઉપરથી લેખનના વિષયમાં શોધ કરવી એ ખરી વૈજ્ઞાનિક પદ્ધતિ છે.

આપણી ચાલુ શિક્ષણપદ્ધતિના સામાન્ય દોષોમાંનો એક દોષ એ જણાવવામાં આવે છે કે–આપણી શાળાઓના વિદ્યાર્થીઓથી માંડીને કોલેજના વિદ્યાર્થી સુધી સર્વના અક્ષર તથા જોડણી ઘણાંજ ખરાબ છે. આનું મુખ્ય કારણ એ છે કે જે રીતે હાલ લખતા શીખવવામાં આવે છે તે રીત બાબી ભરેલી છે. બિલકુલ વૈજ્ઞાનિક નથી. આવી ટીકા પ્રચલિત શિક્ષણ પદ્ધતિપર ડૉ૦ મોરીઆ મોન્તેસોરીએ કરેલી છે. યુરોપના મોટા, સમર્થ શિક્ષણશાસ્ત્રીઓ મુંગા બેસી રહ્યા છે, એટલે તેમણે આ ટીકા સ્વીકારી છે એમ ગણાય. વળી તેઓ આ બાઈએ યોજેલી 'મોન્તેસોરી શિક્ષણ પદ્ધતિ' ના વખાણ પણ કરે છે. આ બધા પરથી ડૉ૦ મોરીઆ મોન્તેસોરીની નવીન શિક્ષણપદ્ધતિના લેખનશિક્ષણના વૈજ્ઞાનિક સ્વરૂપ તરફ આપણું ધ્યાન ખેંચાય છે.

(૧) આપણી શાળાઓમા શરૂઆતમા અક્ષર ઘુંટાવવામા આવે છે. બાળક બેદરકારીથી ગમે તેમ પેન ફેરવી, અક્ષરનું સ્વરૂપ વિચિત્ર બનાવે છે, ને ખરાબ સ્વરૂપમાં અક્ષરને લખવાની-ઘુંટવાની પ્રારંભથીજ તેને ટેવ પડે છે; જે ટેવ દૂર કરવી મુશ્કેલ પડે છે.

(૨) કેટલીક વાર શરૂઆતમા બાળક પાસે અક્ષરોની નકલ કરાવવામા આવે છે. વૈજ્ઞાનિક દૃષ્ટિએ વિચાર કરતા આ ઊંધરે આંખની મદદ

પડે હાથને દોરે એટલું બાળકનું મગજ તૈયાર હોતું નથી. જેથી આ બધી અટપટી ક્રિયાઓ બાળકને ગજા ઉપરાંતના બોજા જેવી છે. જેથી શરૂઆતથી જ અક્ષરો બગડે છે.

આ બધી બાબતોનો વિચાર કરી ડૉ૦ મોન્તેસોરીએ જેવા લેખન સાહિત્યો શોધી કાઢ્યાં, કે તે સાધન જાતેજ ભૂલ સુધારે, હાથને ગતિ કરવામાં મદદ કરે ને સારામાં સારા અક્ષરના નમુના તેની સમક્ષ રજુ કરી પ્રારંભથીજ તે પર અભ્યાસ થાય. ડૉ૦ મોન્તેસોરીએ કાર્ડબોર્ડમાં અક્ષર કોતરી કાઢી તેમા આંગળી ફેરવવાની યોજના કરી. આથી હાથને અક્ષર લખવામા કરવાની ગતિનો મહાવરો પડે. પ્રથમથીજ સારા નમુના પર મહાવરો કરવાથી પ્રારંભથીજ સારા અક્ષરે લખવાની ટેવ પડે અને સાધન જાતેજ ભૂલ સુધારે. આ પ્રમાણે આ સાધનોની મદદ વડે તેણે વૈજ્ઞાનિક દૃષ્ટિએ લેખનશિક્ષણનો પ્રારંભ કર્યો.

આ ઉપરાંત તેણે સેન્ડપેપર્સમાંથી અક્ષર કાપી તેને રંગીત કાગળ ચોંટેલા કાર્ડબોર્ડ પર ચોંટી એ અક્ષરોને સ્પર્શ કરાવવાની પધ્ધતિ યોજી. આ પ્રમાણે સેન્ડપેપરના અક્ષર ઘુંટતાં બાળકને ત્રણ પ્રકારનાં સેન્સેશન ઈન્દ્રિય-બોધ થાય છે. ૧ આંખ વાટે ચક્ષુરિન્દ્રિય બોધ (Visual Sensation) ૨ આગળીઓની ચામડી દ્વારા સ્પર્શેન્દ્રિયબોધ (Tactwal Sensation), તે આંગળીઓના સ્નાયુઓને થતો સ્નાયુબોધ (musoular Sensation) આમ થવાથી તે અક્ષરની પ્રતિમા ઘણા થોડા વખતમાં મગજપર સ્થિર થાય છે. આ સ્થળે યાદ રાખવું જરૂરનું છે કે નાની વયનાં બાળકોમાં સ્નાયુબોધ (Muscular Sensation) ની યાદદાસ્ત ચિરસ્થાયી છે; એટલુંજ નહિ પણ તે બીજી બધી ઇન્દ્રિયો કરતાં વધુ પરિપક્વ તથા કાર્યકારી સ્થિતિમા હોય છે. આ પ્રમાણે હોવાથી ચક્ષુરિન્દ્રિય બોધ (Visual Sensation) કરતા સ્નાયુબોધ (Muscular Sensation) પર વધારે લક્ષ આપવું જોઈએ, અને તેથી આ સાધન ઘણુંજ ઉપકારક છે.

આ પ્રમાણે જો શરૂઆતમાં અક્ષરો શીખવવામા આ સાધનોનો ઉપયોગ કરવામાં આવે, તો નિઃશંકપણ સારા અક્ષરે લખતાંજ શીખે.

આ લેખનશિક્ષણસાધનો વડે લેખન શીખવતા વધુમાં વધુ બાળક બધે મોડે લખતા શીખે છે. ચુનલેખનની પધ્ધતિએ લખાવે તો કોઈ પણ

શબ્દ લખી શકે છે, અને છ માસના અભ્યાસવાળું બાળક તો શાળાઓના નીલ ઘોરણના વિદ્યાર્થી જેવા અક્ષરે લખી શકે છે, ને કોપિ લખવાને પણ તૈયાર થયું હોય છે. આ સાધનોની ખાસ ખૂબી તો એ છે જે એના વડે શીખનાર બાળક ઘણુંજ સારા અક્ષરે લખતા શરૂઆતથી શીખે છે.

આ પ્રમાણે શરૂઆતથીજ આવા કાર્ડનાં (?) સાધનો વાપરવાથી આરંભથીજ અક્ષર સુધારી શકાય. શાળાઓમા કોપિ લખાવવામા આવે છે તેને માટે ડો૦ મોરીઆ મોન્તેસોરી કહે છે કેઃ—

" અક્ષરના નમુના જોઈ તે પ્રમાણે અક્ષર લખવાનો અભ્યાસ બાળક પાસે કરાવી તેના અક્ષર સુધારવાનો પ્રયત્ન હાલ બહુધા કરવામા આવે છે. બાળકને માટે એ ઘણું ભારે તથા કંટાળા ભરેલુ કામ છે એટલુંજ નહિ પણ એ પ્રમાણે કરતા અક્ષર સુધરતા ઘણો સમય વીતી જાય છે. કારણ કે આખપર પડેલી અક્ષરની પ્રતિમા પ્રમાણે અક્ષર કાઢવામા બાળકને કોઈ પણ પ્રકારની સાહાય્ય મળતી નથી. જે વર્ગે આ યત્ન કરવામા આવે છે તે વર્ગે ઘણી બોડા બાળકમા મજ્જાતુત ઘર કરી બેઠેલી હોય છે, અને સ્નાયુઓની કુમળાશનો સમય પણ પસાર થઈ ગએલો હોય છે, અને તેથી ધારેલું પરિણામ આવતું નથી માટે આરંભથીજ અક્ષર સુધારના માટે તથા થોડા સમયમા લેખન શીખવવા માટે આ સાધનો વાપરવા ઘણાજ ઉપકારક થઈ પડે છે.

લેખનશિક્ષણમાં શિક્ષકોને સૂચના.

૧ શરૂઆતમાં ઝડપથી શીખવી દેવાના લોભમા ગમે તેવા અક્ષરોનો સ્વીકાર ન કરવો. દરેક અક્ષર સંપૂર્ણ મરોડદાર તથા સપ્રમાણ અવયવ વાળો આવડે ત્યારેજ આગળ ચાલવું.

૨ મ, ચ; ધ, ધ, વગેરે મળતા અક્ષરોના ભેદ સ્પષ્ટ દર્શાવી તે અક્ષરો સ્પષ્ટ લખે એમ આરંભથીજ શીખવવું.

૩ સ, ષ, શ, વગેરે ઉચ્ચાર ભેદે જુદા લખાતા અક્ષરોનો ઉચ્ચાર સાથે સંબંધ જોડવો.

૪ ગમે તેવું બેદરકારીથી લખેલું લખાણ કદી સ્વીકારવું નહિ.

૫ શબ્દો છૂટા પાડવાનું તથા અક્ષર એક બીજાને અડકાડયા સિવાય લખવાનું સમજાવવું અને તે પ્રમાણે ચોકસાઈથી તપાસવું.

૬ અક્ષરોના મરોડ તથા તેના અવયવોના પ્રમાણ શિક્ષકે પાટીઆપર લખી બતાવવા.

૭ પેનની હંમેશાં અણી કઢાવેલી રાખવી, તથા સ્લેટ બરાબર સાફ રખાવવી. આથી સ્વચ્છતાની ટેવ પડશે તેમજ અક્ષર પણ સારા આવશે.

૮ ત્રીજા ધોરણ સુધી બધા અક્ષરો સરખા માપના કઢાવવાનો અભ્યાસ કરાવવા માટે સ્લેટપર ચપ્પુથી બેવડી લીટી દોરાવી રાખવી. આથી વારંવાર લીટીઓ દોરવામા કાળક્ષેપ થાય નહિ અને બધા અક્ષરો એકજ માપના આવશે.

૯ કોપિ લખવાનો આરંભ થતા પહેલા શિક્ષકે ખડી કે ચાકથી સ્લેટ પર અક્ષરો લખાવવા. આ અક્ષરો શિક્ષકે સ્લેટપર પેનથી કાઢી આપવા અને પોતાની દેખરેખ નીચે બાળક પાસે તે ઘુંટાવવા.

૧૦ કોપિ લખાવતા પહેલા શિક્ષકે કિતા તપાસવા તથા બનતે કરીને દરેક ની ભૂલ સુધારવી.

૧૧ વિદ્યાર્થીઓને ઘેર લખવાનું હંમેશા ચોકકસ આપવુ પણ તે સારામા સારા અક્ષરે લખાવું જોઈએ. શિક્ષકે કાળજીપૂર્વક તે દરરોજ બનેજ તપાસવું જોઈએ.

૧૨ હંમેશના લખાણમા અક્ષરના ખાસ માર્ક આપવા.

૧૩ ઉપલા ધોરણમા લખાતા કાગળ, પત્ર તથા નિબંધમા અક્ષર પર પુષ્કળ ધ્યાન આપવું. અક્ષરની બાબતમાં તો તે કોપિને સ્થાનેજ છે. નામાની ચોપડીની પણ તેવીજ દેખરેખ રાખવી.

૧૪ ગુજરાતી લખાણ માટે કાળી સાહી અને કલમ એ સર્વોત્તમ સાધન છે. ઉપલા ધોરણના છોકરાઓને કલમ ઘડતાં પણ શીખવવી. બ્લોટિંગ ન વાપરવો.

૧૫ ઘણું ઝીણું લખાણ લખવાની ટેવ કદાપિ પડવા દેવી નહિ. શ્રુતલેખન લખતાં શીખ્યા પછી ગુજરાતી પ્રકેલી ચોપડીના જેવડા મોટા અક્ષરે લખવાની ટેવ પાડવી.

૧૬ બની શકે તો સારા અક્ષરે લખનારને ઇનામ મળે એવી પણ યોજના કરવી.

૧૭ આ બધું સિધ્ધ થવા માટે શિક્ષકે શિષ્યો પાસે પોતાનો સારામા સારા અક્ષરનો નમુનો રજુ કરવો

अमन्त्रो ऽक्षरो नास्ति ।

અર્થ—મન્ત્રશક્તિ વગરનો કોઈ અક્ષર નથી.

અક્ષરોમાં રહેલી મન્ત્રશક્તિ તથા અક્ષરસમૂહ વડે મળતું અક્ષરજ્ઞાન સર્વ કોઈ મેળવો; અક્ષરના બાહ્ય સૌન્દર્ય ઉપરાંત અક્ષરસમૂહ વડે સૂચવાતું અદ્‌ભુત વિચારસૌન્દર્ય સર્વ કોઈ પ્રાપ્ત કરો. અસ્તુ.

બાળદૂત (બોય સ્કાઉટ) હીલચાલ.

(રા. રા. ભોગીલાલ કેશવલાલ પટવા. બી. એ. આ. મા. પ્રે. રા. ટ્રે. કો.—અમદાવાદ.)

આ હીલચાલની શરૂઆત.

આ હીલચાલના સ્થાપક એક અંગ્રેજ જનરલ સર બેડન પોવેલ છે. સને ૧૯૦૧ માં 'બોર વિગ્રહ' વખતે દક્ષિણ આફ્રિકામાં મફેકીંગમાં તે ઘેરાયા ત્યારે ત્યાંના જુવાન છોકરાઓને તેમણે કેટલીક તાલીમ આપી. આ છોકરાઓ જે વખતે સૈનિકોની બહુ તાણ હતી ત્યારે પરચુરણ કામમાં તેમને ઘણા મદદગાર થઈ પડયા. પછી તેમને જુલુ લોકોના સમાગમમાં આવવું પડયું, અને તેથી તેઓ સાહેબને માલમ પડયું કે આ જંગલી લોકોમાં પણ કેટલાક એવા સરસ ગુણો રહેલા છે કે જો આપણી ઉછરતી પ્રજામાં દાખલ કરી શકાય અને તે બાબતની ખાસ તાલીમ અપાય તો તેથી સુધરેલી પ્રજાને પણ ઘણો ફાયદો થાય. આમ તેમની ખાતરી થવાથી તેમણે ઈંગ્લાંડમાં પાછા ફર્યા પછી આ " બાળદૂત " (બોય સ્કાઉટ) ની સંસ્થા સ્થાપી છે.

જુલુ, કાફર, રેડઈન્ડિઅન, ભીલ વગેરે જે રાની જાતોને ઘાડા જંગલના અંદરના ભાગમાં કે પહાડી મરહદના મુલકોમાં રહેવું પડે છે તે લોકોને જંગલી પ્રાણીઓ તેમજ દુશ્મનોથી પોતાનો બચાવ કરવાના રસ્તા જાણવાની જરૂર પડે છે. વળી તેમના ખોરાક તથા જીવનની બીજી જરૂરી ચીજો જંગલમાંથી મેળવવાના પ્રસંગો પણ તેમને વારંવાર આવે છે. આને લીધે તેમનામાં અવલોકન કરવાની અજબ શક્તિ કુદરતથી જળવાઈ રહે છે, જે શક્તિ સુધરેલી પ્રજાઓ, ખાસ કરીને શહેરવાસીઓએ, ગુમાવી

દીધી છે. બાળકોની આવી અવધોકનશક્તિ, ખડતલપણું અને સહનશક્તિ વધારી ચોગ્ય તાલીમ આપી સાથે સાથે તેમનું ચારિત્ર્ય પણ ઘડવું એવો આ સંસ્થાનો મુખ્ય હેતુ છે. વ્યવસ્થા ને સગવડ માટે ડ્રિલ તથા કપડાની ઢબ કંઈક જરૂરી છે, પણ તે ફક્ત બહારનો ઉપયોગી દેખાવ છે. અંદરનો ખરો ઉદ્દેશ તો દેશાભિમાની, પરોપકારી, અને સારા દેશબંધુ બનાવવાનો છે. સર બેડન પોવેલની બંત ને મહેનતથી હાલને વખત આ સંસ્થા ઉચ્ચ પાયરી પર ચઢી છે, અને બોય સ્કાઉટની પ્રતિષ્ઠા આખી દુનિયામાં એટલી સારી બંધાઈ છે કે કોઈ પણ માણસ એક સ્કાઉટને જુએ કે તરત બોલી ઉઠે કે તે સન્માનને પાત્ર છે. તેનામાં નમ્રતા અને બહાદુરી છે અને કોઈ પણ પ્રકારની સમાજસેવા કરવા તત્પર છે.

સ્કાઉટના વચન અને તેને પાળવાના નિયમો.

પહેલો તો આ ઉમંગભરમાં રસ લેતો થાય છે અને હળવે હળવે તેનામાં સ્વમાનની લાગણી જાગૃત કરવામાં આવે છે. પછી સ્કાઉટની પ્રતિજ્ઞા કેટલી બધી છે, તેનું તેને ભાન થવા માંડે છે. તેને આ મહાન સંસ્થામાં જોડાવાની ઇચ્છા થાય છે. આ રીતે પછી તે પોતે બોયસ્કાઉટ થવા, અને વચન લેવા તૈયાર થાય છે.

તેને પહેલું પૂછવામાં આવે છે કે "તમે તમારી પ્રતિજ્ઞા અને પ્રતિજ્ઞાની કેટલી બધી કિંમત છે તે બરાબર સમજો છો?"

તે જવાબ આપે છે "હા, એનો અર્થ એવો છે કે હું હંમેશા સત્યપ્રિય અને પ્રમાણિક રહીશ એવો મારા પર સૌનો વિશ્વાસ રાખી શકાય."

પછી નીચે મુજબના ત્રણ વચનો પાળવા કબુલ થાય છે.

૧ હું મારા પરમાત્મા, રાજા, અને દેશને વફાદાર રહીશ.
૨ હું હંમેશાં બીજા માણસોને મદદ કરવા તત્પર રહીશ.
૩ હું હંમેશા સ્કાઉટના નિયમો પાળીશ.

સ્કાઉટના નિયમો દસ છે.

૧ સ્કાઉટના વચન પર બાવળા વિશ્વાસ રહેશે.
૨ વડીલો, શિક્ષકો, અને ઉપરીઓ તરફ ભક્તિભાવ રાખી સ્કાઉટ તેમના હુકમો એકદમ વગર આનાકાનીએ માન્ય કરશે.
૩ સ્કાઉટ બીજાઓને ઉપયોગી અને મદદગાર થશે. મારે માટે નહિ પણ

બીજાઓ માટે શું લાભદાયક છે તેવો વિચાર કરશે, અને રોજ એક ભલું કામ કરશેઃ (દાખલાઃ– માંદાની માવજત, સ્ટેશનપરથી કોઈ વૃદ્ધની પોટલી ઉંચકી લેવી, ચોમાસા પછી રસ્તામાં પડેલા ખાડા સરખા કરી નાખવા, વટેમાર્ગુઓની ધર્મશાળા સાફ રાખવી, અજાણ્યાને રસ્તો બતાવવો, કોઇનો પગથીઆમાં પડેલું કેળાનું છોતરું દૂર નાખી દેવું કે કોઈ લપસી પડે નહીં. છેવટ ધર્માદાની પેટીમા એક પાઈ પણ નાખવી, વગેરે)

૪ સ્કાઉટ બધાનો મિત્ર અને કોઈપણ પ્રકારનો દેશ, વર્ણ કે ધર્મના ભેદભાવ વગર બીજા કોઈ પણ સ્કાઉટનો બધુ થશે.

૫ જે સભ્ય વિવેકી અને વિનયી હશે તે કોઈ પણ વખત ઇનામ સ્વીકારશે નહિ.

૬ તે પ્રાણિમાત્રનો મિત્ર થશે. પ્રાણીને દુઃખ નહિ દે, પણ સંતાઈ તેમનો અભ્યાસ કરશે. બંદુકની જગાએ કેમેરા રાખશે. (ફોટા પાડશે)

૭ તે બીજા શરતે હુકમ માન્ય કરી પોતાની ફરજ અદા કરશે અને વ્યવસ્થાના નિયમોનું સખત પાલન કરશે.

૮ સ્કાઉટ સંકટ સમયે પણ હસમુખો રહી સિસોટી વગાડતો રહેશે, કે જેથી ગભરાય નહિ અને કંઈક રસ્તો સુઝી આવે.

૯ સ્કાઉટ ફરફસર કરીને પોતાને માટે તેમજ બીજાને મદદગાર થવા માટે થોડાક પૈસા હંમેશાં બચાવતો રહેશે.

૧૦ મન, વિચાર, વાણી અને શરીર હંમેશા પવિત્ર રહેશે.

અભ્યાસના વિષયો — ઉપરના હેતુઓ ધ્યાનમા રાખી નીચેના વિષયોનો અભ્યાસ સ્કાઉટે કરતા રહેવાનું છેઃ—

૧ જંગલમાં નિવાસ કરતાં જરૂરી જ્ઞાન.

અવલોકન—ચીલા, પગલા, નિશાનીઓ, ઝાડ, દૃશ્ય, પક્ષી, પ્રાણી, પ્રદેશ, લોક, ટેવો, કુદરત, હવાપાણી, આકાશ.

રસ્તો—પગથી, દિવસે હોકાયંત્રથી, ઘડિયાળની મદદથી કે રાત્રે તારાઓની મદદથી દિશા શોધી કાઢવી; કામ ચલાઉ પૂલ બાંધવો, ભુલા પડયે નિશાનીઓ કરતા જવાનું, નકશાનો ઉપયોગ.

મુકામ—જગા પસંદ કરી, પાણીનું સ્થળ શોધી કાઢવું. તંબુ, ઝુંપડાં,

રાવટીતૈયાર કરવાં, જરૂરી સાધનો; સાધનોની મેરલાજરીમાં યોજના, દેવતા પાડવો, રસોઈ કરવી,–મુકામનું આરોગ્ય સાચવવું, મુકામની ગોઠવણ, ઝાડ પાડવાં, લાકડાં ચીરવાં, વઢેરવા (કુહાડી કરવતનો ઉપયોગ, તેમને બાળવા ધાર ચઢાવવી.) ઝાડ કે પહાડની ઉંચાઈનું આશરે માપ કાઢવું, સંતાવું, સ્થિર થવું, દેખાવમાં ભળી જવું, પેટે ઘસડાતા ચાલવું, સ્કેચ દોરવા, નકશા કાઢવા, વગેરે.

૨ પરોપકાર કરવા માટે જરૂરી જ્ઞાન.

અકસ્માત વખતે તાત્કાલિક મદદ, માંદાની માવજત, બોરાકના મુખ્ય દોષ, આરોગ્યવિદ્યા, આગ વખતે મદદ, દોરડાંનો ઉપયોગ, જુદી જુદી જાતની મજબુત, સરફી ન જાય પણ ઝટ છોડી શકાય અને બાંધી શકાય એવી ગાઠો, ડૂબતાને બચાવવો, તાકીદના જરૂરી સંદેશા મોકલવા કે લેખિત પડોચાડવા, અવલોકનનો રિપોર્ટ કરવો; આ બધું જાણવુંજ બસ નથી, પણ તેનો હંમેશા ઉપયોગ કરવો એ જરૂરી છે. બધું કામ કરવામા આ ઉપયોગી છે.

૩ સહનશક્તિ મેળવવા માટેની તાલીમ–

ઠિલ, હુકમ માનવો, થાક ન લાગે તેમ દોડવાની ટેવ (સ્કાઉટ પેસ). આથી મુસ્કેલી વખતે પણ વિચાર કરવા ન રહેતા ફરજ બજાવવાની ટેવ પડે છે. શાન્તિના વખતમાં પણ લશ્કરી સેંટ્રીઓ લડાઈના વખત જેવોજ પેરો ભરવાની ટેવ પાડે છે. ઠંડા પાણીએ નાહવાની, ઝેકથી શેતરંજપર સૂવાની, ખુલ્લામાં સૂવાની, ગિચાણામાં ઝાડીઓ ખુલ્લી મૂકી સૂવાની ટેવ તથા સાદા બોરાકો ચવાવી લેવાની ટેવ.

કસરત, ખડતલપણું, નાસિકાદ્વારા શ્વાસ, તંદુરસ્તીના નિયમોનું પાલન.

૪ રમતો—અવલોકનની; (વીસ પચીસ વસ્તુઓનું એક મિનિટ નિરીક્ષણ કરી અને પાછી કહી જવી.)

પેપરચેઝ (કાગળના કકડા નાખતો, આગળ ગયેલો માણસ તેની યુક્તિ પકડી શોધી કાઢવો.)

શારીરિક—સાધનોથી, સાધન વગર, લોહી ફરે માટે, સ્નાયુ કેળવાય માટે, હવા લેવા માટે, દોડવાની, કુદવાની વગેરે.

અક્કલની વાર્તા ચાલુ રાખવી, પંદર સવાલથી ધારેલી વસ્તુ કહી આપવી, કાન કેળવવાની (અવાજ પરથી દિશા કહેવી,) વગેરે.

૫ દેશાભિમાન—દેશોપયોગી કામો, વાનો, મકાન શોધકોની રીતો, સેવા-વૃત્તિની બીલવણી, ચારિત્ર્યનો વિકાસ.

સ્કાઉટ બીડી પીતો નથી; કારણ—બીડી [illegible] તેજ ઘટે છે, નાકની સુંઘવાની શક્તિ કમી થાય છે, તેના તનણાથી જંગલના સુકા ઘાસમાં આગ લાગવાનો સંભવ રહે છે અને બીડીના ધુમાડાથી દુશ્મન તેને પકડી પાડે છે.

જરૂરી વસ્તુઓ —(૧) હંમેશાં એક પાંચ ફૂટ લાંબી લાકડી; તેના ઉપર સ્કાઉટે પોતે ધ્યેયના નિશાન કરવા જોઈએ. આ લાકડી માપવા માટે, કૂબતાને બચાવવા માટે, હડકાયા કુતરાના મોમાં ખોસી દેવા માટે, ખાદાને ઉંચકી જવાની ઝોળી બનાવવા માટે, પહાડ ઉપર ચઢવામાં વગેરે જેવા બીજાં કામમાં આવે છે.

(૨) એક મોટો રૂમાલ. અકસ્માત વખતે, તાત્કાલિક મદદના પાટા માટે, કંઈક બાંધવા વગેરે માટે. આ રૂમાલ સ્કાઉટ પોતાને ગળે બાંધી તેના છેડા લટકતા રાખી તેને ત્રણ ગાઠો મારે છે. એ ત્રણ ગાઠો સ્કાઉટને તેના ત્રણ વચનો હંમેશા યાદ દેવડાવે છે અને તેને યાદ રહે છે કે રોજ એક ભલું કામ કરવાનું છે.

(૩) એક નાનો [illegible] ચપ્પુ. એક દંગ બાજુ તોમા જેવું કોચવા માટે, બીજી બેમાઈ ચીરવા માટે, અને ત્રીજું લાકું મજબુત પાનુ કાપવા માટે. દોરડા કાપવા વગેરે માટે કે પૂલ બાંધવાના કામમાં ચપ્પુની જરૂર પડે છે.

મુસાફરી વખતે દરેક માટે પાણીની બાટલી, ચોડાક ખોરાક સાથેની બગલથેલી, શેતરંજી, એક તપેલી ને ઢાંકણું, એક ટોળી માટે—તાત્કાલિક મદદની પેટી, કુહાડી, દોરડાં, દોરી, દિવાસળી, મીણબત્તી, ચોડાક પૈસા, નકશા, હોકાયંત્ર.

મુદ્રાલેખ—સ્કાઉટનો મુદ્રાલેખ " મનથી અને શરીરથી પોતાની ફરજ બજા-વવા હંમેશાં તૈયાર " એવો છે.

મનથી એવો વ્યવસ્થિત હોયછે કે દરેક હુકમને તાબે થવાને તૈયાર હોય. ઉભી થતી સ્થિતિનો પહેલેથીજ વિચાર કરી તૈયારી કરી રાખે, વિચાર કરી રાખ્યો હોય તો યોગ્ય પળે. યોગ્ય કરવાનું તે બનતોજ હોય. (પ્લેટફોર્મ ઉપર ભીડ હોય, ગાડી આવવાની તૈયારી હોય તો સ્કાઉટ વિચાર કરી મૂકે કે કદાપિ કોઈ માણસ વચ્ચે બાડામાં પડયો તો તેને એકદમ સામો બાજુએ ફેંકી દેવો અને જો ગાડા ઘણી પાસે હોય તો તેને લઈને લાંબા થઈ સૂઈ જવું કે ગાડી ઉપર થઈને પસાર થઈ જાય.)

શરીરથી મજબુત, ચપળ, અને યોગ્ય પળે જરૂરનું કામ કરવા શક્તિમાન, સમયસૂચક અને સમયાનુકૂળ સાધનનો ઉપયોગ કરનારો કોઈ પણ વખતે પરીક્ષા આપવા તૈયાર હોવો જોઈએ.

યોજના અને ગોઠવણી.

૮ થી ૧૧ વર્ષ સુધીનો બાળક; 'હલકા વર્ગનો.'
૧૧ થી ૧૮ સુધીનો 'બાળક બીજા વર્ગનો કે પહેલા વર્ગનો સ્કાઉટ' પોતાની આવડત અને શક્તિ મુજબ.
૧૮ થી ઉપરનો 'જુનો સ્કાઉટ.'

સ્કાઉટ પોતાનો અભ્યાસ આગળ વધારી પછી 'કિંગ્સ સ્કાઉટ' થઈ શકે છે. વળી જુદા જુદા વિષયોમાં નિપુણતા મેળવી તે વિષયો માટે પદકો મેળવી શકાય છે; પણ ગમે ત્યારે ફરી ફરીથી પરીક્ષા આપવા તેણે હંમેશાં તૈયાર રહેવું જોઇએ, જેટલે દરજ્જે તાજું જે તાજું રાખવું જોઈએ.

હવે દુનીઆના લગભગ દરેક સુધરેલા ભાગમાં સ્કાઉટ સમિતિઓ સ્થ-પાઈ ગઈ છે. હિંદુસ્તાનના મૈસુરના રાજ્યમાં આ યોજના ઘણીજ આગળ વધી છે. તેમજ મદ્રાસમાં પણ મીસીસ એનીબીસેંટના પ્રયત્નથી સ્કાઉટની લીલચાલ સારી રીતે ફતેહમંદીથી ચાલે છે.

વડોદરા રાજ્ય તેમજ સંયુક્ત પ્રાંતોમાં પણ આ સમિતિઓ સ્થપાઈ છે. મુંબઈમાં આ યોજના ફતેહમંદ ઉતારવા માટે એક મોટું ઈંડ થયું છે અને તેની વ્યવસ્થાપક કમિટિએ આ લીલચાલનો અનુભવ લેવા માટે મિ. મિલર તથા બીજા ૭ શિક્ષકોને વિલાયત ગીલવેલ પાઠશાળા મોકલ્યા હતા.

આ સર્વે હવે પાછા ફર્યા છે અને કમિટિએ તેમની દેખરેખ નીચે પુના જતાં સિહાદ્રિ પર્વતના ઘોર ઘાટ ઉપર આવેલા લોનાવલા નામના સ્થળમાં એક કેમ્પ ઉઘાડયો છે.

તે કેમ્પમા આ ગૃહસ્થો જેમને સ્કાઉટિંગના શિક્ષક થવા ઇચ્છા હોય તેમને દસ દિવસ રાખી અવલોકન કરાવી ઉપરના દરેક વિષય વિષે સમજુતી આપે છે. પછી છેલ્લે દિવસે તેમની પરીક્ષા માટે તેમને પહાડ જંગલમાં ફરવા અને અવલોકન અર્થે મોકલે છે. રોજ રાત્રે તાપણી કરીને બધા કુંડાળું વળીને સ્કાઉટિંગ સંબંધી વાતો કરે છે.

આ સત્રનો લાભ અંગ્રેજી જાણનાર ઘણા મનુષ્યો લે છે, અને પોતાને મળેલા જ્ઞાનનો લાભ પોતાના વિદ્યાર્થીઓને આપે છે.

મુંબઇની કમિટીએ બોય સ્કાઉટની યોજનાના ગુજરાત માટેના કમિશનર નામદાર બારીઆના રાજા સાહેબને અને અમદાવાદ શહેર માટે ખાનબહાદુર રૂસ્તમજી જહાંગીરજી વકીલને નીમ્યા છે, માટે તેમને લખવાથી બોય સ્કાઉટ સંબંધી જરૂરી ગોઠવણ થઈ શકે છે, અને માહીતી મેળવી શકાય છે.

ઉપયોગ—સ્કાઉટનો ઉપયોગ પરોપકાર અર્થે સમાજસેવામાં થાય છે, એટલુંજ નહિ સમજવું, પણ સ્કાઉટોએ અત્યાર સુધીમાં લગભગ ૬૦૦ જન બચાવ્યાનું નોધાએલું છે. તે ઉપરાંત અવલોકન કરવાની ટેવથી સ્કાઉટ કંમેશાં બીજાને ઉપયોગી થઈ પડે છે. રસ્તે જતાં તે ઘણીવાર લોકોની જોવા જેવી વસ્તુઓ શોધી કાઢે છે. અવલોકનથી કોઈ ઘોડાનો તંગ સખત હોય તો તેના માલીકનું ધ્યાન ખેંચી તે પ્રાણીને હેરાન થતું બચાવે છે. લોકોનો પહેરવેશ રીતભાત વિગેરે જોઈ થતા ગુના વખતસર ચેતાવી અટકાવી શકે છે. મેસેડોનના ફિલિપ બાદશાહની કોર્ટનું કોઈ પણ માણસ એકકે ઘોડાને વશ ન કરી શક્યું, ત્યારે નાનો સિકંદર સમજી ગયો કે ઘોડાની આંખ પર તેજ આવે છે, માટે તેણે ઘોડાનું મ્હોં ફેરવી તેને થાબડી વશ કર્યો. શહેરમાં માણસોને પોસ્ટમેન કે સિપાઇને પૂછવાની, ઘર નંબર જોવવાની ટેવ પડી હોય છે, પણ આજ માણસો જ્યારે અજાણ્યા પ્રદેશમાં જ્યાં આવી બાબતો ન બની શકે ત્યાં જાય છે ત્યારે તેઓ ગભરાય છે, પણ સ્કાઉટને તો બધેજ અનુકૂળ સંજોગોમાં હોય તેમ લાગે છે, અને તેથી તેને જરાએ ગભરામણ થતી નથી. તે તેના અવલોકનથી તુરત પોતાનો રસ્તો શોધવા મંડી જાય છે.

વળી આ પદ્ધતિથી બાળકમા સહનશક્તિ, સ્ફૂર્તી અને સમયસૂચકતાં આવે છે, શેફર્ડસ્ટન, કેપ્ટન સ્કોટ, ડો. લીવીંગ્સ્ટન, કોલંબસ વગેરે મોટા શોધકોમા આવા ગુણો હતા માટેજ તે મહાન પુરુષો થયા, અસહ્યતા યાત્રાના સંયોગોથી પણ આવા ગુણો થોડેક અંશે કેળવાતા. જુના વખતમા વિદ્યાર્થીઓને આવા ગુણો મેળવવા માટેજ ગુરુઓના આશ્રમમા ચૂકવામા આવતુ. આવા ગુણોને લીધે સ્કાઉટો દેશોપયોગી બની દેશ સેવા કરી શકે છે.

જુદી જુદી દૃષ્ટિએ તપાસ

આ પદ્ધતિના મૂળતત્વો છોકરાઓની આગળ રજુ કરવામા આપણે તેમને એવી રમતો પુરી પાડવા માગીએ છીએ, કે તેમની પ્રેરણાઓ અને ઇચ્છાઓને તૃપ્ત કરે. અને સાથે સાથે કેળવણી પણ આપે.

આ યોજના છોકરાઓની દૃષ્ટિએ ભ્રાતૃભાવવાળી ટોળીઓમા મૂકે છે. આ ટોળીઓ તેમની રમત, તોફાન કે રખડપટીમા તેમનાં કુદરતી બંધારણનું પરિણામ છે. તેમની કલ્પનાને તે સતેજ કરે છે, અને તેમને ખુલ્લી હવાવાળા પ્રકૃતિમય જીવનમાં રસ લેતા કરે છે.

એકવાર બાળકના મનમાં આ અરણ્યવિધાનુ બીજ દાખલ થયું કે અવલોકન, સ્મરણ, અને તર્કશક્તિઓ પોતાની વિકાસવા માડશે, અને ધીમે ધીમે તેના ચારિત્ર્યના અંશ રૂપે થઈ જશે.

માતપિતાની દૃષ્ટિથી જોતા આ યોજનાથી તેમના બાળકોને શારીરિક તદુરસ્તી અને વિકાસ મળે છે, તેમનામાં કાર્યશક્તિ અને સંયમસૂચકતા આવે છે અને તેઓ કેટલીક હસ્તકળા પણ શીખે છે. તેમનામાં વ્યવસ્થા, સ્ફૂર્તિ, પરોપકારી સાહસવૃત્તિ અને દેશાભિમાન પ્રેરાય છે.

એકજ દાખલમાં કહીએ તો એમનું ચારિત્ર્ય કે જે કોઈ પણ વસ્તુ કરતાં જીવનમાં પોતાનો રસ્તો કરવામા વધુ અગત્યનુ છે તે કેળવે છે. તેમને કુદરતના ખોળે કુદરતનાજ મંદિરમા અભ્યાસ કરવાનું મળે છે. તેમને સાધુજન સહિતનો સહવાસ મળે છે.

શિક્ષકની દૃષ્ટિએ બાળકોના વિચારોનો અભ્યાસ કરીને તેને બણાવવાને બદલે પોતપોતાને કેળવે તેવી રીતે તેને ઉત્તેજન આપવાના સિદ્ધાંત ઉપર આ પદ્ધતિમાં કામ થાય છે.

ઇલાજમાં ઉપલી કેળવણીની પદ્ધતિ અનુસાર આ તત્વ છે.

ફ્રિન્ડરગાર્ટન અને મોન્તેસોરી પદ્ધતિના અનુસંધાનમાંજ આ કામ આગળ વધેલું છે.

રેડઇન્ડીઅન લોકોમાં એવો રિવાજ છે કે એક યુવક પુખ્ત ઉંમરનો થાય એટલે તેને પરીક્ષા માટે જંગલમાં એક માસ મોકલવામાં આવે છે. જો માસ આખરે તે પાછો સહીસલામત આવે તોજ તે લગ્નને યોગ્ય ગણાય છે.

આટલી સખ્ત તો નહિ પણ કંઇક એવી ટેવ સ્કાઉટને પડે છે. તેથી તેનામાંથી જંગલનો ભય દૂર થઈ જાય છે અને નિર્ભયપણે જ્યાં જવું હોય ત્યાં હિંમતથી પણ સાવચેતીથી જાય છે.

ઉપસંહાર--આ ઉપરથી આખી યોજનાના હેતુનો કંઇક ખ્યાલ આવશે. બાળકનું ચારિત્ર્ય જે અવસ્થામાં પડાતું હોય (સોળે સાને) તે અવસ્થાનો બરોબર લાભ લેવાની તક સાધી લઈને તેને બરે રસ્તે દોરવાનું હાથમાં લેવું, અને તેના વ્યક્તિત્વને ઉત્તેજન આપી ખીલવવું, જેથી બાળક, આગળ ઉપર સારો મનુષ્ય અને દેશને માટે અમૂલ્ય નાગરિક થઈ પડે એવો સ્કાઉટનો ઉદ્દેશ છે.

ભવિષ્યમાં જે દેશનું મનુષ્યત્વ સૌથી વધુ તૈયાર અને કુશળ થયું હશે તેજ દેશ હુન્નર ઉદ્યોગ, વગેરેની હરિફાઇમાં શ્રેષ્ટ જગા લેશે.

તેટલા માટે હવે પછીના વખતની પ્રજાની મનુષ્યરૂપી જે કંઇ થાપણ આપણી પાસે છે તેમાંથી જરા પણ ભાગ નકામો ન જવા દેવો. તે થાપણનો બની શકે તેટલો સંપૂર્ણ ઉપયોગ કરી કુશળ બનાવવો તે આપણી ફરજ છે. આ હેતુથી આપણે બની શકે તો દરેક વ્યક્તિનો લાભ લઈ તેને યોગ્ય રસ્તે કેળવવાનું કામ હાલથીજ હાથમા લેવું જોઈએ, અને નિશાળમાં પુસ્તકો દ્વારા મળતી માનસિક કેળવણીને શાળાની હદ બહારની તેના ચારિત્ર્યની કેળવણી ન્યનતાપૂરક બનાવી તેને સંપૂર્ણ આદર્શ મનુષ્ય, તેનો સમય આવે તે પહેલા કરી રાખીએ તો તેની યોગ્ય જગા રાષ્ટ્રોન્નતિમાં લેવા તે વખત આવે તૈયાર હોય.

સંપૂર્ણ મનુષ્યત્વવાળા દેશજનો તૈયાર કરવાની દુનીઆની બીજી પ્રજા સાથે સ્પર્ધાનો આ જમાનો છે. માટે આ પ્રકારની કેળવણી આપણા બાળકોને આપવી તે આપણું રાષ્ટ્રીય કર્તવ્ય છે, જે દરેક શિક્ષકે ઉપાડી લેવું જોઈએ અને આવી ભાવનાથીજ સમગ્ર દેશના લાખો બાળકોને પહોંચી શકાય.

છેવટે સારા દેશભક્તો જો આના જેવી ઝટ પ્રસરી શકે એવી હીલચાલ તેની ઉચ્ચ ભાવના હંમેશાં નજર આગળ રાખી પૂર્ણ ઉત્સાહથી ઉપાડી લે, તો આપણા રાષ્ટ્રને દૃઢ બનાવવા માટે જરૂરી, નૈતિક અને ચારિત્રિક શક્તિ ઉત્પન્ન કરવામાં તે પણ મોટી મદદ આપી શકે.

ચર્ચાપત્રીઓને ઉત્તર.

અનુસંધાન પુ. ૬૧ પૃ૦ ૫૮ થી

રા૦ લીલાધર સાંકળેશ્વર જોશી.

પ્રશ્ન–મીનલદેવીએ મલાવ તળાવ ધોળકામા બંધાવ્યું હતું, તે એને વીરમગામમાં આવેલું મીનલ એક કે જુદાં ? રા. બ. રમણુ-ભાઈના ઈતિહાસમાં મલાવ વિષે જે વાત છે તેને બળતીજ રાસમાળામાં મીનલ વિષે છે. રાસમાળામાં પૃ૦ ૧૫૫ મે મલાવ ઉર્ફે મીનલ લખ્યું છે.

ઉ૦–આ વાત ખોટી છે. રાસમાળાનાં લેહર્તા પાને એવી હકીકત છે જ નહિ. બન્ને તળાવ જુદાં છે.

પ્રશ્ન–૨જો ઉત્તર:–કરણ હાર્યો તે સાલ ૧૩૦૪ ની માનવી. અલાહદીને લશ્કર ગુજરાત જીતવા ૧૨૯૭ માં મોકલ્યું હતું. ગુજરાતમા ૭ વર્ષ ચાલેલી લડાઇને પરિણામે અંધેર ચાલ્યું હતું.

મે૦ ભીખાભાઈ પુ૦ બ્યામ. આ૦ મા૦ મુખ્ય સ્કૂલ, ગોધરા.

પ્રશ્ન–સિદ્ધરાજે પ્રથમ ચઢાઇ યશોવર્મા ઉપર કે રાખેંગાર ઉપર કરી ? ગુજરાતના ઇતિહાસ તથા વા૦ મા૦ પુસ્તક ૪ થાનો પાઠમાંની હકીકત મળતી નથી.

ઉત્તર–યશોવર્મા ઉપર પહેલી ચઢાઈ કરી નથી એમ રાસમાળા પુસ્તકના પૃ૦ ૧૬૨ ની ટીપમાં લખ્યું છે.

પ્રશ્ન ૨ જો–યશોવર્માને હાર્યા પછી કેવી સ્થિતિમાં આવ્યો હતો તે વિષે પણ હકીકત ઉપરનાં બે પુસ્તકોમાં મળતી નથી આવતી.

ઉત્તર–વાચનમાળાવાળી હકીકત ખરી છે. લાડકાના પાંજરાંમાં પુર્યો હતો.

રા. નિછાભાઇ ભાઈશંકર. મુ૦ હાંસાપુર, સુરત.

ચંદા–પંચમી ચોપડી પા૦–૩૪.

"મયાળું ઈશ્વર સ્તુતિ યોગ્ય નથી. પહેલાં બે પદો પ્રાર્થના-પુરક છે અને બાકી પદો સ્તુતિનાં છે" માટે મયાળા બદલી પાઠના બે વિભાગ કરેલ છે.

ઉત્તર–પ્રાર્થનાનો યૌગિક અર્થ કોઈ પણ પ્રકારની ઇચ્છા, માગણી સમજે છે. ઈશ્વરના ગુણ ગાવા તે સ્તુતિ છે. બન્નેના અર્થ

જુદા છે છતા અંતિમ હેતુ એકજ છે. ઇશ્વરનું ઐશ્વર્ય વર્ણવવું. પ્રાર્થના પણ સ્તુતિદ્વારા કરવી પડે છે તેથી સ્તુતિવ્યાપક પદ હોવાથી યોગ્યજ છે.

વીજકોરબાઈ નરસિંહદાસ મહેતા, કડોદ કન્યાશાળાના હેડ મિસ્ટ્રેસ. જિ. સુરત.

તમારા નં. ૧ થી ૪ ના પ્રશ્નથી પૂછો છો કે ૧૦ સુધીની સંખ્યા ઉમેરવાની કે જેમા ઉમેરવામાં આવે તે સંખ્યા ૧૦ સુધીની હોવી જોઇએ. તેવીજ રીતે બાદબાકી, ગુણાકાર ઇ૰ ને અંગે પૂછો છો. પ્રશ્ન નવાઈ ઉપજાવનારો છે. મૂળ સંખ્યા તો ૯૯ સુધીની લખીજ છે. માત્ર ઉમેરવા, બાદ કરવા, ગુણવા તથા ભાગવાની સંખ્યા ૧૦ સુધીની છે.

૨. છઠ્ઠા ધોરણમા ઇતિહાસ ફરજીઆત સમજવો.

(શાળાપત્ર ઓફિસ.)

ઉનાઈના કુંડ.

(મોરારજી લાખાભાઇ પટેલ)

ઉનાઈના કુંડ:— ઉનાઈના કુંડ બારે માસ ગરમ અને ચૈત્ર સુદ પુનેમ અથવા પડવાને દિવસે થંડા થાય છે તે વાતની અમને ખાત્રી નથી. એ વાત ખરી હોય તો દુનીઆમા એવા કેટલાએ બનાવો છે કે જેના હજી જોઇએ તેવા સંતોષકારક રદીઆ વૈજ્ઞાનિકો આપી શકયા નથી. એવોજ બનાવ ઇજીપ્તની નાઇલ નદીમા બને છે. દર વર્ષે એજ દીવસે નાઇલ નદીમા પૂર આવે છે. આનો પણ સંતોષકારક જવાબ હજી જડયો નથી.

ઉભરાના ઝાડનાં ફૂલ:—

વડ, પીપળો અંજીર, ઉમર વગેરે ઝાડને ફૂલ આવતા નથી અને ફળ આવે છે તેમ સામાન્ય રીતે માનવામાં આવે છે, પણ એ વાત ખરી નથી. જેને આપણે ટેટા કહીએ છીએ તે શરૂઆતની સ્થિતિમાં ફળ નથી પણ તેની અંદર અસંખ્ય બારીક ફૂલ હોય છે અને ઉપરની છાલ તે બધાં પર ઢાંકણ રૂપે છે. જો આપણે ટેટા કાપીએ તો તેની અંદર ઘણા ફુલ માલમ પડશે. ગોળ ટેટા દાડમ અથવા જામફળની માફક એકજ વૃક્ષનું ફળ નથી પણ ઘણાં ફૂલોનાં પરિણામરૂપ સયુક્ત ફળ છે. ટેટાની અંદરનાં ફૂલ અપૂર્ણ હોય છે એટલે કેટલાક નરફૂલ અને કેટલાક માદાફૂલ હોય છે. નરફૂલ ટેટાના ઉપરના ભાગમાં હોય છે અને માદાફૂલ નીચેના ભાગમા હોય

છે. નરફૂલમા પુંકેસર એકજ હોય છે અને માદા ફૂલમા એક સ્ત્રી કેસર હોય છે. ફુલમણીના ૩ થી ૫ ભાગ થએલા હોય છે. ફૂલ બારીક છે. તેમાં શોભા અગર સુગંધ નથી તેમજ દૂરથી દેખી શકાય તેવાં નથી તેથી કરીને તેનું ફલીકરણ આંતર્પતનથી થતું હશે તેમ કોઈ માને. પણ ફૂલ અપૂર્ણ છે તેથી તેમ ન થઈ શકે તે તરત સમજી શકાય એવું છે. ફલીકરણ વાયુથી પણ થઈ શકે તેમ નથી. નવાઈની વાત તો એ છે કે સાધારણ રીતે એક ટેટાના પુંકેસરની પરાગ તેજ ટેટાના માદાફૂલોપર પડી ફલીકરણ થતું નથી, બારીકાઇથી અવલોકન કરતા ટેટાની ટોચે એક છિદ્ર માલમ પડે છે, અને જ્યારે ટેટો કાપીએ છીએ ત્યારે ઘણીવાર તેમાં જંતુ માલમ પડે છે. આ છિદ્ર મારફત જંતુ અંદર પ્રવેશ કરી ટેટાની અંદર ઈંડાં મૂકે છે. થોડા વખતમાં ઇંડામાંથી જંતુ થાય છે અને છિદ્ર મારફત બહાર નીકળે છે. બહાર નીકળતી વખત પુંકેસરની પરાગ જંતુને શરીરે ચોટે છે. ત્યાંથી જંતુ બીજા ટેટા પર જાય છે, અને પરાગ તેમાંનાં માદા ફુલોના સ્ત્રીકેસર પર નાંખે છે. આવી રીતે જંતુથી ફલીકરણ થાય છે. ફલીકરણ થયા પછી ટેટો પાકે છે ત્યારે તે ફળ થયું એમ કહેવું જોઇએ. તે પહેલાં તે ઘણા ફૂલોની એકઠી ફળી છે.

ગુલાબ અને કરણનાં ફળીકરણ

(રા. મનસુખરામ રઘુનાથજી પાઠક.)

(પ્ર૦) ગુલાબ, કરણ, મોગરો વગેરે બાગાયત ફૂલ ઝાડમાં ઘણી વખત ફળ જોવામાં આવતાં નથી તેમજ કેળ જેવા ફળ ઝાડના બી જોવામાં આવતાં નથી. આનું કારણ શું ?

(ઉ૦) આ બધી વનસ્પતિનાં ફૂલ સંપૂર્ણ હોય છે એટલે તેમાં પુંકેસર તેમજ સ્ત્રીકેસર બને હોય છે ખરા, પણ માણસ બાતે પોતાના ઉપયોગ પુરતો આ છોડની અંદર બાતની પસંદગી, હવા પાણી, ખાતર વગેરેથી ફેરફાર કર્યો છે. કેટલાંકમાં સુગંધ, કેટલાંકમાં શોભા અને કેટલાકના ફળના ગર અથવા રસમાં વધારો કર્યો છે. આમ કરવાથી છોડની ફળ અથવા બી ઉત્પન્ન કરવાની શક્તિનો કેટલેક અંશે નાશ થયો છે. જો આ છોડને પાછા જંગલી સ્થિતિમા ઉગવા દેવામા આવે તો તેમા મૂળ સ્થિતિ પ્રમાણે ફળ તેમજ બી આવવાનો સંભવ છે પણ તેમ થવાથી ફૂલ અગર ફળની બાત આપણી દૃષ્ટિએ બગડવાની.

(રા. પ્રીતમરાય વી. દેસાઈ. પ્રે. ગ. ટ્રે. કો. અમદાવાદ.)

ગુજરાત શાળાપત્રના મે. તંત્રી સાહેબ જોગ.

જત શાળાપત્ર અંક ૧૧-૧૨ મને ૧૯૨૧. ના પૃષ્ઠ. ૩૭૬ માંહેલા ચર્ચાપત્રનો ઉત્તર આ સાથે લખી મોકલું છું તો આવતા અંકમાં છપાવવા મહેરબાની કરશો.

૧ "ઉષ્ણતા અને પ્રકાશને એક બીજામાં સહેલાઇથી ફેરવી શકાતાં હોવાથી તે બન્નેનો વેગ પ્રથરમાં લગભગ સમાનજ છે અને તે એકન્ડમા ૧૮૬૦૦૦ માઇલ છે. સાતમી ચોપડીના ૪૦મા પાઠની કવિતામા પણ છેલ્લી આવૃત્તિમાં મિનિટને બદલે સેકન્ડ શબ્દ દાખલ કરેલ છે જે જોવાથી માલમ પડશે."

"ગુરુત્વાકર્ષણ રજકણોના સપ્રમાણમાં વધે છે અને અંતરના વર્ગના વ્યસ્ત પ્રમાણમાં ઘટે છે" તે મુજબ સૂર્યનું આકર્ષણ હિસાબમાં ગણવામા મુજબ ચંદ્રના આકર્ષણ કરતા પૃથ્વી ઉપર લગભગ ૧૫૦ ગણું થાય છે તે ખરું છે અને તેને લીધેજ પૃથ્વી, ચંદ્રની આસપાસ નહિ ફરતાં સૂર્યની આસપાસ ફરે છે. આ આકર્ષણ સૂર્યનું એકંદર આકર્ષણ છે અને ભરતી ઓટનો આધાર સૂર્ય કે ચંદ્રના એકંદર આકર્ષણપર નથી પરંતુ સૂર્ય અને ચંદ્રના પૃથ્વીના મધ્ય બિન્દુ અને પૃષ્ઠ પર થતા આકર્ષણના તફાવત પર આધાર રાખે છે; જે તફાવત ચંદ્રનો સૂર્ય કરતાં લગભગ ૧૦૦૦ ગણો છે તે નીચેના હિસાબપરથી સમજાશે."

"ચંદ્રથી પૃથ્વી લગભગ ૨૪૦૦૦ માઇલ દૂર છે અને પૃથ્વીની ત્રિજ્યા આશરે ૪૦૦૦ માઇલ છે, જે ચંદ્રના એકંદર અંતરનો $\frac{૧}{૬૦}$ ભાગ છે* જેથી ચંદ્રનું પૃથ્વીનાં મધ્ય બિંદુ પર જેટલું આકર્ષણ થાય છે તેના કરતાં પૃથ્વીના પૃષ્ઠ પર $(\frac{૧}{૬૦})^{૨}=\frac{૧}{૩૬૦૦}$ ભાગ જેટલું વધારે થાય છે. હવે સૂર્યના અંતરના હિસાબે પૃથ્વીના મધ્ય બિંદુ કરતાં પૃથ્વીનું પૃષ્ઠ $\frac{૯૩૦૦૦૦૦૦}{૪૦૦૦}=૨૩૨૫૫$ મા ભાગ જેટલું નજીક છે; તેથી સૂર્યનું આકર્ષણ પૃથ્વીના મધ્યબિંદુ કરતાં પૃથ્વીના પૃષ્ઠ પર તેના એકંદર આકર્ષણના લગભગ $(\frac{૧}{૨૩૨૫૫})^{૨}=\frac{૧}{૫૪૦૦૬૦૦૦૦}$ ભાગ જેટલું વધારે થાય છે. હવે સૂર્યનું આકર્ષણ ચંદ્ર કરતાં હિસાબ મુજબ ૧૫૦ ગણું લેખીએ તો ચંદ્રનું આકર્ષણ પૃથ્વીના મધ્ય બિંદુ કરતા પૃષ્ઠ પર $\frac{૧}{૩૬૦૦}$ ભાગ જેટલું વધારે થાય છે, જ્યારે સૂર્યનું $\frac{૧૫૦}{૫૪૦૦૬૦૦૦૦}=\frac{૧}{૩૬૦૬૦૦૦}$ ભાગ જેટલું વધારે

થાય છે એટલે ચંદ્રનું આકર્ષણ પૃથ્વ પર સૂર્ય કરતાં $\frac{૩૬૦૦૦૦૦}{૩૬૦૦} = ૧૦૦૦$ ગણું વધારે થાય છે અને તેથી ભરતી ઓટનો આધાર સૂર્ય કરતાં ચંદ્ર ઉપર વધારે રહે છે; ને આકર્ષણ અંતરના ઘન નહિ પણ વર્ગના વ્યસ્ત પ્રમાણમા થાય છે."

કલ્યાણજી. વિ દેવચંદ ધ્રુવ
૧લા આસિ. માસ્તર. એ. વી. સ્કૂલ
જામ—ખંભાલીઆ.

* ચર્ચાપત્રી નિયમ સમજ્યા છે પણ આંકડીયી ગણતરી ખોટી છે.

$(\frac{૧}{૬૪})^{૨} - (૧)^{૨} = \frac{૪૦૯૫}{૪૦૯૬}$ ભાગ જેટલું આકર્ષણ વધુ થાય, $\frac{૧}{૧૦૦૦}$ નહિ તે રા. પટવાના કરેલા દાખલા પરથી બરાબર સમજાશે

પુસ્તક સમાલોચના.

અમદાવાદનો જીવન વિકાસ:—આ પુસ્તક તેના તંત્રી અને પ્રકાશક તરફથી અમને અભિપ્રાય અર્થે મળેલું છે. પુસ્તક તેમાં આપેલા નિવેદન વાંચતાં જણાય છે તેમ અમદાવાદ શહેરની જીવન કથાની સંક્ષિપ્ત હકીકત આપવા અર્થે રચાયું છે. તેના તંત્રી અને પ્રકાશક બન્ધુ સમાજના નામથી સુવિદિત મંડળના સભ્ય રા. શંકરરાય અમૃતરાય છે. અમદાવાદ શહેરની વિધવિધ વિષયોને લગતી હકીકત આપતું આ એક નાનું ગેઝેટીઅર છે. અમુક વિષયમાં પોતે 'પારંગત હોય અથવા તો અમુક પ્રશ્નપર તે હકીકત દર્શાવવાની શક્તિ ધરાવતા હોય તેવાઓને વિનંતી કરી લેખો લખવાની યોજના સુન્દર છે. પુસ્તક સચિત્ર બનાવ્યું છે. શહેરના બનેલા લેખકો ચુંટી કાઢી તેની ઉપયોગિતા વિશેષ વધારી છે. તંત્રીએ પોતે ઘણાક લેખો લખ્યા અને પુસ્તક રચવામા બહુ શ્રમ લીધો છે; આર્થિક, સાહિત્યને લગતા, કેળવણીના અને આરોગ્ય ઇ૦ વિષયો બહુ સારા લખાયા છે. અમદાવાદની કેળવણી, ધનનો અસ્તોદય અને ઇતિહાસના લેખો એક અમૂલ્ય જ્ઞાન પુરું પાડે છે. પુસ્તક સર્વાંશે સારું છે એમ કહેતાં ઘણો આનન્દ થાય છે. ભાષા પણ લેખકોએ કૃત્રિમ કે અસ્વાભાવિક વાપરી નથી.

જાહેરખબર.

ગોપડીઓ વ્યવહાર વેપારીઓ કુટુંબ નોટો ખાઈ રુકકારી ગુજરાતી વાચનમાળાનું વેચાણ કરે છે એ સુવાવ મેસર્સ મેકમિલન કંપનિના મેને-

જરને સરકારના કેળવણી ખાતાના મંત્રીની સાથે થએલી મુલાકાતમાં ઉપસ્થિત થયો હતો. મેનેજરે જણાવ્યું હતું કે પુસ્તકો ખરીદવાના ઓડરો શાળાઓના ઉપરી તરફથી પરભાર્યા મળે તો અમે પાંચ ટકા ડિસકાઉન્ટથી તે પુસ્તકો પરભાર્યા મોકલી આપવા ખુશી છીએ એમ તે મેનેજરે જણાવ્યું હતું.

કેળવણી ખાતાના મંત્રીએ આ બાબત ડિરેક્ટર સાહેબને કહેવા સૂચવ્યું હતું અને એવો મત દર્શાવ્યો હતો કે ડિ. પી. આઈ. સાહેબ તેમના ડેપ્યુટિ ઇન્સ્પેક્ટરને લખી જણાવે કે તેમના જિલ્લાના મહેતાજીઓ આ પુસ્તકો બારોબાર મંગાવી લે. જેથી ચોપડીઓ વેચનાર વેપારીઓ નકો ખાતાં અટકે.

ટીપ:—આ હકીકત સર્વેની જાણ માટે છાપી છે. (મે. એ. ઈ. સાહેબના તા. ૧૫-૨-૨૨ ના પત્ર નં. ૧૫૮૨ ને આધારે)

ચર્ચાપત્ર.

(૩) "ગુજરાત શાળાપત્ર" ના એડિટર સાહેબ જોગ

અમદાવાદ.

સાહેબ,

ગયા મે માસના (૧૯૨૧ ના)" શાળાપત્ર " મા રા. સાકરલાલભાઈ દવેએ કવીશ્વર દલપતરામભાઈની " ઉપદેશ " મથાળાંવાળી કવિતા ખુબીથી સમજાવી શિક્ષકોને મદદ કરી છે.

ઉક્ત કવિતા સંબંધમાં કંઈ વધારે કહી શકાય તે એ છે કે કવિશ્વર મહીને એ કવિતા હિંદી કવિ બાજિંદના " ઉપદેશચિંતામણિ " નામના આશરે ૨૪૦ લીટીના એજ ઢબના કાવ્યમાંથી તારવી કાઢી છે એમ જોવામાં આવે છે; શબ્દ, પદ વગેરે ત્યાંથીજ લીધાં છે. કવિતામાંની ત્રીજી કડીમાં હિંદી શબ્દોનું અધિકપણું જોવામાં આવે છે તેનું કારણ આ છે.

મૂળ કાવ્ય જોવાથી આ ત્રીજી કડી કંઈક ક્લિષ્ટ બની ગઇ છે તેનું એક કારણ જોવામા આવશે કે બબ્બે કે વધારે કડીઓનો અર્થ અર્ધા ચરણમાં ગોઠવવા કવિશ્રીએ પ્રયત્ન કરેલો, અને ત્યાર બાદ તેમણે જે રીતે કહેવા ધારેલું અને કહેલું તેમા ફેરફાર થયા.

આની વિશેષ સમજણ માટે કવિ કહાનજી ધર્મસિંહજી " સાહિત્ય રત્નાકર, " દલપતરામભાઈની " પિંગળ " (આ. ૧૩ મી, પાનું ૧૨), તથા " દલપતકાવ્ય ભાગ ૨ જો " (આ. ૧૯૧૧ ની નું પાનું ૨૯૭) જોવા.

વિ. સેવક,

અ. ૨. ઠેબર.

(શેઠ રઘુસીભાઈ દેવરાજ મું. ઈ. સ્કૂલ.)

જાહેરખબર.

મુંબઈ સરકારનો ઠરાવ નં. ૨૭૪

તા૦ ૨૧—૧૨—૨૧.

ઠરાવઃ—સરકાર તરફથી પ્રસિદ્ધ થતા પુસ્તકો કેટલીક આમદાર ચોપડીઓ તથા સરકારે નીમેલા એજન્ટો વેચે છે. છુટક ચોપડીઓ વેચનારને ધારા મુજબ ડિસ્કાઉન્ટ આપી ચોપડીઓ રોકડ રકમથી વેચાતી નથી તેથી તેઓ તેના વેચાણનો ફેલાવો કરી શકતા નથી, અથવા તો લોકની જરૂરમાં લાવતા નથી. જે પુસ્તકો સામાન્ય હિતના છે તે પુષ્કળ વેચાય અને લોકપ્રિય થાય માટે નામદાર ગવર્નર-ઇન-કૌસિલ ઠરાવે છે કે, ઉપર વર્ણવી તેવી ચોપડીઓ છુટક વેપારીઓને ૩૩ ½ ટકા ડિસ્કાઉન્ટથી વેચવી અથવા વખતો વખત સુપ્રિન્ટેન્ડન્ટ ગવર્નમેન્ટ પ્રિન્ટિંગ એન્ડ સ્ટેશનરી—મુંબઈ—તરફથી નક્કી કરવામા આવે તે કિંમતે નીચેની શરતે વેચવીઃ—

૧ સુપ્રિન્ટેન્ડન્ટ, ગવર્નમેન્ટ પ્રિન્ટિંગ એન્ડ સ્ટેશનરી, મુંબઈ, એ શીરનામે લેખી અરજી કરવી.

૨ પુસ્તકો ખરીદવાની બાબતથી રૂ. ૩૦ થી ઓછી કિંમતની ન મોકલવી, જેથી ઓછી રકમની બાબતો માટે પુરેપુરાપૈસા વેગળાં આવશે

૩ જે પુસ્તકો પુરા પાડવામા આવશે તેના પેકિંગ, પોસ્ટેજ, કેપ્રે વગેરેનાં ખર્ચ ખુફસેલરોને ફિર છે.

૪ ખુફસેલરોએ લેખી કબુલાત આપવી પડશે કે સરકાર તરફથી જાહેરખબરથી કિંમત અથવા તો ઉપર વર્ણવેલા સુપ્રિન્ટેન્ડન્ટ વખતો વખત જે કિંમત ઠરાવશે તેનાથી વધારે કિંમતથી તેઓ વેચશે નહિ.

૫ જોઇ વખત વેચેલાં પુસ્તકો ખુફસેલરો પાછાં મોકલશે તો સુપ્રિન્ટેન્ડન્ટ સ્વીકારશે નહિ.

૬ નીમાએલા એજન્ટો સિવાયના ખુફસેલરો સરકારી પુસ્તકો વેચવાને માટે પોતે એજન્ટ છે એમ જાહેર કરી શકશે નહિ.

(સહી) એસ. એન. સીમન.
ડે. સે. ટુ. ગવર્નમેન્ટ

બો. એ. પ્ર. ભા ના તા ૭—૨—૨૨ ના પત્ર નં ૧૪૮૫ ઉપરથી

પુસ્તકોનો સ્વીકાર.

૧ સવાદ સંગ્રહ ભાગ ૨ જો—સયોજક અને પ્રકાશકો:- રા. હરિલાલ ગંડુલાલ ઠાકોર. હે મા. સ્કોટ કોલેજ સાદરા. અને મિ. ભાઇચંદ પુંજાદાસ શાહ હે. મા. તા૦ સ્કૂલ, હળોડા. કિંમત રૂ. ૧-૮-૦

૨ અંકગણિત ભાગ ૧ લો-રચીને પ્રસિદ્ધ કરનાર અબદુલગની ઉસમાન અત્તરવાળા હે. મા, મદ્રસએ શોકતે દરબાર મુ. વંથલી, સોરઠ કાઠીઆવાડ. કિંમત ૦—૮—૦

ઉપર લખેલા બને પુસ્તકો અમને અભિપ્રાય અર્થે કર્તાઓ તરફથી મળ્યા છે, સમાલોચના આવતા અંકમા છાપીશુ.

તંત્રી.

શુદ્ધિપત્ર.

પૃ. ૬૦ અંક ૧ લો પૃ. ૨૨—૨૩

પંચાગ છાપ્યું છે તેમા અંગ્રેજી નામ સાથે દેશી મહિનાના નામમાં નીચે મુજબ ફેરફાર કરવો.

ઓકટોબર એટલે ભાદરવો, આસો, કાર્તક,
નવેમ્બર ,, કાર્તક, માગસર
ડિસેમ્બર ,, માગસર, પોષ

મિ. આનજમીઆ અનવરમીઆ સ્કુલ મારતર અથામા અત્યજ શાળા તરફથી ઉપરનો સુધારો સુચવાયો છે

૨ પુ. ૬૧ મુ અક બીજે પૃ. ૬૧ ભરૂચ મધ્યસ્થળની માટીમાં ના નામ સામે આઈ ૯૩ ને બદલે ૩૮૩ માની લેવા.

પુસ્તક ૬૧ મુ પૃ. ૧૯ વ.૨૦. પરીક્ષાને અગે મ. એ. ધ. સા. નો તા. ૭—૨—૨૨ નો હુકમ ન. ૧૪૯૨૪ એટલા શબ્દો છેવટે ઉમેરવા.

(શાળાપત્ર ઓફિસ.)

મુંબઇ વનિતા વિશ્રામ ટ્રેનિંગ કોલેજ.

સેન્ડહર્સ્ટરોડ, ગીરગામ—મુંબઇ.

જે ગુજરાતી બાઇઓ શિક્ષક થવા માગતી હોય તેના લાભાર્થે આ કોલેજ છેલ્લા પાચ વર્ષ થયા ખોલવામા આવી છે ને તેને ત્રણ વર્ષના સર્ટીફીકેટ સારૂ સરકારે રેકગનાઇઝડ કરેલી છે, માટે જે બાઈઓ તેનો લાભ લેવા માગતી હોય તેમણે કપલે શિરનામે અરજી કરવી. ગરીબ સ્થિતિની બને ખપ કરીને વિધવા બાઇઓને રહેવા, જમવા, તથા ભણવાની મફત જોહવણ કરી આપવામા આવે છે શિવગોવી ગોખલે.

ગોધરા ખેતીવાડી સ્કૂલમાં દાખલ થવા ઇચ્છતા ખેડૂત વિદ્યાર્થીઓને જાહેરખબર.

૧ મજકુર સ્કૂલમા ખેડૂત કોમનાજ છોકરાઓને દાખલ કરવામા આવિછે, (આમા રજપૂત, પાટીદાર, ધાગડા, ભીલ, કોળી વગેરેનો સમાસ થાય છે.)

૨ દાખલ થવા ઇચ્છતા વિદ્યાર્થીએ ચોછામા ચોછુ ગુજરાતી ચોથું ધોરણ પાસ કરેલું હોવુ જોઇએ, તેમ ૧૫ થી ૨૦ વર્ષની ઉંમર હોવી જોઇએ.

૩ સ્કૂલનો અભ્યાસક્રમ બે વર્ષનો રાખવામા આવેલો છે.

૪ બોડરોને રહેવાની, ખાવાપીવાની, અને ભણવાની ગોઠવણ સરકાર તરફ થી મફત રાખવામા આવેલી છે.

૫ ચોપડીઓ તથા કપડા લત્તાનો ખર્ચ વિદ્યાર્થીને માથે રાખવામા આવેલો છે

૬ દર વર્ષે વર્ષમા બે વાર (દિવાળી ઉપર એક માસ, અને ઉનાળામા તા. ૧૫ મી એપ્રિલથી ૩૧ મી મે સુધી એટલે દોઢ માસ) વેકેશન ની રજા આપવામા આવે છે. તે વેળા વિદ્યાર્થિઓને પોતપોતાને ઘેર જવા દેવામા આવે છે.

૭ નવું વર્ષ તા૦ ૧ લી જૂન ૧૯૨૨ થી શરૂ થશે માટે તેમા (સ્કૂલમા) દાખલ થવા ઇચ્છતા ખેડૂત વિદ્યાર્થીઓએ તા૦ ૧૫ મી મે પહેલા અરજી ખેતીવાડી સ્કૂલના હેડ માસ્તરને શિરનામે મોકલવી જોઇએ વધુ ખુલાસા માટે નીચેને શિરનામે પત્રવ્યવહાર કરવો.

(સહી.) J. G. Naik.
Headmaster
Vernacular Agricultural School
Godhra

મ૦ ચે૦ ઇ૦ આ૦ ના પત્ર નબર ૧૫૦૬૮
તા. ૧૦-૨-૨૨ ને આધારે.

સરકારે જગ જાહેર કરેલાં પુસ્તકો ચોપાનીઆં ભાષણોની નકલો ઇ૦

	નામ.	સરકારી ફરમાન.
૧	પીરઝડેવાવા ગામના મોંધવી તુરખા હકે લખેલું અને લાડો- રના "પીપલ્સ પ્રેસમાં છાપેલુ,	હોમ ડીપાર્ટમેન્ટ ન. ૧૦૨૩ ચો. ખાતુ તા. ૨૩-૮-૧૯૨૧

	" તહરીર દરબારે—તર્કે મવા-	
	લત " (ઉર્દુ ચોપાનીઉં) .	
૨	શેખ અબ્દુલ્લા બીન મુબારીમ	
	યુસફઉલ કુતબીનું લખેલું અને	
	મહમદ અમીર ઉમ કાદરીએ	"
	પ્રસિદ્ધ કરેલું, પ્રસ્તુતમાં	
	"મુસ્તરા અબી અબ્દુલ્લાહી એન્ડ	તા. ૩૦-૮-૨૧ નો
	સન્સ " છાપખાનામા છાપેલું.	
	એક અરબી ભાષાનું પુસ્તક	નં૦ ૧૦૭૨
	જે પાંચ વિષયોમાના નીચેના	
	એનો સંગ્રહ દર્શાવે છે.	
	" બસત્રાં કુતરા સામે મહાન	
	ચેતવણી રૂપી તીખી છરી "	
૩	બંગાલીમાં લખેલું ખીલા-	
	ફત ઉલ—અખબાર (ખીલા	
	ફતની હકીકત.) અને હિંદના બધા ઉનબાઝ	તા. ૩૧-૮-૨૧ નો
	ધાર્મિક અકબ્સ	નં૦ ૧૦૫૪
૪	અમેરિકામા હિન્દુસ્તાન ગદ્	"
	પાર્ટિએ પ્રસિદ્ધ કરેલું	તા. ૨૧-૯-૨૧ નો
	" સ્વતન્ત્ર હિંદુસ્તાન "	નં૦ ૧૧૮૨
	નામના માસિકના વોલ્યુમ ૧	
	લાનો ફેબ્રુઆરિ ૧૯૨૧ નો	
	અંક ૬ ઠો.	
૫	અસહયોગ (અમહકાર)	"
	નામનું હિંદી ચોપાનીઉં; તર્	તા. ૨૧-૯-૨૧ નો
	જબાબત નામનું ઉર્દુ ચોપાનીઉ.	નં. ૧૧૭૮
	(૩) ગાંધી પ્રતાપ ભાગ ૧ લો	
	નામનું હિંદી ચોપ નીયું.	
૬	નીચેના ચોગનીઆં	
	(૧) વિદ્યાર્થીઓ.	" નં. ૧૧૭૯
	(૨) મહાત્મા ગાંધીકા અન્ન,	તા. ૨૧-૯-૨૧
	રાષ્ટ્રીય અસહયોગીયોગ	
	(ગાંધીનું અન્ન અને	

અસલ હારનું રાષ્ટ્રીય ગીત)
(૩) રાષ્ટ્રીય ગીતા સાગર.
ભાગ ૨ જો
(૪) રાષ્ટ્રીય ગુલદસ્તા
(૫) 'વન્દે માતરમ્' ભારત
ઔર ભારતકે નિવાસી
કી દયા ઔર ઉન્સે
નિવેદન. (અધૂરું)

જરા વાંચશો કે ?:—

અમારે ત્યાં સ્કૂલોમાં ચાલતાં તમામ પુસ્તકો તદ્દન સસ્તા કિમતે, તથા નકશા, સ્ટેશનરી વગેરે બહુજ કિફાયતે મળશે. સામટાં લેનારને ઘણું સારું કમીશન. એકવાર દામ પાડી જરૂર ખાત્રી કરશો.

શ્રી ગજેન્દ્ર બુક ડીપો.
ટે. ઉદ્યમનગર કુવા પાસે. મુ. ગોધરા (પંચમહાલ)

બલસારા ટયુશન ક્લાસ.

આ જૂના અને જાણીતા ક્લાસમાં તેના મહલાજ ભરેલાં ખંતીલા શિક્ષણ માટે ઘેર ઘેર એક અવાજે વખણાય છે. એમા કોઈપણ ઉંચ કોમના છોકરા-છોકરીઓ, બાનુઓ, અને ગૃહસ્થોને સવારે-સાજે-રાતે યા આખો દિવસ, અગેજી જલદી લખતાં વાચતાં અને બોલતાં તેમજ હારમોનીઅમ વાયોલીન, ડીલરૂબા, ફ્લીંગ, બુક-કીપીંગ, શોર્ટહેંડ-ટાઇપરાઇટીંગ, ખગોળ અને ક-ખ થી મેટ્રિક સુધીની કોઈપણ બાબતો વર્ષો વરસોના અનુભવી મદદ અને બી. શિક્ષકો દ્વારે વિદ્યાર્થી ઉપર ખુદ ખાસ આપી ખંતીલ ટાઇમ અને મહેનતથી દીપાવે છે. બનુઓ માટે અલગ સગવડ ભરેલી ખાસ સમવડો છે. શિક્ષકોમાંના એક પારસી બાનુ શિક્ષક ' ટ્રેન્ડ ' થએલાં છે. જેમણે ૧૦ વરસનાં અનુભવી છે અને ગોલેજમાંથી મેડલ મેળવ્યો છે. તમારાં બચ્ચાંઓને તાલીમ આપવા માટે ગોરખપુરવાલા બીલ્ડીંગ વાડીઆજીના આતશબેરામ સામે ૧૨૬. ધોળીતલાવ અથવા ૨) કોટમાં ડો. એરચશાહ હુકીમનાં દવાખાનાં સામે માળ ઘોડની વાડીની પાસે. ૮૨ પત્તાવાલ સીટમાં મળશેજી.

શિક્ષકો તેમજ શિષ્યવર્ગમાં અતિશય પ્રિય થઇ પડેલાં

સૃષ્ટિજ્ઞાનનાં પુસ્તકો.

પ્રે. રા. ટ્રે. કોલેજના શિક્ષકોનો મેડલ મેળવનારા અને અનુભવી સિનિયર શિક્ષકો પાસે ધોરણવાર સૃષ્ટિજ્ઞાનના પુસ્તકો પ્રશ્નોત્તર રૂપે અને સંપૂર્ણ વિવેચન સાથે અમે તૈયાર કરાવેલા છે. જે ઘણા ઉપયોગી હોઈ શિક્ષક વર્ગમાં પ્રશંસાપાત્ર નીવડયા છે. એ પુસ્તકોનો ટુંક સમયમાં ઓટલો બધો પ્રચાર થયો છે કે તેમાના ઘણા તો પાચમી અને છઠ્ઠી આવૃત્તિએ પહોચી ગયાં છે. વળી વર્નાક્યુલર ફાઇનલ અને ટ્રેનિંગ કોલેજના ઉમેદવારો માટે

સૃષ્ટિજ્ઞાન યા વિદ્યાના પાઠો.

એ નામનું પુસ્તક એજ શિક્ષકો પાસે તૈયાર કરાવી બહાર પાડયું છે. તેમા સાતમી ચોપડીના વિદ્યાના પાઠોનું સંપૂર્ણ વિવેચન કરવામા આવ્યું છે. તેમજ ભિન્નભિન્ન દૃષ્ટિએ પરીક્ષામા પુછાયલા સવાલોનો પણ તેમા સમાવેશ કરવામા આવ્યો છે. જેથી એના અભ્યાસ પછી વિદ્યાના વિષયમા નાપાસ થવાનો લેશ પણ ભય રહેતો નથી. વધારે પ્રસંશાની જરૂર નથી. બુક વાચવાથી ખાતરી થશે. ચોડી નકલો સીલીકમા છે, ત્યા સુધી એ બુક રૂા. ૦–૪–૬ (મૂળ) કિમતેજ આપવામા આવશે. બીજી કોઈ કોઈ બુકોની કિમતમાં થોડો થોડો વધારો કરવાની જરૂર પડી છે. આશા છે કે અમારા સુજ્ઞ ગ્રાહકો કાગળોની તથા પ્રેસ બીલોની વધતી જતી મોઘવારીને લીધે એ ફેરફારને ધ્યાનમા લેશે નહિ. જયાજંપ લેનારને સારું કમિશન. ધોરણવાર કિંમત નીચે મુજબ:—

બાળોપયોગી પ્રશ્નોત્તર રૂપે સરળ સૃષ્ટિજ્ઞાન ધો. ૧ લું

		(આ. ૪) કિંમત	૩.૦–૨–૦
,,	ધોરણ ૨જું	(આ. ૬)	૩.૦–૧–૬
,,	ધોરણ ૩ જું	(આ. ૬)	૩.૦–૩–૦
,,	ધોરણ ૪ થું	(આ. ૬)	૩.૦–૩–૦
,,	ધોરણ ૫ મું	(આ. ૫)	૩.૦–૪–૦
,,	ધોરણ ૬ ઠ્ઠું	(આ. ૫)	૩.૦–૪–૦
,,	ધોરણ ૭ મું	(આ ૧)	૩.૦–૫–૬
પ્રશ્નોત્તરરૂપ	ભરતખંડનો સરળ ઇતિહાસ	(ધો ૫)	૩૦–૨–૦
		(ધોરણ ૬)	૩. ૦–૩–૦

કમિશન ૨૫ ટકા આપવામા આવશે. તા. ક—આ ઉપરત ધોરણવાર નોટો પણ અમોએ પ્રગટ કરી છે. તેને માટે પણ યોગ્ય કમિશન આપીશું.

લખો—મણિલાલ મુલજીભાઈ ઉપાધ્યાય.

બુકસેલર એન્ડ પબ્લિશર. મુ. ધરોલાદ (વાયા આણંદ)

લેખનકળા કોપીબુકે

ગુજરાતી અને બાળબોધ ૭ નંબરમાં

દરેક નંબરની કિંમત અઢી આના.

કેળવણી ખાતાના મે. ડિરેક્ટર સાહેબે મુંબાઈ ઇલાકાની ગુજરાતી નિશાળોમાં ચલાવવાને મંજુર કરી છે.

૨૫૦ અને તે ઉપરાંત કોપી ખરીદનારને સેંકડે ૧૫ ટકા કમિશન આપવામા આવશે. પેકિંગ અને રેલ્વે ખર્ચ પણ આપવામા આવશે, પણ પોસ્ટ મારફતનું કે સ્ટેશનથી આગળનું ખર્ચ આપવામા આવશે નહિ.

કોપીઓ સાથે બીજાં પુસ્તકો મંગાવનારને સેંકડે એક ટકો હકસાઇ લઈ મોકલી આપવા ગોઠવણ રાખી છે. મળવાનું ઠેકાણું—ડાલાભાઇ જગજીવનદાસ એન્ડ સન્સ. લેખનકળા કોપીબુકની ઓફિસ—જુની કાળકાદેવી પોસ્ટ ઓફિસ સામે નંબર ૨૧૭—મુબઇ.

હસ્તલિખિત શિક્ષક કોપીબુકો

ગુજરાતી અને બાળબોધ આઠ નંબરમા કેળવણી ખાતાના મે૦ ડિરેક્ટર સાહેબે મુંબઇ ઇલાકાની દરેક ગુજરાતી નિશાળમાં ચલાવવાને મંજુર કરી છે. લડાઇને લીધે કાગળના ભાવ બેહદ વધી જવાથી મે૦ ડિરેક્ટર સાહેબના નં૦ ૧૧૧૪૫, ૧૯૧૭–૧૮ ની સાલના હુકમથી હાલ થોડા વખત માટે અઢી આના દરેક નંબરની કિમત રાખી છે. અને ૩૦૦ તથા તેથી વધુ કોપી ખરીદનારને હાલમાં સેંકડે (૧૫) ટકા કમિશન ઉપરાંત પેકિંગ અને રેલ્વે ખર્ચ આપવામાં આવશે; પણ પોસ્ટ મારફતનું કે સ્ટેશનથી આગળનું ખર્ચ આપવામા આવશે નહિ. હસ્તલિખિત શિક્ષક કોપી બુકોની સ્ટીલ પ્લેટો દરેક નંબરને બંધ બેસતી ૧ થી ૮ નંબરની, દરેક બોક્સમાં એકજ જાતની દા. ૬ કિમત રૂ. ૦।।। નકી.

મળવાનું ઠેકાણું:- આદરજી કાવસજી માસ્તર.

૨. નં૦ ૬૦ ધોબી તલાવ–મુંબઇ

દેશીનામું ક્રિ. રૂ. ૭ પો. ૦)–

નામદાર મુંબઇ સરકારના જા. ખ. નં. ૧૪૯૭ લગત ઉ. વિ. એ. ધ. નં ૪૪૩૮ તા. ૧૬-૧-૦૧ થી નવીન ટેક્સ્ટ બુકોમા મંજુર છે. નામા વિષે પ્રથમ ચર્ચા કરનાર સ્વતંત્ર પુસ્તક તો એમ. વ્યાવહારિક સિદ્ધાંતોની રચના. નવાં ધોરણો.

વેચનાર—સુરત, ફ. ના. ની કંપનિ, એન. એમ. ત્રિપાડીની કંપનિ,
અમદાવાદ, રીચી રોડ પૂલ ઉપર, સી. એ. પટેલની કંપનિ,
સુરત, પગથીઆ શેરી વાડી ફુંગીઆ એમ. જે. ની કંપનિ,
અને અમે પોતે
મફત મફત હિસ્ટરીયા બોર્ડ કાર્ડ લખનારને.
છગનલાલ લલ્લુભાઈ શાહ, દેશીનામાવાળા
દયાળભાઇની શેરી—વડોદરા

શિક્ષકો તથા વિદ્યાર્થીને અતિ ઉપયોગી.

મે ઇ. વિ ના એ. ધ. સાહેબે, ગાયકવાડ સરકારે, અને કાઠિયાવાડ એજન્સીએ લાયબ્રેરી બુકસ તથા ઇનામ માટે મંજુર કરેલ.

શબ્દશિક્ષણ.

ધોરણ ૧ લું તથા બીજું

કિંમત–રૂા.–૪–૦

તથા

કાઠીયાવાડ એજન્સીએ, વડોદરા સરકારે, કાઠીયાવાડ સ્ટેટોએ ઇનામ, લાયબ્રેરી બુકસ માટે મંજુર કરેલ

દેશી હિસાબ ભાગ ૧લો.

કિંમત–રૂા.–૦–૧–૬

જથાબંધ લેનારને સારા કમિશને આપવામા આવશે. સિવાય ઇંગ્રેજી, ગુજરાતી-નિશાળોમા ચાલતી ટેક્સ્ટ બુકો, કોપીઓ અમારી બનાવેલી નંબરવાર ડ્રીલ બુકસો, ધોરણવાર અર્થની નોટો, તરજુમાવાળી મીનીંગ બુકો અને સ્ટેશનરી તથા ડ્રોઇંગને લગતો સામાન બુકસેલર તથા જથાબંધ મળશે.

જિ. ઇન્ડિયન મુખ્તાર ખાનદાન શીવશિંહ. અમદાવાદ

"શિક્ષણ સાહિત્યનો ભંડાર"

આ કાર્યાલયમાં રાષ્ટ્રીય, પ્રાથમિક, હાઈ સ્કૂલો, કૉલેજો, મોન્ટેસોરી, ને કિન્ડરગાર્ટન સ્કૂલો માટે તમામ પ્રકારના ને દરેક વિષયોના સાહિત્યો ને ફરનીચર મળશે. પત્ર વ્યવહાર નીચેના સરનામે કરો ને લિસ્ટ મંગાવો.

શહેર સાહિત્યો મુંબઇમાં—કરસનદાસ મોદક એન્ડ ગર્લસ સ્કૂલમાં તૈયાર મળશે—કેટલાંક ધોળીતલાવ, મરીન લાઈન્સ, ચોથી ગલીના નાકે."

કાશીભાઈ છગનદાસ પટેલ

નાંદોલ શિક્ષણ સાહિત્ય કાર્યાલય કં. લી.

દહેગામ (અમદાવાદ)

જરૂર વાંચો જરૂર વાંચો

અમારૂં સરનામું તમો કદી ભુલશો નહિ.

કારણ કે અમારે ત્યાં નિશાળોના ઉપયોગી તમામ જાતનાં પુસ્તકો, કવિ પુસ્તકો, લાયબ્રેરિઓને શોભા આપે તેવા પુસ્તકો, તથા સ્કૂલોને લગતી દરેક જાતની સ્ટેશનરી રાખવામા આવે છે.

મહેતાજીઓને સારૂ કમીશન આપવામા આવશે. કમીશન માટે અમારૂ પ્રાઇસલિસ્ટ મંગાવવા અમારી ખાસ વિનતી છે.

રીલીફરોડ
લાલાદરવાજા
અમદાવાદ.

સેવક
ચ દલાલ મણીલાલ પારેખ
શ્રી અધ્યયન બુકડીપો.

ટ્રેનિંગ સ્કૂલો અને પ્રાથમિકશાળાઓ માટે અનુક્રમે પાઠ્યપુસ્તક અને ઇનામ લાયકની તરીકે મંજુર મંજેલ.

ચિત્રો સહિત.

ગુજરાતના ઇતિહાસની સહેલી વાતો.

કર્તા

વલ્લભભાઈ લલ્લુભાઈ પટેલ,

હેડમાસ્તર પ્રેક્ટિસિંગ સ્કૂલ ટે. ગ્રા. ટ્રે. કૉલેજ.

છપાયો. શ્રી ગુજરાત ઓરીએન્ટલ બુક ડીપો—અમદાવાદ.

કિંમત નવ આના.

ગુજરાતી પ્રાથમિક શાળાઓમાં રેફરન્સ તરીકે મંજુર થયેલ

ચોથા ધોરણની ભૂગોળ.

લખનાર:–રા. હિંમતલાલ ગંગેશ્વર ત્રિવેદી એમ. એ., એલ-એલ બી

૨૦ નકશા સાથેની બીજી આવૃત્તિ, મૂલ્ય ૦–૮–૦

રાજા ભોજ અને કવિ કાલિદાસ.

બોધક અને આનંદદાયક વાર્તાઓનો સંગ્રહ.

૧૦ સુંદર ચિત્રો સહિત દ્વિતીયાવૃત્તિ–કિંમત ૩. ૪–૦–૦

લાંબી અને સુખી જીંદગી ભોગવવા ઇચ્છતા હો તો વાંચો

૨૦ બ. ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈ કૃત

સુધારેલી ત્રીજી આવૃતિ મૂલ્ય રૂા. ૨–૦–૦

દીર્ઘાયુષી શી રીતે થવાય.

(સરકારે પ્રાઇમરી તથા મેઇન્ટરી સ્કૂલો માટે લાઇબ્રેરી તથા ઇનામના તરીકે મંજુર કરેલુ.)

પ્રાથમિક શાળાઓના ધોરણ ૫, ૬ અને ૭, ગુજરાતી વર્નાકયુલર ફાઇનલ તથા મેટ્રિક ટોટને સ્કૂલ લીવીંગ પરીક્ષાઓ અને મેલ તથા ફીમેલ ટ્રેનિંગ કોલેજોના ત્રણે વર્ષ માટે. કર્તા–ઉસમાન ઇ ચલ ખુરાખુડીયા અને ભોળાભતગિ હરજી મોતીભાઈ રાણા. ૨૫૦ પાનાનું દળદાર પુસ્તક, કિંમત માત્ર રૂા. ૧).

શાળોપયોગી નિબંધસંગ્રહ.

સરકારે પ્રાઇમરી તથા મેઇન્ટરી સ્કૂલો માટે લાઇબ્રેરિ તથા ઇનામના પુસ્તક તરીકે મંજુર કરેલ

ઉત્તમ કર્મ સંવાદ.

કવિના જીવન ચરિત્ર, શબ્દકોષ મિ. હિંમતલાલ ગંગેશ્વર ત્રિવેદીયા, એમ. એ., એલ. એલ બી., ની ટીમ સાથે કિં. રૂા. ૦–૧૦–૦

બાળ સદ્બોધ વાર્તાગિતક રૂા. ૧–૮–૦

નેપોલીયન બોનાપાર્ટનું ચરિત્ર પાકું પુંઠું રૂા. ૨–૮–૦

સંસાર ઓફ જીવન નાટય. રૂા. ૧–૦–૦

સંદેશ મિ રવિન્દ્રનાથ ટાગોરકૃત બીજી આવૃત્તિ. રૂા ૧–૦–૦

એમ. એમ ત્રિપાઠી એન્ડ કંપનિ બુકસેલર્સ–મરઘાઇ સ્ટ્રીટ–મુંબઇ

REGISTERED No B 41

પુસ્તક ૬૧ મું.] [અંક ૫ મો.

Gujarat School Paper.

ગુજરાત શાળાપત્ર

મે સને ૧૯૨૨.

અનુક્રમણિકા.

વિષય						પૃષ્ઠ
અયસ્કોપ	...	...	...	...	.	૬૨૬
નોંધ	...	...	...	...	..	૬૩૦
સત્સંગતિ	...	...	...	..	...	૬૩૨
ક્રિમિનીયસના વખતની ઇંગ્લાંડની રહણી છે	...	...				૬૩૩
થાર્ન્ડિક શિક્ષા	..	..	..	...		૬૩૭
ધરની સફાઇ	...	...	...	...	...	૬૩૭
તમારી તંદુરસ્તી થી રીત સાચવશો ?					...	૬૪૨
પાકની નોંધ	..	.	...	.	...	૬૪૮
વર્ણનોપદ શૈલી	...	...	..		...	૬૫૧
કુદરતી બનાવવાની રીત	.	...	..		...	૬૫૭
પંખાના કિસ્સા	...	...	...	..	..	૬૫૬
જાહેરખબર	...	...	...	...	..	૬૫૮

પ્રાથમિક શિક્ષણ ખાતાના હુકમથી
તંત્રી અને પ્રકાશક (ઓક્ટોબર ૧૯૧૪ થી)
મિ. કે. બુગરા અમરેસર બાલા, બી. એ.,
પ્રિન્સિપલ, પ્રે. રા. ટ્રેનિંગ કૉલેજ—અમદાવાદ

(સર્વ હક્ક સ્વાધીન રાખ્યા છે)

શ્રી અમરસિંહજી પ્રિન્ટિંગ પ્રેસમાં પરાગ નુરખાન અમીરખાન પઠાણે છાપ્યું,
અને ગ્રાન્ટ કમ્પાઉન્ડ બાલાગામ પોળ—અમદાવાદ

સૂચના.

૧. આ માસિકમાં છપાતા અન્ય લેખકોના લેખ સાથે અમારે મળતું પડતું હોવું જોઇએ એમ વાંચકોએ માનવું નહિ.

૨. પત્ર સબંધી લખાણ—એડિટર વરર મોકલવું. છાપવા મોકલવાનું લખાણ કાગળની એક બાજુએ ચોકખે અક્ષરે લખવું. છાપવા યોગ્ય લાગશે તો છપાશે, નહિ પસંદ કરેલા લેખ ટિકિટ મોકલી હશે તો પાછા મોકલવામા આવશે.

૩. લેખકને ઉત્તેજન—વિષયો લખી મોકલનારની પૈસા લેવા ઇચ્છા હશે તો પ્રથમથીજ ખબર આપેથી દર છાપેલે પાને યોગ્યતા પ્રમાણે રા. ૧) સુધી આપવામા આવશે. ચર્ચાપત્ર માટે કંઈ આપવામાં નહિ આવે

૪. લવાજમ—વરસ બેનો રૂ. ૧–૮–૦ ટપાલ ખર્ચ સાથે અગાઉથી. વિદ્યાર્થીઓ માટે ૦–૧૨–૦ ; છુટક અંકના રૂ. ૦–૨–૬ પોસ્ટેજ રૂ. ૦–૦–૬ જુદું.

૫ મનિઓર્ડર—કૂપન પર ગામ કે શહેરનું કેકાણું સ્પષ્ટ લખવું. તેમજ ત્યા બેથી વધારે નિશાળો હોય તો નિશાળનો નંબર તથા શાળાપત્ર આદિમ તમારથી અપાએલાં સરનામાના લેબલ ઉપરનો નંબર લખવો.

જહેરખબરના ભાવ.

મુદ્દત.	પેજ.		
	આખું	અર્ધું	પા.
આખું વર્ષ.	રૂ. ૬૫	રૂ. ૩૪	રૂ. ૨૦
૭ માસ.	રૂ. ૪૫	રૂ. ૨૮	રૂ. ૧૨
ત્રણ માસ.	રૂ. ૨૦	રૂ. ૧૦	રૂ. ૭

છુટક છપાવવાનો દર.

દર ત્રણ લીટીએ રૂ. ૧–૨–૦ રાખ્યા છે.

આ પત્ર સાથે કોઈ પણ લેંટ-બીલ વાદેંચવામાં આવશે નહિ.

૬. શાળાપત્રમાં આપેલી આનગી જહેરખબરોમા જણાવેથી ચોપડીઓ ખાતાએ મંજુર કરેલીજ હોય એમ હમેશ હોતું નથી. માટે દરેકને મંજુર કરેલી તરીકે ગણવી નહિ.

૭. શાળાપત્રનું વરસ જાન્યુઆરિથી ડિસેમ્બર સુધી ગણવામા આવે છે; માટે વરસની વચમાં જે ગ્રાહક બંધ થવા માગતા હશે તેમની પાસેથી જેટલા અંકો તેમને મળ્યા હશે તેટલાની છુટક અંક લેખે કિમત લેવામા આવશે

गुजरात शाळापत्र.

સ્તક ૬૧ મું. ગે ગને ૧૯૨૨. અંક ૫.

—: અગ્રલેખ :—

ગણિતનું શિક્ષણ.

શાળાઓમા ગણિતના વિષય તરફ વિદ્યાર્થીનો મોટો ભાગ રસ ધરાવતો નથી. એને માટે જવાબદાર કોણ? શિક્ષણશાસ્ત્રના સિધ્ધાંતોને અવલંબી આ પ્રશ્નનો નિર્ણય કરવામાં આવે તો વિદ્યાર્થી કોઈ પણ વિષયમા રસ ન લે તો શિક્ષકના શિક્ષણની ખામીને જ કારણભૂત ઠેરાવી શકાય. વિષય પણ સ્વરૂપમા કઠણ અને મર્યાદિત શક્તિઓને કસનારો હોવાથી બાળકોનાં મન જલદી થાકી જાય છે. મનને કસી એકાગ્રતાને માર્ગે લઈ જનારો આ વિષય હોવાથી તે ઉપયોગી ધરો છે. એ વિષય શીખવાથી વ્યાવહારિક જ્ઞાન ઉપરાંત માનસિક લાભ થઇ જાય છે. વિદ્યાર્થી દરેક હકીકત જાતે પ્રયોગ કરી શીખે છે. પાઠકાના કોયડા ઉપરથી અમુક બાબત મેળવી લેવાની કસેટીથી આ વિષય તો મુક્ત રાખે છે. આથી ગણિતને લગતી બાબતો સ્વાશ્રયથી અને હકિકતોથી શીખે છે. તર્કશુદ્ધિત બને છે. દાખલો પુરો ન ગણાય ત્યાંસુધી તે પડતો મનને પકડી રાખવાથી ધ્યાનની ટેવ પણ કેળવાય છે પધ્ધતિસર અને વ્યવસ્થાપૂર્વક કામ કરવાની ટેવ અને જે કરે તે બરાબર અને સ્વચ્છ સ્વરૂપનું હોવું જોઈએ એ નિયમાત્મક વૃત્તિ તરફ વિદ્યાર્થીને દોરી શકાય છે. આવા લાભો જે વિષય દ્વારા મળે છે તે વિષયનું શિક્ષણ નીરસ નીવડવું નજ જોઈએ. આને માટે શિક્ષકે નીચેની કેટલીક કાળજી રાખી કામ કરવું જોઈએ.

(૧) ઘરગાનમાં દરેક દાખલા ધીમે ધીમે આપતા જવું.

(૨) બાળકો પોતેજ જિજ્ઞાસુ છે તેથી તેમને જાતે પ્રયાસ કરવા દેવો.
(૩) શિક્ષકે માત્ર માર્ગદર્શક થવું.
(૪) જે બાબત શીખવવાની હોય તેને લગતા સાહિત્યો રજુ કરી પ્રશ્નો પૂછી યોગ્ય અનુમાન કરાવવું.
(૫) બાળકો ક્રમે ક્રમે જ્ઞાન પ્રાપ્ત કરે છે, માટે શિક્ષકે ઉતાવળ ન કરવી અથવા તો શીખવવાની બાબત જલદી કહી ન દેવી.
(૬) પાટીઆનો ઉપયોગ ક્યારે અને કેમ રીતે કરવો તે તેણે જાણી જોઈએ.
(૭) વિદ્યાર્થીના કામમાં મન્દતા નજરે પડે તો તે દૂર કરવા ચૂકવું નહિ
(૮) વિષયજ્ઞાન બાળકોને ઉપયોગી નીવડે એ હેતુ લક્ષમા રાખી કામ કરનારે વિદ્યાર્થીએ શું શીખવાનું છે તે તરફ તેનું ધ્યાન ન દોરતા અમુક નિયમ કે દાખલો કેવી રીતે ગણ્યો તે પોતે સમજ્યો છે કે નહિ તેની ખાતરી કરવી. નાના બાળકો આવા કારણો આપી નાહ શકે. તેમને આ તો અમુક બાબત સમજ્યા છે કે નહિ તેની પ્રશ્નો પૂછી ખાતરી કરી લેવી બસ છે.

આ બધા નિયમો લક્ષમા રાખી ગણિતશિક્ષકે બાળકોની સ્વાશ્રયની ટેવ કેળવવી, એક બાબત પુરી ન સમજે ત્યા સુધી નવી શીખવવી નહિ, પ્રશ્નોના સ્વરૂપમા ભિન્નતા આણી વિષય જ્ઞાન દૃઢ કરવુ, પુનરાવર્તન વારંવાર કરતા રહેવુ દાખલા તેમજ તેને લગતા પ્રશ્નો વ્યાવહારિક પૂછવા આવા વિષયનુ શિક્ષણ સરળ થશે, શિક્ષક બનતે બાળકોની શક્તિઓનો અભ્યાસ લક્ષમા રાખી કામ કરશે તો વિષયશિક્ષણ રસિક થશેજ. આ વિષયને અંગે હજી પણ ઘણી વિસ્તારપૂર્વક ચર્ચા થઈ શકે એમ છે. આ લેખમા માત્ર વડોદરા રાજ્યને માર્ગદર્શક સૂચનાઓ આપી છે.

નોંધ.

૧.

ગયા માર્ચ માસમા કટલાક બનાવોનો વર્તમાન બન્યા છે. નામદાર પ્રિન્સ ઓવ વેલ્સ હિંદની મુલાકાતે પધાર્યા હતા તેની નોંધ અગાઉ અમે લીધી હતી. હિંદના જુદા જુદા પ્રાંતોમા તેમજ દેશી રાજ્યોમા ફરી, પોતાનો પ્રવાસ પૂર્ણ કરી, કરાચી બંદરેથી તા. ૧૭ મીએ વીલાયત થયા છે. હિંદની મુલાકાત લેવા જે દેશનું પધાર્યા હતા તે પ્રતીમત કરી જે દેશનું

પ્રત્યક્ષ જ્ઞાન લેવા ઇચ્છતા હતા તે સઈ બીજા દેશની મુલાકાતે વિદાય થયા છે. હિંદે પણ પોતાના શહેનશાહના પાટવી કુંવર પ્રત્યેની વફાદારી સિધ્ધ કરી આપી છે.

૨.

નડિઆદના વતની રા. તનસુખરામ મનસુખરામ ત્રિપાઠી, ગયા માર્ચ માસમાં મુંબઇમાં પોતાના નિવાસસ્થાને સ્વર્ગવાસી થયાના સમાચાર વર્તમાનપત્રોમા વાંચી અમે ખિન્ન થયા છીએ. સ્વર્ગસ્થ પોતે ગુજરાતના એક જાણીતા વિદ્વાન અને ગુજરાતી ભાષાને સંસ્કારી બનાવવા સતત પ્રયાસ કરનાર મહુમ મનસુખરામભાઇના પુત્ર હતા. પિતાની આ ભાવના પોતે પણ વારસામા પ્રાપ્ત કરી હતી. સંસ્કૃતના અભ્યાસી તથા જ્ઞાતા હતા. ગુજરાતી ભાષાનું પણ ઘણું ઉંચું જ્ઞાન ધરાવતા હતા. પ્રાચીન કવિઓ અને જુનું ગુજરાતી સાહિત્ય તેમના અભ્યાસના મુખ્ય વિષયો હતા. બૃહત્કાવ્યદોહનના ૭ મા ભાગમાં મીસમાઈ વિષે લખેલી પ્રસ્તાવના તેમના જ્ઞાનની તથા સાહિત્ય પ્રતિ પોતે કેવી અભિરુચિ ધરાવતા તેની સાબીતી આપે છે. સાચા, શાંત, નમ્ર અને સતત પ્રયાસ કરી જ્ઞાન પ્રાપ્ત કરનાર તથા આપનાર સાહિત્યવિલાસી પુરુષોની ગુજરાતને જરૂર છે, તેવે સમયે સાહિત્યના ક્ષેત્રમા માન પામેલા વિદ્વાનનું અવસાન એદકારક નીવડે એ સ્વાભાવિક છે. ઈશ્વર એમના અમર આત્માને શાંતિ અર્પો.

૩.

ગત ફેબ્રુઆરિ અને માર્ચ માસમા મુબઇ સરકારની ધારાસભા તેમજ પડી ધારા સભાના બન્ને મંડળોની સભાઓ મળી હતી. તેના કામકાજને લગતી હકીકત દૈનિક વર્તમાનપત્રોદ્વારા બધાને માલમ પડી ચૂકી છે. છતાં તેને લગતી ટુંકી નોધ આ માસિકમાં અસ્થાને નહિ બનાય. સરકારને આ વર્ષે બાદનો બોજો ઘણોજ વેઠવાનો છે એ બાબત અંદાજપત્રથી જણાય છે. ધારાસભાઓના નવા બંધારણથી અને બજેટપરત્વે હવે કરવા દેવામાં આવતી ચર્ચાથી સભ્યોએ કેટલાક વેરાઓ ન નાખવા અને અમુક ખર્ચ કમી કરવા એવા ઠરાવો રજુ કરી બહુમતિથી પસાર કરાવ્યા છે. આ પરિણામ બતાવી આપે છે કે નવા રાજકીય સુધારાથી આ લાભ

સભ્યો કેટલેક ગાંગે મેળવી શક્યા છે. આ વખતની એકકનો મોટો મમેય માત્ર અલ્પજીવતી ચર્ચામાં પ્રચાર થયો છે. આ ઉપરાંત દિંદી પ્રધાન મિ૦ મેન્ગ્યુએ ત્યાની -વિગેટા સભ્યોમા મતભેદ પડવાથી રાજીનામું આપ્યુ છે મિ૦ મેન્ગ્યુનાજ અતત પ્રયત્નને લીધે નવા રાજકીય સુધારા અમલમા મુકાયા છે તેમની જગાએ કોઈ પીલ્ત દિંદી વજીર નિમાયા છે. આ કેબીનેટ જાપુગ્ન ત્રેગ મતાનો દિર્ઘ માગે સંબંધ ધરાવતા હોવાથી ઐતિહાસિક ણીના તરીકે તેની નોધ અત્રે લીધી છે.

"સત્સંગતિ."

(૨ા. દુર્લભજાઈ દામજી નાયક પ્ર. આસિ૦ માસ્તર, અટગામ, વલસાડ.)

બુદ્ધિનુ જાડ્ય હરીને દીયે સત્ય વાણી.
સિચે વિશુદ્ધિ મનની કરી જ્ઞાનવારિ,
સૌ પાપ કાપી જનતાર સહુ સમાવે,
સત્સંગતિ મનુષ્યનુ નહિ શુ સુધારે ? ૧

કીર્તિ પ્રસારી સહુ દિશ મહીં જનોની,
દારિદ્ર્ય હારે કૈ વિપુલનાજ ધનની,
શાન્તિ થકી વિજય સૌ વિધનો કરાવે,
સત્સંગતિ મનુષ્યનુ નહિ શુ સુધારે ? ૨

ક્રોધાદિ પડ્યિપુ તણો કરી ધ્વંસ વેગે,
સ્થાપે હૃદે મૂતદયા સ્થિર પ્રેમને ને-
એ મોક્ષ આપતી મુમુક્ષુ સધા જનને,
સત્સંગતિ મનુષ્યનુ નહિ શુ સુધારે ? ૩.

સુખ સંપતિ દેહ, એ સત્સંગતિ મૂળ ઉહુ,
દુખ સહુ હરનાર, દિવ્ય એ શસ્ત્ર રહું,
કુપથ થકી ભાગી, સુપથમા પ્રેરતી એ
સત્સંગતિ રહી, સ્વાગત્ય સ્વાગત્ય સે ! !

ક્રમિનીયસના વખતની ઇંગ્લાંડની સ્કૂલો.*

(રા.પ્રભાશંકર મયાશંકર જોશી. તા. સ્કૂલ માસ્તર જેતપુર. કાઠિયાવાડ.)

" નિશાળ બાળકને માટે બંધનસ્થાન છે; મનને માટે વધસ્થાન છે અને સાહિત્ય તથા પુસ્તકો ઉપર્નું તિરસ્કારસ્થાન છે. એક વર્ગમાં મેળવી શકાય તેટલું જ્ઞાન મેળવતાં દસ વરસ બાકી રહે છે અને મનુષ્યને જ્ઞાન દાખલ કરવાને બદલે કડી કાગળિયે બરાબર આકૃતિ આલેખે છે ને કામને બરાબર બેસારવા પ્રયત્ન થાય છે. જે જ્ઞાન સહેલાઇથી ઉત્પન્ન કરી શકાય તેવું હોય છતાં તેને માટે વાંકો રસ્તો અગર કષ્ટનો માર્ગ પકડેલો હોય છે. " આત્માનું ધર્મ આપણી સ્કૂલોમાં જોવામાં આવે છે.

ક્રમિનીયસના સિદ્ધાંત.

૧ કેળવણીનો ઉદ્દેશ:—મનુષ્યનું અંતિમ લક્ષ ઈશ્વરથી અવિચ્છિન્ન સુખ મેળવવું એ છે. આ જીવન શાશ્વત જીવન મેળવવાના પાયારૂપ છે. માટે આધ્યાત્મિક જીવનજ યથાર્થ જીવન છે. પ્રકૃતિએ, આપણા અંતઃકરણમાં જન્મથીજ વિદ્યા, ધર્મ, અને પવિત્રતાના બીજ વાવેલાં છે, તે બીને વિકસાવવાને માટેજ બાળકમા સ્વાભાવિક ચંચળતા મૂકેલી છે, તે ચંચળતાની મદદથી બાળકમાં બીરૂપે રહેલી શક્તિને વિકસાવવા કેળવણીની જરૂર છે. શિક્ષકનો ધર્મ પણ એ સ્વાભાવિક ચંચળતા મારફત કુદરતે મૂકેલી બીરૂપે રહેલી શક્તિને વિકસાવવી એ છે. બાગના રક્ષકમાજ જેવી ચાહીએ તેવી સારી રેખા પાડી શકીએ ને કુદરત તરફ જેવી ચહીએ.

૨ કેળવણીનો ફેલાવો:—મનુષ્યમાત્રને શિક્ષણની જરૂર છે, આત્મા-વરચા ઈશ્વરે એટલા માટે બીજું કામ કરવાને અસમર્થ કરી છે, તેથીજ તેમને વિદ્યાપ્રાપ્તિનો વખત મળી શકે છે. દેશનાં તમામ બાળકો (છોકરા અથવા છોકરીઓ) ને કેળવવા માટે વ્યવસ્થા કરવી એ રાજાનો ધર્મ છે. (છોકરા અને છોકરી સર્વને કેળવણીની જરૂર છે, એમ બોળમા સૈકામાં ક્રમિનીયસે પહેલવહેલું બહાર પાડયું છે.)

૩ કેળવણીની ગોઠવણ:—પૂર્ણ કેળવણી માટે ચાર જાતની નિશાળો જોઈએ.

અઃ—માતાનો ખોળો એ નિશાળ છે. જન્મથી લઈ ૭ વર્ષ સુધી તેને માબાપથી કેળવણી મળવી જોઈએ. હાલમાં ત્રણથી ૭ વરસની ઉંમરના બાળકને માટે કિન્ડરગાર્ટન શાળા છે.

બઃ—માતૃભાષા શીખવનારી નિશાળો–૭ વરસથી બાર વરસ સુધી અભ્યાસ કરાવે છે, જેવી કે હાલની પ્રાથમિક સ્કૂલો.

કઃ—ક્લેટિન સ્કૂલો—બારથી અઢાર વરસ સુધી અભ્યાસ કરાવનારી શાળા; દરેક શહેરમાં હોવી જોઈએ. હાલમાં એને બદલે અંગ્રેજી સ્કૂલો છે.

દઃ—વિશ્વવિદ્યાલય–અઢારથી ચોવીશ વરસ સુધીના શિષ્યો માટે શિક્ષણ; સાથે પરદેશગમન જરૂરનું છે. દેશમાં એક વિશ્વવિદ્યાલય હોવું જોઈએ. હાલમાં આપણા દેશમા કોલેજો છે.

જે લોકોને હાથથી મહેનત મજુરી કરવાની ન હોય, તેને માટે ક્લેટિન સ્કૂલો છે. જે મને શિક્ષક થવું હોય અગર દેશના નેતા થવું હોય તેમનેજ વિશ્વવિદ્યાલયની કેળવણીની જરૂર છે.

પેસ્ટેલોઝી અને ફ્રોબેલની પેઠે ફ્રમિનીયસનો મત એવો છે કે કેળવણી જન્મથીજ મળવી જોઈએ. ફ્રમિનીયસે એક નાની ચોપડીમા પોતે પસંદ કરેલી કેળવણીની પદ્ધતિ લખી છે; તેનુ વલણ કિન્ડરગાર્ટન પદ્ધતિને મળતુંજ છે. વળી તેનું કહેવું છે કે સારા માણસો બચ્ચાને શીખવવાને મહેનત કરે છે જ; પરંતુ એકસરખી ઉંમરના અને એક સરખા સ્વભાવવાળા છોકરાઓ એક બીજાની મદદથી બહુ તખારે શીખે છે, સાથે રમે છે નેં પોતાની બુદ્ધિને ખીલવે છે, કારણ કે તેનામાં નાના મોટાપણાનો ભાવ નથી. પ્રેમથી પ્રશ્નોત્તર કરે છે. બચ્ચાને દરેક વખતે કોઇને કોઈ કામમા રોકી રાખવા. આળસુ બેસવા કરતાં રમત ઉત્તમ છે, રમતમાં મન કોઈ વસ્તુપર ચોટે છે, તેથી બાળકની લાયકાત વધે છે.

માતાના ખોળામાં બાળકને જાતજાતનું જ્ઞાન મળે છે. આ કંઈક છે; આ કંઈક નથી; આ શી વસ્તુ છે, કયારે હતી, હાલ કયાં છે, આ સરખી છે, આ વિષમ છે, ઇત્યાદિ ભાવનાઓથી ભાવનાશક્તિના શરૂઆતના ચિહ્ન જણાય છે.

જળ, પૃથ્વી, વાયુ, અગ્નિ, વૃષ્ટિ; વગેરેનું જ્ઞાન વૈજ્ઞાનિક જ્ઞાન છે. પ્રકાશ, અંધારું, છાયા, રંગ વગેરેનુ જ્ઞાન ઉપલા વિજ્ઞાન સાથે સંબંધ રાખે છે. આકાશ, સૂર્ય, ચંદ્ર, તારા, અને તેમની ગતિઓનું જ્ઞાન તે

જ્યોતિષવાન છે. ગયા દિવસોના બનાવનું સ્મરણ ઐતિહાસિક જ્ઞાનનું મૂળ છે.

શિક્ષણપધ્ધતિના મૂળ સિધ્ધાંત.

ફ્રેમિનીયસ કહે છે કે સ્કૂલોની અસફળતાનું કારણ માતૃભાષા છોડીને લેટિનમાં શીખવવામાં ઘણો વખત ગાળે છે, અને વ્યાકરણ તથા કાવ્ય ઉપર બહુ ધ્યાન આપે છે તે છે. સંસારની ઉપયોગી વસ્તુના ગુણ, સંબંધ, અને ઉદ્દેશ પર ધ્યાન અપાતું નથી. શિક્ષણ કુદરતી નિયમ પ્રમાણે અપાય તો બહુજ લાભ થાય, પણ શિક્ષણ નિયમવિરૂદ્ધ અપાય છે. બાળકોની માનસિક શક્તિ તાર્કિક જ્ઞાન ગ્રહણ કરવાને યોગ્ય ન થઈ હોય, છતાં તેનામાં જ્ઞાન ઠાસી ઠાસીને ભરવામા આવે છે. વસ્તુના જ્ઞાન પહેલાં નિયમો શીખવાય છે. શાબ્દિક જ્ઞાન વસ્તુ ઓળખાવ્યા વગર અપાય છે, પરદેશી ભાષા શીખવવામા બાળકને તેનો પરિચય કરાવ્યા વગર વ્યાકરણ શીખવવામા આવે છે.

ખ કુદરત બાળકને વસ્તુ પ્રથમ ઓળખાવે છે. માટે પ્રથમ દરેક ચીજ મોટા રૂપમાં શીખવવી. પછી તેના ભાગોનું વિવરણ થવું જોઈએ. શરૂઆતમા કોઈ વિષયને સમજવો, પછી યાદ કરવો; વસ્તુનું અવલોકન કરાવ્યા પછી તે સમજાવવી, તે ઉપરથી નિયમ કઢાવવા ને વિશેષ બાબતો ઉપર દોરવાં.

ક કુદરતના કામમાં વિષમતા હોતી નથી. એટલા માટે કુદરત અનુસાર, શીખવવાના આખા વિષયને ક્રમ પ્રમાણે પગથીઆવાર ગોઠવવો, ક્રમવાર શીખવવું, આગલું પગથીઉં પાછલા પગથીઆં શીખવાને પાયારૂપ બને છે.

ઢ કુદરત જે કામ કરે છે, તે કામના રક્ષણ માટે ઉપાય પણ કરે છે. એટલા માટે બાળકોને નાદાર માણસ તથા નાદાર પુસ્તકોની સોબતથી બચાવવાં જોઈએ, તેઓને તેવા સંબંધમા આવવા જેવો પ્રસંગ આપવો નહિ.

ઇ નિશાળનો વખત ચાર કલાક રાખવો જોઈએ; બે કલાક સવારમા અને બે કલાક બપોર પછી. સવારના વખતમાં સમજવાના ને યાદ રાખવાના વિષય રાખવા. બપોર પછીના વખતમા હાથની કૃતિ સાથે શીખવાના વિષય રાખવા.

ક શિક્ષણનો ક્રમ:—પ્રથમ ઇન્દ્રિયોને કેળવવી, પછી સ્મરણશક્તિ પછી બુદ્ધિ, પછીની અંતે તાર્કિક શક્તિ ખીલવવી એ કુદરતી ક્રમ છે.

બચ્ચાંઓને પ્રથમ ઇન્દ્રિયોદ્વારા જ્ઞાન થાય છે, સ્મરણશક્તિથી જ્ઞા એકત્ર રહે છે, ભાવનાશક્તિથી ઉપયોગમા આવે છે. બે વસ્તુના મળવા જુદીજ રસાયનિક વસ્તુ પેદા થાય તેમ નિર્બુધ શક્તિ છેવટે ઉત્પન્ન થા છે બાળકે પોતાની ઉંમર અને જ્ઞાનઅનુસાર વચ્ચે જે નવીન વિષ શીખવાને ઉદ્દેશ બતાવે, તે સુખેથી શીખવવા.

બીજી ધ્યાનમાં રાખવાની બાબતો.

બાબાપોચ્ચે વિદ્વાનોની અને વિદ્યાની પ્રશંસા કરતા રહેવું. સા પુસ્તકો વંચાવવા અને બાળકોમા શિક્ષક ઉપરનો પ્રેમ વધારવો.

શિક્ષકોએ પિતાની સમાન દયાળુ થવું જોઈએ. વિદ્યાર્થીઓને સા પ્રસન્ન રાખવા. એને માટે કાયને કાંઈ કામ તૈયાર રાખવું.

નિશાળમા હવા ને પ્રકાશ પુષ્કળ આવે તેવી ગોઠવણ રાખવી. સા- ન, ચિત્ર, નકશા, નમુના વગેરે પુષ્કળ રાખવા. શીખવવાના વિષયો, બાળકની શક્તિ ઉપરાંતના ન રાખવા. શીખવવાના વિષયમાં જેમ બને તેમ રસ ઉત્પન્ન કરવો જોઈએ.

પ્રકૃતિ કુદરતને અનુસરતી જોઈએ. ઉત્તેજન માટે ઇનામો આપવા. વગર જરૂરની બાબતો છોડી દેવી, ને પરીક્ષાની ગોઠવણ રાખવી.

માતૃભાષાનું મહત્વ:—ક્રમિનીયસ લેટિન ભાષાનું મહત્વ સ્વીકારે છે, એટલા માટે કે તે દ્વારા જુદા જુદા દેશના લોકો સાથે વાતચીત કરી શકાય, ને પોતાનો ભાવ બતાવી શકાય. પણ બાર દઈને જણાવે છે કે વિષયો તો માતૃભાષાદ્વારાજ શીખવવા જોઈએ.

શારીરિક દંડ:—બાળકો લખવામા ભૂલ થાય તો શારીરિક શિક્ષા કરવી વાજબી નથી. પરંતુ સચ્ચારિત્રમા ચૂક આવે તોજ શારીરિક શિક્ષા કરવી જોઈએ, કરવો કાળજીપૂર્વક અવસ્થિત રાખવી જોઈએ. શિક્ષા કરવાની જરૂર હોય તો તેમાં સંકલ્પવિકલ્પ કરવા જોઈએ નહિ.

બાળકે વરમ અગાઉ વિજ્ઞાનપદ્ધતિના દોષો યુરોપમાં ક્રમિનિ- યસે જે બતાવ્યા છે, તે ગાદેના ઘણા ખરા દોષો હાલમા આપણા દેશની સ્કૂલોમા જોવામાં આવે છે. ઇંગ્લાંડમા જેમ લેટિન માટે હતું, તેમ અહીં હાલ અંગ્રેજી માટે છે.

---

*મિ. ડિપરયા.

શારીરિક શિક્ષા.

(એક નવો પ્રકાશ)

(રા. રા. સાકરલાલ અમૃતલાલ દવે, બી. એ. એલ. એલ. બી. અમદાવાદ.)

અઢિયોતેર વર્ષ ગાળતા એક સુપ્રસિદ્ધ ફ્રેન્ચ ફિલસુફ ઘણા વર્ષથી આપણા દેશમાં રહે છે. થોડા સમય પર તેમણે બહુ મનનીય ઉદ્‌ગારો કાઢેલા, જે આપણા પ્રાથમિક અને માધ્યમિક શિક્ષકોએ ખાસ ગળે ઉતારવા જેવા છે. તેમણે કહેલું: "ફ્રાન્સના રહેવાસી તરીકે બાળપણથી હું શીખ્યો છું કે શારીરિક શિક્ષા સુધરેલા માણસને શોભે નહિ. ઈંગ્લંડમાં બાળકને મારવાનો હક માત્ર તેના બાપને છે ફ્રાન્સમાં એવી સાધારણ માન્યતા છે, કે એક અસહાય નાના બાળક પ્રત્યે પોતાનું શારીરિક બળ અજમાવવું એ મનુષ્યને હીણપત લગાડનાર છે; અર્થાત્, બાળકને મારનાર મનુષ્ય બાયલો છે. કોઈ નિશાળનો મહેતો જો ક્રોધને વશ થઈ નિશાળીઓને મારે, તો તેને કેદમાં મોકલવામાં આવે છે."

આ વિચાર મનનીય નથી ? મનુષ્યત્વને હીણ કરનાર શારીરિક શિક્ષા—એટલે, આપણા મનનો અસંયમ—આપણા દેશમાં તો દુર્ભાગ્યે બહુ સાધારણ વાત થઈ પડેલી છે, અને છતાં આપણે અભિમાન લઈએ છીએ કે આપણે બહુ ધાર્મિક પ્રજા છીએ છોકરાને મારનાર મારતરને જેલમાં મોકલવો એ ફ્રાન્સનો રિવાજ આપણે ક્યાં આવતી કાલથી દાખલ થાય, તો આપણી નિશાળો ખાલી થઈ જેવી ભરાઈ જાય એમ મને બીક રહે છે. શિક્ષકવર્ગ આ વિચાર ગળે ઉતારવાનો પ્રયત્ન કરશે એવી આશા છે. જેમ ક્યા દાખવનાર અને સ્વીકારનાર બેઉને ઉન્નત કરે છે, તેમ (શારીરિક) શિક્ષા દેનાર તથા લેનાર બેઉને અધમ બનાવે છે.

ઘરની સફાઈ.

(જેનબાઈ બીબાભાઈ પટેલ, ઇ. સિ. સ્કુ. ગુ. માંડવી કન્યાશાળા, સુરત.)

રેતન—(નવરાત્રની વેળાએ) એને સ્વચ્છતા વિષે આગળ સમજાવવા તમોએ કહ્યું હતું અમે પણ તે વિષે વધુ જાણવા ચાહીએ છીએ.

તારા—છત પછી ભીંતો માટે હું થોડું કહીશ. જેટલી છત કે છાપરું સાફ રાખવાની જરૂરિઆત છે, તેટલીજ ભીંતો પણ સ્વચ્છ રાખવાની અગત્યતા છે. બેનો! તમારું થોડું ઘણું તો મનુ બેને આપણને છત કે છાપરું સાફ રાખવા વિષેમા સમજાવ્યું છે. હવે થોડું હું કહીશ ભીંતો મેલી હોય તો આના આત્રે છે તે પણ ધાડુકરી ઝીણુ કરોળીઆ બાંધે છે, અને તેમા પણ મચ્છર કે ડાંસને રહેવાનું ઠીક પડે છે. વળી કેટલાક માણસોને ભીંતોના ખુણામા થુંકવાની ટેવ હોય છે. આ તો બહુજ ખોટું કહેવાય. જેમ મેલેરીઆ તાવ મચ્છર પેદા કરે છે, તેમજ દમ, ખાસી ને ક્ષય જેવા રોગ થુંકવામાંથી પેદા થતા જંતુઓથી થાય છે. થુંકમાં પણ એક જાતના જંતુ હોય છે. તે ઘણાજ બારીક હોય છે. થુંક સુકાઈ ગયા પછી તે જંતુ હવામા મળી જઈ બીજાના શ્વાસમા દાખલ થાય છે. તેમ બહુ મોટા પ્રમાણમા ફેલાય છે તેથી ઘણી વખત ક્ષય જેવા ભયંકર રોગના ભોગ થઈ પડીએ છીએ. માટે ઘરમાં કે ભીંતપર થુંકવાની ટેવ રાખવી જોઈએ નહિ. ભીંતપર થુંકના ખરાબ ડાઘ પડે છે. તેમાં પાનના થુંકના ડાઘ તો બહુજ ખરાબ લાગે છે. તે જોવામા ખરાબ, અને તંદુરસ્તીને હાનિકારક છે, માટે થુંકીને ભીંતો કાંઈ ખરાબ ન કરે તેની પુરતી કાળજી રાખી, ભીંતની સ્વચ્છતા જાળવતા શીખવું જોઈએ. અને તો દરેક મહીને ભીંતોને પણ વાળી ઝાડી સાફ રાખવી. ઘરડે ઘર હોય તો વર્ષમા એકાદ વખત તેને ઠંડી સુતા વડે ધોળવી, અગર માટીના ઘરની ભીંત લીપવી જોઈએ.

ભીંતના ગોખલામાં દીવા મૂકવાથી મેસ બહુ થાય છે અને તેના પણ કાળા કાળા ડાઘ પડે છે માટે ચીમની વિના દીવા બાળવા અગર કોડીઆમા દીવા બાળવા ઉત્તમ છે.

પ્રભાવતી—પટ એટલે શોભતગીરિ. પટ માટે પણ જેટલું કહીએ તેટલું ઓછું છે. પટ બે જાત પ્રકારના હોય છે. ૧. છો. ૨ લીંપણ. ૩ લાદી કે ઈટો જડાવેલી જમીન. છો હોય તો જમીન દરેક મહીને ધોવી ઠીક છે. તેમજ ઈટ અગર લાદી પણ ધોવી ઉચિત છે અને તેમના સાંધામા વારંવાર ચૂનો પુરાવી લેવો જોઈએ.

લીંપણવાળી જમીનને દરેક મહીને લીંપવી જોઈએ; લીંપવાથી ઝીણી જીવાત દબાઈ જશે. જુઆ તેમજ ચાચડ થશે.

નહિ. જેવી રીતે અંતઃસાફ ન રાખવાથી કે ગુંબવાથી ક્ષયના જંતુઓ પોષાય છે, તેવીજ રીતે બોયતળીઉં સાફ ન રાખવાથી પ્લેગ જેવો ભયંકર રોગ વૃદ્ધિ પામે છે, કેમકે લીંપણના પોપડામા ચાચડ ભરાઈ રહે છે અને તેજ પ્લેગનાં જંતુઓ તરીકે ઓળખાય છે. તમે સૌએ ચાંચડ તો જોયા હશે. ઘરમા ઉંદરો ઘર કરે છે. ચાંચડ ઉંદર પર રહે છે. તે એક બીજાના ઘરમાં દોડાદોડ કરી મૂકે છે. માટે પ્લેગના અટકાવ માટે ચાંચડ અને ઉંદર ન થાય તેટલા માટે બોયતળીઆની સફાઈ રાખવી જોઈએ. તેમના અટકાવ માટે ઘરમાંના દરો પુરી, લીંપીગુંપી બોયતળીઉં સાફ રાખવું. ચોમાસામાં વીંછી ને કાનખજુરાનો લીંપણવાળી બોયમા ઓછો ભય હોતો નથી. તેમજ કીડીયો પણ બચવું જોઈએ અને તેટલા માટે પણ બોયતળીઉં લીંપવાની ખાસ જરૂર છે.

વળી બારીમારણા ખુલ્લા રાખી સૂર્યનો તડકો ઘરમા આવવા દેવાથી બોયતળીઆમા જેજ કે જિનાશ રહેતા નથી અને તેથી શરદીથી થતા રોગોમાથી બચાવાય છે.

મણી—હવે મારો વારો. સામાનની સફાઈ માટે હું ચોકકું કહી જાઉં છું. ઘરમાં સામાન તો ઘણો ને ઘણી જાતનો હોય છે. આપણે તો શીમંતો જેવો સામાન કે કબાટ, ખુરશી, મેજ, અગર સોફાની વાતો કરવી નથી, પણ આપણી ગરિબાઈ પ્રમાણે પટારા, કોઠા, કોઠીઓ, અને બીજા નાના મોટા સામાનપર વિચાર કરીશું.

કોઠીઓ વચ્ચે જો કચરો ભરાઈ રહે તો તેમા સાપ, વીંછી, ઉંદર વગેરેને રહેવાની મઝા પડે છે માટે બનતાસુધી કોઠીઓ છાંદીને બેસાડવી જોઈએ તેમજ વારંવાર આજુબાજુથી વાળી ઝાડી સાફસુફ કરવું જોઈએ. તેવીજ રીતે પટારા અંદર ઉપરથી સાફ રાખવા જોઈએ. વાસણો પણ માંજીને સાફ રાખવા. અભરાયે પડેલા વાસણો માંજ્યા વગર કામમા ન લેવાં જોઈએ. તાંબા પિત્તળનાં વાસણોમાં કાટ ચઢે છે અને તે ઝેરી છે માટે તેને ખુબ ઘસી માંજી સાફ કરવાં જોઈએ.

પાણી વગેરેના વાસણો રોજ ધોઈ વીંજી તેમજ પાણી

ગાળીને ભરવાં જોઈએ. પાણીઆડે ધોઈને સાફ રખાયું. સાયે રસોડું પણ સાફ રાખવું એમ કહેવું ભુલતી નથી. (અસ પુરૂ થયું)

અનંતકુંવર—ના બેન હજી તો બાકી છે તે હું કહું છું. મટી બેને કોઠી, વાસણ, રસોડું વગેરે કહ્યું, પણ બિછાના માટે તો ભૂલ્યા. બિછાનાનો પણ વિચારવા જેવોજ પ્રશ્ન છે. બિછાના વારંવાર તડકે નાખવા જોઈએ. તેમજ ગલેફ, ઓછાડ, કામળ વારંવાર બદલી ધોઈને સાફ રાખવા જોઈએ. દરેક પથારીપર ચાદર બિછાવવી જોઈએ. જેમને ચાદર લેવા જેટલા શક્તિ ન હોય તેવા ગરીબ બોકાએ ધોયેલ લુગડું પથારીપર પાથરવાની ટેવ રાખવી, જેથી ગોદડા, ગાદલાં, મેલા થતા નથી. બાળકની માતાને તો તે પાથરવું બહુજ ઉપયોગી થઈ પડે છે. જૂ, જેમ માથા ને કપડાનો જીવ છે તેમજ માકણ પથારીનો જીવ છે. માકણ પણ ઘણું નુકશાનકારક જંતુ છે. માકણની કરડને વલુણવાથી (ખુંજરવાથી) ગડ, ગુમડ કે કોઈ વખત દાદર ને ખસ જેવા રોગ પણ થાય છે, માટે પથારી સાફ રાખવી. ખાટલા પણ તડકે નાખવા. ધર્મનો બાધ ન હોય તો ખાટલા ગરમ પાણીથી શેકવા, પછી ગાસતેલ લગાડવું કે "કેરોલ પાઉડર" નાખવાથી પણ માકણ થતા અટકશે.

ચાંદા—છેલ્લું. સાજના તેમજ સવારમા ઘરમા ધૂપ કરવો જોઈએ. લોબાન, અને સુખડના બેહરની ધૂણી કરી ઘરની હવા સાફ રાખવી જોઈએ, લીમડાના પાનની ધૂણી કરવાથી બહારના ડાસનો નાશ થશે. બને તો બે વખત અગર એક વખત તો અવશ્ય કરવીજ.

દરેક રોગના ઘર આપણાજ ઘરોમા છે. ઘરો સાફ રાખવાથી રોગ થતા અટકશે, રોગ પછી મોત થતા પણ અટકશે. આપણે આ વાત સમજવી જોઈએ અને આજ પ્રમાણે વર્તવા પ્રયત્ન કરવો જોઈએ જેથી આપણને લાભ થાય.

મનુ—ઘરની સફાઈ સાથે આગણાને વાડો પણ સાફ રાખવા જોઈએ. બધો કચરો ભેગો કરી, બાળી મૂકવો જોઈએ. હવે આપણને શેરી, કુવા, તળાવ ને ગામની સફાઈ જાળવવાની રહી છે, તે બેન આપણને કરવા લાઈ જરૂર સમજાવશે ત્યારે જાણવાની મજા પડશે

મહેતીજી—મારી નાની બેની, હું તમને સાબાશી આપું છું કે તમોએ બધું યાદ રાખ્યું છે હવે જ્યારે તમો તમારું વર્તન આ પ્રમાણે રાખશો ત્યારે ધન્યવાદને પાત્ર થશો. અસ્તુ.

તમારી તંદુરસ્તી શી રીતે સાચવશો ?

માંસ-દારૂ તથા બીજી બદીઓથી દૂર રહો.

(શ્રી જીવદયા મંડળ મુબઈ)

કારભારવાળા ડૉ. શ્રીરામે નીચેના દસ આરોગ્યના નિયમો બહાર પાડેલા છે, જે અમારી મંડળી તરફથી પ્રસિદ્ધ થતા "શ્રી જીવદયા" માસિકના છેલ્લા ગુજરાતી તથા અંગ્રેજી અંકોમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે. પરંતુ તે લેખ અમારા માસિકના વાચકોને ઉપયોગી લાગવાથી તેઓ તેને જુદા રૂપમાં છપાવી જાહેર પ્રજામાં તેનો ફેલાવો કરવા અમને આગ્રહપુર્વક ભલામણ કરે છે અને અમને પણ તે યોગ્ય લાગવાથી અમે આ નીચે સદરહુ દસ નિયમો જાહેર પ્રજાની માહીતી માટે પ્રસિદ્ધ કરવાનું ઉચિત ધારીએ છીએ, અને તેનું વાચન તથા મનન બરાબર કરવામાં આવશે એની આશા રાખીએ છીએ. સદરહુ નિયમો નીચે મુજબ છે:—

વહેલા ઊઠો.

(૧) તમારી પથારી મુકી તમે ઉલ્લાસ અને પ્રસન્ન મુખથી વહેલા ઊઠો અને તમારા મનમાજ અંતઃકરણની ઊર્મિઓ માંથે બોલો કે "હું પ્રતિજ્ઞા લઉં છું કે હું પ્રસન્નવદને આનંદી વિચારો ધારણ કરીશ અને મરદાનીના કામો કરીશ." તમારૂં મોં પાણીથી બરાબર ધોઈને સાફ કરો, અર્થાત્ મોંમાં ધોમે ધોમે ખુબ બરાબર કોગળા કરો. ઘુંટડે ઘુંટડે એક રતલ પાણી બાતમી પીઓ તમારી હથેલીમાં પાણી ભરીને નાકમાં ચડાવી તમારૂં નાક સ્વચ્છ રાખો અને પરની ખુલ્લી હવામાં ઉંડો દીર્ઘ શ્વાસ લેતા લેતા તમારી હથેલી વતી તમારૂં આખું શરીર મસળો.

શુદ્ધતા.

(૨) સંડાસની મુલાકાત નિયમસર લો. અર્થાત્ દરરોજ નિયમસર જાઓ

ત્યાર બાદ તમારા હાથ ચોખ્ખી મૃત્તિકા (માટી) અથવા સાબુથી અચ્છી રીતે ધોઈને સાફ કરો. તમારા દાંત, જીભ, તાલુ (તાળવુ) અને ગળું લીલા દાતણથી અથવા પાઉડર તથા બ્રશથી સંપૂર્ણ રીતે સાફ કરો; કારણ કે તેથી હોજરી ખરાબ થતી અને શ્વાસમા દુર્ગંધ આવતી અટકે છે મોંઢામા અને નાકમાં ચોટી રહેલા બલગમને સાફ કરવા માટે તે બન્નેને સ્વચ્છ પાણીથી પુરેપુરા સાફ રાખો.

સ્નાન

(૩) ત્યારપછી ઠંડા પાણીથી સ્નાન કરો. તે સ્નાનવિધિ એવી રીતે છે કે પ્રથમ તમારા માથા ઉપર અને શરીર ઉપર પાણી રેડવુ બાદ સારી રીતે નીચોવેલા બીના અને બરછટ સ્વચ્છ રુમાલ વડે તમારું શરીર લુછી નાખો. દિવસમા છેવટ એક વખત પણ આખા શરીરની ચામડીને સ્વચ્છ હવા અને સૂર્યનો તડકો આપવોજ જોઈએ કે જેથી કરી સૂર્યના કિરણોની અસર તેના ઉપર થઈ શકે. શરીરમાંથી ખુબ વેગથી પ્રસ્વેદ નીકળી જાય તે માટે હમેશા ૧૫ મિનિટ સુધી નિયમિત રીતે કસરત કરો આવી રીતે ખુલ્લી હવામા કસરત કરવાથી બુધ્ધિ સ્વચ્છ થાય છે, મનોશક્તિ ખીલે છે, અને ગ્લાનિ આપોઆપ હઠી જાય છે. તમારું માથુ ઉચું અને સીધું રાખો અને નાસિકાદ્વારા તમે શ્વાસ લો.

પોશાક.

(૪) તમારો પહેરવેશ તંગ નહિ પણ છુટો ફરફરતો હોવો જોઈએ. કોઈ પણ વખતે શરીરના કોઈ પણ ભાગ ઉપર દબાણ કરે તેવો પોશાક કદી પણ પહેરશો નહિ. જે કપડું ચામડીને હમેશા સ્પર્શ કરતું હોય તે અંદરનુ પહેરણ હમેશા ધોઈને સ્વચ્છ રાખવાના નિયમ રાખશો તમારો પોશાક સુઘડ અને સ્વચ્છ રાખશો તમારી આગળીના નખો કપાવીને તેને સ્વચ્છ રાખશો આગળીના નખ ૧ જરા પણ મેલ જમા થવા દેશો નહિ. પગમા કદી પણ તંગ જોડા પહેરવા નહિ. વાળ ઓળવા તે જરૂરી છે કારણ કે તેથી કરીને માથાનો મેલ સાફ થાય છે અને ધૂળમા ઉડતા જંતુનો તે નાશ કરે છે.

ભોજન.

(૫) જમવામા બહુ નિયમિત રહો. જ્યારે તમે ચિંતાગ્રસ્ત હો, અસ્વસ્થ હો, અથવા ઉશ્કેરાટ હો ત્યારે ખાવા નહિ પણ જ્યારે પ્રસન્નચિત્તવાળા હો

ત્યારેજ ખાશો. બે વખત જમવા સિવાય વચલા ગાળામાં એક કેળીયો પણ ખાશો નહિ. તમારો ખોરાક સ્વાદિષ્ટ કરતાં પૌષ્ટિક વધારે હોવો જોઈએ. જમવાની અગાઉ તથા જમ્યા બાદ તમારાં હાથ તથા મોઢાનું બરાબર પ્રક્ષાલન કરો. યાદ રાખો કે તમારા મોઢામાં બત્રીસ દાંત છે અને તેથી જે વસ્તુઓ તમે ખાઓ તે તમારે ઓછામા ઓછી બત્રીસ વખત ચાવવી જોઈએ. આપણા પ્રાચીન ઋષિઓએ વનસ્પતિ, તૈલિક પદાર્થો, ફળ—ફળાદિ, સુકો મેવો અને અનાજને ખોરાકની વસ્તુ તરીકે પસંદ કરેલાં છે. દૂધ એ માંસવર્ધક અને તેને સુંદર બનાવનાર એક અજબ વસ્તુ છે. પણ તમારે દૂધ પીવા કરતાં તેને ખાવું જોઈએ. એટલે કે તેનો માત્ર ચુસી ચુસીને આચમનની માફક ઘુંટડો ઉતારવો જોઈએ. જેટલો થોડો ઘુંટડો ઉતારવામાં આવશે તેટલો તે વધારે ફાયદો કરશે. છાશ (એક ભાગ દહીં અને ત્રણ ભાગ પાણી) ઘણા દરદો સામે એક ઘણું ચમત્કારીક કામ કરે છે. હમેશાં એક પ્યાલો ભરીને છાશ પીઓ કારણ કે તેથી તમારું આયુષ્ય વધશે. આપણી જોઈ-રીમા અરધો ભાગ કઠણ પદાર્થ તથા એક ચતુર્થાંશ ભાગ પ્રવાહી પદાર્થ માટે રાખવો અને બાકીનો એક ચતુર્થાંશ ભાગ હવા માટે ફા-જલ રાખવો એ એક ઉત્તમ નિયમ છે. જમ્યા બાદ ફળ—ફળાદિ ખાવાં કારણ કે તેમાં ભૂખ લગાડવાનો, જઠરાગ્નિ પ્રદીપ્ત કરવાનો તથા પાચન ક્રિયા સુધારવાનો, દસ્ત સાફ લાવવાનો, જરૂરી પૌષ્ટિક તત્વો પુરાં પાડ-વાનો, આખા શરીરને સ્વચ્છ કરવાનો અને નબળા તથા માંદા માણસોની શક્તિ તથા કૈવત વધારવાનો, ઉત્તમ ગુણ રહેલો છે. સફરજંદ કુદરતની " જાદુ પીલ " છે. દિવસમા માત્ર એકજ સફરજંદ ખાવાથી દાકતરથી હમેશા તે દૂર રાખે છે. બદામ આખને સતેજ કરે છે. સુકો મેવો (કાટલા વાળાં ફળ) ભગજ શક્તિને ફાયદો કરે છે, અને લીલી દ્રાક્ષ ખાસ કરીને જાદરસ અને આંતરડાના દરદોમા ફાયદાકારક છે. નીમક અને સાકર ઓછાં ખાઓ. જમતી વખતે પાણી પીવું નહિ, અથવા પાણી પીતી વખતે કાંઈ ખાવું નહિ. ભોજન લેતા પહેલાં એક ગ્લાસ અને ભોજન લીધા બાદ બે ગ્લાસ પીલા બાદ એક પ્યાલો પાણી પીઓ. પાણી પીવું તે અંદરની પ્રકૃતિ સાફ કરવાની ક્રિયા છે. ભોજનાનીઓ કરવા કરતાં ઉપ-વાસ કરવો તે વધારે શ્રેષ્ટ છે. તમે જ્યારે ખાતા હો ત્યારે ખુશમિજા-જમા અને ઉપકૃત રહેશો. સવારે જમ્યા બાદ થોડી ઘડી આરામ લેશો અને રાતે પણ કર્યા બાદ ' એક માઈલ સુધી ચાલવાની ટેવ રાખશો.

દુર્વ્યસનો.

(૬) તમાકુ, ચહા, કૉફી, દારૂ, અફીણ, ભાંગ, ચરસ ઇત્યાદિ વસ્તુઓ ખોરાક નથી પણ તે કેવળ નુકશાનકારક કેફી પદાર્થો છે, અને તંદુરસ્તી માટે તેને એકદમ આપણાથી વેગળા રાખવા જોઈએ. તેઓ મગજ માટે જોખમકારક, હોજરીને નુકસાનકર્તા અને હૃદયને બધું પાડનાર વસ્તુઓ છે. માંસ, તમાકુ, અને દારૂ તજી દેવામાં તમારે પશ્ચાત્ રહેવું જોઈએ નહિ. તમારી તો એક મોટી ફરજ છે કે તમારે તુને તિલાંજલી દેવીજ જોઈએ અને આપણી જાતિનો જે અધોગતિ થઈ છે અને તેને લીધે ક્ષય, તેમજ બીજા ભયંકર રોગો આપણી મનુષ્ય વર્ગની જાતિને હેરાન કરે છે તેને નાબુદ કરવા માટે આપણે આવી બદીઓથી મુકત થવું જોઈએ.

વાચન.

(૭) આખી બત્તીએ વાચવું નહિ ટેબલ ઉપર નમીને બેસવું નહિ. ઉભેરાં ટટ્ટાર બેસવાની ટેવ રાખો. જ્યારે તમારી આંખને પરિશ્રમ પડે છે એમ લાગે ત્યારે વાચવા અથવા લખવાનું બંધ કરવું. પ્રકાશ તમારી પાછળથી આવે અને તે પણ તમારા ડાબા ખભાની પાછળ તથા ઉપર થઈને આવે તેમ કરો. તમારૂં પુસ્તક તમારી આંખથી આસરે ૧૪ ઈંચ દૂર રાખો. વાચન બાદ અથવા અભ્યાસ બાદ તમારી આંખો સ્વચ્છ ઠંડા પાણીથી ધોઈ નાખો. ચાલતે ચાલતે વાચવાની અથવા ચાલતી ગાડીમાં વાચવાની ટેવ નુકશાનકારક છે. દરેક પચાસ મિનિટને અંતરે પંદર દીર્ઘ શ્વાસ લો કે જેથી ઓછા પરિશ્રમથી તમે વિશેષ કાર્ય કરી શકશો. રેતી, ધુમાડો, ધૂળ, કાંકરી, વગેરેથી તમારી આંખોની સંભાળ રાખશો. તમારી આંખો ઉપર આકરો પ્રકાશ પડવા દેશો નહિ. તમારી જમણી આંખમા કોઈ બહારનું સ્વરૂપ કે પદાર્થ પ્રવેશ કરે તો તમારી ડાબી આંખ ચોળવી અને ડાબી આંખમા તે પ્રમાણે થાય તો જમણી આંખ ચોળવી.

નિદ્રા.

(૮) આરામ લેવા જતી વખતે તમારૂં ગંતવ્યસ્થાન ખાલી છે તેની ખાત્રી કરો અને તમારૂં મોઢું કોગળા કરી સ્વચ્છ કરો અને સુતી વખતે એક પ્યાલો ભરીને પાણી પીઓ અને આખા દિવસમા તમે જે કાર્યો કર્યા હોય તેના ઉપર પુનઃ વિચાર કરો. રાત્રિના નવ વાગ્યા પહેલા વહેલા સૂઈ જાઓ અને સવારના પાંચ સુધી નિદ્રા લો અને સૂર્યોદય તથા

ખુશમિજાજમાં નિદ્રાગ્રસ્ત થાઓ. પલંગ ઉપર સૂઓ અને બારીઓ ઉપર અને નીચેથી તદ્દન ખુલ્લી રાખો. સૂતી વખતે માથાને તથા મોઢાને મોટે પણ ઢાંકતા નહિ. ઉંમરના ક્રમ પ્રમાણે તેજ સમયે નિદ્રા લો; આપણી રાતની એક કલાકની નિદ્રા તે પાછલી રાત્રિની બે કલાકની ઉંઘ બરાબર છે.

સામાન્ય.

(૯) અઠવાડીઆમાં છેવટે એક વખત પણ તમારા શરીર ઉપર અચ્છી રીતે સાબરણુ તેલનું મર્દન કરો. તમારૂં શરીર સીધું અને ટટ્ટાર રાખો અને ચાલતી વખતે તથા બેઠા હો ત્યારે પણ તમારી છાતી આગળ અને બાહ્યા પાછળ રાખો.

ગમે તેવો સંયોગ હોય તો પણ ઉંચું મોહું રાખીને હસો અને ખુશ-મિજાજમાં રહો અને જ્યાં જ્યાં તમારૂં જવું આવવું થાય ત્યાં ત્યાં આનંદ પમાડો.

દીલગીરીમાં પણ હસમુખો ચહેરો ધારણ કરો. આપણી જિંદગીને આરામની જરૂર છે અને વખત દુઃખનો છે તેમ માનીને કોઈની પણ ઈર્ષા કરો નહિ

નિર્ભયતા.

(૧૦) કોઈથી ડરવું નહિ. જ્યારે અનિષ્ટ થવાનું હોય ત્યારે બીક શ્રદ્ધા રૂપે રહે છે બીક શરીરને શિથિલ તથા ઠંડુગાર બનાવી દે છે. ગુસ્સો આપણા શરીરને અગ્નિની લાહ્ય માફક બાળે છે. તમામ દરદોની અસર સાથે ગણવામાં આવે તેના કરતા પણ ડીકર વિશેષ ચેપી છે. (ચિંતા ચિંતા સમાન) ચિંતાથી કોઈ કામ સુધરતું નથી પણ તેના ભોગ થઈ પડનારા મનુષ્યોનો તે જીવ લે છે. ચિંતા એ મગજમાં પ્રવર્તી રહેલા ૨૫ ઘેર રાક્ષસ બરાબર છે. જે ા પોતાની ચિંતામાં સપડાયેલા હોય તેઓનું મન અને બુદ્ધિ ક્ષયવાળાં દરદીઓની સ્થિતિના જેવાજ થઈ જાય છે. ગુસ્સો અને આપસ્વાર્થના યોગથી ઈર્ષા પ્રાપ્ત થાય છે. અદેખાઈનો જન્મ બીક, ગુસ્સો અને સ્વંદયાના મિશ્રણથી થાય છે માટે તેમનાથી સાવધ રહો. આપણી ઇન્દ્રિયો ઉપરનો નિગ્રહ અને સંયમ આપણી સઘળી મુશી-બતો હઠાવી કાઢનાર એક દિવ્ય ચાવી બરાબર છે. તમારો આત્મનિર્ણય તેજ કરો અને તમારા ઉમેદના જીવનમાં હિમ્મત, નમ્રતા અને ખુશમિ-જાજ બતાવો

આમારો અભિપ્રાય.

તંદુરસ્તીના નિયમોનો ભંગ કરવાથી જે દુઃખ મનુષ્યજાતે સહન કરવા પડે છે તે બાબતથી પણ અજાણ નથી, અને તે માટે આપણે કુદરતું સ્વાસ્થ્ય "સદુપદેશ કાળજીથી સાચવવું જોઈએ " શરીરે સુખી તો સુખી સર્વ વાતે " અથવા " પહેલું સુખ તે જાતે નહીં (૧ લા)" એ કહેવનો ઠાલું જોટી નથી અને તેથી અમે જનસમાજને તેના પોતાના હિત માટે આ નિઃસ્વાર્થ રીતે પ્રસિદ્ધ થયેલા અને અતિ ઉપયોગી નિયમોને બારીકી વાચી તેને પોતાના જીવનમાં હમેશાં વ્યાવહારિક રીતે અમલમાં મૂકવા આગ્રહપૂર્વક ભલામણ કરીએ છીએ અને ગ્રંથ શીરામણે આ નિયમો ઘડનારા જે ડૉક્ટર વાપર્યું છે તે માટે તેમને ધન્યવાદ આપી તેના આ સુંદર નિયમોનો જેથની જુદી જુદી ભાષામાં પ્રસિદ્ધ કરી જાહેર પ્રજામાં તે છૂટથી દાખલવા પારમાર્થિક મંડળોને તથા વર્તમાનપત્રોને અને વિનંતી કરીએ છીએ.

લલ્લુભાઇ દીપચંદ ઝવેરી,

મુંબઈની શ્રી જીવદયા મંડળી, } એડિટિંગ પ્રમુખ,
૩૦૯, સરાફ બજાર–મુંબઈ નં. ૨. } મુંબઈની શ્રી જીવદયા મંડળી.

નોંધ:—આ લેખ ઉપયોગી હોવાથી અત્રે પ્રસિદ્ધ કર્યો છે.

તંત્રી.

શુદ્ધિપત્ર.

પૃ૦ ૬૧ અંક ૪ થો ન. ખ. નુ પૃ૦ ૨૭
'જમ જાહેર' ચૂકવીને બદલે 'જમ જાહેર' વાંચવા.

નોટિસ.

જુન જુલાઈનો અંક બેમો પ્રસિદ્ધ થશે.

તંત્રી.

પાઠની નોંધ.

વિષય—વિદ્યા (અવાજ.)

ધોરણ ૬ ઠું.

શિક્ષક—

હેતુ—સ્પર્શેન્દ્રિય તથા નેત્રેન્દ્રિય કેળવી અવલોકન કરવાની શક્તિ ખીલવવાનો.

સાહિત્ય—લખોટો, લોઢાની સળી, પાણીની રકાબી, લાંબી લાકડી, લાંબા પાતળા દોરાના છેડા પરોવેલા બે બુગળા, ચિત્ર.

પાઠના વિભાગ.	પાઠના મુદ્દા.	શિક્ષણશૈલી.
૧	૨.	૩.
આરંભ	અ વર્ગવ્યવસ્થા. બ જાણીતી બાબત સાથે સમક્ષ જોડી મુખ્ય વિષય ઉપર આવવું.	સૂચના—વિષયાર બે ડ્રિલ કરાવી વર્ગને વ્યવસ્થિત ગોઠવવો. ૧ હાથમાં પકડેલો લખોટો જમીન ઉપર પડતો મૂકવો. ૨ તેથી થતા અવાજ તરફ વિદ્યાર્થીનું ધ્યાન ખેંચવું. પ્ર૦ પડ્યો એટલે શું ? ઉપરના મુદ્દાઓ ઉપરથી અવાજ ઉત્પન્ન થઈ કેવી રીતે આપણી પાસે આવે છે તથા આપણે તેને કેવી રીતે સાંભળીએ છીએ, તે સંબંધી રમુજી જ્ઞાન આજે મેળવીએ એમ કરી મુખ્ય વિષયપર આવવું.

૧૨૬

મુખ્ય વિષય.		
	ફુજ્જતી ગતિ સંબંધી જ્ઞાન	એક લખોટો તથા લાકડામાં ખોસેલો તારનો છેડો બન્નેને ગતિ આપવી. ગતિથી લખોટો જગા બદલે છે, પરંતુ તાર જગા બદલતો નથી તે તરફ બાળકોનું ધ્યાન ખેંચી આવા પ્રકારની ગતિને ફુજ્જતી ગતિ કહે છે તે સમજાવવું. ફુજ્જતી ગતિ પણ હવામાં ઘાત કરે છે, તે નેતરની પાતળી સોટી વીંઝીને સમજાવવું.
ખ	હવામા મોજાં ઉત્પન્ન થાય છે.	પાણીની રકાબીના કિનારા ઉપર પેન્સિલ અથડાવાથી પાણીમા ઉત્પન્ન થતા મોજાદ્વારા હવાના મોજાંનું જ્ઞાન આપવું. હવા અદૃશ્ય હોવાથી તેનાં મોજાં દેખાતા નથી તે સમજાવવું.
ક	મોજાંની હવામા ગતિ કરવાની રીત.	વિદ્યાર્થી લખોટો રમે છે, ત્યારે એક લખોટો બીજાને વાગી અને બીજો ત્રીજાને વાગી અટકે છે. તેજ પ્રમાણે હવાનાં રજકણો કરે છે. આ બાબત બોર્ડ ઉપર ગોળાઓનું ચિત્ર પાડી સ્પષ્ટ રીતે સમજાવવી.
ઘ	અવાજના મોજાં સર્વત્ર ફેલાય છે.	પ્ર૦ ઘંટડી વગાડવાથી શું થાય છે ? દીવા આગળ ચોપડી રાખવાથી પ્રકાશ દેખાશે કે નહિ ? ઘંટડી અને તમારી વચ્ચે ચોપડી રાખવાથી અવાજ સંભળાય કે નહિ ? અવાજ સંભળાય છે પરંતુ પ્રકાશ દેખાતો નથી તેનું શું કારણ ? જવાબ ન મળે તો બોર્ડ ઉપર હવામાં ઉત્પન્ન થતાં મોજાંની આકૃતિ દોરી તેની મદદથી સમજાવવું કે હવા સર્વત્ર છે, તેથી તેના મોજાં ચોતરફ ફેલાય છે; અને તેને કોઈ અટકાવી શકતું નથી. પ્રકાશના કિરણ સીધાં ચાલે છે તેથી તેને આંખી શકાય છે. આ પ્રમાણે હોવાથી અવાજ સંભળાય છે અને પ્રકાશ દેખાતો નથી. (અવાજ વાદો વળી શકે છે.)

ઇ હવા વિના અવાજ સંભળાય નહિ.

પ્ર૦ ઘંટડી વગાડવાથી હવામાં શું ઉત્પન્ન થાય છે? એ મોજાં તમને લાગવાથી તમે સાંભળો છો? એ મોજાં તમારી પાસે કોણ લાવ્યું? હવા વિના તમારા કાન આગળ અવાજના મોજાં આવે કે નહિ? આવા પ્રશ્નોથી હવા વિના કાન પાસે અવાજનાં મોજાં આવતાં નથી તે સમજાવવું.

ક હવાની પેઠે ધન તથા પ્રવાહી પદાર્થોમાં પણ મુજબની ગતિ એક છેડેથી બીજે છેડે જાય છે.

દોરા પરોવેલા બે ચુંબળાગાથી એકેકું બે વિદ્યાર્થીઓને આપી દોરાની લંબાઈ પ્રમાણે દૂર ઉભા રાખવા. એક વિદ્યાર્થીને ચુંબળું કાન પર અને બીજાને મોં સાથે રાખવાનું કહી, બીજા કોઈ ન સાંભળે તે પ્રમાણે વાત કરાવવી. લાકડીના એક છેડે મીમેથી કરેલો અવાજ કાન પાસેના બીજે છેડે સંભળાય છે આ બે પ્રયોગ કરી બતાવી મુદ્દામાં દર્શાવેલો નિયમ કહાવવો. આ સાથે ગતિ આપવાથી હવાની પેઠે ઘન વસ્તુના રજકણો મુજબ છે તે સમજાવવું.

નિયમ—જેમ રજકણો ઘટ વધારે તેમ તેમ અવાજ લઈ જવાની શક્તિ વધારે હોય છે.

પ્ર૦ સળીઓ હલાવવાથી કઈ ગતિ ઉત્પન્ન થાય છે? આ ગતિ હવામાં શું કરે છે? હવાના મોજાં નહિ દેખાવાનું કારણ શું? હવામાં મોજાં કેવી રીતે ગતિ કરે છે? અવાજનાં મોજાં હવામાં કઈ દિશાએ જાય છે? પ્રકાશના કિરણ કઈ દિશાએ જાય છે? હવા વિના અવાજ સંભળાય કે નહિ? અવાજ જવાની ગતિ માટે શો નિયમ છે?

પુનરાવર્તન. શીખવેલા વિષયનું સાદૃશ્ય તપાસવું.

ઉપર પ્રમાણે પરીક્ષકે પ્રશ્નો પૂછી સમયાનુસાર પાઠ પૂર્ણ કરવો.

" વર્ણલોપક શૈલી. "

(લેખક—શેઠ લાજરસ, ચોહાણ. રહેવાસ ભારતવર્ષ સામ્રાજ્ય.)

સ્વર પ્રસ્તુતપાદકાદિ યંત્રના શોધક પહાન એડિસન પેરે અર્વાચીન દુનિયા આશ્ચર્યોત્પાદક અને સંભાવિત દૃષ્ટિથી જુએ છે, પણ તે કરતા નિરોપલક્ષ્ય દૃષ્ટિથી લેખનકલાના શોધક તરફ જોવું અત્યાવશ્યક છે. કિન્તુ સખેદ નિવેદન કરવું પડે છે કે, આવા પ્રતિભા શાલી પુરુષ-મહાનુભાવનો જગત્ને પત્તોએ નથી—Strongest minds are often those of whom the noisy world hears least.—કદાપિ વર્ણમાળાનો ઉત્પાદક ટ્યુથ નામક ફીનિશિઅન પણ હોય.

મનુષ્ય પોતાના હર્ષ શોકાદિ મનોભાવ વાણીથી વ્યક્ત કરે છે, તેને ભાષા કહે છે. કિન્તુ મુખેન્દ્રિય (હોઠ, દાત, જીભ, તાળુ ને કંઠ) સિવાય હસ્તપાદાદિ શરીર અંગો વડે પણ મનોભાવના સાંકેતિક ચિહ્નો દર્શ્યમાન થઈ શકે છે. તેથીજ પ્રથમ પ્રકારને ધ્વન્યાત્મક અને દ્વિતીય પ્રકારને સૂચનાત્મક જેવા અન્વર્થ અભિધાનથી અંકિત કરી શકાય. નયનના ઈસારા, હસ્તાધુનન, ડચકારા, હુંકારો—વગેરેનો સમાવેશ નેત્રપદ્ધતી તથા કરપદ્ધતીમા થઈ શકે છે. ભાષ્યકાર પતંજલિએ એક " સ્થળે કહ્યું છે કે, " ઇન્સ્ટેરાપિ શબ્દપ્રયોગં બહવોऽર્થા ગમ્યન્તે વાક્ષાન કોવૈ: પાણિવિહારૈશ્ચ" અને ભગવાન્ મનુની પણ ઉક્તિ છે કે "આકારૈ રિઙ્ગિતૈર્ગત્યા ગૃહ્યતે ऽન્તર્ગતં મન।

બાહોશ વારાંગનાઓ નિર્વાદ્ય રહેવા છતાં— વાચિક અભિનય રહિત—પણ કેવલ હાવભાવ, નેત્રચલન, અંગચેષ્ટા, દૃષ્ટિક્ષેપ, કટાક્ષ, સ્મિત, હાસ્ય અને ગાત્રવિક્ષેપથી પોતાની અંતરેચ્છા વ્યક્ત કરી શ્રોતૃ-વર્ગનું મનપાતત! પ્રથમદર્શને મનનું હરણ કરી લે છે! વળી બોલવાની તસ્દી ન લેતા, આવી ક્રિયાત્મક સંજ્ઞાથીજ, પોતાના મનોભાવ જણાવવાનું મનુષ્યમાત્ર પસંદ કરે છે. લેખનકલામા પણ પ્રથમ ચિત્રલિપિ નીકળી હશે, જેમ પ્રાચીન લેખોમા પુરવાર થાય છે. હેબ્રુ ભાષાનો પ્રથમ અક્ષર "આલફ" છે, ને તેનો અર્થ 'બળદ' થાય છે કે, પ્રથમ "અ"ને માટે તેઓ બળદનું ચિત્ર ધારતા હશે! ત્યારબાદ ધીમે ધીમે વિકાર થઇને અક્ષરનું અમુક રૂપ નિર્ણિત કર્યું હશે, અત્યારની શોર્ટહેન્ડ કળા પણ તરળતાજ બતાવે છે. સરળતાને ખાતરજ યંત્રો કળાઓ અને અન્ય સાધનો મનુષ્યે શોધી કાઢયા, બાકી માણીની મુખાકૃતી કરતાં બીજું કયું ઉત્તમ સાધન આત્મસાક્ષાત્કાર

બેસીને જવાનું પસંદ કરીશું કારણ કે તેથી અંતરાયો દૂર થાય છે, સુખથી મુસાફરી કરાય છે, ને કાળક્ષેપ થતો નથી. અથવેવ લેખનકલામા પણ શબ્દો ટુંકાવવા તથા વર્ણ લોપાવવાની રીતી નીકળી હશે.

પ્રસ્વેદ = પરસેવો, પસીનો, માર્ગશીર્ષ = માગસર, સૂર્ય = સુરજ. આ વિકારનું કારણ બોલવાની સરળતાજ છે. સરલોચ્ચાર માટેજ તત્સમ શબ્દોએ તદ્ભવરૂપ પકડયું તથા સંસ્કૃતમાથી અનેક પ્રાકૃત ભાષાઓ ઉત્પન્ન થઈ. સરલોચ્ચાર માટે ગુ૦ ભાષાના શબ્દો પણ વિરૂપ અને અપભ્રંશ થતા જાય છે. ઉદા૦ સં—જઙ્ઘરમ્ ઉત્તરીયં પરથી "ખરો મુતર્યો" શબ્દ વ્યુત્પન્ન થયો છે. મેઘવાહઃ પરથી મેહવો. (નદીનું નામ છે. મેઘ્વો નામ તો અશુદ્ધ છે.) નાના છોકરાઓ ક્ષ તથા જ્ઞ ને માટે અક્ષ, તથા અજ્ઞ બોલે છે. સ્ત્રીનું ઈસ્ત્રી કે અસ્તરી રૂપ વિશેષ પ્રચલિત છે. સં. સ્ત્રી નું પાલી ભાષાનું રૂપ ઇત્થી માલમ પડે છે. (અશોકના કર્પુરદંગિરિના લેખમા) અને અશોકના ગિરનારના લેખમા ઇથી રૂપ લખેલું જણાય છે. પ્રાકૃતમા ઇત્થી શબ્દ છે. એટલે સંસ્કૃત સ્ત્રી શબ્દનું પ્રાકૃત થતા પહેલા ઇત્થી શબ્દ બોલવાનો વહીવટ હતો, એમ જણાય છે. અક્ષરા ન્તોડાક્ષરથી શરૂ થતા શબ્દોને બોલવાની ખાતરજ ઈ કે અ ઉમેરવાનો રિવાજ પડયો હોય એમ દેખાય છે. વળી આપણા લોકો ઈસ્કૂલ, ઈસ્ટેશન વગેરે પરભાષાના શબ્દો બોલવામા પણ સરળતા ખાતરજ, આગળ "ઈ" ઉમેરે છે. School = સ્કૂલને બદલે ઈસ્કૂલ બોલે છે. આ પ્રયોગ પણ પ્રાચીન છે. લાટિન Sohola પરથી અંગ્રેજી School શબ્દ બન્યો છે. પ્રાચીન ફ્રેન્ચમા Escole અને હાલની ફ્રેન્ચે Ecole રૂપ બનાવ્યું છે તે પણ સરળતા ખાતરજ હશે ! ગુ૦ ઉદા૦ ઈસ્તુતિ, અજ્ઞાન, અઘોર અલોપ. (આ બે શબ્દોમાં 'અ' નિરર્થક છે.). દીનાનાથમાંનો વચલો ન ઉત્કર્ષવાચક ગણાય પણ દીનનાથ શબ્દ થઈ શકે. કોકિલાસ્વરી = કોકિલસ્વરી. વગેરે.

ગુજરાતીમા તો બોલવું તેવું લખવુ, ને લખવું તેવું બોલવુ— શબ્દો પડયા મૂકવા કે ઉમેરવાનો રિવાજ છેજ નહિ. આ સબંધી અંગ્રેજીમા નિયમનો અભાવ છે. તોપણ ભાષાવિશારદોએ જોડણી અને ઉચ્ચાર નક્કી કરેલા છે. Rough = રફ, night = નાઈટ would = વુડ વગેરે. હવે આપણી ગુજરાતી ભાષામાં કયા કયા વર્ણ લોપાય છે તે તપાસીએ. ફાલીયાવાડી શબ્દો—સાદે છે = સાદ કરે છે. મારા = મારા સાળા વગેરે.

અંગ્રેજીમાં પણ Do not નું Don't થાય છે. અત્ર " o " અક્ષર લોપાય છે ને તે માટે ઉપર ચિહ્ન મૂકવું પડે છે.

હકારનો લોપ—કે' છે = કહે છે. રે' છે = રહે છે. આ શબ્દોમાં હકારનો લોપ થાય છે. કવિ નર્મદાશંકરે હકારનો લોપ કરવા માટે શબ્દમાં ટપકું મૂકવાની પ્રથા ઉપસ્થિત કરી છે. કહાનજી = કાનજી, વહાલો = વાલો વગેરે.

કેશવલાલનું દુષ્ટ રૂપ કેશો, અને તેનું વિકૃત રૂપ ચેહો પણ અંત્યજાદિ કોમોમાં અવશ્યગોચર થાય છે.

બાળકોના નામ ટુંકાવીને—વહાલથી કહો કે પછી ટુંકાવીને બોલવાની રૂઢિથી કહો પણ બોલવાની રૂઢિ પ્રવેશ પામીને કેટલીક વાર શબ્દો ઓટલા વિકૃત તો આપભંશ થાય છે કે મૂળરૂપ શોધવું પણ કઠણ સાધ્ય, અરે, અસાધ્યપ્રાય થઈ પડે છે.

ગામના નામ—અહમદ નગરનું અમદનગર. બે અક્ષરનો લોપ થાય છે. કેટલીકવાર નગરનું પ્રાકૃત નયર થઈ નેર રૂપ ગુજરાતીમાં પ્રચલિત થયું છે. જેમ કે ચાંપાનગર ચાંપાનેર વગેરે સરળતા ખાતર ભૃગુકચ્છનું ભરૂચ થયું છે. કાર્ય પ્રકાશક ચિહ્નો નો અતિમ હેતુ પણ સરળતામાં જ છે. એટલે +, —, ×, ÷ સદ્દર્હુ ચાર ચિહ્નો સરવાળા, બાદબાકી, ગુણાકાર ને ભાગાકાર માટે વપરાય છે. ભગનલાલ કહે એમ લખ્યું હોય તો " ભગનલાલ— " અત્રસ્થ લીટી 'કહે' શબ્દના અર્થે યોજાઈ છે. આદિ, વગેરે, ઇત્યાદિ, Ditto Dto વગેરે સંસ્કૃત, અરબી, લાટિન તથા અંગ્રેજી શબ્દો પણ વિસ્તારભયથી મુક્ત થવા સરળતા માટેજ યોજાયા હશે. હિંદીમાં એકજ શબ્દ બેવડો લખવો હોય તો પુનર્લેખન ન કરતા એક શબ્દ લખીને આગળ બગડો કરે છે. જેમ કે બડા, બડા નહિ પણ બડા ૨ વગેરે.

ગુજરાતી કાવ્ય લેખનમાં વર્ણલોપ પદ્ધતિ વિશેષ દૃષ્ટિગોચર થાય છે. ના'વ્યો = ના આવ્યો આ કરતાં પણ વિશેષતાવાળું ઉદાહરણઃ—

" નિ. દી. ઉ. પ. કુના વાયટા, વિત્યા ત્રોતા વાટ:
વ્રજ હૈયામા કે મપી જોઇ્યા અધિક ઉચાટ "

(૪ ૬ ૫)

મધ્યમપદલોપી સમાસ પણ વર્ણલોપક રોમીનો અચ્છો નમુનો છે. દહીંવડા = દહીંમા આવેલાં વડાં. આગગાડી = આગથી ચાલનારી ગાડી. ન્યાં વિભક્તિનો લોપ થાય છે જેમ કે દીનાનાથ = દીનનો નાથ વગેરે.

શકુંત લાવી = શકુંત નામનું પક્ષી લાવી.
શકુંતલાવી = શકુંતલા આવી.

આ બન્ને વાક્યો બોલવામા સરખા છે પણ એક ચિહ્નથી વર્ણ લોપવાથી ભેદ પડી જાય છે.

આ પ્રમાણે વર્ણલોપક રોમીનું માત્ર દિગ્દર્શન કરાવવાનોજ મારો હેતુ છે, તેના વૈવિધ્યથી ભાષાને તે ઉપકારક અને સહાયક છે કે નહિ તે જણાઈ આવે છે. આ વિષયપર કોઈ સુજ્ઞ સાક્ષરના હાથે ઉપયોગી લખાણ થવાની આશા સાથે આ વિષય બંધ કરું છું.

કંકુ બનાવવાની રીત.

(મિ. સિકંદાસ જીવાભાઈ ભગત મિશન સ્કૂલ મહેતાજી, ડાકોર.)

કંકુ હિન્દના ઘણા ભાગમા બનાવાય છે તેમ જામનગરનું કંકુ તેની રતાશ અને ચમકના માટે પ્રખ્યાત છે પરંતુ કાળક્રમથી આને છે એમાં કેટલીક ભેળસેળ થઈ ગઈ છે. બારીક રીત જામનગરના કારીગર સિવાય સ્વજ્ઞાને સ્વાધિન છે. સ્વાર્થને અર્થે છુપો ભેદ પ્રકટ કરતા નથી, તેમજ તેની જાણ માટે બીનદરકારી પણ હશે !

રસાયનકળાના બે જાતના પદાર્થ એટલે (૧) એસિડ વર્ગ અને (૨) અલ્કલિ વર્ગ (ગુજરાતીમાં ખટાશ અને ક્ષાર) ની અસર વનસ્પતિ રંગ પર એટલી ચોકસ અને જબરદ છે, કે તે રંગની પૃથક્કરણમા તેની હયાતી યા ગેરહાજરી નક્કી થાય છે. વનસ્પતિનો પીળો રંગ ખટાશથી વધુ પીળો અને ખારમી રાતો થાય છે. રાતો રંગ અને ખટાશ એ બેનું મિશ્રણ કરવાથી રાતો રંગ નષ્ટ થઈ અસલ રંગ દૂર થાય છે. આસમાની રંગમા ખટાશ મેળવવાથી રાતો રંગ અને રાતા રંગમા ખાર મેળવવાથી આસમાની થઈ જાય છે. રસાયનનો એ નિયમ કંકુ બનાવવામા દૃશ્ય થાય છે. ઉત્તમ કંકુ નીચેની રીત મુજબ બની શકે છે. જેમના પ્રમાણમા મીતર્ં ઉલ્લેખન તેટલા પદાર્થોમા બનાવો મળે

લીલી હળદર વધારે પસંદ કરવા જેવી છે, કારણ કે તેનું મળસ્ત્વ બીજી પાસ વધુ બેસે છે. સુકી હોય તો એક રાતભર ખાટી છાશમાં પલાળી રાખવી. કંકુમાં કળાશ ન આવે માટે બીજે દિવસે ઉપરની છાલ ઉતારી નાખવી. છાલ રહિતના એ હળદરના ગાંઠીઆને કાપી નાના નાના ટુકડા કરી, તેને ખટાઈનો પાસ દેવો. લીંબુની ખટાઈ વધુ પસંદ કરવા જેવી છે તે કરતાંએ મુંબઇમાં મળતા લીંબુરસના સાકર જેવા ગાગડા—જેને ગ્રીક લોકો સાઈટ્રીક ઍસિડ કહે છે તે નાખવા એ સારું છે. બે ત્રણ દિવસ એ રીતે ખટાઈનો પાસ દીધાથી હળદર અતિશય પીળી બને છે.

પીળા રંગને રાતો રંગ કરવા અલ્કલિનો ઉપયોગ થવો જોઈએ. એ ક્ષાર પસંદ કરવામાં રસાયન જ્ઞાનની જરૂર છે. ઘણા ક્ષાર જલદી અસર કરે છે. જેમકે ખારો, પોટાશનો સંચોરો કૃત્રિમ સુરોખાર (જે ખરો સુરોખાર નથી), અને કળી ચુનો. હોળીના દિવસોમાં છોકરા કેસુડાંનાં ફૂલને ઉકાળી તેમાં હળદર નાખે છે. ઉકાળો આવ્યા બાદ તે રસમાં ચુનાની મેળવણી કરે છે, એટલે રાતો રંગ બને છે. તેનાથી કપડાં રંગે છે પણ તે તરતજ ફિક્કાશ મારી જાય છે. જે ક્ષારની અસર મંદ ગતિએ ચોક્કસ થાય તે ઉપયોગી ગણાય.

અજમા મળતા ટંકણખારને લાવી ભુકો કરી રાખવો. પીળી હળદરના ટુકડાને કાચપાત્ર કે કેળ પાનમા મૂકી, એ ભૂકો થોડે થોડે તથા કેટલેક અંતરે અભરાવવો, એટલે રાતા રંગની શરૂઆત થશે. એમ એક બે દિવસ કર્યા બાદ ભૂકો કે અન્ય કચરો ન વળગે તેની ખાસ સંભાળ લેતાં એ ટુકડાઓને છાયામાં સુકવવા. તદ્દન સુકાવા હોય ત્યારે લોદાની ખાંડણીમાં ખાંડવા જેવા થયા હોય ત્યારે ખાંડી ભુકો કરવો. પછી ચુગડાંથી ચાળી, ચાળણને ફરીને ખાંડવું. એ બારીક ભુકાને બરણા વાટવાં. આખને મોહ પમાડે એવો મોહક અને કસુંબાના ટુકડા જેવો રંગ આવે છે. ઉત્તમ કંકુ માટે આ રીત ખરી છે, પણ ખર્ચ સાથે માથાકૂટ ન ગમે. માટે નીચેની રીત બસ છે.

છાલ સાથેના હળદરના ગાંઠીઆને અતિશય છાયામાં પલાળવા બાદ પાણીમાં ખાર નાખી, ગાંઠીઆ સાથે ઉકાળો કરવો. બે ત્રણ ઉકાળા કર્યા બાદ રતાશ આવે છે. દરેક વખતે ઉકાળો છાયામાં સુકવવા બાદ ખાંડી ચાળી અને વાટી દીધા જેટલે કંકુ તૈયાર થાય છે.

પત્રોના ઉત્તર.

અનુસંધાન ગતાંક પૃ૦ ૧૨૭ થી

મિ. જેશંકર વજેશંકર શુકલ.

પ્રશ્ન-૧-૨. જન્મશિખરી ઇ. સ. ના ૭ મા સૈકામા થયો હતો એજ માનવું વાસ્તવિક છે.

મિ૦ અંબુભાઇ નાગરજી વસી

મુ—ડિંડોલી. જિ. સુરત.

પ્રશ્ન ૧ નો ઉત્તરઃ-જન્મશિખરી માટે ઇ. સ ૬૮૫ ની સાલ ખરી છે. ઇ. સ પછી-ગુજરાતના ઇતિહાસની વાર્તામા આપી છે તે છાપાની ખોટનુ પરિણામ છે

મિ૦ મોકળચંદ નાથજી ભટ્ટ

મુ—કંડાણા (રેવાકાંઠા).

તમારા પ્રશ્નનો ઉત્તર ઉપર દર્શાવ્યો છે.

મિ૦ કેશવરામ રણછોડજી જોશી.

એ વી. સ્કૂલ. હલદરવાસ.

પાંચમી ચોપડી પાઠ ૩૪ મા પ્રાસ માટે 'અવિનાશી' શબ્દને બદલે "અવિનાશ" સૂચવેલો છે. ઉ૦ પ્રાસને માટે આ સૂચના ખરી છે પણ સંગીતના રાગની કવિતામા આવા પ્રાસની જરૂર નથી.

પટણી નાથાલાલ મોહનજી-મહેતાજી

રાયપુર-ઇન્ડીજીનસ પ્રીપ્રેરેટરી સ્કૂલ.

અમદાવાદ.

વાચનમાળા બીજી ચોપડી પાઠ ૪૦ મા ખોડો પુરવા વિષેજ વાત ખરી છે. મેલુ ઉપાડવાની તમે કહો છો તેમ નથી. માટે 'ઢોર' શબ્દનો દુરુ-

પયોગ થયો નથી. જે કેટલા શોકાએ વસુવાનું ઉત્તમ કામ સ્વીકાર્યું તે આગળ જતાં વસુકર કહેવાયા માટે બીજી ચોપડી પાટ ૪૦ અને ત્રીજી ચોપડી પાટ ૪૩ ના લખાણમા પરસ્પર વિરોધ જેવું નથિ

મિ. છબીલ ઓમ. રાવળ. મુ—સરલા.

વિ. જે તારા નામની સ્ત્રી મતી મનાય છે તે બૃહસ્પતિની સ્ત્રી નહિ પણ વાલીની સ્ત્રી તારા હતી તે.

રા. ભગવાનદાસ કરસણશંકર પઢંયા આ૦ ઇલાવ મુખ્ય

સ્કૂલ તા. અંકલેશ્વર.

'બટ્ટી' શબ્દ ખરો કે 'બટ્ટી' તેના ઉત્તરમા લખવાનું કે 'બટ્ટો' શબ્દ ખરો માનવો.

મિ. મોહનલાલ શિવશંકર વ્યાસ આ૦ મા૦

મુ—ડોડીનાગ.

પરોપકારનો અર્થ તમે 'દયા રાખવી, દુઃખીને દુઃખમા મદદ કરવી, લોક કલ્યાણના નામ કરવા એવો અર્થ કરી ત્રીજી ચોપડીના ૨૪ મા પાઠમા 'નિટ' જતા પરોપકાર કરે છે એમ માનવું અવાસ્તવિક માનો છો. ઊંટનુ કાર્ય ગજ ખુશીનુ નથી એમ કારણ દર્શાવો છો. એ મતભેદ યોગ્ય છે, પણ પરોપકાર જાણીને કરીએ તે ઉપરાંત કેટલાક કાર્યો એવા પણ છે કે પરોપકારી પુરુષ જાણતો નથી અને તેનાથી પરોપકાર થાય છે. પરોપકારની ઉપયોગિતા બતાવી પરોપકાર દર્શાવવાને બદલે પરોક્ષરૂપે બતાવેલો પરોપકાર પણ સ્તુત્ય છે. ઘણા ઊંટો મરીને-જીવ આપીને-તરસ્યા મુસાફરને પાણી પુરું પાડે છે તે ઉપરથી કવિ ઊંટના મુખદ્વારા આ પરોપકારનુ વર્ણન કરાવે છે.

રા. ચંદુલાલ જીવતરામ ત્રિવેદી

આ૦ મા૦ તા૦ સ્કૂલ. સભા

ગઢનપુર સ્ટેટ.

ત્રીજી ચોપડી પાટ ૩૪ સુમિત્રાને લક્ષ્મણ તથા શત્રુઘ્ન બે પુત્રો હતા એ વાત સત્ય છે. બીજી બધાઓ ખોટી માનવી

રા. નારણજી કલ્યાણજી દેશાઈ. મુ-કોપરેલી.

'નીતિસાર' પુસ્તકમાં લખેલી કેકેયીના વરદાનને લગતી હકીકત ખરી છે. તુલસીકૃત રામાયણમાં રઘવું પેડું કૈકેયીએ પોતાની આંગળી ભેરવી રહ્યું રાખ્યુ હતું એમ ટીપમાં લખ્યુ છે. રામાયણમાં આ વાત નથી.

ઝંડા બીજી વા૦ મા૦ પુ૦ ૨ જું પાઠ ૩૦ "તગડધુમ કરતાં ડંકા ને ફરફરતા નિશાનો નીકળી પડયા."

પ્રશ્ન—આ વાકયમાં નીકળનાર કોણ"

ઉત્તર—ડંકા અને નિશાનો એટલે નિશાન ડંકાવાળા માણસો.

મિ૦ ખંડુભાઇ નાગરજી વસી.

પ્ર૦—સામંતસિંહ ઇ૦ સ૦ ૯૩૫ થી ૯૪૨ સુધી રાજ કરે છે. એ અરસામાં પોતાની બેન લીલાવતીને રાજ સાથે પરણાવે છે. લીલાવતીનો પુત્ર મુળરાજ સામંતસિહને મારી રાજ લે છે. એ અસંભવિત છે.

ઉ૦—સામંતસિંહ ગાદીએ બેઠો તે પહેલાં લીલાવતી રાજને પરણી હતી. એટલે મુળરાજ સાત વર્ષની ઉમરે મામાને મારે એમ બન્યુંજ નથી.

---

૧. સરલ દેશીનામાની પદ્ધતિ-ટેક્સ્ટબુક, આ. ૩૦ મી, ૦-૫-૬ સરલ ગુજરાતી બાલ વ્યાકરણ-લાઈ. બુક. ઘણે ઠેકાણે ટેક્સ્ટ, આ. ૨૬ મી, ૦-૫-૦; ૩. સરલ વ્યુત્પત્તિ-જ્ઞાન પ્રકાશ (૫-૬-૭ મી ચોપડીના પાઠવાર શબ્દોના કોશ સહિત), લા. પ્રા. બુક, સુધારેલી આ. ૩ જી. ૦-૮-૦; ૪. નવું સરલ મુખગણિત, (બાળ વર્ગથી ધો. ૫ સુધી એકજ બુકમાં), ઘણે ઠેકાણે ટેક્સ્ટ, આ. ૧૧ મી, ૦-૩-૦; ૫. ગુજરાત પ્રાંતની ભૂગોળ વિદ્યા, આ. ૧૧ મી, ૦-૧-૬. મુખ્ય એજન્ટ અમદાવાવાદ, એસ. બી. શાહની કંપની, ઈ૦ ઈ૦

પ્રેમચંદ કરમચંદ શાહ, ગોંડળના ભાજી ડે. એ. ઈ.

મુ. કપડવંજ.

જરા વાંચશો કે ?:—

અમારે ત્યાં સ્કૂલોમાં ચાલતા તમામ પુસ્તકો તદ્દન મૂળ કિંમતે તથા નકલો, સ્ટેશનરી વગેરે બહુજ કિફાયતે મળશે. સામટા લેનારને ઘણું સારૂં કમીશન. એક વાર કાગળ પાડી જરૂર ખાત્રી કરશો.

શ્રી ગજેન્દ્ર બુક ડીપો.

ઠે. ઉદ્દમ્બર કુવા પાસે. મુ. ગોધરા (પંચમહાલ)

	(૬) અસહકારયોગ (Non-co-operation)	,,
	(૭) ખુન ખરાબા હરામનમેં	,,
	(૮) પ્રેમ પથિક ભાગ ૧ લો.	,,
	(૯) ગાંધી પ્રતાપ, ભાગ ૨ જો	,,
	(૧૦) અસહકાર રાગ. ભાગ ૧ લો	,,
	(૧૧) ભારત દુર્દશા દર્શન (પ્લેગની હત્યા કરો)	,,
	(૧૨) "વાકે પગલે" ભાગ બીજો	,,
	(૧૩) મહાત્મા ગાંધીજીકા ઉપદેશ	,,
૧૦	નીચેના નામના ચોપાનીઆ	નંબર ૧૨૯૭
	(૧) ગાંધી મશ હોગી,	તા. ૭-૧૦-૨૧
	(૨) અસહકાર મત	,,
	(૩) કાશગંજકા સ્વપ્ન (of Kashganj The dream)	,,
	(૪) બત્તીઆવાળા બાગ અને ડાયરશાહી (પંજાબ)	,,
	(૫) ચરખા મહાત્મ્ય	,,
	(૬) વન્દેમાતરમ્ ગાંધીજી મહારાજ	,,
	(૭) નિર્મોલીઆ	,,
	(૮) સ્વદેશી ચાબુક ભા. ૧ થી ૪	,,
	(૯) યુગાવતાર ગાંધી	,,
	(૧૦) રાષ્ટ્રીય વિજય શંખધ્વની	,,
	[૧૧) ગાંધીકા પતાકા	,,
	(૧૨) સ્વરાજ્ય સરગરસિધી	,,
	(૧૩) સ્વદેશ દશા	,,
	નીચેની જાહેરાતો —	
	૧) મુક્તકંઠે ફતવા (Unanimous Fatwa)	નં. ૧૩૨૨ તા. ૧૩-૧૦-૨૧
	(૨) હિંદુ દેશના મુર્દા પ્રજા તાજિનામા	

	Truth ચોપાનીઉં નં. ૩ સ્વદેશી ગીતાજ્ઞની ભાગ ૧ લો	,,
૧૫	" નીમોંઝિઆ, ઇર્ષ, પ્રાર્થના અરસતી સ્વરાજ્ય, અસહયોગથી લાન " નામના ચોપાનીઆં	નં. ૧૬૭૪ તા. ૨૨-૧૨-૨૧
૨૦	મુંબઈ નં. ૪ ચોપાટી ઉપર આવેલા છાપખાનામાં લીલાધર સંજ્ઞભાએ છાપેલું કાગળીઉં. તેની એક બાજુએ હિન્દનો નકશો છે જેમાં "૧૯૧૯—૨૦—૨૧ નું હિંદ " એ શબ્દો અંગ્રેજીમા લખ્યા છે. મરાઠીમાં "હિંદમાં ગોળી બ્હાર" "સોહીથી કલંકિત હિંદ" એ શબ્દો છે. બીજી બાજુએ ત્રણ ખાનામા છાપેલી હકીકત જેમા ના ૧ લા ખાનાને યથાર્થ " મહાન વિગ્રહ વખતે આ- પેલા ભોગનો હિંદને બદલો" એમ લખેલું છે.	નં. ૧૬૧૭ તા. ૨-૧૨-૨૧
૨૧	(૧) વાકે પંજમ (પંજાબના બનાવો)	નંબર ૧૦૮૬
	(૨) મહાત્મા ગાધી ગીતા	તા. ૩૦-૮-૨૧
	(૩) નોહારામ (૪) અસહયોગ બહાર	,,
	(૫) રાષ્ટ્રીય રાગ	,,
૨૨	ભારત શહેરમા પ્રસિદ્ધ થએલું 'હાદસે નઝર અખબાર' નામનું ઉર્દુ ચોપાનીઉં.	નં. ૧૨૧૬ તા. ૨૭-૯-૨૧
૨૩	(૧) ઇન્કેલાબે હિંદ નામનું ઉર્દુ કાવ્ય	તા. ૨૮-૯-૨૧ નો
	(૨) ભારત ઉદ્યમ ભજનાવળી ભાગ ૨ જો નામનું હિંદી ચોપાનીઉં	નં. ૧૨૨૮
	(૩) ઇસલામકો ફર્યાદ નામનું ચોપાનીઉં.	,,
	(૪) બ્હારે હિંદ નામનું હિંદી ચોપાનીઉં	,,
	(૫) કીસન ગૈયા	,,

જાહેરખબર.

હંટર મેઇલ ટ્રેનિંગ કોલેજની પ્રાવેશિક પરીક્ષા.

૧. આથી ખબર આપવામા આવે છે કે—હંટર મેઇલ ટ્રેનિંગ કોલેજની આસુ સાલની પ્રાવેશિક પરીક્ષા તા. ૧૨ માહે સપ્ટેમ્બર સને ૧૯૨૨ સોમવારે સવારના અગિયાર વાગે હંટર મેઇલ ટ્રેનિંગ કોલેજના મકાનમાં શરૂ થશે.

૨. સામાન્ય રીતે જે વર્ષમા ઉમેદવાર પ્રાવેશિક પરીક્ષા આપવા આવે તે વર્ષની ૧ લી ડિસેમ્બરે ઉમેદવારની ઉંમર પુરાં ૧૬ વર્ષની અને ૨૨ વર્ષથી ઓછી હોવી જોઈએ શિક્ષક તરીકે ખાતામા દાખલ થએલા ઉમેદવારોની ઉમરની હદ ૫૦ વર્ષ સુધી ચાલશે. ૧૬ વર્ષથી ઓછી ઉમરના તથા ૨૨ વર્ષથી વધારે ઉમરના ઉમેદવારોએ કાઠિયાવાડના મદ્રે. એ. એજ્યુ. ઓફિસર સાહેબની અગાઉથી મજુરી મેળવી હશે તો આ પરીક્ષામાં તેમને બેસવા દેવામા આવશે.

૩. સામાન્ય રીતે ઉમેદવારે સાતમું ધોરણ અથવા વર્નાક્યુલર ફાઇનલ પરીક્ષા પાસ કરેલી હોવી જોઇએ. પરંતુ છઠ્ઠું ધોરણ પાસ કરી હંટર મેઇલ ટ્રેનિંગ કોલેજના પ્રાવેશિક વર્ગમા દાખલ થઈ ઓછામા ઓછી તે વર્ગમા ત્રણ માસની હાજરી આપી હોય, અગર ખાતાએ સ્વીકારેલી કોઈ પણ ફકુલમા અને ઉપલા પ્રાવેશિક વર્ગમાં મળીને ઓછંદર નવ માસનો સાતમા ધોરણનો અભ્યાસ કરેલો હોય તે ઉમેદવાર સાતમું ધોરણ પસાર કર્યા વગર પણ આ પરીક્ષા આપી શકશે.

૪. ૧૬ વર્ષથી ઓછી ઉંમરના તથા ૨૨ વર્ષથી વધારે ઉમરના ઉમેદવારો મદ્રે. કા. એ. એજ્યુ. ઓ. સાહેબની મંજુરીથી આ પરીક્ષા આપી શકશે. પરંતુ તેવા ઉમેદવારો પાસ થયે તેને કોલેજમા દાખલ કરવામા આવશે નહિ.

૫. પરીક્ષા થઈ રહ્યા બાદ લાયક જણાયેલા ઉમેદવારોને શારીરિક તપાસ માટે બોલાવું પડશે.

હંટર મેઇલ ટ્રેનિંગ કોલેજ,
રાજકોટ.
તા. ૧૭–૪–૨૨

(સહી) બી. કનેચા
પ્રિન્સિપાલ.

હંટર મેડલ ટ્રેનિંગ કોલેજની પ્રાવેશિક પરીક્ષા આપવા આવનાર ઉમેદવારોએ લાવવાના સર્ટિફીકેટનો નમુનો.

નંબર.	નામ, અટક સાથે	જન્મ	વતન	ઈ. સ. પ્રમાણે જન્મ તારીખ. તા. મા. સ	૧ લી વિસે બરે ઉમેદવારની ઉમ્મર. વ. મા. દિ.	સાદ પરીક્ષા પાસ કરેલ છે	ઉમેદવાર કેળવણી ખાતાના નોકર છે કે નહિ? છે તો કયા ખાતામાં છે.	ગ્રેજ્યુએટ કે અંડર ગ્રેજ્યુએટ?	કેટલી મુદત ખ્યાલમાં?	ચાલચલગત સારી હોવાનો મેજીસ્ટ્રેટનો અભિપ્રાય.	શરીરે ખોડખાંપણ છે કે નહિ?	વિગત

બુકબુકીઆ અને રાણાકૃત પુસ્તકો.

માસ્તરા ગુ. કોપી બુક નં. ૧ થી ૬, રૂ. ૦)–૫; ઉર્દુ સ્કૂલો માટે ઉર્દુ બુશખતી કોપી બુક નં. ૧ થી ૬, રૂ૦)ક્ર; ધી ઈન્ડિઅન મિડલ સ્કૂલ કોપી બુક નં. ૧ થી ૮, રૂ ૦)ક્રા; સુંદર રંગીન ગુજરાતનો નકશો, ગુ. ધોરણ ૩ ના માટે, ૧૮ા " × ૧૬ા," રૂ.૦)ક્ર; ગુજરાતની ભૂગોળ, મો. ૬ ના માટે, બાબ્યાસો, સ્કેલ અને ભૂતગ રચના સહિત, બરાબર છાપેલા સરકારી ધોરણે પ્રમાણે, રૂ.૦)ન; ગુ. ધોરણ વાર મુખગણિત—બાળવર્ગ ૦)ન્ા, ધો. ૧ લું ૦)ન્ા, મો. ૨ જું ૦)ન્ા, મો. ૩ જું ૦)ન્ા અને ધો. ૪–૫ મુ ૦)ન્ાા; સચિત્ર કિન્ડરગાર્ટન પદ્ધતિ, રૂ. ૦ા; લાલશંકર કૃત નવા મોટા અંકગણિતનો બુલાસો રૂ. ૦ા; ભૂગોળ ખગોળનો ઉપયોગ કે ગોળાનાં કૃત્યો ૦)ક્ર, સ્લેટબડ ડ્રોઇંગ ૦)ક્ર; દેશી હિસાબ અને આક બા. ૧ મો ૦)ન્ા. ૨૫ નમ્બે સેંકડે ૨૫ ટકા ડિસકાન્ટ. ઠા. બેચર મોઘજી એન્ડ સન્સ, બુકસેલર્સ,

પરા બજાર, રાજકોટ.

બલસારા ટ્યુશન ક્લાસ.

આ જુના અને જાણીતા કલાસો તેના મહલાળ ભરેલા ધંતીલા શિક્ષણ માટે ઘેર ઘેર એક અવાજે વખણાય છે. એમા કોઈપણ ઉંચ કોમના છોકરા–છોકરીઓ, બાનુઓ, અને ગૃહસ્થોને સવારે–સાજે–રાતે યા આખો દિવસ, અંગ્રેજી જલદી લખતા વાચતા અને બોલતા તેમજ હારમોનીઅમ વાયોલીન, દીલરૂબા, ટ્રીંગ, બુક–કીપીંગ, શોર્ટહેન્ડ–ટાઇપરાઇટીંગ, ધર્મજ્ઞાન અને ૬–ખ થી મેટ્રિક સુધીની કોઈપણ બાબતો ઘણાં વરસોના અનુભવી મરદ અને સ્ત્રી શિક્ષકો દરેક વિદ્યાર્થી ઉપર ખાસ ધ્યાન આપી ઘણીજ કાળજી અને મહેનતથી શીખવે છે. બાનુઓ માટે મહેલાજાભરેલી બાસ સગવડો છે. શિક્ષકોમાંના એક પારસી બાનુ શિક્ષક ' ટ્રેન્ડ ' થએલાં છે, જે ૧૦ વરસના અનુભવી છે અને જેણે કોલેજમાંથી મેડલ મેળવ્યો છે. તમારાં બચ્ચાઓને તાલીમ આપવા માટે ગોરખપુરવાલા બીલ્ડીંગ વાડીઆજીના ગાતમગેરામ સામે દરજી. ધોળીતલાવ અથવા ૨) કોટમાં ગો. એરવશાહ મકીમનાં દવાખાનાં સામે માળ રોડની વાડીની પાસે. ૮૬ મનભાવ ફીટમા મળશે.

લેખનકળા કોપીબુકો.

ગુજરાતી અને બાળબોધ છ નંબરમાં

દરેક નંબરની કિંમત અઢી આના.

કેળવણી ખાતાના મે. ડિરેક્ટર સાહેબે મુંબાઇ ઇલાકાની ગુજરાતી નિશાળોમાં ચલાવવાને મંજુર કરી છે.

૨૫૦ અને તે ઉપરાંત કોપી ખરીદનારને સેંકડે ૧૫ ટકા કમિશન આપવામા આવશે. પેકિંગ અને રેલ્વે ખર્ચ પણ આપવામાં આવશે, પણ પોસ્ટ મારફતનું કે સ્ટેશનથી આગળનું ખરચ આપવામા આવશે નહિ.

કોપીઓ સાથે બીજાં પુસ્તકો મંગાવનારને સેંકડે એક ટકો હકમાફ ખર્ચ મોકલી આપવા ગોઠવણ રાખી છે. મળવાનું ઠેકાણું—ડાહ્યાભાઇ જગજીવનદાસ એન્ડ સન્સ. લેખનકળા કોપીબુકની ઓફિસ—જુની દાળકાટેવી પોસ્ટ ઓફિસ સામે નંબર ૨૧૭—મુંબઇ.

હુન્નરકુલ શિક્ષક કોપીબુકો

ગુજરાતી અને બાળબોધ આઠ નંબરમા કેળવણી ખાતાના મે૦ ડિરેક્ટર સાહેબે મુંબઇ ઇલાકાની દરેક ગુજરાતી નિશાળમા ચલાવવાને મંજુર કરી છે. લડાઇને લીધે કાગળના ભાવ બેહદ વધી જવાથી મે૦ ડિરેક્ટર સાહેબના નં૦ ૧૧૧૪૫, ૧૯૧૭–૧૮ ની સાલના હુકમથી હાલ થોડા વખત માટે અઢી આના દરેક નંબરની કિંમત રાખી છે. અને ૪૦૦ તથા તેથી વધુ કોપી ખરીદનારને હાલમા સેંકડે (૧૫) ટકા કમિશન ઉપરાત્ પેકિંગ અને રેલ્વે ખર્ચ આપવામા આવશે; પણ પોસ્ટ મારફતનું કે સ્ટેશનથી આગળનું ખર્ચ આપવામા આવશે નહિ. દસ્તુર શિક્ષક કોપી બુકોની સ્ટીલ પ્લેટો દરેક નંબરને બંધ બેસતી ૧ થી ૮ નંબરની, દરેક બોક્સમા એકજ જાતની દા. ૬ કિંમત રૂ. ૦૫૦ નક્કી.

મળવાનું ઠેકાણું:—ન્યાદરજી કાવસજી માસ્તર.

કે નં૦ ૬૦ ગોમ્બી તલાવ—મુંબાઇ

" શિક્ષણ સાહિત્યોનો ભંડાર "

આ કાર્યાલયમાં રાષ્ટ્રીય, પ્રાથમિક, હાઇ સ્કૂલો, કોલેજો, મોન્ટેસોરી, ને કિન્ડરગાર્ટન સ્કૂલો માટે તમામ પ્રકારનાં ને દરેક વિષયોના સાહિત્યો ને ફર્નીચર મળશે. પત્ર વ્યવહાર નીચેના સરનામે કરો ને લિસ્ટ મંગાવો.

સદર સાહિત્યો મુંબઇમાં—કૃષ્ણાર્પણ બોયઝ એન્ડ ગર્લ્સ સ્કૂલ્સમાં તૈયાર મળશે—રેકાર્ડ પોથીતલાવ, મરીન લાઇન્સ, ચોથી ગલીના નાકે. "

કાશીભાઈ છગનદાસ પટેલ

નાંદોલ શિક્ષણ સાહિત્ય કાર્યાલય કં. લી.

દરેગામ (અમદાવાદ)

જરૂર વાંચો જરૂર વાંચો

અમારું સરનામું તમો કદી ભુલશો નહિ.

કારણ કે અમારે ત્યાં નિશાળોના ઉપયોગી તમામ જાતનાં પુસ્તકો, ઉર્દુ પુસ્તકો, લાયબ્રેરિઓને શોભા આપે તેવાં પુસ્તકો, તથા સ્કૂલોને લગતી દરેક જાતની સ્ટેશનરી રાખવામાં આવે છે.

મદદનીશોને સારૂ કમીશન આપવામા આવશે. કમીશન માટે અમારા પ્રાઇસલિસ્ટ મંગાવવા અમારી ખાસ વિનંતી છે.

રીચીરોડ
બાલાહનુમાન
અમદાવાદ.

સેવક
થંડુલાલ મણીલાલ પારેખ
શ્રી અહાયતા બુકડીપો

ટ્રેનિંગ સ્કૂલો અને પ્રાથમિકશાળાઓ માટે અનુક્રમે પાઠ્યપુસ્તક અને ઇનામ લાયબ્રેરી તરીકે મંજૂર થયેલ.

ચિત્રો સહિત.

ગુજરાતના ઇતિહાસની સહેલી વાતો.

કર્તા

વલ્લભભાઈ લલુભાઈ પટેલ,

હેડમાસ્તર પ્રેક્ટિસિંગ સ્કૂલ પ્રે. રા. ટ્રે. કોલેજ.

વડોદરા. શ્રી ગુજરાત ઓરીએન્ટલ બુક ડીપો—અમદાવાદ.

કિંમત બાર આના.

ગુજરાતી પ્રાથમિક શાળાઓમાં રેફરન્સ તરીકે મંજુર થયેલ

ચોથા ધોરણની ભૂગોળ.

લખનાર.—રા.રા. મતલાલ ગણેશજી અમદાવિયા બી.એ., ગોલ્ડ મેડલ ધા.

૨૦ નકશા સાથેની બીજી આવૃત્તિ, મૂલ્ય ૪—૮—૦

રાજા ભોજ અને કવિ કાલિદાસ

બોધક અને આનંદદાયક વાર્તાઓનો સંગ્રહ

૧૦ સુંદર ચિત્રો સહિત દ્વિતીયાવૃત્તિ-કિંમત રૂ. ૪-૦ ૦

લાંબી અને સુખી જીંદગી ભોગવવા ઈચ્છતા હો તો વાંચો

ર. બ. ગોવિંદભાઈ લાગીભાઈ દેશાઈ કૃત

સુધારેલી બીજી આવૃત્તિ મૂલ્ય રૂા. ૨—૦—૦

દીર્ઘાયુષી શી રીતે થવાય

(સરકારે પ્રાથમિક તથા મેટ્રન્ડરી સ્કૂલો માટે લાઈબ્રેરી તથા ઇનામના પુસ્તક તરીકે મંજુર કરેલું.)

શાળોપયોગી નિબંધસંગ્રહ.

પ્રાથમિક શાળાઓના ધોરણ ૫, ૬ અને ૭ ગુજરાતી પર્યાદ્યુબર ફાઈનલ તથા મેટ્રિક ઓટને સ્કૂલ લીવીંગ પરીક્ષાઓ અને મેવ તથા ફીમેલ ટ્રેનિંગ કોલેજોના વર્ગ માટે. કર્તા-ઉગમણા ચ ચલ્લ ખુડણુડીયા અને મણિલાલ મોતીભાઈ રાણા. ૧૫૦ પાનાનું દળદાર પુસ્તક, કિંમત ત્ર ૩ ૧).

ઉદ્યમ કર્મ સંવાદ.

REGISTERED No. B. 93.

પુસ્તક ૬૧ મું.] [અંક ૬-૭ મો.

Gujarat School Paper.

ગુજરાત શાળાપત્ર.

જુન-જુલ સને ૧૯૨૨.

અનુક્રમણિકા.

વિષય				પૃષ્ઠ.
અગ્રલેખ		૧૬૧	કવિતા	૧૬૪
પાકની નોંધ		૧૬૯	મૂળાક્ષર શિક્ષણ	૧૭૪
ૐ અક્ષર		૧૭૬	વસોની નવી ગુજરાતી શાળા	૧૭૮
શિક્ષક માટે થોડાએક જોઇએ		૧૮૩	અંકગણિત વિષે વિશેષ વિચાર	૧૮૪
સંવાદ		૧૮૬	ઉંડિઆ રેસર	૧૮૯
માંધરના રાજાઓનો ઇતિહાસ		૧૯૩	કોલસો	૨૦૧
દેવતા		૨૦૭	અગમ બોધવચન	૨૧૦
ગુજરાતી ભાષામાં વપરાતા કેટલાક		અરબી, ફારસી વગેરે શબ્દોનો		૨૧૨
ચર્ચાપત્રના ઉત્તરનો ખુલાસો		૨૧૭	પુસ્તકોની સમાલોચના	૨૧૯
ઇનામ તથા આંદની યાદી		૨૨૧	ઇનામ પત્રક	૨૨૨

કેળવણીખાતાના હુકમથી

તંત્રી અને પ્રકાશક (ઓક્ટોબર ૧૯૧૪ થી)

મિ. કેખુશરૂ અરદેસર બાલા, બી. એ.,

પ્રિન્સિપલ, પ્રે. રા. ટ્રેનિંગ કોલેજ—અમદાવાદ.

(સર્વ હક્ક સ્વાધીન રાખ્યા છે.)

પા. અંબરસિંહજી પ્રિન્ટિંગ પ્રેસમાં પટેલ નુરખાન અમીરખાન વડીએ છાપ્યું,

રે. બાબે દરવાજા બાંધમાર્ગ પોસ્ટ—અમદાવાદ.

સુચના.

૧. આ માસિકમાં છપાતા અન્ય લેખકોના લેખ સાથે અમારે મળતાપણું હોવું જોઇએ એમ વાંચકોએ માનવું નહિ

૨. પત્ર સબંધી લખાણ—એડિટર તરફ મોકલવું. છાપવા મોકલવાનું લખાણ કાગળની એક બાજુએ ચોકખે અક્ષરે લખવું. છાપવા યોગ્ય લાગશે તો છપાશે, નહિ પસંદ કરેલા લેખ ટિકિટ મોકલી–દશે તો પાછા મોકલવામાં આવશે.

૩. લેખકને ઉત્તેજન—વિષયો વધી મોકલવાના પૈસા લેવાની ખુશી હશે તો પ્રથમવીજ બબર આપેથી દર છાપેલે પાને યોગ્યતા પ્રમાણે ॥ ૧) સુધી આપવામાં આવશે, ચર્ચાપત્ર માટે કંઈ આપવામાં નહિ આવે.

૪. લવાજમ—વરસ એકનો રૂ. ૧–૮–૦ ટપાલ ખર્ચ સાથે–અગાઉથી. વિદ્યાર્થીઓ માટે ૦–૧૨–૦ : છુટક અંકના રૂ. ૦–૨–૬: પોસ્ટેજ રૂ. ૦–૦–૬ જુદુ.

૫. અનિઓર્ડર—કૂપન પર ગામ કે શહેરનું ઠેકાણું સ્પષ્ટ લખવું. તેમજ ત્યા એકથી વધારે નિશાળો હોય તો નિશાળનો નંબર તથા શાળાપત્ર ઓફિસ તરફથી અપાએલા સરનામાના લેબલ ઉપરનો નંબર લખવો.

જાહેરખબરના ભાવ.

મુદત.	પગ.		
	આખું	અર્ધું	પા.
આખું વર્ષ.	રૂ. ૬૫	રૂ. ૩૪	રૂ. ૨૦
૬ માસ.	રૂ. ૪૫	રૂ. ૨૮	રૂ. ૧૨
ત્રણ માસ.	રૂ. ૨૦	રૂ. ૧૦	રૂ. ૭

છુટક છપાવવાનો દર.

દર વરસ લીટીએ રૂ. ૧–૨–૦ રાખ્યા છે

આ પત્ર સાથે કોઈ પણ જાતે બીલ વહેંચવામાં આવશે નહિ.

૬. શાળાપત્રમાં આપેલી આનગી જાહેરખબરોમાં જણાવેલી ચોપડીઓ અમારાએ મંજુર કરેલીજ હોય એમ કંઈપણ હોતું નથી. માટે દરેકને મંજુર કરેલી તરીકે ગણવી નહિ.

૭. શાળાપત્રનું વરસ જાન્યુઆરિથી ડિસેમ્બર સુધી ગણવામાં આવે છે, માટે વરસની વચમા જે ગ્રાહક બંધ થવા માગતા હશે તેમની પાસેથી જેટલા અંકો તેમને મળ્યા હશે તેટલાની છુટક અંક-દીઠે કિંમત લેવામાં આવશે

તંત્રી.

ગુજરાત શાળાપત્ર.

પુસ્તક ૬૧ મું. જૂન—જુલાઈ સને ૧૯૨૨. અંક ૬-૭.

—: અગ્રલેખ :—

ભૂગોળનું શિક્ષણ.

આ વિષય શાળાઓમા ઘણી પદ્ધતિથી ભાગ્યેજ શીખવાતો હશે ભૂગોળ શીખવવાની જુની રીત, એટલે કે ગોખાવવાની અગર તો વ્યાખ્યાન કરી જવાની રીત હાલ નષ્ટ થઈ છે, પરંતુ આ વિષયનુ જ્ઞાન વિદ્યાર્થીઓ કયા ક્રમે અથવા કેવી રીતે મેળવવું તેનું શાસ્ત્રીય સ્વરૂપ કેટલાક જાણતા નથી. હજી પણ બીનઅનુભવી શિક્ષકો શીખવવાની બાબત થોડાક પ્રશ્નો પૂછ્યા પછી પોતેજ કહી દે છે. તેને અંગે વપરાતા નકશો, મોડેલ ઈ૦ સાહિત્યોદ્વારા અવલોકન કરાવી શીખવવાની બાબતના અનુમાન કરાવતા નથી. કેટલાકને તો આ વિષય શીખવવો અઘરો પણ લાગતો હશે, પણ તેને લગતી ઉપયોગી બાબતો લક્ષમા રાખી કામ કરનારને કાર્યની મુશ્કેલીઓ દૂર થશે અને વિષય શિક્ષણ રસિક થઈ શકશે. આ માટે કેટલીક વહેવારૂ સૂચનાઓ અત્રે અમે આપીએ છીએ.

(૧) દરેક વિષયને અંગે આવશ્યક મનાય છે તેમ આમા પણ બાળકોને 'રસ' લેતા કરવાની જરૂર છે શિક્ષકને આ હેતુ સિધ્ધ કરવા પુરતી તૈયારીની જરૂર છે. રોજના રોજ બનતા બનાવોથી માહીત રહેવુ જોઈએ

(૨) ભૂગોળજ્ઞાન વિદ્યાર્થીના મગજમાં કાયમ રહે તેને માટે પ્રશ્નો પૂછતા રહી દરેક બાબત સમજ્યાની ખાતરી કરતા રહેવું.

(૩) દરેક વિદ્યાર્થી પાસે 'એટલાસ' હોવો જોઈએ. શીખવાના સ્થળો તેમાંથી પોતે શોધી કાઢે.

(૪) નકશા તથા સ્કેચ શિક્ષકને દોરતા આવડવા જોઈએ. વિદ્યાર્થીઓને ધીમે ધીમે નકશો દોરતા શીખવવું. શરૂઆતમાં રૂપરેખારૂપી આવી બોખામાં કોઈ પણ દેશને લગતું પ્રાકૃતિક સ્વરૂપ, બનિજો ઇ૰ યોગ્ય સ્થળે મૂકતા શીખવવું.

(૫) મરેા ભૂગોળશિક્ષક પાઠ્ય પુસ્તકને વળગીનેજ શિક્ષણ આપતો નથી. તેનું પુસ્તક વિશાળ જગત અને તેને લગતી બાબતો છે. પૃથ્વી ઉપર બનતી રોજની ઐતિહાસિક હકીકત સાથે પોતે વિષયને જોડે છે.

(૬) શાળાની સાથે એક નાનુ સંગ્રહસ્થાન પણ હોવુ જોઈએ જુદા જુદા સ્થળોએ ભણી આવતી ચીજોનુ અવલોકન વિદ્યાર્થીને ભૂગોળ શીખવવામા ઉપયોગી છે

(૭) ભૂગોળ અને ઇતિહાસનો સબંધ તોડવો નહિ. ભૂગોળ એ પૃથ્વીની રચનાનો અભ્યાસ છે. ઇતિહાસ તે પૃથ્વી ઉપર વસતી પ્રજા, તેના કાર્યો, રાજ્યપધ્ધતિ ઇત્યાદિનો અહેવાલ છે, આથી અમુક ઐતિહાસિક જીવન વૃત્તાંત કે હકીકત ઉપરથી તેની સાથે જોડાએલા સ્થળનો પરિચય કરાવવો, અમુક દેશ કયે સ્થળે છે ત્યાના લોક કેવી જાતના છે, વગેરે હકીકત ઉપરથી ભૂગોળના સત્યો અનુમાનથી તારવી કઢાવવા એજ ભૂગોળ અને ઇતિહાસના શિક્ષણનો સબંધ છે.

દુકાના શિક્ષકે શીખવાના સ્થળોનુ પુરૂ અવલોકન કરાવવુ, નક્શા, મોડેલ, ચિત્રો ઇ૰ નો સંપૂર્ણ અભ્યાસ કરાવવો, પેદાશોના નમુના તપાસી તેને લગતું જ્ઞાન પ્રાપ્ત કરાવવુ અને કાલ્પનિક મુસાફરીદ્વારા જુદા જુદા દેશોની માહીતી આપવી.

૨

ઇતિહાસ અને નેત્રેન્દ્રિયની કેળવણી.

માત્ર વ્યાખ્યાન કરી જવુ અને મુદ્દાઓને લગતી હકીકત બોલી જવી એટલેજ ઇતિહાસ શીખવવાનો ઉદ્દેશ રાખી શિક્ષક કામ કરે તો તેના શિક્ષણના સંસ્કાર દૃઢ થતા નથી. આથી બાબત કર્મેન્દ્રિય ને કેળવાય છે. નેત્રદ્વારા

પ્રાપ્ત થતા જ્ઞાનના સંસ્કાર ચિરકાળ સુધી રહે છે અર્થાત્ નેત્રેન્દ્રિય કેળવવી એ પણ ઇતિહાસ શીખવનારે લક્ષમાં રાખવાનું છે આના સાધનરૂપે વિદ્યાર્થીને ઐતિહાસિક હકીકતના સ્થળોનો પુરો ખ્યાલ આપવા શિક્ષકે નકશા દેખાડવા. નકશો એ ઇતિહાસશિક્ષણનું ઉપયોગી સાધન છે. દરેક હકીકતને લગતા જુદા જુદા નકશા ખડીકરવાની અનુકૂળતા શાળાપરત્વે પ્રાપ્ત ન થાય એ સંભવિત છે માટે પાટીઆ ઉપર યુદ્ધક્ષેત્ર, લડાઈમાં લશ્કરની ગોઠવણ વગેરે બાબતો સ્પષ્ટ કરવા ચિત્રો હાથે દોરવા. જુના શસ્ત્રો, પોષાકોના નમુના વગેરે ઉપયોગી સાધનો મેળવી શકાય તો તેનો પણ ઉપયોગ કરવો આમ જુદી જુદી ચીજોનું પ્રત્યક્ષ અવલોકન કરાવી કાનને કેળવવા ઉપરાંત નેત્ર પણ કેળવી શકાય છે

૨.

અમેરિકામાં કેળવણીની એક નવી રીત.

અમેરિકામાં એક નવી રીત કેળવણીને અંગે શોધાઈ છે તેને "ડેલ્ટન લેબોરેટરી પ્લેન" (ડેલ્ટનની પ્રયોગશાળાની રીત) કહે છે આને લગતી ટુકી નોંધ મુંબઈમાં પ્રસિદ્ધ થતા ' ટાઈમ્સ ઓફ ઈન્ડિઆ " નામના દૈનિક પત્રમાં ગયા એપ્રિલ માસમાં છપાઈ હતી તેનો સાર ઉપયોગી હોવાથી આપ્યો છે.

આ શાળાનું નામ પ્રયોગ શાળા છે પણ ખરી રીતે તે નામ લાક્ષણિક અર્થ સૂચવે છે. રસાયનના પ્રયોગ માટે વપરાતી પ્રયોગશાળા આ નથી. આ તો એક જાતની મોન્તેસોરી પદ્ધતિને મળતી જાતમહેનતથી જ્ઞાન મેળવવાની રીત છે. ભેદ એટલો છે કે આ નવી રીત ૧૦ થી ૧૪ વર્ષની ઉમરના વિદ્યાર્થીને જ્ઞાન આપવા માટે શોધાઈ છે. એક વર્ગના બેસાડી શિક્ષકની દેખરેખ નીચે વિષયનું જ્ઞાન લેવાને બદલે વિદ્યાર્થીને આખા માસનું કામ સોંપવામાં આવે છે. પછી વિદ્યાર્થીને જ્યારે અને જ્યાં (જે ખંડમાં) એવી જરૂરત હોય તેવી છૂટ આપવામાં આવે છે વર્ગોને લગતા ઓરડા ફાળી નાખી દરેક ખંડ પ્રયોગશાળા તરીકે વપરાય છે આખી નિશાળમાં જેટલા વિષયો તેટલી પ્રયોગશાળા હોય છે. જેમકે એક ઇતિહાસ માટે, બીજી ભૂગોળ માટે વગેરે વિદ્યાર્થીને જે ગમે તે ખંડમાં તે જાય છે. અમુક

(૩) દરેક વિદ્યાર્થી પાસે 'એટલાસ' હોવો જોઈએ શીખવાના સ્થળો તેમાંથી પોતે શોધી કાઢે

(૪) નકશા તથા સ્કેચ શિક્ષકને દોરતા આવડવા જોઈએ વિદ્યાર્થીઓને ધીમે ધીમે નકશો દોરતા શીખવવું. શરૂઆતમાં રૂપરેખારૂપી આવી બોબામાં કોઈ પણ દેશને લગતું પ્રાકૃતિક સ્વરૂપ, બનિજો ઇ૰ યોગ્ય સ્થળે મૂકતા શીખવવું

(૫) બારો ભૂગોળશિક્ષક પાઠ્ય પુસ્તકને વળગીનેજ શિક્ષણ આપતો નથી. તેનું પુસ્તક વિશાળ જગત અને તેને લગતી બાબતો છે પૃથ્વી ઉપર બનતી રોજની ઐતિહાસિક હકીકત સાથે પોતે વિષયને જોડે છે

(૬) શાળાની સાથે એક નાનું સમ્રહસ્થા। પણ હોવું જોઈએ જુદા જુદા સ્થળોએ બની આવતી ચીજોનું અવલોકન વિદ્યાર્થીને ભૂગોળ શીખવવામાં ઉપયોગી છે

(૭) ભૂગોળ અને ઇતિહાસનો સમબન્ધ તોડવો નહિ ભૂગોળ એ પૃથ્વીની રચનાનો અભ્યાસ છે ઇતિહાસ તે પૃથ્વી ઉપર વસતી પ્રજા, તેના કાર્યો રાજ્યપધ્ધતિ ઇત્યાદિનો અહેવાલ છે, આથી અમુક ઐતિહાસિક જીવન વૃત્તાંત કે હકીકત ઉપરથી તેની સાથે જોડાએલા સ્થળોનો પરિચય કરાવવો, અમુક દેશ કયે સ્થળે છે ત્યાંના લોક કેવી જાતના છે, વગેરે હકીકત ઉપરથી ભૂગોળના સત્યો અનુમાનથી તારવી કઢાવવા એજ ભૂગોળ અને ઇતિહાસના શિક્ષણનો સમબન્ધ છે

દુકામાં શિક્ષકે શીખવાના સ્થળોનું પુરૂ અવલોકન કરાવવું, નકશા, મોડેલ, ચિત્રો ઇ૰ નો સંપૂર્ણ અભ્યાસ કરાવવો, પેદાશોના નમુના તપાસી તેને લગતું જ્ઞાન પ્રાપ્ત કરાવવું અને કાલ્પનિક મુસાફરીદ્વારા જુદા જુદા દેશોની માહીતી આપવી

૨

ઇતિહાસ અને જ્ઞાનેન્દ્રિયની કેળવણી.

માત્ર વ્યાખ્યાન કરી જવું અને મુદ્દાઓને લગતી હકીકત બોલી જવી એટલેજ ઇતિહાસ શીખવવાનો ઉદ્દેશ રાખી શિક્ષક કામ કરે તો તેના શિક્ષણના સરકાર દૃઢ થતા નથી આથી માત્ર કર્ણેન્દ્રિય (કેળવાય છે નેત્રદ્વારા

મુર સાભળી મધુરો,
રહુરણ્યા થઈ અનેરી;
ચાવી હું તે દિશામા
નાદે બની દિવાની ! સુણી—૨

પરવશ, બનેલો ઘેલી,
યંત્રે તણાતો ચાલી,
બની અધ ચર્મચક્ષુ,
નાદે બની દિવાની ! સુણી—૩

કર્મેન્દ્રિયો ગુમાવી,
જ્ઞાનેન્દ્રિયો ગુમાવી;
લૂંની દેહભાન મારૂ,
નાદે બની દિવાની ! સુણી—૪

ખેચ્યા જતી મને હા,
રહી ગુપ્ત દિવ્યશક્તિ,
ચારે દિશા તિમિરમય,
નાદે બની દિવાની ! સુણી—૫

અથડાઉં અધકારે,
હારી જરા ન હૈયે,
રહી સ્થિર હું નિશાને
નાદે બની દિવાની ! સુણી—૬

પામી હું દિવ્ય ચક્ષુ
તૂટ્યુ તિમિર સઘળુ,
અજવાળું ગયું પ્રકાશે,
નાદે બની દિવાની ! સુણી—૭

જ્યોતિ સ્વરૂપ જોયો,
બસી બજાવનારો,
બની એક રૂપ તેમા,
નાદે બની દિવાની ! સુણી—૮

વિમાન.

(ર. ના૦ શં પંચાક્ષરી, સંગીતશિક્ષક મ. ટ્રે૦ ફોર વીમેન, અમદાવાદ.)



આ આકાશમાં ભમતું—
શું જણાય જાણે મોટું પંખી
આવે છે ઊડતું.

ગર ગર ગર ગરતું, સર સર સર સરતું
ફર ફર ફર ફરતું.

શું પવનગતિએ ચાલ્યું આવે
સું સું સું કરતું—૧

સુણો કહું હવે તમને, કહે વિમાન
સૌ એને.

તમે બાસો મારી સાથ, હું એમાં
બેસાડું સૌને.

વાહ, વાહ, વાહ, વાહ, વાહ, વાહ,
કેવું આ સુંદર દીસે વિમાન અહા

એ ઊડ્યું હવે ઊંચે,
ફરી નજર જુઓ નીચે.

સૌ ચીજો ઝીણી ઝીણી કેવી
સુંદર દીસે છે.

વાહ, વાહ, વાહ, વાહ, વાહ, વાહ,
કેવું આ સુંદર દીસે વિમાન અહા.

દર્દીનું દર્દ

(લેખક—રા. સાકરલાલ પુરુષોત્તમ શુકલ,
આસિ. માસ્તર, ટ્રેનિંગ સ્કૂલ, ભરૂચ.)

(એક તીર ફેંકતા જા વાંકી કમાન વાલે—એ રાહ.)

આલમ કંઈ ન જાણે,
દર્દીનું દર્દ ભાઈ !
દર્દીજ દુઃખ જાણે,
દર્દીનું દર્દ ભાઈ ! આલમ—૧

આતસ બળે જીગરમાં,
દિલ ખાખ તે બનાવે,
દર્દીજ તે પિછાણે,
દિલડાની ખાખ ભાઈ ! આલમ—૨

જીભરાય દર્દ હૈયે,
ચશ્મેથી આંસું ચાલે,
મોતી સમાન માને,
દર્દીનું આંસું દર્દી ! આલમ—૩

આંસું લુંછે પરસ્પર,
છાનું હસે પરસ્પર !
બનીં એકરૂપ જાયે,
દર્દીની સાથે દર્દી ! આલમ—૪

દર્દી ફરે દિવાના,
આલમતણી ન પરવા !
સ્વર્ગીય દિલ ખોલે,
દર્દીની પાસે દર્દી ! આલમ—૫

બાળગીત.

લેખકઃ—ભગવાનભાઇ, નરસિંહભાઇ, કવિ. મુ–વીસનગર.

હો પ્રભુ પ્યારા બાળક સઘળાં તમને લાગે પાયે.
અમે પ્રીત થકી ભણવા જાશું,
જઈ અમ ગુરુનાં દર્શન પાશું,
વચનામૃતના મેવા ખાશું,—હો પ્રભુ૦
અમે અંદર અંદર નહી લઢીએ,
નહી જુઠું બોલી છેતરીએ,
ચોરી ચાડી કદી નહી કરીએ,—હો પ્રભુ૦
અમે સાધન અમ સંભાળીશું,
ધોઈ ઉપડા ચોકખા પહેરીશું,
અમે સત્યવાન સાદા રહીશું,—હો પ્રભુ૦
છૂટીને સીધા ઘેર જઈશું,
ના રસ્તે કદી ઉભા રહીશું,
ગુરૂ માત પિતા ઈશ્વ માનીશું,—હો પ્રભુ૦

ભારતી આવાહન.

(રાગ—માલકોષ.)

(લેખકઃ—નરોત્તમભાઈ ધનજીભાઈ બાસકીઆ,
સ્કો૦ ત્રીજું વર્ષ. પી. આર. ટ્રેનિંગ કોલેજ, અમદાવાદ.)

સ્નેહે ઉરકુંજ બોલવ ! (૨).
રસ–પુંજ રેલવ હૃદયે.....સ્નેહે૦
વીણાધારિની, મયૂરવાહિની; (૨)
અમીરસ ઉર પરઉર મેળવ.....સ્નેહે૦
દુખહારિની, તિમિર હારિની; (૨)
દિવ્યગાન સરિત ઉછળવ.....સ્નેહે૦

ધોરણ ૫ મું.

શિક્ષકઃ—ભોગીલાલ માણેકલાલ ઉપાધ્યાય (ગર્વ૦ ઇંગ્લિશ કલાસ, ગાલસા. તા. ભરૂચ.)
વિષયઃ—અંકગણિત. (દશાંશની શરૂઆત).
હેતુઃ—સ્મરણશક્તિ કેળવી, વ્યાવહારિક જ્ઞાન આપી, માનસિક શક્તિનો વિકાસ કરવો.
સાધનોપયોગઃ—(બ્લૅક બોર્ડ, ચોક, ડસ્ટર). સમય ૫૦ મિનિટ તા.

સંક્ષિપ્ત નોંધ કે પાઠના મુખ્ય વિભાગ	સંપૂર્ણ નોંધ કે શિક્ષણ શૈલી.	બ્લેક બોર્ડ.
આરંભ. વર્ગ વ્યવસ્થા અને આરંભ પ્રશ્ન.	સૂચનાઃ—ડ્રિલ કરાવી વર્ગ વ્યવસ્થિત કરવો. પ્ર ? કાળા પાટીઆ ઉપર ૧।।।, ૨।।।, ૩।।।, લખી, બાળકોને પૂછવું કે આ કઈ જાતનું અપૂર્ણાંક છે ? પ્ર૦ આણપાણના અપૂર્ણાંક સિવાય ૩।।। ને તમે બીજી કોઈ રીતે લખી શકશો ? પ્ર૦ ૩$\frac{૧}{૨}$ એ કઈ જાતનું અપૂર્ણાંક કહેવાય ? ઠીક, જુઓ ત્યારે જેવી રીતે ૩।।। અને ૩$\frac{૧}{૨}$ બે જુદી જુદી રીતે લખીએ છીએ છતા તેની કિંમતમાં ફેર પડતો નથી, તેજ પ્રમાણે તે રકમને વળી ત્રીજી રીતે લખી શકાય છે, અને તેમ છતાં તેની કિંમતમા પણ ફેર પડતો	૧।।।, ૨।।।, ૩।।।, ૧$\frac{૧}{૨}$, ૨$\frac{૧}{૨}$, ૩$\frac{૧}{૨}$, ૩ ૫. ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૫. ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૧ ૫.

મુખ્ય વિષય.
સંખ્યામા લખાતી અંકસ્થાનોની ગોઠવણ.

નથી. તે અપૂર્ણાંકના ગુણાકાર અને ભાગાકારના બહુ ગણવામાં બહુ મહેનત પડતી નથી, એટલે તમને તે નવી સહેલી જાતનું અપૂર્ણાંક શીખવાનું મન થશે; વળી તમે હિસાબ પણ ઝડપથી અને સહેલાઈથી ગણી શકશો.

૯ (સંખ્યામા લખાતી અંકસ્થાનની ગોઠવણી). પ્રથમ એક અંકને મધ્યસ્થ રાખી, કાળા પાટીઆ ઉપર બતાવ્યા પ્રમાણે ઉત્તર દક્ષિણ સંખ્યા લખી છોકરાઓને ખાતરી કરી આપવી કે આ પ્રમાણે સંખ્યા દરી પણ લખાતી નથી, અને જો તેમ લખવામા આવે તો તેની કિંમતમા કોઈ પણ જાતનો ફેર પડતો નથી. હવે કાળા પાટીઆમા બતાવ્યા પ્રમાણે એક સંખ્યાને મધ્યસ્થ રાખી, બીજી સંખ્યા પૂર્વ-પશ્ચિમ ગોઠવવાથી શું ફેરફાર થાય છે, તે તરફ બાળકોનું લક્ષ ખેંચવું. કોઈ પણ સ્થાન તેની પાસેના ડાબી તરફના અંકસ્થાનનો દશમો ભાગ થાય છે; બીજી રીતે કહીએ તો ડાબી તરફ એકથી બીજા સ્થાનમાં જતા પ્રથમના દરેક અંક કરતાં તેની ડાબી પાસે આવેલા અંકની કિંમત દસદસ ગણી વધતી જાય છે આ પ્રમાણે અંકસ્થાનનું જ્ઞાન આપવું; (વળી અંકસ્થાનનું જ્ઞાન સચોટ રીતે ઠસાવવા નીચે પ્રમાણેના ઉલટા સુલટા પ્રશ્ન પૂછવાથી પણ ઘણોજ ફાયદો થશે) પ્ર૦ એકમથી ડાબી તરફ પહેલું સ્થાન કયું આવે છે ?

એકમથી ડાબી તરફ પહેલું સ્થાન એકમથી કેટલા ગણું છે ? પ્ર૦ એકમથી ડાબી તરફ બીજું સ્થાન કયું આવે છે ? આ બીજું સ્થાન એકમથી કેટલા ગણું છે? ઠીક, જુઓ ત્યારે આ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે ડાબી તરફથી જમણી તરફ આપણે જેમ જેમ સંખ્યા તપાસીએ તો તે દરેક સંખ્યા તેની પાસેના ડાબી તરફના અંક કરતાં કિંમતમાં દસદસ ગણી ઓછી થાય છે તો હવે એકમ પછીનું સ્થાન (ઉતરતા ક્રમનું) કયું આવશે ?

$\frac{1}{10}$, $\frac{1}{100}$, $\frac{1}{1000}$

૪ દશાંશ અપૂર્ણાંક બોલવાની રીત. (વાંચવાની)

જ૦ ૧/૧૦ ઉપરનો જવાબ ન આપે તો પ્રશ્ન પૂછવો કે એકમ પછીના ઉતરતા સ્થાનની કિંમત એકમથી કેટલામા ભાગની હશે ? એકમથી ઉતરતા ક્રમના બીજા સ્થાનની કિંમત એકમથી કેટલામા ભાગની હશે ? એક દશાંશ અને એકશતાંશને સાદા અપૂર્ણાંકમાં લખો; બાદ કાળા પાટીઆ ઉપર શિક્ષકે જાતે $\frac{1}{1000}$ લખી બાળકોને પૂછવું કે એ શું લખ્યું છે ? જવાબ આપી શકે નહિ, તો પૂછવું કે અંશમાં કેટલા છે ? એક હજાર. ઠીક, ત્યારે એક હજારને અંશ શબ્દ લગાડી આખો શબ્દ વાંચો. આ પ્રમાણે સંખ્યાવાચન શીખવ્યાથી સહેલાઈથી યાદ રહેશે. (શરુઆતમાં કદાચ શતાંશ, સહસ્રાંસ અને દશસહસ્રાંસને બદલે સોયાંશ, હજારાંશ કે દશહજારાંશ બોલે તો તેથી ચલાવી લેવું; પણ આગળ

ઉપર શત, સહસ્ત્ર અને દશસહસ્ત્ર શબ્દ યાદ કરાવી અંશ શબ્દ જોડી બોલાવવું પ્ર૦ પહેલા અપૂર્ણાંકના છેદમા શું છે ? પ્ર૦ બીજા અપૂર્ણાંકના છેદમા શુ છે? આ પ્રમાણે આવતા અપૂર્ણાંકના છેદ તરફ બાળકોનું ધ્યાન ખેંચી સમજાવવું કે અત્યાર સુધીના સાદા અપૂર્ણાંકમાં છેદ તમારી ધારણામા આવે તે પ્રમાણેનો હશે શકતા પણ આ અપૂર્ણાંકમાં તો છેદ દસ કે દસના દસદસ ગણાજ હોય છે ચાલો, ત્યારે હવે તમારામાંથી કેટલા જણ દશાંશ અપૂર્ણાંકની વ્યાખ્યા કહી શકશે ? (હાથ ઉંચો કરો). આ પ્રમાણે વ્યાખ્યા બાળકો પાસેથીજ કહેવરાવવી.

ક. દશાંશ અપૂર્ણાંકની વ્યાખ્યા.

$\frac{1}{10}$, $\frac{1}{100}$, $\frac{1}{1000}$.

" જે અપૂર્ણાંકના છેદ દસના દસદસ ગણ્યા હોય છે તેને દશાંશ અપૂર્ણાંક કહે છે."

શાસ્ત્રી નોંધ.

(ઘ) છેદમા જેટલા મીંડા હોય, તેટલા અંક અંશની જમણી તરફથી ગણીને - આવું ચિહ્ન કરવું. જો ચિહ્નની ડાબી તરફ અંક રહે તો તે પૂર્ણાંક સમજવા છેદના મીંડાં જેટલા અંશમા અંક ન હોય તો મીંડાં જેટલા અંક થાય ત્યા સુધી અંશની ડાબી તરફ મીંડા (-) આવું ચિહ્ન કરવું.

(ઘ) દશાંશ અપૂર્ણાંક લખવાની રીત.

-૧, -૦૧, -૦૦૧

ઙ. દશાંશ ચિહ્ન :—દશાંશ ઓળખવા સારૂ જે ( ) આવી નિશાની કરવામા આવે છે, તેને દશાંશ ચિહ્ન કહે છે.

ઙ. દશાંશ ચિહ્ન

ક. દશાંશ ચિહ્ન અને ગુણ્યાના ચિહ્નની સરખામણી

ક. દશાંશ ચિહ્ન અને ગુણ્યાના ચિહ્નની સરખામણી અને રાખવી જોઈતી સાવચેતી.

૧·૫ } જો બરાબર મધ્યમાં ચિહ્ન કર્યું હોય તો તે
૧·૫ } દશાંશ ચિહ્ન છે; પણ જો તે ચિહ્ન જરા નીચે
૧ ૫ } મૂકયું હોય તો તે ગુણ્યાનું ચિહ્ન થઈ જાય છે,
અને પ્રથમ નાની કિંમત $1\frac{5}{10}$ જ્યારે બીજી
સંખ્યાની કિંમત ૧×૫=૫ થાય છે.

૧·૫ } $1\frac{5}{10}$
૧·૫ } ૧×૫

આ પ્રમાણે બેકાળજી રાખવાથી કેવું પરિણામ આવે છે તે તરફ બાળકોનું ધ્યાન ખેંચવું કે જેથી તેઓ દશાંશ ચિહ્ન લખવામાં ભૂલ કરે નહિ.

પ્ર૦ ઐકમથી ડાબા તરફ દરેક અંકની કિંમત તેની પાસેના અંકસ્થાનથી કેટલા ગણી થશે ? પ્ર૦ (કેટલાક અંકગણિતમાં આ હકીકત નહિ આપ્યાથી કેટલાક શિક્ષકબંધુને નવાઈ લાગશે; અને તેથીજ આ તરફ ધ્યાન ખેંચવા સારૂ તકલ્લત જણાવ્યો છે.) ઐકમથી જમણી તરફ દરેક અંકની કિંમત તેની પાસેના સ્થાનથી કેટલામા ભાગની થશે ? પ્ર૦ દશાંશ અપૂર્ણાંક કોને કહે છે ? પ્ર૦ $\frac{૧}{૧૦}$, $\frac{૧}{૧૦}$, $\frac{૧}{૧૦૦}$, $\frac{૨૫}{૧૦૦૦}$ ને દશાંશમાં લખો. આ પ્રમાણે પ્રશ્ન પૂછી શીખવેલાની ખાતરી કરવી.

મૂળાક્ષરશિક્ષણ.

(રા. ત્રં. રે. ધોળકીઆ. આસિ. સુપરવાઈઝર, મ્યુનિસિપલ સ્કૂલ્સ, કરાંચી.)

બાળવર્ગને મૂળાક્ષરો શીખવવામાં હાલની બાળપોથીમા દીધેલા ક્રમ પ્રમાણે આરંભ કરવો. એ હવે સર્વ શિક્ષકોના સમજવામાં આવી ગયું છે. આ લેખમા દરેક અક્ષર કઈ પદ્ધતિએ શીખવવો તે કહેવામાં આવ્યું છે.

દરેક મૂળાક્ષર શીખવતાં તેના ત્રણ ભાગ કરવા (૧) અક્ષરની ઓળખ, એટલે અક્ષરનુ વાચન (૨) અક્ષરની રચના, અને (૩) અક્ષરનું લેખન. સામાન્ય રીતે શરૂઆતના અઠવાડીઆમાં એકજ અક્ષર શીખવવો. આગળ વધતાં રચનામા મિશ્રકુલ થોડાજ તફાવતવાળા બે અક્ષરો અઠવાડીઆમા લેવામા આવે તો હરકત નહિ.

અક્ષરની ઓળખ થયા પછીના અઠવાડીઆમાં તે અક્ષરની રચના શીખવવી, અને તે પછીના અઠવાડીઆમાં તે અક્ષરનું લેખનકામ બતાવવું.

અક્ષરની ઓળખ.

(અ)—જે અક્ષર શીખવવાનો હોય તે જે વસ્તુના નામને આરંભે આવતો હોય તે વસ્તુ (બાળપોથીમા બતાવેલી) બાળકોને પ્રત્યક્ષ બતાવવી. બાળપોથીમા બતાવેલી વસ્તુ ન મળે તો બાળકોના પરિચયની તેવીજ અન્ય વસ્તુ× બતાવવી; તેવી વસ્તુ ન મળી શકે તેમ હોય તો પછી તેનુ ચિત્ર બતાવવું. ચિત્ર પણ ન મળે તો પાટીઆપર તે વસ્તુનું ચિત્ર દોરી બતાવવું.

(આ)—વસ્તુ અગર ચિત્ર બતાવ્યા પછી 'આ શું છે ?' આવો પ્રશ્ન કરવો. બાળકો કનેથી ઉત્તર મળે તો ઠીક; ઉત્તર ન મળે ત્યારે સુયક્ત પ્રશ્નો વડે ઉત્તર કઢાવવો. તેમા પણ સફળતા ન મળે તો પછી વસ્તુનું નામ શિક્ષકે કહેવું.

ટીપ:—

× બાળપોથીમાં બતાવેલી વસ્તુ સિવાય જે જે વસ્તુ વારંવાર બતાવવામાં આવે તેનું સ્મરણ તાજું રખાવવા માટે તે તે વસ્તુઓનાં ચિત્રો સાથે તેના અક્ષરો કે શબ્દોવાળો એક ચિત્રપટ વર્ગમાં રાખવો.

(૪)—શિક્ષકે વસ્તુના નામનો સ્પષ્ટ ઉચ્ચાર કરવો. પહેલા અક્ષર પર બાર દઈ ઉચ્ચાર ફરી કરવો. પછી બાળકો કને ઉચ્ચાર કરાવવો, ઉચ્ચારદોષ તરતજ સુધારવો.

(૫)—શિક્ષકે ઉચ્ચાર કરી બતાવી પ્રશ્ન કરવો. આ શબ્દમા ઘણા અક્ષરો છે; તેમાંથી આવા ઉચ્ચારવાળો કયો અક્ષર છે ? ઉત્તર ન મળે તો શિક્ષકે કહેવું.

(૬)—શિક્ષકે તે અક્ષરનું નામ લઈ કહેવું. આ અક્ષર કેમ બને છે તે આજે આપણે શીખીશું.

(૭)—અક્ષરનું પત્તું બાળકોને બતાવવું, પછી આ (અમુક) અક્ષર છે એમ કહેવું. બાળકો પાસે કહેવડાવવું. ત્યારપછી બતાવેલ અક્ષર પરથી નાના કે મોટા અક્ષરે લખેલાં પત્તા બતાવવા. ફરીથી 'આ અક્ષર (અમુકજ) છે' એમ શિક્ષકે કહેવું, અને બાળકો પાસે કહેવડાવવું. પછી રંગીત અક્ષરનાં પત્તાં બાળકોને બતાવવા અને આ અમુક અક્ષર છે એમ કહી બે ત્રણ વાર બાળકો પાસેજ કહેવડાવવું. (આ વખતે આ અક્ષર કયો છે એમ પૂછવાની જરૂરત નથી) આવી રીતે એકજ અક્ષરનાં ત્રણ ચાર જાતનાં પત્તાં શિક્ષક પાસે હોવાં જોઈએ.

(૮)—તે અક્ષરનું ચિત્ર શિક્ષકે પાટીઆપર અગાઉથીજ કાઢી રાખવું—અને ચિત્રનું નામ લખવું. નામમા પહેલો અક્ષર મોટો કરીને બતાવવો.

(૯)—શીખવવાનો અક્ષર, તેના અવયવો (ખડો) સ્પષ્ટ જણાય એવી રીતે, ફરીથી પાટીઆ ઉપર લખવો પછી 'આ કયો અક્ષર છે એમ બાળકોને પૂછવું, જવાબ ન મળે તો શિક્ષકે કહેવું. વળી ફરીથી એક વાર લખવો, અને પાછો પ્રશ્ન કરવો. બીજી વખતે દરેક બાજુ પાસે નહિ થોભતા—સીધે સીધે:—અક્ષર પાટીઆ પર લખી જવો. વળી 'આ કયો અક્ષર છે ' એમ પૂછવું; વળી એક વાર અગાઉની પેઠે મોટો અને નાનો કરી બાળકોને પૂછવું. આથી બાળકોને તે અક્ષરની બરાબર ઓળખ થશે.

(૧૦)—અગાઉ શીખી ગયેલા અક્ષરોની વચમાં નવો અક્ષર બે-ચાર જોડાજોડ પાટીઆપર લખવો અને તે અક્ષર બતાવવા બાળકોને કહેવું.

પહેલા થઈ ગએલા અક્ષરોના પત્તા સાથે નવા અક્ષરવાળું પત્તું બેળસેળ કરી દઈ બાળકો કને તે પત્તું શોધાવવું.

(દરેક બાળક કને મૂળાક્ષરનાં પત્તા રાખવાનું બને તો ઘણું સારું. આ પત્તાં ૩ ઈંચ લાંબાં અને ૨ ઈંચ પહોળાં જાડાં પુઠાંનાં જોઈએ. દરેક પત્તાંપર મૂળાક્ષર યોગ્ય વલણ પ્રમાણે લખેલો હોવો જોઈએ, પરન્તુ તે પર આલંકારિક ચિત્રો વગેરે કંઈ ન હોવું જોઈએ.)

આ પ્રમાણે પાઠ શીખવવાથી અક્ષરની ઓળખ થશે, નવા શીખવાએલા અક્ષરનો જેમાં ઉપયોગ આવતો હોય તેવા શબ્દ, અગાઉ શીખેલા અક્ષરના પત્તાં પરથી બનાવી લેવાનો, તથા તે વાચવાનો, મહાવરો બાળકો પાસે કરાવવો.

(મરાઠી શિક્ષક મા આવેલા લેખનું ભાષાંતર)

તા. ક. વિશેષ ઉપર્યુક્ત બાબતો માટે જામનગરના "અંકુશ" માસિકના છેલ્લા ચાર અંકોમા પ્રસિદ્ધ થયેલા મારા લેખો તરફ શિક્ષકબંધુઓનું લક્ષ ખેંચવામા આવે છે. ત્રં. રે. દ્વે.

અક્ષર.

(રા. મંગળજી હરજીવન ઓઝા. બે. મા. બાર્ટન
ફ્રીમેલ ટ્રે૦ કોલેજ. રાજકોટ.)

આખા દેશમા વ્યવસાય વધી પડયો છે, તેને લીધે બીજાં સાધારણ ગણાતાં કામોમા ઓછુ લક્ષ અપાય એ સ્વાભાવિક છે. હકીકત એવી ચીજ છે કે કાળજી ન રાખવામાં આવે, તો તેને બગડતા વાર લાગતી નથી. થયુ છે પણ એમજ. અક્ષર લખવામા દુર્લક્ષ રહેવાથી સમસ્ત પ્રજાવર્ગના અક્ષર બગડયા છે. આ એક શોચનીય બાબત છે.

૨ અંગ્રેજી ભણનારાઓએ તો પોતાના દેશી અક્ષર બગાડયા છે તેના કારણ સ્પષ્ટ છે. અક્ષર સુધારવા એવું જો કાંઈ પણ તેમને સ્વપ્નું આવતું હોય તો તે માત્ર અંગ્રેજી અક્ષર સુધારવાનું. 'મારા ગુજરાતી અક્ષર' એ ભાવના

તેમના મનમા થતી નથી. વર્ગો વેપણનુ સાધન તેમ પાસે મૂકવામા આવતું નથી. તેઓ બહુ વેગથી અને ગુજરાતી હરફોને બધ નહિ જેવડી લોઢાની ટાકોથી લખે છે

૩ અગ્રેજી ભણેલાઓએ તો ઘણા ખરી પણ વેપારી વર્ગ તથા મહેતાજી સમુદાય જે અક્ષરને માટે મજુર આપણી કરતા તેણે પણ પોતાનુ અક્ષરસૌદ્વ ખોયુ છે એ ઘણી દીલગીરીની વાત છે આ બન્ને વર્ગ પોતાની અક્ષરશુદ્ધતા માટે બહુ વખણાતા હતા બીજા દેશના માણ અક્ષરના નમુના આપવા હોય ત્યારે આ વર્ગોમાથી ગમે એમથી સરસ મળી આવતા હતા આ બન્ને વર્ગના માણસોએ કલમનો ત્યાગ કર્યો છે, અને વિલાયતી ટાકોનો સ્વીકાર કર્યો છે અને અક્ષરો બગડવા બન્યા છે

૪ મહેતાજી વર્ગની અસર નિશાળો ઉપર થવાથી બાળકો શાળામા શિક્ષકને ટાકથી લખતા જુએ ઘર આગળ માબ અને માને ટાકથી લખતા જુએ, કલમ જેવી ઉપયોગી ચીજ તેમની નજરે ન પડે. શાળામા જે વેળા ઘણી કોશિષ કરતા સમાનવામા આવે તે પણ લોઢાની ટાકથીજ, બાળકો કલમ વાપરવાનો ઉપદેશ કરનાર હરે કોઈ રહ્યુ નથી તેમના હરકતની પાયમાલી થાય તેમા બિચારા શિક્ષકોનો કશો અપરાધ નથી

૫ સુદર અક્ષર એ એક મોહિની છે. ઘણા શોક શાહુકારો અને અમલદારોએ અક્ષરોપર ઉપર મોહ પામી તેવા લખનારાઓને ઉચી પાયરી ઉપર ચડાવ્યાના ઘણા દાખલા બન્યા છે સરસ અક્ષર એ શાળાની શોભા અને આબરૂ છે. મુલાકાત લેનારને શાળાના બીજા વિષયો તપાસવાનો અવકાશ ન હોય તો તેમણે માત્ર લિખાવીજોવા અક્ષર તપાસવા જે શાળાના અક્ષર સારા હશે તે શાળાના તમામ વિષયો વધુ કરીને સારા હોવા જોઈએ કાળજી વિના સારા અક્ષર થતા નથી સારા અક્ષરવાળી શાળાના શિક્ષકો મળજવાળા છે એ વાત માનીત થાય છે

૬ દરેક બનાની આવડત પણ મહેતાજીઓએ શાળાના અક્ષર સારા કરવા ઉપર લક્ષ આપવાનુ છે દરેક અક્ષરનો વાટ નમુનેદાર હોવો જોઈએ. તેમણે કાના, માત્રા, વરહુ વગેરે યથાયોગ્ય, જે કાં જોઈએ તેવા અને તેવડા લખાવવાની કાળજી રાખવી અમણો મરોડ જોવો બરાબર શીખવવો કે કાચા વાચનના પણ તે અક્ષરો સહેલાઈથી ઉકલી શકે માખીના પગ જેવા બીજા અક્ષરે લખવાની કુટેવમા બાળકોને પડવા દેવા નહિ. દેખવા જીવા જેવા, જોતાને નજરે પડતાની સાથે જે અક્ષરનુ જ્ઞાન થઈ જાય એવા

નીડરપણે પૂછે છે. શિક્ષક તેની જિજ્ઞાસાવૃત્તિને મનોહર રીતે તૃપ્ત કરે છે. એક શિક્ષકને પૂછતા માલમ પડયું કે અત્યાર સુધીમાં શાળાના કોઈ પણ વિદ્યાર્થીએ ચોરી કરી નથી, તેમજ તે જુઠું પણ બોલ્યો નથી, અને અત્યાર સુધીમાં શિક્ષા પણ કરવામાં આવી નથી.

શિક્ષક.

બાળકોની આવી રીતભાત અને તેમના વર્તનનો આધાર ત્યાંના શિક્ષકવર્ગ ઉપરજ છે તેઓ શિશુસમાનભાવ ધરાવનારા, માયાળુ, સભ્ય, આનંદી અને ખંતીલા છે. દરેક શિક્ષક ટ્રેન્ડ (તાલીમ પામેલા) હોય છે. તે ઉપરાંત તેમનામાં નવું નવું શોધવાની અને અખતરો કરવાની વૃત્તિ સતેજ માલમ પડે છે. શિક્ષકો બાળકોને પોતાના ફરજંદ હોય તેવી રીતે ગણે છે, અને પ્રેમભાવથી તેમને વશ કરે છે. શાળાના નિયમિત કામ ઉપરાંત તેઓ તેમના (બાળકના) બાનગી કામકાજ ઉપર પણ તેમના વાલીઓને મળીને દેખરેખ રાખે છે, અને મીઠા, સુંદર બોધદ્વારા તેમને સુધારવા પ્રયત્ન કરે છે. કોઈ કોઈ વાર તેમને લોકસેવા કરવા માટે સાથે લઈ જાય છે, અને ગરીબ તથા દુઃખી માણસોને તેમનાથી બનતી મદદ કરાવે છે. સ્ટેશન ઉપર કોઈ ગરીબ કે ઘરડા માણસથી તેનું પોટલું ન ઉંચકાય તો તેઓ ઉંચકી લે છે. ચોમાસા પછી રસ્તામાં ખાડા પડવા હોય તો તે કોદાળી પાવડાથી સરખા કરે છે. વટેમાર્ગુઓ માટે ધર્મશાળામાંથી પુન્જે કાઢવાનો હોય તો તે કાઢે છે કોઈ ઉપદ્રવ ચાલતો હોય તો દરદીઓને દવા લાવી આપે છે. શિક્ષકનામાં ફરજંદનો ગુણ આવેલ પડતો છે.

શિક્ષણપદ્ધતિ.

બાળવર્ગની અંદર બે ભાગ છે. ૧ મોન્ટેસોરી વર્ગ ૨. શુદ્ધ બાળવર્ગ. મોન્ટેસોરી વર્ગમાં નાના નાના બાળકો હોય છે તેઓ ઉંચી નીસરણી બનાવવાના, પડોળી નીસરણી બનાવવાના, મિનારા બનાવવાના, ઈનસેટના, બટન ભરવાના, દોરી બાંધવાના, અને બીજા સાધનોનો સ્વતંત્ર રીતે મરજી માફક ઉપયોગ કરે છે એ સાધનોની રચના એવી છે કે બાળક જાતે પોતાની ભૂલ સુધારી શકે છે. સ્પર્શ, કાન, આંખ, જીભ એ ઇંદ્રિયો કેળવવા માટે જુદા જુદાં સાધનો હોય છે.

સ્મૃતિલેખન.

દરેક વર્ગમાં અવલોકનનો જોઈતો બંદોબસ્ત રાખેલો હોય છે. શિક્ષક બાળકોની સાથે જુદે જુદે સ્થળે જાય છે અને તે પ્રસંગે વાતચીત થાય-

છે તે હકીકત બીજે પ્રસંગે બળકો વાંચ લાવીને લખે છે પહેલા ધોરણમાં નિરીક્ષા સંબંધી વાતચીત થયા પછી પ્રાણીના, પશુના નામ બાળકો શબ્દોમાં લખે છે.

બીજા ચોપડાના છુટા છુટા નાના વાક્યો લખે છે
ત્રીજા ધોરણમાં સંબંધપૂર્વક ત્રણ ચાર વાક્યો લખે છે
ચોથા ધોરણમાં વીગતવાર ઝીણી હકીકત સાથે વાક્યો લખે છે.

ક્રિયાત્મક વાચન.

બાળવર્ગ અને પહેલા ચોપણમાં કાગળના ટુકડા ઉપર પરિચિત શબ્દોમાં ટુંકા ટુંકા લખેલા હોય છે, તે તેમને આપે છે બાળકો મનમાં વાંચે છે, અને તે પ્રમાણે ક્રિયા કરે છે આ થી વાચન સુધરે છે

વાર્તા

બાળવર્ગ અને પહેલા ચોપણમાં જે શિક્ષક તે ઘણીજ લાંબી કહે છે, પણ ભાવપૂર્વક અને ચેષ્ટાથી સમજાવવામાં આવે છે વાર્તા ચાલતી હોય ત્યારે વારંવાર સવાલ પુછવાથી તે તુટી જાય છે, પણ નાના બાળકોને બરાબર સમજાવવાને પ્રસંગે પ્રશ્નની જરૂર છે, ઘણા પ્રશ્નો પૂછવાની જરૂર નથી વિદ્યાર્થી સવાલ પૂછે એવી ટેવ પાડવી શાળામાં વાર્તાનું પુનરાવર્તન થતું નથી, પણ ઉદ્ગારચિહ્નો માબાપને અથવા પોતાના ભાઈ-બહેનને વાર્તા કહી જાય છે વાર્તામાં ચિત્રનો ઉપયોગ કરતા નથી

વાચન

બીજા ધોરણમાં વાચનનો એક પાઠ (સિદ્ધ ને ઉદ્ગરનો) જોયો શિક્ષક પહેલા પાઠનું મથાળું છે રા પાસે વંચાયું સિદ્ધ શબ્દની જોડણી ને ઉચ્ચાર કરાવ્યો પછી બાળકોને ચિત્રનું અવલોકન કરવા કહ્યું, એક છોકરાને ઉભો કરી તેનું વર્ણન કરાવ્યું, અને થતી નૂન સૂક્ષ્મપ્રશ્નોદ્વારા સુધારવી બીજા બળકો પાસે પૂર્તિ કરાવી, ચિત્રવાચન પુરૂ કરાવ્યું. પછી પાઠનો સાર શિક્ષકે કહ્યો પણ તે લાંબો હતો ત્યારબાદ શિક્ષક એક એક વાક્ય વાંચતા હતા અને તે સંબંધી ઉલટ સુલટ પ્રશ્નો કરતા હતા, તેની સાથે શબ્દોના અર્થ પણ કરાવ્યા હતા પછી શિક્ષકે નમુનાનું વાચન વાંચ્યું, અને છોકરાઓને તે પ્રકારે બે ત્રણ વખત મનમાં વાચવા કહ્યું ત્યારબાદ ટુકડે ટુકડે બાળકોએ વંચાવ્યું બાળકોનું વાચન સરળ અને

ભાવપૂર્વક હતું. શબ્દના અર્થ વાક્યના સંબંધમા સમજાવ્યા હતા, અને નવા શબ્દોનો ઉપયોગ બાળકો વાક્યમાં કરે તેની ઘણી સંભાળ રાખવામા આવતી હતી.

બાળવર્ગની અંદર એકથી દશ ગણતા અને વાંચતા આવડયા પછી લખાવવાનું કામ શરૂ કરે છે, તેવીજ રીતે મૂળાક્ષર શીખવવામા પણ ઉચ્ચાર અને વાચન પછી લેખન એવો ક્રમ રાખેલો હોય છે.

આંક.

આંક શીખવવાની રીત ગણણા કરતા કંઈક જુદી છે. 'દુ' નો ઘડીઓ શીખવવો હોય તો તેઓ ૧×૨=૨ થી ૪૦×૨=૮૦ સુધી શીખવે છે, અને આંક પાકા કરાવવા માટે પલાખાનો વધારે ઉપયોગ કરે છે. ઘડીઆ બાળકો પોતે ઉપજાવી શકે એવા યુક્તિથી શીખવે છે. કેટલીક વખત છાપેલા કાગળના પલાખા પુરવાના હોય છે. દરેક ઘોરણમા અમરા શબ્દોની યાદી ચોંટાડેલી હતી. તેમજ વાચન માળાનાં બોધવચનો પણ એક પાટી ઉપર લખેલા હતા.

ભૂગોળ.

નકશા રંગવાનો ઉપયોગ થઈ શકે એવો એક નકશો અમે દીઠો.

ડ્રોઇંગ.

પ્રથમ નાની સાદી લીટીઓ દોરાવીને શરૂ કરે છે. પછી સાદી લીટીઓ-ની આકૃતિ ચોરસ દોરેલી સ્લેટની બાજુમા દોરાવવામાં આવે છે.

ડ્રિલ.

શિક્ષકના અભાવે વ્યવસ્થા થઈ નથી. પણ રમત રમાડવામા આવે છે. બાળવર્ગમા રમત રમી રહ્યા પછી દરેક વિદ્યાર્થીને દૂધ પાવામા આવે છે.

સામાન્ય હકીકત.

ઈતિહાસ, ભૂગોળ, વ્યાકરણ એવા વિષયની હરિફાઈ કરાવવામા આવે છે. તે વખતે તેને વિષયના સવાલ જવાબ લખેલા કાગળના પત્તા આપે છે. તેના ઉપરથી વિદ્યાર્થીઓ એક બીજાને સવાલ પૂછે છે. પત્તાઓ કોઈ કોઈ વાર બાળકોને ફુરસદના વખતમા વાંચવા આપે છે. એકંદર આ શાળામા વાચન, ગણિત અને લેખનનું કામ ઘણી સારી રીતે કરવામા આવે છે.

શિક્ષક માટે થોડાંએક "જોઇએ."

(લે. હરિશંકર દુલભજી ત્રિવેદી, શ્રી દક્ષિણામૂર્તિ,
વિનયમંદિર ભાવનગર.)

૧ જે વિષય શીખવાનું શિક્ષકને માથવામા આવ્યું હોય તે વિષયનો તે સારો જાતા હોવો જોઇએ.

૨ વર્ગમાં શિક્ષણ આપવા જતા પહેલા શીખવવાનો પાઠ તેણે સારામા સારી રીતે તૈયાર કરેલો હોવો જોઇએ—એટલે કે તેની પૂર્વ તૈયારીઓ ઉંચા પ્રકારની હોવી જોઇએ.

૩ શિક્ષકની વાતો, તેનું ભાષણ હમેશા ચોખ્ખું, સત્ય હકીકતથી ભરપુર અને ચોકસ હોવું જોઇએ.

૪ તેનુ અંગત જીવન વિશુદ્ધ અને સંસ્કારી હોવુ જોઇએ.

૫ તેનો સઘળો ફાજલ વખત તેણે અભ્યાસમાજ ગાળવો જોઇએ.

૬ તેની ભાષા હમેશા સ્વાભાવિક અને દંભ વિનાની હોવી જોઇએ.

૭ તે હંમેશાં નિરભિમાની, નમ્ર, અને વિવેકી હોવો જોઇએ.

૮ તેણે હંમેશા બુદ્ધિશાળી અને પોતાના ધંધાનો નિપુણ માણસો સાથે મૈત્રી બાંધવી જોઇએ.

૯ પોતાના જ્ઞાનનો ડોળ શિક્ષકે કદી પણ ન કરવો જોઇએ.

૧૦ સામાના મન ઉપર દૃઢ છાપ પાડી શકે તેવી અસરકારક રીતે બોલવાની નૈસર્ગિક શક્તિ તેનામા હોવી જોઇએ

૧૧ શિક્ષણશાસ્ત્રનો સામાન્ય અભ્યાસ તેને હોવો જોઇએ.

૧૨ અદ્યતન અને શાસ્ત્રીય શિક્ષણપદ્ધતિથી તેણે હમેશા વાકેફ રહેવું જોઇએ.

૧૩ તે ઉત્તમ ચારિત્ર્યવાળો હોવો જોઇએ.

૧૪ તે માયાળુ અને મીલનસાર સ્વભાવનો હોવો જોઇએ.

૧૫ તેનો ચહેરો હરહંમેશ હસમુખો અને આનંદી રહેતો હોવો જોઇએ.

ભાવપૂર્વક હતું. શબ્દના અર્થ વાક્યના સંબંધમા સમજાવ્યા હતા, અને નવા શબ્દોનો ઉપયોગ બાળકો વાક્યમાં કરે તેની ઘણી સંભાળ રાખવામા આવતી હતી.

બાળવર્ગની અંદર એકથી દશ ગણતા અને વાચતા આવડયા પછી લખાવવાનું કામ શરૂ કરે છે, તેવીજ રીતે મૂળાક્ષર શીખવવામા પણ ઉચ્ચાર અને વાચન પછી લેખન એવો ક્રમ રાખેલો હોય છે.

આંક.

આંક શીખવવાની રીત બાપણા કરતા કંઈક જુદી છે. 'દુ' નો ધડીઓ શીખવવો હોય તો તેઓ ૧×૨=૨ થી ૪૦×૨=૮૦ સુધી શીખવે છે, અને આંક પાકા કરાવવા માટે પલાખાનો વધારે ઉપયોગ કરે છે. ધડીઆ બાળકો પોતે ઉપજાવી શકે એવી યુક્તિથી શીખવે છે. કેટલીક વખત છાપેલા કાગળમા પલાખા પુરવાના હોય છે. કરેક ધોરણમા અઘરા શબ્દોની યાદી ચોટાડેલી હતી. તેમજ વાચન બાળાનાં બોધવચનો પણ એક પાટી ઉપર લખેલાં હતા.

ભૂગોળ.

જેમા રમતનો ઉપયોગ થઈ શકે એવો એક નકશો અમે દીઠો.

ડ્રોઇંગ.

પ્રથમ નાની સાદી લીટીઓ કઢાવીને શરૂ કરે છે. પછી સાદી લીટીઓની આકૃતિ ચોરસ દોરેલી સ્લેટની બાજુમા કઢાવવામાં આવે છે.

ડ્રિલ.

શિક્ષકના અભાવે વ્યવસ્થા થઈ નથી. પણ રમત રમાડવામા આવે છે. બાળવર્ગમા રમત રમી રહ્યા પછી દરેક વિદ્યાર્થીને દૂધ પાવામા આવે છે.

સામાન્ય હકીકત.

ઈતિહાસ, ભૂગોળ, વ્યાકરણ એવા વિષયની હરિફાઈ કરાવવામા આવે છે. તે વખતે તેને વિષયના સવાલ જવાબ લખેલા કાગળના પત્તાં આપે છે. તેના ઉપરથી વિદ્યાર્થીઓ એક બીજાને સવાલ પૂછે છે. પત્તાઓ કોઈ કોઈ વાર બાળકોને ફુરસદના વખતમા વાચવા આપે છે. એકંદર આ શાળામા વાચન, ગણિત અને લેખનનું કામ ઘણી સારી રીતે કરવામા આવે છે.

શિક્ષક માટે થોડાંએક "જોઈએ."

(લે. હરિશંકર દુર્લભજી ત્રિવેદી, શ્રી દક્ષિણામૂર્તિ,
વિનયમંદિર ભાવનગર.)

૧ જે વિષય શીખવવાનું શિક્ષકને સોંપવામા આવ્યું હોય તે વિષયનો તે સારો જ્ઞાતા હોવો જોઈએ.

૨ વર્ગમાં શિક્ષણ આપવા જતા પહેલા શીખવવાનો પાઠ તેણે સારામા સારી રીતે તૈયાર કરેલો હોવો જોઈએ—એટલે કે તેની પૂર્વ તૈયારીઓ ઉંચા પ્રકારની હોવી જોઈએ.

૩ શિક્ષકની વાતો, તેનું સંભાષણ હમેશા ચોખ્ખું, સત્ય હકીકતથી ભરપુર અને ચોકસ હોવું જોઈએ.

૪ તેનું વ્યાનગી જીવન વિશુદ્ધ અને સંસ્કારી હોવું જોઈએ.

૫ તેનો સઘળો ફાજલ વખત તેણે અભ્યાસમાજ ગાળવો જોઈએ.

૬ તેની ભાષા હંમેશા સ્વાભાવિક અને દંભ વિનાની હોવી જોઈએ.

૭ તે હંમેશાં નિરભિમાની, નમ્ર, અને વિવેકી હોવો જોઈએ.

૮ તેણે હંમેશાં બુદ્ધિશાળી અને પોતાના ધંધાના નિપુણ માણસો સાથે મૈત્રી બાંધવી જોઈએ.

૯ પોતાના જ્ઞાનનો ડોળ શિક્ષકે કદી પણ ન કરવો જોઈએ.

૧૦ સામાના મન ઉપર દૃઢ છાપ પાડી શકે તેવી અસરકારક રીતે બોલવાની નૈસર્ગિક શક્તિ તેનામાં હોવી જોઈએ

૧૧ શિક્ષણશાસ્ત્રનો સામાન્ય અભ્યાસ તેને હોવો જોઈએ.

૧૨ અદ્યતન અને શાસ્ત્રીય શિક્ષણપદ્ધતિથી તેણે હંમેશાં વાકેફ રહેવું જોઈએ.

૧૩ તે ઉત્તમ ચારિત્ર્યવાળો હોવો જોઈએ.

૧૪ તે માયાળુ અને મીલનસાર સ્વભાવનો હોવો જોઈએ.

૧૫ તેનો ચહેરો હરહંમેશ હસમુખો અને આનંદી રહેતો હોવો જોઈએ.

(૭) ખોટો પડે તે દાખલો ગણ્યા સિવાય રહેવું નહિ, શીખનાર પડે ગણી જાય એટલે ગણ્યો એમ સમજવું નહિ. નિશાળીઓ પાસે ગણાવવો અને જ્યાં જ્યાં વિદ્યાર્થીઓ ભૂલ કરે તે સુધરાવતાં જવું.

(૮) દાખલા ઉપરથી પારિભાષિક શબ્દોની સમજણ પાડવી.

(૯) ચિહ્નોનો બરોબર ઉપયોગ કરે અને તેનાં કારણો સમજે તેમ કરવું, અને અંકગણિતમા દરેક વપરાતાં ચિહ્નોનાં નામ શીખવવા જેમકે + ઉમેરવાનું, — બાદ કરવાનું, × ગુણવાનું, ÷ ભાગ્યાનું વગેરે.

(૧૦) અપૂર્ણાંક તથા પૂર્ણાંક સંબંધી ભેદ બરાબર સમજાવવો, અપૂર્ણાંક શીખવતી વખતે સમજણ પાડવા સારૂ પાટીઆપર કોઠો કાઢી કહેવું કે ½ મોટો કે ⅓? એ આકડાઓમાં કયો આકડો મોટો નાનો ? ½ નાં ચતુર્થાંશ કેટલા ? ½ ના ષષ્ઠાંશ કેટલા ? બારાંશ કેટલા ? $\frac{2}{10}$ ના પંચમાંશ કેટલા ? એવા એવા બુદ્ધિબળના વખતાનુસાર સવાલો કરી અપૂર્ણાંક, પૂર્ણાંક, સંક્ષેપ, અને સમચ્છેદ એટલે શું તે બાલ સમજથી શીખે તેમ સમજાવવું.

(૧૧) અપૂર્ણાંક, ક્ષેત્રફળ, વગેરેના હિસાબ શીખવતી વખતે પદાર્થના ભાગ પાડી બતાવાય તો વધારે ઉત્તમ છે. અમુક જગા કે ઓરડાની લંબાઈ પહોળાઈ ભરી તે ઉપરથી તેનું ક્ષેત્રફળ કેટલું થાય, તે તથા ઘનફળ સમજાવવા માટે ઘન કકડા ગોઠવવા, તથા ગોઠવાવવા. પૃષ્ઠ ફળને માટે પાસે પેટી, અથવા ચોપડી રાખી તાક્ષાત્કાર કરવું. મોટા દાખલા ગણવામાં લખાણની બાબત પેરેગ્રાફ અથવા ભાગ પાડીને ગણે તેમ શીખવવું જોઈએ. ગુણ્યા અને વત્તાનો ભેદ બરોબર સમજે તેમ કરવું વગેરે.

(૧૨) બાબાનાળા શિક્ષકો આ વિષયમાં દર્શાવેલી બાબતો વાંચી તેના નિયમો જાણી અંતથી તેનો અમલ કરશે તો તેઓ કેટલેક દરજ્જે અંકગણિત શીખવવામા શક્તિમાન થશે. અસ્તુ.

સંવાદ.

દયા.

(લેખકઃ—રા. સાકરલાલ પુરૂષોત્તમ શુકલ.
આ૦ બા૦ ગ. ટ્રે. સ્કૂલ, ભરૂચ.)

મહેન્દ્રપ્રસાદ—કેમ ભાઈ શંકરપ્રસાદ, નિશાળેથી ચાલ્યા આવો છો ? આજે આટલું બધું મોડું કેમ ? રજા મોડી મળી હતી કે શું ?

શંકરપ્રસાદ—ના ભાઈ, નિશાળમાંથી તો બરાબર પાંચ વાગે રજા મળી હતી.

મહેન્દ્રપ્રસાદ—ત્યારે આટલી બધી વાર કેમ થઈ? સાડાછ થઈ ગયા છે.

શંકરપ્રસાદ—ભાઈ, રસ્તામાં એક આંધળો માણસ જતો હતો, તેને પેલો અમથાલાલ હેરાન કરતો હતો. મને દયા આવવાથી તે બિચારાને છોડીને તેને ઘેર મૂકી આવ્યો તેથી મોડું થયું.

મહેન્દ્રપ્રસાદ—ભાઈ શંકરપ્રસાદ, તમે બહુજ સારું કામ કર્યું. શાબાશ છે તમને. પણ વારુ, અમથાલાલ તે બિચારા અપંગ માણસને શા માટે હેરાન કરતો હતો?

શંકરપ્રસાદ—વિના કારણ, માત્ર ગંમતની ખાતરજ. જુઓ, પેલા અમથાલાલ આવે છે. (આગળીથી બતાવે છે)

મહેન્દ્રપ્રસાદ—ઠીક થયું આવવા દો એને. (અમથાલાલ નજીક આવે છે) અમથાલાલ, આવો આ શંકરપ્રસાદ કહે છે તે વાત ખરી કે?

અમથાલાલ—કઈ વાત? હા! હા! સમજ્યો. પેલા આંધળાની વાત કહેતા હશે. અરે! જવા દો ને શંકરપ્રસાદનું નામ! એમણેજ બધી બાજી બગાડી નાખી! નહિ તો જોવાની બરોબરી મજા આવત!

શંકરપ્રસાદ—અરરર! તમે આ શું બોલો છો? તે આંધળો માણસ ખાડામાં પડત, અને તેનો હાથ કે પગ ભાંગત, તે જોઈને તમને આનંદ થાત?

મહેન્દ્રપ્રસાદ—હરિ! હરિ! અમથાલાલ, તમારા દીલમાં જરા પણ દયા હોય એમ જણાતું નથી. બિચારા આંધળાને ધક્કો મારીને ખાડામાં પાડવાનું ધાર્યું હતું કે શું?

શંકરપ્રસાદ—ધક્કો મારીને નહિ, પણ દગો દઈને.

મહેન્દ્રપ્રસાદ—કેવી રીતે?

શંકરપ્રસાદ—તે બિચારો ખરે રસ્તે ચાલ્યો જતો હતો, છતાં આ ભાઈએ તેને ડાબા હાથ તરફ ચાલવાની સૂચના કરી. ડાબી બાજુએ મોટો ખાડો હતો. તેણે તે તરફ ચાલવા માંડયું. તરતજ પેં તેને અટકાવ્યો, અને દોરીને તેને ઘેર પણ આવ્યો

મહેન્દ્રપ્રસાદ—અમથા લાલ, તમારા આવા વર્તનથી હું ઘણોજ દીલગીર છું. આંધળાની હાલત કેવી હોય છે તેનું તમને ભાન છે?

અમથાલાલ—ના ભાઈ, મેં તે બાબતનો કદી પણ વિચાર કર્યો નથી.

મહેન્દ્રપ્રસાદ—આ આવો, હું તમને તે સંબંધી દરકિ સમજાવું.

(ગજવામાંથી રૂમાલ કાઢીને તેની આંખે બાંધે છે) અમથાલાલ, ધારો, કે પરમેશ્વરે તમને આવી સ્થિતિમાં મૂકયા છે. હવે તે સંબંધી વિચાર કરો. સમજાય છે કંઈ આંધળા માણસની મુસ્કેલી?

અમથાલાલ—સમજાય છે! ભાઈ, બરાબર સમજાય છે! ઓ ભાઈ! હું તો અકળાઈ જાઉં છું! આંધાપાનું દુઃખ કેવું હશે, તેનો મને બરોબરો ખ્યાલ આવ્યો છે.

મહેન્દ્રપ્રસાદ—હવે આવીજ સ્થિતિમાં અહીંથી તમારા ઘર સુધી જવાનું છે એમ ધારો. સહેલાઈથી જઈ શકાય ખરૂં કે?

અમથાલાલ—ના રે ભાઈ! ઘણીજ મુસીબત પડે! કોણ જાણે કેટલીએ વાર ભીંતમાં માથું અથડાય! હું તો રસ્તામાંજ અથડાઈ કુટાઈને મરી જાઉં!

મહેન્દ્રપ્રસાદ—એવી મુસ્કેલ સ્થિતિમાં રસ્તે જતાં તમને કોઈ બેટો રસ્તો બતાવીને ખાડામાં પાડે તો?

અમથાલાલ—દુઃખનો પારજ ન રહે. હાથ કે પગ ભાંગી જાય. ભાઈ મહેન્દ્રપ્રસાદ, હવે મને મારી ભૂલ બરાબર સમજાય છે; અને ઘણોજ પસ્તાવો થાય છે.

મહેન્દ્રપ્રસાદ—પસ્તાવો થાય છે, તે સુધરવાની નિશાની છે. ભાઈ, હવે પછી એવી ભૂલ ન થાય તેની કાળજી રાખજો. (પાટો છોડી નાખે છે)

અમથાલાલ—હમેશા કાળજી રાખીશ. ભાઈ મહેન્દ્રપ્રસાદ, આજે તમે મારા ઉપર ઘણોજ ઉપકાર કર્યો છે. ભાઈ શંકરપ્રસાદ, તમારો પણ ઉપકાર માનું છું. બરોબર તમે બન્ને ભાઈઓએ મને સુધાર્યો છે અને દયાનો પાઠ શીખવ્યો છે.

શંકરપ્રસાદ—ભાઈ, પરમ કૃપાળુ પરમેશ્વરનો ઉપકાર માનો, કે તેમણે તમને સદ્‌બુદ્ધિ આપી.

મહેન્દ્રપ્રસાદ—શંકરપ્રસાદ ખરૂં કહે છે. ચાલો, હવે ઘેર જઈએ.

(જાય છે)

ઇંડિઆ રબર.

લેખકઃ—રા. મનસુખરામ રઘુનાથ પાઠક. ઝાલોદ. પંચમહાલ.

નિખિલેશ્વરની નૈસર્ગિક શક્તિઓ આ સૃષ્ટિપર અસંખ્ય પદાર્થો વિવિધ જાતના પ્રાણીઓના ભિન્ન ભિન્ન ઉપયોગ માટે ઉપજાવી ગાઈ છે, અને મનુષ્યોના જ્ઞાનની વિશેષતા હોવાથી તે તે પદાર્થોનો અન્ય પ્રાણીઓ કરતા અત્યંત વિશેષ પ્રમાણમાં ઉપયોગ કરી શકે છે એ સર્વમાન્ય છે, પરંતુ બુદ્ધિના ન્યૂનાધિક પ્રમાણમાં મનુષ્યોના પણ વિદ્વાનોએ અમુક ભાગો કરેલા છે, અને તેમ થવું જ જોઈએ. કારણ કે જેવી રીતે સર્વ મનુષ્યો ધનવાન થવાથી વિશ્વનો વ્યવહાર અટકી પડે છે, તેમજ સર્વ મનુષ્યો વિદ્વાન થવાથી પણ એવાજ પરિણામની આશા રાખી શકાય, અને તેથીજ તે પુરુષને મહાત્મા ગણવામાં આવે છે.

જે મનુષ્યે સમગ્ર જનસમાજના લાભ માટે અમુક એકવિધરૂપ વસ્તુના અમુક સર્વ સાધારણ ગુણોને પ્રથમથીજ અળગા કર્યા હોય; પછી તેમાં પાછળથી સુધારો કરનારા ભલે હજારો મળી આવે, તોપણ તેમનાથી મૂળ શોધકની બરાબરી કરી ન શકાય એજ નિયમ આપણે 'ઇંડિઆ રબર' ના મૂળ શોધકને લાગુ કરીયું. ટૂંકમાં કહીએ તો વર્તમાન સમયમાં જે કે 'રબર' એ એક સાધારણ પદાર્થ થઈ પડયો છે, અને તેની કૃતિમાં અનેક પ્રકારના સુધારાઓ કરવામાં આવ્યા છે, તોપણ તેથી કંઈ તેના મૂળ શોધકની બુદ્ધિ, વિશેષતામાં જરા માત્ર પણ ઓછી થતી નથી.

ઇંડિઆ રબર એટલે હિંદુસ્તાનમાં પેદા થતું રબ્બર આ અર્થ વાજબી નથી. કોલંબસે હિંદુસ્તાનની શોધમાં અમેરિકા ખોળી કાઢયો અને તેણે અમેરિકાને "ઇંડિઆ" નામ આપ્યું. રબરના ઝાડો થાય છે. તેના પાન પીંપરને મળતા છે. પીપરના પાન પાતળા હોય છે. રબરના પાન જાડા હોય છે. તેને એક પછી એક એ પ્રમાણે પાન આવે છે. એક પાન આવ્યા પછી બીજું પાન આવતી વખતે જૂના પાન ખરે છે તેવી લાલાશ પડતી અર્ધો ઇંચ લાંબી ટીશીઓ આવે છે. તેને ડાળાં પણ હોય છે. થડનો રંગ પીંપરના થડને મળતો હોય છે. રબરના અનેક પદાર્થો બનાવવાની સર્વ યુક્તિઓ અર્વાચીન કાળનીજ છે. પરંતુ તે ખામક છે, કારણ કે દક્ષિણ અમેરિકામાં પેરૂ દેશમાં રબરના વસ્ત્રો બનાવવાની રીત પ્રાચીન કાળમાં હતી એવા પ્રત્યક્ષ પ્રમાણો અદ્ય ઉપલબ્ધ થએલા છે. પરંતુ અદ્યાપિ એ વાત જણાયું કે નથી કે અમેરિકા ખંડ નામથી ઓળ-

બતાવ્યા આવ્યું હતું, કેમકે રબર એ તે પદાર્થને પાઠગથી આપવામા આવેલુ શુદ્ધ ઇંગ્લિશ અભિધાન છે. તેની વ્યુત્પત્તિ નીચે પ્રમાણે:—

અંગ્રેજી સકર્મક ક્રિયાપદ રબ (Rub) તેને (er) પ્રત્યય લાગીને Rubber રબર એવો શબ્દ સિદ્ધ થયો છે. રબ ક્રિયાપદનો અર્થ 'ઘસવું' છે. અને ઈ આર, કર્તૃ અર્થક પ્રત્યય છે તેથી રબરનો અર્થ 'ઘસનાર' એવો થાય છે.

હવે આપણે રબરની કૃતિ કેવી રીતે થઈ શકે છે, અને તેમાથી કેવા કેવા પદાર્થો બનાવી શકાય છે તેનું સક્ષેપમા અવલોકન કરીશું

આમાઝોન નદીના કાંઠે આવેલા પ્રાંતોમા આ ઝાડો પુષ્કળ જોવામા આવે છે ૬૦ વરસે રસના સ્રાવનુ નખતે ઘણા લોકો ત્યા જાય છે અને કુહાડીવડે તે ઝાડોના થડમા ઘા કરે છે તે રસ ઝીલવા વાસણો મૂકે છે. ત્યાર પછી શુભ્ર રસ વાસણમાં ત્રણ કલાક સુધી ઝરી બધ થાય છે. આ રસમા રબરના કણો ત્રિશ્ર થએલા હોય છે કણો જુદા પાડવા માટે લાકડાની સળી અથવા કણીને તે રસમા બોળી બહાર કાઢી દેવના ઉપર ધરે છે તેથી રસ સુકાઈને કણીપર ચોટે છે. તેનો રંગ (ભગવો પીળો) ઝાંખો પીળો હોય છે કણીપર આ પ્રમાણે બેચાર વખત બોળી સુકવવાથી ગઠ્ઠો બધાય છે, પછી તે ગઠ્ઠાને ચપ્પુથી ચીરીને કાઢી લેવામા આવે છે.

કેટલેક સ્થળે લાકડાની કણીને બદલે માટીના ગોળાઓની યોજના કરેલી હોય છે. કારણ કે માટીના ગોળાપર થએલા રબરને ચપ્પુથી ચીરવાની મુશ્કેલી પડતી નથી એ ગોળાને પાણીમા પલાળવાથી માટી ઓગળી જાય છે અને રબરની કોથળી બહાર નીકળી જાય છે. એ રબરને " બૉટલ ઇંડિઆ રબર " કહે છે. બૉટલો બાટલીના આકારનો ઇંડિઆ રબર એની સાથી ઓળખવામા આવે છે.

યુરોપમા રબર ઈ સ ૧૭૩૬ મા લાવવામ આવ્યુ તે ઈ સ ૧૮૨૦ સુધી પેન્સિલના ડાઘ કાઢવાના ઉપયોગમાં જણીતુ હતું તે સમયે તેનુ મૂલ્ય સોના જેવુ મોધું હતું કે ઉંચા લાબા અને નેટવાજ પહોળા કકડાની કિમત ઇંગ્લાડમા ૨૧ શિલિંગ હતી ઈ સ ૧૮૨૦ મા ઇંગ્લાંડ, સ્કોટલાંડ અને ફ્રાન્સમાં કુશળ લોકોનું એ પદાર્થ પ્રતિ કાંઈક વિશેષ લક્ષ દોરાયું અને તેથી તેના વિલક્ષણ સ્થિતિસ્થાપક ગુણનો કેવો ઉપયોગ કરવો, તેના વિચારમા તે પડ્યા તેનો પહેલો નવીન ઉપયોગ મોજાના બધો તરીકે થવા લાગ્યો એ મોજાના બધો બૉટલ ઇંડિઆ રબરની કોથળી બાળીને બનાવ્યા હતા તત્પશ્ચાત રબરના

ટુકડાઓ ગરમ કરીને તેમાંથી બુટના તળીઆની બનાવટ કરવામા આવી અને તે સબંધી પ્રયોગ કરતા એમ માલમ પડયું, કે તાજા કાપેલા રબરના ટુકડાઓ તેમને કાપેલે ક્રમણે એક બીજાપર રાખીને દાબ્યા હોય તો તે પરસ્પર ચોટી જાય છે. એ વાત વ્યક્ત થતાજ રબરના નાના નાના ટુકડા નકામા જતા હતા તે ઉપયોગી થયા. બીજા ટુકડાઓનો બારીક ભુક્કો કરીને તેને ધુપ દાબી તેના બીજી પણ પ્રકારના આકારના વિવિધ જાતિના પદાર્થો બનાવવાની શરુઆત થઈ. ત્યાર પછી તેનો વ્યવહારમા અધિક ઉપયોગ થવા લાગ્યો. તેનું મિશ્રણ કરવાની યુક્તિ ઈ સ. ૧૮૨૩ મા ઉદ્ભવી. તે વખતથી એજ વર્ષમા ગ્લાસગોના મૅકિંટોશ નામના એક કારખાનેદારને એવો તર્ક થયો કે રબરને કોલસામાંથી "નેપ્થા" નામનું તેલ નીકળે છે તે તેમા નાખ્યું હોય તો પીગળીને ઉત્તમ મિશ્રણ તૈયાર થશે ત્યાર પછી તે મિશ્રણ સુકવવાથી તેલ ઉડી જઈ રબર કાયમ રહેશે, એ પ્રમાણે એનું મિશ્રણ બરાબર સહેલ થઈ પડતા તેનો કોઈ પણ પદાર્થપર જોઈએ એટલો પાતળો થર આપી શકાયો અને તેથી જેને "વૉટર પ્રુફ" એટલે પાણીને અંદર ન આવવા દેનારું કપડું કહે છે, તેની બજારમા વિપુલતા થઈ પડી. એ કાપડને અંગ્રેજીમા મૅકિંટોશને નામે પણ ઓળખે છે, અને ઉપર આપેલી માહીતી ઉપરથી તેનું કારણ શું હોવું જોઈએ, તે વાચકો તત્કાળ અનુમાન કરી શકે તેમ છે. એ જાતના હલકા કપડાને રબરનો થર માત્ર ઉપરથીજ આપેલો હોય છે. પરંતુ ઉંચી જાતનુ જે કાપડ હોય છે, ને એનું થાય છે અને તે બંન્નેમા જુદો જુદો રબરનો થર ચઢાવેલો હોય છે. એની કૃતિ એવી છે કે પ્રથમ એક કપડાને રબરનો થર આપીને તેની ઉપર તેવુંજ બીજું કપડું તેના નીચેના ભાગમા રબરનો તેવોજ થર ચઢાવીને તેની ઉપર પાથરે છે અને અંતે તે સઘળા કાપડને સંચામાંથી દાબી કાઢે છે. અર્થાત્ તે રબરના થરો પરસ્પર ચોટી જતા કુલ વૉટર પ્રુફ કાપડ તૈયાર થાય છે.

નેપ્થા વિના રબરના મિશ્રણમા ઉપયોગી થનારા બીજા પણ કેટલાક પદાર્થો હાલમાં શોધી કાઢવામા આવેલા છે દાખલા તરીકે ઈથર, કેરોસેરૉર્મ, સાલ્ફાઈડ ઑફ કાર્બન અને શુદ્ધ કરેલુ ટરપેંટાઈનિ તેલ ઈ૦ એ પદાર્થોમાં રબર નાખતા પ્રથમ તે ફૂલે છે, અને ત્યાર પછી પીગળીને મિશ્રણ થાય છે. આ મિશ્રણ ઉપર જણાવ્યા પ્રમાણે કાપડ ઇત્યાદિ બનાવવામા ઉપયોગી છે. પરંતુ ઉપર્યુક્ત અને આ વસ્તુની કૃતિમા એટલો તફાવત છે, કે આ મિશ્રણ

કપડાપર વિપુલ પ્રમાણમ ઓતી નાખવામા આવે છે. પછી તેને ઍસીડમા રહ્યા નીચે નાખતાં તે મિશ્ર ; તેની ઉપર સર્વત્ર સરખુ જોઈએ તેવું જાડું લીંપાઈ જાય છે. ત્યાર પછી તેને સુકવતા તે કાપડની ઉપર સખ્ખી જાડાઈનો રબરનો થરમાત્ર બાકી રહી જાય છે. એ મિશ્રણ તૈયાર કરવામા સલ્ફાઈડ ઑફ કાર્બનનોજ ઉપયોગ થાય છે, ત્યારે તે સુકાતા ૧૦ મિનિટજ લાગે છે. પરંતુ ઇતર દ્રવ્યોની યોજના કરી હોય તો સુકાતા ૨ થી ૩ કલાક લાગે છે. આ મિશ્રણનો ઉપયોગ રબરના દોરા કરવામા જરૂરનો છે. તળીયામા ઝીણા વેડમાગી નળીમાં મિશ્રણ ભરી ઉપર જોરથી દાબવાથી મિશ્રણ રોવના જેવા આકારમા બહાર નીકળે છે. તેને નીચે પાથરેલા કપડાં ઉપર ઝીલીને ખુલ્લી હવામ સુકવવાથી તેના ઝીણા દોરા થાય છે.

ખુટમા જે ઈલાસ્ટિક નામનો અવયવ હોય છે તેમાના રબરના દોરા ચતુષ્કોણ હોય છે. એ દોરા રબરમાથીજ બનાવેલા હોય છે. રબરના જાડા તાર આવે છે. તેના પ્રથમતઃ પહોળી ફીરો જેવા લાબા લાબા ટુકડા કરે છે. તેમાથી તે ચોમુખ દોરા બનાવે છે. કાપી કાઢેલા દોરાને ૭ કે દસ ગણા લંબાવી તેજ સ્થિતિમા એક ગોળાકૃતિ રૂપ ઉપર વિટાળે છે. આ રૂલને ૪૮ કલાક સુધી ગરમ જગામા રાખી મુકવામા આવે છે. આ દોરાને રૂલપરથી ઉતારવામા આવે છે ત્યારે લંબાઈના ફરક પડતો નથી. અને વળી આશ્ચર્ય તો એજ છે કે તે લાબા થએલા દોરાના અંગમાં પણ રબરની સ્થિતિસ્થાપકતા તો જેવીની તેવીજ અચળ રહેની હોય છે.

રબરની નળીઓ પણ એ પ્રમાણે રબરને ગરમ કરીને બનાવે છે. ઉકળતા પાણી કરતા સહેજ વધારે ઉષ્ણતાથી રબર ઘણુજ નરમ થાય છે. આ સ્થિતિમા ટંકણાકૃતિ કાણામા દાબવાથી તેની થોડી મુદતને નળીઓ તૈયાર થાય છે. કોઈકિ વખત રબરના તારમાથી સરખા કટકા કાપીને તેમને એકમેકની ઉપર ચીકટાવીને પણ નળીઓ બનાવે છે.

રબરમા સેંકડે ૭ થી ૧૦ ભાગ ગંધકની મેળવણી કરી હોય તો તેનો એક વૅલ્કનાઈટ નામનો પદાર્થ તૈયાર થાય છે. વૅલ્કનાઈટના કટકાઓ ગરમ કરીને કે તરતના કાપીને ચોટાડવાથી ચોટી શકતા નથી સારું રબર હવામા હરી ફરણ થાય છે. વૅલ્કનાઈટનું તેમ થતું નથી. વૅલ્કનાઈટથી બુટના તળીયા, ગાડીની કમાનો, પૈડાના પાટા, નાની નાની હોડીઓ વાગથી ભરાનારી બિછાનાને સ્થાને વપરાતી રબરની કોથળીઓ અને એવી બીજી પણ કેટલીક વસ્તુઓ બનાવવામા અત્યંત ઉપયોગ થવા લાગ્યો છે.

વૅલ્કેનાઈટ્ બનાવવાની બે રીતો છે. (૧) રબરના તાવને ગંધકના રસમાં કેટલીક વાર બુડાડી રાખવાથી ગંધકને રબર શોષી લે છે. (૨) રબર અને ગંધકને એકઠા વાટી રસ કરવો. વૅલ્કેનાઈટ્ તૈયાર થયા પછી તેની વિવિધ વસ્તુઓ બનાવીને તેમને એક બંધ કરેલા પાત્રમા ભરે છે, અને તેમને ઘણીજ કડક બાફ એ ત્રણ કલાક સુધી આપે છે.

રબરમા સેંકડે ૨૫ થી ૩૫ ભાગ ગંધક મેળવ્યો હોય તો તેમાંથી "એબોનાઈટ્" નામનો પદાર્થ થાય છે. આ પદાર્થ પાકા કાળા રંગનો, કાલુ, ચીકટ અને ઘણો ટકાઉ હોય છે, તેથી તેની કાંસકીઓ, બટન, અને હાથમાં રાખવાની લાકડીઓ વગેરે બનાવવામા આવે છે.

હાલમાં એબોનાઈટ્ પદાર્થમાં રબરના સ્ક્રુ બનાવનારી કંપનિઓ યુરોપમાં સ્થાપન થઈ છે. સ્ક્રુ કરવાનો હેતુ એ છે, કે જે કામમાં ધાતુના સ્ક્રુનો ઉપયોગ થતો નથી, તેમા આ સ્ક્રુનો ઉપયોગ થઈ શકશે. આ સ્ક્રુની કિંમત ધાતુના સ્ક્રુ કરતા કાંઇક ઓછીજ થશે.

આ ઉપરાંત રબરના રમકડાં, રબર સ્ટૅમ્પો, દડાઓ, અને પહેરવાનાં કપડાં વગેરે અનેક ચીજો બને છે.

ઇત્યલમ્.

માળવાના રાજાઓનો ઇતિહાસ.

ભૂગોળ સંબંધી હકીકત.

(રા. એમ. આઈ. ફારૂકી. હે. મા. ઉર્દુ ટ્રે૦ કલાસ. અમદાવાદ.

અરબ લોકો દક્ષિણ હિંદુસ્તાનના પશ્ચિમ કિનારાને માલાબાર (મલબાર) અને પૂર્વ કિનારાને માબર / કોરોમંડળ) કહે છે. માબર એટલે ઘાટ અને ઘાટ એટલે દરીઆકિનારો થાય છે. આ ઉપરથી અનુમાન થાય છે કે અરબોએ માબર એ ઘાટ શબ્દનું બાપાંતર કરેલુ છે.

સરીફ ઇદ્રિસીએ (સને ૧૧૫૩ ઇસવી) બનાવેલી ભૂગોળમાં પશ્ચિમ કિનારાનું નામ માબર જોવામાં આવતું નથી; એ પરથી જણાય છે કે માબર નામ બારમી સદી પછી પ્રચલિત થયેલુ હોવું જોઈએ એવી પહેલુ પુસ્તક

કે જેમાં મજકુર પ્રદેશનું નામ માબર લખેલું છે તે અબ્દુલઝઝાકની બગદાદીની મિઝ્રની ભૂગોળ છે. ત્યારબાદ લખાએલાં ઇતિહાસ અને ભૂગોળના પુસ્તકોમા માબર શબ્દનો વારંવાર ઉપયોગ થએલો છે. અબુલફિદા અને અબદુલ્લા વસ્સારના લખેલા પુસ્તકોમા એજ નામ લખેલું જોવામા આવે છે.

આ બને લેખકો અબ્દુલઝઝાક પછી થોડાજ સમયે થએલા છે.

પ્રાચીન સમયમા કાવેરી અને પાલાર નદીઓની વચ્ચેના પ્રદેશમા ચોલાવંશના રાજાઓ રાજ્ય કરતા હતા એ ઉપરથી આ પ્રદેશ ચોલામંડળ કહેવાયો. ચોલામંડળ એટલે ચોલાનો દેશ. પોર્ટુગીઝ લોકો ચોલામંડળનો ઉચ્ચાર બરાબર કરી શકતા ન હતા તેથી તેમણે ચોલા મંડળને બદલે કોરોમંડળ કહેવા માંડ્યુ, અને ત્યારથી દક્ષિણ હિંદના પૂર્વ કિનારાનું નામ કોરોમંડળ પડ્યું આ કોરોમંડળ કિનારા પર આવેલો ઘણોખરો પ્રદેશનો માબરમા સમાવેશ થાય છે.

ચાલુ જમાનાના ભૂગોળવેત્તાઓએ માબરનું બીજું નામ કર્ણાટક લખેલું છે, પણ બરી રીતે એ તેમની ભૂલ છે, કારણ કે દક્ષિણના જે ભાગમા કાનડી ભાષા બોલાય છે તે ભાગને કર્ણાટક કહે છે. એથી ઉલટું માબરના પ્રદેશમા વસતા લોકોની ભાષા તામિલ છે. કર્ણાટક કૃષ્ણા નદીની દક્ષિણે આવેલી પર્વતોની હારોની વચ્ચેનો પ્રદેશ છે.

ઇતિહાસકાર અબુલફિદા લખે છે કે મલબાર કિનારો કન્યાકુમારી ભુશિર સુધી આવેલો છે અને ત્યાંથી જ માબરની હદ શરૂ થાય છે.

(તકવીમુલ બલ્દાન ઝિક્ર હિંદુસ્તાન)

ઇતિહાસકાર વસ્સાર પણ માબરની હદ એજ પ્રમાણે બતાવે છે, ને લખે છે કે માબરની હદ કોલમથી શરૂ થઈને નિલોર સુધી પહોંચે છે. કુલ આ પ્રદેશની લંબાઈ ૩૦૦ ફરસખ છે. (વસ્સારનો ઇતિહાસ ભા. ૪-પૃ ૬૨.) પોર્ટુગીઝ મુસાફરોએ પણ થોડા ઘણા ફેરફાર સાથે એજ હદ બતાવી છે.

ઈ સ. ૧૬૧૫ માં દક્ષિણ હિંદુસ્તાનની મુસાફરી કરનાર મુસ્સુયુનુ લખે છે કે:—સાધારણ લોકો કોરોમંડળની હદ નાગાપટ્ટમ ભુશિરથી મુસલીપટ્ટમ (મછલીપટ્ટમ) સુધી સમજે છે. (મુસ્સુયુનુનું મુસાફરીનું પુસ્તક પૃ-૧૧૨) પરંતુ ઘણાખરા લેખકોએ માબરની હદ કન્યાકુમારી ભુશિરથી ઓદીઆ સુધી બતાવી છે.

---

* ફરસખ=૪.૦૦ માઇલ

૧ માઇલ=૧ માઇલ

પ્રાચીન સ્થિતિ.

મુસલમાનોની હકુમત પહેલા આ પ્રદેશમાં બે હિંદુ રાજ્યો હતા. ઉત્તરના પ્રદેશમા ચોલા રાજ્ય હતું. તેના સબધમાં અશોકના (ઇ. સ પૂ. ૩૩૧ થી ઇ. સ. પૂ ૨૭૨) સમયના એક શિલાલેખમા લખેલું છે કે આ રાજ્યની ઉત્તરે પનાર અને દક્ષિણે વેનાર નદીઓ વહે છે. પૂર્વમા સમુદ્ર અને પશ્ચિમે દુર્ગનો પ્રદેશ આવેલો છે. ચોલા વંશનું રાજ્ય આ પ્રદેશમા છેક ઇ. સ. પહેલા સૈકાથી લઈને ઇ. સ. ના નવમા સૈકા સુધી હતું. શરૂઆતમાં એની રાજધાની ઓરાયુર કે જેને જુની ત્રિચિનાપલ્લી કહે છે તે હતું. આ વંશમા રાજા રાજા (ઇ. સ. ૯૧૨ થી ૯૮૫) નામે મહા બળવાન સરદાર થયો છે. એણે દક્ષિણ હિંદના બધા રાજાઓ પાસે સર્વોપરિપણું કબુલ કરાવ્યું હતું. એણે પોતાની રાજધાની બદલીને તાન્જોરમા કરી. પાછળ વખતમા ગજેન્દ્રગુનંગા (ઇ. સ. ૧૧૧૮ થી ૧૧૭૦) ની બેન સાથે ચાલુક્ય રાજા વિમલાદિત્ય નામે રાજાએ લગ્ન કર્યું. તેને નરેંદ્ર નામે એક પુત્ર થયો અને તે પોતાના મામા ગજેંદ્રની ગાદીએ બેઠા. ચોલા વંશના ગાદીએ બેસનાર ચાલુક્ય વંશનો આ પહેલો રાજા હતો. એણે તાન્જોર બદલીને પોતાની રાજધાની કાંચીપુરમમા કરી. કાંચીપુરમ મદ્રાસની પાસે આવેલું છે.

બીજું પાંડ્યવંશના. રાજાઓનું રાજ્ય છેક દક્ષિણમા હતું. તેમની રાજધાની તિન્નેવલ્લી જિલ્લામા તામ્રપરણી નદીના મુખ આગળ આવેલા કોરકાઈ નામે શહેરમા હતી. ઘણા કાળ પછી તેમણે પોતાની રાજધાની બદલીને મદ્રાસમા આણી. મદ્રાસને મુસલમાન ઇતિહાસકારો મડી શહેર કહેતા હતા. નવ્ય લેખકો મડીને 'માડી' અને છેવટે 'મડી' કહેવા લાગ્યા.

આ વંશની સ્થાપના ઇ સ. ની શરૂઆત પહેલા ઘણા સૈકાઓથી થએલી હતી. આ વંશના સંબધમા ઐતિહાસિક બીના લખવાનું કામ ઘણું કઠણ છે, તોપણ એક સીંગાલી પુસ્તક પરથી કેટલીએક હકીકત મળી આવે છે. એ પુસ્તકનું નામ "મહાવંશ" છે, અને તેમા સિલોનની હકીકત લખેલી છે. એમા લખ્યું છે કે સિલોનનો પહેલો રાજા વિજયા જ્યારે લંકાનો રાજા થયો ત્યારે તેણે પાંડ્ય રાજાની કુંવરી વેરે લગ્ન કર્યું. વિજયા ક્યારે થયો તે નક્કી કરવું કઠણ છે, તોપણ આપણે એટલું કહી શકીએ કે મહાત્મા ગૌતમ બુદ્ધના પહેલા (ઇ. સ. પૂ. ૫૦૦–૮૨૦) તેનો કાળ થયો હતો. ગ્રીક ઇતિહાસકાર મેગાસ્થનિસે (ઇ. સ. પૂ–૩) આ વંશના

રાજાઓની હકીકત લખી છે, તેમજ ઇતિહાસકાર પ્લિની લખે છે કે પાંડય વંશના એક રાજાએ રોમના રાજા ઓગસ્ટસના દરબારમા પોતાનો એલચી મોકલ્યો હતો

માબરમા મુસલમાની રાજ્ય ઇ. સ ની ૧૪મી સદીની શરૂઆતમા થયુ ને પહેલા દક્ષિણ હિંદુસ્તાનમા હિંદુઓના નાના નાના ઘણા રાજ્યો હતા જેવા કે—દેવગિરિમા યાદવ, વરંગળ મા કાકટીય, કર્ણાટકમા હોયસાલા, તાંજોરમા ચોલા અને મદુરામા પાંડય એ પ્રમાણે રાજ્યો હતા ઇ સ ૧૩૧૩ મા અલા દીન ખિલજીએ દક્ષિણમા સ્વારી કરી પહેલા દેવગિરિના રાજપર હુમલો થયો ત્યારબાદ એ પાદશાહે પોતાના સેનાપતિ મલેક કાફુરને બળવાન લશ્કર આપી દક્ષિણ હિંદ જીતવા મોકલ્યો. એણે સૌથી પહેલા વરંગળના રાજા સાથે લડાઈ કરી તેને તાબે થવાની ફરજ પાડી આ મામલો પતાવી તેણે દ્વાર સમુદ્રનુ રાજ્ય જીત્યુ અને હોયસાલા વંશના રાજાને ખંડીયો બનાવ્યો, ત્યારબાદ માબર અને મલબારના પ્રદેશો જીતી છેક દક્ષિણમા શ્વેતબિંદુ રામેશ્વર સુધી જઈ પહોંચ્યો. આ લડાઈઓ ઇ. સ. ૧૩૧૨ સુધી ચાલતી રહી આ લડાઈઓના પરિણામે દક્ષિણ હિંદના હિંદુ રાજાઓ પાયમાલ થઈ ગયા અને ખંડીયા બની ગયા ઇતિહાસકાર ફરિશ્તાએ મલેકકાફુરનો માબર પરનો ચઢાઈનો એહવાલ ઘણોજ સવિસ્તર લખ્યો છે એ લખાણનુ તાત્પર્ય આ પ્રમાણે છે. અલાઉદ્દીને મલેક કાફુરને હીં સ ૧૩૧૦ મા કર્ણાટક જીતવા મોકલ્યો મલેક કાફુર દિલ્હીથી નીકળી દોલતાબાદ આવ્યો અને અહીંથી બણ મહિનાની લાંબી અને કઠણ કરેલી મુસાફરી કરી કર્ણાટક પ્રદેશમા પહોંચ્યો અહીના રાજા મહાદેવ સાથે જંગ મચ્યો લડાઈમા મુસલમાન સૈન્યમાંથી ઘણા માણસો મર્યા આ લડાઈમા ફતેહ કરીને મલેક કાફુરે દ્વારસમુદ્ર તરફ કૂચ કરી ત્યાંના રાજાને તાબેદાર બનાવી માબર તરફ જવાને નીકળ્યો [illegible] ૩૦૦ [illegible] ને ત્યાના રાજાને તાબેદાર બનાવી માબર [illegible] મા પ્રદેશની રાજધાની [illegible] દરામા હતી અને અહીં સુંદર પા[illegible] રાજ્ય કરતો હતો. આ સાથે [illegible] લાગ્યુ કે મુસલમાનોનુ દક્ષિણ હિંદ સાર નથી એટલે તે જ [illegible] ગયો અને મદુરા મુસલમાનોના કબજામા ગયુ મલેક કાફુર મદુરામાંથી પ્રતિનિધિ મૂળ દક્ષિણમા [illegible] હિંદુ રામેશ્વર સુધી પહોંચ્યો અહીં તેણે પોતાની જીતની નિશાની માટે એક મસ્જીદ બંધાવી તેમા અલાઉદ્દીનના નામનો *ખુતબો પઢાવ્યો આ મસ્જીદ જહાંગીર પાદશાહ સુધી

* મુસલમાની ધર્મ મુજબ દર શુક્રવારે મસ્જીદમા ખુદાની બંદગી સાથે ધર્મની આજ્ઞાઓ મુસલમાનોને સમજાવવામા આવે છે તેની સાથે ચાલુ જમાનાના પાદશાહને આશીર્વાદ આપવામા આવે છે તે

આબાદ હતી. અને તેનું નામ મરિજીદે અલાઇ હતું.

મદુરામાંથી મલેક કાફુરને પુષ્કળ દ્રવ્ય મળ્યું. મલેક કાફુરના ગયા પછી દક્ષિણના હિંદુ રાજાઓએ પોતાની ગએલી સ્વતંત્રતા માટે તોફાન મચાવ્યું. દિલ્હીમાં જ્યારે ખબર પહોંચી કે દક્ષિણના રાજાઓએ બંડ કર્યાં છે ત્યારે અલાઉદ્દીને મલેક કાફુરને ફરીને દક્ષિણમાં મોકલ્યો.

મલેક કાફુર પહેલા દેવગિરિ આવ્યો અને ત્યાંના રાજાને હરાવી તેનો શિરચ્છેદ કરાવ્યો. ત્યારબાદ અનુક્રમે ગુલબર્ગા, રાયચુર, મદકલ, વાંબલ, દ્વારસમુદ્ર, વગેરેના રાજાઓને હરાવી તે મુલકો કબજે કર્યા એટલે કર્ણાટક અને માબરના રાજાઓએ બંડણી આપવાની કબુલાત આપી. તેથી તેમનું રાજ્ય તેમના કબજામાં રહેવા દીધું. (ફરિશ્તા ભા. ૧. પૃ. ૧૨૦) મલેક કાફુરની આ ચઢાઈ બાદ દિલ્હીના પાદશાહોએ પાંચ વરસ સુધી દક્ષિણ તરફ કંઈજ ધ્યાન આપ્યું નહિ, એટલે અહીંના રાજાઓ અને જમીનદારો પાછા સ્વતંત્ર થઈ ગયા. એવામાં અલાઉદ્દીન મરણ પામ્યો અને તેનો દીકરો કુત્બુદ્દીન મુબારકશાહ ગાદીએ બેઠો. (ઇ. સ ૧૩૧૬-૨૦) તેણે જાતે દક્ષિણ પર ચઢાઈ કરી ને દેવગિરિના રાજાને નમાવ્યો. પોતે દેવગિરિમાં રહ્યો અને મોટું લશ્કર આપી ખુશરૂખાને માબર તરફ મોકલ્યો. ખુશરૂખાન તેલંગણ થઈ માબર પહોંચ્યો. જ્યાં આવી તેણે દેશનો કબજો પોતાને હસ્તક લીધો, અને એક વરસ સુધી ત્યાજ રહી પુરતો બંદોબસ્ત કર્યો. જ્યારે આ પ્રદેશ પર પોતાનો બરાબર કબજો થઈ ગયો, એટલે તેણે ત્યાં સ્વતંત્ર રીતે રાજ્ય કરવાનો વિચાર કર્યો, પણ કેટલાક મુસલમાન સરદારોએ તેને તેમ કરવા દીધું નહિ. ખુશરૂખાએ જોયું કે આમા મને ફતેહ મળશે નહિ એટલે તે દિલ્હી તરફ રવાના થયો અને અંદોબસ્ત માટે લાયક અમલદારોની નીમણુંક કરવામા આવી. આ જીત પછી માબર પર દિલ્હીના પાદશાહો તરફથી સુબેદારો નિમાઈને આવતા લાગ્યા પરંતુ આ સુબાઓની કારકીર્દી કોઇ પણ ઇતિહાસના પુસ્તકમાં લખાએલી જોવામા આવતી નથી.

(ફ ભા. ૧ લો પૃ. ૧૨૧)

કુત્બુદ્દીન મુબારકશાહના મરણ પછી ચાર વરસે મહંમદ તઘલક દિલ્હીની ગાદી પર બેઠો. આ પાદશાહ એક વિચિત્રતાનું પુતળું હતો. તેનામા કેટલાએક ગુણો એવા હતા કે તે એક બીજાથી તદ્દન વિરુદ્ધ હતા. તેનું દરેક કામ અસાધારણ હતું તે ઘણોજ ઉદાર હતો, ખાસ કરીને કળાકૌશલ્યને બહુજ ઉત્તેજન આપતો. દર્દીઓ

માટે દવાખાના ઉઘાડયા અને તેમા દવા અને ખોરાક મફત આપવાનો બંદોબસ્ત કર્યો હતો. વિધવાઓને અન્ન અનાજ આપવાની ગોઠવણ કરી અને નિરાધાર બાળકો માટે અનાથ આશ્રમોની વ્યવસ્થા કરી. તે અનેક પ્રકારની વિદ્યાઓમા એકકો હતો જેવીકઃ—ન્યાયશાસ્ત્ર, (તર્ક શાસ્ત્ર) બગોળ-વિદ્યા, અને ધુનાની તત્વજ્ઞાન વગેરેમા પારંગત હતો પોતાના ધર્મની દરેક ક્રિયા ઘણી કાળજીપૂર્વક નિયમિત રીતે અદા કરતે. આ બધું હોવા છતા તેના શત્રુઓમા ઘણીજ ક્રૂરતા પણ દૃષ્ટિગોચર થાય છે. એક વખત યોગયોગે દિલ્હી પર ચઢતો કર્યો ત્યારે લડાઈ કરવાને બદલે તેમને બે હજાર દોલત આપી પાછા વાળ્યા અને તરતજ ધરાન પર ચઢાઈ કરવાની તૈયારી કરવા લાગ્યો આ ચઢાઈ માટે તેણે ૩ લાખ ૭૦ હજાર માણસોનું લશ્કર તયાર કર્યું. પણ તેમને પગાર આપવાને પોતાની પાસે નાણાની તંગી પડી એટલે સિપાઈઓને રજા આપી દીધી, એટલે જે લશ્કર તેનાજ દેશની પાયમાલી કરવા માંડી. આ વાતનો નિર્ણય થયો નહિ તેવામા ચીનપર ચઢાઈ કરવા એક લાખ માણસનુ લસ્કર હિમાલય તરફ રવાના કરી દીધુ. આ લશ્કરને પુરતી સામગ્રી પુરી નહિ પાડેલી હોવાથી સિપાઇઓ બિચારા હિમાલયના પ્રદેશમા બરફ અને શરદીને લીધે લગભગ બધાજ મરી ગયા. આવા અવિચારી કામોમા પોતાનો બધો ખજાનો ખાલી થઈ ગયો એટલે ખજાનો પાછો ભરવાની ખાતર સોના'ના સિક્કાને બદલે પિત્તળના ચલાવવા માંડયા પણ આ વ્યવસ્થામા પુરેપુરી કાળજી ભણી નહિ એટલે પ્રજાપર કરનો બોજો વધારી ખજાનો ભરવાની માછ બેસવામા આવી. પણ આનુ પરિણામ એ થયુ કે લોકો નવા કર ભરી શકવા નહિ અને દેશ બરબાદ થયો

હિમાલયથી કન્યાકુમારી સુધીનો બધો પ્રદેશ તેના કબજામા હતો. ઇ. સ. ૧૩૩૩ મા બગાળાના હાકમને જેર કરી એ પ્રાંત પણ પોતાના કબજામા લઈ લીધો જુદા જુદા પ્રાંતોમા આ વખતે મોટો સળગ્યા હતા તો તેણે એક પછી એક બેસાડી દેવાની કોશીશ કરી ઇ સ. ૧૩૩૩–૧૩૩૬ સુધીમા વરંગુલ દ્વારસમુદ્ર, કંપીના વગેરે રાજ્યોમા તેણે પોતા ા આણ ફેરવી ઇ. સ. ૧૩૧૮ મા ગુજરાતના ફરી ગએલા સુબેદારને નમાવી પોતાના કબજામા આણ્યો. પરંતુ આ બધા વિજયો અસ્થાયી નીવડયા. બાદશાહ એક પ્રાંતમા જીત મેળવી કબજો કરી બીજા પ્રાંતમા જતો કે તરત તે પ્રાંતમા બધુ બંડ ઉઠતુ. આ પ્રમાણે તેણે આખા દેશમા દોડાદોડ કરી મૂકી પણ તેનુ પરિણામ શૂન્ય આવ્યુ આ દોડાદોડીમા અને ફાંફા તે મરણ પામ્યો

આ પાદશાહના વખતમા થએલી અંધાધુંધીને પરિણામે હિંદુસ્તાનમાં કેટલાએક સ્વતંત્ર રાજ્યો સ્થાપાયા તેમા અમુક હિંદુઓનાં અને અમુક મુસલમાનોના હતા.

મહંમદ તગલકના અમલમા નર્મદાની દક્ષિણે ત્રણ સ્વતંત્ર રાજ્યો સ્થાપન થયા તેમા એક હિંદુઓ। અને બે મુસલમાનોનાં હતા ઈ સ. ૧૨૭ માં મહંમદ તગલકે કંપીલા સર કરી ત્યા બક્કેક નાયકને સુબેદાર નીમ્યો, પણ તે વ્યવસ્થા કરી શક્યો નહિ એટલે તેને દૂર કરી ત્યા એક હિંદુ અધિકારી નીમવામા આવ્યો એટલે કે હરિહરને સુબેદાર અને તેના ભાઈ બક્કાને તેનો મદદગાર નીમવામા આવ્યો. હરિહર અને બક્કા બંને ભાઈઓ વરંગુલના વતની હતા. ઇ. સ. ૧૩૨૩ મા વરંગુલના અધાધુંધી થઈ ત્યારે તેઓ નાગીને કંપીલા (અનાગંદી) આવ્યા હતા અહીં આવી તેઓ નોકર રહ્યા અને નસીબના જોરથી મોટામા મોટા અધિકાર સુધી પહોંચ્યા. હરિહર જ્યારે કંપીલાનો સુબેદાર થયો ત્યારે તેણે પોતાના ધર્મગુરુ માધવાચાર્યની મદદથી તુંગભદ્રા નદીની દક્ષિણે એક નવું શહેર નિર્માણ્યું નામે વસાવી તેને પોતાની રાજધાની કરી, અને તેમા સ્વતંત્ર રાજા તરીકે તેણે પોતાનો રાજ્યાભિષેક કરાવ્યો. એવા વિદ્યારણ્ય વિજયનગરને નામે ઓળખાવા લાગ્યું. હરિહર પછી તેનો ભાઈ બક્કા ગાદીએ બેઠો. જેણે ૩૭ વરસ રાજ્ય કર્યું. તેની પછી તેનો દીકરો પરિસદેવ ગાદીએ બેઠો. તેને હરિહર બીજો પણ કહેવામા આવે છે. આ નવા (વિજયનગર) ના રાજ્યની ઉન્નતિ વાસુ વેગે થવા લાગી અને ઘણાજ અલ્પકાળમા તે દક્ષિણમા એક જગવા। રાજ્ય થઈ પડ્યું. આરબ ઇતિહાસકાર ખનિગનુના કે જેણે ઇ. સ. ૧૩૩૩ થી ઇ. સ. ૧૩૮૩ સુધી દક્ષિણ હિંદુસ્તાનમા મુસાફરી કરી છે તે લખે છે કે પશ્ચિમ કિનારા પર એક નાનું મુસલમાની રાજ્ય હતું ત્યા સૈયદ જલાલુદ્દીન નામે સરદાર રાજ્ય કરતો હતો, અને વિજયનગરના રાજાનો બંડીઓ હતો. આ પછીના ૧૦૦ વર્ષ બાદ ઇરાનના શાહ અબુ સઇદ મીરજાનો ચાનદુલ રજાક નામે વકીલ વિજયનગરના રાજાના દરબારમા આવ્યો હતો. તે લખે છે કે વિજયનગરનો રાજા રાજ્ય આખા દક્ષિણ હિંદમા ચાલતુ છે એવી હદ એક સમુદ્રકિનારાથી બીજા સમુદ્રકિનારા સુધી પહોંચે છે. દક્ષિણે સિલોનથી હદ ઉત્તરે ગુલબર્ગા સુધીનો તમામ પ્રદેશ આ રાજ્યના તાબામા છે. આ સમો મુસલમાનો માહોમાહે લડવામાં મગ્ન હતા ને તકનો લાભ લઈ હરિહર અને તેના વંશજોએ પોતાના

રાજ્યનો વિસ્તાર અને બળ વધારવાને મટનો પ્રયત્ન કર્યો હતો. કંપીલાનું એક નાનું સરખું રાજ્ય ઘણુજ અલ્પ સમયમાં વિજયનગરના મહા બળવાન રાજ્યની હાલતમાં બદલાઈ ગયું.

જે સમયે વિજયનગર વસ્યું તેજ સમયે માળવામાં સૈયદ હસને દિલ્હીના બાદશાહથી પોતાની સ્વતંત્રતા જાહેર કરી હતી. ત્યારબાદ આઠ વર્ષે દેવગિરીમાં બંડ જાગ્યું તે સગાવવાને મહંમદ તગલકે ઘણો પ્રયત્ન કર્યો પણ તેમા તે ફાવી શકયો નહિ; છેવટે હી. સ. ૭૪૬ માં બાહમણી રાજ્યની સ્થાપના અલાઉદ્દીન હસને ગુલબર્ગમાં કરી. આ રાજ્ય લગભગ ૧૪૦ વર્ષ સુધી ચાલ્યું અને પછી તેના જુદા જુદા ભાગલા પડી ગયા. આ રાજ્ય દક્ષિણ હિંદના ઉત્તર ભાગના પ્રદેશમાં હતું.

માળવામાં મુસલમાની રાજ્ય.

માળવામાં સ્વતંત્ર મુસલમાની રાજ્યનો સ્થાપક સૈયદ હસનકૈથલ હતો.

(મુન્તખબ તવારીખ. પૃ. ૬૦)

અબુલ ફાઝલ લખે છે કે કૈથલ સરહિંદ પ્રાંતમાં એક કસ્બો છે. એમા રેજપુતોની વસ્તી વધારે છે. આ કસ્બાના બચાવ માટે એક કિલ્લો છે અને તેમા ૨૦૦ સવાર તથા ૩૦૦૦ પાયદળ રહે છે.

(આઇને અકબરી ભા. ૨. પૃ. ૧૨૧)

ઇતિહાસકાર બદાયુનીએ સૈયદ હસનના સંબધમા એક ભૂલ કરી છે, અને ફેરીશ્તા બીજા ઇતિહાસકારોએ પણ તેનું અનુકરણ કર્યું. છે તેણે સૈયદ હસન અને બાહમણી રાજ્યના સ્થાપક હસન ગંગુ એ બંને પુરુષોને એકજ વ્યક્તિ તરીકે માનેલા છે. માળવાના સ્વતંત્ર રાજ્યના સ્થાપક સૈયદ હસનેજ ગુલબર્ગમા બાહમણી રાજ્યની સ્થાપના અલાઉદ્દીન નામ ધારણ કરીને કરી એમ તે લખે છે.

હસનગંગુ ગુલબર્ગનો બાદશાહ હતો અને સૈયદ હસન માળવામા રાજ્ય કરતો હતો. આ બંને પ્રાંતો વચ્ચે ત્રણ મહિનાની મુસાફરીનો રસ્તો છે. વળી સૈયદ હસને બાદશાહ થયા પછી સુલતાન જલાલુદ્દીન અહસન નામ ધારણ કર્યું હતું.

(સિક્કા. નં. ૧ ઈન્ડો અફઘા પૃ. ૧૬૧)

હસનગંગુ જ્યારે પાદશાહ થયો ત્યારે તેણે સુલતાન અલાઉદ્દીન હસન ગંગવી નામ ધારણ કર્યું હતું.

(ફરિશ્તા. ભા. ૧. પૃ. ૨૭૭)

ગુલબર્ગામા એક શિલાલેખ છે તેમા આ પાદશાહનું નામ "સુલ્તાન અલાદુન્યાવદ્દીન અબુલ મુઝફ્ફર બહમનશાહ" એ પ્રમાણે કોતરેલું છે. વળી આ પાદશાહના જેટલા શિક્કા અદ્યાપિ હાથ આવ્યા છે તે બધામા એજ પ્રમાણે લખેલું છે.

ઈબ્ને બતુતાના લખાણ પરથી જણાય છે કે સૈયદ હસન મહંમદ તઘલકના અમીરો પૈકી એક હતો અને પાદશાહે તેને માબરનો સુબેદાર કરાવી મોકલ્યો હતો. આ પહેલાં સૈયદ હસન દિલ્હીમાં રહેતો હતો. તેને બે દીકરા અને તેટલીજ દીકરીઓ હતી. મોટા દીકરાનું નામ સૈયદ ઇબ્રાહીમ હતું અને તેની પાસે પાદશાહની બદીઓ અને કલમ રહેતાં હતાં, તેથી તે બખ્તીયાર કહેવાતો હતો. સૈયદ ઈબ્રાહીમને મહંમદ તગલકે હાંસી અને સરસીમાનો સુબેદાર બનાવ્યો હતો સૈયદ હસનની સ્વતંત્રતાની વાત સાંભળી તેના મનમા પણ સ્વતંત્ર થવાનો વિચાર આવ્યો હતો પણ આ વાતની પાદશાહને ખબર પડતા તેને દેહાંતદંડની શિક્ષા કરવામાં આવી.

સૈયદ હસનની મોટી દીકરી કે જેનું નામ દુર નસબ હતુ તેનું લગ્ન પ્રખ્યાત મુબારક ઈબ્ને બતુતા વેરે થયું હતું. આ લગ્ન દિલ્હીમા થયું હતું. બાનુ બહુજ ધર્મીષ્ઠ પવિત્ર અને ધર્માનુસાર ચાલનારી હતી. મધ્યરાત્રિ પછી પોતે ઊઠતી અને ઈશ્વરભક્તિમા લીન થઈ જતી. તે ભણેલી પણ હતી છતાં તેને લખતા આવડતું નહતું.

બીજી દીકરી માબરના સુલતાન ગ્યાસુદ્દીન વેરે પરણાવી હતી. આ દીકરીનું લગ્ન સૈયદ હસનના મરણ પછી માબરમાં થયું હતું.

(ઈબ્ને બતુતા પૃ. ૩૫૬)

(અપૂર્ણ)

કોલસો.

(ઉત્પત્તિ અને રૂપાંતર.)

(લેખક:-પોપટલાલ જેચંદ અંબાણી, હંટર મેથ્સ ટ્રેનિંગ કોલેજ, રાજકોટ)

ભૂગર્ભમાંથી અનેક તરેહના ઉપયોગી અને કીંમતી પદાર્થો મળી આવે છે, તે સર્વેમાં કોલસાના જેવો ઉપયોગી અન્ય કોઈ પણ પદાર્થ

રૂપમાં બનતી જાય છે, પરંતુ કોઈ પણ પ્રકારે દબાણ વધારી શકાય, તો લોહરસમાં ઓગળેલ કાર્બનનો ગ્રેફાઇટ ન બનતા સ્ફટિકમય હીરો બને.

ઉપર વર્ણવેલ સિદ્ધાંતને આધારે કોલસામાંથી હીરા બનાવવાને દબાણ વધારવા માટે મોયસન (Moisson) નામના રસાયનશાસ્ત્રીએ નીચે પ્રમાણે પ્રયોગ કર્યો હતોઃ—એક છેડેથી બંધ કરેલ લોઢાનો પોલો નળો લઈ તેમાં કોલસા ભરી મજબુત સ્ક્રુ વડે બીજા છેડાનું મોં બંધ કરી લેવામાં આવ્યું. પછી તે નળાને પીગળેલા લોહરસની અંદર ડુબાડી દીધો. આ સ્થિતિમાં નળાના લોહમાં કાર્બનનો પ્રવેશ થયો—નળાના લોઢાની અંદર કાર્બન ઓગળી ગયો— ત્યારપછી એ તમામ લોહરસ પર પાણી રેડવામાં આવ્યું. આ પ્રમાણે ઠંડા પાણીનો સ્પર્શ થતા, બહારથી બાહ્ય ભાગે પ્રવાહી રૂપ છોડી ઘનરૂપ ધારણ કર્યું. પરંતુ તેનો આંતરિક ભાગ હજી પ્રવાહી રૂપમાં જ રહ્યો. ધાતુનો પ્રવાહી રસ ઠંડો પડી જ્યારે ઘનરૂપ ધારણ કરે છે, ત્યારે તે વિસ્તારમા વધે છે. ઉપર કહેલ લોહરસના આંતરિક ભાગને ઠંડા પડી ઘનરૂપ ધારણ કરવાનો વખત આવ્યો, ત્યારે તેને વિસ્તાર પામવાનો અવકાશ ઓછો રહ્યો, કારણ કે તે ભાગની ચોતરફ પ્રથમ ઠરી ગએલ લોઢાનું સખ્ત આચ્છાદન હતું. આ કારણને લીધે તેની અંદર ઘણું જ દબાણ પેદા થયું, અને એ ભારે દબાણના પ્રભાવથી લોહરસમાં ઓગળેલ કાર્બનને ઠંડો પડતાં સ્ફટિકમય બનવાનો યોગ મળ્યો. લોહરસનો તમામ ભાગ ઠંડો થઈ ગયા પછી તેના બધની અંદર લોઢું ઓગાળી નાખતા, અંદરથી બહુજ નાના નાના હીરા હાથ લાગ્યા. બનેલા હીરામાંથી સર્વથી મોટાનો વ્યાસ એક મીલીમીટરથી વધારે ન હતો. ઉપર વર્ણવેલ વિધિદ્વારા મોટા હીરા બનાવવામા જે મુશ્કેલી પડે છે તે એ છે, કે એ પ્રયોગ મોટા પાયા પર કરી ઘણું વધારે દબાણ પેદા કરી શકાતું નથી.

વિચાર કરતા માલમ પડે છે, કે કુદરતમા પણ ઉપરના ક્રમ પ્રમાણે જ હીરા બને છે. ભૂપૃષ્ઠથી ૬૦૦ માઇલ નીચે પૃથ્વીના કેન્દ્રની ચોતરફ અનેક જાતની ધાતુના રસનો એક સમુદ્ર છે. તેનું ઉષ્ણતામાન ઘણું કરીને ૬૦૦૦૦ લગભગ હશે. તે લાવા રસના સમુદ્રની અંદર લાખો મણ કાર્બન ઓગળેલો હોય છે. વળી એ સમુદ્રની ઉપર ૬૦૦ માઇલની ઉંચાઇના મહાન ખડકોના ભારથી એટલું બધું દબાણ થઈ રહેલ છે, કે જે ની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. પૃથ્વીના પોપડાની અંદર અનેક તરેહના ફેરફાર નિરંતર થયા જ કરે છે, તેને લીધે ઉપરનો ભાગ નીચે અને નીચેનો ભાગ ઉપર આવી જાય છે. આ પ્રમાણે કોઈ કોઈ વાર ઉપર્યુક્ત લાવા રસના સમુદ્રમાંથી

કાર્બન મિશ્રિત રસ જમીનના પૃષ્ઠ સુધી, અગર પૃષ્ઠની છેક નજદીક આવી, એકદમ ઠંડો પડી જાયછે. આ પ્રમાણે થતાં મોયસનના પ્રયોગમાં જે પ્રમાણે બન્યું, હતું, તેજ પ્રમાણે અહીં પણ બને છે. અર્થાત્ તે રસ ઠંડો પડતાં તેમા ઓગળેલ કાર્બનના સ્ફટિકમય નાના મોટા હીરા બની જાય છે.†

દેવતા.

યાને

અગ્નિનું ઐશ્વર્ય.

(શેય લાજરસ, ચોહાણ.)

વાચનમાળાની ત્રીજી ચોપડીમાં ૪૯ મો પાઠ દેવતા વિષે છે. કિન્તુ લઘુ વયના બાળવિદ્યાર્થીઓ કરતા શિક્ષકવર્ગે તત્સંબંધી કંઈક વિશેષતર જાણવું આવશ્યક ધારી, અત્ર કંઈક દિગ્દર્શન કરવામાં આવે છે.

દેવ+તા=દેવતા, એટલે જેમાં ઐશ્વર્ય-પ્રભુતા છે તે. વળી દેવ શબ્દમાં દીવ્ ધાતુ છે. જેનો અર્થ પ્રકાશવું એવો થાય છે. શબ્દકોશ પ્રમાણે:—

દેવતા—Fire; Godhead; Divinity; Divine power; A god.

અગ્નિ—Fire; The God of fire. (લાટીન ભાષામા ,' ઇગ્નિશ " કહે છે.)

પ્રથમ દૃષ્ટિએ અગ્નિ કે આગને આપણે દેવતા કહીએ છીએ. તદુપરાંત ગુજરાતી ભાષામાં ઈશ્વરને પણ દેવતા કહે છે. વસ્તુતઃ પ્રાચીન આર્યોએ જે કોઈ વસ્તુપરત્વે વિશિષ્ટતા-ભવ્યતા-શ્રેષ્ઠ, તેને તેઓએ પૂજ્ય ગણીને દેવ તરીકે સ્વીકાર્યા. અગ્નિ એ વેદમાનો તો એક અતિ પ્રખ્યાત દેવ છે, ને ઋગ્વેદનું પહેલું સૂક્ત અગ્નિવિષયક છે. અગ્નિના સાધારણ ઉપયોગ નીચે પ્રમાણે છે:—

(૧) ખોરાક રાંધવાનો, પાણી ઉતું કરવાનો, ટાઢમાં તાપવાનો.
(૨) વરાળયંત્રો, આગગાડી, અગ્નિનૌકા વગેરે ચલાવવાનો.
(૩) પ્રકાશ કરવાનો, અને લડાઈમાં દારૂગોળા ફોડવાનો.
(૪) મડદાને અગ્નિદાહ દેવાનો, તથા મલિન પદાર્થોને ભસ્મ કરવાનો.
(૫) હોમ હવન કરવા તથા ધાતુને પીગાળીને ઘાટ કરવા.

† પ્રોફેસર ગોપાલ સ્વરૂપ ભાર્ગવના એક લેખને આધારે.

ગરમીથીજ દરેક પદાર્થ ગતિમાન ને શક્તિમાન બને છે. અર્થાત્ અગ્નિ વિના દુનિઆનુ અસ્તિત્વજ અસંભવિત છે પ્રકાશ અને ગરમી એ અગ્નિના મહદ્ દોશ છે, ને તે સર્વનો ઉત્પાદક સૂર્ય છે. તે પોતાના કિરણો વડે આપણને પ્રકાશ અને ગરમી પુરા પાડેછે. વનસ્પતિ ને જીવજંતુ પણ ગરમી વિના મૃત પ્રાય થઇ જાય છે. વાસ્તવ દેવતા એ આ દુનિઆ પર દેવત્વ ભોગવી શકે તેવી ઉમદા ને સમર્થ ચીજ છે. લૌકિક દૃષ્ટિથી અગ્નિના આગ, વડવાનલ ને જઠરાગ્નિ એવા ત્રણ પ્રકાર પડી શકે છે.

પ્રાચીન કાળના વાંકડાના આરિયા સામસામા ઘસીને અથવા ચકમક સાથે લોઢાનો ટુકડો અથડાવીને રૂની વાટમા દેવતા ઉત્પન્ન કરતા હતા, પણ આધુનિક જમાનામા શોધખોળના પ્રતાપે દીવાસળીઓ વડે અનેમ્ઘા સરળતા પ્રાપ્ત થઈ છે. હિંદુ તથા પારસી લોકો અત્યારે પણ દેવતા પ્રતે બહુ માનની દૃષ્ટિથી જુએ છે. તે તેનુ યથેચ્છ સન્માન રાખે છે, કારણ કે તેઓ એમ માને છે - અગ્નિ એ દેવનો અંશ છે બાકી લોકો પણ વેદિ પરના દેવતાને નિરંતર પ્રજ્વલિત રાખતા હતા. કાળ જતા લોકોની માન્યતા બદલાઈ, અને અજવાળુ તથા ગરમી એ અગ્નિના મહાગુણોને ધ્યાનમા લઈ, ચુલા તથા વેદિ પરના દેવતાનું પૂજન કરવે કરતે સુરજ, વિજળી, પ્રભાત ઈ. ને દેવ કલ્પવા લાગ્યા. આવી રીતે દેવતાનું દેવત્વ વિસ્તૃત થતું ગયુ. "તેનાથી આકાશ અને પૃથ્વી વિસ્તરેલા છે" એવું કહેવા લાગ્યા. (ઋગ્વેદ ૩, ૬, ૫.) "પૃથ્વીપર જે કઈ ચાલે છે, ઉભા રહે છે, ઊડે છે અથવા હાલે છે, તે સર્વનો બનાવનાર અગ્નિ છે." (ઋગ્વેદ ૧૦, ૮૮, ૮.) વળી એમ પણ લખ્યુ છે કે, "અગ્નિ એ આકાશ અને પૃથ્વીનો બાપ છે." (ઋગ્વેદ ૧, ૯૬, ૬.) અગ્નિની ઉત્પત્તિ જુદા જુદા પ્રકારે કહી છે. તેને પૃથ્વીનો પુત્ર કહે છે. તે બ્રહ્માનો વડો દીકરો છે. વળી તેને અભિમન્યુ પણ કહે છે. તેને અદિતિ દેવોમાનો એક કહ્યો છે. કોઈ વિદ્વાનો તેને અંગિરસનો પુત્ર માને છે વળી વેદમા એમ પણ લખ્યું છે કે, "અગ્નિ મધ્યે બધા દેવોનો સમાવેશ થાય છે" (ઋગ્વેદ ૫, ૩, ૧.)

પ્રારંભે પ્રજાપતિ એકલોજ હતો. તેણે મહાન તપ કરીને મુખમાથી અગ્નિ ઉત્પન્ન કર્યો. અગ્નિને તેણે પોતાના મોમાથી ઉપન્ન કર્યો માટે અગ્નિ અન્ન ખાય છે. આ સબંધી પ્રો મેક્સમુલર તથા યાજ્ઞિક બહુ વિદ્વતા—યુક્ત લખાણ કર્યુ છે નિરુક્તકાર યાસ્ક તો ત્રણે દેવો પૈકી અગ્નિને અગ્રસ્થાન આપે છે, ને તેનું નિવાસસ્થાન પૃથ્વીને ગણે છે. ડૉ. હંટર લખે છે કે

"એકલા ઇંદ્રને બાદ કરતાં સ્તોત્ર અગ્નિનાં છે, તેટલાં સ્તોત્ર વેદમાં બીજા કોઈ દેવનાં નથી." પ્રો. ન. નમુલર ભટ્ટ લખે છે કે "અગ્નિ એ દેવ તથા માણસ વચ્ચેનો મધ્યસ્થ-વકીલ-છે." Bible માં પણ લખ્યું છે કે, "Our God is consuming fire" ને મુક્તિફોજવાળા પોતાના મુદ્રાલેખ તરીકે Blood and fire શબ્દો લખે છે. અથવેવ દરેક ધર્મના મૂળતત્ત્વોમાં તથા સાક્ષરોના સાહિત્યમા અગ્નિને ઉચ્ચપદ મળેલું દૃશ્યમાન થાય છે.

પ્રાચીન કાળે આર્યો શીતકટિબંધમાં રહેતા હોવાથી, તેમને દેવતાની ઘણીજ જરૂર હતી. પ્રાતઃકાળે ઊઠીને દેવતાની આજુબાજુ બેસીને ઘરના તમામ માણસો તાપતા હતા ને અતિ નમ્રતાથી સ્નેહપૂર્વક તેનું પૂજન કરતા હતા. અગ્નિ દેવનો મુખ્ય ખોરાક ઘી છે, જેથી તેને વેદમા ઘૃતાન્ન, ઘૃતકોશ, ઈ૦ વિશેષ નામોથી વદેલો છે.

હવે વેદમાંથી અગ્નિના થોડાક સ્તોત્ર દાખલ કરી લેખ સમાપ્ત કરીશું:-

(૧) ઓ અગ્નિ, જે અન્ન સ્વર્ગમા તથા અંતરિક્ષમા છે તે અમારે સારૂ આણ; અને પૃથ્વીપર જે દોલત છે તે અમને આપ.

(૨) હે અગ્નિ, મને વીર્ય, સંતતિ, ને આયુષ્ય દે

(૩) હે અગ્નિ, તું દેવોની વહાલી વહુઓને, અને પોતાની પણ ઘેરીને સોમરસ પીવા સારૂ લઈને વહેલો આવ.

(૪) અરે અગ્નિ, જો હું તારા જેવો, ને તું મારા જેવો હોત તો મેં તારી સઘળી આશાઓ પૂર્ણ કરી હોત.

(૫) અરે અગ્નિ, જો તું માણસ હોત ને હું તારા જેવો મિત્રવાળો દેવ હોત તો મેં તને શત્રુઓને તથા દારિદ્રને સ્વાધીન રહેવા દીધો ન હોત.

(૬) ઓ પ્રકાશવાન અગ્નિ, ઘીના હોમથી નોતરેલા, જેઓને ભૂત પિશાચનો આસરો છે, એવા જે અમારા શત્રુ તેઓને બાળી ભસ્મ કર.

(૭) બાપના ઘરમા જેમ દીકરાને કોઈ જાતની હરકત હોતી નથી, તેમ અગ્નિના ઉપાસકને કોઈ જાતની ખોટ રહેતી નથી. કારણ કે અગ્નિ સર્વનો દાતા અને રક્ષક છે.

(૮) હે અગ્નિ, યુદ્ધમાં જેમ કવચ રક્ષણ કરે છે, તેમ તું સર્વ સંકટથી રક્ષણ કરનારો થા.

દાન સુધી આંક પહેલામા છે, તેથી પહેલા ધોરણની બાળા તે આપી શકશે. બાળાઓમા તો થોડા મહાવરાથી એકી સાથે નજરમાં રાખી શકાય તેટલી ૧૦ સુધીની સંખ્યાના પદાર્થ વડે ઉમેરવા, બાદ કરવા ને ગુણવા ભાગવાના દાખલા કરાવી શકાય.

હવે બીજી રીતે એમ પૂર્વપક્ષ લઈએ કે ૯૯ સુધીને ૧૦ સુધીએ ગુણવા ભાગના તો તો વધારે અસંભવિત લાગે છે. ૧ પૈસાની ૧૦ પેન તો ૯૯ પૈસાની કેટલી ? જ૦ ૯૯૦, આટલી સંખ્યા તો આ ધોરણમાં ગણતાં પણ નથી આવડતી.

પૂર્વાપર સંબંધ જોતા એજ અર્થ સમજાય છે, કે ૧૦ સુધી પરિણામ એટલે જવાબ આવે, તેટલાજ સરવાળા, બાદબાકી, ગુણાકાર ને ભાગાકાર આ ધોરણમાં શીખવવાના.

હવે આ ધોરણમાં માત્ર ૧૦ સુધીના પરિણામ જેટલા સરવાળા જેટલું અંકજ્ઞાન કેમ હોય, એવી શંકાના ખુલાસામાં એ કહેવાનું કે એક દસકા સુધીનો એનો મહાવરો થવાની જરૂર છે, જે પદાર્થોને સામટા લક્ષમાં રાખી સાત, પાંચ એમ એકી વખતે કહે, ને તેમાં ૨, ૩ કે વધતા ઓછા ઉમેરવા વગેરેના પ્રશ્ન એકેએકે ગણીને નહિ પણ એકદમ ૯, ૮ એમ જવાબ દે, ને આંગળીના વેઢા વગેરે ગણવાની જરૂર ન રહે. મતલબ કે કેટલાક અભ્યાસ પછી વિચારનું રયાન ટેવ લે જેમ મોટા માણસ કરે છે તેમ.

આ રીતે થાય તો કેટલીક વખત મોટી વિદ્યાર્થીબાળાઓ પણ ઉમેરવા બાદ કરવામાં એકે એકે ઉમેરવા વગેરેનો બાલ્યાવસ્થા દેખાવ કરે છે તેવી સ્થિતિ ભૂલાયાજ ટળે.

આ સંબંધમા આપના તરફથી વધારે પ્રકાશ પડવાની અપેક્ષા છે. એજ વિનંતિ

લી. સેવક

M. M. Shah.

M. Tr. Coll.

ટીપઃ—અમારો ખુલાસો શાળાપત્રમાં છાપેલા તરજુમાને અનુસરી આપ્યો હતો. સુધારા ભૂલ વિષે સરકારી રાહે નિકાલ થયો છે. આ અંકમા આને લગતી નવેસરખબર છે તે જોઈ લેવી.

—:— શાળાપત્રનું ઓફિસ.

૧

અંકગણિત ભાગ ૧ લો:—

કર્તા અબદુલ ગની ઉસ્માન ખતરવાલા.

મુ. વંથલી, સુરત. કિંમત ૦–૮–૦

આ પુસ્તક અમને અભિપ્રાય અર્થે મળ્યું છે. ગણિતના વિષય અંગે અગાઉ એક અંકમા અમે અભિપ્રેત લખ્યો છે તેમાં સૂચવ્યા પ્રમાણે વિષયનું શિક્ષણ આપવું એ અઘરું કામ છે. ગ્રંથકર્તા પ્રસ્તાવનામા કહે છે વિષય અઘરો છે તેને સરળ બનાવવો આવશ્યક છે. તે દૃષ્ટિએ પુસ્તકનો હેતુ સચવાયો છે. સરવાળા, બાદબાકી, ગુણાકાર ભાગાકારને જુદા જુદા સમજાવવાને બદલે પરસ્પર સંબંધ જોડીને વિષય શીખવ એ શાસ્ત્રીય રીત છે. સરવાળા તે બાદબાકી, ગુણાકાર અને ભાગાકારનો અરસપરસ સંબંધ તથા સરવાળાને બદલે ગુણાકાર એ એક ટુંકી રીત છે એમ પૂર્વાપર સંબંધ જોડવાની જરૂર હતી. પુસ્તકના દાખલાને વ્યાવહારિક સ્વરૂપ સારૂં આપ્યું છે. પૃ૦ ૩૩ મે બાદબાકીનો દાખલો સમજાવ્યો છે તે ગુચવાડો ઉત્પન્ન કરે એવી રીતે સમજાવ્યો છે. ૬૩ સંખ્યાને કૌસમા મૂકવી અગર અથાળે લખવી. ગુણાકારના દાખલાની રીત વધારે સાદી હોત તો ઠીક. પુસ્તક આના કેટલાક ક્ષતિ દોષો છતા સરળ શૈલીથી રચાયુ છે.

૨

સંવાદ સંગ્રહ ભાગ ૨ જો.

કર્તા—રા. હરિલાલ ઠાકોર તથા રા. ભાઈચંદ પુજાદાસ

મુ. સાદરા તથા ડભોડા.

આ પુસ્તકનો સ્વીકાર એપ્રિલ માસના અંકમા કરી ગયા છીએ વિવિધ વિષયો લઈ પ્રકાશકોએ સુંદર, બોધક, અને ઉપયોગી સંવાદો પસંદ કર્યા છે. શાળાઓમા થતા મેળાવડા માટે તેમને કેટલીક અન્ય બાબતો

હિલા મિત્ર–પુસ્તક ૧ લું–સંપાદક સૌ. વિદ્યાગૌરી રમણભાઈ નીલકંઠ બી. એ. તથા ર. શારદાગૌરી મહેતા બી. એ.

આ માસિક બુદ્ધિપ્રકાશના વધારા તરીકે અમને મળ્યું છે. આ અંક પહેલો હોવાથી અત્રે અમે તેનો સ્વીકાર કરવો યુક્ત ધારી તે અંક પરત્વે અભિપ્રાય દર્શાવીએ છીએ. સંપાદકોનાં નામ ગુજરાતના સાહિત્યવિલાસી વર્ગમાં જાણીતા છે. તેમની દેખરેખ નીચે પ્રસિદ્ધ થતી કૃતિ સારી, અને તે હોય એમ માનવા જેટલી પ્રતિષ્ઠા આ લેખક ભગિનીઓએ કરી છે. સ્ત્રીજીવનના પ્રશ્નોનું મનન, તેની ચર્ચા અને જુદા જુદા દૃષ્ટબિન્દુથી તે પ્રશ્નો પરત્વે વિચાર દર્શાવવા એ આ પુસ્તકનો પ્રધાન હેતુ છે. સ્ત્રીવર્ગ વિષે પ્રવર્તી રહેલી ખોટી માન્યતા જનસમાજના અજ્ઞાત વર્ગમાં હજી કાયમ છે. લેખો તપાસતાં વાચકને સમજાય છે કે કુટુંબની વ્યક્તિ તરીકે, જન સમાજના અંગ તરીકે અને પતિની સહચારી તરીકે કયા હકો તેને છે અને કયા નથી; સ્વતંત્ર વિચાર અને વ્યક્તિ-સ્વાતંત્ર્ય કેટલે અંશે તે ભોગવી શકે એ ચર્ચાને ઉદ્દેશી કેટલાક લેખો લખાયા છે. લેખકોમાંનો મોટો ભાગ વિષય પરત્વે મત દર્શાવવાને અધિકારી હોય તેવો જ પસંદ કર્યો છે છતાં અંક બહુજ ઉંચી પ્રતિનો કહી શકાય નહિં. ચિત્રોની સંખ્યા કંટાળા ઉપજે છે. વિવિધ જગત પદ્ધતિઓ, ગુજરાતી સ્ત્રીસાહિત્ય અને બી ઉપયોગી સંસ્થાના અહેવાલથી પુસ્તક વિશેષ ઉપયોગી બન્યું છે. લેખોની ભાષા સાદી, સંસ્કારી, વિચારપૂર્ણ અને જેને ઉદ્દેશીને પુસ્તક રચાયું છે તેમનાથી સમજી શકાય એવી છે. આ ઉપયોગી માસિકો ઘણા છે તેમા આ અંક એક ઉપયોગી વધારો મનાય એવો છે. સંપાદકો તથા ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીનુ આ કાર્ય પ્રશંસનીય છે.

લખનાર નાનચંદ જશરાજ વખારીઆ–તાલુકા સ્કુલ

માસ્તર લોંસાણુ. (કાઠિઆવાડ) કિંમત ૦–૬–૦

આ પુસ્તક કર્તા તરફથી અભિપ્રાય અર્થે મળેલું છે. ૪ થા ધોરણમાં ગુજરાતના ઇતિહાસની શરૂઆત થાય છે. ઇતિહાસનું શિક્ષણ બાળકોને વાર્તાદ્વારા અપાવું જોઈએ તે દૃષ્ટિથી વિચારતા આ પુસ્તક એની એક વાર્તાઓનુ પુસ્તક કહી શકાય; વાર્તાઓ સાદી અને રસિક ભાષામા લખી છે. પુસ્તક સચિત્ર બનાવ્યું છે. કેટલીક વાર્તા લંબાણવાળી છે. પ્રાચીન ઇતિહાસના પાત્રો કે બનાવો માટે બીલકુલ ચિત્રો આપ્યા નથી. પુસ્તકનું કે બાળકોના ઉપયોગ માટે મોટું, ભણાય છે.

ઇનામ તથા ચાંદની યાદી.

સને ૧૯૨૧ ની સાલમા લેવાએલી ગ્રે૦ રા૦ ટ્રે૦ કોલેજની વાર્ષિક પરીક્ષામા ઇનામ તથા ચાંદ મેળવનાર સ્કોલરોના નામની યાદી.

(૧) કોપ મેડલ

ભાણાભાઈ હરિભાઈ દેસાઈ (ત્રી૦ વ૦)

નાથાલાલ દામોદર ત્રિવેદી („)

(૨) રા. સા. મહીપતરામ મેડલ.

ભાણાભાઈ હરિભાઈ દેસાઈ (ત્રી૦ વ૦)

(૩) ચેટફીલ્ડ પ્રાઈઝ.

(૧) ભાણાભાઈ હરિભાઈ દેસાઈ (ત્રી૦ વ૦)

(૪) જાઈલ્સ પ્રાઈઝ.

(૧) મંગળદાસ જેઠાલાલ ત્રિવેદી (ત્રી૦ વ૦)

(સંગીતનું ઇનામ રૂ. ૫ નુ)

(૨) ભાણાભાઈ હરિભાઈ (ત્રી૦ વ૦)

ચાયન્સ પ્રાઈઝ.

(૧) ઉમાશંકર કલ્યાણજી જોશી.

(૧ લું વર્ષ)

(૬) રા. બ. કે. પી. ત્રિવેદી શિક્ષણ પ્રાઈઝ.

નરોત્તમભાઈ મનજીભાઈ માસટીઆ. (બી. વ.)

ઇનામ પત્રક.

અમદાવાદ જિલ્લો.

ગામ-તાલુકો	નામ	રકમ	હેતુ.
નડોદરા તા. માંતીજ	લવાર કાળા સાટીયા	રૂ. ૧૧-૫-૦	જમણ આપ્યું
મુંડાલ ઉ. દરફોઈ	ચનાભાઈ દેસાઇભાઈ	રૂ. ૪૦)	સ્કુલ બાંધી
ઓગણજ ઉ. દરફોઈ	સરદાર સર ચીતુભાઈ તરફથી	રૂ. ૧૫	પુસ્તકો લુગડા મિઠાઇ વ.
પાટડી	નેક નામદાર દરબાર સાહેબ દોલતસિંહજી	રૂ. ૪૪-૧૫-૯	કન્યાશાળાનું મકાન ખુલ્લું મૂકતા
રોજકોટ	દરબારશ્રી ચુડાસમા પથુભા મનુભા	રૂ. ૨૦૦)ની સરકારી લોન	સ્કૂલ શ્રી હમેશ માટે આપ

સુરત જિલ્લો.

ઉમરા તા. ઓરપાડ	શેઠ કશીરચંદ કપુરચંદ	રૂ. ૨૫	સ્લેટો ચોપડીઓ વગેરે
વેસુ તા. ચોર્યાશી	શેઠ પેસ્તનજી ડોસાભાઈ મારફર મુંબઇના	રૂ. ૧૦	મિઠાઈ
કોયમડી તા. જલાલપોર	ગામલોક	રૂ. ૮૪	સાત પાટલીઓ
અજુરડી તા. વલસાડ	,,	રૂ. ૨૪-૪-૦	પુસ્તક, કપડા, ટોપી, મિઠાઈ વગેરે

ખેરગામ તા. ચીખલી	શેઠ સોરાબજી અરદેશર દોરડી		
,,	પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટ સાહેબ	રૂ. ૫	સાકર
આંબા પારડી તા. ભાડવી	શેઠ નવરોજજી કુંવરજી તરફથી	રૂ. ૪-૮-૦	સ્લેટો
મોતા તા. બારડોલી	જગન્નાથ કેશવરામ વૈદ	રૂ. ૨૦ રૂ. ૪૫ રૂ. ૭	રોકડા પુસ્તકો મિઠાઇ
બહુધાન તા. માંડવી	શેઠ ડોસાભાઈ સોરાબજી	રૂ. ૧૨૦-૦	સીંગરનો સીવવાનો સંચો
ઓરપાડ	ગોપાલલાલ વામનરાવ	રૂ. ૧૯-૨-૦	પતાસાં તથા ઇંગ્લીશ બનાવટની પેનપેટી
ઓરપાડ	ગામના ગૃહસ્થો તરફથી	રૂ. ૫૭-૧૩-૦	ચોપડીઓ
,,	ડો. ગવરીશંકર વ્યાસ	રૂ. ૨-૦-૦	રોકડું ઇનામ
,,	મુસલમાન ગૃહસ્થો તરફથી	રૂ. ૨૦-૦-૦	ચોપડીઓ ઉર્દુ છોકરાઓને
ઉંટડી તા. વલસાડ	રણછોડજી કુંવરજી	રૂ. ૫-૦-૦	છીટ
,,	શેઠ હોરમસજી રૂસ્તમજી	રૂ. ૩-૦-૦	મીઠાઇ

ભરૂચ જિલ્લો.

જંબુસર	કંકર મુળજીભાઇ હીરજી મુ. કારેલી	રૂ. ૫૦	સ્કુલ જમાડી
,,	બાપુલાલ શીવલાલ મુ. કોઠણા	રૂ. ૪૦	વાડકીઓ વહેંચી
,,	ધનજીભાઇ કાળીદાસ મુ. દહેવાણ	રૂ. ૬૪૦	,,
બ્રાંચ સ્કૂલ નં. ૧ જંબુસર	રા. મોતીલાલ નરોત્તમ વણસીધર	રૂ. ૧૫	ધડિઆલ
શીનોર ધર્મશાળા	મણીશંકર જીવરામ મુ. આમોદ	રૂ. ૧૨	દરેક બાળાને પાણી પીવાનું પવાલું

આમોદની કન્યાશાળા	સ્કૂલ કમિટિ	૩. ૫	કંતાન
નિકોરા કન્યાશાળા	ઝવેરભાઈ નાગજીભાઇ	૩. ૪૫	પિત્તળની વ
			કીઓ
"	"	૩. ૨	મિઠાઇ
ઉમેર	ગામલોક	૩. ૪૫	નિશાળ જમ
ભરૂચ	ડીરેક્ટર સાહેબ બહાદુર તરફથી	૩. ૯૪–૦–૦	રકોલરશી મીઠાઇ લુ અને રમક વગેરે
મંગલેશ્વર	જેસીંગભાઇ હરગોવન	૩. ૨૮–૦–૦	સ્કૂલ જમ
નિકોરા તા. ભરૂચ	જેસીંગભાઇ હરગોવન	૩. ૧૨૫–૦–૦	બંને ૨ જમાડી

પંચમહાલ જિલ્લો.

ઉમેટા	મહાજન તથા ગામના ગૃહસ્થો તરફથી	૩. ૩૦–૦–૦	સ્કૂલ જમ
આડીયરી તા. કલોલ	ડાકોર ગંગાભાઇ આદરભાઇ ગામના ગૃહસ્થો તરફથી	૩. ૪૯–૦–૦	સ્કૂલ જમ
જંત્રાલ	ગોસાઇ ત્રિકમગર આધવગર	૩ ૭૫–૦–૦	સ્કૂલ જમ

પંચમહાલ રેવાકાંઠા.

જેઠોલી તા. વાડાસીનોર	મદીસા તા. કપડવંજના પટેલ દ્વારકાદાસ ગીરધરભાઈ	૩. ૨૪	પ્યાલા ચોકણી પતાસાં વગેરે
વડવપુર તા. ગોધરા	ડાકોર સાહેબ	૩. ૨૨	સાકર, કપડા, ટોપાઓ વગેરે
જંત્રાલ	ગોબાઇ કાળુગર મકનગર	૧૧–૧૪–૦	પ્યાલા
મુખ્ય સ્કૂલ	મુ. ઓડ	૧–૧–૦	ઓઢણીઓ
તા. કલોલ		૩–૦–૦	પતાસાં
ઉર્દુ મેઇન સ્કૂલ ગોધરા	ઝહુરખાન ફંડ તરફથી	૧૧–૧૩–૦	ચોપડીઓ

(અપૂર્ણ)

ખુડખડીયા કૃત ડ્રોઇંગ અને રંગના સામાન.

કેરી ડ્રોઇંગ કેપીબુકો નં. ૧ થી ૪, અનુક્રમે ૦।=।, ૦।=।, ૦।, ૦।; ફ્રીહેન્ડ ડ્રોઇંગ કેપીબુકો મિડલ સ્કૂલો માટે ધો. ૧ થી ૫ સુધી, નંબર ૫ થી ૯, કિં. ૦।૦।; ફ્રીહેન્ડ ડ્રોઇંગ કેપીબુકો, નં. ૧૦ થી ૧૨ સુધી, મુંબઇની સર જે. જે. સ્કૂલ ઓફ આર્ટની એલીમેન્ટરિ અને ઇન્ટરમીડિએટ ગ્રેડની પરીક્ષાઓ માટે ૦।=; પીળા, લાલ અને વાદળી રંગની ટીકડીઓ ડ્રોઇંગ માટે ૦।૦।; પેઇંગને માટે રંગનાં બ્રશ નં ૧ થી ૬ સુધી, ।=; બ્રશ ઊંચા ૦।=, શાહીની ટીકડીઓ કાળી, લાલ, બ્લુબ્લેક અને ચક્રવર્તી ઉંચી બ્લુબ્લેક ૧ ગ્રોસની અનુક્રમે ૦।, ।=, ૦।- અને ૦।; આ શાહી બીજી કોઈ પણ સાથે કદી મેળવવી નહિ. એકસરસાઇઝ બુકો ૩૨ પૃષ્ઠની આંકેલી ૦।૦। અને ૦।=। વાળી; પરીક્ષાને માટે એકસરસાઇઝ બુકો ૧ ગ્રોસ રૂ. ૨૦ લેવા. મિચેલની સ્ટીલપેન ટાંકો અંગ્રેજી કેપીબુકો લખવા તથા પત્રકે આંકવા માટે નં. 09F કિં. ૧ ની રૂ. ૦-૦-૨, રૂ. ૫) નો માલ મંગાવનારને સેંકડે ૧૫ ટકા ડિસ્કાઉન્ટ. ઠ. બેચર મેઘજી એન્ડ સન્સ, બુકસેલર્સ, પરા બજાર, રાજકોટ.

બલસારા ટયુશન ક્લાસ.

આ જુના અને જાણીતા ક્લાસો તેના મહલાબ્ન ભરેલા ખંતીલા શિક્ષણ માટે ઘેર ઘેર એક અવાજે વખણાય છે. એમા કોઈપણ ઉંચ કોમના છોકરા-છોકરીઓ, બાનુઓ, અને ગૃહસ્થોને સવારે-સાજે-રાતે યા આખો દિવસ, અંગ્રેજી જલ્દી લખતા વાચતા અને બોલતા તેમજ હારમોનીઅમ વાયોલીન, ફીલરમા, કટીંગ, બુક-કીપીંગ, શોર્ટહેંડ ક-ટાઇપરાઇટીંગ, ધર્મજ્ઞાન અને ક-ખ થી મેટ્રિક સુધીની કોઇપણ ચાલતો વર્ષો વરસોના અનુભવી મરદ અને સ્ત્રી શિક્ષકો દરેક વિદ્યાર્થી ઉપર જુદું ધ્યાન આપી ઘણીજ કાળજી અને મહેનતથી શીખવે છે. બાનુઓ માટે મહલ્લાજાલ્લેલી ખાસ સગવડો છે. શિક્ષકોમાંના એક પારસી બાનુ શિક્ષક ' ટ્રેન્ડ ' થએલાં છે, જે ૧૦ વરસનાં અનુભવી છે અને જેણે કોમેન્જમાંથી મેડલ મેળવ્યો છે. તમારા બચ્ચાંઓને તાજીદે લાભ આપવા માટે ગોરખપુરવાલા બીલ્ડીંગ વાડીઆજીના આતશબેરામ સામે ૨૧૬ ધોબીતલાવ અથવા ૨) કોટમાં ડો. અરચશાહ હકીમનાં દવાખાનાં સામે માળ શેઠની વાડીની પાસે. ૮૧ ધનજીભાવ સ્ટ્રીટમા મળશે.

સૃષ્ટિજ્ઞાનનાં પુસ્તકો.

પ્રે. રા. ટ્રે. કોલેજના શિક્ષણનો મેડલ મેળવનારા અને અનુભવી સિનિયર શિક્ષકો પાસે ઘોરણવાર સૃષ્ટિજ્ઞાનના પુસ્તકો પ્રશ્નોત્તર રૂપે અને પૂર્ણ વિવેચન સાથે અમે તૈયાર કરાવેલા છે. જે ઘણા ઉપયોગી દોઢ શિક્ષકોમાં પ્રશંસાપાત્ર નીવડયા છે. એ પુસ્તકોનો ટુંક સમયમાં એટલો બધો પ્રચાર થયો છે કે તેમાના ઘણા તો પાંચમી અને છઠ્ઠી આવૃત્તિએ પહોંચી ગયાં છે જ્યારે વર્નાક્યુલર ફાઇનલ અને ટ્રેનિંગ કોલેજના ઉમેદવારો માટે

સૃષ્ટિજ્ઞાન યા વિદ્યાના પાઠો.

એ નામનું પુસ્તક એજ શિક્ષકો પાસે તૈયાર કરાવી બહાર પાડયું છે. જે સાતમી ચોપડીના વિદ્યાના પાઠોનું સંપૂર્ણ વિવેચન કરવામાં આવ્યું છે તેમજ ભિન્નભિન્ન દૃષ્ટિએ પરીક્ષામાં પુછાયલા સવાલોનો પણ તેમાં સંગ્રહ કરવામાં આવ્યો છે. જેથી એના અભ્યાસ પછી વિદ્યાના વિષયમાં નાપાસ થવાનો ક્લેશ પણ બાકી રહેતો નથી. વધારે પ્રસંશાની જરૂર નથી. બુક વાંચવાથી માલુમ થશે. ચોડી નકલો સીલીકમાં છે, ત્યાં સુધી એ બુક રૂા. ૦-૪-૬ (મૂળ) કિંમતેજ આપવામાં આવશે. બીજી કોઈ કોઈ બુકોની કિંમતમાં થોડો થોડો વધારો કરવાની જરૂર પડી છે. આશા છે કે અમારા સુજ્ઞ ગ્રાહકો કાગળોની તથા પ્રેસ બીલોની વધતી જતી મોંઘવારીને લીધે એ ફેરફારને ધ્યાનમાં લેશે નહિ જ્યાબંધ લેનારને સારું કમિશન. ઘોરણવાર કિંમત નીચે મુજબ:—

બોધોપયોગી પ્રશ્નોત્તર રૂપે સરળ સૃષ્ટિજ્ઞાન ધો. ૧ લું

		(આ. ૪) કિંમત	૩.૦–૨–૦
"	ધોરણ ૨ જું	(આ. ૬)	૩ ૦–૧–૬
"	ધોરણ ૩ જું	(આ. ૬)	૩.૦–૩–૦
"	ધોરણ ૪ થું	(આ. ૬)	૩.૦–૩–૦
"	ધોરણ ૫ મું	(આ. ૫)	૩.૦–૪–૦
"	ધોરણ ૬ ઠું	(આ. ૫)	૩.૦–૪–૦
"	ધોરણ ૭ મું	(આ ૧)	૩.૦–૫–૬
પ્રશ્નોત્તરરૂપ ભરતખંડનો સરળ ઇતિહાસ		(ધો ૫)	૧૦–૨–૦
		(ધોરણ ૬)	૩. ૦–૩–૦

કમિશન ૨૫ ટકા આપવામાં આવશે. તા. ક—આ ઉપરાંત ધોરણવાર નોટો પણ અમોએ પ્રગટ કરી છે. તેને માટે પણ યોગ્ય કમિશન આપીશું.

લખો—મણિલાલ મુલજીભાઈ ઉપાધ્યાય.

બુકસેલર એન્ડ પબ્લિશર. મુ. પેટલાદ (વાયા આણંદ)

નામદાર મુંબઇ સરકારના જા. ખ. નં. [illegible] વિ. એ. ધ. નં ૪૪૩૮ તા. ૧૬-૧-૦૧ થી નવીન ટેક્સ્ટ બુકોમા મંજુર છે. નામા વિષે પ્રથમ ચર્ચા કરનાર સ્વતંત્ર પુસ્તક તો એજ. વ્યાવહારિક સિદ્ધાંતોની સ્પષ્ટ. નવા ધોરણો.

વેચનાર—સુરત, કે. ના. ની કંપનિ, એન. એમ. ત્રિપાઠીની કંપનિ,
અમદાવાદ, રીચી રોડ પૂલ ઉપર, સી. એ. પટેલની કંપનિ,
સુરત, પગથીઆ શેરી વાડી ફળીઆ એમ. જે. ની કંપનિ,
અને અમે પોતે
મફત મફત હિસ્ટરીયા બોર્ડ કાઢ લખનારને.
છગનલાલ લલ્લુભાઈ શાહ. દેશીનાગર
દયાળભાઇની શેરી—વડોદ.

રૂા: પાંચનાં પુસ્તકો ખરીદનારનું પોસ્ટેજ માફ.

ભરતખંડનો સક્ષિપ્ત ઇતિહાસ, કિ. ૦-૮-૦; લેખક પદ્ધ કિ. ૦-૪-૦; ભૂતળ, આરોગ્યવિદ્યા, પિંગળની સમજ, કિ. ૦-૨ તે ત્રણે બુકો ધો. ૫-૬-૭ મા ઉપયોગી છે. સંક્ષેપ સુખગણિત (લેખો) ધો. ૧ લુ ૦-૧-૦; ધો ૨ જું ૦-૧-૬, ધો ૩ જુ ૦-૨-૦; ધો. ૪ થું ૦-૨-૬; ધો. ૫ મું ૦-૩-૦. જુનાગઢ, પાલીતાણા, વઢવાણ, જસદણ વગેરે સ્ટેટોમા મંજુર છે. ઊનના ગુચળકામ અને કપડાં વેતરવાની સમજ કિ. ૦-૪-૦ ઉપરની બુકોમા કમિ. ૨૫ ટકા.

નવા ધોરણની નોટો. ધો ૧ લુ ૦-૩-૦; ધો. ૨ જુ ૦-૫-૦; ધો. ૩ જુ ૦-૬-૦; ધો. ૪ થું ૦-૧૨-૦; ધોરણ ૫ મું ૧-૨-૦; ધોરણ ૬ ઠું ૧-૪-૦; ધો. ૭ મુ ૧-૮-૦ તથા વાચન મૂળાના અર્થ પહેલી ૦-૧-૬; બીજી ૦-૨-૦; ત્રીજી ૦-૩-૦ ચોથી ૦-૪-૦; પાચમી ૦-૫-૦; છઠ્ઠી ૦-૬-૦; સાતમી ૦-૮-૦ કન્યાશાળા માટે બાળ ગરબાવળીનો ખુલાસો ભા. ૧ લો ધો. ૨-૩-૪ માટે કિ. ૦-૩-૦ અને ભા. ૨ જો ધો ૫-૬ માટે કિ. ૦-૩-૦ કન્યા વાચનમાળાના અર્થ પુસ્તક ૧ લુ ૦-૩-૦; પુ ૨ જું ૦-૫-૦; પુ. ૩ જું ૦-૭-૦. નવા દેશી આંક કિ. ૦-૧-૦. ઉપરની બુકોમા કમિ. ૫૦ ટકા છે. ઉપર સિવાય નિશાળોમા ચાલતી તમામ બુકો વાજબી કમિશનથી મળશે. સઘળા ભાવનું પોસ્ટેજ વી. પી. ખર્ચ વધારે સમજવું.

બુકસેલર, જેચંદ તલકશી વઢવાણશહેર.

ગુજરાતી અને બાળબોધ છ નંબરમાં

દરેક નંબરની કિમત અઢી આના.

કેળવણી ખાતાના મે. ડિરેક્ટર સાહેબે મુંબાઇ ઇલાકાની ગુજરાતી નિશાળોમાં ચલાવવાને મંજુર કરી છે.

૨૫૦ અને તે ઉપરાંત કોપી ખરીદનારને સેંકડે ૨૫ ટકા કમિશન આપવામા આવશે. પેકિંગ અને રેલ્વે ખર્ચ પણ આપવામા આવશે, પણ પોસ્ટ મારફતનું કે સ્ટેશનથી આગળનું ખરચ આપવામા આવશે નહિ.

કોપીઓ સાથે બીજા પુસ્તકો મંગાવનારને મે કરે કોક દરેક હકમાફ કિંમતી આપવા જોગવાઇ રાખી છે. મળવાનું ઠેકાણું—ડાહ્યાભાઇ જીવનદાસ એન્ડ સન્સ. લેખનકળા કોપીબુકની ઓફિસ—જુની પોળકાંકરીયા ઓફિસ સામે નંબર ૨૬૭—મુંબઇ.

ગુજરાતી શિક્ષક કોપીબુક

ગુજરાતી અને બાળબોધ આઠ નંબરમા કેળવણી ખાતાના મે૦ ડિરેક્ટર સાહેબે મુંબઇ ઇલાકાની દરેક ગુજરાતી નિશાળમા ચલાવવાને મજુર કરી છે. લડાઇને લીધે કાગળના ભાવ બેહદ વધી જવાથી મે૦ ડિરેક્ટર સાહેબના ન૦ ૧૧૧૪૫, ૧૯૧૬-૧૮ ની સાલના હુકમથી હાલ થોડા વખત માટે અઢી આના દરેક નંબરની કિમત ઠરી છે. અને ૪૦૦ તથા તેથી વધુ કોપી ખરીદનારને હાલમાં સેંકડે (૧૫) ટકા કમિશન ઉપરાંત પેકિંગ અને રેલ્વે ખર્ચ આપવામા આવશે; પણ પોસ્ટ મારફતનું કે સ્ટેશનથી આગળનું ખર્ચ આપવામા આવશે નહિ. દરેક શિક્ષક કોપી બુકોની સ્ટીલ પ્લેટો દરેક નંબરને બધે બેસતી ૨ થી ૮ નંબરની, દરેક બોકસમા એમ્બર જાતની દા. ૬ કિમત ૩. ૦।।। નકી.

મળવાનું ઠેકાણું:- ડાહ્યાભાઇ કોવળજી આસ્તર,

૨. નં૦ ૧૦ પોપટી તલાવ—મુંબઇ

રાજકોટ આર્ટસ એન્ડ ટ્રેનિંગ કોલેજની સને ૧૯૨૨ ની સાલની પ્રાવેશિક પરીક્ષા.

૧. તમામ નિશાળના માસ્તરો, ટ્યુટોરિયલ એસિસ્ટંટો અને બીજી શિક્ષકો ખબર આપવામાં આવે છે કે આ કોલેજમા દાખલ થવાને જે બાઈઓ હમેદ રાખતી હોય, તેમની ઉંમર, અભ્યાસ વગેરે હકીકતનું પત્રક સને ૧૮૮૩ની સાલના ગુજરાત શાળાપત્રના પૃષ્ઠ ૨૬૪ મે છાપેલા નમુના પ્રમાણે બનાવી તેમા માગેલી હકીકત બરાબર પુરી આ જાહેર ખબર પહોંચે, જેમ બને તેમ તાકીદથી અમારી તરફ મોકલવું. તા. ૨૦ મી માર્ચ ઑફ્ટ સને ૧૯૨૨ પછી આવા પત્રકો લેવામા આવશે નહિ.

૨. પ્રાવેશિક પરીક્ષા દરકોઇ ઉંમરની માણ આપી શકશે; પરંતુ જેમની ઉંમર પંદર વર્ષથી ઓછી નહિ હશે, તેમજ ૨૫ વર્ષથી વધી નહિ હશે, તેમને સ્કોલરશિપ મળી શકશે.

૩ પ્રાવેશિક પરીક્ષા કન્યાશાળાના સને ૧૯૦૨ ના જાન્યુઆરિ માસમા પ્રગટ થયેલા ધોરણ ૫ મા પુરાની લેવામા આવશે.

૪. દાખલ થવા ઉમેદ રાખનાર બાઇઓએ સારી ચાલનું સર્ટિફિકેટ સ્કૂલ કમિટિના મેમ્બરોનું અથવા સારા જાણીતા ગૃહસ્થોનું ઉપરના પત્રક સાથે મોકલવું. ઉમેદવારમાં શરીર સંબંધી કોઈ પણ જાતની ખોડ હોવી ન જોઈએ.

૫. પ્રાવેશિક પરીક્ષા તારીખ ૧૧ સપ્ટેંબર સને ૧૯૨૨ મોમવારને દિવસે સવારના અગિયાર વાગે કોલેજના મકાનમાં શરૂ થશે

૬. કોલેજમાં દાખલ કરવા યોગ્ય જે બાઇઓ માલમ પડશે. તેમની તબદ્દરની બાબતની બાકીની હકીકત જરૂર મુજબ કરવામાં આવશે.

રાજકોટ,
તા. ૨૮ મા જે સને ૧૯૨૨

T. Modak.
સેક્રેટરિ-ટુ-ટ્રસ્ટ, કાઠિઆવાડ આર્ટસ
ટ્રેનિંગ કોલેજ—રાજકોટ.

મને હિંદુસ્તાનની રૂપરેખા ભૂગોળ.

આઠ સુંદર ચિત્રો અને છ રંગીન નકશાઓ છે.

નવાં ધોરણો પ્રમાણે ગુજરાતના વિશેષ, મુંબઇ ઇલાકાની સામાન્ય અને હિંદુસ્તાનની રૂપરેખાત્મક પ્રાકૃતિક, ઔદ્યોગિક અને રાજકીય હકીકતો સરળ ભાષામાં કેંદ્રાનુસારી પદ્ધતિથી લખેલી છે. ચોથા ધોરણના વિદ્યાર્થીઓને અતિ ઉપયોગી છે. વિદ્વાન શિક્ષકો ને ઉત્તમ માસિકોના અભિપ્રાયો મળ્યા છે. પ્રિંટિંગ ઉત્તમ, ક્રાઉ સુ. રો. ૨૦૦ પૃષ્ઠો. કિંમત માત્ર ૭ આના.

ગુજરાતની સામાન્ય ભૂગોળ—કાઠિઆવાડ માટે સાતમી આવૃત્તિ.

કાઠિઆવાડથી શરૂ કરીને ગુજરાતની પ્રાકૃતિક, ઔદ્યોગિક અને રાજકીય હકીકતો ત્રીજા ધોરણને અનુસરીને આપી છે. કાઠિઆવાડનું પ્રાંતવાર વિસ્તર વર્ણન નકશાઓ સાથે છે. કુલ નકશા આઠ, ને દશ ચિત્રો છે. કાઠિઆવાડની પ્રાથમિક શાળાઓ માટે આ તૈયાર કરેલું છે. કાઠિઆવાડ બરોદરા રાજ્યમા લાઇબ્રેરી બુક અને જુનાગઢ ને ભાવનગર રાજ્યોએ ટેક્ષ બુક તરીકે મંજુર કરેલું છે.

ક્રાઉ સુ. રો. ૩ ફારમો.

કિંમત ત્રણ આના.

ગુજરાતની સામાન્ય ભૂગોળ. ગુજરાત માટે આવૃત્તિ, છઠ્ઠી.

ગુજરાતથી શરૂ કરીને જિલ્લાઓનું તેમના તાલુકાવાર સવિસ્તર વર્ણન ચિત્રોને નકશાઓ સાથે છે. કાઠિઆવાડ, બરોદરા અને એજન્સિઓનું સામાન્ય વર્ણન કર્યું છે. કુલ આઠ નકશાઓ ને દશ ચિત્રો છે. તેથી ગુજરાતની પ્રાથમિક શાળાઓમા ત્રીજા ધોરણમાં અતિ ઉપયોગી જણાયું છે. આવી ભૂગોળ અત્યાર સુધી પ્રગટ થઈ નથી. ક્રાઉ સુપર રોયલ ૧૬ પેજના ચાર ફારમો. પ્રિન્ટિંગ બહુજ સરસ છે.

શિક્ષકો અને વિદ્યાર્થીઓને અતિ ઉપયોગી પુસ્તકો તૈયાર છે.

ગુજરાતનો બાળ ઇતિહાસ.

પ્રાથમિક ચોથા ધોરણના ઉપયોગ માટે.

ગુજરાતની જુના વખતથી આજકાલ સુધીની તવારીખ સરળ અને રસમય ભાષામા વાર્તાઓમા લખેલી છે, વાર્તાઓ જુદી જુદી હોવા છતાં અતિ

હાસિક સંબધ તૃટતો નથી; વિશેષ [illegible] ખનાવોના કાલ્પનિક ચિત્રપટો પ્રસિદ્ધ ચિત્રકાર ગવિશકર રાવળ પાસે તૈયાર કરાવીને આર્ટપેપર ઉપર આપ્યા છે. મુખપૃષ્ઠ ઉપર જુના વખતનું ભાવપ્રેરક ઐતિહાસિક વાળું મોહક દૃશ્ય રંગીત મૂક્યું છે. પ્રિન્ટિંગ બહુજ સુંદર. કાગળો ઉચી જાતના અને ટાઇપો વાચનભાગ પ્રમાણે મોટા રાખ્યા છે; તેથી પુસ્તક જોતા ને વાંચતા રસિક અને ઉપયોગી જણાય છે. શાળાપયોગી ઇતિહાસોમા અત્યાર સુધીમા આ પહેલો છે.

કિંમતમાત્ર ૭ આના.

કિંમત માત્ર ત્રણ આના.

મળવાના ઠેકાણા

હા. જીવનલાલ અમરસી મહેતા.
પીરભઇ રોડ—અમદાવાદ.

તેમજ બીજા બધીતા બુકસેલરોને ત્યાથી પણ મળી શકે છે.

કર્તા—નાનચદ જગજીવન વખ.

તાલુકા સ્કુલ માસ્તર, સે

ટ ઢિઆવાડ, જુનાગઢ

સરકારી મેમો. ઇ. ડી. નં૦ ૮૪૪ ફ તા. ૧૦–૩–૨૨ ના પેરા ૨ જાનો ઉતારો.

મેસર્સ મેકમિલન અને કંપનિવાળા તરફથી એવી ખાતરી કરી આપવામાં આવે છે કે નિશાળના શિક્ષકો ચોપડીઓના ઓર્ડરો પરભાર્યા મોકલશે તો તેનો અમલ કરવા તૈયાર છે. આ ઓર્ડરો આખા વર્ષ માટે હોવા જોઈએ. આથી વેપારીઓ બહુ લાભ લે છે તે ઓછી કૃપા કર થશે. ડી પી. આઈ. ને આથી વિનંતી કરવાની કે દરેક નિશાળના હેડમાસ્તરને સરકુલરોથી ખબર આપવી કે વિદ્યાર્થીઓને પ્રસિદ્ધ કરેલી કિંમતે વેલ્યુપેબલથી પરભારી ચોપડીઓ મેકમિલન કંપનિવાળા મોકલી આપશે આખા વર્ષ માટે જોઈતા પુસ્તકો તેમણે સામટા મંગાવી લેવા પાછે નિશાળોને પેકી જે કમિશન કાપી આપે છે તે ટપાલ ખર્ચમા વળી રહેશે.

નં. ૧૫૮૬ પુના તા૦ ૧૨–૫–૨૨

(૧)

મે. ડી. પી. આઈ. નો તા. ૭-૪-૨૨ નો નં૦ જી. આર/૨૦૪, ઉપરથી.

કન્યાશાળાના નવા ધોરણો માટે ગુજરાત શાળાપત્રવાળો તરજુમાનો ઉપયોગ કરશે તો ચાલશે.

(મે. ઓ. ઈ સા નો તા. ૧૪-૪-૨૨ ના પત્ર નં૦ ૮૧૭ ને આધારે.)

(૨)

મે. ડી પી. આઈ. સાહેબનો તા. ૨૩-૩-૨૨ ના લા૦ નં૦ ૪૦ ને આધારે.

મેસર્સ કરમનદાસ નારણદાસ-સુરતના-ની તરફથી છપાએલું લાલચંદ રત મોટું અંકગણિત 'શાળા તથા 'સોકના ઉપયોગ માટે વેચવાની ખરી આપવામા આવે છે. તેની કિંમત રૂ. ૧-૨૯૦ હતી તેને બદલે રૂ-૩-૦ કરવાની પણ મંજુરી આપવામાં આવે છે.

(મે. ઓ. ઈ. સા. નો તા. ૨૭-૪-૨૨ નો પત્ર નં૦ ૧૩૧૩ ઉપરથી)

પંચગની મુસ્લિમ હાઈસ્કૂલ—માટે મુસલમાન ગુજરાતી ભાષા દ્વારા ટ્રેઇન્ડ શિક્ષક જોઈએ છે. અંગ્રેજી ઓછામા ઓછું 'થર્ડ સ્ટેન્ડર્ડ જેટલું જ્ઞાન. રિટાયર્ડ થએલા માણસ વધારે અનુકૂળ પડશે. પગાર લાયકાત પ્રમાણે, લાયકાત દર્શાવતા અને લખો, 'પ્રિન્સિપલ, મુસ્લિમ હાયસ્કૂલ, પંચગની, જીલ્લે સતારા.

જાહેરખબર.

કેળવણી ખાતું.

જંઝીરે-મુંબઈ ૪-૨-૨૨.

નં. ૨૭૫:—મહાદેવ દીનકર બાવ નાગનો વિદ્યાર્થી, આ વર્ષે પુના જિલ્લામા લેવાએલી વર્નાકયુલર ફાઈનલ પરીક્ષામાં બેઠો હતો તેને કોઈ પણ પ્રકારની સરકારી નોકરી માટે નાલાયક જાહેર કર્યો છે.

સહી. જે સી. કેર.

મે૦ ટુ ગવર્નમેન્ટ.

(મે. ઓ. ઇ. સા. નો ૧૬-૫-૨૨ નો નં. ૨૦૭૦)

(રાવસાહેબ માધવલાલ [illegible]

. મોઢ નક્કી કરેલા વિષય ઉપર સહુથી સરસ પાઠ આપવા માટે અ દાવાદ જીલ્લા, બોડા જીલ્લા, તથા બોડા એજન્સિની કોઈ સ્ત્રી શિક્ષકને રૂપા ઇનામ તરીકે રૂ. ૩૦) ના. પુસ્તકો અથવા સાદિયો બાપદાદી ગુજર વર્નાક્યુલર સોસાયટીઓ ગોઠવ્યુ કરી છે.

પરીક્ષા તા૦ ૪ થી ઓક્ટોબર સને ૧૯૨૨ ને બુધવારને દિવસે મા લક્ષ્મી ટ્રેનિંગ કોલેજ અમદાવાદની પ્રેક્ટિસિંગ સ્કૂલમા કોલેજના [illegible] સુપ્રીન્ટેન્ડેન્ટ અને પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કોલેજના પ્રિન્સિપલ લેશે.

પાઠનો વિષય અને તે જે વર્ગમા આપવાનો [illegible]ગે તે બા અગાઉ કહેવામા આવશે.

-સાથળી અરજીઓ તા૦ ૧૫ મી સપ્ટેમ્બર ૧૯૨૨ સુધીમા જીલ્લાના ડેપ્યુટિ એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર સાહેબ મારફત મહાલક્ષ્મી કોલેજના ચેડિ સુપ્રીન્ટેન્ડન્ટ તરફ મોકલવી.

પાંચ વરસ ઉપરની અને પદર વરસ અંદરની નોકરીવાળા સ્ત્રી શિક્ષ આ ઇનામ માટે લાયક ગણાશે.

મહાલક્ષ્મી ટ્રેનિંગ કોલેજ,
ફોર વીમેન,
અમદાવાદ તા. ૧૬-૪-૨૨

A. M. Shillidy.
એક્ટિંગ લેડી સુપ્રીન્ટેન્ડેન્ટ.

ટ્રેનિંગ સ્કૂલો અને પ્રાથમિકશાળાઓ માટે અનુક્રમે પાઠ્યપુસ્તક અને ઇનામ લાયબ્રેરી તરીકે મંજુર થએલ.

ચિત્રો સહિત.

ગુજરાતના ઇતિહાસની સહેલી વાતો.

કર્તા

વલ્લભભાઈ લલુભાઈ પટેલ,

હેડમાસ્તર-પ્રેક્ટિસિંગ સ્કૂલ મે. રા. ટ્રે. કોલેજ.

ખપો. ધી ગુજરાત ઓરીએન્ટલ બુક ડીપો—અમદાવા

કિંમત સાત આના.

ભારણની ભૂગોળ.

ગ્રંથકાર—રા. હિંમતલાલ ગણેશજી અજારિયા, બેંગ એ, બેલ એલ બી.

૨૦ નકશા સાથેની બીજી આવૃત્તિ, મૂલ્ય ૦—૮—૦

રાજા ભોજ અને કવિ કાલિદાસ.

બોધક અને આનંદદાયક વાર્તાઓનો સંગ્રહ

૧૦ સુંદર ચિત્રો સહિત દ્વિતીયાવૃત્તિ-કિંમત રૂ. ૪—૦—૦

ડાહ્યા અને સુખી જીંદગી ભોગવવા ઈચ્છતા હો તો વાંચો

મ. બં. ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈ કૃત

હજારેની ત્રીજી આવૃત્તિ મૂલ્ય રૂા ૨—૦—૦

દીર્ઘાયુષી શી રીતે થવાય

(સરમરે પ્રાઇમરી તથા સેકન્ડરી સ્કૂલો માટે વાજબી તથા ઇનામના ગ્રંથ તરીકે મંજુર કરેલું)

શાળોપયોગી નિબંધસંગ્રહ

પ્રાથમિક શાળાઓના ધોરણ ૫, ૬ અને ૭; ગુજરાતી વર્નાક્યુલર ફાઇનલ તથા મેટ્રિક ઓટલે સ્કૂલ લીવીંગ પરીક્ષાઓ અને મેસ્ટ્રિક તથા ટીચર્સ ટ્રેનિંગ કોલેજોના અભ્યાસ માટે કર્તા—ઉસમાન ઇ. ચલ્લ ખુડેખુડીયા અને મણિલાલ ગજ્જર ભોતીભાઈ રાણા. ૨૫૦ પાનાનું દળદાર પુસ્તક, કિંમત માત્ર રૂા ૧)

ઉત્તમ કર્મ સંવાદ.

કવિના જીવન ચરિત્ર, શબ્દકોષ મિ. હિંમતલાલ ગણેશજી અજારીયા, બેમ. એ., બેલ. બેલ બી., ની ટીકા સાથે કિં રૂા. ૦—૧૦—૦

બાળ સદ્બોધ વાર્તાશતક રૂા. ૧—૮—૦

નેપોલીયન બોનાપાર્ટનું ચરિત્ર પાકું પુઠું રૂા ૨—૮—૦

સંસાર એક જીવન નાટય. રૂા ૧—૦—૦

સ્વદેશ કવિ રવિન્દ્રનાથ ટાગોરકૃત બીજી આવૃત્તિ, રૂા ૧—૦—૦

પ્રગટ. બેમ. ત્રિપાઠી એન્ડ કંપની બુકસેલર્સ-હાલબારેવાડીરોડ-મુબઈ

પુસ્તક ૬૧ મું.] ભા.

Gujarat School Paper.

ગુજરાત શાળાપત્ર

ઓગષ્ટ સને ૧૯૨૨.

અનુક્રમણિકા.

વિષય.	પૃષ્ઠ.
અમલેખ	૨૨૫
અક્ષર શીખવવાની જુદી જુદી રીતો	૨૨૭
ઇન્ડાગેન્ટલ બીલ ૨૬૬	૨૩૫
મોગરેના રાજ્યોનો ઇતિહાસ	૨૪૨
ટેલિફોન	૨૪૮
સરકારી નોટિફિકેશન	૨૫૫

ગળવણીખાતાના કર્મચારી

તંત્રી અને પ્રકાશક (ઓક્ટોબર ૧૯૧૪ થી)

મિ. કેખુશરૂ અરદેસર બાલા, બી. એ.,

પ્રિન્સિપલ, પ્રે. રા. ટ્રેનિંગ કોલેજ—અમદાવાદ.

(સંર્વ હક્ક સ્વાધીન રાખ્યા છે.)

શ્રી અમરસિંહજી પ્રિન્ટિંગ પ્રેસમાં પઠાણ નૂરખાન અમીરખાન વડીએ છાપ્યું,

રે. આર. દરવાજા બહારના પોલ—અમદાવાદ.

...લેખ સાથે અમારે મળતા... વાંચકોએ માનવું નહિ.

૨. પત્ર સબંધી લખાણ—એડિટર તરફ મોકલવું. છાપવા મોકલવાનું લખાણ કાગળની એક બાજુએ ચોકખે અક્ષરે લખવું. છાપવા યોગ્ય લાગશે તો છપાશે, નહિ પસંદ કરેલા લેખ ટિકિટ મોકલી હશે તો પાછા મોકલવામા આવશે.

૩. લેખકને ઉત્તેજન—વિષયો લખી મોકલનારની પેસા લેવાની ખુશી હશે તો પ્રથમથીજ ખબર આપેથી દર છાપેલે પાને યોગ્યતા પ્રમાણે રૂા. ૧) મુધી આપવામા આવશે. ચર્ચાપત્ર માટે કંઈ આપવામાં નહિ આવે

૪. લવાજમ—વરસ એકનો રૂ. ૧-૮-૦ ટપાલ ખર્ચ સાથે ગાકથી. વિદ્યાર્થીઓ માટે ૦-૧૨-૦ ; છુટક અંકના રૂા. ૦-૨-૬; પરદેશ રૂા. ૦-૦-૬ જુદુ

૫ મનિઓર્ડર—કૂપન પર ગામ કે શહેરનુ ઠેકાણું સ્પષ્ટ લખવું. જો જ્યા એકથી વધારે નિશાળો હોય તો નિશાળનો નંબર તથા શાળાપત્ર બાબિત તરફથી અપાએલાં સરનામાના લેબલ ઉપરનો નંબર લખવો.

જાહેરખબરના ભાવ

મુદત.	પગ.		
	આખું	અર્ધું	પા.
આખું વર્ષ.	રૂ. ૬૫	રૂ. ૩૪	રૂ. ૨૦
૬ માસ.	રૂ. ૪૫	રૂ. ૨૮	રૂ. ૧૨
ત્રણ માસ.	રૂ. ૨૦	રૂ. ૧૦	રૂ. ૬

છુટક છપાવવાનો દર

દર ત્રણ લીટીએ રૂ. ૧-૨-૦ રાખ્યા છે.

આ પત્ર સાથે કાઈ પણ લેંક બીલ વહેંચવામાં આવશે નહિ.

૬. શાળાપત્રમા આપેલી જાહેરખબરોમા જણાવેલી ચોપડીઓ ખાતાએ મંજુર કરેલીજ હોય એમ કંમેશ હોતું નથી. માટે દરેકને મંજુર કરેલી તરીકે ગણવી નહિ.

૭. શાળાપત્રનું વરસ જાન્યુઆરિથી ડિસેમ્બર મુધી ગણવામા આવે છે; માટે વરસની વચમા જે ગ્રાહક બંધ થવા માગતા હશે તેમની પાસેથી જેટલા અંકો તેમને મળ્યા હશે તેટલાની છુટક અંક લેખે કિંમત લેવામા આવશે

મંત્રી.

ગુજરાત શાળાપત્ર.

પુસ્તક ૬૧ મું. ઓગસ્ટ સને ૧૯૨૨. અંક ૮ મો.

—: અગ્રલેખ :—

કુદરતનો અભ્યાસ.

યાને

સૃષ્ટિજ્ઞાન.

૧. સૃષ્ટિજ્ઞાનનો વિષય પ્રાથમિક શાળાના નીચલા ધોરણોમાં દાખલ કરવામાં આવ્યો છે. આ વિષય શીખવવાનો મુખ્ય ઉદ્દેશ બાળકોને કુદરતના સમાગમમાં મૂકી તેનો પરિચય કરાવવાનો છે ફ્રોબેલની કિંડરગાર્ટનપદ્ધતિનું એક સૂત્ર "કુદરતને શોધો" એજ હતું. કુદરતમા નજરે પડતી વસ્તુઓ ઇશ્વરસૃષ્ટ હોય છે. જોનારને તે રસ આપનારી નીવડે છે, માટે બાળકોને આ વિષય રસમય નીવડે છે. કુદરત ના અભ્યાસનો વિષય ખરી રીતે શીખવવો હોય તો તેનાં સાધનોનો યોગ્ય ઉપયોગ કરવાયોગ્ય શીખવાય છે.

શું શીખવવાનું છે તેના કરતા કેવી રીતે શીખવીશ એ બાબત ઉપર વધારે ધ્યાન રાખવાની છે સાહિત્યનો યોગ્ય ઉપયોગ શિક્ષક કરશે તો વિષયજ્ઞાન આપોઆપ વિદ્યાર્થી પ્રાપ્ત કરતો જશે. આ બાબત નીચે કેટલીક ઉપયોગી સૂચના આપી છે:—

(૧) શિક્ષકે દરેક વિષયની યાદક અગાઉથી સંપૂર્ણ તૈયારી કરવી.

(૨) જેના વિષે જ્ઞાન આપવાનું હોય તે બાબત કે પદાર્થ ખરી રીતે, સંપૂર્ણ રીતે, અને પદ્ધતિસર બાળકોને પ્રશ્નો પૂછી વિચારશક્તિ ખીલે એવી રીતે શીખવવા.

[illegible] જવું. અને જાણીતી
[illegible] શોધાવવી.
અને તેટલી જ્ઞાનેન્દ્રિયો કેળવવી.
બાળકો પોતે દરેક હકીકત શોધી કાઢે અને અવલોકન સંપૂર્ણ કરે એને માર્ગે તેમને દોરવાં.
શીખવવાના પદાર્થો કુદરતીજ હોવા જોઈએ. વિદ્યાર્થીને માટે પુસ્તકો સાહિત્યો લાવવાં.
અમુક પદાર્થને લગતી કેટલી હકીકત પોતે પાઠમા શીખવી શકવા એ બાબત ગૌણ રાખી મુખ્ય વિષયને લગતું કેટલું સંગીન જ્ઞાન આપ્યું છે એ શિક્ષકે ખાસ તપાસવું.
નિશાળનો બગીચો અને બીજાં સ્થળોના પર્યટનદ્વારા પુષ્કળ અવલોકન કરાવવું. કુદરતના પદાર્થોપરત્વે જિજ્ઞાસા ઉત્તેજિત કરી અને શોધકવૃત્તિ પ્રેરવી એ આવા પાઠોના અગત્યના પરિણામ ગણી શકાય.
આ બધી માત્ર ટુંકી સૂચનાઓ છે. વિષય રસિક કરવાને બીજી બાબતો લક્ષમા રાખવી પડે છે સાહિત્યોનો ઉપયોગ કેવો કરવો તે જાણવાની જરૂર છે. આ પાઠો કદી પણ કલાકના ચોરડામાં ન આપવા શિક્ષકોએ પ્રશ્નપ્રહતિનો પુરતો ઉપયોગ કરવાની જરૂર છે. સાધનો પુરતા લાવવાં, પાટીઆ ઉપર જરૂર પડે ચિત્રો દોરી પદાર્થના આકાર વગેરેનું સંપૂર્ણ ભાન કરાવવું. પોતાનું જ્ઞાન બતાવવાનો કે કહેવાનો પ્રયાસ નજ કરવો.

મૂળાક્ષર શીખવવાની જુદી જુદી રીતો.

મોન્તેસોરીપદ્ધતિ.

લેખક—રા. ગિરિજાશંકર ભ. બધેકા. શ્રી દક્ષિણામૂર્તિ બાલમંદિર ભાવનગર.

(અનુસંધાન પુ. ૬૧ પૃષ્ટ ૧૦૭ થી)

લેખન. સામાન્ય વિવેચન.

લેખક મોન્તેસોરી શિક્ષણપદ્ધતિમા લેખન અને વાચનને સ્થાન છે પરંતુ લેખન અને વાચન એ પદ્ધતિના આવશ્યક અંગો નથી. મોન્તેસોરી શિક્ષણપદ્ધતિથી બાળકનો જે અદ્‌ભુત ઇન્દ્રિયવિકાસ થાય છે, તેનેજ

સ્પર્શની ઇન્દ્રિયોની યથાર્થ કેળવણીઓને લીધે [illegible] લખતા અને વાંચતા શીખી જાય છે. ઇન્દ્રિયોની કેળવણીને લીધે બાળકને શક્તિનો જે વિકાસ થાય છે તેમા લેખન વાચનની રુચિ અને શક્તિનો વિકાસ પણ આવી જાય છે. છતા મોન્તેસોરી પદ્ધતિનો પ્રયોગ બાળકને છેક નાની ઉંમરે લેખન વાચન સિદ્ધ થાય તે માટે કરવાનો નથી; તેમજ ધારેલી ઉંમરે બાળકમા લેખન વાચન પ્રત્યે રુચિ ઉત્પન્ન ન થાય તો તેનો દોષ કઢાવવાનું કે તેનો બહિષ્કાર કરવાનું કશું પણ કારણ નથી. જો સિદ્ધાંતને બરાબર અનુસરવામા આવે અને સંપૂર્ણ સાધનોને યથાક્રમ, યથાવિધિ વાપરવામા આવે તો બાળકમાં લેખન વાચન આપોઆપજ કૂટી નીકળે. ડોકટર મોન્તેસોરીનું એવું કહેવું છે કે જ્યા સુધી બાળક લેખન વાચન માટે સ્વયં રુચિ ઉત્પન્ન ન થાય ત્યાસુધી અક્ષરજ્ઞાન મેળવવાને સાધનો તરફ બાળક સહેજે આવે નહિ, અને ત્યાસુધી તેને આ૬ અડકવું નહિ અને તેને જવા દેવું. બાળકો ભિન્ન ભિન્ન શક્તિનાં અને રુચિના હોય છે; વળી ઘરના અને બહારના જુદા જુદા સંજોગોને લઈ રુચિની બાબતમાં બાળક એક બીજાથી જુદુ પડે છે. કેટલાએક બાળકો એવાં હોય છે કે જેઓ છેક નાનપણથી લેખન વાચન માટે રુચિ ધરાવે છે, જ્યારે કેટલાએક બાળકો એવા હોય છે કે જેમા એ વિષય માટેની રુચિ કંઈક મોડી જાગે છે, વળી કેટલાએક બાળકો એવા પણ હોય છે કે જેમનામા એ વિષય માટે સ્વભાવથીજ અરુચિ હોય છે. આવી સ્થિતિમાં અમુક બાળક પાસેથી અમુક ઉંમરે લેખન વાચનની અપેક્ષા રાખવી એ મોન્તેસોરીના સિદ્ધાંતથીજ વિરુદ્ધ છે. એમા ભય પણ છે. વળી ડોકટર મોન્તેસોરી એમ પણ માને છે કે બીજી ઇન્દ્રિયોના વિકાસની પૂર્વે લેખન વાચનનું જ્ઞાન બાળકોને કરાવી દેવામા આવે તો સમગ્ર ઇન્દ્રિયોનો વિકાસ સંપૂર્ણ અને સુઘટિત થાય નહિ, તેમજ ઇન્દ્રિયોના વિકાસ વડે બાળજ્ઞાનમા જે બળ મળે તે બળ મળેજ નહિ. તેમનુ એવું કહેવું છે કે જે બાળકમા ઝટ ઝટ અક્ષરજ્ઞાન લેવાની વૃત્તિ હોય અને છતા બાળકનો ઇન્દ્રિયવિકાસ અધુરો હોય તો તે બાળકને અક્ષરજ્ઞાનની દિશામા જતું રોકવું. અક્ષરજ્ઞાન લેવા માટે તેને ઉત્તેજીત તો બનાવવું નહિજ. એવા બાળકોને અક્ષરજ્ઞાન તરફ જતાં રોકીને ઇન્દ્રિયવિકાસના યોગ્ય માર્ગે મૂકવા.

દડાની, લીસા ખુંવાળા પાટીઆની અને ભૂમિતિની આકૃતિની પેટીન રમતો આડકતરી રીતે લેખનની તૈયારી રૂપેજ છે; કારણ કે તે રમતોદ્વા થતી ક્રિયાઓથી લેખન શીખવામાં આવશ્યક સ્પર્શની ઇન્દ્રિયનો વિકા ઘણે અંશે પ્રગટે છે. પરન્તુ સીધી રીતે લેખનની તૈયારી માટે વાપરવા સાધન લોઢાની ફ્રેમો અને તેમા બંધ બેસતી આવે તેવી ભૂમિતિની આકૃતિઓ છે. આ લોઢાની આકૃતિઓ લાકડાની આકૃતિઓ જેવીજ મોટી જોઈએ તેનો રંગ ભુરો જોઈએ. આ આકૃતિઓ તેની ફ્રેમો સાથે લાકડાના એક ઢળ સ્ટૅન્ડ ઉપર ખુલ્લી રીતે વર્ગમા પડેલી રહેવી જોઈએ. આની સાથે વાપરવાન સાધનોમા બાર જુદા જુદા રંગની પેન્સિલો અથવા તો બાર જુદા જુ રંગની ક્રિઓન અને કોરા કાગળ કે તેની નોટો જોઈએ.

સાધનો વાપરવાની રીતઃ બાળક પોતાને મનગમતી કોઈપણ ફ્રેમ પસં કરીને લે. તે ફ્રેમ ત્રિકોણ આકારની, કે ગોળ આકારની કે ચોરસ આકા હોય. પછી બાળક તે ફ્રેમ એકાદ કોરા કાગળના કટકા ઉપર મૂકે અ પછી રંગીન પેન્સિલ હાથમાં પકડી ફ્રેમની અન્દરની કોરણની આસપાર પેન્સિલને ફેરવે. આથી કાગળની સપાટી ઉપર રંગીન પેન્સિલની લીટીય ફ્રેમવાળી ભૂમિતિની આકૃતિ પડે. બાળક જ્યારે ફ્રેમ ઉપાડી લેશે ત્યારે તેન નજરે એકાએક રંગીન ભૂમિતિની આકૃતિ પડશે. આથી બાળક સાનંદા આશ્ચર્યમાં ગરકાવ થશે. પછી બાળક ફ્રેમને એક બાજુએ મૂકી લોઢાની ભૂમિતિની આકૃતિ લે અને તેને રંગીન પેન્સિલથી કાગળ ઉપર પડેલ આકૃતિ ઉપર બરાબર મૂકે ને પછી તેની આસપાસ બીજા કોઈ રંગની પેન્સિલથ આકૃતિ દોરે. બાળક જ્યારે આ લોઢાની આકૃતિ ઉપાડી લેશે ત્યારે ત એકજ આકૃતિને જુદા જુદા રંગોની પેન્સિલોવડે દોરેલી બાળશે. અગા તેને રંગનો સારો પરિચય થઈ ગએલો હોય છે તેથી તેનામાં રંગની કદ વધેલી હોય છેજ. આથી આની રીતે આકૃતિ દોરવાની ક્રિયામા તેને રસ આવશે. પછી બાળક પોતાને મનગમતા રંગની પેન્સિલ કે ક્રિઓન લઈ દોરેલી આકૃતિને લીટાથી ભરવા માડે. બાળકને રંગનો સુપરિચય હોવાથ તે રંગની પસંદગીમાં વિવિધતા આણશે; તેમજ એક બીજા રંગોની સુંદ મિલાવટ જામે તેવી પેન્સિલો અને ક્રિઓનોનેા વાપરશે. આકૃતિ ઉભા અને આડા ઉત્તમ પ્રકારના લીટાથી ભરી શકાય. ઉપર લખેલી બધી ક્રિયાઓ કેમ થાય તે એક વાર બાળક જ્યારે સ્વસ્થ અને વિષયાભિમુખ હોય ત્યારે

તેને શિક્ષક
છે એમ સ્પષ્ટ રીતે દેખાડવું, સમજ તે
કરી બતાવવી. ફ્રેમને ઉપાડવી એ એક ક્રિયા; ટીગર
બીજી ક્રિયા; ફ્રેમ દબાવવી એ ત્રીજી ક્રિયા, પેન્સિલ પકડવી એ ચોથી ક્રિ
એમ બધી ક્રિયાઓ જુદી જુદી ગણવી. આકૃતિમાં દોરવાના લીટા આકૃતિને
બહાર ન જાય તેમજ સમાન્તર અને પાસે પાસે દોરાય તે બાબત તરફ
આકૃતિ ભરી બતાવતી વખતે બાળકનું ધ્યાન ખેંચવું. જો બાળક આ
શ્રેણીએ પહોંચેલું હશે તો તેને આ ક્રિયામાં ખૂબ મજા પડશે. શરૂઆતમાં
બાળકને હાથે દોરાતા લીટા આકૃતિની મર્યાદામહાર જાય છે, પણ ધીમે
ધીરે તે આકૃતિની મર્યાદા બહાર ચોકાને ઓછા જવા લાગે છે,
લાંબે વખતે આખરે આકૃતિની બહાર જતા બંધ થાય છે વળી શરૂઆતમાં
લીટા ટૂંકા અને આડાઅવળા પણ હોય છે. આસ્તે આસ્તે ટૂંકા
આડા લીટાને બદલે લાંબા અને સમાન્તર લીટા બનતા જાય છે. એમ
કરતા લાંબે વખતે કેવળ સરખા અને સમાન્તર લીટાથી આકૃતિ
છેડાથી બીજા છેડા સુધી ભરી દેવાની શક્તિ બાળકમાં આવી જાય
શક્તિ બાળકમાં આવી ગએલી જોવામાં આવે ત્યારે સમજવાનું કે બાળક
કામ સારો કહીએ એવો વધ્યો છે. આ વખતે જુદી જુદી જાતની આકૃતિ
દોરેલી ચોપડીઓ બાળક પાસે રંગથી ભરી દેવા મૂકવી. આથી બાળકમાં
એક તરફથી ક્રમાનુસાર દિશાઓમાં લીટાઓ દોરવાનો કાબુ આવશે.
રંગની બિછાવટ કરવાનો શોખ વધારે વિકસશે અને બાળક ચિત્રકામ
તરફ વધારે ને વધારે જતું જશે. જ્યારે બાળક કોઈ પણ આકૃતિને સહે-
લાઈથી સમાન્તર અને પાસે પાસે દોરેલા લીટાથી ભરી શકે છે એમ
જોવામાં આવે ત્યારે સમજવું કે બાળકને હવે લખવાનો વખત થયો
છે. એ કાર્ય માટે તેના સ્નાયુઓ તૈયાર થઈ ગયા છે. આ
તૈયારી સાથેજ બીજી શ્રેણીના કાર્યની તૈયારી પરિપક્વ થતા બાળક
એકાએક લખવા મંડી પડે છે. લખવાનું કામ શરૂ કર્યા પછી પણ લાંબા
વખત સુધી બાળકો આકૃતિઓના લીટા પુરવાનું કાર્ય કર્યા જ કરે છે, અને
જેમ જેમ વધારે તેઓ આ કામ કરતા જાય છે અને સાથે સાથે અક્ષરો
ઉપર હાથ ફેરવતા જાય છે તેમ તેમ કાબુ વધતો જાય છે, અને પરિણામે
તેઓ અક્ષરો સારા અને સરળતાથી કાઢી શકે છે.

બીજી શ્રેણી—જે વખતે બાળક લીટાથી આકૃતિઓ પુરવાનું કાર્ય
શરૂ કરે છે તે વખતથીજ લગભગ તો અક્ષર લખવાની શરૂઆત કરે છે.

અક્ષરોવાળાં પુંઠા. આ પુંઠાં કાઈબોર્ડનાં બનાવવાં. પુંઠાનું કદ ભૂમિતિની આકૃતિઓની ફ્રેમ જેવડું રાખવું. પુંઠા ઉપર ધોળો કાગળ ચોડવો અને તે ઉપર રેતીયા કાગળમાંથી કાપી કાઢેલા મૂળાક્ષરો ચોડવા. રેતીયો કાગળ ૦ નંબરનો અથવા તેવો ન મળે તો ૧ નંબરનો લેવો. અતિશય ખડબચડા રેતીઆ કાગળના અક્ષરો ઉપર હાથ ફેરવવાનું બાળકોને પસંદ પડતું નથી, અને તેથી ઘુંટવાની ક્રિયામાં મંદતા આવે છે. રેતીયા કાગળનો રંગ કાળો જોઈએ. કાળા અક્ષર અને ધોળી સપાટી એ સિવાય બીજું કશું આકર્ષક આ પુંઠા ઉપર દેખાવું ન જોઈએ. વ્યંજન અક્ષરોમાં ઙ, ઞ, ક્ષ, જ્ઞ, અને સ્વર અક્ષરોમા ઍ, ઍ:, ૠ, ૠ, ઌ, ૡ, શરૂઆતમાં શીખવવાની જરૂર નથી તેથી તે બનાવવાની પણ જરૂર નથી

અક્ષરો શીખવવાની રીત.

જ્યારે બાળકની પાસે અક્ષરજ્ઞાનની શરુઆત કરાવવી હોય ત્યારે (એટલે કે જ્યારે બાળક અક્ષરજ્ઞાન લેવાને યોગ્ય થાય ત્યારે) બાળકને પ્રેમથી શિક્ષકે પોતાની પાસે લેવું અને તેની પાસે હાથ ધોવરાવવા. હાથ ધોવા માટે એક બાલ્દીમાં સહેજ ગરમ પાણી રાખવું. હાથ ઘસીને ધોવરાવવા અને પછી જાડા ટુવાલથી લોહવરાવવા. પછી બાળકને ખુરશી ઉપર અથવા આસન ઉપર બેસારવું. પછી મૂળાક્ષરોમાંથી કોઈ બે અક્ષરો શિક્ષકે પસંદ કરી પોતાના હાથમા લેવા. એ બે અક્ષરમાંથી એક અક્ષર શિક્ષકે બાળકને બતાવવો; તેનું નામ બાળકને સંભળાવવું અને તે બાળક પાસે ઘુંટાવવો. બાળકને અક્ષર ઘુંટતા ન આવડે તો શિક્ષકે પોતે ઘુંટી બતાવવો. ઘુંટવાનું કામ ઘણુંજ ધીરેથી અને અક્ષરના દરેક ભાગ ઉપર આંગળી ફેરવીને કરવું. જરૂર પડે તો શિક્ષકે બાળકની આંગળીઓ પકડી અક્ષર ઉપર ફેરવવી. તર્જની અને મધ્યમા બન્ને આંગળીઓ એક સાથે ઘુંટવાના કામમા લેવી. નખ અડાડીને કે આંગળીઓના ટેરવા સિવાયના બીજા ભાગોથી બાળક ઘુંટે નહિ તે ખાસ જોવું. બાળકની આંગળીઓ બરાબર અક્ષરના આકાર ઉપરજ ફરે તે માટે ખાસ કાળજી લેવી. બાળકને અક્ષર આપ્યા પછી તે તેને બાળક જ્યાંસુધી ઘુંટે ત્યાસુધી ઘુંટવા દેવું, અને દરેક ઘુંટવાની ક્રિયા વખતે બાળક અક્ષરનુ નામ બોલે તેમ તેને કહેવું. આ

રીતે બાળક જ્યારે એક અક્ષર ઘુંટી રહે, [illegible] બતાવવો, તેનું નામ સંભળાવવું. બાળકના હાથમાં તે મૂકવો, તે ઘુંટે ત્યાં સુધી ઘુંટવા દેવો, અને ઘુંટતી વખતે તે અક્ષરનું નામ બાળક બોલે એમ તેને કહેવું. આવી રીતે બન્ને અક્ષરો વારા ફરતી ઘુંટાઈ રહ્યા પછી બન્ને અક્ષરો શિક્ષકે પોતાના હાથમાં રાખીને અથવા ટેબલ ઉપર કે બેંચ ઉપર મૂકીને શિક્ષકે બાળકને કહેવું મને આ અક્ષર આપો, મને આ અક્ષર આપો. જો બાળક અક્ષર જોઈને અક્ષર પારખી ન આપે તો શિક્ષકે બાળકને અક્ષર ઉપર હાથ ફેરવીને અક્ષર પારખવા કહેવું. આમ છતા બાળક અક્ષર ન ઓળખી શકે તો તે દિવસે અક્ષર શીખવવાનું કામ બંધ કરવું અને પોતાને નથી આવડતું એવી ખબર બાળકને ન પડે એમ બાળકને બીજે કામે ચડાવી દેવું. અક્ષર શીખવા તરફ બાળકની જરાએ અનિચ્છા જણાય તો તેને અક્ષર શીખવવાનો આગ્રહ રાખવોજ નહિ.

જો બાળક અક્ષરો બરાબર પારખી આપે તો થોડીક વખત સુધી અક્ષરોને ટેબલ પર જેમને તેમ રહેવા દઈ આ કયો અક્ષર, આ કયો અક્ષર એમ, અથવા આ ‘ચ’, આ ‘ચ’, એમ અક્ષરોના નામ માટે પૂછવું. આ રીતે મૂળાક્ષરના બધા અક્ષરો શીખવી શકાય.

અક્ષરો કયા ક્રમમાં શીખવવા તે શિક્ષકના વિચાર ઉપર આધાર રાખે છે. અક્ષરનો શાસ્ત્રીય ક્રમ અનુસરવાની કંઈ જરૂર નથીજ.

બાળક જો તોતડું હોય તો તેને અક્ષર શીખવવાની ઉતાવળ કરવી નહિ, શરીરશાસ્ત્રને આધારે તે ખામી દૂર કરવા દાક્તરી પ્રયત્નો કરવા અને તેવી સ્થિતિમાં અક્ષરશિક્ષણમાં અક્ષરોનો કયો ક્રમ લેવો તેમાં ખૂબ વિવેક વાપરવો. તોતડાપણું સુધારવાનો સારામાં સારો ઉપાય એ છે કે બાળકને બોલાતા શુદ્ધ ઉચ્ચારણવાળા વાતાવરણમાં મૂકવું અને અક્ષરોનો શુદ્ધ ઉચ્ચાર વારંવાર બાળકો પાસે કરાવવો.

તૃતીય શ્રેણી.

આ શ્રેણીના કાર્ય માટે નીચે લખેલા સાધનોની તૈયારી રાખવી.

૧. ચલ અક્ષરોની પેટી. આ પેટીમાં વ્યંજનો અને સ્વરો તથા સ્વર-ચિહ્નો આવી જવાં જોઈએ. આ અક્ષરોમાં સ્વરો અને વ્યંજનો રાતા અને સ્વરચિન્હો ભુરા રંગના જોઈએ. દરેક અક્ષરની એકથી વધારે નકલો જોઈએ. બની શકે તો આ અક્ષરો ઘુંટવાના અક્ષર જેવાજ કરવા.

બાળકને [illegible] આવડે એટલે તરતજ જ્યે એ અક્ષરોમાથી
ાળા શબ્દો બની શકતા હોય તો જેટલા અક્ષરો બાળકને આવડયા
તેટલા અક્ષરની પેટીમા મૂકવા; અને પછી; બાળક પાસે તેમાથી શબ્દો
ાવવા.

શબ્દો ગોઠવવાની રીત.

બાળક સમજે તેવા અર્થવાળો શબ્દ શિક્ષકે પસંદ કરવો.
પછી બાળકને કહેવું કે હવે હું બોલુ છુ તે પ્રમાણે આ પેટીના અક્ષરોમાથી લખો.

પછી તે શબ્દ સ્પષ્ટ રીતે બોલવો.

તે શબ્દના અક્ષરો છૂટા પાડીને એકેક અક્ષરને વારંવાર લાબો વખત બોલવો. દાખલા તરીકે શિક્ષકે પગ શબ્દ પસંદ કર્યો આ શબ્દનો અર્થ બાળક સમજી શકે તેમ છે. શિક્ષકે 'પગ' એમ સ્પષ્ટ બોલવું 'પ–પ–પ... ગ–ગ–ગ...' એમ બોલવું. આથી પહેલો બોલવાનો અક્ષર બાળક પેટીમાથી લેશે અને ગલદાર ટેબલ ઉપર કે બોર્ડ ઉપર મૂકશે, અને પછી બીજો [illegible] મૂકશે, અને આ રીતે બે આખો શબ્દ બનશે. શરુઆતમા બાળકને અક્ષર શોધવાની ઘણી મહેનત પડશે, પણ આસ્તે આસ્તે એ કામ બાળકને સહેલુ થઈ પડશે.

૫. આમ અક્ષર ગોઠવાયા પછી બાળક પાસે એ શબ્દનું વાચન કરાવવુ આ કાર્ય શરૂઆતમા બાળક માટે સહેલુ નથી આ વખતે બનાવેલા શબ્દને વાચવા બાળકને જરા આગ્રહ કરવો, અને બાળક સાથે સ્પષ્ટ ઉચ્ચાર સાથે બે ત્રણવાર શબ્દ વાચવો. શરુઆતમા બાળક બહુજ ધીમે ધીમે વાચશે; વારંવાર વાચવાથી ગતિ વધતા બાળક ઉતાવળથી વાચશે અને પરિણામે બાળકને શબ્દનો અર્થ આપોઆપ સમજાઈ જશે, અને એ રીતે શબ્દવાચનનું રહસ્ય બાળકની સમજણમા આવી જશે.

ગોઠવવા માટે જે શબ્દ પસંદ કરવામા આવે તે શબ્દના અક્ષરો બાળક જાણે છે તેની ખાત્રી શિક્ષકે કરી લેવી.

લેખન.

બાળક અક્ષર પાટીઆ–પાટી અથવા કાગળ ઉપર લખે તે પહેલા તેનાગા નિર્વિઘ્ન નિકાલ થવો જોઈએ.

નિયમ ૭૭ (અ) જે સરકારી નોકરને [illegible] થતા આ મુખ્યો નિયમો લાગુ પડે છે તેના રજા-ખાતામા ડયુટી-નોકરીની મુદ્દતનો $\frac{2}{3}$ ભાગ જમે કરવામા આવશે.

(બ) જે સરકારી નોકર હાયમા સરકારી નોકરીમાં હોય અને જેને આ નિયમો લાગુ પડે તેના રજાખાતામા,

(૧) જે તારીખે તેને આ નિયમો લાગુ પડે તે તારીખે જેટલી પ્રીવીલેજ-હકની રજા-જુના નિયમો પ્રમાણે તેને મળી શકે તેટલી રજા;

વત્તા.

(૨) તે તારીખ પહેલા જેટલી નોકરી-ડયુટીની મુદ્દત કે હકની રજાની મુદ્દત હોય તેનો $\frac{2}{3}$ ભાગ;

વત્તા.

(૩) તે તારીખ પછીની નોકરી-ડયુટીની નોકરીનો $\frac{2}{3}$ ભાગ કરવામા આવશે.

(ક) જે તારીખે આ નિયમો અમલમા આવે તે તારીખે જે સરકારી નોકરને ૧૯૨૦ ના જાન્યુઆરિમા જે નિયમો હતા તે લાગુ પડતા હતા તે સરકારી નોકરના રજાખાતામા અગાઉના નિયમોમા લીધેલી ડાક્તરી સર્ટીફિકેટ ઉપરની રજાનો એકતૃતીયાંશ ભાગ જમે કરવામા આવશે.

નિયમ ૭૮ સરકારી નોકરના રજા ખાતામા નીચે પ્રમાણે રજાની મુદ્દત ઉધારવામા આવે છે:—

(અ) સરાસરી પગારની રજાની પોતાની મુદ્દત, તથા

(બ) અર્ધા કે ચતુર્થાંશ પગારની રજાની મુદ્દતની અર્ધી મુદ્દત.

ટીપ (૧) જુના સીવીલ રજાના નિયમો પ્રમાણે લીધેલી પ્રીવીલેજ-હકની-રજા ઉપલા (અ) મા ઉધારવામા આવતી નથી.

ટીપ (૨) ઉપરના (બ) વિભાગમા કરેલા, ડાક્તરી સર્ટીફિકેટ ઉપરથી લીધેલી રજા, અને પગાર સાથેની સ્પેશિઅલ ખાસ-રજા નવા નિયમો અમલમા મૂકયા તે પહેલાના જુના નિયમો પ્રમાણે લીધેલી હોય તે ઉધારવામા આવે છે.

નિયમ ૭૯—પહેલા સામાન્ય પ્રકારના નિયમો મુજબ રજા ભોગવનારને ખાસ રજાના નિયમોનો હકદાર ગણવામા આવે ત્યારે તેને ખાતે તે પહેલા જમા કે ઉધાર થયેલી રજાના કુલ જુમલામા ફેરફાર નહિ થાય, પણ ૮૧ મા નિયમની (અ) (આઇ) મા લખ્યા મુજબ જેટલી વધુમા વધુ રજા મળી શકે તેનાથી ઓછા રજા ભોગવનારને હકદાર ગણવામા

[illegible] તેની લેણી નીકળતી રજા ગણાય છે.

રજાની મુદતના નિયમો.

નિયમ ૮૧ રજા મંજુર કરવાની સત્તા ધરાવતા અધિકારીની મુનસફી સરકારી નોકરને નીચેની હદમા રહી રજા મળી શકે છે.

(અ) જે તારીખે સરકારી નોકરને આ નિયમો લાગુ પડે તે પહેલાં જેટલી હકની રજા ચઢેલી હોય તે રજાની મુદત;

વત્તા

તે તારીખ પછીની ડયુટી-નોકરી-ની મુદતનો $\frac{1}{11}$ ભાગ;

વત્તા

ખાસ સ્વરૂપની રજાના નિયમો ભોગવનારને ત્રણ વરસ અથવા અન્ય સ્વરૂપની રજાના હકદારને અઢી વરસ;

સરાસરી પગારની રજાના ધોરણ પ્રમાણે ગણતરી કરતા, વધારેનાં રે મળી શકે.

(બ) સરાસરી પગાર ઉપરની વધારેમા વધારે કેટલી રજા મંજૂર કરી શકાય તે માટે નીચે પ્રમાણે:—

કોઇ પણ એકી વખતે ચાર મહિના, અને, બધું મળી,—

જે તારીખે આ નિયમો લાગુ પડે તે તારીખે જુના નિયમોએ જેટલી હકની-પ્રીવીલેજ-રજા ચઢેલી હોય તે;

વત્તા

તે તારીખ પછીની ડયુટી નોકરીની મુદતનો $\frac{1}{11}$ ભાગ;

વત્તા

એક વરસની રજા મળી શકેછે. પણ જે સરકારી નોકર દાક્તરી સર્ટીફિકેટ ઉપરથી રજા લે તેને એકી વખતે આઠ મહિના સરાસરી પગારની રજા મળી શકે છે.

(ક) રજા લેણી નીકળતી ન હોય તો નીચેની શરતોએ રજા આપી શકાય છે:—

(૧) દાક્તરી સર્ટિફીકેટ ઉપરથી, હદ વિનાની મુદત માટે, અને (૨) દાક્તરી સર્ટિફીકેટ ઉપરથી ન હોય ત્યારે, સરાસરી પગારની રજાના હિસાબે, કોઇ પણને ત્રણ મહિના સારી બધું મળી છ મહિના.

(ડ) દાક્તરી સર્ટિ[illegible] વધારે ચાલુ મુદત એકી વખતે ૨૮ માસ હોઈ [illegible]

(ઈ) લેણી રજા ન હોય એવી રજા ભોગવીને પાછા ફરતા સરકારી નોકરના રજા ખાતામાં નહિ લેણી થએલી છતાં ભોગવેલી રજા જેટલી મુદ્દત તે ફરી જમે મેળવી શકે નહિ ત્યાંસુધી તેની બીજી રજા લેણી થતી નથી.

નિયમ ૮૨ (બ) વેકેશન-નિયમિત વાર્ષિક રજા-ડ્યુટી-નોકરી તરીકે ગણાય છે, પણ ૭૭, ૮૧ (અ) અને ૮૧ (બ) નિયમોમાં કહેલી કુલ રજાની મુદતોમાંથી જે જે વર્ષોમાં રજા-વેકેશન-ભોગવી હોય તે દરેક વર્ષમાટે એક માસ ઓછો થાય, પણ વેકેશન રજાનો અમુક ભાગ કોઈ પણ વર્ષમાં ભોગવ્યો હોય તો તે ભોગવેલા ભાગ અને બાકી વેકેશનના ગુણોત્તર વડે એમ માનને ગુણતાં જે મુદત આવે તેટલી મુદત બાદ કરવામાં આવે છે.

(ક) ખાસ અગત્યના કારણોને લીધે, જ્યારે સરકારી નોકર રજા માગે અને એ રજા જો ચઢેલી ન હોય ત્યારે ૭૭ અને ૮૧ (અ) નિયમોમાની મુદતોમાંથી ઉપરના (બ) પ્રમાણે રજા બાદ કરતાં જે મુદતો રહે તેમાં વેકેશન-રજા ભોગવેલા દરેક બે વર્ષ માટે એકેક માસ વધારવો.

(ડ) જ્યારે સરકારી નોકર રજાના માથે લગોલગ વેકેશન-રજા જોડે ત્યારે તે વેકેશન-રજામાં ગણાશે. સગતરી પગારની રજાની મુદ્દતમાં વધુમાં વધુ મુદ્દત ગણતી વખતે વેકેશનનો સમય રજાની અમુક મુદ્દત જેવો ગણી લેવાશે.

નિયમ ૮૩ મો —(અ) આ નિયમની કલમ (૨) (ક), અને (ઘ) માં લખેલી શરતોથી નીચે મુજબના મામલા કે જોખમને લીધે અશક્ત થનાર કોઈ પણ સરકારી નોકરને સ્થાનિક સરકાર ખાસ સ્વરૂપની અશક્તિ માટેની રજા આપી શકશે—

સંજોગો —

(૧) જે મુલકી ખાતાની જગા ઉપર હોય તેને અંગે ઉપસ્થિત થનાર સામાન્ય જોખમના સબબ કરતાં વધારે જાદગી કે જોખમ ઉત્પન્ન કરે એવી ખાસ ફરજ બજાવતાં કે

(૨) પોતાના અધિકાર પ્રત્યે, અધિકારની રૂઈએ અથવા અધિકારના સ્થાનને અંગે ઉપસ્થિત થતી ફરજો પુરી બજાવવાને લીધે આવી રજા મળશે.

(૧) ખાસ કરીને બજવત જ અથવા અધિકારી તરીકેની શરીરને અશક્તપણાનું જોખમ થયું છે એ બાબતનું મેડીકલ બોર્ડનું પ્રમાણ-પત્ર જોઈશે.

(૨) જે કેસમાં બજવનાર શરીર અશક્ત બન્યું હોય અથવા જે બનાવને એનું કારણ માનવામાં આવે તેના બાર મહિનાની અંદર આ બાબતની જાણ કરી જોઈએ, અને અશક્ત થનાર પુરુષે તે બાબત બનતી ત્વરાથી ઉપરીના ધ્યાન ઉપર લાવવી. અશક્તિનું કારણ સંતોષકારક લાગશે તો ગવર્નર જનરલ ઈન કાઉન્સીલ ત્રણ મહિનાની મુદ્દતમાં વધારો કરી આપશે.

(૩) રજાની મુદ્દત મેડિકલ બોર્ડ જરૂરી ઠરાવશે તેટલીજ મળશે, એ વર્ષથી વધુ સમયની નહિ મળે. શરૂઆતમાં બેથી ઓછા વર્ષની રજા મંજુર થઈ હશે તો મેડિકલ બોર્ડના પ્રમાણ-પત્ર વિના તે ઉંચારવામાં નહિ આવે.

(૪) અશક્તિના સબબને લીધે મળતી ખાસ રજાને સરાસરી પગારથી મળતી રજા સાથે [જો લેણી હશે તો] જોડી શકાશે, એવી શરતે કે એ રજા વધુમાં વધુ ૪ માસની હોવી જોઈએ, વળી એ રજા સરાસરી અર્ધા પગારથી મળતી લેણી પડતી રજા સાથે જોડી શકાશે, પણ ડાક્તરી બોર્ડનું-પ્રમાણ પત્ર રજુ કરવું પડશે.

(ક) કોઈ પણ લશ્કરી સૈન્ય સાથે જોડાએલી નોકરી બજાવતા સરકારી નોકરને આવી અશક્તિ પ્રાપ્ત થાય તો લશ્કરની વધુ નોકરી માટે નાલાયક ગણાઈ છુટો થતા આ નિયમના (૨) ભાગમાં દર્શાવેલી શરતોથી ખાસ અશક્તિની રજા મળી શકશે. પરંતુ

(૧) બીજી મુલકી ખાતાની (સીવીલ) નોકરી માટે તદ્દન કે કાયમનો બાતલ ન ગણાય અને

(૨) લશ્કરી નોકરીના નિયમો મુજબ અપંગપણાને લીધે ડાક્તરી સર્ટિફીકેટથી મળતી રજાનો સમય આ કારણથી મેળવી શકાતી બે વર્ષ સુધીની રજાના ભાગ તરીકે ગણાય તોજ (ક)માં લખ્યા મુજબ હકદાર થશે

(૩) લશ્કરી નોકરીને બદલે બીજી નોકરી કરતા આવું અપંગપણું, સરકારી નોકરને પ્રાપ્ત થાય તો આ અશક્તિને લીધે મળતી ખાસ રજા ન આપવી, પણ સ્થાનિક સરકારના મત મુજબ માફગી કે ઈજાનું સ્વરૂપ

(૧) લખવાના સાધનને, અને ઇચ્છાનુસાર તેને ચલાવવાની શક્તિને (control of the hand)

(૨) અક્ષરોનો મરોડ ઉપજાવવાની સ્નાયુઓની શક્તિનો વિકાસ (muscular training.)

(૩) જોએલ અને સાંભળેલ વસ્તુનું એકીકરણ (association)

બાળક ખરેખર લખવા માંડે તે પહેલા બાળક આકૃતિઓમાં લીટા કાઢવાના કામમાં આગળ વધેલું હોય છે, બધ આખે અક્ષરો ઉપર હાથ ફેરવીને અક્ષર ઓળખી શકે છે, અક્ષરો હવામા લખી શકે છે, અને ચલ મુળાક્ષરોથી શબ્દો બનાવી શકે છે. સાધારણ રીતે બાળક જ્યારે આ ચારે ક્રિયાઓ એકીસાથે કરતુ હોય છે ત્યારે તે સહેજે લખતું થઈ જાય છે. ઘણી વાર એવુ બને છે કે બાળક બીજા બાળકોને લખતા જોઈને તેને જે એક અક્ષરો આવડે છે કે તરતજ તે લખવા માંડે છે. એક તરફથી તે કાઢે છે, બીજી તરફથી અધુરા અક્ષરો શીખે છે, ત્રીજી તરફથી અક્ષરો સુ કરવા જુના અક્ષરો વારવાર ઘુંટે છે, ચોથી તરફથી શબ્દો ગોઠવે છે, પાંચ તરફથી લખેલુ અથવા છાપેલુ વાચે છે અને છઠ્ઠી તરફથી અક્ષરો અને શબ્દો લખે છે

સામાન્ય રીતે બાળક લેખનને માટે ત્યારેજ તૈયાર થયું જણાય કે જ્યારે તે (૧) ભૂમિતિની આકૃતિઓમા સમાન્તર અને નજીક નજીક લીટીઓ કાઢે છે. (૨) આખો અક્ષર કરીને અક્ષરો ઓળખી કાઢે છે. (૩) જ્યારે તેવાગા શબ્દો બનાવવા માટે ચોકસાઈ અને તત્પરતા આવે છે. આટલું સિદ્ધ થયા છતા જો બાળક લખવા પ્રેરાય નહિ, તોજ શિક્ષકે તેને લખવા માટે ઉત્તેજીત કરવું. બેશક, શિક્ષકે આ બાબતમા જરા પણ ઉતાવળા થવાનું નથી.

જ્યારે બાળક લખવાનું શરૂ કરે ત્યારે શિક્ષકે નીચે લખેલી બાબતો તરફ ખાસ કાળજી રાખવી.

(૧) પાટી અથવા પાટીઆને આકરા રાખવા, કે જેથી અક્ષરો નાના મોટા થાય નહિ પણ સરખા કદના અને સુન્દર થાય.

(૨) જેના અક્ષર સારા ન હોય તેને વારંવાર અક્ષરો ઘુંટવા તરફ લક્ષ આપવું. અક્ષરો વારવાર લખવાથી સુધરી શકતા નથી, પણ અક્ષર લેખનની તૈયારી રૂપે જે કરવાનું છે તેનું પુનરાવર્તન કરવાથી સુધરી શકે છે.

બારાખડી શીખવાની રીત.

થોડા ઘણા અક્ષરો શીખ્યા પછી શબ્દો ઉપર જવાય અને બની શકે તો વાક્યો ઉપર જવાય; તેમજ યોગાક્ષર ચલાવે આવડ્યા પછી બારાખડી શીખવી શકાય, એટલુંજ નહિ પણ બારાખડી જેમ બને તેમ વહેલી શીખવી દેવાની જરૂર છે, કે જેથી બાળકનું લેખન અને વાચન વહેલું અને રસમય થાય. બારાખડી શીખવવાના સાધન.

બારાખડી શીખવવા માટે કાનો (ા) ઇ (િ) ઈ (ી) ઉ (ુ) ઊ (ૂ) વર્તુળ (ૃ) એ (ે) ના (ૅ) બેમાત્રા (ૈ) કાનો માત્રા (ૉ), બેમાત્રા કાનો (ૉ) ને ભુરા અથવા કાળિ રેતીના કાગળમાંથી કઢવા અને તેમને કાઈબોર્ડના ધોળી સપાટીવાળા પુઠા પર ચોડવા પુઠાઓ ઉપર ચોડેલી સ્વરમાત્રાઓને સ્પર્શ ન કરેવા, પણ સ્વરમાત્રાઓ કહેવી. તેમને કાનો ઉસ્વ, દીર્ઘ એ નામથી ઓળખવા નહિ પણ આ, ઇ, ઈ નામથી ઓળખવા જોઈએ. ને માત્રા ન કહેતાં પણ આ કહેવો જ્યારે અક્ષરનું જ્ઞાન આપવું હોય ત્યારે મનમાં સાથે આવી સ્વરમાત્રાઓનું જ્ઞાન પણ બાળકને આપી દેવું એજ આ સ્વરની સજા. પેલી અને બીજી ઈ સ્વરની સજા પેલી પછી બન્ને પુઠામાંથી એક પુઠા પરની સજા બાળકના હાથમાં મૂકી તે પર હાથ ફેરવવાનું કહી તેનું નામ 'આ' એમ કહેવું. પછી બીજી સજા લુટાવી તેનું નામ ઇ એમ કહેવું પછી આ લાવો, 'ઇ' લાવો એમ કહેવું, અને છેવટે આનું નામ શું, આનું નામ શું એમ પૂછવું, આ રીતે બધી સ્વરમાત્રાઓ શીખી શકાય

હવે જે બાળકને સ્વરમાત્રા આવડતી હોય તે બાળકને એકાન્તમાં બોલાવી નીચેની રીતે બારાખડી શીખવવી

બે સ્વરમાત્રાઓ લેવી બાળકની પાસે તેનું નામ દેવરાવવું બાળક અગાઉથી તેનું નામ ન જાણતું હોય તે પ્રથમ બે સ્વરમાત્રા ઉપરની રીતે શીખવી દેવી પછી એક સ્વરમાત્રા વ્યંજન પાસે મૂકી પ્રથમ વ્યંજનનો ઉચ્ચાર કરવો ને પછી સ્વરમાત્રાનો ઉચ્ચાર કરવો પ્રથમ આ ઉચ્ચારો જુદા જુદા અને સ્પષ્ટ કરવા પણ પછી તરત બન્ને ઉચ્ચારોને જોડી દેવા અને બન્ને ઉચ્ચારમાંથી એકજ ઉચ્ચાર કરી નાખવો બાળક સહેલાઈથી આ ક્રિયાને અનુસરી શકશે દાખલા તરીકે સ્વરમાત્રા લીધા પછી વ્યંજન લીધો પછી કા પાસે મૂકી ક—ક ક ક આ—આ આ—એમ બોલવું.

બાળક બન્નેના નામને [illegible] પછી બન્ને ઉચ્ચારને જોડી દઈ 'કા' એમ બોલવું. [illegible] કે એ ગોઠવણ કરવાથી આનો ઉચ્ચાર થઈ શકે છે. આવી રીતે બીજા વ્યંજનો પાસે ઉક્ત સ્વરમાત્રા મૂકી તેના ઉચ્ચાર કરાવવા પછી બીજી સરસંજ્ઞા લેવી, અને તેનું ઉપર પ્રમાણે કરવું. આમ કરતા કરતા બાળકને બારાખડીનું ભાન થશે. બાળકને જ્યારે સ્વર પૂર્વે મૂકેલ વ્યંજન સાથે લઈને ઉચ્ચાર કરતા આવડી જાય ત્યારે બાળકને કા બનાવો. આ બનાવો એમ કહેવું. બાળક તેમ કરતા અટકે તો ક, ક, ક, કા બનાવો એમ બોલવું. આમ બાળક તરત સમજી જશે કે પ્રથમ ક લેવો અને તેની પાને આ (સ્વર સંજ્ઞાનો) મૂકવો.

ફન્ડામેન્ટલ લીવ રૂલ્સ.

રજાના મુખ્ય (નવા) નિયમો.

ફિનેન્સ ડિપાર્ટમેન્ટ,

સેક્રેટરિએટ, બજગા, મુબઇ, તા. ૨૬-૧૧-૨૧.

નંબર ૧૩:- હિંદુસ્તાન સરકારના ફિનેન્સ ડિપાર્ટમેન્ટનો નીચેનો ઠરાવ પ્રસિદ્ધ કરવામાં આવે છે:—

નીચેના નિયમો હિંદુસ્તાન સરકારના તા. ૨૬—૧૧—૨૧ ના નંબર ૧૦૭૬-એ. એસ. આર અથે પ્રસિદ્ધ થયા છે.

ગવર્નમેન્ટ ઓફ ઇંડિયા, ફિનેન્સ ડિપાર્ટમેન્ટ.

મુખ્ય નિયમો—ફન્ડામેન્ટલ રૂલ્સ.*

ગવર્નમેન્ટ ઓફ ઇંડિયા ઍક્ટના ૧૯૧૯ ના અંડની સત્તાની રૂઈએ સેક્રેટરિ ઓફ સ્ટેટ ઇન કાઉન્સિલે બનાવેલા

નિયમ ૧. આ નિયમો ફન્ડામેન્ટલ-મુખ્ય નિયમો-કહેવાય છે. તે તા ૧-૧-૨૨ થી અમલમાં આવ્યા છે.

નિયમ ૧૧ અન્ય રીતે ચોક્કસ શરત કરવામાં ન આવી હોય તો સરકારી નોકરનો બધો વખત જે સરકાર તેને પગાર આપે તેની મુનસફીએ છે, અને યોગ્ય અધિકારીના હુકમથી, વધારે પગારના કોઈ પણ પ્રકારના હક વિના, ગમે તેવી રીતે તેની નોકરી કામમાં લઈ શકાય; પછી તેની નોકરીનો

---

* આ આજ્ઞાંતરમાં બીજા નિયમો ન આપતા પ્રાથમિક શાળાઓના શિક્ષકોને લાગુ પડતા નિયમો દાખલ આપ્યા છે

[illegible] હોય.

નિયમ ૧૫ સરકારી નોકરને, તેની નોકરીના વર્ગમાં જે પગાર તેને મળી શકતો હોય તે પગાર કરતા ઓછા પગાર ઉપર, અસંતોષકારક કામ અથવા ગેરવર્તણુકના સબબ સિવાય, કાયમને માટે બદલી શકાશે નહિ.

નિયમ ૨૫ મુદ્દત પ્રમાણે નક્કી કરેલા પગાર-ટાઇમ સ્કેલ-ના ધોરણમાં જ્યાં 'એફિસિઅન્સી બાર'-સંતોષકારક કામની હદ-મૂકી હોય ત્યાં એ હદની ઉપરનો વધારો, એ વધારા અટકાવવાની જેને સત્તા હોય તેવા અધિકારીની ખાસ મંજુરી વિના, કોઈ પણ સરકારી નોકરને મળી શકશે નહીં.

નિયમ ૨૬ મુદ્દત પ્રમાણેના પગાર-ટાઇમ સ્કેલ-મા વધારો મળવા માટે નોકરીની જે શરતો જોઇએ તે નીચે પ્રમાણે છેઃ—

(અ) જે જગામાં મુદ્દત પ્રમાણનો પગાર લાગુ પડતો હોય તે જગ્યા ઉપરની નોકરી (ડયુટી) તે પગારના વધારા માટે ગણાય છે.

(બ) બીજી જગામાંની અવેજી નોકરી, હંગામી જગાની નોકરી, અને ખાત પગાર સિવાયની રજા, જે જગા ઉપર સરકારી નોકરનો હક હોય તે જગાને લાગુ પડતા મુદ્દત પ્રમાણના પગારના ધોરણમાં વધારો મેળવવા માટે ગણાય છે.

નિયમ ૫૬ કોઈ પણ સરકારી નોકર, મુલ્કી નોકરીમાં કાયમની જગા ઉપર નીમણુંક ધરાવતો હોય અથવા એવી જગા ઉપર હક ધરાવતો હોય તો તે નીચેના નિયમો પ્રમાણે રજા મેળવી શકે છે.

નિયમ ૬૦ રજાનો હક નોકરી-ડયુટી-વડે પ્રાપ્ત થઈ શકે છે.

નિયમ ૬૭ હક તરીકે રજા (કોઇ પણ સરકારી નોકર) માગી શકાશે નહિ. જાહેર નોકરીના કારણોને લક્ષમાં લઇને જો જરૂર લાગે તો જે અધિકારીને રજા આપવાની સત્તા છે, તે અધિકારીને રજા આપવાની ના કહેવાની અથવા આપેલી રજા રદ કરવાની સત્તા છે.

નિયમ ૭૩ રજા પુરી થયા બાદ જો સરકારી નોકર ગેરહાજર રહે તો એવી ગેરહાજરીના વખત માટે પગાર મળે નહિ, અને એટલો વખત, જાણે અર્ધા પગારે રજા લીધી હોય તેમ ગણી, એના રજાના હિસાબના ખાતામા ઉધારમાં આવશે, સિવાય કે સ્થાનિક સરકાર એવી રજા વધારી આપે. તો તેમ નહિ થાય. રજા પુરી થયા પછી જાણીજોઇને નોકરીમાંથી ગેરહાજર રહે તો એવી ગેરહાજરીને ૧૫ મા નિયમ માટે ગેરવર્તણુંક તરીકે ગણવામાં આવશે.

નિયમ ૭૬ સરાસરી પગારની રજાના ધોરણમા દરેક સરકારી નોકરને માટે રજા-ખાતુ રાખવામા આવશે.

અપવાદવાળું હોય, અથવા તે થવાના કારણોસર [illegible] અસાધારણ સરળતા આપવા માટે વાજબી હોય તો જ તે રજા મળશે.

(૬) આ નિયમની (અ) કલમમાં લખ્યા મુજબ પ્રાપ્ત થએલું અપંગપણું આગળ જતાં એવાજ સંજોગોમાં વધી પડે કે તે ફરી પ્રાપ્ત થાય તો આવી અશક્તિની રજા મળી શકશે, પણ કોઇ એક સ્વરૂપની અશક્તિને લીધે બે વર્ષથી વધુ રજા નહિ મળે.

(૬) રજાના ખાતામાં આ રજાનો સમય ઉધારાશે નહિ; પેન્શન માટે ગણાતી નોકરીમાં તે ડયુટીનો સમય ગણાશે.

(૭) આ રજાનો પગાર અર્ધો સરામરી પગાર મનાશે. નિયમો ૮૯ તથા ૯૦ મા દર્શાવેલા ઓછામાં ઓછા અને વધારેમાં વધારે આ મુજબ મળી શકશે.

(૮૪) સેક્રેટરિ ઓવ સ્ટેટ ફ્રોમ ઇન્ડિયા સામાન્ય ઠરાવથી નહી તે શરતે વિજ્ઞાન, કળા, એવા પ્રશ્નોના અભ્યાસ માટે અથવા આ કેળવણીનો ખાસ અભ્યાસક્રમ શીખવા જવા માટે સરકારી નોકરને રજા મળી શકશે. રજાના ખાતામાં આવી રજા નહિ ઉધરે.

નિયમ ૮૫ ખાસ સંજોગોમાં અને જગારે કોઈ પણ જાતની બીજી રજા લેણી થતી ન હોય ત્યારે એક્સ્ટ્રાઓર્ડિનરિ (અસાધારણ) કપાત પગારની રજા આપવામાં આવે છે. આ રજા રજાખાતામાં ઉધારાતી નથી. એ રજાનો પગાર મળી શકતો નથી.

(૬) જે અમલદારને રજા મંજુર કરવાની સત્તા છે તે કોઇ પણ મળી શકતી રજા સાથે કે અનુસંધાનમાં કપાત પગારે રજા આપી શકશે. જરૂર રજાની ગેરહાજરીનો અગાઉનો સમય આમા ઉમેરી બધીને કપાત પગારની રજા પણ ગણી શકે.

નિયમ ૮૬ જે તારીખે સરકારી નોકરે નોકરીમાંથી વાનપ્રસ્થ થવાનું હોય તે તારીખથી છ મહીનાથી વધારે સમય માટે કોઈ પણ સરકારી નોકરને મહેરબાની રજા લખાવી શકાશે નહિ જો તે તારીખ પછી સરકારી નોકરને નોકરીમાં રાખવામાં આવશે તો જે તારીખે પોતાની નોકરીની ફરજ માંથી ફારગ થનાર હોય તે દિવસથી છ માસ કરતાં વધુ મુદ્દતની રજા નહિ મળે.

રજાનો પગાર.

નિયમ ૮૭–૮૨ અને ૮૮ મા રજાના નિયમોની હદમાં રહી સરકારી નોકરને રજા દરમિઆન નીચે પ્રમાણે પગાર મળશે:—

([illegible] લણ્યા હોય તો, સરાસરી પગાર, અથવા અર્ધો પગાર, અથવા તે પસંદ કરે તેમ સરાસરી પગાર થોડી મુદત અને અર્ધો સરાસરી પગાર બાકીની મુદત માટે; અને

(ખ) જો રજા ચઢેલી ન હોય તો, અર્ધો સરાસરી પગાર.

ટીપ. જ્યારે નોન—ગેઝેટેડ (જેની સરકાર પોતે નિમણુંક ન કરે એવો) સરકારી નોકર રજા લે ત્યારે, જો

(૧) તેનો પગાર ૩૦૦ રૂપીઆથી ઓછો હોય, અથવા

(૨) એક માસથી વધારે રજા ન લીધી હોય, તો તે રજા લે ત્યારે તેનો જે પગાર હોય તે તેના સરાસરી પગાર તરીકે આ નિયમને લેવામાં આવે છે

માળવાના રાજાઓનો ઇતિહાસ.

લેખકઃ—મિ. એમ. આઇ. ફારૂકી. બી. એ. કે. મા૦ ઉર્દુ ટ્રે૦ ક્લાસ, અમદાવાદ.

અનુસંધાનઃ—ગત પૃ૦ ૨૦૧ થી.

મહંમદ તઘલખના સંબંધમાં જેટલી હકીકત મળી આવે છે તેટલી બીજા કોઇ પાદશાહની મળી આવતી નથી. તેનું કારણ એ છે કે તે પોતે વિદ્વાન હતો અને તેના સમકાલીન વિદ્વાનોએ તેના ઇતિહાસ લખ્યા છે. તેમાં પણ ઝીઆઉદ્દીન બરની તો તેનો ખાસ મિત્ર હતો. તેણે તેના ઇતિહાસમાં તેના ગુણ અવગુણ બન્નેનું વર્ણન કર્યું છે. તેમાં તેણે તેના ઇતિહાસમાં કોઇ પણ બનાવની સાલ લખી નથી. જેથી મહંમદ તઘલખની સાલવારીનો પુરાવો મળી શકતો નથી. ફિરસ્તા અને બદાયુનીએ મહંમદ તઘલખ ગાદીએ આવ્યો તેની સાલ હી. સ. ૭૨૫ લખી છે, પણ બીજા કેટલાક પુરાવા ધ્યાનમાં લેતાં એ સાલ ખોટી ઠરે છે. બીજા કેટલાક બહારના પુરાવા ધ્યાનમાં લેતાં જણાય છે કે મહંમદ હી. સ. ૭૩૭ પહેલાં સ્વતંત્ર થઈ ચુક્યો હતો.

(૧) મહંમદ તઘલખની પાદશાહતના સમયના કેટલાક સિક્કા મળી આવ્યા છે; તેમાં હી-સ-૭૩૭ લખેલી છે. આ પરથી સિદ્ધ થાય છે કે મહંમદ તઘલખ હી. સ. ૭૩૭ પહેલાં સ્વતંત્ર થયો હતો.

સાવ બંડ કર્યુ તથા [illegible]

(૩) ફરિસ્તા લખે છે કે જ્યારે સુલતાન મહમદ [illegible] આવ્યો ત્યારે હિંદુસ્તાનમાં ભયંકર દુકાળ હતો. આ કારણે બાદશાહ શહેરમા ન જતાં ગંગા કિનારે એક કેમ્પ નાખીને રહ્યો હતો. આ કેમ્પનું નામ સરગદ્વારી પાડ્યુ હતું.

ઝિયાઉદ્દીન લખે છે કે બાદશાહે સરગદ્વારીથી આવીને પોતાને બદલે ખલીફાના નામના સિક્કા પાડ્યા હતા.

આ બધાં કારણો તપાસતા જણાય છે કે સૈયદ હસનનું સ્વતંત્ર થવું બાદશાહનું માબર તરફ રવાના થવું, અને ત્યાંથી પાછા ફરવું વગેરે બનાવો ઈ. સ. ૭૩૮ પહેલાના છે.

સૈયદ હસનના સ્વતંત્ર થયા બાદ માબરની આ મુસલમાની પા હતના સંબંધમા હિંદુસ્તાનના કોઈ પણ ઇતિહાસકારે કશુંજ લખ્યું કદાચ પરદેશી મુસાફર ઇબ્ને બતુતાએ આ સમયનો ઇતિહાસ લખ્યો હોત, તેમજ અર્વાચીન કાળના શોધકોએ સિક્કા વગેરેની ખોળ કરી ભાગના સબંધમા તજવીજ કરી ન હોત તો મંજુકુર ભાગના આ સમયનો ઇતિહાસ અધકારમાજ રહેત.

ઇબ્ને બતુતા લખેછે કે સૈયદ હસને પાચ વરસ સુધી સ્વતત્ર રીતે માબરમા રાજ્ય કર્યું છે. તેના સરદારોએ તેને કતલ કરી અલાઉદ્દીન ઓમચીને માબરનો રાજા બનાવ્યો. ગાદીપર બેઠા પછી તેણે એક હિંદુ રાજા પર ચઢાઈ કરી. આ લડાઈ ચાલતી હતી તેવામા શત્રુના હલ્લકરમાથે એક બાણ એવું આવ્યું કે તે બાદશાહને વાગતાની સાથે તેના પ્રાણ રમી ગયા. અલાઉદ્દીન પછી તેનો જમાઈ કુતબુદ્દીન ગાદીએ બેઠો. આ બાદશાહ દુરાચારી નીવડ્યો, એટલે તેને અમીરોએ મારી નાખી તેની જગાએ સિરાજુદ્દીન વામગાનીને પાદશાહ બનાવ્યો. આ માણસ મલેક હજીરુદ્દીન બિનઅણી રાજાના સનારોગા નોકર હતો. ત્યાંથી સૈયદ હસનના પુત્ર અમીર હાજીને ત્યાં નોકર રહ્યો, અને સૈયદહસનની સાથે દિલ્હીથી માબર આવ્યો હતો. તે પોતાના પરાક્રમથી રાજાની પદવી સુધી પહોચ્યો હતો. ગાદીએ બેસતી વખત તેણે પોતાનું નામ ગ્યાસુદ્દીન પાડયું, અને સૈયદ હસનની દીકરી સાથે લગ્ન કર્યું. (ઇબ્ને બતુતા પૃ. ૩૫૫-૩૫૬.)

હાલ જ્યા મૈસુરનું રાજ્ય આવેલુ છે ત્યા હોયસાલા વંશના રાજાઓનું રાજ્ય હતું. એમની રાજધાની દ્વારસમુદ્રા હતી મલેક કાફુરે

[illegible] હિંદુ લોકોએ
[illegible] અણનમ [illegible] સમયે તાનેારમા વીરમદેવ
[illegible] ૩ [illegible] રતા હતેા. તેના સંબંધમાં ઇબ્ને બતુતા લખે છે કે,
બા રાજા ઘણેા બળવાન અને પરાક્રમી હતેા. તેની પાસે એક લાખ
માણસનું લશ્કર હતું. તે ઉપરાંત ૨૦ હજાર મુસલમાન સિપાઈ પણ
હતા. આ લશ્કર ચેાર લુટારા અને નાસી ગએલા ગુલામેાનું બનેલું હતું.
(ઇબ્ને બતુતા પૃ. ૩૫૮.)

જલ્લાળદેવ ત્રીજાએ ગ્યાસુદ્દીનની ઉપર ચઢાઈ કરી. આ વખતે એ
પાદશાહનું લશ્કર ફક્ત ૬ હજારનું હતું. જેમાના અડધા માણસેા નકામા
પને હથિયાર વગરના હતા કમ્પાન આગળ યુદ્ધ જામ્યું, મુસલમાનેા
હારીને પાદશાહ સહિત મદુરામા ભરાઈ ગયા. રાજાએ કમ્પાનને ઘેરેા
ઘાલ્યેા. શહેરના માણસેાએ અને લશ્કરે ૧૦ મહિના સુધી કિલ્લાનેા બચાવ
કર્યેા, જ્યારે તેમની પાસે ફક્ત ૧૪ દિવસનેા ખેારાક રહ્યેા ત્યારે તેમણે
પાદશાહ ગ્યાસુદ્દીનને પેાતાની સ્થિતિનુ વર્ણન લખી મેાકલ્યું. પાદશાહ
તેમના ૩૦૦૦ માણસેા લઈને એકદમ મદુરાથી રવાના થયેા. રાત પડવા
આવી ત્યારે પાદશાહે હિંદુઓ પર એકાએક હુમલેા કર્યેા. હિંદુ લોકેા સમજ્યા કે
કેાઈ લુટારાની ટેાળી આવેલી છે. તેથી વગર તૈયારીએ તેમની સામે થયા.
મુસલમાનેાએ ઘણીજ બહાદુરીથી લડવા માંડયું તેથી હિંદુ લશ્કરમાં
ખળભળાટ થઈ રહ્યેા. એવામાં રાજા કેદ પકડાઈ ગયેા. પાદશાહે તેનું
સન્માન કરી પેાતાની ખાનદાની બતાવી એટલુજ નહિ પણ પાદશાહે તેને
છુટેા કરી દીધેા. (ઇ. બ. પૃ ૩૫૮–૩૫૯.)

આ બનાવ પછી એક વરસે મદુરામાં મરકી ચાલી તેમા પાદશાહ
પણ સપડાયેા અને મરણ પામ્યેા.—(ઇ. બ પૃ ૩૬૧.)

ગ્યાસુદ્દીન પછી તેનેા ભત્રીજો નાસિરૂદ્દીન ગાદીએ બેઠેા, કારણ કે
ગ્યાસુદ્દીને તેને પેાતાની હયાતીમા યુવરાજ નીમ્યેા હતેા. આ માણસ પણ
પહેલાં દિલ્હીના મહમદ તગલખના દરબારમાં નેાકર હતેા.

જ્યારે તેનેા કાકેા પાદશાહ થયેા ત્યારે તે ફકીરી વેશ ધારણ
કરી દિલ્હીથી નાસી આવવામાં આવતેા રહ્યેા હતેા.

નાસિરૂદ્દીન જ્યારે પાદશાહ થયેા ત્યારે તેના દરબારના કવિઓએ તેનાં
વખાણની ઘણી કવિતાઓ લખી તેના રાજ્યાભિષેક વખતે વાંચી બતાવી.
આથી પાદશાહે તેમને મેાટી મેાટી રકમેા અને પેાશાકેા ઇનામ તરીકે આપી
તેમ॥ દરબાર ખુબ શેાભી પડેલાં કાજી બદરૂદ્દીનનેા ક્રમીકેા નામેા

એજ પ્રમાણે બીજા કરિઆને પણ ધનમાં મદદ

મજિદમા ખુતબો પઢનારે જ્યારે પાદસાહનું નામ ખુતબામા લે ત્યારે તેના પરની ઘણા પૈસા ગરીબોને આપવામાં આવ્યા.

(૪ ન. પૃ ૩૬૧.

આ પાદશાહોની રાજધાની મદુરામા હતી. ઇબ્ને બતુતા લખે છે આ શહેર ઘણું મોટું અને આબાદ હતું. તેના બનરો અને રસ્તાઓ પહોળા અને શોભાયમાન હતા. આ શહેરને જોય હસને રાજધાની બનાવી અને તેને દિલ્હીનો નમુનો બનાવવાને માટે ઘણી કોશીશ કરી.

(૪. ન પૃ. ૩૬૧

આખરના પાદશાહોના સમયમા મદુરાથી બીજા નબરનું શહેર પાંડ હતું. દૂર દૂરથી આ બંદરે વેપારી વહાણો આવતા. કારણ કે તે એક અને વગરાળુ બદર હતું. આખરના પાદશાહોનુ દરિઆઇ લશ્કર અહીજ રહેતુ. આ કાફલાના રક્ષણ માટે સમુદ્ર કિનારે એક લાકડી ઉચો બુરજ બનાવેલો હતો સકટ સમયે સિપાઈઓ તેમા ભરાઈ જઈ ગ્યાસુદ્દીનના જમાના પહેલા બરાબર સરવર નામે એક બાદોગ અમલ કાફલાનો ઉપરી હતો જ્યારે ગ્યાસુદ્દીન પાદશાહ થયો ત્યારે તેણે તેને પોતાનો મુખ્ય પધાન નીમ્યો અને તેની જગાએ બીજા લાયક માણસને નીમણુક કરવામા આવી.

ઇબ્ને બતુતાની સતાવટી પાદશાહે માલદ્વીપ પર ચઢાઇ કરવાને વિચાર કર્યો, અને તે કામ માટે કેટલાક લડાયક વહાણ તૈયાર કરાવ્યા માલદ્વીપની રાણી મટે સારી સારી કીમતી ચીજો ભેટ તરીકે મોકલવા તૈયાર કરાવી તેમજ તેના આણીરા માટે કીમતી પોશાકો અને ગરીબો માટે ૩ વહાણો ભરીને અનાજ, કપડા વગેરે મોકલવાની બન્દોબસ્ત કરી. પરતુ આ સમય એ મુસાફરી માટે અનુકુળ નહિ હોવાથી ૩ મહિના સુધી આ ચઢાઈ મુલતવી રાખવામા આવી એ દરમ્યાન પાદશાહનો મરણ થયો એટલે એ બધી તૈયારી નકામી ગઇ.

(૪ ન પૃ ૩૫૬)

ઇબ્ને બતુતાએ નાસિરૂદીન સુધીના પાચ પાદશાહોનો એહવાલ લખ્યો છે, પણ તેણે માલ લખવાની તસ્દી લીધી નથી. તોપણ તેના વર્ણન પરથી તેમજ સિક્કાઓની મદદથી આ સમયના બનાવોની બારીક સફેલ થઈ શકે છે

જાય, તે અવા-
જ પહોંચાડનાર ટેલિફોન યંત્રના ભાગને 'ટ્રાન્સ-
મીટર', અને અવાજ બીજા સ્થળના ટેલિફોન યંત્રમાં જ્યાં ઝીલાય છે, તે ભાગને 'રીસીવર' કહે છે. આ ઉપરના યંત્રમા ટ્રાન્સમીટર અને રીસીવર એક સ્થળે છે. હાલમાં પ્રચલિત ટેલિફોન યંત્રમાં ટ્રાન્સમીટર અને રીસીવર જુદા જુદા હોય છે. દરેક સ્થળે ટેલિફોન યંત્રમાં એક ટ્રાન્સમીટર, અને એક રીસીવર એમ બે વાના ભેગાં અથવા જુદા જુદાં હોય છે.

ઉપરના યંત્રમાં કરેલો અવાજ બીજે સ્થળે કેવી રીતે પહોંચી શકે છે, તેનો હવે વિચાર કરીએ.

ટ્રાન્સમીટર જ પાસે બોલવાથી ઉત્પન્ન થએલી હવાની ત્વરિત લહેરો (વાઈબ્રેશન) વડે છ ડાયાફ્રામ ધ્રુજવા[1] લાગે છે. (એ લહેરો છ અને જ ની વચ્ચે રહેલી ખાલી જગામા થાય છે) ડાયાફ્રામ ધ્રૂજવાથી તે ક્ષણમાં લોહચુંબકની નજીક અને ક્ષણમા તેથી દૂર જાય છે. એમ થવાથી લોહચુંબકના આકર્ષણક્ષેત્ર (મેગ્નેટિક ફીલ્ડ) મા ન્યૂનાધિકતા થાય છે. એની ન્યૂનાધિકતા થવાથી ઉપર્યુક્ત નિયમાનુસાર ચ,ચ કોઈલમાં વિદ્યુતના ઉલટ સુલટ પ્રવાહ ઉત્પન્ન થાય છે. એ પ્રવાહ મ,મ તારદ્વારા બહારના ચ,ચ તારમા થઈ બીજા સ્થળના ટેલિફોન યંત્રમા જાય છે ત્યા એ વિદ્યુત-પ્રવાહ લોહચુંબકમાં દાખલ થાય છે; તેથી તેમા મૂળની તેની આકર્ષણશક્તિમાં અભિવૃદ્ધિ થાય છે. મૂળની આકર્ષણશક્તિમા વધારો થવાથી લોહચુંબક ડાયાફ્રામને પોતાની તરફ આકર્ષે છે. એટલામા આકર્ષણશક્તિ ઓછી થવાથી ડાયાફ્રામ આઘું જતું રહે છે. વળી પાછી આકર્ષણશક્તિ વધવાથી ડાયાફ્રામ ખેંચાય છે, અને એ શક્તિ ઓછી થવાથી આઘું જાય છે. આકર્ષણશક્તિમા ફેરફાર થવાનું કારણ પ્રથમ સ્થળેથી આવતા (એક સરખા નહિ પણ) ઉલટસુલટ વિદ્યુત-પ્રવાહ છે; અને એ ઉલટસુલટ પ્રવાહ થવાનું મૂળ કારણ બોલવાથી ઉત્પન્ન થતા હવાના નાના મોટા આંદોલનો છે. આ પ્રમાણે બોલવાથી જેવા આંદોલનો થાય છે તે પ્રમાણે, પ્રથમના યંત્રનું ડાયાફ્રામ ધ્રુજે છે; તેની ધ્રુજારીથી આકર્ષણ-ક્ષેત્રમા ફેરફાર પડવાથી ઉલટસુલટ પ્રવાહ ઉત્પન્ન થાય છે; એ પ્રવાહથી બીજા સ્થળના યંત્રમાના લોહચુંબકના ચુંબકત્વમા ફેરફાર થવાથી

---

૧ ડાયાફ્રામ જે અવકાશમા ધ્રૂજે છે, તે અવકાશ $\frac{૧}{૨૦૦૦૦૦૦૦}$ ઇંચ જેટલો હોય છે.

ત્યાનું કાયાદાકીય પ્રવ
હવામા તે પ્રમાણે આપેલીની ઉત્પન્ન થાય છે. [illegible]
પડદાપર આવી અથડાવાથી આપણે પરિણામે મૂળનો [illegible] તાભગી રે
છીએ. આ પ્રમાણે ટેલિફોન યંત્રની રચના હોય છે.

જુદા જુદા દેશોમા ભિન્ન બનાવનાઓના ટેલિફોન વપરાય છે
સ્થળે એકજ ધારનું કઈ એ યંત્ર હોતુ નથી. ફ્રાન્સમા બધે 'ઓડ'ન
માણમે બનાવેલુજ યંત્ર વપરાય છે. જર્મનિમા અમુક જુદી જાતનું
રાય છે, ત્યારે આપણા દેશમા પણ અમુક જુદી જાતનુંજ વપરાય છે
કે ઘાટના ભિન્નના હોય છે, પરન્તુ મૂળતત્વ બધામા એકજ હોય છે.

ટેલિફોન દૂર સુધી સભળાવાની મર્યાદા ભિન્ન ભિન્ન દેશોમા ભિન્ન
છે. હિંદમા વધારેમા વધારે ૩૦૦ માઈલ સુધી (ઘણા મારા યંત્રથી) વા
શકાય છે; અને ૫૦ માઈલ સુધી તો તેવા યંત્રથી ચાલેન્દ્રામ સુદ્ધા સ
શકાય છે. અમેરિકામા ૭૩૦ માઈલ સુધી, ફ્રાન્સમા ૫૦૦ માઈલ
અને ઇંગ્લાંડમા લગભગ ૨૦૦ માઈલ સુધી વાત કરાય છે.

ટીપ:—થોડાજ વખત ઉપર આપણે વાંચ્યુ હતું કે અમેરિકાના પ્રે
નિલ્સને ફ્રાન્સમા રહીને તાર વગરના ટેલીફોન વડે અમેરિકા સાથે
ચલાવ્યા હતા-એટલે ૩ થી ૪ હજાર માઈલ સુધી તાર વગરના ટે
નથી વાતચીત કરી શકાય છે એ વીસમી સદીના વિજ્ઞાનશાસ્ત્રની એક
કૃતિ છે એમ કહી શકાય. —— આધ્યપ

(ઉ. વિ. ના. મે. એ. ૮. માહેરાના હુકમ નં. ૩૦૦૨ ત
૧૫-૬-૨૨. ઉપરથી)

વર્નાકયુલર ફાઇનલ પરીક્ષા.

ઉત્તર વિભાગ.

તા. ૨૮ મી જૂન ૧૯૨૫ ના મુંબઇ ગવર્નમેન્ટ ગેઝેટ ભાગ
લાના ૧૬૨૧-૨૪ મે પૃષ્ઠે તા. ૨૪ મી જૂન ૧૯૧૫ ની ઠેળવણી ખ
જાહેર ખમર નં. ૧૭૩૮ જ, મુજબ તથા જેમા તા. ૨૬મી ડિસેમ્બર ૧
ના ગવર્નમેન્ટ ગેઝેટના ભાગ પહેલાના ૨૪૬૪ મે પૃષ્ઠે તા. ૨૧ મી ડિ
૧૯૧૮ ની કેળવણી ખાતાની જાહેરખબર નં. ૩૪૩૮ પ્રમાણે ફ
કરવામા આવ્યો છે, તે પ્રમાણે સને. ૧૯૨૩ ના એપ્રિલ મહિનામા લેવાન

× તે પ્રમાણે અટકે જેવુ પ્રથમથી યંત્રનુ કાર્ય ક્રમ ચલે છે તેવુ
પ્રમાણે મુજબથીજ તદનુસાર લખામાં આવેલનો થઈ આપણે બોધકારનો ખ્યા
સાહ્યની રાખીએ છીએ

ગુજરાતી.

(૧) ગદ્યઃ—ખાતાની ગુજરાતી સાતમી ચોપડી (છેલ્લી આવૃત્તિ) ચોપડી.

(૨) પદ્યઃ—ખાતાની ગુજરાતી સાતમી ચોપડીમાંથી નીચેના કોઃ—પાઠ ૩, ૧૧, ૧૯, ૩૨, ૩૬, ૪૪, ૪૮, ૫૧, અને ૫૫.

મુખપાઠઃ—ઉપર જણાવેલા પાઠોમાંથી કવિતાની ૩૧૦ લીટીઓ.

(૨) ઉર્દુ ફાઈનલ પરીક્ષા.

(૧) ઉર્દુ-ગુજરાતીઃ—

(અ) ઉર્દુ મિડલ કોર્સ ભાગ. ૨જો પંજમ સીરીઝ, પૃષ્ઠ ૧૬૪–૧૮૭.

(બ) મુસદ્દેહાથી, ૫૦ ફકરા ('બધ') અથવા ૩૦૦ મીમગ, ૧ ફકરાથી શરૂ કરીને.

ગુજરાતી—ગુજરાતી સાતમી ચોપડી (છેલ્લી આવૃત્તિ) પાઠ નં. ૫, ૬, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૬, ૧૭, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૫, ૨૬, ૨૯, ૩૦, ૩૧, ૩૩, ૩૪, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૧, ૪૨, ૪૩, અને ૪૫,—કુલ ૩૦ પાઠ.

ગુજરાતી–ઉર્દુઃ—

(૧) ગુજરાતી (૨ જો વિષય)—ગુજરાતી સાતમી ચોપડી (છેલ્લી આવૃત્તિ), પાઠ ન. ૧, ૪, ૫, ૬, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૬, ૧૭, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૫, ૨૬, ૨૯, ૩૦, ૩૧, ૩૩, ૩૪, ૩૬, ૩૭, ૩૮, ૩૯, ૪૧, ૪૨, ૪૩, ૪૫, ૪૬, ૪૭, ૪૯, ૫૦ અને ૫૨–કુલ ૩૫ પાઠ.

પદ્યઃ—ગુજરાતી ચોપડીમાંથી પાંચ કવિતાઓ, પાઠ ન. ૭, ૨૪, ૩૬, ૪૪ અને ૫૩.

(૨) ઉર્દુ (અ) ઉર્દુ મિડલકોર્સ, ભાગ ૨ જો પંજમ સીરીઝ પૃષ્ઠ ૬૨–૧૭૨.

(બ) મુસ્દ્દેસાની, ૩૩ ફકરા ('બંધ') અથવા ૧૬૮ મીસરા, ૧લા ફકરાથી શરૂ કરીને.

(સહી) આર. જી. આપ્ટે. ડિરેક્ટર. એ. ઇ. ઉ. નિ. ।.

મે. એ. ઇ. સાહેબની ઓરિસ, ઉ. નિ. અમદાવાદ તા. ૫–૬–૨૨

ભાસમા ગે. એ. ઇ. સાઉસ ઉ. વિ. ના હુકમ નં. ૩૨૧૩ તા ૩૦-૬-૨૨ ઉપરથી તા. ૩૦-૬-૨૨ ને રોજ પુરા થતા ત્રણ
સંસ્થાઓ માટે મંજુર કરેલી ચોપડીઓની નીચેની યાદી સર્વની જાણ માટે પ્રસિધ્ધ કરવામા આવે છે.

નંબર.	પુસ્તકનું નામ	કઇ ભાષા મા પ્રસિદ્ધ થઇ તે.	કયા ઉપયોગ માટે પુસ્તક મંજુર કરવામા આવ્યું છે.	કિંમત ૩ આ પા
૧	પ્રભુમય જીવન ..	ગુજરાતી.	પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ તથા ટ્રેનિંગ સંસ્થામાં ઇનામ અને લાયબ્રેરિના પુસ્તક તરીકે.	૦-૮-
૨	પંચ વાર્તા.	,,	પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ માટે ઇનામ અને લાઇબ્રેરિના પુસ્તક તરીકે.	૦-૨-
૩	ગુજરાતના ઇતિહાસની વાતો. સચિત્ર આવૃતિ.	,,	પ્રાથમિક શાળાઓ માટે ઇનામ અને લાયબ્રેરિના પુસ્તક તરીકે.	૦-૪-૦
૪	હિંદના ઇતિહાસનું પ્રથમ દર્શન.	,,	પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં અને ટ્રેનિંગ સંસ્થાઓમાં ઇનામ અને લાઇબ્રેરિ માટે અને મિડલ સ્કૂલોનાં ટેક્સ્ટ બુક તરીકે.	૦-૧૨-
૫	લઘુ પાકશાસ્ત્ર.	,,	છોકરીઓની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં ઇનામ અને લાયબ્રેરિ માટે.	૦-
૬	અનિષ્ટાની ભૂલભુલામણી ભાગ પહેલો.	,,	,,	૦
૭	દયારામભાઇનું જીવન ચરિત્ર.	,,	પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમા તથા ટ્રેનિંગ સંસ્થાઓમાં ઇનામ અને લાઇબ્રેરિ માટે.	૧-૮-

વાતો (બાળકો માટે)

લખનાર ગ. બ. હરગોવિંદદાસ હરકાનાસ કાટાવાળા, વડોદરા,
કિંમત રૂ. ૧ ૪-૦

આધુનિક સમયમાં ગુજરાતના ગુજરાતી ભાષાની ખીનવણી અને સાહિત્યના ઉત્તેજન અર્થે જે થોડાક સાચા સાહિત્યરત્નો પ્રયાસ કર્યા જણાય તેમાંના એક રાજરત્ન રા૦ બ૦ હરગોવિંદદાસ હ૦ કાટાવાળા છે. આ દુનિયામાં સેવાધર્મ અનેક કાર્યો માટે હોઈ શકે છે, પરંતુ તે ત્રણ પ્રકારનો છે—તન, મન, અને ધનનો. રાજરત્ન હરગોવિંદદાસની અત્યાર સુધી સાહિત્ય પ્રત્યેની સેવાઓ તરફ સાહેજ દૃષ્ટિ નાખતા કોઈને પણ જણ્યા વિના રહેશે નહિ કે એમણે ત્રણે પ્રકારની સેવા અર્પી છે એમના પુત્રના કહેવા માસિક ' સાહિત્ય ' ના લેખક તરીકે, સંખ્યાબંધ પુસ્તકોના કર્તા તરીકે, પ્રાચીન ગુજરાતી કવિઓ વિષે સંશોધનકાર તરીકે તેમજ ગુજરાતી સાહિત્યના ઉત્તેજનાર્થે નાણાની રકમો કાઢી આપનાર એક દાનવીર તરીકે પણ ગુજરાતમાં જગતને વિદિત છે એ વર્ષ અગાઉ ગુજરાતી સાહિત્યના ભાનવીર અધ્યક્ષપદથી ઇચ્છીઆ કથા હાલમાં નાહર સંસારના કોલાહલમાં પોતે ઠરી ઠરી તે કૃતજ્ઞ ગુજરાતીઓ ભૂલી તો દીધા.

બાળકો માટેની ' ટચુકડી મોટી વાતો ' ના પુસ્તકથી ગુજરાતી બાળ-સાહિત્યમાં એક અપૂર્વ વધારો થયેલો અમે માનીએ છીએ પુસ્તકમાં વર્ણવેલી પદ્ધતિ—ચુરાપ, એંગ્લેન્ડ આદિ પારકા દેશોમાંથી લીધેલી નહિ, પરંતુ ગુજરાતવાસીઓના રીતરિવાજ, તેમની રહેણીકરણી, તેનાં ઉદાહરણો ઉપરના લીધેલી—ઘણાખરા બોધદાયક મોટી વાતોનો સંગ્રહ આપેલો છે. નુમાનકના માસાહબ ગાડીમાં, રીતરિવાજ તથા વેવહારનું આબેહુબ વર્ણન તેમાં અપાયું છે પુસ્તક બાળકોને માટે નિર્માણ કરેલું છે, પરંતુ તેની ભાષા ઓછી સહેલી, સરળ, અને ટુંકા વાક્યોવાળી છે, તેમજ તો ગોટવી રસિક, નીતિવર્ધક અને જ્ઞાન આપે એવી છે કે અપારા નવા પ્રમાણે મોટી ઉમરના માણસોને પણ હાથમાંથી તે ઝોડવી ગમશે નહિ.

છપાઈ અને બાંધણી દિવાળીના પ્રમાણમાં સારી છે.

ઇંગ્લાંડમાં બાર્ધર બિ અને બીજા એવા વિદ્વાન પુરુષો બાળ સાહિત્યને માટે જેવો જબરજસ્ત પ્રયાસ કરી રહ્યા છે તે જોતાં ગુજરાત એ બાબતમાં બહુ પાછળ છે એ લેખકને અપૂર્ણતા ઉપજ્યા વિના રહેતી નથી.

ગ. બ હરગોવિંદદાસ અને એમના પુત્રોને દીર્ઘાયુષ ઇચ્છી અને પરમાત્મા

સરકારી જાહેરખબર

નીચે લખેલા પુસ્તકો મે. ડિરેક્ટર સાહેબે પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓ અને ટ્રેનિંગ સંસ્થાઓમાં ચલાવવાની મંજુરી આપી છે.

નં.	પુસ્તકનું નામ	જે ભાષામા છપાયું હોય તેનું નામ	શા ઉપયોગ માટે મંજુર કર્યું છે.	કિં.
૧	સરળ કેકારવ	ગુજરાતી	માધ્યમિક શાળાઓમાં પાઠય પુસ્તક તરીકે.	૦-૬-
૨	ગુર્જર સાક્ષર— જયન્તીઓ	,,	માધ્યમિક તથા ટ્રેનિંગ સંસ્થાઓમાં પાઠય પુસ્તક તરીકે	૧-૮* ૧-૦-
૩	ગુજરાતનો સંક્ષિપ્ત ઇતિહાસ વાર્તારૂપે	ગુજરાતી	ગુજરાતી દ્વારાશિક્ષણઆપતી ઉર્દુ પ્રાથમિક શાળામા પાઠય પુસ્તક તરીકે.	૦-૬-
૪	કેળવણીની કળા	,,	ગુજરાતી ટ્રેનિંગ- સંસ્થાઓમા પાઠય પુસ્તક તરીકે	૧-૪-
૫	સાહિત્યાદર્શ	,,	માધ્યમિક શાળાઓ અને ટ્રેનિંગ સંસ્થાઓમાં પાઠય પુસ્તક તરીકે.	૧-૧૨-૦

---

* ૧ લી આવૃત્તિ પાકું પુંઠું રૂ. ૧-૮-૦
૨ જી ,, કાચું ,, ,, ૧-૦-૦
(મ. એ૦ ઈ૦ સા૦ ના તા. ૪-૫-૨૨ ના પત્ર નં. ૧૫૨૬ ને આધારે.)

પંચગની મુસ્લિમ હાઈસ્કૂલ—માટે મુસલમાન ગુજરાતી ભણનારો ટ્રેઇન્ડ શિક્ષક જોઈએ છે. અંગ્રેજી ઓધામાં ઓછું દર્દ ૨૮-૩૮ જેટલું જ્ઞાન. રિટાયર્ડ થએલો માણસ વધારે અનુકૂળ પડશે. પગાર લાયકાત પ્રમાણે. લાયકાત દર્શાવી અને લખો, પ્રિન્સિપલ, મુસ્લિમ હાઇસ્કૂલ, પંચગની, જીલ્લે સતારા.

સૃષ્ટિજ્ઞાનનાં પુસ્તકો.

પ્રે. રા. ટ્રે. કોલેજમાં શિક્ષણનો મેડલ મેળવનારા અને અનુભવી નેવર શિક્ષકો પાસે ધોરણવાર સૃષ્ટિજ્ઞાનનાં પુસ્તકો પ્રશ્નોત્તર રૂપે અને પૂર્ણ વિવેચન સાથે અમે તૈયાર કરાવેલાં છે. જે ઘણાં ઉપયોગી હોઈ શિક્ષકોમાં પ્રશંસાપાત્ર નીવડયાં છે. એ પુસ્તકોનો ટુંક સમયમાં એટલો બધો પ્રચાર છે કે તેમાના ઘણાં તો પાંચમી અને છઠ્ઠી આવૃત્તિએ પહોંચી ગયાં છે. વર્નાકયુલર ફાઇનલ અને ટ્રેનિંગ કોલેજના ઉમેદવારો માટે

સૃષ્ટિજ્ઞાન યા વિદ્યાના પાઠો.

એ નામનું પુસ્તક એજ શિક્ષકો પાસે તૈયાર કરાવી બહાર પાડયું છે. માં સાતમી ચોપડીના વિદ્યાના પાઠોનું સંપૂર્ણ વિવેચન કરવામાં આવ્યું છે. જ ભિન્નભિન્ન દૃષ્ટિએ પરીક્ષામા પુછાયલા સવાલોનો પણ તેમાં સંગ્રહ ામાં આવ્યો છે. જેથી એના અભ્યાસ પછી વિદ્યાના વિષયમા નાપાસ ા લેશ પણ ભય રહેતો નથી. દમારે પ્રસંશાની જરૂર નથી. પુસ્તક વાંચવાથી જ તરી થશે. થોડી નકલો રીલીકમા છે, ત્યાં સુધી એ પુસ્તક રૂા. ૦-૪-૬ (મૂળ) કિંમતજ આપવામાં આવશે. બીજી કોઈ કોઈ પુસ્તકોની કિંમતમાં થોડો થોડો વધારો કરવાની જરૂર પડી છે. આશા છે કે અમારા સુજ્ઞ ગ્રાહકો કાગળોની તથા પ્રેસ મીલોની વધતી જતી મોંઘવારીને લીધે એ ફેરફારને ધ્યાનમાં લેશે નહિ. જથાબંધ લેનારને સારું કમિશન. ધોરણવાર કિંમત નીચે મુજબ:—

બોધોપયોગી પ્રશ્નોત્તર રૂપે સરળ સૃષ્ટિજ્ઞાન ધો. ૧ લું

		(આ. ૪) કિંમત	૩.૦–૨–૦
,,	ધોરણ ૨જું	(આ. ૬)	૩.૦–૧–૬
,,	ધોરણ ૩ જું	(આ. ૬)	૩.૦–૩–૦
,,	ધોરણ ૪ થું	(આ. ૬)	૩.૦–૩–૦
,,	ધોરણ ૫ મું	(આ. ૫)	૩.૦–૪–૦
,,	ધોરણ ૬ ઠ્ઠું	(આ. ૫)	૩.૦–૪–૦
,,	ધોરણ ૭ મું	(આ ૧)	૩.૦–૫–૬
પ્રશ્નોત્તરરૂપ ભરતખંડનો સરળ ઇતિહાસ		(ધો ૫)	૩૦–૨–૦
		(ધોરણ ૬)	૩. ૦–૩–૦

કમિશન રૂપ દરકાર આપવામા આવશે. તા. ક—આ ઉપરત ધોરણવાર નોટો પણ અમોએ પ્રગટ કરી છે. તેને માટે પણ યોગ્ય કમિશન આપીશું.

લખો—ભગિલાલ ગુલાબભાઈ ઉપાધ્યાય.

બુકસેલર એન્ડ પબ્લિશર. મુ. પેટલાદ (વાયા આણંદ)

નામદાર મુંબઇ સરકારના બા. ખા. નં. [illegible]
૪. નં ૪૪૩૮ તા. ૧૬-૧-૦૧ થી નવીન ટેક્સ્ટ બુકોમાં મંજુર છે. વિષે પ્રથમ ચર્ચા કરનાર સ્વતંત્ર પુસ્તક તો ઓ૪. વ્યાવહારિક સિદ્ધાંતોની રચના. નવા ધોરણો.

વેચનાર—સુરત, ક. ના. ની કંપનિ, ઓન. ઓમ. ત્રિપાઠીની કંપનિ
અમદાવાદ, રીચી રોડ પૂલ ઉપર, સી. ઓ. પટેલની કંપનિ
સુરત, પગથીઆ શેરી વાડી કૂળીઆ ઓમ. જે. ની કંપનિ
અને અમે પોતે
મફત મફત લિસ્ટીરિયા બોર્ડ; કાર્ડ લખનારને
છગનલાલ લલુભાઈ શાહ. દેશીનામાવાળા.
દયાળભાઈની શેરી—ચકલાદર.

---

૩. પાંચનાં પુસ્તકો ખરીદનારનું પોસ્ટેજ માફ.

ભરતખંડનો સક્ષિપ્ત ઇતિહાસ, કિ. ૦-૮-૦; લેખક પ. કિં. ૦-૪-૦; ભૂતળ, આરોગ્યવિદ્યા, પિંગળની સમજ, કિ. ૦- તે ત્રણે બુકો ધો. ૫-૬-૭ ના ઉપયોગી છે. સક્ષેપ મુખગણિત (લે ધો. ૧ લું ૦-૧-૦; ધો. ૨ જું ૦-૧-૬; ધો. ૩ જુ ૦-૨-૦, ધો. ૪ થુ ૦-૨-૬; ધો. ૫ મું ૦-૩-૦. જુનાગઢ, પાલીતાણા, વઢવાણ, જસદણ વગેરે સ્ટેટોમા મંજુર છે. ઊનના ગુથણકામ અને કપડાં વેતરવાનું સમજ કિં. ૦-૪-૦ ઉપરની બુકોમા કમિ. ૨૫ ટકા

નવા ધોરણની નોટો. ધો. ૧ લુ ૦-૩-૦, ધો. ૨ જું ૦-૫-૦ ધો. ૩ જું ૦-૭-૦; ધો. ૪ થું ૦-૧૨-૦: ધોરણ ૫ મું ૧-૨-૦ ધોરણ ૬ ઠું ૧-૪-૦; ધો. ૭ મુ ૧-૮-૦ તથા વાચન ભાળાના અથ પહેલી ૦-૧-૬; બીજી ૦-૩-૦; ત્રીજી ૦-૩-૦ ચોથી ૦-૪-૦; પાચમ ૦-૫-૦; છઠ્ઠી ૦-૬-૦; સાતમી ૦-૮-૦ કન્યાશાળા માટે બાળ ગર બાયળોનો બુલાસો ભા. ૧ લો ધો. ૨-૩-૪ માટે કિ. ૦-૩-૦ અં ભા. ૨ જો ધો. ૫-૬ માટે કિ. ૦-૩-૦ કન્યા વાચનચાળાના અથ પુસ્તક ૧ લુ ૦-૩-૦; પુ ૨ જું ૦-૫-૦; પુ. ૩ જુ ૦-૭-૦. નવ દેશી આંક કિં. ૦-૧-૦. ઉપરની બુકોમા કમિ. ૫૦ ટમ છે. ઉપ સિવાય નિશાળોમા ચાલતી તમામ બુકો વાજબી કમિશનથી મળશે. સંધળ માલનું પોસ્ટેજ વી. પી. ખર્ચ વધારે સમજવું.

બુકસેલર, જોયંદ તલકશી વઢવાણશહેર.

ગુજરાતી અને બાળબોધ છ નંબરમાં

દરેક નંબરની કિંમત અઢી આના.

કેળવણી ખાતાના મે. ડિરેક્ટર સાહેબે મુંબાઇ ઇલાકાની ગુજરાતી નિશાળોમાં ચલાવવાને મંજુર કરી છે.

૨૫૦ અને તે ઉપરાંત કોપી ખરીદનારને સેંકડે ૨૦ ટકા કમિશન આપવામાં આવશે. પેકિંગ અને રેલ્વે ખર્ચ પણ આપવામાં આવશે, પણ પોસ્ટ મારફતનું કે સ્ટેશનથી આગળનું ખરચ આપવામાં આવશે નહિ.

કોપીઓ સાથે બીજાં પુસ્તકો મંગાવનારને સેંકડે એક ટકો હકસાઇ પેઠકલી આપવા ગોઠવણ રાખી છે. મળવાનું ઠેકાણું—ડાહ્યાભાઈ ગળીવનદાસ એન્ડ સન્સ, લેખનકળા કોપીબુકની ઓફિસ—જુના કાળકા-દેવી પોસ્ટ ઓફીસ સામે નંબર ૨૧૯—મુંબઇ.

દરકત શિક્ષક કોપીબુકો

ગુજરાતી અને બાળબોધ આઠ નંબરમાં કેળવણી ખાતાના મે૦ ડિરેક્ટર સાહેબે મુંબાઇ ઇલાકાની દરેક ગુજરાતી નિશાળમા ચલાવવાને મંજુર કરી છે. લડાઇને લીધે કાગળના ભાવ બેહદ વધી જવાથી મે૦ ડિરેક્ટર સાહેબના નં૦ ૧૧૧૪૫, ૧૯૧૭-૧૮ ની સાલના હુકમથી હાલ પાડા વખત માટે અઢી આના દરેક નંબરની કિંમત રાખી છે, અને ૧૦૦ તથા તેથી વધુ કોપી ખરીદનારને હાલમાં સેંકડે (૧૫) ટકા કમિશન બરાબ પેકિંગ અને રેલ્વે ખર્ચ આપવામાં આવશે; પણ પોસ્ટ મારફતનું કે સ્ટેશનથી આગળનું ખર્ચ આપવામા આવશે નહિ. દરકત શિક્ષક કોપી બુકોની સ્ટીલ પ્લેટો દરેક નંબરને બંધ બેસતી ૧ થી ૮ નંબરની, દરેક પેકસમાં ઓરજ જાતની દા. ૬ કિમત રૂ. ૦।।। નક્કી.

મળવાનું ઠેકાણું:- **આદરજી કાવસજી માસ્તર.**

હે. નં. ૨૦, ધોબી તલાવ—મુંબઇ.

આ જુના અને જાણીતા ક્લાસો તેના મેનેજમેન્ટ
શિક્ષણ માટે ઘેર ઘેર એક અવાજે વખણાય છે. એમાં કેળવણી ઉચ્ચ કોમ,
છોકરા-છોકરીઓ, બાનુઓ, અને ગૃહસ્થોને સવારે-સાંજે-રાતે યા આખો
દિવસ, અંગ્રેજી જલદી લખતાં વાચતાં અને બોલતાં તેમજ હારમોનીઅમ
વાયોલીન, દીલરૂબા, ફ્લીંગ, બુક-કીપીંગ, શોર્ટહેન્ડ-ટાઇપરાઇટીંગ, ધર્મજ્ઞાન
અને ૬-ખ થી મેટ્રિક સુધીની કોઇપણ બાબતો વર્ષોનાં વરસોના અનુભવી ભરૂ
અને સ્ત્રી શિક્ષકો દરેક વિદ્યાર્થી ઉપર ખુબ ધ્યાન આપી ઘણીજ કાળજી
અને મહેનતથી શીખવે છે. બાનુઓ માટે મહુલાજાભરેલી બાસ સગવડ
છે. શિક્ષકોમાંના એક પારસી બાનુ શિક્ષક 'ટ્રેન્ડ' થએલાં છે, જે
વરસનાં અનુભવી છે અને જેણે કોલેજમાંથી મેડલ મેળવ્યો છે. તમારાં બચ્ચાંઓ
તાજદે લાભ આપવા માટે ગોરખપુરવાલા બીલ્ડીંગ વાડીઆજી
આતશબેરામ સામે ૧૧૯ ઘોળીતલાવ અથવા ૨) કોટમાં
એરચશાહ હકીમનાં દવાખાનાં સામે મા૦ શેઠની વાડીની પાસે.
ઘનશ્યામ ઓટમાં ત્રણશો.

શાળા બાતાએ બાસ પસંદ કરેલા

સ્પેશલ ઈંડેન્ટના અમેરિકન મેક.

સુંદર, ટકાઉ અને એકચુરેટ ટાઇમ પીસીઓ "બી"—૨" હાયલ,
રોજની ચાવીનું કિં. રૂ. ૭।-૭॥. "પી"—૪"-૫" ડાયલ, રોજની ચાવીનું
કિંમત રૂ. ૭.

અને એલાર્મનું કિ. રૂ. ૭॥-૮॥.



લોંગ એલાર્મ સુમારે ૧૨ મિનિટ કિ. રૂ.
૧૩-૧૫, અને ક્લાક. અર્ધો ક્લાક અને એલાર્મ
કિ. ૧૫-૧૭. આ સિવાય બધા પ્રકારનાં નાનાં
મોટાં, ક્લોક્સ, વોચીઝનું મોટું અંગ્રેજી સચિત્ર
કેટલોગ મફત.

જી. બી. નાયક અને કંપની,
સિતારામ બિલ્ડિંગ, મુંબઇ નં. ૭.

પુસ્તકોનો સ્વીકાર તથા સમાલોચના.

નીચેના પુસ્તકો કર્તા કે પ્રકાશક તરફથી અભિપ્રાય અર્થ મળ્યા છે તેનો સાભાર સ્વીકાર કરીએ છીએ.

(૧) વસંત—સ્ત્રૈણક સ્વ ની અર્થમંત્ર હરિસુત મહેતા.
બાજવાડા—વડોદરા.
પ્રકાશક બાળજીવન કાર્યાલય—મુંબઈ.

આ પુસ્તક એક નાની વાર્તા છે લેખક એક સ્ત્રી છે તેથી પ્રયાસ વધારે પ્રશંસાયોગ્ય છે નવાઈની વાત એ છે કે આ તે બેનનું પહેલું અને છેલ્લું લખાયું છે વાર્તાનું મુખ્ય પાત્ર વસંત છે. મુખ્ય ઉદ્દેશ નીતિબોધનો જણાય છે દુઃખી સ્થિતિમાં પૈસા કમાવા માટે ગમે તેવો નમાલિક ધંધો સ્વીકારવામાં નાનપ ન હોવી જોઈએ એ વસંતનું ચરિત્ર બતાવી આપે છે વાર્તા સાદી અને સમજાય તેવી ભાષામાં લખાએલી છે

(૨) હાસ્ય કથામંજરી ભાગ ૧ લો કિં. રૂ. ૨
પ્રકાશક જીવણલાલ અમરશી મહેતા—અમદાવાદ

આ એક હાસ્યરસની વાર્તાઓનો અને સવાદોનો સંગ્રહ છે પ્રસ્તાવનામાં હાસ્યરસ વિષે રા મોહનલાલ પાર્વતીશંકર દવેનો નિબંધ પુસ્તકની ઉપયોગીતામાં વધારો કરી આપે છે. પરંતુ પોથી પણ પરંતુ ગુજરાતિના સામાન્યિક રીતરિવાજ ઉપરનું એક મુગ્ધ કટાક્ષ છે સંપાદકે પસંદગી કરવામાં વધારે સંભાળની જરૂર હતી, કેમકે કેટલીક વાતો હાસ્યરસના શુદ્ધ લક્ષણ વાળી જણાતી નથી

(૩) કાઉન્ટ ટોલ્સ્ટોયની વાર્તા–પાપીનો પસ્તાવો –કિં ૦-૮-૦
ભાષાન્તર કર્તા—નરસીભાઇ ઇશ્વરભાઈ પરેલ
પ્રકાશક —જીવણલાલ અમરશી મહેતા
અમદાવાદ.

આ એક કાઉન્ટ ટોલ્સ્ટોયની વાર્તાનું ભાષાન્તર છે આમાના મુખ્ય પાત્રને પોતાના શેઠની છોકરી ચહાય છે તેને પરણાવતા પહેલા તેનો પિતા અમુક સરત કરે છે તે દૃઢીભૂત કરવાને નાયક કેટલુંક પાપ આચરે છે અને પરણે છે. પાપનો પસ્તાવો તેને એટલો બધો થાય છે કે મન હમેશા

ન્યાય હોઈ શકે કે નહિ તેનો સવાદ કરે છે પોતાના નાસ્તિકપણાથી પિતાના હૃદયમાનો ભય છેવટે દૂર કરે છે અને તેની કને ઉદ્‌ગાર કઢાવે છે કે " પરમેશ્વર નથી, આત્મા નથી, મન્ન નથી " ગન જુદી જુદી જાતના વિચારોથી ઘેરાય છે અને છેવટે નાસ્તિકપણામાં કરેલા વિચારો બદલી નાખે છે આમ નિરંતર પસ્તાનો થયાજ કરે છે, શાથી તે સમજી શકતો નથી અને આખરે અકસ્માત મૃત્યુને વશ થાય છે. વાર્તાનો મુખ્ય બોધ એટલોજ છે કે ઈશ્વરને હૃદયમાથી દૂર કરવાથી પાપ કર્મની સજા ઈશ્વરજ જાણી થે છે. ભાષાન્તર સુંદર કરેલુ છે, ભાષાન્તર છે એવુ પ્રથમ પ્રયાસે માલમ પડે નહિ તેવી સરળ શુદ્ધગતી ભાષા છે

(૪) માનવ વિચાર અને તેની શક્તિઓ—કિમત. ૦–૮–૦

અનુવાદક વિદ્યાર્થી ભીમાશકર ભુગલાલ શર્મા—મુંબઈ.

પ્રકાશકઃ—મોરેશ્વર વિશ્વેશ્વર મોરે.

ઠે. જયનારાયણ સીતારામનો માળો.

કૃણબ્વાડી—મુબઈ.

આ પુસ્તક પ્રખ્યાત અમેરિકન લેખક જેમ્સ એલનના "As a Man Thinketh and Out from the Heart" નો અનુવાદ છે પ્રથમનો અનુવાદ સ્વતંત્ર રીતે કર્યો છે અને બીજાનો હિંદી પુસ્તકને આધારે કર્યો છે. પુસ્તકમા અશુદ્ધિના દોષ ઘણા છે અનુવાદ જોઈએ તેવી અને સ્પષ્ટ ભાષામા થયો નથી. તત્વજ્ઞાનનો વિષય હોવાથી આમ બનવુ મુશ્કેલ છે છતા અનુવાદકે ધાર્યું હોત તો સરળ મરી શકત એટલાક સસ્કૃત દૃષ્ટાતો લઈ દરેક વિષયનું સ્પષ્ટીકરણ કરતા ગયા છે.

બીજો અનુવાદ પ્રમાણમા વિશેષ સરળ શૈલીવાળો છે.

(૫) કૃપીકેશચદ્ર ભાગ ૧ લો—કર્તા–રામપ્રસાદ કાશી પ્રસાદ દેસાઈ બી એ. પ્રકાશક રા. જીવણલાલ અમરશી મહેતા—અમદાવાદ

કિમત, રૂ. ૩

આ પુસ્તકનો ૧ લો ભાગ પ્રસિદ્ધ થયો છે, સામાજિક નવલકથા છે. વાર્તાની સકલના બીને બને પાત્રોના ચિત્રો પોતાના ખરા સ્વરૂપમા વાચક આગળ ખડા થાય એ શક્તિ કર્તાની જણાઈ આવે છે એટલાક સામાજિક પ્રશ્નોના ગુણદોષ પાત્રોદ્વારા ઠીક ચર્ચાયા છે, છતા કહેવુ જોઈએ કે વાચકને કંટાળો ઉપજે એવી રીતે કટકીક બાબતો વધારી છે પ્રથમ ભાગ

પુરો વાંચનારને કૃપાકિશચંદ્ર વાર્તાના નાયક સાથે ઇર્ષ્યા કરતા પરોક્ષ ઓળખાણ વિશેષ થાય છે. કથાનો નાયક આ સ્થાન પ્રાપ્ત કરે એ યુક્ત નહિજ. પુસ્તકની ભાષા સાદી ને આડંબર વિનાની છે. પુસ્તક લોકપ્રિય નીવડે એવું છે.

(૬) ગુજરાતી ભાષાનું બાળ વ્યાકરણ કિ. ૦–૧૦–૦:— કર્તા છોટાલાલ મુળજીભાઈ ઘરીઆ. ગુજરાતી શિક્ષક–ભરડા ન્યુ. હાઈસ્કુલ, મુંબઈ.

પ્રસ્તાવનામા લખ્યા મુજબ વ્યાકરણનો વિષય સહેલો અને સરળ થાય, તેમજ નવી શિક્ષણ રીતીથી શીખવાય એ હેતુથી પુસ્તક રચાયુ છે. આ ઉદ્દેશ પુરેપુરો સચવાયો હોય એમ લાગતું નથી, શીખવવાની બાબત મોટા ટાઈપમા છાપી હોત તો રીતીનો યોગ્ય ઉપયોગ થયો માની શકાત. જોડણી દોષ પુષ્કળ માલમ પડે છે. કેટલેક ઠેકાણે વ્યાકરણમા વપરાતી સંજ્ઞાઓના અર્થનુ સ્પષ્ટીકરણ કરવામા અશાસ્ત્રીય પદ્ધતિ વાપરેલી છે. જેને સંયુક્ત ક્રિયાપદમા ગણવામાં આવે છે એવા શબ્દોમાંના પૂર્વ પદને કૃદંત રૂપે સમજાવ્યું છે. પૃ. ૧૬ મે–૨૧૨ અને વ્યંજન-ઉમેરવાનો પ્રશ્ન અધરો છે. આખું પુસ્તક દોષોથી ભરપુર છે તેથી આવા સ્વરૂપમાં શીખવાય તો બાળકોને કેટલું અરૂં જ્ઞાન મળે એ કહી શકતા નથી. થોડી ઘણી બાબતો બાદ રૂપે રહી ગઈ હોત તો અમારે આવો અભિપ્રાય દર્શાવવાની જરૂર પડત નહિ. હજી ઘણા સુધારાને અવકાશ છે. વ્યાકરણ જેવા વિષયને લગતું પુસ્તક સદોષ સ્વરૂપમા વિદ્યાર્થીઓના હાથમા મૂકવું એ યોગ્ય લાગતુ નથી.

(૭) નાગરોત્પત્તિઃ—લેખક, રા. માનશંકર પિતાંબરદાસ મહેતા. મુ. ભાવનગર. મૂલ્ય રૂ. ૧–૦–૦

આ પુસ્તક પુષ્કળ દાખલા દલીલ અને વિવાદદૃષ્ટિએ રચાએલો ગ્રંથ છે. નાગરોત્પતિ વિષે પ્રચલિત મતમતાંતરના ખંડન રૂપે બે વિભાગમા આ પુસ્તક રચાએલુ છે. પૂર્વાર્ધમા ઐતિહાસિક અન્વેષણની જરૂર, વિષય પરત્વે વિદ્વાનોના અભિપ્રાય અને કેટલીક બોટી દંતકથાઓનું ખંડન કર્યું છે, ઉત્તરાર્ધમા નાગર જાતિ વિષે તેમજ તેમના ઈષ્ટ દેવ અને મૂળ સ્થાન વિષે આન્તર અને બાહ્ય પ્રમાણો આપી કેટલાક ખુલાસા આપ્યા છે. આ પુસ્તક પ્રાચીન શોધખોળમાં રસ લેતા વિદ્વાનોનેજ ઉપયોગી થાય એવું છે. સામાન્ય વાચકને રસ પડે એવું નથી. તેમ છતા પુષ્કળ શોધ ખોળથી સમર્થન કરેલી દલીલોવાળું છે અને તેથી ઈતિહાસની દૃષ્ટિએ એ એક ઉપયોગી ઉમેરો છે.

શિક્ષકો તેમજ શિક્ષણવર્ગમાં અત્યંત પ્રિય થઇ પડેલાં

સૃષ્ટિજ્ઞાનનાં પુસ્તકો.

બે, રા. ટ્રે. કોલેજમાં શિક્ષણનો મેડલ મેળવનારા અને અનુભવિ સિનિયર શિક્ષકો પાસે ઘોર પુરવાર સૃષ્ટિજ્ઞાનના પુસ્તકો પ્રશ્નોત્તર રૂપે અને સંપુર્ણ વિવેચન સાથે અમે તૈયાર કરાવેલા છે જે ઘણા ઉપયોગી હોઇ શિક્ષક વર્ગમાં પ્રશંસાપાત્ર નીવડયા છે. એ પુસ્તકોનો ટુંક સમયમા એટલો બધો પ્રચાર થયો છે કે તેમાના ઘણા તો પાંચમી અને છઠ્ઠી આવૃત્તિએ પહોંચી ગયા છે. વળી વર્નાકયુલર ફાઇનલ અને ટ્રેનિંગ કોલેજના ઉમેદવારો માટે

સૃષ્ટિજ્ઞાન ના વિદ્યાના પાઠો.

એ નામનું પુસ્તક એક શિક્ષકો પાસે તૈયાર કરાવી બહાર પાડયું છે. તેમા સાતમી ચોપડીના વિદ્યાના પાઠોનું સંપૂર્ણ વિવેચન કરવામાં આવ્યું છે. તેમજ ભિન્નભિન્ન દૃષ્ટિએ પરીક્ષામા પુછાયલા સવાલોનો પણ તેમાં સંગ્રહ કરવામાં આવ્યો છે જેથી એના અભ્યાસ પછી વિદ્યાના વિષયમા નાપાસ થવાનો લેશ પણ ભય રહેતો નથી. વધારે પ્રસંશાની જરૂર નથી. પુસ્તક વાચવાથી ખાતરી થશે. થોડા નકલો સીલીકમા છે, ત્યાં સુધી એ પુસ્તક રૂા. ૦-૮-૬ (મૂળ) કિમતેજ આપવામા આવશે. બીજી કોઇકોઇ પુસ્તકોની કિમતમા થોડોઘેડો વધારો કરવાની જરૂર પડી છે. આશા છે કે અમારા સુજ્ઞ ગ્રાહકો કાગળોની તથા પ્રેસ બીલોની વધતી જતી મોઘવારીને લીધે એ ફેરફારને ધ્યાનમા લેશે નહિ. જથાબંધ લેનારને સારું કમિશન. ઘોરણવાર કિંમત નીચે મુજબઃ—

બાળોપયોગી પ્રશ્નોત્તર રૂપે સરળ સૃષ્ટિજ્ઞાન ધો. ૧ લુ

	(આ. ૪) કિંમત	રૂ.	૦-૨-૦
,, ઘોરણ ૨ જુ	(આ. ૬)	રૂ.	૦-૧-૬
,, ઘોરણ ૩ જુ	(આ. ૬)	રૂ.	૦-૩-૦
,, ઘોરણ ૪ થુ	(આ. ૬)	રૂ.	૦-૩-૦
,, ઘોરણ ૫ મું	(આ. ૬)	રૂ.	૦-૪-૦
,, ઘોરણ ૬ ઠું	(આ. ૫)	રૂ.	૦-૪-૦
,, ઘોરણ ૭ મુ	(આ. ૧)	રૂ.	૦-૫-૬
પ્રશ્નોત્તરરૂપ ભરતખંડનો સરળ ઇતિહાસ	(ધો ૫)	રૂ.	૦-૨-૦
	(ઘોરણ ૬)	રૂ.	૦-૩-૦

કમિશન રૂપ ટકા આપવામા આવશે. તા. ક—આ ઉપરાંત ઘોરણવાર નોંધો પણ અમોએ પ્રગટ કરી છે તેને માટે પણ યોગ્ય કમિશન આપીશું.

લખો—મણિલાલ મુળજીભાઈ ઉપાધ્યાય.
બુકસેલર એન્ડ પબ્લીશર. મુ. પેટલાદ (વાયા આણંદ)

કેશીનામું. કિં. રૂ. ૦ ા પો. ૦)–

નાગદાર મુંબઈ સરકારના જા. ખ. નં. ૧૪૯૭ સગત ઉ. વિ. ઓ. ઇ. નં ૪૪૩૮ તા ૧૬–૧–૦૧ થી નવીન ટેક્સ્ટ બુકોમાં મંજુર છે. નાગા વિષે પ્રથમ ચર્ચા કરનાર સ્વતંત્ર પુસ્તક તો એજ. વ્યવહારિક સિદ્ધાંતોની રચના. નવાં ઘોરણો.

વેચનાર—સુરત, કં. ના. ની કંપનિ, એન. એમ ત્રિપાડીની કંપનિ, અમદાવાદ, રીચીરોડ પુલ ઉપર, સી. એ. પટેલની કંપની, સુરત, પગથીઆ શેરી વાડી કુળીઆ એમ. જે. ની કંપનિ,

અને અમે પોતે

મફત મફત હિસ્ટીરિયા બેડ; કાર્ડ લખનારને.

છગનલાલ લલુભાઇ શાહ. કેશીનામાવાળા

દયાળભાઇની શેરી—વઢવાણ.

રૂ. પાંચનાં પુસ્તકો ખરીદનારનું પોસ્ટેજ માફ.

ભારતખંડનો સક્ષિપ્ત ઇતિહાસ, કિંમત ૦–૮–૦; લેખક પદ્ધતિ, કિં. ૦–૪–૦; ભુતળ, આરોગ્યવિદ્યા, પિંગળની સમજ, કિં ૦–૪–૦ તે ત્રણે બુકો ધો. ૫–૬–૭ ના ઉપયોગી છે. સંક્ષેપ મુખગણિત (લેખા) ધો. ૧ લું ૦–૧–૦; ધો. ૨ જું ૦–૧–૬; ધો. ૩ જુ ૦–૨–૦; ધો. ૪ થું ૦–૨–૬; ધો. ૫ મું ૦–૩–૦. જુનાગઢ, પાલીતાણા, વઢવાણ, જસદણ વગેરે સ્ટેટો મંજુર છે. ગેનના ગુપ્તપ્રકાશ અને કપડાં વેતરવાની સમજ કિંમત, ૦–૪–૦ ઉપરની બુકોમા કમિ. ૨૫ ટકા.

નવા ધોરણના નોટો. ધો. ૧ લું ૦–૩–૦; ધો. ૨ જું ૦–૫–૦; ધો. ૩ જું ૦–૮–૦; ધો. ૪ થું ૦–૧૨–૦, ધોરણ ૫ મુ ૧–૨–૦; ધોરણ ૬ ઠું ૧–૪–૦; ધો. ૭ મુ ૧–૮–૦ તથા વાચન માળાના અર્થ પહેલી ૦–૧–૬; બીજી ૦–૩–૦, ત્રીજી ૦–૩–૦ ચોથી ૦–૪–૦; પાચમી ૦–૫–૦; છઠ્ઠી ૦–૬–૦; સાતમી ૦–૮–૦ કન્યાશાળા માટે બાળ ગરબાવળીનો ખુલાસો ભા. ૧ લો ધો. ૨–૩–૪ માટે કિં. ૦–૨–૦ અને ભા. ૨ જો ધો. ૫–૬ માટે કિં. ૦–૨–૦ કન્યા વાચનમાળાના અર્થ પુસ્તક ૧ લું ૦–૩–૦; પુ. ૨ જું ૦–૫–૦; પુ. ૩ જું ૦–૭–૦. નવા કેશી આ.ફ કિં. ૦–૧–૦ ઉપરની બુકોમાં કમિ. ૫૦ ટકા છે. ઉપર સિવાય નિશાળોમા ચલતી તમામ બુકો વાજબી કમિશનથી મળશે. સઘળા માલનું પોસ્ટેજ વી. પી. ખર્ચ વધારે સમજવું.

બુકસેલર, જેમંદ તલશી વઢવાણશહેર,

જાહેર ખબર.

ઉંચી શાળાઓમાં ટેક્સ્ટબુક તરીકે મંજુર થયેલ મુ. ઐ વર્તાડ્યુની ગુજરાતનો સક્ષિપ્ત ઇતિહાસ (ધી. આઈ માનાં. નં. ૧૮૮૪ તા. ૧૦-૫-૨૨ અનુસર, ત્થા મુબઈ ઇલાકાની પ્રાથમરા સ્કુલોમા ઇનામ તથા લાયબ્રેરિ માટે નં. ૧૬૪૬૨ તા. ૧૦-૩-૨૨ થી મંજુરી થએલ છે) કિં. આના ત્રણ.

શેખકૃત મિરાતે આલમગીરી કિં. રૂા. ૭, સદ્‌ગુણી નરીમા કુટુંબને પંદરમા કિ. ૦॥, ૦૬॥, શિક્ષા ૦૬॥, જવાબે શિક્ષા [illegible] નીચેના ઠેકાણેથી મળશે.)

નિજામીયા બુક ડીપો, ત્રણદરવાજા, અમદાવાદ—મહાદેવ જગુભૈ, અમદાવાદ—મુન્સી ગુલામ ખ્વાજા મોલ્લી ગુલામ હુસેન ઘડીયાલ પાસે, સુરત—બુકસેલર કરસનદાસ નારણદાસ, મુંબઈ છે અને એમ. મીપાડી, કાલબાદેવી રોડ, મુંબઇ.

વધુ માટે લખોઃ—ગુલામ આહમદ શેખ, અન્ડરસન સ્ટ્રીટ,

મુંબઈ વનિતા વિશ્રામ ટ્રેનિંગ કોલેજ.

સેન્ડહુર્સ્ટ રોડ, ગીરગામ—મુંબઇ.

જે ગુજરાતી બાઇઓ શિક્ષક થવા માગતી હોય તેના લાભાર્થે આ કોલેજ છેલ્લા પાંચ વર્ષ થયા ખોલવામાં આવી છે, ને તેને ત્રણ વર્ષના સર્ટીફીકેટ સારૂ સરકારે રેકગનાઇઝડ કરેલી છે, માટે જે બાઇઓ તેનો લાભ લેવા માગતી હોય તેમણે ઉપલે ઠિકાણે અરજી કરવી. ગરીબ સ્થિતિના અને ખાસ કરીને વિધવા બાઇઓને રહેવા, જમવા, તથા ભણવાની મફત ગોઠવણ કરી આપવામા આવે છે.

શિષ્યગોરી ગજ્જર.

"શિક્ષણ સાહિત્યોના ભંડાર"

આ માર્ગદર્શનમાં રાષ્ટ્રીય, પ્રાથમિક, હાઈ સ્કૂલો, કોલેજો, મોટે કેન્દ્રસ્થાને રહેવા માટે તમામ પ્રકારના તે દરેક વિષયોનાં પુસ્તકો તે ઉપયોગી મળશે પણ વ્યવહાર નીચેના સરનામે કરો તે વિશ્વ

આ ઉપરાંત સાહિત્યો સુધારામાં—કરવાથી ૨૨ બોયઝ એન્ડ ગર્લ્સ સ્કૂલમાં નહિતા કરશે [illegible]શે —કરાણું ધોબીતલાવ, મરીન લાઇન્સ ચોથી ગલીના નાકે."

કાશીભાઈ છગનલાલ પટેલ.
નાદોલ શિક્ષણ સાહિત્ય કાર્યાલય કે. લી.
દહેગામ (અમદાવાદ)

---

૧. સરલ દેશીનામાની પદ્ધતિ–ટેકસ્ટબુક, આ ૩૦ મી ૨-૫-૬ સરલ ગુજરાતી બાલ વ્યાકરણ–લાઇ. બુક, ઘણે ઠેકાણે ટેકસ્ટ, આ, ૨૬મી, ૦ ૫ ૦; ૩ સરલ વ્યુત્પત્તિ જ્ઞાન પ્રકાશ ૫ ૬–૭ મી ચોપડીના પાઠવાર શબ્દોના કોષ સહિત,) લા. પ્રા. બુક, ની આ ૩ જી. ૭–૮ ૦, ૪ નવુ સરલ મુખગણિત " ૪ થા વર્ગથી ધો. ૭ સુધી એકજ બુકમા) ઘણે ઠેકાણે ટેકસ્ટ,) આ ૧૧ મી, ૬–૩–૦, ૫ ગુજરાત પ્રાંતની ભૂગોળ ચિત્રો આ. ૧૧ મી ૭–૧–૬ મુખ્ય એજન્ટ અમદાવાદ,

એસ બી શાહની કંપની ઈ. ઈ.
પ્રેમચંદ કરમચંદ શાહ, ગોંડળના માજી ડે. એ ઇ.
મુ. ક પડવંજ.

ટ્રેનિંગ સ્કૂલો અને પ્રાથમિકશાળાઓ માટે અનુક્રમે પાઠ્યપુસ્તક અને ઇનામ લાયબ્રેરી તરીકે મંજુર થયેલ.

ચિત્રો સાહિત્ય.

ગુજરાતના ઇતિહાસની સહેલી વાતો.

કર્તા

વલ્લભભાઈ લલ્લુભાઈ પટેલ,

હેડમાસ્તર પ્રેક્ટિસિંગ સ્કૂલ પ્રે. સ ટ્રે કોલેજ.

છપાયો શ્રી ગુજરાત ઓરીએન્ટલ બુક ડીપો—અમદાવાદ

કિમત આઠ આના

સૂચના.

૬. આ માસિકમાં છપાતા અન્ય લેખકોના લેખ સાથે અમારે મળતા-પણું રોવું જોઇએ એમ વાંચનારાએ માનવું નહિ.

૭. પત્ર સબંધી લખાણ—એડિટર તરફ મોકલવું. છાપવા મોકલવાનું લખાણ કાગળની એક બાજુએ ચોખ્ખે અક્ષરે લખવું. છાપવા યોગ્ય લાગશે તો છપાશે, નહિ પસંદ કરેલા લેખ ટિકિટ મોકલી હશે તો પાછા મોકલવામાં આવશે.

૩. લેખકને ઉત્તેજન—વિષયો લખી મોકલનારની પસંદગી ઉતરશે તો પ્રથમથીજ બબર આપેથી ૬૨ છાપેલે પાને યોગ્યતા પ્રમાણે રૂા. ૧) સુધી આપવામાં આવશે. ચર્ચાપત્ર માટે કંઈ આપવામાં નહિ આવે.

૪. લવાજમ—વરસ એકનો રૂ. ૧–૮–૦ ટપાલ ખર્ચ સાથે અગાઉથી. વિદ્યાર્થીઓ માટે ૦–૧૨–૦; છુટક અંકના રૂા. ૦–૨–૬ પોસ્ટેજ રૂા ૦–૦–૬ જુદું.

૫. મનિઓર્ડર—કૂપન પર ગામ કે શહેરનું ઠેકાણું સ્પષ્ટ લખવું. તેમજ ત્યા એકથી વધારે નિશાળો હોય તો નિશાળનો નંબર તથા શાળાપત્ર ઓફિસ તરફથી અપાએલાં સરનામાના લેબલ ઉપરનો નંબર લખવો.

જાહેરખબરના ભાવ.

મુદત.	પગ.		
	આખુ	અધુ	પા.
આખું વર્ષ.	રૂ. ૬૫	રૂ. ૩૪	રૂ. ૨૦
૭ માસ.	રૂ. ૪૫	રૂ. ૨૮	રૂ. ૧૨
ત્રણ માસ.	૩ ૨૦	૩ ૧૦	રૂ. ૭

છુટક છપાવવાનો ૬૨.

૬૨ ત્રણ લીટીએ રૂ. ૧–૨–૦ રાખ્યા છે.

આ પત્ર સાથે કોઈ પણ હેવ ઇલ વહેવારમાં આવશે નહિ.

૬. શાળાપત્રમા આપેલી બાનગી જાહેરખબરોમા જણાવેલી ચોપડીઓ બાતાએ મંજુર કરેલીજ હોય એમ હમેશ હોતું નથી. માટે દરેકને મંજુર કરેલી તરીકે ગણવી નહિ.

૭. શાળાપત્રનું વરસ જાન્યુઆરિથી ડિસેમ્બર સુધી ગણવામા આવે છે; માટે વરસની વચમા જે માહક બંધ થવા માગતા હશે તેમની પાસેથી જોઇતા અંકો તેમને મળ્યા હશે તેટલાની છુટક અંક લેખે કિંમત લેવામા આવશે.

તંત્રી

ગુજરાત શાળાપત્ર.

પુસ્તક ૬૨ મું. ઓકટોબર સને ૧૯૨૨. અંક ૧૦ મો.

અગ્રલેખ.

મુંબઈ સરકારના કેળવણીખાતાનો સને ૧૯૨૦-૨૧નો રિપોર્ટ.

આપણા ઇલાકાના કેળવણીખાતાનો સને ૧૯૨૦-૨૧ નો રિપોર્ટ થોડા વખત ઉપર પ્રસિદ્ધ થયો છે. કેળવણીની સંસ્થાઓમાં તેમજ વિદ્યાર્થીઓની સંખ્યામાં દિન પ્રતિદિન વધારો થતો જાય છે એ સંતોષકારક છે. દેશની સર્વ પ્રગતિનો મૂળ આધાર કેળવણીના બહોળા ફેલાવા ઉપર છે એ સિદ્ધાન્ત સર્વ કોઈ સ્વીકારે છે. કેળવણીના પ્રચાર માટે, શાળા માટેનાં મકાનો અને ટ્રેન્ડ શિક્ષકો ઉપરાંત કેળવણી લેવાની ઉત્કંઠાની પણ ઘણી જરૂર છે. સરકાર આ બાબતમાં મદદ કરી શકે તેટલીજ મદદ લોકો તરફથી પણ મળે ત્યારેજ કેળવણીનો વિશેષ પ્રચાર થાય. હજી પણ કેટલાંક નાના નાના ગામડાં એવા છે કે જ્યાં લોકો પોતાનાં છોકરાંને ભણાવવા કરતાં કમાવા મોકલવાની ઇચ્છા વધારે રાખતા જણાય છે. લોકોની આ સમજ ભૂલભરેલી છે. કેળવણી વગરનો મનુષ્ય ઘણે અંશે પશુ સમાન રહે છે એ ખ્યાલ ઉત્પન્ન કરવાનું કામ ગામડાંમાં કેળવણીમાં રસ લેતા આગેવાનોનું છે. લોકોમાં એ વિષેની જાગૃતિ વધારે થાય, ત્યારેજ કેળવણીની સંસ્થાઓ અને શિક્ષકોની મદદ સરકાર તરફથી મળી શકે.

રિપોર્ટના આંકડા જોતાં જણાય છે કે એકંદરે આ વર્ષમાં છોકરાઓની પ્રાથમિક શાળાઓમાં ૨૬૧નો અને કન્યાશાળાઓમાં ૪૩ નો વધારો થયો છે. વિદ્યાર્થીઓની સંખ્યામાં ૪૦૨૭૬ છોકરાઓનો અને ૯૪૯૪ કન્યાઓનો વધારો થયો છે. પ્રાથમિક શાળાઓના વાર્ષિક ખર્ચમાં આ વર્ષ દરમિઆન ૧૩,૬૧,૭૨૯ રૂપીઆનો એટલે ૧૨ ટકાનો વધારો કરવામાં આવ્યો છે.

પ્રાથમિક શાળાઓની સંખ્યામાં વધારો કરી દેશમાં પ્રાથમિક કેળવણી ફરજીઆત કરવાના પ્રશ્નનો વિચાર કરવા માટે સરકાર તરફથી ઇલાકાની ધારાસભાના કેટલાક સભાસદોની કમિટિ નીમાઈ હતી. આ કમિટિએ ઇલાકાના જુદા જુદા ભાગમાં ફરી તે તે પ્રાન્તના આગેવાનોના અભિપ્રાયો મેળવ્યા છે. આ પ્રશ્ન સંબંધી નિમાએલી કમિટિનો રિપોર્ટ થોડા વખતમાં પ્રસિદ્ધ થશે.

શાળા માટેના મકાનો સંબંધીના આંકડા જોતાં જણાય છે કે લોકલ બોર્ડની નિશાળમાં ૨૯.૨ ટકા નિશાળોને પોતાના મકાન છે; ૧૮-૩ ટકા નિશાળો ભાડાના મકાનોમાં બેસે છે; અને ૪૮.૫ ટકા નિશાળો ખાનગી મકાનો, ધર્મશાળાઓ, મંદિરો વગેરે સ્થળે બેસે છે. આ વર્ષ દરમિઆન ૩૭ નવાં મકાનો બાંધવામાં આવ્યા હતા, ૪૨ મકાનો બંધાવવાનું કામ હાલ ચાલે છે અને ૨૫ મકાનો વિસ્તારમાં વધારવામાં આવ્યા હતા.

શિક્ષકો—પ્રાથમિક શાળાના શિક્ષકોની સંખ્યામાં ૬૦૧૦ નો વધારો થયો છે. આમાંના ૪૩.૬ ટકા શિક્ષકો ટ્રેન્ડ છે. સરકારી શાળાઓમાં ટ્રેન્ડ શિક્ષકોની સંખ્યા ૭૫.૨ ટકા અને મ્યુનિસિપલ નિશાળોમાં ૫૦.૩ ટકા જેટલી છે.

શિક્ષકોના પગારમાં હાલની અતિશય મોંઘવારી ધ્યાનમાં લઈ વધારો કરવામાં આવ્યો છે. પ્રથમ વર્ષના શિક્ષકને શરૂઆતથી ૩ ૬૦, બીજા વર્ષના શિક્ષકને ૩ ૩૫ અને ત્રીજા વર્ષના શિક્ષકને ૩ ૪૦ આપવાનો ઠરાવ થયો છે. આ નવા પગારનો દર સને ૧૯૨૧ ના એપ્રિલથી શરૂ કરવામાં આવ્યો છે.

રાત્રિશાળાઓ—રાત્રિશાળાઓની સંખ્યામાં ૧૪ નો અને તે શાળાઓમાં ભણતા વિદ્યાર્થીની સંખ્યામાં ૫૫૫ નો વધારો થયો છે. આ ઉપરાંત સર વિઠ્ઠલદાસ ઠાકરસી (જે થોડા સમય ઉપર સ્વર્ગસ્થ થયા છે. તેમની) તરફથી અપાયલા ફંડમાંથી મુંબઇમાં ૩૪ રાત્રિશાળાઓ ચલાવવામાં આવે છે.

આ શાળાઓનો ૫૩૭ વિદ્યાર્થીઓ લાભ લે છે. એ શાળાઓનો વહીવટ મુંબઇનું સેન્ટ્રલ કોઓપરેટિવ ઇન્સ્ટિટ્યૂટ કરે છે.

ફરજીઆત કેળવણીઃ—ઇલાકામાં સુરત, વાદરા, ડાકોર, બ્યાદગી અને સતારા એ પાંચ શહેરની મ્યુનિસિપાલિટિઓએ પ્રાથમિક કેળવણી ફરજીયાત કરવાનો પ્રયોગ શરૂ કર્યો છે. સુરત અને વાદરામાં છોકરા તેમજ છોકરીઓ

માટે ફરજીઆતનો નિયમ લાગુ પાડવામા આવ્યો છે. આ પ્રયોગથી ઉપર જણાવેલા દરેક સ્થળે વિદ્યાર્થીઓની સંખ્યામા ઘણો મોટો વધારો થયો છે.

અંગ્રેજીનું શિક્ષણઃ—સને ૧૯૧૮મા કેટલીક પ્રાથમિક નિશાળોમા અંગ્રેજી શીખવવાનો પ્રયોગ શરૂ કરવામા આવ્યો હતો. ઇલાકાના વીસ ગામોમાં પ્રયોગ ચાલુ છે. આ સર્વ સ્થળે આ પ્રયોગ ફતેહમંદ જણાયો છે. પ્રાથમિક નિશાળોમાં અંગ્રેજી શીખવવાની ગોઠવણ કરવાની માગણી વધતી જાય છે. આ સંબંધે સરકાર વિચાર ચલાવે છે.

ટ્રેનિંગ સંસ્થાઓઃ—શિક્ષકો માટેની ટ્રેનિંગ સંસ્થાઓમાં, રિપોર્ટના વર્ષમાં ૭ સંસ્થાઓનો વધારો કરવામા આવ્યો છે. આમાની બે સંસ્થા ઉર્દુમા શિક્ષણ આપવા માટે છે. આ ઉપરાંત અમદાવાદ, પૂના તથા હુબલ્લીમા ઉર્દુ ટ્રેનિંગ કોલેજો પણ ચાલે છે સ્કોલરોની સ્કોલરશિપમાં તા. ૧ લી એપ્રિલ ૧૯૨૦ થી રૂ ૩ નો વધારો કરવામાં આવ્યો છે. સરકારી ટ્રેનિંગ સંસ્થાઓમા કુલ ૨૫૮૦ વિદ્યાર્થીઓ હતા.

સરકારી ટ્રેનિંગ સંસ્થાઓમાથી વર્ષ આખરે કુલ ૧૪૮૧ પુરુષ-શિક્ષકો અને ૧૪૨ સ્ત્રીશિક્ષકો તૈયાર કરી બહાર મોકલવામા આવ્યા હતા. સીનિઅર થએલા શિક્ષકોના ખર્ચને પહોંચી વળવા ઘણી શાળાઓ અશક્ત હોવાથી ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓની સંખ્યા કમી કરવાનો સરકાર હાલ વિચાર ચલાવે છે.

ટ્રેનિંગ સંસ્થાઓ માતેના ખર્ચમા રૂ ૨,૩૧,૬૪૭ નો વધારો કરવામાં આવ્યો હતો.

અભ્યાસક્રમઃ—ટ્રેનિંગ સંસ્થાઓના અભ્યાસક્રમમા સને ૧૯૧૯મા કરવામા આવેલા ફેરફાર એકંદરે સંતોષકારક માલમ પડયા છે. પરંતુ ત્રીજા વર્ષનો અભ્યાસક્રમ પ્રમાણમા જોઇએ તે કરતાં વધારે સહેલો છે એમ કહાય કહી શકાય. આનું પરિણામ એ થયું છે કે ટ્રેનિંગ કોલેજમાં પદ્ધતિસર અભ્યાસ કર્યા વિના બહારના શિક્ષકો પણ સહેલાઇથી ત્રીજા વર્ષની પરીક્ષામા સંખ્યાબંધ પાસ થાય છે. બહારથી પરીક્ષા આપવા આવનાર ઉમેદવાર માટેના નિયમમા કાંઈ યોગ્ય ફેરફાર કરવાની આવશ્યકતાના પ્રશ્નનો વિચાર કરવાનો વખત આવી પહોંચ્યો છે એમ લાગે છે. અભ્યાસક્રમ કંઈક સહેલો થવાથી—ખાસ કરીને સંસ્કૃતનો વિષય, જેને માટે ગયે વર્ષે કોન્ફરન્સમા કેટલોક વિરોધ જણાયો હતો, તે કાઢી નાખવાથી—પણ્ડાત

કોમોના વિદ્યાર્થીઓ, જેઓને અગાઉ અભ્યાસક્રમ અતિશય અઘરો લાગતો હતો, તેમને દાખલ થવાની સરળતા વધી છે.

મુસલમાન વિદ્યાર્થીઓઃ—મુસલમાન વિદ્યાર્થીઓની કેળવણીના પ્રચાર માટે સરળતા દર વર્ષે વધતી જાય છે. તેને પરિણામે ૧૬૧,૪૫૩ વિદ્યાર્થીઓ પ્રાથમિક શાળાઓમા ભણે છે અને ૫૭૬ વિદ્યાર્થીઓ ટ્રેનિંગ સંસ્થાઓનો લાભ લે છે. જાહેર સંસ્થાઓમા કુલ ૪.૨ ટકા જેટલા મુસલમાન વિદ્યાર્થીઓ ભણે છે. ઇલાકાની બધી કોમોની કુલ વસ્તીના ૪.૬ ટકા જેટલા વિદ્યાર્થીઓ ભણે છે. એ આંકડા ધ્યાનમા લેતા મુસલમાન કોમમા ભણનારા વિદ્યાર્થીઓની સંખ્યા અસંતોષકારક ગણાય નહિ. ઇલાકાની કુલ વસ્તી ૨૦.૫ ટકા મુસલમાન છે અને ઇલાકાના કુલ વિદ્યાર્થીઓના ૨૦૨ ટકા મુસલમાન વિદ્યાર્થીઓ છે.

કન્યાકેળવણી —પ્રાથમિક કન્યાશાળાઓની સંખ્યામા આ વર્ષે ૪૩ નો વધારો થયો છે અને કન્યા વિદ્યાર્થીઓની સંખ્યામા ૯૪૯૪ નો વધારો થયો છે એ ઉપર જણાવ્યું છે. નિશાળે ભણતી કન્યાઓમાં માત્ર ત્રણ ટકા જેટલીજ કન્યાઓ ઉપલા ધોરણોમા અભ્યાસ કરે છે. આપણા દેશમા બાળલગ્નના રિવાજને લીધે નાની ઉમરની કન્યાઓને શાળામાંથી ઉઠાડી લેવામા આવે છે તેનું આ પરિણામ છે. આખા ઇલાકાની સ્ત્રીઓની વસ્તીના સંખ્યાનો માત્ર ૨.૧ ટકાજ નિશાળોમા ભણે છે. કન્યાકેળવણી માટે હજી કેટલો બધો પ્રયત્ન કરવાની જરૂર છે તે આ ઉપરથી જણાશે. દેશમા જ્યાંસુધી લગભગ ૯૮. ટકા સ્ત્રીઓ નિરક્ષર હોય ત્યાસુધી ઉન્નતિની આશા રાખવી વ્યર્થ છે કન્યાઓને શિક્ષણ આપવાની બાબતમા લોકમત કેળવાતો જાય છે અને છેલ્લા દશ બાર વર્ષમા એ દિશામા કંઈક આગળ પગલા ભરવામા આવ્યા છે એ શુભ ચિહ્ન છે; પરંતુ હજી ઘણો પ્રયત્ન કરવાનો બાકી છે. દેશના નેતાઓ ઉપરાંત સ્ત્રીશિક્ષકોની આવડત, વર્તન, વભાવ અને ગામડાના લોકોમાં તેમની પ્રતિષ્ઠા ઉપર આ મહત્વના પ્રશ્નનો ઘણો આધાર રહેલો છે. ગામના લોકોને પોતાની કન્યાઓને નિશાળમા મોકલવાની આતુરતા વધારવાનું કામ સ્ત્રીશિક્ષકોનું છે

સ્ત્રીશિક્ષકોઃ—સોકલમોઈની નિશાળોમાં કુલ ૭૦૫ સ્ત્રીશિક્ષકો છે. બાળાના ૪૩૫ ટ્રેન્ડ છે. સ્ત્રીશિક્ષકોની સંખ્યા જોઈએ તેટલી ન હોવાથી કન્યાકેળવણીનો ફેલાવો સંતોષકારક થતો નથી. સિંધમા કન્યાશાળામા જેટલીજ આમ સ્કોલરશિપ ભવિષ્યમા સ્ત્રીશિક્ષક થવા માટે કોમેદવારોને આપવાની ગોઠવણ કરવામા આવી છે.

કન્યાકેળવણી ખાતેના ખર્ચમાં વર્ષ દરમિઆન રૂ ૬,૬૧,૫૫૪ નો વધારો કરવામાં આવ્યો છે.

કન્યાકેળવણીના વધારે ફેલાવા માટે પ્રયાસ કરતા ઉપરાંત આપણા દેશમાં અસંખ્ય મોટી ઉંમરની નિરક્ષર સ્ત્રીઓ છે, તેમને ઉપયોગી જ્ઞાન આપવાની પણ ખાસ જરૂર છે. આ દિશામા પુના, મુંબઇ અને સતારાનાં સેવાસદન, મુંબઇનું વનિતાવિશ્રામ-વગેરે સંસ્થાઓ પ્રયત્ન કરી રહી છે. સ્ત્રીઓને ખાસ ઉપયોગી વિષયો જેવા કે ભરત, સીવણ ગૃહવ્યવસ્થા, આરોગ્ય, તાત્કાલિક મદદ, રાંધવાનું શિક્ષણ, સંગીત વગેરે વિષયોનું શિક્ષણ મોટી ઉંમરની સ્ત્રીઓને આ સંસ્થાઓ મારફત આપવામાં આવે છે. પુનાના સેવાસદનમાં ઉપર જણાવેલા બધા વિષયો ઉપરાંત બીજા પણ ઉપયોગીવિષયોનું શિક્ષણ આપે છે. એ સંસ્થામા ઇલાકાના જુદા જુદા ભાગમાંથી ૯૫૦ સ્ત્રીઓ શિક્ષણ લે છે.

ઉપસંહારઃ—ગયા વર્ષથી કેળવણીખાતું પ્રજાના મંત્રીને સોંપાયા પછી ધારાસભામાં નીચે જણાવેલા અગત્યના ઠરાવ કરવામા આવ્યા હતાઃ—

(૧) સોરઠ બોર્ડની પ્રાથમિક નિશાળોમાં ચોથા ધોરણ સુધી ભણતા સર્વ અંત્યજ વિદ્યાર્થીઓને વર્ગના પુસ્તકો, સ્લેટ અને પેન્સિલ મફત પુરાં પાડવાં.

(૨) નિશાળોના મકાન બંધાવવાની યોજના, નકશા વગેરેને લગતા હાલના નિયમ અનુકૂળ નથી અને તેથી એવાં મકાનો જેમ બને તેમ જલદી અને વધારે સરળતાથી તેમજ ઓછે ખર્ચે બંધાય તે માટે તે નિયમોમાં ફેરફાર કરવાની અગત્ય જણાય છે.

(૩) પ્રાથમિક શાળામાં વધતા જતા ખર્ચને પહોંચી વળવાને જે મ્યુનિસિપાલિટિ અશક્ત હોય તેને મદદની રકમ તરીકે બે વર્ષ માટે રૂ ને બદલે રૂ જેટલી આપવી.

આ રીતે વર્ષ દરમિઆન પ્રાથમિક કેળવણીની સંસ્થાઓમાં તેમજ વિદ્યાર્થીની સંખ્યામાં અને કેળવણી પાછળના ખર્ચમાં દિન પ્રતિદિન વધારો થતો જાય છે એમ રિપોર્ટ ઉપરથી જણાય છે. રિપોર્ટમાંથી પ્રાથમિક કેળવણીની બાબતોજ શાળાપત્રના વાચકોને ખાસ ઉપયોગી હોવાથી તેજ અત્રે આપવામાં આવી છે.

પ્રાર્થના.*

લેખકઃ–મિ. માધવરાવ ભાસ્કરરાવ કર્ણિક ઠે. ગોપીપુરા પટવાશેરી–સુરત.

જેણે સર્જ્યું આ જગ પ્રેમ આણી
ને ઉપજાવ્યા પછી સર્વ પ્રાણી
ચેષ્ટાય જેની કૃતિ હામહામ
તે વિશ્વના તાત ! કરૂં પ્રણામ

સદા ઉગે સૂર્ય જુઓ પ્રભાતે
તારા તણા ઝુંડ જણાય રાતે
જેણે કૃપા લાવી કીધુ તમામ
તે વિશ્વના તાત ! કરૂં પ્રણામ

ભર્યું ભલું નીર નદી તળાવે
શીળા અને શાંત સમિર આવે
આપો મને એ હરિ પૂર્ણ હામ
તે વિશ્વના તાત ! કરૂં પ્રણામ

વર્ષા વિષે વારી વહે વધારે
ધરા જુઓ ખૂબ અનાજ ધારે
જેનું સ્મરે લોક તમામ નામ
તે વિશ્વના તાત ! કરૂં પ્રણામ

નિહાળતા નેત્ર હમેશ હારે
જણાય ના જે જગતે લગારે
છતા ન જેના વિણ હાલીં હામ
તે વિશ્વના તાત ! કરૂં પ્રણામ

આયુષ્યને કાજ અનાજ આપે
સૃષ્ટિ તણા કષ્ટ અનેક કાપે
વર્ણાવતો વહાલ વિશેષ આમ
તે વિશ્વના તાત ! કરૂં પ્રણામ

* નાનાં બાલકો ગાઈ શકે એ હેતુથી આ કાવ્ય રચવામાં આવ્યું છે તો આશા છે કે શાળાઓ તેનો ઉપયોગ કરશે

લેખક.

કરી કીધે પાપ કરે ન પ્રાણી
કરે ન જે લેશ ભૂલો અજાણી
પામે પ્રભુ પાય વિષે વિરામ
તે વિશ્વના તાત ! કરું પ્રણામ
ડરું ન હું દુઃખ થકી જરાએ
એવી મને બુદ્ધિ ભલો સદાએ
અખુટ એવું બળ નિત્ય માંગું
હરિ હમેશાં તુજ પાય લાગું

નિશાળમાં નૈતિક શિક્ષણ.

(લખનાર—રા. રા. ચોપટલાલ કેવળચંદ શાહ ડી. એ.
ઈ. સં. રાજકોટ.)

નિશાળમાં બાળકોને નૈતિક શિક્ષણ આપવાના કેટલાક રસ્તા છે. શિક્ષકનું સદ્‌વર્ત્તન, નીતિ શીખવવાની ખાસ ચોપડીઓ, વાચન, ઇતિહાસ વગેરે પાઠોમાં આવતા નીતિવર્ધક દૃષ્ટાંતો, સારી સોબત, શિક્ષા અને ઇનામ વગેરે માર્ગોમાં શિક્ષકનું સદ્‌વર્ત્તન એ સૌથી શ્રેષ્ઠ માર્ગ છે. નિશાળનું કામ ચાલતું હોય ત્યારે નીતિનું શિક્ષણ શી રીતે આપી શકાય એ વિષે સામાન્ય હકીકત આ નીચે લખી છે.

દરેક પાઠ આપતી વેળા એટલે નિશાળનું કામ જેટલો વખત ચાલે તેટલા વખતમા દરેક પાઠમાં શિક્ષક પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે બાળકોને જાણે અજાણે નૈતિક શિક્ષણ આપ્યાં કરે છે, એમ દરેક શિક્ષકે સારી રીતે સમજવાનું છે. શિક્ષકની રીતભાત, ઉત્સાહ, આચરણ વગેરેની અસર બાળકો ઉપર કંઈ જેવી તેવી થતી નથી. વ્યવસ્થા, ટેવ, દંભત્યાગ, સ્વાર્થ-ત્યાગ, કર્ત્તવ્યનિષ્ઠા, વિદ્યાબળ, સ્વચ્છતા, અંતર્‌હેતુ, મનોનિગ્રહ, ઉત્સાહભર્યો ઉદ્યોગ, નિયમિતતા, ન્યાય, આત્માધીનતા, સ્વતંત્રતા અને સત્યનિષ્ઠા વગેરે શિક્ષક અને શિષ્યના સંબંધમાં આવતી ઘણી બાબતોથી જાણે અજાણે પણ નૈતિક શિક્ષણ મળ્યે જાય છે.

પાઠની શરૂઆતથી તે પાઠ પુરો થતાં સુધી વ્યવસ્થા જાળવવાની જરૂર છે. વર્ગ એવે સ્થળે બેસાડવો જોઈએ કે જ્યાંથી નિશાળ બહાર

ચાલતા વ્યવહારો તરફ બાળકોનું ચિત્ત ન જાય, ને પાઠમાં રહે. શીખવવાની પદ્ધતિ એવી જોઈએ કે બાળકોને શીખવામા રસ પડે. આની નૈતિક અસર એ થશે કે બાળકો એકાગ્ર ચિત્તે કામ કરતા અને અમુક વખત સુધી પોતાના કામમા અખંડ ધ્યાન લગાડતાં શીખશે.

વર્ગ એવી રીતે બેસાડવો જોઈએ કે પાઠમાં ઊઠવા બેસવાની કે કંઈ કામ કરવાની જરૂર પડે તો સહેલાઈથી હરી ફરી શકાય. નંબરની ચડઉતર કરવાની જરૂર પડે તો વર્ગના બધા છોકરાને ઉભા કરી ચડઉતર કરી શકાય. પાંચ છોકરા બેઠા હોય અને પાચ ઉભા હોય તો તેથી ચડઉતરમા હરકત આવે, તેમ અનિયમિતતા દેખાય. કાળા પાટીઆ પર લખવા બોલાવતાં કે પ્રયોગ કરતા કરાવતા સરળતાથી કામ થાય ને આખો વર્ગ જોઈ શકે તેવી રીતે વર્ગની બેઠક બેન્ચ ઉપર, કે તેવાં કોઈ સાધનની ગેરહાજરીમા બોય ઉપર થવી જોઈએ. આથી કેટલીક અડચણ અને કંટાળો દૂર થશે, અને બાળકોનાં મગજ શાન્તિમા રહેશે.

પાઠ આપતી વખતે જોઈતી જરૂરની ચીજોની ગોઠવણી એવી રીતે કરવી જોઈએ કે જ્યારે જે જોઈએ, ત્યારે તે લઈ શકાય અને પાછી યોગ્ય સ્થળે મૂકી શકાય. બાળકો પણ જે સાધન લાવ્યા હોય તે પણ તેની સામે કે પાસે યોગ્ય ગોઠવણથી મુકાએલાં જોઈએ. એકની પાટી પગ પાસે અને બીજાની પીઠ પાછળ પડી હોય, એકની ચોપડી બગલમાં ને બીજાની બોળામાં હોય એમ ન જોઈએ. શિક્ષક જો આ બધું લક્ષમાં રાખશે તો બાળકો મોટા થતા ટોપી કયાય મૂકવી નાખે છે અને કોટ કયાય નાખી દે છે, એમ ગોટાળો કરે છે તે નહિ થાય ને બધુ વ્યવસ્થિત રાખવાની ટેવ પડશે.

બાળકના હાથ, પગ, મુખ, કપડા વગેરે સ્વચ્છ જોઈએ. શિક્ષક જો બધી વાતમા સ્વચ્છ હશે તો બાળકોને સ્વચ્છ રહેવાની ટેવ પડશે. સુઘડતાની પણ ટેવ પાડવાની જરૂર છે. કપડાં બરાબર પહેરવાં જોઈએ; બટન કે બોરીઆં એક બે બંધ કર્યાં હોય અને એક બે ઉઘાડા હોય, અંગરખાની કસો બાંધી ન હોય તો તે વખતે તેમનું લક્ષ ખેંચી સુઘડતાની ટેવ પાડવી.

ચોપડીઓ, નકશા કે સાધન શિક્ષકે એવી સંભાળથી સાચવવાં કે વાપરવાં જોઈએ કે જેથી બાળકોને પોતાનાં સાધનો સાચવવાની ટેવ પડે. ચોપડીઓમા એકજ ઠેકાણે આંગળી રાખી ડાબા પાડે, કે પાના ફાડે કે

પેન્સિલના લીટા કાઢે, કે પાનેપાનાં વીખરાઈ જાય તેમ ઉઘાડે, મૂકે, પછાડે કે ફગાવે; થૂંકથી પાટી સાફ કરે, પેન કે પેન્સિલને નિશાળની બેઠક કે ભીંત સાથે ઘસીને અણી કાઢે, હાથ કે કલમ સાહીથી ખરડે ને પછી એ હાથ નિશાળની ભીંતે કે કપડે લોઈ નાખે, આવી આવી ટેવો છોડાવવા અને એવી ટેવો પડવાનું વલણ ન થાય તેવી શિક્ષકે સંભાળ રાખવી.

પાઠનું કામ શરૂ થતાં ને પુરૂં થતાં શિષ્યો આવે જાય ત્યારે શિક્ષકને *સલામ કરી શાન્તિથી હારમાં ચાલ્યા જાય તેમ થવું જોઈએ.*

વર્ગમાં આવતી વખત જોઈતાં બધાં સાધનો લઈને બાળકો આવે અને જાય એવી ટેવ પાડવી અને જતાં આવતાં યોગ્ય ડ્રિલ કરાવી છેવટે ચોપડીઓ વગેરે સંભાળી લેવાનો હુકમ આપવો.

વખત એવી રીતે ગોઠવવો અને પાઠને એવી રીતે ગોઠવવો કે શિષ્યોનું ધ્યાન પાઠમાં રહે.

ટેવઃ—

યોગ્ય વ્યવસ્થાથી પણ કેટલીક સારી ટેવો પડશેજ. સાદાઈ અને લઘુતામાં કેવી મજા છે, તે બાળકોને પોતાના આચરણથી બતાવવું. માયાળુ સ્વભાવથી, પ્રેમ અને દિલસોજીથી કામ કરવાથી શિક્ષકો એક બીજાને મદદ કરે ને એક બીજા શિષ્યો પ્રસંગ પ્રમાણે પરસ્પર એક બીજાને મદદ કરે, તેથી ભ્રાતૃભાવ વધશે. એક પ્રશ્નનો જવાબ ન મળ્યો તો તે જના કેરની બીજો સહેલો પ્રશ્ન કરવાથી, એકથી વધારે વાર દાખલો ગણવા ગણાવવાથી જાત-મહેનત, ઉદ્યોગ અને ધંતની ટેવ પડશે. "એક બીજાની પાટી કે કાગળમાં જોશો નહિ, કોપિ કરશો મા" એમ કહેવાની જરૂર નથી, પણ ગોઠવણ એવી કરવી કે બાળકો એમ માને કે વિશ્વાસનો ભંગ કરવો ને અસત્ય માર્ગે જવું એ પાપ છે. આપણે એવું કરીએ તો ગુરુની તેજ પ્રભુની અકૃપામા આવી પડીએ. શિક્ષાના ડરથી નહિ, પણ સ્વાભાવિક રીતેજ તેમણે સત્યશીલ રહેવું જોઈએ એમ તેમને સમજાય એવું શિક્ષકે પોતાના સત્ય આચરણથી તેજ પ્રસંગ મળતાં સમજુતીથી બતાવી, સમજાવી તેમને સારી ટેવ પાડવી.

જીભ કાઢવાની, બોચી, માથું કે ગાલ ખંજવાળવાની, હોઠ દાબવાની, હાથ હલાવવાની કે હાથ ગમે તે અવયવને લગાડી રાખવાની, પગ નમાવીને કે શરીર વાંકું કરી ઉભા રહેવાની, ડેસ્ક સાથે છાતી ભરાવી બેસવાની, એવી અનેક તરેહની ઢબંગી કે અસભ્ય ટેવો કેટલાંક બાળકોમાં

હોય છે તે ટેવો છોડાવવી. શિક્ષક આવી ટેવવાળો દેખ્યો ન જોઈએ. ઘણી વખત શિક્ષક વારંવાર એમ બોલ્યા કરે છે કે "સમજ્યા કે", "જે છે તે", આવું આવું પુનરુક્તિથી ભરેલું કર્ણકઠોર બોલ્યા કરે છે ને તેનું જોઈ બાળકો તેવું શીખે છે. લખતાં અફસોસ થાય છે પણ લખવાની જરૂર છે કે કોઈ કોઈ શિક્ષકો નીતીવિરુધ્ધ ને અયોગ્ય શબ્દો બાળકોને કહે છે, ને "રાડ" "મારી શોકય" જેવા શબ્દો શિક્ષિકાઓ બાળાઓ પ્રતિ વાપરે છે. શિક્ષકોએ આવી ખરાબ ટેવનો જલદી નાશ કરવો જોઈએ. શિક્ષકને તો શું પણ સામાન્ય માણસને પણ એવી ટેવ છાજે નહિ.

ન સમજાય તે પૂછવાની ટેવ પાડવી. બાળકોને કંઈ પૂછવું હોય તો સભ્યતાથી પૂછે તેવું ઉત્તેજન આપવું. એમને ખરે રસ્તે ઊહાપોહ કરવા દેવો, એથી તેઓ નિર્ભય કે દબાએલા સ્વભાવના નહિ પણ ભવિષ્યમાં સત્યનિષ્ઠ સ્વતંત્ર શહેરી બનશે.

પ્રશ્નોના જવાબ ઉભા થઈને વિવેકથી આપે ને 'જી' 'જી' બોલે એમ કરવું. "હે" "શું કહ્યું", એવા ઉથડક શબ્દોથી કે ડચકારાથી કે અસંખ્ય હુંકારાથી જવાબ ન આપે તેની સંભાળ રાખવી

બાળકોમા વખણાવાની ને કામ કરવાની તીવ્ર ઇચ્છા હોય છે, તો ભાતભાત વધે અને ઈર્ષાને જરા પણ પોષણ ન મળે એવી રીતે કામનો આનંદ મેળવવાની તેમને ટેવ પાડવી. કોઈ છોકરાને કંઈ દુઃખ થાય, અકસ્માત્ થાય તો એક બીજા પ્રત્યે દીલસોજીથી દુઃખ ઓછું કરવાની મહેનત કરે તેમ થવું જોઈએ, શિક્ષકો પરસ્પર એક બીજાની ઈર્ષા કરતા નથી, પણ મદદ કરે છે; સ્વાર્થાંધ થતા નથી પણ પ્રસંગોપાત્ યથાશક્તિ સ્વાર્થત્યાગ કરે છે, એવું બાળકો જોશે તો તેમને વધારે સારી અસર થશે.

એક દાખલો કે પાઠ ન આવડયો તો શિક્ષકે તેને અડચણ ખસેડતા શીખવવી. ખંતથી કામ કરે અને નિરાશ ન થઈ જાય, કંટાળી ન જાય એવી ટેવ પાડવી. નબળા છોકરાને શીખવવામા શિક્ષક ખંતથી કામ કરશે, ધૈર્ય રાખશે, કંટાળશે નહિ, શાન્ત સ્વભાવ રાખશે, બાળક ભણવામાં બહુ માથાકુટ કરાવે તોએ ચીઢાઈ નહિં જતા શાન્તિથી શીખવશે અને રંક કે રાય સર્વ છોકરા તરફ પક્ષપાત વિના ન્યાયથી વર્તશે તો તેની અસર બાળકો ઉપર ઘણી સારી થશે.

આજ્ઞાધીનતા:—

વ્યવસ્થા અને ટેવ વિષે જે કહેવાયું છે, તે પ્રમાણે વર્ત્તવાથી બાળકોમા આજ્ઞાધીનતા ને વિવેકનો ગુણ વૃદ્ધિ પામશે. શિક્ષકે જે હુકમ કર્યો તે બાળકોએ માનવો જોઈએ, એની શિક્ષકે દૃઢતા બતાવવી જોઈએ. નાની કે નજીવી આજ્ઞા પણ પળાવવી જોઈએ. "બધા પાછી મૂકી દો," "ઉભા થાઓ," "બેસી જાઓ" કે એમ જે કઈ સાધારણ હુકમ આપવામા આવે તે પણ તરત પળાવવા જોઈએ. ન પળાય એવા હોય તેવા હુકમો કરવાજ નહિ "કાલે લેસન નહિ કરી લાવો તો મારીશ" કે "વાસો ભાગી નાખીશ." આ હુકમ અમલમા લાવવા માટે નહિ પણ આવી ધમકી આપ્યા જેવો છે. આવી ધમકીનુ પરિણામ શુ? માટે વિચાર કરીને ગંભીરતાથી આજ્ઞા કરવી ને પળાવવી. બાળકો પોતાની મેળે મહેતાજીનું મન સમજી જાય તેમ થવાની જરૂર છે. ભય કરતા પ્રેમથી વશ થાય તો વધારે સારૂ. વ્યવસ્થા જાળવવામા, સારી ટેવ પાડવામા અને આજ્ઞાધીન રાખવામા કેટલીક વાર શિક્ષાની જરૂર પડશે, પણ જેમ શિક્ષા ઓછી ને પ્રેમનુ બળ વિશેષ તેમ શિક્ષકશિષ્યોની ઓટલે નિશાળની સરસાઈ ગણાશે શિક્ષા કર્યા પછી શિક્ષા ખમનાર તરફ અભાવ ન જોઈએ મહેતાજીપણમા કેવી મહત્તા રહેલી છે તે લક્ષમા લઈ પ્રસંગ પ્રમાણે શિક્ષકે કરડા અથવા કોમળ થવાની જરૂર છે. નિયમભંગ નહિ થવા દીધાથી કે નહિ સહન કરવાથી અને શિક્ષકે પોતે ઉપરીની આજ્ઞામા રહેવાથી બાળકો ઉપર સારી અસર થશે

સત્યનિષ્ઠા:—

કેટલાક શિક્ષકોમા જ્ઞાનસંપત્તિ, કામ કરવાની આવડત કે કર્ત્તવ્યનિષ્ઠા ઓછી હોવા છતા તે બહુ હોવાનુ અને જાણે પોતે સકળ ગુણ જાણનાર હોય તેવો ડોળ કે દંભ બહુ કરે છે.

"નિઃસારસ્ય પદાર્થસ્ય પ્રાયેણાડંબરોમહાન્"

એ કહેવત મુજબ અપૂર્ણ જ્ઞાની, મંદશક્તિના મહેતાજીઓ ઘણા બાબતમા ખોટો ડોળ બહુ રાખે છે. ડોળપ્રિયતા દેખી બાળકો ઘણું કરીને આવા ડોળી મહેતાજીઓના શિષ્યો કે માબાપોના પુત્રો હોય છે. કહેવું કંઈ ને કરવું કઈ અને 'વચનેઽપિ દારિદ્રતા' એવું સમજી વચનની કિમત નહિ ગણનારા મહેતાજીઓ નીતિ સબંધે બાળક ઉપર બહુ ખોટી અસર નીપજાવે છે

ટુંકામાં કહેવાનું કે ઉપર જણાવેલી તથા તેવી બીજી બાબતોમા મહેતાજીઓ સંભાળથી ને સત્યતાથી કામ કરે તો બાળકોને નીતિની ચોપડીઓથી કે ઇતિહાસથી જે શિક્ષણ મળતું હશે તેનાથી હજાર ગણું ઉત્તમ નૈતિક શિક્ષણ આથી મળી શકશે.

" * સૃષ્ટિજ્ઞાન અને બાગકામ સંબંધી શિક્ષકને ઉપયોગી સૂચના. "

(અનુવાદકઃ—રા. લોગીલાલ માણેકલાલ ઉપાધ્યાય.
ગવ. ઇંગ્લિશ કલાસ, ત્રાલસા—ભરૂચ.)



૧ સૃષ્ટિજ્ઞાનનો મુખ્ય ઉદ્દેશઃ—સૃષ્ટિજ્ઞાનનો મુખ્ય ઉદ્દેશ બાળકને તેની આસપાસની દુનીઆની કુદરતી વસ્તુથી જાણીતું કરવાનો છે, અને તેમ કરવામા તેને શીખવવાનું કે તેણે કેવી રીતે અવલોકન કરવુ; વળી અવલોકન ઉપરથી વિચાર કરતા અને કુદરતી વસ્તુઓને ચહાતા અને પ્રશંસા કરતા શીખવવાનુ છે. આ કામને માટે બાળકોને, ઉગતા છોડવા, પ્રાણી અને તેની આસપાસ આવેલા કુદરતી દેખાવોના નજીકના સંબંધમા લાવવા. આ ઉપરાંત બારિકાઇથી અવલોકન કરતા, તેના ઉપર વિચાર કરતા અને તે જે જુએ તે ઉપરથી શુ શુ શીખી શકે છે તે બધુ બાળકો પોતાના પ્રયત્નથીજ કહી શકે તે પ્રમાણે તેમને કેળવવાનો છે.

અવલોકનશક્તિમા ઇચ્છાશક્તિના પ્રયત્નની જરૂર છે, અને બાળકોમા તે શક્તિ લાવવા માટે તેમને કેળવવા અને તેટલાજ સારૂ તેઓને બહાર ફરવા જવાને સારૂ, અને તેઓ જે જે જુએ તે સર્વ ખુલ્લી આંખે અને બારીક દૃષ્ટિથી તપાસે તેવી રીતે કેળવવાં. આ પ્રમાણે કેળવ્યા બાદ તેમનામા તપાસ અને શોધ કરવાની કુદરતી શક્તિઓનો વિકાસ કરવો. આ શક્તિઓ કેળવવાને માટે તેમણે જોએલી વસ્તુઓ ઉપર " કેવી રીતે " અને " શા માટે " એ પ્રશ્નો વારંવાર પૂછવા. કેટલીક વખત અવલોકન એ માત્ર પોપટીઆ ગાન જેવુ થઇ પડે છે. દાખલા તરીકે ફૂલને પાદડી શા માટે હોય છે, પાદડી રંગબેરંગી શા માટે હોય

---

* મે ટ્રેનિંગ કૉલેજના ઇ સાહેબના (ઇંગ્લિશ) નેચરસ્ટડિ સીનો પેપર ઉપરથી

છે, એવા પ્રશ્નો નહિ પૂછતા માત્ર કેટલીક વખત તેઓને પાટી ગણવાનું કહેવામા અગર પટીના આગળા કે નહોર ગણવાનું કહેવામા આવે છે; વળી બાળકો જે અવલોકન કરે તેના ઉપર કારણ શોધવામા માત્ર તેઓ ગપ્પાજ મારે તેવી ટેવ પડે નહિ તે માટે કાળજી રાખવી, કારણ કે કોઈ પણ જાતના સ્પષ્ટ પુરાવા સિવાયનું ગપ્પુ કિંમત વિનાનું છે.

૨. સૃષ્ટિજ્ઞાન શીખવવાનુ સ્થળઃ—ખાસ ધ્યાનમા રાખવાનું છે કે ગણિત, વ્યાકરણ, કે ઇતિહાસની માફક સૃષ્ટિજ્ઞાનનો વિષય વર્ગમાજ બેસીને પાઠય પુસ્તકમાથી શીખવવાનો વિષય નથી જ્યારે જ્યારે હવા અને બીજા સયોગો અનુકૂળ રીતે મળી આવે, ત્યારે ત્યારે નિશાળના બગીચામા કે ગ્રામ્ય ક્ષેત્રમા કે ગામના બાગમા કે આવીજ જાતના બીજા કોઈ સ્થળે ખુલ્લી હવામા આ વિષય શીખવવામા આવવો જોઈએ.

૩. સૃષ્ટિજ્ઞાન અને રસાયનઃ—સૃષ્ટિજ્ઞાનને રસાયન સાથે મેળવી દેવુ જોઈએ નહિ. સૃષ્ટિજ્ઞાનનો હેતુ બાળકને રસાયનવેત્તા બનાવવાનો નથી, પણ જે જે કુદરતી વસ્તુઓ તેના કુદરતી (અસલ સ્વરૂપમા) આવેલી છે તેને ખુલ્લી આખે તપાસતા કેળવવાનો છે. રસાયનનું જ્ઞાન એ કેટલાક વ્યવસ્થિત નિયમોના આધારે ગોઠવેલુ છે અને તેનું શિક્ષણ તેજ નિયમોના આધારે અપાય છે, જ્યારે સૃષ્ટિજ્ઞાન આથી ઉલટા પ્રકારનું છે, અને તે માત્ર અવલોકન અને દરરોજની જિંદગીને લગતું છે.

પ્રાથમિક શાળામા ભાષા અને વ્યાકરણના પાઠ જેવી રીતે એક બીજાથી જુદા પડે છે તેવીજ રીતે રસાયન અને સૃષ્ટિજ્ઞાન જુદા પડે છે. સૃષ્ટિજ્ઞાન એ રસાયનના જ્ઞાનની તૈયારી છે અને તેમાથી રસાયનના જ્ઞાનનુ પ્રાથમિક શિક્ષણ મળે છે.

૪. સૃષ્ટિજ્ઞાનના શિક્ષક સબંધીઃ—સૃષ્ટિજ્ઞાનના શિક્ષકને વનસ્પતિ-શાસ્ત્ર, પ્રાણિશાસ્ત્ર, કે કુદરતી રસાયનનું જ્ઞાન પણ ખાસ આવશ્યક નથી. સૃષ્ટિજ્ઞાનના નક્કી કરેલા અભ્યાસક્રમ ઉપરથી જણાશે કે કોઈ પણ રીતે શિક્ષકને તે વિષયને લગતા ખાસ જ્ઞાનની જરૂર નથી તેમ છતા આ વિષયને માટે કામ કરવાની પ્રબળ ઇચ્છા, આનંદભરી શ્રદ્ધા અને પોતાની આસપાસ આવેલી કુદરતી વસ્તુઓનુ જ્ઞાન સંપાદન કરવાની તીવ્ર ઇચ્છા એવા ગુણવાળો શિક્ષક હોવો જોઈએ. શિક્ષક તેમજ શિષ્ય ઉપર જણાવેલી રીતે કામ કરે તેટલુજ બસ છે. સૃષ્ટિજ્ઞાનના સબંધમા

જેવી રીતે શિષ્યો અવલોકનથી જ્ઞાન મેળવે તેવીજ રીતે અને પુસ્તકોદ્વારા શિક્ષક પણ જ્ઞાન પ્રાપ્ત કરી શકે.

૫. **વિષયનું જ્ઞાન, પદ્ધતિ અને હેતુ:**-આ વિષયમા અમુક બાબતોના જ્ઞાન કરતા તે જ્ઞાનનો અભ્યાસ કરવાની પદ્ધતિ વધારે અગત્યની છે. અહિં વિષયના જ્ઞાન અગર તેને લગતી હકીકત કરતાં પદ્ધતિજ અત્યુપયોગી છે. શિક્ષકે બાળકોને હકીકત કહેવા કરતા, તેમને વારંવાર પ્રશ્ન પૂછી, તેમની પાસેજ અવલોકન કરાવી, સર્વ હકીકત કઢાવવી. શિક્ષકનો ઉદ્દેશ "બાળકોને અભ્યાસમા ચાલાક અને ચપળ રાખવાનો, અને તેમણે કરેલા અવલોકન તથા શોધખોળ તેમને ખરે રસ્તે દોરવાનો છે."

નોટ ઉતારી લેવાનો અગર નોટ ઉતરાવવાનો સવાલ બાજુ પર રહે છે; કારણ કે પાટીઆ ઉપરથી ઉતારેલી નોટથી બાળકોને તેમના પોતાના સ્વતંત્ર કામનો લાભ મળતો નથી. જ્યા આગળ સૃષ્ટિજ્ઞાનને બીજા વિષયોની માફક પાઠય પુસ્તકમાથી નિશાળના ઓરડામાંજ શીખવવામાં આવે છે, ત્યા આગળ શિક્ષક અને શિષ્ય બન્ને આ બાબતમાં ભૂલ કરે છે; વળી જ્યા સૃષ્ટિજ્ઞાનના વિષયમાં કુદરતના પ્રશ્ન સાથે આનંદથી બાળકો ભાગ લેતા ન હોય ત્યા પણ આ વિષય નિષ્ફળ નીવડે છે. જે સૃષ્ટિજ્ઞાનના શિક્ષણથી બાળકો કુદરતી વસ્તુઓના અવલોકનમા અને તે વસ્તુઓમા આનંદ લેતા ન થાય તો જેમ કોઈ ભાષાનો અભ્યાસ તે ભાષા પ્રત્યે પ્રેમ ઉત્પન્ન કરે નહિ તો વ્યર્થ છે તેમ આ શિક્ષણ પણ નિષ્ફળ થશે.

શિક્ષકે જાણવું જોઈએ કે સૃષ્ટિજ્ઞાન એ સામાન્ય અને નજીકની વસ્તુઓનું જ્ઞાન આપવાનો વિષય છે, નહિ કે દૂરની અને ભળે નહિ એવા વસ્તુઓનું. આમ હોવાથી શિક્ષકે ઘણીજ નજીકની અને શિષ્યની જિંદગીના ભાગને લાગુ પડતી વસ્તુઓથી સૃષ્ટિજ્ઞાનની શરૂઆત કરવી જોઈએ. સૃષ્ટિજ્ઞાન તે માત્ર વસ્તુ, પ્રાણી અને છોડની કુદરતી સ્થિતિનુંજ હોવું જોઈએ, વળી તે જે ઋતુમા અને જે સ્થળે આવેલાં હોય ત્યાં જઈ જ્ઞાન મેળવવું. કેળવણીની દૃષ્ટિથી જોતાં આ વિષયના જ્ઞાનનો હેતુ, બાળકો જે વસ્તુઓ જુએ, તે ઉપર ખરો વિચાર કરતાં શીખે, તે પ્રમાણે તેમને દોરવાનો છે, છોડનું જ્ઞાન બાળકને તેના પોતાના બગીચાના ક્યારા ઉપરથી આપવું કે જે ક્યારો તેણે પોતે અગર બે જણાએ થઈને બનાવેલો હોય. આ ઉપરાંત તેઓએ દરેક હકીકતને લગતી નોંધ પોતાની પાસ સ્મરણપોથીમા રાખવી અને વળી જરૂર જેવી હકીકત સાદા ચિત્રથી બતાવવી.

૬ બાગ અને પ્રયોગશાળાનું સામ્યઃ—સૃષ્ટિજ્ઞાનમાં બાગકામ એ ઉપયોગી વસ્તુ છે એટલુંજ નહિ પણ તે તે વિષયનો ખાસ ભાગ ભજવે છે. જેવી રીતે રસાયનમાં લેબોરેટરિ (પ્રયોગશાળા) અગત્યનો ભાગ ભજવે છે તેટલોજ અગત્યનો ભાગ સૃષ્ટિજ્ઞાનના વિષયમાં બાગકામ ભજવે છે; અને તેથીજ કરીને છુટાછવાયા અને કુદરતી રીતે ઝાડ વગેરે વનસ્પતિ ઉગી નીકળે તે કરતાં સાયન્સની રીતે પદ્ધતિસર કામ કરવું જોઈએ. સૃષ્ટિજ્ઞાનની માફક બાગકામમા પણ કામ કરવા તરફ શિક્ષકનું યોગ્ય વલણ અને વિશ્વાસ હોવાં જોઈએ. જે શિક્ષક બાગકામ સારી રીતે જાણે છે પણ પોતાના શિષ્યોને જાણતો નથી તેના કરતાં જે શિક્ષક બાગકામ ઓછું જાણે છે પણ પોતાના શિષ્યોને સારી પેઠે જાણે છે તેનું શિક્ષણ સફળ થાય છે. આ વિષયમાં સામાન્ય રીતે ચાલતી વર્ગના ઓરડાની પદ્ધતિને (ઓર્ડિનરી ક્લાસરૂમ મેથડ) અનુસરવાની જરૂર નથી. તેમ કરવાથી બાળકોનો ઉત્સાહ પડી ભાગશે.

૭ શિક્ષક શું કરવું ? શિક્ષકનામાંજ બધું બાગકામનું જ્ઞાન છે એવું બાળકોના મનમાં આવવું ન જોઈએ. જ્યારે બાળકો પ્રશ્ન પૂછે ત્યારે શિક્ષકે જાતેજ બધા પ્રશ્નોનો જવાબ આપવો નહિ પણ ખાતર, જમીન કે ઝાડ તપાસી તે ઉપરથી બાળકજ જવાબ આપે તેવી પદ્ધતિ ગ્રહણ કરવી. શિક્ષકની મુખ્ય ફરજ બાળકોને બગીચાની નજીકના સંબંધમાં લાવવાની છે બાળકોએ તેમની મેળેજ શોધ કરવી જોઈએ, વિચારવું જોઈએ, અને પોતાના વિચાર જણાવવા જોઈએ. અલબત તેમને બાગ સંબંધી જે અનુભવ હોય, તે સંબંધી કંઈક હકીકત કહેવી જોઈએ. સાવચેતીથી તેમને સીધે રસ્તે દોર્યા છતા બાળકો ભૂલ કરશે; પણ તેમને કેળવવાનો આ પણ એક ભાગ છે. જ્યાં આગળ નિશાળને નિશાળના બાગ માટે પોતાનું કમ્પાઉન્ડ (ચોગાન) હોતું નથી, ત્યાં શિક્ષકની મુખ્ય ફરજ બગીચા માટે જમીન મેળવવાની છે; પુષ્કળ લગોલગ વસતીવાળા ભાગમાં આ બાબતની મુશ્કેલી નડશે, તેમ છતા સાવચેતીથી તપાસ કરતાં જોઈએ તે કરતા વધારે જમીન મેળવી શકાય. શહેર તેમજ ગામડામાં કેટલીક વખત ખાલી જમીનના ટુકડા ઉજ્જડ પડી રહ્યા હોય છે. આવી જમીન તે ગામના અમલદાર અથવા સદ્‌ગૃહસ્થ પાસેથી નિશાળના બગીચા માટે મેળવી શકાય, પણ એવી શરતે કે, તે જમીનને સુધારી તેનો સારો ઉપયોગ કરવામાં આવશે. આ બાબતમાં કેટલીક વખત છોકરાઓના ઘરની પાછળ આવેલી જમીન અથવા તેઓના ખેતરના કુવા નજીકની જમીન પણ શિક્ષક મેળવી શકે.

૧ જમીન તથા ક્યારા સંબંધી:—નિશાળના બાગ કામ માટે ઉપયોગી જમીન સ્વચ્છ અને સપાટ કરવી જોઈએ, પત્થર કાઢી નાખવા જોઈએ, ખાડા પૂરી દેવા જોઈએ, અને અંદર દાખલ થતાં પ્રાણી અટકાવવાને માટે વાડ કરવી જોઈએ. આટલું કર્યા બાદ તેમાં પગથી રાખી તેના ભાગ પાડવા જોઈએ. આ પ્રમાણે તૈયાર કરેલી જમીનના ૩' × ૩' ના ચોખુણા સમચોરસ ક્યારા કરવા જોઈએ અને તે બાળવર્ગથી મોટીને તે બીજા ધોરણના છોકરાઓને આપતાં સુધી ઉપરના માપનાજ ક્યારા રાખવા. ઉપલા ધોરણો માટે ૫' × ૬' ના ક્યારા રાખવા જોઈએ. છોકરાઓના પોતાના ક્યારા ઉપરાંત એક સામાન્ય ચર્ચાને માટે ક્યારો હોવો જોઈએ. પુરતા મોટા કમ્પાઉન્ડ સિવાય મોટાં ઝાડ વાવવા નહિ, અને બાંટવા મધ્યમાં વાવવા કરતાં ખુણામા વાવવા. પપૈયા ઘણીજ થોડી જમીન રોકે છે અને સ્વાદિષ્ઠ તેમજ પુષ્કળ ફળ આપે છે. આમ હોવાથી છોકરાઓ તેની કિંમત ગણશે, માટે તેને નિશાળના બગીચામા વાવવા. કેળ પુષ્કળ જમીન રોકે છે અને પાણી પણ પુષ્કળ જોઈએ છીએ તેથી ફરીને જો કમ્પાઉન્ડમાં કુવો હોય તો તેની નજીકમા કેળનો જથ્થો ઉછેરવો ઠીક પડશે. જ્યાં આગળ ગામના હવા-પાણી અનુકૂળ હોય ત્યાં આગળ ગુલાબ, મોગરો, હજારી, સૂર્યમુખી, જાસુદી વગેરે ફૂલઝાડના છોડ ઉછેરવા અનુકૂળ થઈ પડશે. જો બની શકે તો આ બધાની શોભામાં વધારો કરવા સારૂ આ ક્યારાની કિનારો પણ બાંધી દેવી જોઈએ. બગીચાની બાબતમા, કેટલીક વખત, શિક્ષક પાણીની મુશ્કેલીમાં આવી પડશે; પણ શિક્ષક ઉત્સાહી અને શક્તિવાળો હશે તો તે શિષ્યો અને તેમના માબાપમા ઉત્સાહ ઉત્પન્ન કરશે અને બાગકામમાં તેમની ચપળતાભરી મદદ મેળવી શકશે.

૯ બાગ માટે મુખ્ય સાહિત્ય:—નિશાળના બગીચાના કામમાં સામાન્ય વપરાશ માટે જોઈતા ઓજાર ઘણી સહેલાઈથી દરેક સ્થળે મળી શકે તેવા છે. તેમ તેમાનાં મુખ્ય કોદાળી, પાવડો, દાતરડાં, ખુરપી, ઘાસ છાટવાની કાતર, (નાના છોડ કાપવા સારૂ કે મેદી વગેરેના છોડ સરખી રીતે કાપવા સારૂ) પાણી છાંટવાનો ઝારો, અને પાણી છાટવા માટે ડોલ ઉપયોગી થઈ પડે છે. ઉપર પ્રમાણે સૃષ્ટિજ્ઞાનનો સામાન્ય હેતુ અને પદ્ધતિ જણાવેલી છે. તે વિષયમા ધોરણપરત્વે અભ્યાસક્રમ એ બીજી અગત્યની બાબત છે.

(અપૂર્ણ)

માળેશ્વર અને મીઠી વીરડી.

(રા. ઝાકરલાલ અમૃતલાલ દવે, આ૦ મા૦ પ્રે૦ રા૦ ટ્રે૦ કૉલેજ, અમદાવાદ.)

મુસાફરીથી માણસનું મન વિશાળ થાય છે એ હવે સાબીત કરવાની જરૂર રહી નથી. છતાં આપણા ઘણા કેળવાએલા માણસો પણ આખું વરસ ઘર ઝાલીને બેસી રહેતા માલમ પડે છે. દરેક સમજુ પુરુષે કે સ્ત્રીએ દર વર્ષે પોતાની આવકનો અમુક ભાગ મુસાફરી માટે અલગ રાખવો જોઈએ, અને અમુક અમુક જોવા લાયક સ્થળોએ આનન્દપર્યટન કરવામાં તેનો સદુપયોગ કરવો જોઈએ. તીર્થયાત્રા કરવાનો આપણો જુનો રિવાજ આવા તત્વને અવલંબી રહેલો છે એ સહેજે જણાઈ આવશે.

અમદાવાદ જિલ્લાના ગોધા મહાલમાં મારે ફરવાનું નહી થયું એટલે ત્યા જઈ મેં ત્યાનાં જોવા લાયક રમણીય સ્થળોની યાદી બનાવી:—માળેશ્વર, મીઠી વીરડી, નિષ્કલંક મહાદેવ, નાના ગોપનાથ, મોટા ગોપનાથ, વગેરે. આ યાદીમાનાં પહેલાં બે સ્થળોનું કુદરતી સૌન્દર્ય વર્ણવી તેની ટુંકી ખ્યાલ વાચકોને આપવાનો આ લેખનો હેતુ છે.

(૧) ચારે બાજુએ ઉંચા ટેકરાઓથી ઘેરાએલા મનોહર વન્ય પ્રદેશમા માળેશ્વર મહાદેવનું જુનું દહેરૂં આવેલું છે. ભાવનગરના સ્વ. રાજા તખ્તસિંહજીએ સંવત ૧૯૪૩ માં (એટલે ૩૪ વર્ષ પૂર્વે) એ પ્રાચીન શિવાલયનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. શિવાલય ભાવનગર રાજ્યની હદમાં આવેલું છે. મોટાખોખરા, ઉખરલા, ત્રંબક, ભંડારિયા એ ચારમાંથી કોઈ પણ ગામથી માળેશ્વર જઈ શકાય છે. અલબત ડુંગર ચઢવાનો ઉતરવાનો તો ખરોજ.

ગઈ વિજયાદશમીને મંગળવારે સવારે ૭–૧૫ વાગે હું માળેશ્વર જવાને સજ્જ થયો. મોટા ખોખરાથી નીકળ્યો, અને સવા કલાકે શિવદ્વારે જઈ પહોંચ્યો. એ સવા કલાક ખરી અંગકસરતનો હતો. ચોમાસું તરતજ પુરૂં થએલું એટલે ચારે બાજુએ ડુંગરાળ પ્રદેશમા કુદરત પૂર બહારમા હતી. ઘાસ તો એટલું બધું ઉગેલું કે ઘણી વેળાએ ઘાસમાં થઈને ચાલતા મનુષ્યનું માથું પણ બહાર જણાય નહિ. મોટા મોટા વિષમ પથરાઓ તો રસ્તામાં ઠેર ઠેર પડેલા હતા. પાણીનાં ઝરણાં ખળખળ વહેતાં કાનને અથડાતાં હતાં.

મૂળના નિયમ ઉપર આવતાં પહેલાં ત્રણ પેટા નિયમો અને તેનાં કારણો જાણવાં ઠીક પડશે.

૧. ૧૦૦ ÷ ૧૧ = ૯ ભાગાકાર ને ૧ શેષ;
૨૦૦ ÷ ૧૧ = ૧૮ ભાગાકાર ને ૨ શેષ;
૩૦૦ ÷ ૧૧ = ૨૭ ભાગાકાર ને ૩ શેષ;

આ પ્રમાણે આવી એકલા શતક વાળી સંખ્યાને ૧૧ થી ભાગતાં જેટલા શતક હોય તેટલાજ શેષ વધે છે.

હવે ૧૬૫, ૨૩૧, ૩૫૨, ૫૩૯, ૭૫૯, ૯૭૯ એવી ત્રણ આંકડા વાળી સંખ્યાઓમાં આ પ્રમાણે થાય છે;

૧૬૫ = ૧૦૦ + ૬૫ તેમાં ૧૦૦ ને ૧૧ થી ભાગતા ૧ શેષ વધશે; અને એ ૧ + ૬૫ = ૬૬ ને ૧૧ થી નિઃશેષ ભાગી શકાય છે. માટે ૧૬૫ ને પણ ૧૧ થી નિઃશેષ ભાગી શકાય.

તેજ પ્રમાણે ૯૭૯ = ૯૦૦ + ૭૯ એમા ૯૦૦ ને ૧૧ થી ભાગતાં ૯ શેષ વધશે; અને એ ૯ + ૭૯ = ૮૮ ને ૧૧ થી નિઃશેષ ભાગી શકાય છે. માટે ૯૭૯ ને પણ ૧૧ થી નિઃશેષ ભાગી શકાય છે.

આ ઉપરથી એવો સામાન્ય નિયમ નીકળ્યો કે કોઈ પણ ત્રણ આંકડાવાળી સંખ્યાના શતક અને બાકીની સંખ્યાનો સરવાળો ૧૧ થી નિઃશેષ ભાજ્ય હોય, તો આખી સંખ્યા ૧૧ થી નિઃશેષ ભાજ્ય છે.

૨. ૧૦૦ ÷ ૭ = ૧૪ ભાગાકાર ને ૨ શેષ.
૨૦૦ ÷ ૭ = ૨૮ ભાગાકાર ને ૪ શેષ.
૩૦૦ ÷ ૭ = ૪૨ ભાગાકાર ને ૬ શેષ.

આ પ્રમાણે આવી એકલા શતકવાળી સંખ્યાને ૭ થી ભાગતા શતકના અંકથી બમણા શેષ રહે છે.

હવે ૧૮૨, ૨૩૮, ૩૫૭, ૪૬૬, ૫૪૬, ૬૭૨, ૭૮૪, ૮૧૨, ૯૨૪ એવી ત્રણ આંકડાવાળી સંખ્યાઓમા આ પ્રમાણે થાય છે;

૧૮૨ = ૧૦૦ + ૮૨ એમાં ૧૦૦ ને ૭ થી ભાગતા ૨ શેષ વધશે; અને એ ૨ + ૮૨ = ૮૪ ને ૭ થી નિઃશેષ ભાગી શકાય છે. માટે ૧૮૨ ને પણ ૭ થી નિઃશેષ ભાગી શકાય છે.

તેજ પ્રમાણે ૯૨૪ = ૯૦૦ + ૨૪ એમાં ૯૦૦ ને ૭ થી ભાગતા ઉપરના

નિયમ પ્રમાણે એમાં ૯ × ૨ = ૧૮ શેષ વધશે; અને અને એ ૧૮ + ૨૪ = ૪૨ ને ૭ થી નિઃશેષ ભાગી શકાય છે.

આ ઉપરથી એવો સામાન્ય નિયમ ઉત્પન્ન થયો કે કોઈ પણ ત્રણ આંકડાવાળી સંખ્યાના શતકના અંકની બમણાઈ અને બાકીની સંખ્યાનો સરવાળો ૭ નો નિઃશેષ ભાજ્ય હોય તો આખી સંખ્યા ૭ નો નિઃશેષ ભાજ્ય થાય.

૩. ૧૦૦ – ૧૩; એમાં ૧૦૦ માં ૪ ઉમેરીએ તો ૧૩ નો નિઃશેષ ભાજ્ય થાય.

૨૦૦ – ૧૩; એમાં ૮ ઉમેરીએ તો ૧૩ નો નિઃશેષ ભાજ્ય થાય.

૩૦૦ – ૧૩, એમાં ૧૨ ઉમેરીએ તો ૧૩ નો નિઃશેષ ભાજ્ય થાય.

આ પ્રમાણે આવી એકેક્કા શતક વાળી સંખ્યાને ૧૩થી નિઃશેષ ભાગવી હોય તો શતકના અંક કરતાં ૪ ગણા ઉમેરવાથી તે સંખ્યા ૧૩ ની નિઃશેષ ભાજ્ય થશે.

હવે ૧૯૫, ૨૨૧, ૩૫૧, ૪૬૮, ૫૦૭, ૬૧૧, ૭૧૫ ૮૦૬, ૯૨૩ એવી ત્રણ અંકડા વાળી સંખ્યાઓમાં આ પ્રમાણે થાય છે.

૧૯૫ = ૧૦૦ + ૯૫ તેમાં ૧૦૦ ને ભાગવા ૪ જોઈએ તે ૯૫ માંથી લઈએ એટલે ૯૫ — ૪ = ૯૧ થાય તે ૧૩ થી નિઃશેષ ભાજ્ય છે, માટે આખી સંખ્યા ૧૯૫ પણ ૧૩ ની નિઃશેષ ભાજ્ય છે.

તેમજ ૯૨૩ = ૯૦૦ + ૨૩ એમાં ૯૦૦ ને ભાગવા (૯ × ૪ = ૩૬) જોઈશે એટલે ૨૩ — ૩૬ = — ૧૩ એ ૧૩ નો નિઃશેષ ભાજ્ય છે, માટે આખી સંખ્યા ૯૨૩ પણ ૧૩ નો નિઃશેષ ભાજ્ય છે.

આ ઉપરથી એવો સામાન્ય નિયમ નીકળે છે કે કોઈ પણ ત્રણ આંકડાવાળી સંખ્યાના શતકના અંકથી ચાર ગણાઈ અને બાકીની સંખ્યા એ બેનો તફાવત જો ૧૩ નો નિઃશેષ ભાજ્ય હોય તો આખી સંખ્યા ૧૩ નો નિઃશેષ ભાજ્ય થાય.

૪. ૭ × ૧૧ × ૧૩ = ૧૦૦૧ છે. માટે ૧૦૦૧ નો કોઈ પણ ભાજ્ય ૭, ૧૧, ૧૩, નો પણ નિઃશેષ ભાજ્ય છે. ૧૦૦૧ માં એવી ખૂબી છે કે તેના છેલ્લા ત્રણ અંકમાંથી હજારનો અંક બાદ કરતાં ૦ વધે છે, તે તેના બધા ભાજ્યમાં રહે છે જેમકે

(૧) ૧૦૦૧ × ૩૬૯=૩૬૭ ૩૬૭ એમાં ત્રણ ત્રણ અંકની બને જોડીઓની બાદબાકી ૦ થાય છે

(૨) ૧૦૦૧ × ૫૭૩૬ = ૫,૭૩૬,૦૦૦
૫,૭૩૬
૫,૭૪૧,૭૩૬
} એમાં વચલા ત્રણ અંકોની જોડી પહેલી જોડી અને ત્રીજી જોડીના સરવાળાથી બનેલી છે.

(૩) ૧૦૦૧ × ૭૬૪૬૮ = ૭૬,૪૬૮,૦૦૦
૭૬,૪૬૮
૭૬,૫૪૪,૪૬૮
} સદર.

(૪) ૧૦૦૧ × ૯૮૭૬૬૫ = ૯૮૭,૬૬૫,૦૦૦
૯૮૭,૬૬૫
૯૮૮,૬૫૨,૬૬૫
} સદર.

ઉપરના ચાર હિસાબો ઉપરથી ૧૦૦૧ નો કઈ સંખ્યા ભાજ્ય છે તે શોધી કાઢવાની એવી રીત નીકળે છે કે આપેલી સંખ્યાની જમણી તરફથી ત્રણ ત્રણ અંકોની જોડીઓ બનાવવી. ડાબી બાજુની પહેલી જોડી તેની પાસેની જમણી તરફની જોડીમાથી બાદ કરો; તે બાદબાકી તેની પાસેની જમણી તરફની જોડીમાથી બાદ કરો; એ પ્રમાણે છેક જમણી બાજુની પહેલી જોડી સાથે બાદબાકી કરતા ૦ વધે તો આખી સંખ્યાને ૧૦૦૧ નિઃશેષ ભાગી શકશે. એટલે આખી સંખ્યાને ૭, ૧૧, ૧૩ એ ત્રણે નિઃશેષ ભાગી શકશે.

હવે

(૧) ૧૪,૦૧૪ અથવા
— ૧૪
૦૦૦

(૨) ૧,૦૧૪; ૨૦૧૪; ૩૦૧૪
— ૧૩ — ૧૨ — ૧૧
૧૦૦૧ ૨૦૦૨ ૩૦૦૩

એટલે ડાબી બાજુના ૧૪ ના ૧ અને ૧૩, ૨ અને ૧૨, ૩ અને ૧૧ એવા બે ભાગ કરીએ; અને ૧, ૨ અથવા ૩ ને મૂળ જગાએ રાખીએ; અને અનુક્રમે ૧૩, ૧૨, અથવા ૧૧ બાદ કરીએ તો અનુક્રમે ૧૦૦૧, ૨૦૦૨, અથવા ૩૦૦૩ વધે છે. પહેલી રીતે આપણે જાણીએ છીએ કે ૧૪૦૧૪ એ ૧૦૦૧નો નિઃશેષ ભાજ્ય છે; અને બીજી રીતે ૧૪ ના ગમે તેવા બે ભાગ પાડી બાદ કરવાથી બાદબાકી પણ ૧૦૦૧ નો નિઃશેષ ભાજ્ય જ વધે છે એટલે એ પ્રમાણે ડાબી બાજુની જોડીના ભાગ કરી બાદબાકી કરવાથી પણ એ વિભાજ્યતા જાણી શકાય છે. માટે જ્યારે જમણી બાજુની જોડીમાથી તેની પાસેની ડાબી બાજુની જોડી બાદ થઈ શકતી ન હોય ત્યારે ડાબી

બાજુની જોડીમાંથી ૧ કમી કરવો અને તે એક જગ્યાએ બાજુની જોડી સાથે રહેવા દઈ તે જોડી ચાર આંકડાની બનાવવી; અને તેમાંથી ઘટાડેલા એક વાળી ડાબી બાજુની જોડી બાદ કરવી. તેથી બાદબાકી સહેલાઈથી થઈ શકશે. જેમકે ૯૮૮,૬૫૨,૬૬૫,

૧ ૬૫૨	૬૬૫	એમાં ડાની બાજુની છેલ્લી જોડી ૯૮૮ની
—૯૮૭	—૬૬૫	છે. તેમાંથી ૧ ત્યાંજ રહેવા દઈ તેની પછી
———	———	ની જગ્યાની જોડી ૧,૬૫૨ ની બનાવી
૬૬૫	૦૦૦	તેમાં ૯૮૮ – ૧ = ૯૮૭ થી બાદ કર્યા.

આ પ્રમાણે બાદબાકીમાં કરતાં જ્યારે ૦ વધે ત્યારે હંમેશાં આખી સંખ્યાને ૭, ૧૧, ૧૩ એ દરેકથી નિઃશેષ ભાગી શકાય છે. પણ જ્યારે ૦ ન વધે ત્યારે કોઈ પણ સંખ્યા વધે. તેને ૭, ૧૧ કે ૧૩ માંથી જે જે અવયવો નિઃશેષ ભાગી શકે તે તે અવયવો આખી સંખ્યાને ભાગી શકશે. વળી ૦ ન વધે ત્યારે એ ત્રણે અવયવો એકી સાથે તો ભાગી નજ શકે.

ચર્ચાપત્રના ઉત્તરો.

(૧)

૨૦. દલસુખરામ સંતોકરામ પંડ્યા. (મારતર. પાન્ડુ તા. પાન્ડુ મેવાસ.)

પ્રશ્નઃ—પાચમી ચોપડી પાન ૬૨મા આપેલી હલદીઘાટની લડાઈની સાલ સંવત ૧૭૩૨ થી રીત કોઈ થઇ ?

ઉત્તર.—હલદીઘાટની લડાઈ ઈ. સ. ૧૫૭૬ માં થઈ છે. એટલે સંવત ૧૬૩૨ સમજવું.

(૨)

૨૧. કાળીદાસ જદુરામ ઉપાધ્યાય. (મારતર. ચણવાઈ તા. વલસાડ.)

(૧) પ્રશ્નઃ—બ્રહ્મપુત્રાને નદ કેમ કહે છે ?

ઉત્તરઃ—નદ શબ્દ સંસ્કૃત છે. મોટી નદીને નદ શબ્દની સંજ્ઞા આપવાની સંસ્કૃત રીત છે. બ્રહ્મપુત્રા વિશાળ નદી છે એ જાણીતી વાત છે. નદીની સંજ્ઞા પણ આપી શકાય.

(૨) પ્રશ્નઃ—દેડકો જીભ વિના બોલી શકે ખરો ?

ઉત્તરઃ— આનો ઉત્તર જુના ચાર્ટાપત્રોમાં અપાઈ ગયો છે.

(૩)

બહેન કાશી ત્રીકમદાસ. હેડમિસ્ટ્રેસ. મુ. ચોર વડોદરા.
તા. સાણંદ.

પ્રશ્નઃ—ત્રીજી ચોપડી પાઠ. ૬૨ મા પાંચ ચિત્રો આપ્યાં છે. તેના નામ શાં હશે ?

ઉત્તરઃ—કુલ ત્રણ પ્રાણીનાજ ચિત્ર માની લેવાના છે એમ પાઠની હકીકત વાંચતા સમજાશે. જવાસાને લગતો તમારો પ્રશ્ન ચર્ચાપત્ર રૂપે અત્રકાશે છપાશે.

(૪)

મુન્શી હયાતભાઈ રાજેભાઈ મુ. પાટડી.

પ્રશ્નઃ—શાહાબુદ્દીન ઘોરીને ગઝર લોકોએ માર્યો કે પૃથ્વીરાજે માર્યો ?

ઉત્તરઃ—આ વિષે મતભેદ છે. પૃથુરાજરાસામાં ચંદે શબ્દવેધથી માર્યાનું લખ્યું છે. ગઝર લોકોએ માર્યો હોય એ વધારે ઐતિહાસિક છે.

(૫)

નાથાભાઈ હેડમાસ્તર મુ. નાયલા. અંભાત.

પ્રશ્નઃ—છઠ્ઠી ચોપડી પાઠ ૨૭. "ઓટલે.....મહેતાજીને આવતા જોઈ નાસી જાય છે." આ વાક્ય કેળવણીની પ્રાચીન કે અર્વાચીન પ્રથા બતાવે છે ?

ઉત્તરઃ—પ્રાચીન. આ વાક્ય કાઢી નાખવું અનુકૂળ નથી કારણ કે મૂળ પુસ્તકમાનું તે અવતરણ છે.

(૨) પ્રશ્નઃ—છઠ્ઠી ચોપડી. પાઠ ૭૭ "કેટલાએક.....જતા હતા." પાવડી પહેરી શહેર બહાર લોટા લઈ કેમ જતા હશે ?

ઉત્તરઃ—આ શંકા બહુ વાસ્તવિક નથી. પ્રશ્ન ૩ ૪ નિરર્થક છે.

(૬)

પ્રભુરામ જયરામ જોશી. મુ. વારાહી.

(૧) પ્રશ્નઃ—રાણકદેવી પાટણ ગઈ હતી કે નહિ અને સતી કયા થઈ ?

ઉત્તરઃ—કેટલીક જુની ઐતિહાસિક હકીકતના ખુલાસા શંકાવાળા હોય છે; કારણ કે તે હકીકત પુરવાર થઈ શકતી નથી. પાટણ તે ગઈ નથી અને વઢવાણ આગળ સતી થઈ છે એ વાત વધારે માનવા જેવી છે.

(૨) પ્રશ્નઃ—મારે કામ છે એમાં 'મારે' શબ્દ કઈ વિભક્તિમાં લેવો ?
ઉત્તરઃ—ચોથી.

(૩) પ્રશ્નઃ—કૈકેયીને કેટલા પુત્રો હતા ?
ઉત્તરઃ—એકજ. (શત્રુઘ્ન)

(૭)

હરિચંદ ઉમેચંદ વોરા. મુ. શીહોરી
તા. કાંકરેજ.

(૧) પ્રશ્નઃ—દેસાઈ અને દેશાઈ એમા કઈ જોડણી ખરી.
ઉત્તરઃ—દેસાઈ શબ્દ ખરો છે તેવીજ રીતે શિઆળ કે શિયાળ એ શબ્દોમા 'શિઆળ' ખરો માનવો.

રતિલાલ કેશવલાલ ભટ્ટ. મુ. ભોલાદ.
તા. ધોળકા.

પ્રશ્નઃ—ભૂમિતિ ભા. ૧ પૃ. ૧૪ નો પ્રશ્ન ૧૮ નો જવાબ ખોટો છે કે ખરો ?
ઉત્તરઃ—ખોટો (છાપવાની ભૂલ છે.)

(૮)

નાનાભાઇ ધરમદાસ. મુ. સુરત.

પ્રશ્નઃ—જયશિખરી ઉપર ભુવડે ૯૯૨ માં ચઢાઈ કરી એમ લખ્યું છે એ ખરૂં છે ?
ઉત્તર—આનો નિર્ણય અગાઉના શાળાપત્રના અંકમાં છપાઈ ગયો છે.

(૯)

મીર સાહેબમાંયાં કાદરી. ઉર્દુશાળા નં ૨૫

અમદાવાદ.

પ્રશ્નઃ—ચોથી ચોપડી પાઠ. ૧૩. કેટલાંક જુવાન બૈરાંને એક જાતનો રોગ થાય છે. આ રોગ કયો ?

ઉત્તરઃ—તેને હિસ્ટીરીઆ કહે છે.

---

(૧૦)

નગીનદાસ હઠીસીંગ શાહ. મહેતાજી. કોંચરબ.

(૧) પ્રશ્નઃ—પહેલી ચોપડી પાઠ. ૨૬. ખળામાં ઢગલો કરે છે કે ખોળામાં ?

ઉત્તરઃ—ખળા શબ્દ માની લેવો. બાળકોને એ ગીત ગાતી વખતે અભિનય કરી બતાવવાનો છે તેથી પેટ ઉપરનાં કપડાંમા ડુંડા નાખવાનો દેખાવ કરે છે. માટે ખોળો શબ્દ માની લેવાય નહિ.

(૨) પ્રશ્નઃ—પહેલી ચોપડી પાઠ છઠ્ઠો. ' ડીલ ચોળીને અને " ચોખ્ખા મારા દીલમાં " આ બંને સ્થળે 'દ' અને 'ડ' જુદા જોઈએ કે એકજ જોડણી જોઈએ.

ઉત્તરઃ—ડીલનો અર્થ શરીર થાય છે અને દીલનો અર્થ મન થાય છે બંને શબ્દો ખરા છે.

(૩) પ્રશ્નઃ—ભૂગોળ ભાગ. ૧ લા મા સિંધ પ્રાન્તમાં નવાબશા જિલ્લો ઉમેર્યો નથી. કેટલાક રાજકીય સુધારાની હકીકત પણ ભાગ બીજામાં નથી.

ઉત્તરઃ—નવી આવૃત્તિ લખાશે તેમા આ સુધારા થશે.

ચતુરભાઇ બાબરભાઇ પટેલ.

આસિ. માસ્તર. મુ. સજોદ. તા. અંકલેશ્વર.

(૧) પ્રશ્નઃ—સાતમી અને છઠ્ઠીમા શકુન્તલાને લગતા પાઠોમા કણ્વ ઋષિ અને કાસ્યપ એવા બે નામ છે તે એકજ માણસનાં માનવાં કે જુદા જુદાં ?

ઉત્તરઃ—કણ્વ એ ઋષિનું નામ છે, તે કશ્યપના ગોત્રી હોવાથી કાસ્યપ નામથી પણ ઓળખાય છે.

જાહેરખબર.

હિંદી સૈનિકો તથા તેમના સાથીઓ જેઓ લડાઈ ઉપર હતા ત્યારે મરી ગયા અથવા અશક્ત થઈ ગયા હોય તેમનાં છોકરાંની કેળવણી માટેની યોજના સંબંધી સરકારે જે નિયમો મંજુર કર્યા છે તે સર્વની જાણ માટે નીચે પ્રસિદ્ધ કરવામાં આવે છેઃ—

૧. ૧૯૧૪ ના ઓગસ્ટની તા. ૪ થી કે તે પછીથી લડાઈ લડવાને માટે ગએલા અથવા તો તે કામમાં જોડાએલા સૈનિકો કે સૈનિકો ન હોય તેવા માણસોમાંના જે કોઈ કાયમને માટે નોકરી કરતી વખતે ઘાયલ થઈ અશક્ત થયા હોય અથવા તો કોઈ રોગના ભોગ થઈ પડયા હોય તે ગમે તે કોઈ હોદ્દાવાળા માણસોના છોકરાંઓને (છોકરાં અને છોકરીઓને) આ નિયમો લાગુ પડશે.

૨ ઉપર કહ્યા તેવા બધા પુરુષોની યાદી નીચેના ફોર્મ મુજબ તેમનું રહેવાનું સ્થળ ભરી બ્રિટિશ હદના દરેક જિલ્લાના કલેક્ટર સાહેબ ઉપર ડીપો તથા યુનિટસના ઉપરી અમલદારે નિકાલ માટે મોકલી આપવી. એવીજ એક દેશી રાજ્યો માટેની યાદી પોલીટીકલ ખાતાના સેક્રેટરીને યોગ્ય લાગે તેવા પગલા માટે મોકલી આપવી. પુરવણી રૂપે રજુ કરવાની યાદી દરેક સોર વર્ષ પુરું થએ મોકલવી પડશે.

(૩) કલેક્ટર સાહેબ એ યાદી ઉપરથી તેમાં લખેલા ૧૬ વરસની ઉંમર નીચેના બધા બાળકોના નામની નોંધ રાખશે અને ઉંમરની ખાત્રી કરશે. (આવા નામ નોંધતી વખતે છોકરીઓની બાબતમાં રૂઢિને લગતી લાગણીઓને યોગ્ય માન આપવામાં આવશે.) તે છોકરાંઓના વાલીઓને સ્કોલરશિપ મેળવવા લાયક છે એવું પ્રમાણપત્ર આપવામાં આવશે. સ્કોલરશિપ લેનાર બાળકે ૧૦ વર્ષની ઉંમર શરૂ થતા પહેલાં નિશાળમાં દાખલ થવું જોઈશે.

ટીપઃ—આ શરત જ્યાં ઘણી અગવડ ઉભી થાય તેવાં છોકરાઓને અંગે પાળવાની જરૂર નથી. જે છોકરાંઓની પ્રાથમિક કેળવણીની બાબતમાં રીતે પુરેપુરી ગોઠવણ થઈ હોય તેને ઉપલો નિયમ લાગુ પાડવાની જરૂર રહેશે નહિ.

(૪) ઉપર દર્શાવેલું સર્ટિફીકેટ સરકારે મંજુર કરેલી કોઈ પણ શાળાના ઉપરીને રજુ કરનાર બાળક નીચેના નિયમો મુજબ દાખલ થઈ શકશે.

(અ) ભરત કેળવણી ઉપરાંત રહેટ, ચોપડીઓ વગેરેના ખર્ચ માટે વધુમા વધુ ૭ રૂપીઆ જેટલી વાર્ષિક રકમ.

(૬) છોકરાઓ માટેનું ગુજરાતી ચોથું ધોરણ અને છોકરીઓ માટેનું ગુજરાતી ત્રીજું ધોરણ પાસ કરનારને સરકારે મંજુર કરેલી એંગ્લો વર્નાકયુલર શાળાના ધોરણ ૧, ૨, અને ૩ મા માસિક રૂ. ૩) ની સ્કોલર શિપ મળશે. ઉપરાત (સરકારની મદદ લેતી અથવા મંજુર કરેલી શાળાઓમાં) ઉપરના ધોરણોમાં લેવાતી ફીનું ખર્ચ અને રમતો કે બીજી બાબતોની જે ફી લેવામા આવતી હોય તે પણ મળશે. સરકારી નિશાળોમા સ્કોલરશિપ આપવા ઉપરાત એવા છોકરાઓને મારી દાખલ કરવામાં આવશે અને રમતોની ફી લેવામાં આવશે નહિ. આ સ્કોલરશિપ ત્રણ વર્ષ ચાલુ રહેશે, કુળવણી લેનાર વિદ્યાર્થી માદો પડે અથવા તો અનિવાર્ય કારણને લીધે તેનો અભ્યાસ રોકાઈ જાય તો સ્કોલરશિપની મુદત તે તે નિશાળોના ઉપરી ઇન્સ્પેકટરની મુન્સફીથી ચાર વર્ષની કરી આપવામા આવશે

(ક) પ્રાથમિક શાળાનો અભ્યાસ અથવા તો એંગ્લો વર્નાકયુલર ધોરણ ત્રીજું પુરૂં કર્યા પછી હુન્નર ઉદ્યોગને લગતી સરકારે મંજુર કરેલી શાળામા દાખલ થનારને માસિક રૂ. ૫) ની સ્કોલરશિપ મળશે. આ સ્કોલરશિપ તે સંસ્થાનો અભ્યાસ પુરો કરવાની જેટલી મુદત હોય તેટલી મુદત ચાલુ રહેશે. આ સ્કોલરશિપ આવી સંસ્થામાં દાખલ થવાની તારીખે જેમની ઉંમર ૧૨ થી ઓછી હોય અથવા તો ૧૭ થી વધારેની હોય તેમને સામાન્ય રીતે આપવામા નહિ આવે.

ટીપઃ—ઉપર લખેલા (અ) મુજબ મેળવવાની સ્કોલરશિપ માટે નિશાના ડે. એ ઇન્સ્પેકટરને અરજી કરવી અને (૬) અને (ક) માં દર્શાવેલી સ્કોલરશિપ માટે પોતાની નિશાળના ઉપરી મારફત વિભાગના ઉપરી ઇન્સ્પેકટરને અરજી કરવી.

(૯) ઉપર સૂચવેલુ ફ્લેકટરનું સર્ટિફીકેટ મેળવનાર માણસોના હિત માટે અલગ રાખેલી હાઈસ્કૂલ અને કોલેજોમા અપાતી સ્કોલરશિપો પણ મળી શકશે. બધા વિદ્યાર્થીઓને હરિફાઈ કરવાની સ્કોલરશિપની પરીક્ષામા બેસવાના હકમા આથી બાધ નહિ આવે. હાઇસ્કૂલમા અપાતી અમુક કોમ માટેની સ્કોલરશિપો પરીક્ષાના પરિણામ પ્રમાણે અપાશે; કેમકે દરેક જિલ્લામાંની હાઇ અને સ્પેશિઅલ સ્કૂલોની સ્કોલરશિપો બધા વિદ્યાર્થીઓને માટેની (Open) સ્કોલરશિપો જેટલીજ કિંમતની મળશે અને અમુક કોમ માટેની સ્કોલરશિપની લાયકાત ધરાવનારા ઉમેદવારોને જે શરતે આપવામા આવે છે તે શરતે આ સ્કોલરશિપ આપી શકાશે એટલે કે પરીક્ષાના કુલ દોકડાના ૪૦ ટકા કરતા ઓછા માર્ક ન મેળવનારને તે મળી શકશે ઉપર લખેલા નિય-

ગ્રેત છોકરાઓમાંના જે સ્કૂલલીવિંગ સર્ટિફીકેટની પરીક્ષા પાસ કરી કોલેજ કે બીજી કોઈ મોટી હુનરની સંસ્થામાં જોડાવવા ઇચ્છતા હશે તેમણે સ્કૂલ લીવિંગ સર્ટિફીકેટ પરીક્ષામાં અથવા તો એવી કોઈ બીજી બાબતમાં આપનારી પરીક્ષામાં ૫૦ ટકા કરતાં ઓછા માર્ક નહિ મળતા હોય તેમને રૂપીઆ દશથી પંદર સુધીની સ્કોલરશિપ મળશે.

(૫) વિદ્યાર્થી જે શહેર કે ગામમાં રહેતો હોય ત્યાં અમુક સ્વરૂપની કેળવણી મળી શકતી ન હોય અથવા તો તેને ઘેર રહેવામાં અથવા તો વાલીની મરિઆદને લીધે અમુક મુસીબતો ઉભી થવાથી હોસ્ટેલમા રહેવાની જરૂર પડે અને નિશાળોના ઇન્સ્પેક્ટરને (કોલેજમાં ભણનારને માટે ડિરેક્ટર ઓવ પબ્લિક ઇન્સ્ટ્રકશનને) વિદ્યાર્થીને સંગીન કેળવણી ને શિક્ષણ મળવા માટે આ બાબત જે જરૂરી જણાય તો હોસ્ટેલ ખર્ચને પહોંચી વળવા માટે નિશાળ અથવા કોલેજમાં મળતી સ્કોલરશિપમાં વધારો કરી આપવામાં આવશે. વાલીએ આને માટે અરજી કરવી પડશે. જે હોસ્ટેલમાં દાખલ થવું હશે તે કેળવણી ખાતાના અધિકારીઓએ મંજુર કરેલી હોવી જોઇશે. અરજીઓ પોતાના વિભાગના એડયુકેશનલ ઇન્સ્પેક્ટરને કરવી, અને કોલેજના વિદ્યાર્થીઓ માટે ડિરેક્ટર ઓવ પબ્લિક ઇન્સ્ટ્રકશનને કરવી.

(૬) વિદ્યાર્થીના અભ્યાસ ઇન્સ્પેક્ટરને અથવા તો જે કોલેજમાં ભણતો હોય તેના ઉપરીને નબળો લાગે અથવા તો તેની ચાલ ચલગત અસંતોષકારક જણાય તો આ નિયમ મુજબ મળતી સ્કોલરશિપ કે બીજી વધારાની રકમ પાછી ખેંચી લેવાશે.

(૭) જે વર્ગની શાળાઓ માટે સ્કોલરશિપ આપવામાં આવે તેમાં દાખલ થવા માટે નક્કી કરેલી કસોટીમાંથી પસાર ન થનાર વિદ્યાર્થીને સ્કોલરશિપ આપવામા નહિ આવે.

(૮) ૧૦ વર્ષની ઉંમર થયા છતાં કોઇ પણ નિશાળમાં દાખલ નહિ થનાર બાળકોને સ્કોલરશિપ કે બીજી મદદ મળશે નહિ.

(આ નિયમના અપવાદ માટે નિયમ ૩ ની ટીપ જોવી.)

(ઉપર લખેલા નિયમ ૨ માં કહેલું.)

પત્રક.

(૧) નામ, બાપનું નામ અને જાત

(૨) ઉમ્મર, ઘોરણ અને નબર

(૩) હિંદુસ્તાનમાંની કઇ લશ્કરી ટુકડીમા જોડાએલો હતો.
(૪) (અ) ૪ થી ઓગસ્ટ ૧૯૧૪ પછી લડાઇ ઉપર નોકરી કરત રોગથી કે ઘાથી મરી ગયો છે અથવા તો કાયમને માટે (બ) અશક્ત થયો છે.
(૫) રહેઠાણ, ગામ, તાલુકો અને જિલ્લો.

(મે. ડી. પી. આઇ. સા. ના તા. ૨૬-૬-૨૨ ના પત્ર નં. એસ. ૩૪૬૭ અને મે. ઉ. ભા ના એ ઇ. સા. ના તા. ૧૩-૭-૨૨ ના નં. ૪૧૨૯ ઉપરથી)

પુસ્તકોની સમાલોચના.

(૧) **ચણીબોર**—લેખા કરનારઃ જુગતરામ ચીમનલાલ દવે.
ગુજરાત વિદ્યાપીઠ—અમદાવાદ.
અને તે સબધે શિક્ષકો સાથે વાતચીતઃ—
મૂલ્ય. ૦-૪-૦

આ પુસ્તક કવિતાઓનો સગ્રહ છે. એ કવિતા બાળકોને ઉપયોગમા આવે એવી જુદા જુદા પુસ્તકોમાથી એકઠી કરેલી છે સગ્રહ ઘણો સારો છે; પણ શિક્ષકો સાથે વાત ચીતનો ચોપડીમા આપેલી સૂચના મુજબ અમુક વ્યવસ્થાથી આ સગ્રહ કર્યો નથી ચણીબોર ઝાડ ઉપરથી વીણવાની માફક જેમ આવ્યા તેમ કાવ્યો ગોઠવ્યા છે. શિક્ષકે પોતાની શક્તિનો ઉપયોગ કરી દરેક કાવ્ય શિખવવાનુ છે પુસ્તક ઉપયોગી અને સારૂ રચ્યુ છે.

---

(૨) **ટચુકડી બીજી સો વાતો**—લેખક રા. બ હરગોવિંદદાસ દ્વારકાદાસ કાટાવાળા મુ. વડોદરા.
કિંમત રૂ. ૧-૪-૦

આ પુસ્તકના પ્રથમ ભાગ વિષે સવિસ્તર સમાલોચના ગયા અકમા

જાહેરખબર.

નવેમ્બર તથા ડિસેમ્બરનો બેગો અંક છપાશે
૨ તંત્રી.

સને ૧૯૨૨ મા સેવાની નીતિપાઠના સુવર્ણચંદ્રકની હરિફાઈની પરીક્ષા પ્રે રા. ટ્રે કોલેજના મકાનમા તા ૨૩-૧૧-૨૨ ને રોજ લેવાશે. ધોરણ ૫ મામા વિદ્યાર્થીને 'સયમ' વિષે પાઠ આપવાનો છે. પ્રે રા ટ્રે કોલેજના બધે વર્ગના ગુજરાતી તથા ઉર્દુ વિદ્યાર્થીઓમાથી ગમ તેને હરિફાઈ કરવાની છૂટ છે

તંત્રી

આપેલી છે. લેખકની લાયકાત અને વિદ્વત્તા સર્વને વિદિત છે. વાર્તાઓ કાલ્પનિક, રમુજી, બોધદાયક અને ઈતિહાસ તથા પુરાણોને લગતી લખેલી છે. ભાષા બાળકોને અનુકૂળ પડે તેવી છે.

---

(૩) શ્રી ઉપયોગી ગીતાસાર:—પ્રયોજક–મણિલાલ છગનલાલ ત્રવાડી આ. મા. વર્નાકયુલર હાઇસ્કૂલ. નં. ૨
અમદાવાદ. કિંમત રૂ. ૦–૨–૦

આ એક નાનું ગુજરાતી રાગમાં રચેલું શ્રીમદ્ ભગવદ્ગીતાના પહેલા અધ્યાયના અનુવાદ રૂપે કાવ્ય છે. મૂળ ગ્રંથમાંની હકીકતને લેખકે કેટલેક સ્થળે બદલીને જુદા સ્વરૂપમાં અથવા વધારા રૂપે આપી છે. આમ કરવામાં કેટલાક દોષ ઉદ્ભવ્યા છે (જુઓ પૃ. ૧૯ કડી. ૪૧–૪૨ પૃ. ૨૪ કડી ૬૪) અસલને વળગીને પુસ્તક રચ્યું હોત તો વધારે સુંદર બનત.

---

(૪) આત્મરામાયણ:—
પ્રકાશક. પ્રભાશંકર જયશંકર પાઠક.
ઠે. કાંદાવાડી માધવ ભુવન. મુંબઈ. નં. ૭૪
કિંમત..રૂ. ૧–૦–૦

આ પુસ્તક ભાવનગર રાજ્યના તાબાના ગામડાના એક મોદ બ્રાહ્મણ સ્વ. કરુણાશંકર મુળજીએ રચેલું છે. રામાયણની જુદી જુદી હકીકતોને અને પાત્રોને તત્વજ્ઞાનના વિષય સાથે જોડેલો છે. અયોધ્યાકાણ્ડ વાળો વિભાગ સારો રચાયો છે. ભાષા દોષ થવા દીધા નથી. પુસ્તકનું નામ આત્મ રામાયણ રાખવાનો લેખકનો હેતુ કદાચ સંસ્કૃત અધ્યાત્મ રામાયણથી ભિન્નતા બતાવવાનો હશે. ઉપરાંત આત્મા–અને–તેના સ્વરૂપ વિષેની માહીતી રામાયણના વિષયદ્વારા સ્પષ્ટ કરવાનો હેતુ પણ હશે. પુસ્તક ઉપયોગી નીવડે તેવું છે.

---

(૫) સંગીત શ્રીમદ્ ભાગવત્–સંક્ષિપ્ત (સચિત્ર):—
પ્રકાશક ગણપતરામ લલ્લુરામ દ્વિવેદી.
મુ. ઉંઝ. મૂલ્ય. ૨–૦–૦

પુસ્તક લેખકે પ્રાચીન કવિ ભીમનના ગ્રંથ ઉપરથી કાવ્ય રૂપે રચ્યું છે. કવિતાની પંકતિઓની ભાષા અને શબ્દ પ્રયોગ સામાન્ય માણસને સમજ પડે તેવા છે. સંસ્કૃત શ્લોકો પણ વચ્ચે વચ્ચે આપેલા છે કેટલાક સંસ્કૃત શબ્દોની જોડણી દોષયુક્ત છે ભાગવતના ટુંકા સાર રૂપે સમજી શકાય તેવું આ એક પુસ્તક છે. સચિત્ર બનાવીને પુસ્તકની ખુબીમાં વધારો કરેલો છે. કવિતાની પંકિતઓ નીરસ કે નિર્માલ્ય નથી.

---

(૬) ભૂગોળ અને મનુષ્ય જીવનઃ—

પ્રગટકરનારઃ ગુજરાત શિક્ષક સમાજ.

આ પુસ્તક અત્રેના અધ્યાપન મંદિરના આચાર્ય રા. મનુભાઈ ગોપાળજી મહેતાના ચાર વ્યાખ્યાનોના સંગ્રહરૂપે છે. તેને પ્રગટ કરવામા અત્રેના શેઠ મણિલાલ મગનલાલ કલાક્ષે આર્થિક મદદ આપેલી છે. આધુનિક શિક્ષણ પધ્ધતિ શાસ્ત્રીય હોવાથી ભૂગોળનો વિષય શીખવવાનો ખરો ઉદ્દેશ શો છે એને લગતું આ પુસ્તક છે. મનુષ્ય પૃથ્વી ઉપર વસે છે અને તેના જીવન ઉપર પોતાના દેશનું કુદરતી સ્વરૂપ અને આબોહવા કેવી રીતે અસર કરે છે, તેમજ વનસ્પતિ અને પ્રાણીઓ જુદા જુદા સ્થળોએ કયાં હોવાં જોઈએ એ દૃષ્ટિએ વાખ્યાનો ચર્ચ્યાં છે. સ્થળોના નામ ન ગોખાવતા કુદરતી સ્વરૂપો મુજબ પૃથ્વીના જુદા જુદા દેશોનુ વર્ગીકરણ કરેલું છે. ભૂગોળ શિક્ષણનું ખરૂં સ્વરૂપ આવું જ હોવું જોઈએ. આખા પુસ્તકમાં જોડણીદોષ ઘણા છે. એક શિક્ષકે લખેલા પુસ્તકમા આ દોષ ક્ષન્તવ્ય ન મનાય.

---

(૭) ઈતિહાસ શિક્ષક ભાગ ૧ લોઃ—રચનાર તથા પ્રકાશક

લક્ષ્મીદાસ માણેકલાલ મહેતા

અગીઆરી સ્ટ્રીટ કાલબાદેવી—મુંબઇ.

આ ચોપડી ઈતિહાસ શીખવવાના હેતુ લક્ષમા રાખી રચી છે એમ પ્રકાશક સૂચવે છે. માત્ર કેટલાક પાઠ યોજ્યા છે અને દરેકમાં પ્રશ્નાવલી મૂકેલી છે. પ્રશ્ન સ્વરૂપ જોતા તેની ઉપયોગિતા કે બુધ્ધિની ખીલવટનો ખ્યાલ નજરે પડતો નથી. છેલ્લા બે પાઠ કંઈક અંશે ઈતિહાસ સાથે સંબંધ ધરાવે છે. પુસ્તક ઉપયોગી નીવડે એવું લાગતું નથી.

---

(૮) શબ્દ સંગ્રહઃ—શ્રીયુત ત્રંબકલાલ રેવાશંકર ધોળકીઆ

કરાંચી.

નાના બાળકોને નવી શિક્ષણશૈલીની પધ્ધતિથી શબ્દજ્ઞાન સરળ થઈ પડે તેવો એક આ શબ્દસંગ્રહ લેખકે રચ્યો છે. જાણીતા અક્ષરોની મદદથી નવા નવા શબ્દો કેવી રીતે બને છે અને એક બીજામાંથી ઉત્પન્ન થતા અક્ષરો સાથે સાથે શીખવવા એ દૃષ્ટિએ આ શબ્દસંગ્રહનું વર્ગીકરણ કરેલું છે. એકંદરે તે સંભાળપૂર્વક કરેલું માલમ પડે છે અને બાળકોને જ્ઞાન આપવામાં ઉપયોગી નીવડે એવું લાગે છે.

(શાળાપત્ર ઓફિસ.)

(મે. એ. ઇ. ઉ. વિ. ના હુકમ નં. ૫૯૧૪ તા. ૨૮-૮-૨૨ ઉપરથી)

જાહેરનામું.

કેળવણી ખાતું નં. ૧૫૬૧ સેક્રેટેરિએટ ફોર્ટ, મુંબઇ.
તા. ૧૬ મી જૂન ૧૯૨૨.

છોકરાઓ માટેની ગુજરાતી વાચનમાળા.

નામદાર સરકારે છોકરાઓ માટેની ગુજરાતી વાચનમાળાની કિંમતમાં તા. ૧ લી જુલાઇ ૧૯૨૨ થી ઘટાડો કરવાની મંજુરી આપી છે.

સુધારેલી કિંમત નીચે પ્રમાણે છે.

નામ.	નવી કિંમત. રૂ. આ. પા.	નામ.	નવી કિંમત. રૂ. આ. પા.
બાળપોથી	૦—૧—૩	ચોથી ,,	૦—૮—૦
પહેલી ચોપડી	૦—૪—૬	પાંચમી ,,	૦—૧૦—૦
બીજી ,,	૦—૪—૬	છઠ્ઠી ,,	૦—૧૧—૦
ત્રીજી ,,	૦—૬—૦	સાતમી ,,	૦—૧૨—૦

પ્રે. રા. ટ્રે૰ કોલેજની ગુજરાતી, તથા ઉર્દુ ક્લાસોના ત્રણે વર્ષની તેમજ ઉત્તર વિભાગની ટ્રે૰ સ્કૂલોની વાર્ષિક પરીક્ષા તા. ૬-૧૧-૨૨થી શરૂ થશે.

—૦—

દ્વંત્રી.

જાહેરખબર.

નીચે જણાવેલા સ્કોલરોને એલ. પી. વકીલ સ્કોલરશિપ ને૰ની પરીક્ષા ૧૯૨૨ ના ઓગષ્ટ માસમા લેવામા આવી હતી તે આપવામા આવી છે.

નંબર.	નામ.	ઉંમર.	કઇ સ્કૂલમા ભણે છે તે	સ્કોલરશિપના રકમ.	રિમાર્ક
૧	સવિતા. એમ. શેઠ.	ક્લાસ. અ ——— ૧૪	ગર્લ્સ હાઇસ્કૂલ, અમદાવાદ.	૨. ૪	
૨	હરબાલા. એચ. મહેતા.	ક્લાસ. ચ ——— ૧૫		૫	
૩	જરબાનુ. એસ. સાગર.	ક્લાસ. ક ——— ૧૬		૬	
	.....કોઇ નહિ	ક્લાસ. ઇ ———			

ઓડપ્યુ. ઇન્સ્પેક્ટર સાહેબની ઓરિસ. ઉ. વિ. અમદાવાદ. તા. ૧૪-૮-૨૨.

(સહી.) આર. જી. આપટે
એક્ટિંગ. એડપ્યુ. ઇન્સ્પે. ઉ. વિ.

(૬) ભુગોળ અને મનુષ્ય જીવનઃ—

પ્રગટકરનારઃ ગુજરાત શિક્ષક સમાજ.

આ પુસ્તક અત્રેના અધ્યાપન મંદિરના આચાર્ય રા. મનુભાઈ ગોપાળજી મહેતાના ચાર વ્યાખ્યાનોના સંગ્રહરૂપે છે. તેને પ્રગટ કરવામાં અત્રેના શેઠ મણિલાલ મગનલાલ વલાસે આર્થિક મદદ આપેલી છે. આધુનિક શિક્ષણ પધ્ધતિ શાસ્ત્રીય હોવાથી ભુગોળનો વિષય શીખવવાનો ખરો ઉદ્દેશ શો છે એને લગતું આ પુસ્તક છે. મનુષ્ય પૃથ્વી ઉપર વસે છે અને તેના જીવન ઉપર પોતાના દેશનું કુદરતી સ્વરૂપ અને આબોહવા કેવી રીતે અસર કરે છે, તેમજ વનસ્પતિ અને પ્રાણીઓ જુદા જુદા સ્થળોએ કયાં હોવાં જોઈએ એ દૃષ્ટિએ વાખ્યાનો ચર્ચ્યાં છે સ્થળોના નામ ન ગોખાવતાં કુદરતી સ્વરૂપો મુજબ પૃથ્વીના જુદા જુદા દેશોનું વર્ગીકરણ કરેલું છે. ભુગોળ શિક્ષણનું ખરું સ્વરૂપ આવું જ હોવું જોઈએ. આખા પુસ્તકમાં જોડણીદોષ ઘણા છે. એક શિક્ષકે લખેલા પુસ્તકમાં આ દોષ ક્ષન્તવ્ય ન મનાય.

---

(૭). ઈતિહાસ શિક્ષક ભાગ ૧ લોઃ—રચનાર તથા પ્રકાશક

લક્ષ્મીદાસ માણેકલાલ મહેતા

અગીઆરી સ્ટ્રીટ કાલબાદેવી—મુંબઇ.

આ ચોપડી ઈતિહાસ શીખવવાના હેતુ લક્ષમાં રાખી રચી છે એમ પ્રકાશક સૂચવે છે. માત્ર કેટલાક પાઠ યોજ્યા છે અને દરેકમાં પ્રશ્નાવલી મૂકેલી છે. પ્રશ્ન સ્વરૂપ જોતા તેની ઉપયોગિતા કે બુધ્ધિની બીલકટનો ખ્યાલ નજરે પડતો નથી. છેલ્લા બે પાઠ કંઈક અંશે ઈતિહાસ સાથે સંબંધ ધરાવે છે. પુસ્તક ઉપયોગી નીવડે એવું લાગતું નથી.

---

(૮) શબ્દ સંગ્રહઃ—શ્રીયુત ત્રંબકલાલ રેવાશંકર ધોળકીઆ

કરાંચી.

નાના બાળકોને નવી શિક્ષણશૈલીની પધ્ધતિથી શબ્દજ્ઞાન સરળ થઈ પડે તેવો એક આ શબ્દસંગ્રહ લેખકે રચ્યો છે. જાણીતા અક્ષરોની મદદથી નવા નવા શબ્દો કેવી રીતે બને છે અને એક બીજામાંથી ઉત્પન્ન થતા અક્ષરો સાથે સાથે શીખવવા એ દૃષ્ટિએ આ શબ્દસંગ્રહનું વર્ગીકરણ કરેલું છે. એકંદરે તે સંભાળપૂર્વક કરેલું માલમ પડે છે અને બાળકોને જ્ઞાન આપવામાં ઉપયોગી નીવડે એવું લાગે છે.

(શાળાપત્ર ઓફિસ.)

દેશીનામું. કિં. રૂ. ૦। પૈા. ૦)૰

નામદાર મુબઈ સરકારના જા. પ્ર. નં. ૧૪૬૭ લગત ઉ. વિ. ઓ. ક્ષ. નં ૪૪૩૮ તા ૧૬-૧-૦૨ થી નવીન ટેક્સ્ટ બુકોમાં મંજુર છે. નામા વિષે પ્રથમ ચર્ચા કરનાર સ્વતંત્ર પુસ્તક તેા એજ. વ્યાવહારિક સિદ્ધાંતોની રચના. નવા ઘોરણેા.

વેચનાર—સુરત, ક. ના. ની કંપનિ, એન. એમ. ત્રિપાઠીની કંપનિ,
અમદાવાદ, રીચીરોડ પુલ ઉપર, સી. એ. પટેલની કંપની,
સુરત, પગથીઆ શેરી વાડી કળીઆ એમ. જે. ની કંપનિ,
અને અમે પોતે

છગનલાલ લલુભાઇ શાહ. દેશીનામાવાળા
દયાગભાઉની શેરી—વડોદરા

રૂ. પાંચનાં પુસ્તકા ખરીદનારનું પોસ્ટેજ માફ.

ભરતખંડનેા સક્ષિપ્ત ઇતિહાસ, કિંમત ૦-૮-૦; લેખક પદ્ધતિ, કિં. ૦-૪-૦; ભૂતળ, આરોગ્યવિદ્યા, પિંગળની સમજ, કિં ૦-૪-૦ તે ત્રણે બુકેા ઘેા. ૫-૬-૭ મા ઉપયેાગી છે. સક્ષેપ મુખગણિત (લેખા) ઘેા. ૧ લુ ૦-૧-૦; ઘેા. ૨ જુ ૦-૧-૬; ઘેા. ૩ જુ ૦-૨-૦; ઘેા. ૪ થું ૦-૨-૬; ઘેા. ૫ મુ ૦-૩-૦. જુનાગઢ, પાલીતાણા, વઢવાણ, જસદણ વગેરે સ્ટેટેામા મંજુર છે. ઊનના ગુથણકામ અને કપડાં વેતરવાની સમજ કિંમત ૦-૪-૦ ઉપરની બુકેામા કમિ. ૨૫ ટકા.

નવાં ઘોરણની નોટેા. ઘેા. ૧ લું ૦-૩-૦; ઘેા. ૨ જું ૦-૫-૦; ઘેા. ૩ જું ૦-૬-૦; ઘેા ૪ થુ ૦-૧૨-૦; ઘોરણ ૫ મું ૧-૨-૦; ઘોરણ ૬ ઠું ૧-૪-૦; ઘેા. ૭ મુ ૧-૮-૦ તથા વાચન માળાના અર્થ પહેલી ૦-૧-૬; બીજી ૦-૩-૦, ત્રીજી ૦-૩-૦ ચેાથી ૦-૪-૦; પાચમી ૦-૫-૦; છઠ્ઠી ૦-૬-૦; સાતમી ૦-૮-૦. કન્યાશાળા માટે બાળ ગરબાવળીનેા ઝુલાસેા ભા. ૬ઠ્ઠેા ઘેા. ૨-૩-૪ માટે કિં. ૦-૩-૦ અને ભા. ૨ જો ઘેા ૫-૬ માટે કિં. ૦-૩-૦ કન્યા વાચનમાળાના અર્થ પુસ્તક ૧ લું ૦-૩-૦; પુ. ૨ જું ૦-૫-૦; પુ. ૩ જું ૦-૭-૦. નવા દેશી આંક કિ. ૦-૧-૦ ઉપરની બુકેામા કમિ. ૫૦ ટકા છે. ઉપર સિવાય નિશાળેામા ચાલતી તમામ બુકેા વાજબી કમિશનથી મળશે. સઘળા માલનુ પોસ્ટેજ વી. પી. ખર્ચ વધારે સમજવું.

બુકસેલર, જેચંદ તલશી, વઢવાણશહેર.

લેખનકળા કોપીબુકો

ગુજરાતી અને બાળબોધ ૭ નંબરમાં

દરેક નંબરની કિંમત અઢી આના.

કેળવણી ખાતાના મે. ડિરેક્ટર સાહેબે મુંબઈ ઇલાકાની ગુજરાતી નિશાળોમાં ચલાવવાને મંજુર કરી છે.

૨૫૦ અને તે ઉપરાંત કોપી ખરીદનારને સેંકડે ૨૦ ટકા કમિશન આપવામા આવશે. પેકિંગ અને રેલ્વે ખર્ચ પણ આપવામા આવશે, પણ પોસ્ટ મારફતનું કે સ્ટેશનથી આગળનું ખર્ચ આપવામાં આવશે નહિ.

કોપીઓ સાથે બીજાં પુસ્તકો મંગાવનારને સેકડે એક ટકો હકસાફ લઈ મોકલી આપવા જોગવણ રાખી છે. મળવાનું ઠેકાણું—ડાહ્યાભાઈ જગજીવનદાસ એન્ડ સન્સ, લેખનકળા કોપીબુકની ઓફિસ—જુના કાળકાદેવી પોસ્ટ ઓફિસ સામે નંબર ૨૧૯—મુંબઇ.

દરકત શિક્ષક કોપીબુકો

ગુજરાતી અને બાળબોધ આઠ નંબરમા કેળવણી ખાતાના મે૦ ડિરેક્ટર સાહેબે મુંબઇ ઇલાકાની દરેક ગુજરાતી નિશાળમા ચલાવવાને મંજુર કરી છે. લડાઇને લીધે કાગળના ભાવ બેહદ વધી જવાથી મે૦ ડિરેક્ટર સાહેબના નં૦ ૧૧૧૪૫, ૧૯૧૭-૧૮ ની સાલના હુકમથી હાલ પોડા વખત માટે અઢી આના દરેક નંબરની કિંમત રાખી છે, અને ૩૦૦ તથા તેથી વધુ કોપી ખરીદનારને હાલમાં સેંકડે (૧૫) ટકા કમિશન ઉપરાંત પેકિંગ અને રેલ્વે ખર્ચ આપવામા આવશે; પણ પોસ્ટ મારફતનું કે સ્ટેશનથી આગળનું ખર્ચ આપવામા આવશે નહિ. દરકત શિક્ષક કોપી બુકોની સ્ટીલ પ્લેટો દરેક નંબરને બધ બેસતી ૧ થી ૮ નબરની, દરેક બોકસમાં બોક્સ જાતની ઢા. ૬ કિમત ૩. ૦।।। નક્કી.

મળવાનું ઠેકાણું:- ગોકળજી કોવસજી માસ્તર,

ઠે. નં૦ ૧૦, ઘોબી તલાવ-મુંબઈ.

બલસારા ટ્યુશન ક્લાસ.

આ જુના અને જાણીતા ક્લાસો તેના ' અનુભવથી ભરેલાં ' શિક્ષણ માટે ઘેર ઘેર ઓફ આવેજે વખણાય છે. જેમા કોઇપણ ઉંચ કોમનાં છોકરા-છોકરીઓ, બાનુઓ, અને ગૃહસ્થોને સવારે-સાંજે-રાને યા આખો દિવસ, અંગ્રેજી જલદી લખતા વાંચતાં અને બોલતાં તેમજ હારમોનીઅમ, વાયોલીન, ડીલરૂબા; ડ્રોઈંગ, બુક-કીપીંગ, શોર્ટહેંડ-ટાઇપરાઇટીંગ, ધર્મજ્ઞાન અને ૬-ખ થી મેટ્રિક સુધીની કોઇપણ બાબતો ઘણાં વરસોના અનુભવી મદદ અને ખી શિક્ષકો દરેક વિદ્યાર્થી ઉપર છુટું ધ્યાન આપી ઘણીજ કાળજી અને મહેનતથી શીખવે છે. બાનુઓ માટે મનુલાજાલરેલી બાસ સગવડો છે. શિક્ષકોમાંના એક પારસી બાનુ શિક્ષક ' ટ્રેન્ડ ' થએલાં છે, જે ૧૦ વરસનાં અનુભવી છે અને જેણે કોલેજમાંથી મેડલ મેળવ્યો છે. તમારાં બચ્ચાંઓને તાજીદે લાભ આપવા માટે ગોરખપુરવાલા બીલ્ડીંગ વાડીઆળના બાતશબેરામ સામે ૧૧૬ ઘોળીતલાવ અથવા ૨) કોટમાં ડો. બેરજશાહ હુકીમનાં દવાખાના સામ માળ ચોકની વાડીની પાસે, ૮૨ ધનબાર સ્ટ્રીટમાં મળશે.

વિદ્યાધિકારીએ પસંદ કરેલાં ટાઇમપીસીસ તથા ક્રોનોક્રસ.

પ્રસિદ્ધ અમેરીકન મેક-ટકાઉ, સુંદર અને ચોકસાયુરેટ.

"બી"—૨" ડાયલ, રોજની ચાવીનું કિ. રૂ. ૭ા થી ૮. "પી—૪" ડાયલ, રોજની ચાવીનું કિમત રૂ. ૭ થી ૭ા. અને આલારમનું કિં. રૂ. ૭ા-૮ા. "૫" ડાયલ, સુમારે ૭૨ મિનિટ આલારમ કિં. રૂ. ૭૨ થી ૭૩. અને ક્લાક, અર્ધો ક્લાક અને અલારમ કિ. રૂ. ૧૫ થી ૧૬.



ક્રોનોક્રસ—આઠ દિવસની ચાવીના ક્લાક અર્ધો ક્લાક વાગનારા બોક્ષ કિ. રૂ. ૨૨ થી ૨૪. ઓફિસ ક્રોનોક્રસ કિ. રૂ. ૪૮ થી ૫૦. આ સિવાય બધા પ્રકારના નાના, મોટાં ક્રોનોક્રસ, ટાઇમપીસ અને વૉચીસ બાકી કિંમતમાં મળશે. અંગ્રેજી સચિત્ર કેટલોગ મફત મળશે.

જી. બી. નાઈક અને કંપની,

શિતારામ બિલ્ડિંગ, મુંબઈ નં. ૧.

જાહેર ખબર.

ઉર્દુ શાળાઓમાં ટેક્સ્ટબુક તરીકે મંજુર થયેલ મુ. શેખકૃત 'આ વાર્તારૂપી ગુજરાતનો સંક્ષિપ્ત ઇતિહાસ (ઈ. આઈ. એન ડી. નં. ૧૮૮૪ તા. ૧૦-૫-૨૨ અટ્સાર, તથા મુંબઈ ઇલાકાની પ્રાથમરી સ્કુલોમા ઇનામ તથા' લાયબ્રેરિ માટે ન ૬૬૪૬૨ તા. ૧૦-૩-૨૨ થી મંજુરી થએલ છે) કિં. આના ત્રણ.

શેખકૃત મિરાતે ગુજરાતગીરી કિં. રૂા. ૩, સદ્‌ગુણી નગીના રૂ. ૧ પંદનામા કિ. ૦॥, ૦૪॥, શિક્ષા ૦૪॥, જવાબે શિક્ષા ૦૪॥ નીચેના ઠેકાણેથી મળશે.)

નિઝામીયા બુક ડીપો, ત્રણદરવાજા, અમદાવાદ—મહાદેવ રામચંદ્ર જગુષ્ટે, અમદાવાદ—મુન્સી ગુલામ ખ્વાજા મોલવી ગુલામ હુસેન, મોટી ખડીબાલ પાસે, સુરત—બુકસેલર કરસનદાસ નારણદાસ, સુરત—એન એમ. ત્રીપાઠી, કાલબાદેવી રોડ, મુંબઇ.

વધુ માટે લખોઃ—ગુલામ આદમદ શેખ, અન્ડરસન સ્ટ્રીટ, મદ્રાસ.

મુંબઈ વનિતા વિશ્રામ ટ્રેનિંગ કોલેજ.

એન્ડરસ્ટ્રટ રોડ, ગીરગામ—મુંબઇ

જે ગુજરાતી બાઇઓ શિક્ષક થવા માગતી હોય તેના લાભાર્થે આ કોલેજ છેલ્લાં પાચ વર્ષ થયા ખોલવામાં આવી છે, ને તેને ત્રણ વર્ષના સર્ટીફીકેટ આપ સરકારે રેકગનાઇઝડ કરેલી છે, માટે જે બાઇઓ તેનો લાભ લેવા માગતી હોય તેમણે ઉપલે શિરનામે અરજી મોકલી. ગરીબ સ્થિતિની અને બાસ કરીને વિધવા બાઇઓને રહેવા, જમવા, તથા ભણવાની મફત ગોઠવણ કરી આપવામા આવે છે.

જાહેર ખબર.

જનાબની મદરેસ—એ—મોહમદિયાદ ઓંગ્લો વર્નાક્યુલર માટે એક હરટ ઈયર ને એક સેનયુએટ એમ બે અનુભવી માણસની જરૂર છે. પગાર લાયકાત પ્રમાણે મળશે. ઉમેદવારોએ સર્ટિફીકેટની નકલ સાથે નીચેને શીરનામે અરજી કરવી.

મદરસ—એ—મોહમદિયાના સેક્રેટરિ સાહેબ,

રનાલા—વેસ્ટ ખાનદેશ.

" શિક્ષણ સાહિત્યોનો ભંડાર "

આ ગ્રંથોમાંના સપ્લાય, પ્રાયમરી, હાઈ સ્કૂલો, કોલેજો, બોર્ડિંગો, ને કિન્ડરગાર્ટન સ્કૂલો માટે તમામ પ્રકારના ને દરેક વિષયોનાં સાહિત્યો ને ફરનીચર મળશે. પત્ર વ્યવહાર નીચેના સરનામે કરો ને લિસ્ટ મંગાવો.

સદર સાહિત્યો મુંબઇમાં—કબાટ્સ ઓપન એન્ડ ગ્લાસ કબાટો તૈયાર મલશે,—ઠેકાણે પોલીશવાળા, મરીન લાઇન્સ. ચોથી ગલીના નાકે."

કાશીલાલ છગનલાલ પરેખ.
નાંદોલ શિક્ષણ સાહિત્ય કાર્યાલય કં. લી.
દહેગામ (અમદાવાદ)

---

૧. સરલ હેથીનામાની પદ્ધતિ-ટેકસ્ટબુક, આ. ૩૦ મી ૦-૫-૬ સરલ ગુજરાતી બાલ વ્યાકરણ-લાઇ. બુક, ઘણે ઠેકાણે ટેકસ્ટ, આ, ૨૬મી, ૦ ૫-૦; ૩ સરલ વ્યુત્પત્તિ જ્ઞાનપ્રકાશ (૫-૬-૭ મી ચોપડીના પાઠવાર શબ્દોના કોષ સહિત,) લા. પ્રા. બુક, સુધારેલી આ. ૩ જી. ૦-૮-૦; ૪. નવું સરલ મુખ્યગણિત (બાળ વર્ગથી ધો. ૫ સુધી એકજ પુસ્તકમા) ઘણે ઠેકાણે ટેકસ્ટ,) આ. ૧૧ મી, ૦-૩-૦; ૫ ગુજરાત પ્રાંતની ભૂગોળ વિદ્યા આ. ૧૧ મી ૦-૧-૬. મુખ્ય એજન્ટ અમદાવાદ,

એસ. બી. શાહની કંપની ઈ. ઇ.
પ્રેમચંદ કરમચંદ શાહ, ગોંડળના ભાજી ડે. એ. ઇ.
મુ. કપડવંજ.

ટ્રેનિંગ સ્કૂલો અને પ્રાથમિકશાળાઓ માટે અનુક્રમે પાઠ્યપુસ્તક.
અને ઇનામ આપવાને રીતિકે મંજુર થયેલ,

ચિત્રો સાહુત.

ગુજરાતના ઇતિહાસની સહેલી વાતો.

કર્તા

વલ્લભભાઈ લલુભાઈ પરેખ,

હેડમાસ્તર પ્રેક્ટિસિંગ સ્કૂલ પ્રે. ગ. ટ્રે. કોલેજ.

લખો— ધી ગુજરાત ઓરીએન્ટલ બુક ડીપો—અમદાવાદ

કિંમત સાત આના.

જાહેર ખબર.

ઉર્દુ શાળાઓમા ટેક્સ્ટબુક તરીકે મંજુર થયેલ મુ શેખકૃત આ વાર્તારૂપી ગુજરાતનો સંક્ષિપ્ત ઇતિહાસ (ઈ. આઈ. એન ડી નં. ૧૮૮૪ તા. ૧૦-૫-૨૨ અમદાવાદ, તથા મુંબઈ ઇલાકાની પ્રાથમરી સ્કુલોમા ઇનામ તથા લાયબ્રેરિ માટે ન. ૧૬૪૬૨ તા. ૧૦-૮-૨૨ થી મંજુરી થયેલ છે) કિં. આના ત્રણ

શેખકૃત ગિરતે આલમગીરી કિં. રૂા. ૩, સદગુણી નસીમા રૂ. ૧ પંદનામા કિ. ૦॥, ૦।।, શિકવા ૦।।, જવાબે શિકવા ૦।। નીચેના ઠેકાણેથી મળશે)

નિઝામીયા બુક ડીપો, ત્રણદરવાજા, અમદાવાદ—મહાદેવ રામચંદ્ર જગુષ્ટે, અમદાવાદ—મુન્સી ગુલામ ખ્વાજા મોલવી ગુલામ હુસેન, મોરી ધડીયાલ પાસે, સુરત—બુકસેલર કરસનદાસ નારણદાસ, સુરત—એન. એમ. ત્રીપાઠી, કાલબાદેવી રોડ, મુંબઇ.

વધુ માટે લખો:—ગુલામ આદમદ શેખ, અન્ડરસન સ્ટ્રીટ, મદ્રાસ

મુંબઈ વનિતા વિશ્રામ ટ્રેનિંગ કોલેજ.

સેન્ડહર્સ્ટ રોડ, ગીરગામ—મુંબઇ

જે ગુજરાતી બાઇઓ શિક્ષક થવા ભાગતી હોય તેના લાભાર્થે આ કોલેજ છેલ્લાં પાંચ વર્ષ થયા ખોલવામા આવી છે, ને તેને ત્રણ વર્ષના મર્ટીફીકેટ સારૂ સરકારે રેકગનાઇઝ કરેલી છે, માટે જે બાઇઓ તેનો લાભ લેવા ભાગતી હોય તેમણે ઉપલે શિરનામે અરજી કરવી. ગરીબ સ્થિતિની અને ખાસ કરીને વિધવા બાઇઓને રહેવા, જમવા, તથા ભણવાની મફત ગોઠવણ કરી આપવામા આવે છે.

જાહેર ખબર.

રતલામની મદરેસા—એ—મોહમદિયાડ એગ્લો વર્નાક્યુલર માટે એક ફરસ્ટ ક્લાસ ને એક સેકન્ડ ગ્રેડ એમ બે અનુભવી માસ્તરની જરૂર છે. પગાર લાયકાત પ્રમાણે મળશે. ઉમેદવારોએ સર્ટિફીકેટની નકલ સાથે નીચેને શીર્ષ નામે અરજી કરવી.

મદરસા—એ—મોહમદિયાના સેક્રેટરિ માહેબ,
રતલામ—વેસ્ટ ખાનદેશ,

ગુજરાત શાળાપત્ર.

પુસ્તક ૬૧ મું. નવેમ્બર ડીસેમ્બર સને ૧૯૨૨. અંક ૧૧-૧૨ મો.

અગ્રલેખ.

ફરજીયાત પ્રાથમિક કેળવણી કમિટિનો રિપોર્ટ.

આપણા ઇલાકામાં પ્રાથમિક શાળાઓની સંખ્યામાં વધારો કરી દેશમાં પ્રાથમિક કેળવણી ફરજીયાત કરવાના પ્રશ્નનો વિચાર કરવા માટે સરકાર તરફથી નીમાયલી કમિટિનો રિપોર્ટ પ્રસિદ્ધ થયો છે, અને તે રિપોર્ટ ઉપરથી હેલ્લી ધારાસભામાં સરકાર તરફથી તે સંબંધી કાયદો રજુ કરી તેનું નિરાકરણ કરવાનું કામ ધારાસભાની એક "સિલેક્ટ કમિટિ" ને સોપવામાં આવ્યું છે. આ સિલેક્ટ કમિટિની ભલામણ મુજબ ફરજીયાત કેળવણી સંબંધી કાયદો સરકાર તરફથી ઘડવામાં આવશે.

દેશમાં કેળવણીની વૃદ્ધિ થવા માટે પ્રાથમિક કેળવણી ફરજીયાત કરવાની અગત્ય વિષે મતભેદ જોવામાં આવતો નથી; પરંતુ હરકોઈ સિધ્ધાતની બધી બાજુ સંપુર્ણ રીતે તપાસાય તોજ તે વ્યવહારમાં કેટલે અંશે મુકી શકાય તેનું અનુમાન કરી શકાય છે. પ્રાથમિક કેળવણીની બાબતમાં પણ તેમજ છે. કેળવણી ફરજીયાત થાય તેની સાથે નવી શાળાઓ, વધારાના શિક્ષકો, મકાનો વગેરેની જરૂર પડેજ. આ બધા વધારાના ખર્ચ માટે કેવી રીતે જોગવાઈ કરવી, ધીમેધીમે અમુક વર્ષ સુધીમા પ્રાથમિક કેળવણી ફરજીયાત કરવી કે હાલ તત્કાળજ તેમ કરવું; કન્યાઓને માટે પણ પ્રાથમિક કેળવણી ફરજીયાત કરવી કે નહિ, છેક પછાત અને અસ્પૃશ્ય ગણાતા વર્ગોની કેળવણી સંબંધી શી વ્યવસ્થા કરવી—વગેરે અનેક પ્રશ્નોનો વ્યાવહારિક દૃષ્ટિએ વિચાર કરવાની જરૂર પડે છે. આ સર્વ પ્રશ્નોનો યથાસ્થિત વિચાર કરવા માટે સરકારે પ્રાથમિક કેળવણીની કમિટિ નીમી હતી.

આ પ્રશ્નનો છેવટનો નિર્ણય ધારાસભાએ કરવાનો હોવાથી અને ધારા સભાના સભ્યો તરફથી આ પ્રશ્નની હીલચાલ શરૂ થએલી હોવાથી, કેળવણી ખાતાના મંત્રીની સૂચનાનુસાર ધારાસભાના સભ્યોની આ કમિટિ નીમવામાં આવી હતી. ધારાસભાના પ્રમુખ સર નારાયણ ચંદાવરકર આ કમિટિના પ્રમુખ હતા અને આપણા કેળવણી ખાતાના ડિરેક્ટર સાહેબ કમિટિના સેક્રેટરી હતા. કેળવણીમા રસ લેના દેશના આગેવાનો, કેળવણી ખાતાના અમલદારો, મ્યુનિસિપલ સ્કુલ કમિટિઓના પ્રમુખો અને સેક્રેટરીઓ, લોકલ બોર્ડોના પ્રમુખો અને તે ઉપરાત જેને જેને આ પ્રશ્ન સંબધી માહિતી હોય તેમજ સૂચના કરવાની ઇચ્છા હોય તેમને કમિટિ તરફથી ઇલાકાના જુદા જુદા રથળમા કેળવણીની સ્થિતિ, શાળાઓની વ્યવસ્થા, વધારાના ખર્ચની જોગવાઈ વગેરે બાબતના અભિપ્રાય મેળવવા માટે ચોવીસ પ્રશ્નોની યાદી મોકલવામા આવી હતી. આ યાદીના ઉત્તર કમિટિને લખી મોકલવા ઉપરાંત ઉત્તર લખી મોકલનારની રૂબરૂમા જુબાની લેવા માટે મુંબાઇ, અમદાવાદ, કરાચી, બેલગામ અને પુના એ પાચ રથળે કમિટિની સભાઓ ભરવામા આવી હતી. પ્રસિદ્ધ કરવામા આવેલા ચોવીસ પ્રશ્નોના ઉત્તરો અને રૂબરૂમા અપાયલી જુબાનીઓનો એકત્ર વિચાર કરી કમિટિએ કરજીયાત પ્રાથમિક કેળવણીના આખા પ્રશ્ન સબધી પોતાનો અભિપ્રાય રજુ કર્યો છે. કમિટિ નીમવાનો ઠરાવ સરકારે તા. ૧૫ મી જુલાઇ ૧૯૨૧ ને દિવસે પ્રસિધ્ધ કર્યો અને લેખી અને રૂબરૂમા મળેલા બધા અભિપ્રાયોનુ તારણ કરી કમિટિએ પોતાનો રિપોર્ટ તા. ૧૪ મી માર્ચ ૧૯૨૨ ને દિવસે સરકાર સમક્ષ રજુ કર્યો. કમિટિને એકદરે ૩૮૧ શબ્સો તરફથી પ્રશ્નોના ઉત્તર મળ્યા હતા જેમા ૨૩૭ બિન સરકારી ગૃહ યોના હતા. આ ઉપરાત એકંદરે ૧૫૪ ગૃહસ્થોને તેમના અભિપ્રાય રૂબરૂમા જાહેર કરવાની વિનતિ કરવામા આવી હતી જેમાંના ૧૦૮ ગૃહસ્થોએ પોતાના અભિપ્રાય દર્શાવ્યા હતા.

કમિટિએ પ્રાથમિક કેળવણી કરજીયાત કરવા સબધી જે સૂચનાઓ રજુ કરી છે તે ઉપરાત રિપોર્ટમા હાલની કેળવણી સંબંધી વસ્તુસ્થિતિની હકીકત અને કેટલાક આંકડા બહુ અગત્યના છે. આપણા ઇલાકામાં સરકારી હદમાં રહેનારાની વસ્તી સને ૧૯૨૧ ના વસ્તીપત્રક મુજબ કુલ ૧,૬૨,૯૧,૭૧૯ છે તેમા ૧,૦૧,૧૮,૫૭૧ પુરૂષો અને ૯૧,૫૩,૧૪૪ સ્ત્રીઓ છે. પાચ હજાર ઉપરની વસ્તીવાળા ૨૦૨ શહેરો છે અને ૨૬૫૨૮ ગામડાં છે. વસ્તીના વીસ ટકા શહેરોમા રહે છે અને ૮૦ ટકા પાંચ હજારથી ઓછી વસ્તીવાળા ગામોમા રહે છે. સને ૧૯૨૧ ના માર્ચની ૩૧ મી તારીખ

સુધીના આંકડા જોતા જણાય છે કે મુંબાઇ શહેર સિવાય ઇલાકાના બાકીના ભાગમાં કુલ ૬૦૦૦૦૦ છોકરા અને ૧,૫૭૦૦૦ છોકરીઓ પ્રાથમિક શાળાઓમા અભ્યાસ કરે છે. એકંદરે ૧૨૫૦૦ શાળાઓ છે. આ ઉપરાંત સરકારે મંજુર નહિ કરેલી એવી શાળાઓમા લગભગ ૪૫૦૦૦ બાળકો અભ્યાસ કરતાં જણાવવામાં આવે છે, પરતુ રિપોર્ટમા જણાવેલા આંકડામાં તેમનો સમાવેશ કરવામા આવ્યો નથી.

વસ્તીનો ૧૪. ૮ ટકા પાંચથી દશ વર્ષ સુધીનાં બાળકોનો છે. ઇલાકાના જુદા જુદા ભાગમાં આ આંકડાનું પ્રમાણ સરખું જણાતું નથી. વળી તે ઉપરાંત 'અપંગ હોવાને લીધે, પોતાના ગામથી નિશાળ ઘણી દૂર હોવાના કારણે વગેરે એવા બીજાં ખાસ કારણોને લીધે નિશાળમાં ન ભણતાં બાળકોની સંખ્યા ધ્યાનમા લઈ, ઇલાકામા નિશાળમાં ભણવા માટેની યોગ્ય ઉમ્મરના બાળકો પૈકીના ૧૨½ ટકા હાલમાં શાળાઓમાં કેળવણી લે છે એમ ગણતરી કરવામા આવી છે.

ઇલાકામાં ૧૦,૧૬૭ ગામોમાં એક અગર વધારે શાળાઓ છે અને ૧૬,૫૬૭ ગામોમા બિલકુલ શાળાઓ નથી. નિશાળવિનાના આ ગામડાઓમાના ૨૪૮ ગામડાં ૧૦૦૦ ઉપરાંત વસ્તીવાળાં અને ૨,૫૨૧ ગામડા ૫૦૦ અને ૧૦૦૦ ની વચ્ચે વસ્તીવાળા છે. ૫૦૦ થી ઓછી વસ્તીવાળા એકંદરે ૧૬,૭૮૮ ગામડામાંના લગભગ ૩૦૦૦ ગામડામા નિશાળો છે. બધા નાનાં ગામડામાં નિશાળ ચલાવવા માટે જોઇતી છોકરાની સંખ્યા મળી શકવી અસંભવિત હોવાથી એવી ગણતરી કરવામાં આવી છે કે તેવા ગામડાંમાના અર્ધામા હાલમા નિશાળો કઢવાનું બની શકે તેમ નથી.

મુંબઇ શહેર અને સિંધ બાદ કરતા ઇલાકાના બાકીના ભાગમા ૯,૪૨,૦૦૦ છોકરા અને ૯,૧૪,૦૦૦ છોકરીઓ નિશાળે ભણવા યોગ્ય ઉમ્મરના છે, તેમાંથી ૩,૪૧,૦૦૦ છોકરાઓ અને ૮૬૦૦૦ છોકરીઓ કેળવણીનો લાભ લે છે, જ્યારે ૬,૦૧૦૦૦ છોકરાઓ અને ૮,૨૮૦૦૦ છોકરીઓ કેવળ નિરક્ષર છે. એટલેકે નિશાળે જવા માટે યોગ્ય ઉમ્મરના બાળકો પૈકી ૩૬ ટકા છોકરાઓ અને લગભગ ૯ ટકા છોકરીઓ શાળામાં શિક્ષણ લે છે.

ઇલાકાની વસ્તીનો ½ ભાગ શહેરોમા અને નિશાળવાળા ગામોમા રહેનારો છે અને તેમાના ૫૦ ટકા ઉપરાંત શાળાઓમા અભ્યાસ કરે છે.

પ્રાથમિક કેળવણી ફરજીયાત કરવામા આવે તો બીજા ૭. ૭ લાખ છોકરા અને ૬. ૬ લાખ છોકરીઓને શિક્ષણ આપવાની જોગવાઈ કરવી

* વળી અમે વધારામાં સૂચના કરવા ગીએ છીએ કે જે મ્યુનિસિપાલિટી શહેરના અમુક લતાઓમાં એક પછી એક ક્રમે ફરજીયાત શિક્ષણ દાખલ કરવા માગતી હોય તેણે ખાસ સંભાળ રાખવી કે અસ્પૃશ્ય ગણાતા વર્ગને રહેવાના લતાઓમાં ફરજીયાત શિક્ષણ જેમ બને તેમ જલદી દાખલ થવા પામે.

(૮) સિંધ મુદ્દાં આખા ઇલાકાની મ્યુનિસિપલ શાળાઓમાં પાંચ વર્ષ મુદ્દામાં બધે ફરજીયાત કેળવણીનો પ્રસાર થઈ જવો જોઇએ, પણ હાલ જે છોકરાં શાળાઓમાં કેળવણી લેતા નથી તેમાંનાં ૨૦ ટકાને દર વર્ષે આ નિયમ લાગુ પાડવાની ખાસ સંભાળ રાખવી. જે મ્યુનિસિપાલિટીની ઇચ્છા હોય તે હાલ તરતજ અગર પાંચ વર્ષથી ઓછી મુદતમાં પણ ફરજીયાત શિક્ષણના નિયમનો પૂરેપૂરો અમલ કરી શકે.

(૯) સિંધમાં કેળવણી ખાતાના અમલદાર નક્કી કરે તે ગામોમાં અગર ગામોના સમૂહોમા ફરજીયાત શિક્ષણના ધોરણનો અમલ કરવો.

(૧૦) સિંધ મુદ્દાં આખા ઇલાકામાં દરેક તાલુકામા દર વરસે $\frac{1}{10}$ ગામોમાં ઐચ્છિક ધોરણ અનુસાર, શાળાઓ ખોલતા જવું આ બાબત એટલું ધ્યાનમાં રાખવું કે પાંચથી દશ વર્ષ સુધીની ઉમ્મરનાં ઓછામાં ઓછાં ત્રીસ બાળકો અભ્યાસ કરવા તૈયાર છે એવું ગામના લોકો ખાત્રીપૂર્વક બતાવે.

(૧૧) સ્થાનિક કેળવણીના અમલદારની મંજુરીથી, કોઈપણ ગામમા ફરજીયાત પ્રાથમિક શિક્ષણનો નિયમ લાગુ પાડી શકાય. આ માટે કર અગર વેરો ભરનારાના $\frac{2}{3}$ માણસોની માગણી હોવી જોઈએ.

(૧૨) અમે એવી સૂચના કરીએ છીએ કે શાળાઓ માટે મકાનો ખાતે સરકારે દર વર્ષે પાંચ લાખ રૂપીઆનું ખર્ચ મંજુર કરવું જોઈએ. આ પાંચ લાખમાંથી એક લાખ મ્યુનિસિપાલિટીને માટે જુદા રાખવા. મ્યુનિસિપાલિટી પોતે પણ એટલીજ રકમ મંજુર કરશે; જેથી પ્રાથમિક શિક્ષક માટે મ્યુનિસિપાલિટીઓને દર વર્ષે બે લાખ એટલે દર વર્ષની અંદર વીસ લાખની સવડ થશે. લોકલ બોર્ડની શાળાઓ માટે દર વર્ષે ચાર લાખ એટલે દસ વર્ષની આખરે ચાળીસ લાખની સવડ થશે. આ ઉપરાંત ડિસ્ટ્રિક્ટ લોકલ બોર્ડસમાંથી વધેલી રકમનો જે ફાળો મળશે તે જુદો. મકાનો માટેનું એક અલગ ફંડ જમા રાખવું અને દર વર્ષે એમાં નવી રકમ ઉમેરી નવા વર્ષ ખાતે કુલ રકમ જમે માંડવા કરવી. પૈસા ખર્ચી ન શકાવાને કારણે તે રકમની મંજુરી પાછી બેંગી લેવાની જોઇએ

નહિ એવી અમારી સૂચના છે. વાર્ષિક ચાલુ ખર્ચ માટે મંજુર થયેલી રકમમાંથી જે બચત રહે તે રકમ પણ આ ફંડમા જમે કરવી.

(૧૩) અમારો અભિપ્રાય છે કે સ્થાનિક કેળવણીના કાર્યવાહકો એટલે કે જીલ્લા લોકલ બોર્ડ અને મ્યુનિસિપાલિટીને પ્રાથમિક શાળાઓની વ્યવસ્થા માટે બને તેટલા વધારે પ્રમાણમા સ્વતંત્રતા આપવી. સરકારે એ સંસ્થાઓ ઉપર સામાન્ય દેખરેખ રાખવી.

(૧૪) ફરજીયાત કેળવણીનો કાયદો થયા પછી તે મુજબ ન વર્તનાર માબાપ અગર વાલીને 'શિક્ષા કરવાનું કામ મ્યુનિસિપાલિટીવાળાં શહેરો સિવાય બીજે સ્થળે, મેજીસ્ટ્રેટોને સોંપવાની તરફેણમા અમે નથી. અમે સૂચના કરીએ છીએ કે દરેક ગામમાં ત્રણ માણસનું એક મંડળ નીમવું અને તેમને આ કામનો નિકાલ સોંપવો. ગામના પંચના અગર સ્કૂલ કમિટિના પ્રમુખ અને પંચ ચૂંટી કાઢે તે બે સભાસદો એમ ત્રણ સભાસદોનું આ મંડળ બને. ફરજીયાત કેળવણીના હુકમોનો ભંગ કરનારને વધારેમા વધારે પાંચ રૂપીઆ સુધીનો દંડ કરવો. પરંતુ પહેલા ગુનાહ માટે એક રૂપીયો દંડનો કરાવવો.

ઉપર મુજબની બતાવણો પ્રાથમિક કેળવણી ફરજીયાત કરવા સંબંધી વિચાર કરવા નીમાએલી કમિટિએ કરી છે. ઈલાકાના કેળવણીના પ્રધાને તે બતાવણો ધ્યાનમા લઈ કેળવણી સબંધી એક બીલ સપ્ટેમ્બર માસમાં મળેલી ધારાસભામા રજુ કર્યું હતું. ધારાસભામા એ વિષય ઉપર અનેક દૃષ્ટિબિન્દુથી ચર્ચા થઇ છે અને છેવટે સિલેક્ટ કમિટિને એ બીલ સોંપવામા આવ્યું છે. ડિસેમ્બરમા ધારાસભાની બેઠક થશે તે વખતે સિલેક્ટ કમિટિ પોતાનો રિપોર્ટ રજુ કરશે અને તે પછી એ સંબંધી કાયદો ઘડવામા આવશે. આ અગત્યના પ્રશ્નનો ઉકેલાવો દેશના ભવિષ્યમા બહુ અગત્યનો ભાગ ભજવશે એ નિઃસંશય છે.

નૂતન-વર્ષાભિનંદન હૃદયપત્રિકા.

(લેખક નરોત્તમ ધનજીભાઈ આસડીયા સુરતકર.)

સ્નેહના રમ્ય ગગનાંગણે,
વિકસતી શુભ્રાભી ઉષાના સ્નેહકુંજમાંથી !
મેઘમાલાની રમ્યમનટાને

વિહારી, મર્ત્યજનના હૃદયકુંજને
પુલકિત કરતો,
સુવર્ણમય પ્રભા પ્રકટાવતો,
નૂતન વર્ષનો નૂતન ભાનુ
આજે સ્નેહ દ્રવતાં જીવનાઙ્ગણે !!!

(૨)

જરથોસ્તીઓનાં હૃદયને મોહતો,
આજનો ૧૨૯૨ મો
દિવ્યજ્યોતિ ઝગહળાવતો !
નવીન ભાનુ !
નવીન અગ્યારીમા નવીન અગ્નિદેવ !
પ્રગટ્યો છે જરથોસ્તી મહોળે !!
સ્નેહાળ આત્માને ઝગહળાવવા
પ્રાત સ્મરણીય ખીલેલા પ્રભાતે !!!

(૩)

કુસુમોદ્યાનની વૃક્ષલતે
પરિમલ પ્રસરાવતાં પ્રણયી પુષ્પો !
મધ્યમા મંદમંદ ઉમળકે
વિહરતી અનિલની આનંદ લહરીઓ
જરથોસ્તીઓના રમ્ય પ્રભાકુંજે !
અદ્વિતીય આશાઓને સિંચવતી
અનેરી સ્નેહની લહરીઓ
વહો !!! ગુરુશ્રીના આત્મપથે !!!

(૪)

વસંતે વિકસેલા !
વિહારોદ્યાનની વૃક્ષમાલામા
પ્રફુલ્લિત સહકારડાળે
સ્નેહ ઝરતા મધુર ગાને !
કલરવ કરતી ઉત્સુક 'માદિલાઓ':
ગભીરા સરિત્ જળમા
દિનકરના સ્નેહભર્યા આગમને !

પ્રેમની પુષ્પપત્રી પુલકિત કરી
અભિનંદતા સુરમ્ય પંકજોમા
ગૂંજતા તૃપાતુર 'મધુકરો':
એવા 'અમ' સહુ
વાંછના આપના વિજયમાગને
સ્નેહપૂર્ણ આશાતંત્રો યુક્ત
આપની જીવનયાત્રાને
પારપૂર્ણ યશવત્ !!!

(૫)

પુષ્પની આ પ્રણયમાલાને
પ્રણયી, હૈયારૂપી પુષ્પોવડે
હૃદય સિતારીના ઝણઝણતા તંતુથી ગૂંથીને !
સમર્પીએ આપની હૃદય તંત્રીને !!!

"અમૂલા એમા, કુસુમ મધુરા, સ્નેહથી સહુ ગૂંથેલાં"
"રહીદારો આ, ઝગહલે અચળ, સ્નેહની જ્યોતિ જેમા." *

---

* પ્રે રા. ટ્રેનિંગ કોલેજમાં ત્રીજા વર્ષમા અભ્યાસ કરનાર એક વિદ્યાર્થીનું રચેલું આ કાવ્ય છે વિદ્યાર્થીની કૃતિ કોવાથી ઉત્તેજન પાત્ર ગણીને તે અહિં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. અ. રા ૫

સ્વર્ગ-ભૂમિ. *

(અનુવાદકઃ-મણિલાલ કાળિદાસ ભટ્ટ. વિદ્યાર્થી ત્રીજું વર્ષ પ્રે. રા. ટ્રે. કોલેજ.)

'ક્યારે ક્યારે શ્રવણ કરું છું સ્વર્ગની ભૂમિ વિષે,
ને સુખી ત્યા સહુય મનુના બાલના જૂથ દીસે'
એવું એવું કહી કહી અવિ ! માત ! બોલે જ મીઠી,
ભૂમિરેખા ઝગઝગ થતી નેનથી તેં ન દીઠી ?
'શોધીશું ના જનની, મધુરી ! આપણે ભૂમિરેખા ?
કે રોવું ના વધુ વધુ રહે, મર્ત્ય-ભૂમિ વિષે આ !

નારંગીના મુદિત ફુલડા જ્યા ઝૂમે ત્યાય છે, કે
ખીલી વેત્રી સ્થિરભર, મઢી લીધ જ્યા આગીઆએ ?'
બોલી માતા, નમિત મુખડે વેણુ આ સ્નેહભીના—
'ના ના, મીઠા ! નથી નથી તહીં બાલ ! એ ભૂમિ ત્યા ના' !

(૨)

'ઉગે છે જ્યા વનવન ભર્યું તાડનુ હેમવર્ણું,
ને ઉનાળે ખજુર થનતુ પાકી જ્યા રક્તવર્ણું,
કે સિધુના ઉપતટપરે દ્વીપના મધ્ય ભાગે,
વા સુગધી વનપવનની સ્નિગ્ધ લ્હેરોની અધ્યે ?
કે પાખોમા તલતલ ભર્યા આભકેરા અનેરા,
સૃષ્ટિ દેખા નયનભર જ્યા પક્ષીને રગ પૂર્યા·
એવા કોઇ દૂરદૂર વસ્યા પૃથ્વીજુનાય દેશે
ત્યા છે ત્યા છે જનની ! મીઠડી ! સ્વર્ગની ભૂમિ એ કે ?'
બોલી માતા, નમિત મુખડે વેણુ આ સ્નેહભીના
'ના ના, મીઠા ! નથી નથી તહીં બાલ ! એ ભૂમિ ત્યાના !

(૩)

'અંકે લેઇ કનકરજને જ્યા વહેતી સરિતા,
આછીઆછી દ્યુતિ પ્રસવતા જ્યા સદા પોખ્ય રાતા,
ને ભૂગભો પ્રસ્ફુટ કરતા હીરલા જ્યા ઝમુકી,
ને મૌક્તિકો અધિક ઝગકે મોતી—આરે લમુકી·
એવા કોઇ દૂર દૂર વસ્યા પૃથ્વીજુનાય દેશે
ત્યાં છે ત્યા છે, જનની ! મીઠડી ! સ્વર્ગની ભૂમિ એ કે ?'
બોલી મ તા નમિત મુખડે વેણુ આ સ્નેહભીના
ના ના, મીઠા ! નથી નથી તહીં બાલ ! એ ભૂમિ ત્યાના !

(૪)

'મીઠા ! મોઘા ! નથી નથી હજુ જોઇ એ ભૂમિ આપે,
ને આનદી હજુ નથી સુણ્યા ગાન ઘેરાય કાને !
જ્યાં મૃત્યુ ને નવ કરી શકે દીલગીરી પ્રવેશ—
ને ના થાતી, અસર કદીએ કાગની જ્યાય લેશ
યુવાની જ્યાં નિશદિન ગ્રહે-કાળ પખા વિદારી—

સ્વપ્નાયે ના કદીય ભૂમિનાં આવતાં નેનહારિ !
કાંકે એ તો નભથી પર ને કંઇ નીચે લપાય !
ત્યાં છે ત્યા છે, મધુર ! મીઠડા ! સ્વર્ગભૂમિ ભુપાય !*

રાસડો.

વડીલોની આજ્ઞા પાળવા વિષે બાળાઓને બોધ.

(લેખક:-કંકુબાઇ માધવજી હેડ મિસ્ટ્રેસ જશરાજ વાલજી કન્યા-શાળા. કરાંચી.)

કેવો ખીલ્યો વિદ્યા બાગ, કેવો ખીલ્યો વિદ્યા બાગ.....
સદ્‌ગુણ ફૂલ ફળે શોભશે. કેવો૦ ૧

સાખી—

શિક્ષા માતપિતાતણી, માનો રાખી પ્યાર,
કુળવંતી કન્યાતણો, એજ પરમ આચાર.

રામે આતા પાળી માત પિતાની, ચૌદ વરસ વન લીધાં સ્વીકારી.
જગને દીધો બોધ ભારી બેનો વિદ્યા બાગ દીપાવો. કેવો૦ ૨

સાખી—

શ્વશુર ગૃહે સંતોષથી, સંપી રહેજો સર્વ,
સતી સીતા દમયંતી સમ, પાળો પતિવ્રત ધર્મ.

સેવા શ્વશુની મનમા ધારજો શાણી સાહેલી.
એ બોધ કદીએ ના વીસારજો શાણી સાહેલી.
વિદ્યા વાટિકાને ખીલાવજો શાણી સાહેલી. કેવો૦ ૩

સાખી—

જપ તપને તીર્થો બધાં, સાધન વળી અનેક,
વડીલ વૃદ્ધને દુભવ્યે, સફળ થશે નહિં એક.

સત્ય પરમ ધર્મ હૃદયે ધરજોરે બેની

---

* Mrs Homans ના The Better Land એ નામના કાવ્યનો અનુવાદ.

અવલોકન કરી લાંબરા કહેવું. પશુપક્ષીના સામાન્ય આકાર, રંગ, કદ, કદ, તેમનું કુદરતી ઢાંકણ, ચાંચ કે દાંત, ખોરાક, ઘર કે આંગળા, ખાસ હીલચાલ, અવાજ, ટેવ, બચ્ચાં માટેની કાળજી, તેમના દુશ્મન અને મિત્ર પ્રાણી, બચાવ અને સામા થવા માટે સાધન અને માણસને તે પશુ કે પક્ષીકરવે દરજજે ઉપયોગી છે વગેરે હકીકત માટે તૈયાર થઇ આવવા કહેવું; બાદ કોઠીઆમાં જઇને અગર પાંજરાપોળમા બાળકોને તેડી જઇ પ્રત્યક્ષસાધન દ્વારા જ્ઞાન તપાસી બાળકો ભૂલ કરે ત્યાં સુધારી તેમને બરે રસ્તે દોરવા. મુખ્ય મુદ્દા ઉપર ચર્ચા ચલાવી વાતચીત મારફત પુનરાવર્તન કરાવી જવું. પશુ કોઇ પણ રીતે નોટ ઉતરાવવી નહિ. અલબત પોપટ સાથે કાગડાનો મુકાબલો કરતા કાગડો મેળવવો એ શિક્ષકને મુશ્કેલ થઇ પડશે; છતા બાળકોને તે જોવાની તક હરહંમેશ ઘણીજ વખતે મળ્યા કરે છે તે ઉપરથી, તેમજ ચિત્રદ્વારા આ પક્ષીનો સામાન્ય આકાર, કદ, કદ, કુદરતી ઢાંકણ વગેરે ઉપર જણાવેલી હકીકત શિક્ષક બાળકો પાસેથી ઘણીજ સહેલાઇથી કઢાવી શકશે. કેટલીક વખત જુદીજ પદ્ધતિ અખત્યાર કરવાથી પણ ફાયદો થાય છે. ।શક્ષક અને ।શષ્ય બન્ને એકી વખતે અવલોકન કરી, શિક્ષક મુખ્ય મુખ્ય શિખવવાના જુદાજુદા ભાગવાળા મદાના તરફ શિષ્યોનું ધ્યાન ખેંચે. આ પ્રમાણે જો બાબત એકજ પાઠ કાળજીથી શિખવવામાં આવે તો તે ઉપરથી બાળકો કક્કા સિવાય પ્રાણીના જુદા જુદા ભાગની સરખામણી અને મુકાબલો કરતાં શીખશે. સારી રીતે અવલોકન કરાવ્યા બાદ વાચનમાળામાંથી પાઠ લેવા.

(ક) આ વર્ગના વિદ્યાર્થીને આકાશનું અવલોકન કરાવવું. સૂર્ય, ચંદ્ર, તારા, વાદળાં, વગેરે આકાશી પદાર્થના રંગ, આકાર, તેમની જુદી જુદી વખતે ભિન્ન ભિન્ન ઋતુમા સ્થિતિ વગેરે બાબત તરફ બાળકોનું ધ્યાન ખેંચવું. આકાશી પદાર્થના અવલોકન સારૂ વર્ષાઋતુનો સમય (ચોકખી રાત્રી) અને વર્ષાઋતુ પહેલાનો સમય વધારે અનુકૂળ થઇ પડશે કે જેથી બન્ને વખતના વાદળની સરખામણી બાળકો કરી શકે. આ પછી વાચનમાળામા આપેલા પાઠ અને બાળપોથીમાના ચાંદલીઆતા ગીત તરફ ધ્યાન ખેંચવું. વરસાદના પાણીનો પણ આ અભ્યાસક્રમમાં સમાવેશ થાય છે. તો તે વિષે પણ વર્ષાઋતુમાં શિખવવું ઠીક પડશે, વરસાદનું પાણી રસ્તો, ખાડા અને ખેતરમાં શું શું કામ કરે છે તે અવલોકન કરાવી પુછવું. વર્ષાઋતુમા એક વખત બાળકોને બહાર ફરવા લઇ જવા. કેટલુંક પાણી જમીનમા નીચે ઉતરે છે, કેટલુંક તળાવમાં જઇને થાય છે, અને

કેટલીક જગાએ તે નદીના રૂપમાં વહે છે, તે બાળકોને બતાવવું. આ પ્રમાણે અવલોકન કરાવ્યા બાદ વાતચીત રૂપે તેનું પુનરાવર્તન કરવું અને ત્યાર બાદ વાચનમાળામાંથી તે વિષય પર આપેલો પાઠ વંચાવવો.

ધોરણ ૨ જીવું:—પહેલા ધોરણ કરતા આ ધોરણમાં છોડ વિષે કંઈક વધારે જ્ઞાન આપવું—દેળની જાતના છોડ, ફૂલ માટેના છોડ, શાકના છોડ, ફળના ઝાડ, એ પ્રમાણે જુદી જુદી જાતો વિષે માહિતી મેળવવી જોઇએ. બાળકોને નિશાળના બગીચા અગર ખેતરમાં લઇ જઈ તેમને બાજરી, જુવાર, મકે, ડાંગર, શેરડી, મકાઇ, તુરેર, ચણા, અને કઠોળની બીજી જાત, તેમજ કેરી, જાંબુ, દાડમ, કેળું, ખજુર, નાગીએર, લીંબુ, ગુલાબ, મોગરો, સૂર્યમુખી, ગુલમહોર, હજારી, તુલસી, કાકડી, તડબુચ વિષે સામાન્ય જ્ઞાન આપવું. પ્રથમ છોડ વિષે સામાન્ય જ્ઞાન આપ્યા બાદ જુદી જુદી જાતના છોડ તરફ બાળકોનું ધ્યાન ખેંચવું છોડ તથા ફળ જે ઋતુમાં થતા હોય તે ઋતુમાજ બાળકોને અવલોકન કરાવવુ ઠીક પડશે; ત્યાર બાદ વાતચીત કરી પુનરાવર્તન કરવુ, પછી ચિત્રની સાથે પણ અવલોકન કરેલી વસ્તુનો સબંધ જોડવો. ચિત્ર સાદાં અને પેન્સિલથી દોરાવવા કે જેથી વધુ સમય વ્યય નહિ. એક વખત ફરીથી પુનરાવર્તન કરાવતા પદાર્થ પ્રત્યક્ષ રાખવો કે જેથી બાળકો પદાર્થ જોઈ બધી વસ્તુઓ બાદ લાવી કહી શકે. ડાંગર અને શેરડીનું અવલોકન કરાવ્યા બાદ બીજી ચોપડીમાંથી તે વિષે આપેલા પાઠ વંચાવવા ઠીક થઈ પડશે. સૃષ્ટિજ્ઞાન સારૂ ઉપર્યુક્ત છોડ બગીચામાં [નિશાળના] ઉછેરવામાં આવે તો સારૂ શિક્ષકે ૩'×૩' ના નમુનાના ક્યારામાં છોડ ઉછેરવા કે જે ઉપરથી બાળકો ક્યારા કેમ કરવા તે શિખે.

(૪) છોડની માફક પ્રાણીના અવલોકનની બાબતમાં પણ આ ધોરણમાં વધારે બારીકાઈથી અવલોકન કરાવવું પડશે. બે પ્રાણીને સાથે સાથે તપાસી તેમનું મળતાપણું અને ભિન્નતા બાળક પાસેથીજ સૂચક પ્રશ્ન દ્વારા દર્શાવવા. માત્ર પાંચજ પક્ષી અને પ્રાણીના અવલોકન કરાવવાના છે. તો નીચે જણાવેલા અનુકૂળ થઈ પડશે:—

(૧) ઘોડો અને ગધેડુ
(૨) બતક અને મરઘી
(૩) ગાય અને બળદ

શરીરનો આકાર કેવો છે ? શરીર શાનાથી ઢંકાયલું છે ? તેના ઢાંકણનો (ચામડીનો) રંગ કેવો છે ? તે પ્રાણી કેવી રીતે હાલે ચાલે છે ? તેને ચાલવાના અવયવ (પગ કે પંજા અને આગળા) કેટલા છે ? ચાલવા સિવાય બીજી રીતે તે ગતિ કરી શકે છે ? તેનો ખોરાક શું છે ? તે કેવી રીતે ખોરાક લે છે ? તે ખોરાક ચાવે છે ? તેનો અવાજ કેવા જેવો છે ? માદા તેના બચ્ચાને કેવી રીતે ઉછેરેછે, બચરાવે છે અને રક્ષણ કરે છે ? દુશ્મનની સામે થવાના તેમજ તેમનાથી બચવાના શું સાધન છે ? વગેરે પ્રશ્ન દ્વારા જ્ઞાન આપવું. ત્યાર બાદ વાચનમાળામાંથી ઘોડો, ગધેડું, ચકલી, બતક, મરઘી, વગેરેના પાઠ ચલાવવા

૬ આકાશમાં સૂર્યની દેખીતી બદલાતી ગતિનું અવલોકન કરાવવા સારૂ નિશાળના ચોગાનમાં ૪ કે ૫ ફૂટ લાંબો લોખંડનો સળીઓ રોપી સવારે અને બપોરે નિયમિત રીતે તેનો પડછાયો માપવો, અને તે ઉપરથી સૂર્યની (આકાશમાં) સ્થિતિ તથા ગતિનું જ્ઞાન આપવું

પવનની દિશાનું જ્ઞાન આપવા સારૂ વેધર-વેન (પવનની દિશાનું યંત્ર), પૂર્વાપર પુત્ર, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, તેમજ પેટાઓનું માપ કાઢી તે ઉપર આડી મોટ લટકાવી કામચલાઉ યંત્ર તૈયાર કરી તે ઉપરની પવનની દિશા નક્કી કરાવવી, વળી ધૂળ ઉરાડી, કાગળના કડકા ઉંચેથી નાખી, કે હાથમાં રૂમાલ ઉડવા દીધાથી પણ પવનની દિશા નક્કી કરી શકાય

ધોરણ ત્રીજું —

આગલા ધોરણ કરતા આ ધોરણમાં મૂળ, થડ, અને પાનના જુદા જુદા આકાર અને તેના લક્ષણ વિષે બાળકને શિખવવું. એકદળ વનસ્પતિના મૂળ, થડ, અને પાન, દ્વિદળ વનસ્પતિ॥ મૂળ, થડ અને પાનથી કેવી રીતે જુદાં પડે છે. મૂળના અવતોમ્ન સારૂ છોડને ઉખેડવો પડે તો પ્રથમ છોડને પુષ્કળ પાણી પાવું કે જેથી છોડ ઉપાડતા નાના નાના તંતુઓ પણ છોડના મૂળ નાથે ઉખડી શકે મકાઈના વર્ગના છોડ, કઠોળના વર્ગના છોડ શમીઆ બટાટા॥ છોડ, તડમુચ કે કોળા વગેરેના છોડ ઉપરથી બાળકોને મૂળનું જ્ઞાન આપવું, વળી તે મૂળની રચના અને તે જમીનમાં કેટલી ઉંડાઈ એ હોય છે તે તરફ પણ બાળકોનું ધ્યાન ખેંચવું. આટલું થયા પછીથી મૂળનો ઉપયોગ બાળકો પાસેથીજ કઢાવવો. આ ઉપરાંત છોડ કે ઝાડને જેટલા પ્રમાણમાં ડાળ અને પાનનો ભાર ઉચકવાનો હોય છે તથા પવનના ઝપાટા સામે થવાનું હોય છે તેના પ્રમાણમાં તેનાં મૂળ મજબૂત હોય છે મૂળ વાટે ઝાડને પોષણ મળે છે તે હકીકત પ્રયોગદ્વારા

શિખવવી. મૂળ જમીનની અંદરના ભાગમાં હોય છે અને થડ બહારની બાજુએ હોય છે. બન્નેને ડાળાં હોય છે પણ મૂળની ડાળીમાંથી બીજું કાંઈ ઉગતું નથી જ્યારે થડની ઉપરની ડાળીમાંથી પાન અને ફૂલ આવે છે. આ પ્રમાણે મૂળ તથા થડ વચ્ચેના તફાવત તરફ ધ્યાન ખેંચવું. ઝાડના થડને વહેરવાથી તેમાં જણાતા વર્તુલ ઉપરથી ઝાડની ઉમ્મર કહી શકવાની રીત સમજાવવી અને સાથે સાથે કેટલાકમાં એનાં વર્તુલ જણાતાં નથી તેનું કારણ શું, તે હકીકત પ્રશ્નદ્વારા સમજાવવી. ભાલાકાર, પંજાકાર, કરવતાકાર અને ઘેડાંના જેવા આકારવાળાં પાનને જુદાં જુદાં ગોઠવવા કહેવું. આ ઉપરાંત પાનને સાદીચૂસ કાગળમાં રાખી, તેમને સૂકવી, પૂઠાપર ચોટાડી વર્ગના ઉપયોગ સારૂ રાખી શકાય.

(ઘ) પ્રાણીના અવલોકનની બાબતમાં આગલા ધોરણના અભ્યાસક્રમ ઉપરાંત ડાળી ઉપર અદ્ધર બેસનાર પક્ષીનો વર્ગ (ત્રણ આગળાં આગળ અને એક પાછળ દા૦ ચકલી, કાગડો વગેરે), ઝાડ ઉપર ચઢનાર (બે આંગળાં આગળ અને બે પાછળ દા૦ પોપટ, કાકાકૌઆ અને કોયલ વગેરે,) જમીન ખોતરનાર (તેમના આંગળા પંજાની માફક અણીવાળા દા૦ મરઘી, મોર વગેરે), પાણીમાં તરનાર (ચામડીથી સંધાએલી આગળીવાળાં દા૦ રાજહંસ, બતક, જળકુકડી વગેરે), ફળ ખાનાર (વાંકી વળેલી ચાંચવાળા દા૦ પોપટ વગેરે), બી અને દાણા ખાનાર વગેરે પ્રાણીના અભ્યાસનો સમાવેશ થાય છે. આગલા ધોરણની માફક આ ધોરણમાં પણ અવલોકન અને તે ઉપર ચર્ચા ચલાવતા અગાઉ અઠવાડિયાં અગાઉ બાળકોને અવલોકન કરી લાવવા કહેવું. અવલોકન અને તે ઉપર ચર્ચા ચલાવ્યા બાદ વાચનમાળામાં આવેલા ગીધ અને સમડીના પાઠ ચલાવવા ઉપયોગી થઈ પડશે. મરી ગએલા પક્ષીનાં બેાખાં સુગંધ યુક્ત મસાલાભરી, નિશાળના સંગ્રહસ્થાનમાં રાખી મૂકવાથી તે ઉપયોગી થઈ પડશે.

(ક) સૂર્યની દરરોજના જણાતી ગતિ અને સ્થિતિ. ચંદ્ર અને તેની કળા, તથા વરસાદનું વાદળ, રૂના ઢગલા જેવું વાદળ, પીછા જેવું વાદળ વગેરે વાદળના જુદા જુદા આકાર વિષે બાળકોને સમજાવવું અને અવલોકન કરાવવું. આ ઉપરાંત ખડક, જમીન, અને પાણી. ગરમી અને ઠંડકથી ખડક ઉપર શું અસર થાય છે તે બાબતના અભ્યાસનો સમાવેશ આ ધોરણના અભ્યાસક્રમમાં થાય છે.

ધોરણ ચોથું :—

આગલા ધોરણના અભ્યાસક્રમ ઉપરાંત આ ધોરણમાં, છોડને ઉગવા સારૂ પાણી, હવા, સૂર્યનો પ્રકાશ અને ખાતર (જમીન) આવશ્યક છે તે હકીકત પ્રયોગદ્વારા સિદ્ધ કરી બતાવવી પાન અને પાણીનો સંબંધ પણ સમજી થઈ પડશે (દાખલા તરીકે કેળના પાન શા માટે મોટા હોય છે ? આ ઉપરાંત ફળ, ફૂલ, તેના અદ્દના તથા બહારના જુદા જુદા ભાગ અને ફળ વિષેનું જ્ઞાન આ ધોરણમાં આપવાનું છે. વાવવા સારૂ બીને કેવી રીતે સાચવી રાખવા પડે છે ? કેવી જાતના બી વાવવા સારૂ ઉપયોગી હોય છે ? કેવી જાતના બી વાવવાના કામમાં નિરુપયોગી નિવડે છે વગેરે હકીકત બાળકોને તેમનીજ પાસે પ્રયોગ કરાવી શીખવવી. આ અભ્યાસની સાથે વાચનમાળામાંથી પાન, ફળ, ફૂલ, બી વગેરેના પાઠ ચલાવવા ઉપયોગી થઈ પડશે. આ ધોરણમાં બાગ કામની બાબતમાં છબરી પેની અગર બીજા છાંટવા વાસણમાં ખાતર ભરી રૂનના છોડ ઉછેરાવવા. ખાતર અને તેને તૈયાર કરવાની રીત, તેમજ જમીનમાં એકજ જાતનો પાક લાગવાગટ વર્ષોવર્ષ Cતારવાથી તે જમીન કસમાં કેવી રીતે ઉતરી જાય છે તે તરફ બાળકોનું ધ્યાન ખેંચવું. બી વાવી ઉગાડયા સિવાય, બીજી કઈ કઈ રીતે છોડ ઉગાડવામાં આવે છે તે પણ બાળકોને શિખવવું. (કલમ કરીને, વાસ વગેરેની બાબતમાં ગઠો કે આંખો રોપી, દડ કે ધડ રોપીને વગેરે)

ઘ. આગલા ધોરણમાં કરેલા પ્રાણીના અવલોકન ઉપરાંત બગીચામાં માલૂમ પડતા જંતુ અને તેમનો અભ્યાસ આ ધોરણમાં કરવાનો છે. (પતંગીઉં, અળશીઉં, કૂદી વગેરે) તેમનો વનસ્પતિ સાથે કેવો સંબંધ છે તે હકીકત બાળકોને આનંદ ઉપજાવનારી થઈ પડશે જંતુના સામાન્ય લક્ષણ, તેની વ્યાખ્યા, તેની પાંખ વગેરેનું જ્ઞાન બાળકોને આપવું. ઇંડાની અવસ્થામાંથી એકાદ જંતુને ઉછેરી તેનું સંપૂર્ણ સ્થિતિએ પહોંચતા સુધીનું અવલોકન બાળકોને કરાવવું. અવલોકન કરી દરરોજ તેની નોંધ બાળકો પોતાની સમજણપોથીમાં રાખવા ચૂકે નહિ તે બાબત શિક્ષકે લક્ષમાં રાખવી. જંતુનું અવલોકન કરવામાં જેટલો આનંદ બાળકને લાગશે તેટલોજ આનંદ દેડકા અગર બીજા પાણીની અવસ્થાનું અવલોકન કરવામાં આવશે. (ચોમાસું બેસતા દેડકાના અગર મચ્છરના ઇંડા શોધી કાઢી બરણીમાં પાણી ભરી રાખવા અને તેમાં શેવાલ નાખવી. બરણી પહોળા મોંદાની રાખવી અને તેના ઉપર ચરણીના તાર જેવી ચુંથેલી તારની જાળી ઢાંકવી). આ ઉપરાંત માછલાનું અવલોકન પણ આ ધોરણના બાળકોને કરાવવાનું છે. તેના

શરીર ઉપરની ચામડી, ઝાડર, પાણીમાં જીવવાની શક્તિ વગેરે હકીકત પ્રશ્નદ્વારા બાળકો પાસેથી વાતચીત કરી કઢાવવી. છેવટમાં આ વિષય ઉપર ચોથી ચોપડીમાંથી આપેલા પાઠ ચલાવવા ઉપયોગી થઈ પડશે.

ક. આકાશી પદાર્થના અવલોકનની બાબતમાં, આગલા ધોરણોના અભ્યાસક્રમ ઉપરાંત ચંદ્ર અને તેની કળાનું અવલોકન, નક્ષત્રપટામાંથી ચંદ્રનું પસાર થવું, તે પટા સાથે ચંદ્રનો સંબંધ, અને તે પટાના અમુક નક્ષત્રમાં થઈને ચંદ્રના જવાથી તે નક્ષત્ર ઉપરથી તે મહિનાનું નામ (દાખલા તરીકે વિશાખા ઉપરથી વૈશાખ, જ્યેષ્ઠા ઉપરથી જેઠ-જેઠ, ચિત્રા ઉપરથી ચૈત્ર વગેરે) વગેરે હકીકતનું જ્ઞાન બાળકોને આપવું.

આગલા ધોરણ કરતાં વધારે વિસ્તારથી ખડક વિષે હકીકત બાળકો પાસેથી કઢાવવી. વરસાદ, પવન અને ગરમીની અસર પાણી ઉપર કેવી થાય છે તે હકીકત વધારે વિવેચનથી આ ધોરણમાં શિખવવી. ખડક અને તેના બંધારણનું ચિત્ર પડાવી, ખડકમાં કયાં કયાં પડ આવેલા હોય છે તે બરાબર રીતે બતાવવા.

(સંપૂર્ણ).

ચેપી રોગ સાથે બેકટીરીઆનો સબંધ.

(લેખકઃ—મિ. એન. એ. કાદરી. બી. એ. એસ. ટી. સી. ડી.)

જ્યારે કોઈ રોગ અકડવાથી કે હવા, પાણી ખોરાક વગેરેને રસ્તે એક માણસની મારફતે બીજાને વળગે છે, ત્યારે એવો રોગ ચેપી અથવા ઉડતોરોગ કહેવાય છે. ડોકટરો એવા રોગને 'કોન્ટેજીઅસ' અથવા 'ઇન્ફેકશિઅસ' કહે છે, અને રોગના કારણને ચેપ કહે છે.

ચેપ એ શું છે?:—ચેપ ખરી રીતે ક્રિયા અથવા ગતી છે. ચેપ અમુક વસ્તુની મારફતે અથવા તેની મદદ વગર એક માણસથી બીજા માણસને લાગી જાય છે; પરંતુ સામાન્ય રીતે એ શબ્દ ઝેર અથવા ઝેરી જંતુઓ માટે વપરાય છે. એ ઝેર વડે ચેપી રોગ એક માણસથી બીજા માણસમાં ફેલાય છે.

આધુનિક કાળની શોધખોળથી માલમ પડયું છે, કે ચેપી રોગના જંતુઓ ઘણુંજ નાના નાના કીડા છે. આ કીડાઓને અંગ્રેજીમાં બેકટીરીઆ કહે છે.

બેક્ટીરીઆ એટલા બધા નાના હોય છે, કે ભગવાન સૂક્ષ્મદર્શકયંત્ર વગર તે જોઈ શકાતાં નથી; પરંતુ વનસ્પતિના બીજનો આકર તે વાવી અને ઉછેરી શકાય છે. એટલે કે જે પ્રમાણે આપણે અમુક બી વાવી, ફૂલ વગેરેના છોડવાઓ બાગ બગીચામા ઉછેરીએ છીએ, તેજ પ્રમાણે બેક્ટિરીઆને જમીન વગર અમુક અમુક ખોરાકોમા નાખી તેને ઉછેરી શકાય છે. આવા ખોરાકમાં તેઓ સારી રીતે ઉછરી-વંશવૃદ્ધિ કરી શકે છે; એજ પ્રમાણે ઘણા ખરા ચેપી રોગોનાં જંતુઓ માણસના શરીરમા દાખલ થઈ, ત્યાંના લોહીમાં પૂષ્ટપુષ્ટ થઈ શકે છે, અને તક મળતા પોતાની વૃદ્ધિ કરે છે.

બેક્ટીરીઆ—

નીચેના શબ્દો-બેક્ટીરીઆ, જર્મ્સ, માઇક્રોબ્સ, માયક્રોમેસિલિસ વગેરે શબ્દો લગભગ સરખા અર્થસૂચક છે. એ સર્વે શબ્દો જુદી જુદી જાતના સૂક્ષ્મ જંતુઓ માટે વપરાય છે. દરેક પ્રકારના જંતુમા શો ભેદ છે તેનું જ્ઞાન મેળવવા સિવેચનમા ઉંડા ઉતર્યા વગર આપણે સર્વ જાતનાં જંતુઓ માટે બેક્ટીરીઆ શબ્દ વાપરીશું. વર્ષા ઋતુમાં દીવાની આજુ બાજુ સેંકડો નાના પતંગીઆ ઉડી-અથડાઈ પોતાનો જીવ ખુએ છે, એ ખરૂં પૂછો તો મોટા જંતુઓ છે. એજ ઋતુમાં બેદરકારીથી રાખેલી રોટલી પર ફુગ ચઢી જાય છે, એ પણ એક પ્રકારના નાનાં જંતુઓ છે. શરબત અને અવલેહની બાટલીઓમાં જાળા બાઝી જાય છે, એમાં પણ જંતુઓ હોય છે. સ્થિર અને ગંદા પાણી પર લીલ બાઝી જાય છે, એમા પણ જંતુઓ હોય છે. એ એક પ્રકારનાં વનસ્પતિ જંતુઓ છે. કેળવેલા લોટને લાંબો વખત રાખી મૂકવાથી એમાંથી ખમીર ઉત્પન્ન થાય છે, એ પણ જંતુઓને લીધેજ છે. એ સર્વ જંતુઓ શું છે ? અને કેવાં છે ?

બેક્ટીરીઆની રચના—

બેક્ટીરીઆ—વનસ્પતિની હલકામા હલકા વર્ગની પ્રજા છે, અને તે જંતુ જીવન ધરાવે છે. એમની રચનામાં માત્ર એકજ સેલ (પીંડ) હોય છે; અને એ પિંડમાં (પ્રોટોપ્લેઝમ) જીવનતત્વ હોય છે. તે કાર્બન, હાઇડ્રોજન, ઓક્સિજન, અને નાઇટ્રોજનના રસાયણિક મેલનથી ઉત્પન્ન થાય છે. આ ચારે વસ્તુઓ નિર્જીવ છે. છતાં જ્યારે કુદરતી રીતે એકત્ર થઇ જીવનતત્વ બને છે, ત્યારે નવા પદાર્થમા અદ્રાવિત ઉત્પન્ન થાય છે. જે અર્ધ જામી ગએલ કાલુદા અથવા જેલીની

બાકી સ્વચ્છ અને પારદર્શક દેખાય છે. આ રચનાનો બહારનો ભાગ ઘણો મજબુત હોય છે, અને તે પિંડની ભીત (Cell Wall) કહેવાય છે.

રૂપ અને દેખાવ:—

કેટલાક બેક્ટીરીઆ ગોળ હોય છે. કેટલાક દંડાકાર, કેટલાક વેલણના જેવા, કેટલાક પેચવાળા વગેરે આકારના હોય છે.

(૧) ગોળ અને ઇંડાકાર બેક્ટિરીઆને કોકાઇ (Cocci) કહે છે.

(૨) ⊂ વેલણના જેવા દેખાવના જંતુઓને બેસીલાઇ (Bacilli) કહે છે.

(૩) જરા વાળેલા (⌒) હોય, તો કોમાબેસીલાઇ (Comma Bacilli) કહે છે.

(૪) બેજ જો સાકળના ∞ આકારના હોય, તો સ્પીરીલમ (Spirillum) કહેવાય છે.

(૫) જ્યારે પેચ બાકી મરડાએલા હોય, તો તેઓ સ્પાયરોચીટ્સ (Spirochaetes) કહેવાય છે.

બેક્ટીરીઆ એક બીજા સાથે જુડ બનાવી રહે છે. જુદાજુદા જંતુઓના જુંડોનો આકાર જુદો જુદો હોય છે. દાખલા તરીકે તેઓ મોટી સંખ્યામા વૃદ્ધિ પામી, બબ્બેની જોડી બનાવે છે. કેટલીક વખતે ઘણા જંતુઓ સાથે વળગી રહે છે, અને દ્રાક્ષના જુમખા જેવા દેખાય છે. કોઈ વખતે એ જુમખા સાકળ જેવા દેખાય છે. બેક્ટીરીઆની સૂક્ષ્મ ત્વચામાંથી એક પ્રકારનો ચીકણો રસ ઝરે છે, જેથી તેઓ સ્વાભાવિક રીતે એક બીજાને વળગી રહી શકે છે.

વજન:—

સાધારણ કદના વીસ કરોડ બેક્ટીરીઆનુ વજન ૧/૧૦ ગ્રેન એટલે લગભગ એક ખસખસના દાણાના વજન બરાબર હોય છે.

ઉત્પત્તિ અને વૃદ્ધિ:—

બેક્ટીરીઆ જંતુઓની ઉત્પન્ન થવાની રૂઢિ (અથવા રીત) કંઈક અલૌકિક નવીનતા ધરાવે છે. તે એવી રીતે કે એક બેક્ટીરીઆ જંતુ લાંબો થઈ, બે કટકાઓમા જુદો થઈ જાય છે. (— —) અને ત્યાર પછી દરેક ભાગ એક નવીન બેક્ટીરીઆ બની જાય છે. એ પ્રમાણે એકમાંથી બબ્બે એમ વધતા જાય છે. અનુકૂળ સંજોગોમા બેક્ટીરીઆ ૨૦ થી ૩૦ મિનિટ સુધીમા વધવાનું કામ કરે છે. અનુમાનથી એવો અડમટ્ટો કઢાયો છે, કે એક જંતુમાંથી દશ કલાકમા બીસ લાખ

જંતુઓ પેદા થાય છે. જંતુને ફેફસા હોતાં નથી. છતાં તેઓ શ્વાસો શ્વાસ લઈ શકે છે. મોઢું હોતું નથી છતા ખાઈ શકે છે. જ્ઞાનતંતુઓ નથી, છતાં તેઓ લાગણીઓ ધરાવે છે. તેમનામાં જાતિ ભેદ નથી. તો પણ તેઓ કુટુંબ ધરાવે છે. એક કોલેરાના જંતુમાંથી એક દિવસમા ચાર અબજ એંસી કરોડ કોલેરાનાં જંતુઓ ઉત્પન્ન થાય છે. કેટલું ભયંકર ! ! પરંતુ તેમની ભયંકર વૃદ્ધિને રોકવાને માટે કુદરત તેમની વદ્ધિ વિરૂદ્ધ અનેક વિઘ્નો પેદા કરે છે. દાખલા તરીકે (૧) વૃદ્ધિ પ્રમાણે તેઓ ખોરાક મેળવી શકતા નથી. (૨) એમના શરીરમાંથી નીકળતી હગાર અને બીજો કચરો તેમની વદ્ધિને રોકવામા કારણરૂપ થઈ પડે છે. (૩) બીજાં જંતુઓ નાનાં નાનાં બેક્ટિરીઆનો આહાર કરી, સંહાર કરે છે. જો એમની વદ્ધિ રોકવા માટે આવાં વિઘ્નો નહોત, તો આજે દુનયાની સપાટી ઉપર બેક્ટીરીઆ ને બેક્ટીરીઆજ હોત.

જંતુ ઉત્પન્ન થવાની બીજી રીત સ્પોર્સ એટલે બીમાથી ઉત્પન્ન થવાની છે. કેટલીક વખતે બેસિલાય એવી અચળ સ્થિરતા ધારણ કરે છે, કે બહારના નાશકારક સંજોગોમા પણ તેઓ પોતાનું જીવન નભાવી શકે છે. આવી વખતે એક બેસીલસ પોતાના સૂક્ષ્મ ત્વચાવાળા ગલેફમાંજ છ જુદા જુદા ભાગોમાં વિભુક્ત થઈ સંકોચાઇ જાય છે. ત્યાર બાદ દરેક ભાગ એક જુદા ગલેફમા વીંટળાઇ જાય છે. એ દરેક ભાગને સ્પોર્સ અથવા બી કહે છે. સ્પોર્સને પુરતું પોષણ મળે, એવા સંજોગો જ્યારે જ્યારે તેને આવી મળે છે, ત્યારે ત્યારે તેઓ પોતાના ઉપરનો ગલેફ ફાડી બહાર નીકળી આવે છે. અને જીવન ધરાવનાર બેસીલીસ બની જાય છે. ઉચ્ચ વર્ગની વનસ્પતિના બી પેઠે બેક્ટિરીઆના બી પણ ગરમી, શરદીનો સારી રીતે મુકાબલો કરી શકે છે. રોગ ઉત્પન્ન કરનાર જંતુઓ શરીરમાં સ્પોર્સનું રૂપ ધારણ કરતા નથી; પરંતુ સળેલી વનસ્પતિ અથવા પ્રાણીજ પદાર્થમાં રહીને એવું રૂપ અંગિકાર કરી લે છે. જે જંતુઓ સ્પોર્સનું રૂપ ધરાવી શકતા નથી, તેમનો નાશ સહેલાઇથી થઈ શકે છે. પરંતુ એવાં જંતુઓ જે સ્પોર્શનું રૂપ ધારણ કરી શકે છે, તેમનો સમુળગો નાશ કરવો ઘણોજ મુશ્કેલ છે, કારણ કે એ સ્થિતિમા તેઓ વધારે ગરમી ને શરદી સહન કરી શકે છે. સ્પોર્સ ઉત્પન્ન કરનાર જંતુઓ જ્યારે શરીરમા દાખલ થાય છે. ત્યારે તેમનું સદંતર નિકંદન કરવું ઘણુંજ મુશ્કેલ બલકે અશક્ય છે. હાયાખીટીસ (ભીડી પેસાબ) નો રોગ આના સ્પોર્સ પેદા કરનાર જંતુઓથી ઉત્પન્ન થાય છે.

બેક્ટિરીઆની પ્રાચીનતાઃ—

સર્વથી પહેલો બેક્ટિરીઆ કેમ પેદા થયો ? એ સવાલનો જરા મનુષ્ય કે પ્રાણીની સર્જરી પહેલી ઉત્પત્તિના સવાલના જવાબ જેટલો મુશ્કેલ છે. મનુષ્ય જીવનનો સબંધ દેહ અથવા આત્મા સાથે છે. કેટલાક દિલસુફો આત્માને અવિનાશી તથા અનંત માને છે એટલા માટે આ નાની હયાતીનો ધિક્કાર કરે છે, અને કહે છે કે દેહ એજ આત્મા છે, અને કેટલાક એમ કહે છે કે આત્મા એ દેહજ છે આધુનિક સમયના વિજ્ઞાન શાસ્ત્રીઓ શરીરની રચનાને જીવનતત્વ ધરાવનાર અસંખ્ય સેલો (પિંડો) ના સંમેલનનું પરિણામ લેખે છે. તેથી કરીને મરણ અથવા મનના ધર્મારથી જ્યારે કેટલાક પિંડો નાશ પામે છે, ત્યારે તેમની જગાએ બીજા જીવન ધરાવનાર નવા પિંડો ઉત્પન્ન થાય છે. સત્ય તો એ છે-કે જીવનનું રહસ્ય અદ્યાપિ પર્યંત કોઈ સમજી શકયુંજ નથી. તો પણ એટલું તો ચોક્કસ કહી શકાય છે, કે બેક્ટિરીઆ વનસ્પતિની ઉત્પત્તિની પહેલાથી હયાતી ભોગવે છે જ્યારે મરથી પહેલા ઉત્પન્ન થયું કે બંધુ એ ચોક્કસ કહી શકાતું નથી, તો પહેલા સવાલનો જવાબ કયાંથીજ અપાય ?

બેક્ટીરીઆ દરેક સ્થળેઃ—

દરેક સ્થળે બેક્ટીરીઆ મોટી સંખ્યામા માલમ પડે છે. બેક્ટીરીઆના અસંખ્ય જંતુઓ દરેક પળે આપણા નાસિકા અને મો વાટે શરીરમા દાખલ થાય છે. દૂધના એક ટીપામા હજારો બેક્ટીરીઆ હોય છે. સ્વચ્છ પાણીમાં વિશેષ જંતુઓ હોતા નથી પરતુ ગદા પાણીના એક ટીપામા અસંખ્ય હોય છે. હવામા તો તેમની સંખ્યા એટની હેરત ઉપજાવનારી છે કે એવો અડસટ્ટો કરવામા આવે છે કે લંડનના દરેક વસિવાસીના ફેફસામા દરેક કલાકે લગભગ ૧૪૦૦૦ જંતુઓ શ્વાસને રસ્તે દાખલ થાય છે. છાપરામાથી પસાર થતા સૂર્યના કિરણોમા જે રજકણો માલમ પડે છે તેમા લાખો જંતુઓ હોય છે. રોમાંચપણ હવામા ઉડતા કરે છે. ઉઘાડી હવા કરતા બંધ હવા, ખાસ કરી ધીચેધીચ વસ્તીવાળી હવામા અને ઉચા ભાગોની હવા કરતાં નીચેની હવાન જંતુઓની સંખ્યા ઘણીજ વિશેષ હોય છે. તાજી અને ઉઘડી હવા અને સૂર્યનો તડકો બેક્ટીરીયાના જીવલેણ દુશ્મન છે. માનવ્યર જનુમ બેક્ટીરીઆની સંખ્યામા વધારો થાય છે, જ્યારે શરીરમા તેમની સંખ્યા મોટી થઈ જાય છે. પાણીમા બેક્ટીરીઆ હવા કરતા એ વધારે હોય છે જ્યારે કોઈ સ્થળે ગંદુપાણી સુકાઈ જાય છે ત્યારે બેક્ટીરીઆ પણ સુકાઈ હવામા આમ તેમ ઉડવા લાગે છે. આ પ્રમાણે તેઓ અનેક ઉપદ્રવો ઉત્પન્ન કરે છે.

માટીમાં એ ઘણા જંતુઓ હોય છે. મુખ્ય વે કરી મસણો અને કુચસ્તાનોમા જમીનમાં રહેનારા આ જંતુઓ ઘણા ચેપી રોગો ઉત્પન્ન કરે છે. સાધારણ રીતે તો તેઓ જમીનમાંજ રહે છે, પરતુ કેટલીક વખત તક મળતાં હવામા દાખલ થઈ હવાને ખરાબ કરી મૂકે છે આ પ્રમાણે ઘણા ચેપી રોગો ઉત્પન્ન થાય છે.

બેક્ટીરીઆનો ખોરાક—

ઉંચ વર્ગની વનસ્પતીની પેઠે બેક્ટીરીઆને પણ પોતાનું જીવન ટકાવી રાખવા અનુકૂળ ખોરાકની જરૂર પડે છે. એવી વસ્તુઓમા કાર્બન અને નાઈટ્રોજ નના વનસ્પતિજ રુ યોગી પદાર્થો ઘણા અગત્યના છે. એ ઉપરાંત પાણી અને ક્ષાર પણ જરૂરના છે. માસનું સૂપ, જીલેટીન, લોહીનું પ્રવાહી વગેરે એમને બહુજ ભાવે છે. બટાશ અને મિઠાશ પર પણ તેઓ મરી ફીટે છે. તેમ છતા અણગમતા પદાર્થોની તેમના જીવનપર તાત્કાલિક અસર થતી હોવાને લીધે ખાવાની બાબતમ તેઓ ઘણાજ સાવધાન રહે છે. તેઓ રાસક આવે તેવા અને ન આવે તેવા પદાર્થોને સારી રીતે પારખી શકે છે. મીનાઇટ અને ડીસાઇટિ દાખવા તરીકે એમી બે વનસ્પતિજ મીઠાશો છે કે તેમની રસાયણી રચનાઓ વચ્ચે બહુજ ઓછો ફેર છે. જંતુઓની એક એવી પણ જાત છે જે આ બંને પ્રકારન મિઠાશો વચ્ચેનો તફાવત એકદમ પારખી શકે છે. જ્યારે બંને પ્રકારની મીઠાશો સાથે મેળવી એમને આપવામા આવે છે ત્યારે તેઓ મીનાઇટને તો ઝટપટ ખાઈ સાફ કરી નાખે છે પરંતુ ડીસાઇટને અડકતા સરખાએ નથી. પ્રભુની કેવી અલૌકિકતા ! આવા નહાનામાં નહાના જીવનમા પણ કેટલું ચૈતન્યબળ છે!

ખોરાકને પોષણ લાયક બનાવવા માટે બેક્ટીરીઆ તેના પર અનેક પ્રકારની ક્રિયાઓ કરે છે. દાખલા તરીકે તેઓ અનેક પ્રકારના બખીરો ઉત્પન્ન કરે છે. ઘઉંને પલાળી રાખી તેમાથી નીકળતા પદાર્થ નીશાસ્તાને બાઝમા ફેરવી નાખે છે. પ્રવાહી પદાર્થ (દૂધને દહીં) ને ઠેરવી નક્કર બનાવી લે છે. સયોગી પદાર્થોને જુદા પાડે છે વગેરે વગેરે.

ડો. ચેસ્ટીઅર બેક્ટીરીઆને બે પ્રકારમા વિભાગે છે:—

(૧) Aerobic એરોબીક અથવા હવાઇ બેક્ટીરીઆ એટલે એવા બેક્ટીરીઆ જેઓ ખુલ્લી હવામા જીવી શકે છે.

(૨) Unaerobic અનએરોબીક અથવા એવા બેક્ટીરીઆ જેઓ હવા વગર જીવા શકે છે. તેઓ પદાર્થોમા પ્રવેશ કરી પોતાને જોઇતો ઓક્સિજન કાઢી લે છે. આ જંતુ મનુષ્ય ના શરીરમા ભયકર વિકારો ઉત્પન્ન કરી ઘણા ચેપી રોગો ફેલાવી મૂકે છે.

ક્રિયા અને ગુણ:—

ક્રિયાના દૃષ્ટિ બિંદુથી બેક્ટીરીઆના બે પ્રકાર છે.

(૧) ફાયદા કારક (૨) નુકસાન કારક

ફાયદાકારક એ જંતુઓ છે જે નિરંતર આપણા ઉદ્યોગ વગેરેમાં સહાયકારક થાય છે. દાખલા તરીકે અમીરનાં જંતુઓ અમીરી રોટલા, અમારી તંબાકુ, મદિરા શરકા વગેરે બનાવવામાં, નીલ અને કાગળ તૈયાર કરવામાં, ચામડું પકવવામાં વગેરે અનેક ઉદ્યોગોમાં ઘણાજ ઉપયોગી છે. ખેતીના ઉદ્યોગ માટે તો બેક્ટીરીઆ એટલા બધા ઉપયોગી છે કે ખેતીની બેક્ટીરીઓલોજીનાં અનેક પુસ્તકો લખાયાં છે. ઝાડ માટે જમીનમાં ખોરાક તો હોય છેજ પરંતુ તે એવી સ્થિતિમા નથી હોતો કે મૂળ તેમને ઉપયોગમાં લાવી શકે. એટલા માટે ખેતી વડે જ્યારે જમીન પોચી બનાવવામાં આવે છે, ત્યારેજ હવા જમીનમા દાખલ થાય છે. જેથી કરી બેક્ટીરીઆ વધી જમીનની માટી પર પોતાની ક્રિયા ચાલુ કરે છે, અને ખાતર વગેરેમાથી મળ ચૂસી શકે અને ઉપયોગમા લાવી શકે એવા વનસ્પતિજ સંયોગી પદાર્થો તૈયાર કરે છે; બલકે એમ કહેવું જોઇએ કે બેક્ટીરીઆ જમીનને એવી બનાવી દે છે કે વનસ્પતી માત્ર તે વડે પોતાનું જીવન કાયમ રાખી શકે છે. પ્રાણીની જીંદગી નો આધાર પણ જંતુઓ ઉપર છે, કારણકે સર્વ પ્રકારની વનસ્પતિ જમીનમાંથી પોતાનો ખોરાક મેળવે છે, જ્યારે પ્રાણી માત્રની જીંદગીનો આધાર વનસ્પતિ છે. જ્યારે છોડવા અને પ્રાણીઓના જીવન ચક્રનોઅંત આવે છે, ત્યારે તેમના મડદાંઓપર બેક્ટીરીઆ પોતાની ક્રિયા ચાલુ કરી તેમને જોરવી જુદા જુદા કારબન અને નાઇટ્રોજનના ક્ષારો અને બીજા અણુઓમાં જુદા કરી માટી સાથે મેળવી દેછે. આ ક્ષારો વનસ્પતિનો ખોરાક છે. વનસ્પતિને પ્રાણીઓ ખાય છે, પ્રાણીઓ છગાર રૂપે ખાતર ઉત્પન્ન કરે છે એ ખાતર બેક્ટીરીઆની ક્રિયા વડે વનસ્પતિનો ખોરાક બને છે, ટુંકમાં બેક્ટીરીઆ વડે મનુષ્ય અને પ્રાણીઓના ખોરાકના રૂપાતર થતાં રહે છે. પરંતુ એ યાદ રાખવું જોઈએ કે બેક્ટીરીઆ વડે ખોરાકના શુદ્ધ નવા પદાર્થો ઉત્પન્ન થતા નથી. ખોરાકીનો જથ્થો તો જેટલો સર્વથી પહેલા ઉત્પન્ન થયો હશે તેટલોજ રહે છે. માત્ર એનું રૂપાંતર થતુ રહે છેઅને ફરતા ફરતી વનસ્પતિ અને પ્રાણીઓના ઉપયોગમાં આવે છે. આ ક્રમ બેક્ટીરીઆનીજ અથાગ મહેનતનું પરિણામ છે. ટુંકમા બેક્ટીરીઓ ન હોત તો મડદા ન સડત અને મડદાં જેવી ને તેવી સ્થીતિમાં રહેવાથી જમીન મડદાઓથી ભરાઇ

જાત અને વનસ્પતિ અને પ્રાણીઓને જીવન ટકાવી રાખવા ખોરાક સરખો એ ન મળત. બેક્ટીરીઆની ત્રણ પ્રકારની રસાયણી ક્રિયાઓ નીચે મુજબ છે.

(૧) Fermentation ખમીર ઉત્પન્ન કરવું તે
(૨) Putrefaction સડો પેદા કરવો તે
(૩) Toxin production ચેપી ઝેર ઉત્પન્ન કરવું તે

ખમીર ઉત્પન્ન કરવું:—

પૂર્વ કાળથીજ બેક્ટીરીઆની આ ક્રિયા ચાલુ છે. પહેલાના લોકો દ્રાક્ષ, મહુડા વગેરેમાંથી દારૂ વગેરે બનાવતા હતા તેમનો દ્રાક્ષના રસમાં થતા કુદરતી ફેરફાર વિષે શું અભિપ્રાય હતો તે આપણે ચોકસ કહી શકતા નથી, પરંતુ અર્વાચીન કાળના સાયન્સ શાસ્ત્રીઓએ પ્રયોગ વડે સાબીત કરી બતાવ્યું છે કે ફરમેન્ટેશનની ક્રિયા બેક્ટીરીઆ વડેજ થાય છે. કારણ કે ખમીર ઉત્પન્ન થઈ શકે એવા પદાર્થને જ્યારે ઉકેા કરવામા અથવા તદ્દન સ્વચ્છ લુગડામા ગાળી લઈ અંદરના બેક્ટીરીઆનો નાશ કરવામા આવે છે, ત્યારે એવા પદાર્થોમા ખમીર ઉત્પન્ન થતું નથી.

સડો:—

સડાની ક્રિયા પણ ખમીરની ક્રિયાને મળતી આવે છે. ફેર માત્ર એટલોજ છે કે ખમીર માત્ર મીઠા અને નિશાશતા વાળા પદાર્થોમા ઉત્પન્ન થઈ શકે છે. જ્યારે સડો મરેલા નાઈટ્રોજનવાળા પદાર્થમા થાય છે. સડાની ક્રિયામા પહેલા અલ્બ્યુમેન (સફેદી) પેપ્ટોનમા ફેરવાઈ જાય છે, જેમાથી બીજી ક્રિયાઓ વડે કાર્બન હાય ઓકસાઈડ—સલ્ફયુરેટેડ હૈડ્રોજન વગેરે નાકને અણગમતા 'ગેસો' તૈયાર થાય છે. આલ્બ્યુમેન ઘણી વખતે પ્રાણીઓને હાનિ પહોચાડે એવા ઝેરી પદાર્થોમા પણ બદલાઈ જાય છે આવા ઝેરી પદાર્થોને અંગ્રેજીમા Toxins કહે છે.

ચેપી ઉપત્તિ:—વણુ બેક્ટીરીઆના શરીરમાથી ઝેરીલા પદાર્થો ઉત્પન્ન થાય છે, જેને આપણે ચેપ કહીએ છીએ ચેપની અસર અને ગુણનો આધાર જે જંતુઓ વડે તે ઉત્પન્ન થએલા હોય છે તેમની પર છે. આજ ચેપ વડે જાતજાતના ચેપી રોગ ઉત્પન્ન થઈ ફેલાય છે. જાણેલુ ચેપોના બે પ્રકાર છે.

(૧) Ptomaines ટોમેઈન્સ—આ ચેપ ઘણોજ દુષ્ટ છે અને તે ઘણી ખરી વખતે સડેલા માસ, માછલા કે ભાજી પાલામા હોય છે. ઘણી વખતે આવા પદાર્થોને ખૂબ ઉકાળવાથી એ આ ચેપોના ઝેરનો નાશ થતો નથી.

(૨) Toxins ટોકસીન–આ ઝેરી ચેપ બેકટીરીઆના શરીરમાં ઉત્પન્ન થાય છે જે તેઓ અનેક રીતે બહાર કાઢે છે.

બેકટીરીઆ અને ચેપી રોગઃ—

આપણે ઉપર કહી ગયા છીએ કે હવા પાણી વગેરે મારફત ઉજરો જંતુઓ મનુષ્યના પેટ, આંતરડા વગેરે અવયવોમાં દાખલ થાય છે. આ જંતુઓ ભિક્ષુકો જેવા છે. કારણ કે ભિક્ષુકો પેઠે તેઓપણ પાછળ અણુમોલાગ્યા લાગેલાજ રહે છે. દાખલા તરીકે ક્ષયના જંતુ જ્યારે ક્ષયરોગી થુકે છે અને એનો 'ગળફો' સુકાઈ જાય છે, ત્યારે તેઓ હવામાં આમ તેમ ઉડવા વાગે છે અને તક મળતાં મનુષ્યના શરીરમાં દાખલ થાય છે. ગમે તેમ પરંતુ તદુરસ્ત માણસ એકાએક તેમના હુમલાઓનો ભોગ થઈ પડતો નથી કારણ કે તેનામાં તેમના હુમલાઓને રોકી તેમનો નાશ કરવાની કુદરતી તાકાત હોય છે જેથી તેમનું કાંઈ પણ વળતું નથી. તોપણ કેટલાક મનુષ્યો એવા હોય છે કે તેમનામાં આવા જંતુઓના હુમલાઓને રોકી તેમનો નાશ કરવાની શક્તિ ઘણીજ અલ્પ હોય છે. આ કારણને લીધે તેઓ ઝેરી ચેપના ભોગ થઈ પડે છે.

ગુજરાતી ભાષામાં વપરાતા કેટલાક અરબી ફારસી વગેરે શબ્દો.

લખનાર. અમીર ઇબ્યાં હમ્દૂમિયાં ફારૂકી.

સાધણ પુસ્તક ૬૧ મું પૃષ્ઠ ૨૧૬ થી.

લકવો (અ). લકવા.એક રોગ છે, જેમા મો વાંકું થઈ જાય છે.

લકડી (અ). લકડા કબૂતરની એક જાત છે.

લકુબો (અ). લુકમા કોળીઓ, નવાલો, ગ્રાસ.

લગામ (ફા).

લજ્જ (ફા). લોહ.

લજ્જા (અ). લફ્ઝ મોમાંથી બહાર કાઢવું બોલવું, વાત કહેવી, શબ્દ.

લત્તું (ફા). લત્તા કડકો. લુગડું લત્તું બોલાય છે.

લત્તો (ફા). લત્તા; કડકો શહેરનો લત્તા, શહેરનો ભાગ, મહોલ્લો, કળાઉ.

લતીફો (અ). લતીફા. ભલાઈ, સારૂં, નાજુક ચીજ, મન રાજી થાય એવો ટુચકો. લુત્ફ = ખુશી, નાજુકી, નરમાશ ઉપરથી લતીફ = અનુકૂળ હતું ઉપરથી.

લફ્ફેા (અ) લિપ્પા. ઉપરનું પડ કવર.

લફંગેા (ફા). લાપ્રજન કે લાફ્સંજ ડીંગ મારનાર, શેખી મારનાર, નકામુ બેાલનાર.

લબાચેા (ફા). લબ્બાદ કે લબાદા વરબાદમાં પડેરવાનું લુગડું (અરબી લુબાદા)

લબાંકત (અ). લિયાકત.

લાયનત (અ) લઅનત ધિક્કાર. ફિટકાર, રહેમનથી દૂર. કૃપાથી બેનસીબ.

લવાજમ (અ) લવાજિમ. લાજિમ (એટલે માણસને જોઇતી વસ્તુ) નું બહુ વચન.

લવાદ (અ) લવાજ. જરૂરી વસ્તુ.

લબ્બેક (અ) " ઉલ્લિબ્બેા લકલ્લાહુમ " નું ટુંકું રૂપ છે. એનેા અર્થ " હું તારી સેવામા હાજર છું " એવેા થાય છે. હાજી લેાકેા અહરામ બાંધ્યા પછી (એટલે હજજના લુંગડાં પહેર્યા પછી) વારંવાર એ, અને એને મળતા શબ્દેા ઉચ્ચારે છે. કે જેમાં પરમેશ્વરની સ્તુતિ, તેની પ્રૌઢતા તેનું એકય વગેરે હેાય છે, કેાઇ માણસ બેાલાવે ત્યારે આપણે હા સાહેબ કે જીસાહેબ કહીએ છીએ તેમ અરબીમાં લબ્બયક કહે છે. કા'બાની ઇમારત બંધાવ્યા પછી હજરત ઈબ્રાહીમ સાહેબ (સ. અ.) ને પરમેશ્વરનેા હુકમ થયેા કે તમે બધા લેાકેાને પેાકારીને કહી દેા કે તેઓ કિયામત સુધી આ જગાની હજજ કરવા આવે. તે ઉપરથી તેમણે સાદ કર્યો હતેા. હવે હાજી લેાકેા લબ્બયક કહે છે તે જાણે તેમના પેાકારનેા જવાબ આપે છે. અર્થાત હું આપની શેવામાં હાજર છું.

લશ્કર (ફા)

લા (અ). નહિ. અરબી ઉપસર્ગ છે જેમકે લાચલાજ.
લાચાર વિનાનેા, નિરૂપાય.

લાચાર લા, અરબી ને ચાર ફારસી. ખેાટેા શબ્દ છે. વર્ણસંકર પ્રયેાગ છે. મૂળ શબ્દ નાચાર છે નિરૂપાય. પણ ભાષામા બંને શબ્દ વપરાય છે.

લાજમ (અ) લાજિમ. જરૂરી.

લાયક (અ) લાયક. લાક ઘટતું હતું ઉપરથી.

લાલ (ફા) એ પ્રકારનું જવાહિર છે.

લાશ (તુર્કી) મુડદાનું શરીર, લેાથ.

લાસાની (અ) લા નહિ. સાની બીજો. જેની જોડ ન હોય તેવો. અનુપમ.
લિજનાન (અ) લુજ્નાન પર્વત છે, એશિઆઈ તુર્કસ્તાનમાં
લિલ્લાહ (અ) ખુદાને માટે, પ્રભુ પ્રીતે.
લીલમ (ફા) નીલમ. એક પ્રકારનું જવાહિર છે જે દક્ષિણને લંકામાંથી આવે છે.
લુકમાન (અ) લુકમાન. એક મોટા વિદ્વાન હતા. કુરાનમાં પણ એમનું વર્ણન છે.
લુગાત (અ) લુગત. જેના અર્થની સાધારણ રીતે ખબર ન હોય તેવો શબ્દ એનું બહુ વચન લુગાત. લગત=ભોળ્યો ઉપરથી લુગાત=કોશ.
લુતરી (ફા) લુત્રા બે આદમીઓએ બનાવેની એક ખાસ ભાષા કે જે ત્રીજો આદમી સમજી શકે નહિ જેના પેટમાં કંઈ વાત ન રહી શકે તેવો માણસ. વાત ફેલાવનાર.
લેકીન (ફા) લેકિન. અરબીમાં લાકિન શબ્દાર્થ પણ અવ્યય છે.
લહેજત (અ) લજ્જત સ્વાદ મજા.
લેહકો (અ) લહજા ઉચ્ચારણ શબ્દોનો અવાજ લહેકો.
લેહજો (અ) લહજા થોડો સમય એક વખત જરા નજર કરીને જોવું ક્ષણવાર લહજા તપાસ્યું ઉપરથી.
લેબાસ (અ) લિબાસ પોશાક લબસ=શરીરને લુગડાંનો ઢાકવું ઉપરથી.
લેલી (અ) લયલા કે લયલી કાળા રંગની. મજનૂની પ્રિયા. લેલી મજનુ કહેવાય છે. બંને આશક માશુક હતા.
લંગડો (ફા) લંગ ઉપરથી.
લંગર (ફા) વહાણ થોભાવી રાખવાની લોઢાની બિલાડી.
લંગરી (ફા) એક પ્રકારનો મોટો થાળ ગુજરાતીમાં સ્ત્રીને પગે ઘાલવાનું રૂપાનું ઘરેણું.

ચર્ચાપત્રના જવાબ.

(હીરાલાલ. ડી. ખિસ્તી. ગ્યુ. ગુ. સ્કુલ નં. ૫૫ હેડમાસ્તર. અમદાવાદ)
મી. ભુવાભાઈ ભીમભાઇના પ્રશ્નો પૈકી ૫ મા અને ૬ ઠ્ઠાના જવાબ.

૫. દિલ્હીમાં આ જે લોહ સ્તંભ છે તેને પીરોજશાહની લાટના નામથી ઓળખવામાં આવે છે. આ સ્તંભ કુતુબમિનારની પાસે અલાઈ દરવાજાની સામે આવેલો છે. ઇ. સ. ૩૧૯ માં ગુપ્ત રાજાની રાજધાનીમાં તે ઉભો કરવામા આવ્યો હતો. હિંદમાં મોટી મૂર્તિઓ અને પંચધાતુનાં પુતળા કરવામા આવતા હતાં પરંતુ લોખંડનો આવો સ્તંભ કોઈએ કરાવેલો નહોતો તેમજ આજના હુન્નર ઉદ્યોગના ઉધાડા જમાનામા પણ કોઇ

એકલા કુલેબરા સ્થળેથી રોજની ૧૬૦ રેલગાડીઓ માલ ભરીને બંદર આવે છે. આવી એક ગાડીમાં ૨૧–૨૨ ડબ્બા હોય છે અને ૬૦૦ ટન બોજ ભરાય છે. દરેક રેલથી ૪–૬ મિનિટમાં આટલો માલ સાફ થઈ જાય છે. મજૂરી બળ વાપરવા અને પૈસા ખર્ચવા અમેરિકન રાજસભા જરા પણ પાછું વાળી જોતી નથી તેમજ નકામું ખર્ચ પણ થતું નથી.

નહેર ઉપર કોઈ પણ જાતનું ફિરને બધી કામ નહિ કરવા અંગ્રેજ સરકારે અમેરિકન સરકારને કહેલું, છતાં અમેરિકનો કહે છે કે અમને કોઈનો ભરોસો નથી અને મનાઈ હુકમ છતાં ફિરને બંધી કરી છે. વળી અંગ્રેજોનું કહેવું એવું પણ હતું કે શાંતિ હોય કે લડાઈનો વખત હોય પણ દરેક પ્રજાના વહાણ ત્યાં થઈને જવા દેવા, આ સલાહને પણ અમેરિકનો સ્વીકારતા નથી. આ નહેરથી આસપાસ કોઈ સ્થળે બીજી કંપની બીજી નહેર નહિ કરે માટે નિકારાગુવાની સરકારને અમેરિકનોએ ૩૦૦૦૦૦ ડોલર આપી સલાહ કરી છે.

નહેરનું ખોદાણ—ખોદાણ કામ કરવું ઘણું અઘરું હતું કુલેબરા આગળ ૧૯૧૧ માં ૬૦૦ અમેરિકન તથા ૭૩૦૦ બીજી પ્રજાના મજુરો કામ કરતા હતા અને આખી નહેર ઉપર એકંદર ૪૦૦૦૦ મજુર રોજના કામ કરતા. અહીં આશરે ૬૦૦૦૦૦૦ પૌંડની કિંમતનો ડાઈનેમાઈટ દારૂ દરસાલ વપરાય છે. અહીં ૧૧૫ વિજળીના એંજીનો અને ૨૦૦૦ ગાડીઓ કામ કરે છે. અત્યાર સુધી દુનિયા પરનાં સપ્તાશ્ચર્યોમાં ગણાતા મિસરના પિરામિડોનેજ લોકો મોટું કામ સમજતા હતા. પરંતુ આ નહેરનું જે ખોદાણ થાય છે તેમાથી ૨૧,૭૨,૨૭૦૦૦ ઘન ગજ માટી, પત્થર નીકળે છે, જ્યાં દરરોજ ૬૦૦૦૦૦ ઘન વાર ખોદાણકામ થાય છે, આવી જે માટી, પત્થર વગેરે નીકળે છે તેથી ૬૩ પિરામિડો બની શકે તેમ છે. વળી જો તેનો એક જગામાં ઢગલો કરવામાં આવે તો ૯ માઈલ જગાનું રોકાણ થાય. પૃથ્વીપરના સપ્તાશ્ચર્યોમાં ચીનની ભીંત પણ આવી જાય છે. આ ભીંત ૧૫૦૦ માઈલ લાંબી છે પરંતુ પનામામાંથી નિકળેલી ચીજો વડે જો ભીંત બાંધી હોય તો તેથી સાનફ્રાન્સીસ્કોથી ન્યુયોર્ક સુધી આના જેવી ૨૫૦૦ માઈલ લાંબી ભીંત થાય. વળી એમાંથી નીકળેલા કચરાને એક ટ્રેનમાં ભરવા જો આવેતો એ ટ્રેન પૃથ્વીના ઘેરાવાથી ચારગણી લાંબી થાય.

હવાપાણી—શરૂઆતમાં પાની આબોહવા ખરાબ હતી, જેથી મજુરોની તબીયત બહુ બગડતી હતી અને ઘણા મરી ગયા હતા આમા સુધારો કરવા માટે ઘણો ખર્ચ આપ્યા પછી તેમા સુધારો થયો છે, ૮

વર્ષમાં ત્યાં સેનીટરી ખાતે સંયુક્ત રાજ્યોને ૧૨૬૦૦૦૦ ડોલરનું ખર્ચ થઇ ગયું હતું. ત્યાંનું મરણ પ્રમાણ હાલ ઘણુંજ ઘેાડું છે.

વિજળીની મદદ—નાનાં મોટાં બધાં કામ વિજળીની મદદથીજ ચાલે છે. વહાણેાને પેાતપેાતાને સ્થળે આવવા જવાને વિજળી મદદ કરે છે. તાળાંવાળાં રાટકો ઉપર ૬૪ ઘેાડાના બળનાં એંજીન કામ કરે છે, તે સિવાય ૨૫-૫૦ થી માંડીને ૧૫૦ હોર્સ પાવરનાં એંજીન પણ ત્યાં રોકવામાં આવ્યાં છે. દરેક સ્ટીમરની સેવામાં ૪ એંજીન અલગ રાખી મૂકવામાં આવે છે. તે ઉપરાંત તાળાવાળાં દ્વારમાંથી સ્ટીમરોને સહીસલામત પસાર કરાવવા માટે પણ ૪૦ એંજીન અલગ રાખવામા આવેલાં છે.

નહેરથી લાભ—સાગરો જોડાઇ જવાથી અમેરિકાનો વેપાર વધ્યો છે, સંયુક્ત રાજ્યનાં દરિયાઇ બળ વધી ગયાં છે, વ્યાપાર અને યુધ્ધ વખતે હજારો માઇલનું અંતર ઓછું થઇ ગયું છે. અમેરિકન કોયલા આ રસ્તા વાટે સસ્તા વેચાશે અને મહેસુલ ઉત્પન્ન થશે તે તેા જુદું. સિંગાપોર હોંગકોંગનાં વહાણ સુવેજમાં થઇને જાય તે કરતાં પનામામા કટને જાય તેા સહેલાઇથી જઇ શકાય. યોકોહામાંથી ન્યુયોર્ક જનાર સ્ટીમર પનામાથી જાય તેા ૩૭૬૮ માઇલનું અંતર બચી જાય, તેમજ શાંગહાઇથી ન્યુયોર્ક જનાર સ્ટીમરને પણ ૧૮૭૬ માઇલનું ચક્કર નડે નહિ. ન્યુઓર્લિયન્સથી યોકોહામા આવનારને ૭૫૦૫ અને શાંગહાઇ આવનારને ૬૮૧૭ માઇલનું પરિભ્રમણ કરવું પડે નહિ. ન્યુયોર્કથી સાનફ્રાન્સીસ્કો, હોનોલુલુ, મનીલા, યોકોહામા, મેલબોર્ન, વાલ્પારીઝો, લીવરપુલ, હેમ્બર્ગ, જીનોઆ, ના માર્ગથી સરળ થાય, ન્યુયોર્કથી પનામા ૨૦૨૩ માઇલ અને સાનફ્રાન્સિસ્કોથી પનામા ૩૨૭૭ માઇલ થાય છે.

યુનાઇટેડસ્ટેટસમાથી પુર્વ કિનારે તેમજ પશ્ચિમ કિનારે દરિયાઇ માર્ગે ૧૪૦૦ માઇલ ફરવું પડે અને સ્ટીમરમાં ૨ માસ લાગે પરતુ આ નહેર થવાથી સાનફ્રાન્સિસ્કોથી ન્યુયોર્ક દરિયાઇ માર્ગે જતાં અને આવતાં ૧૪ દિવસ માત્ર લાગે છે, આ અને આના જેવી બીજી ઘણી રીતે અમેરિકનો એ પેાતાના દેશનું ધન દેશમાં રાખવા પ્રયત્ન કર્યો છે. ધન તથા માણસોને મોટેા ભોગ આપવા છતા પણ તેઓ ધારેલા અને હાથમાં લીધેલા કાર્યમા કેતેહ મળતા સુધી મંડયા રહ્યા હતા. કહ્યું છે કે—

' प्रारभ्यते न खलुविघ्नभयेन नीचैः ! '.

વિગત ભાગનાર અને અન્ય શિક્ષક બંધુઓ પથ્થીનો નકશો સામેલ રાખી ઉપલા વર્ગના શિષ્યોને આ હકીકત સમજાવશે અને દેશ પ્રત્યેની ભાવના કેળવશે તેા ઘણેા લાભ થશે. બાકી વાતેા કરવાની તેા છે તે છે જ.

એકલા કુબેરના સ્થળેથી રોજની ૧૬૦ રેલગાડીઓ માલ ભરીને બહાર કરે છે. આવી એક ગાડીમા ૨૧-૨૨ ડબા હોય છે અને ૬૦૦ ટન બોજ ભરાય છે. દરેક રેલથી ૪-૬ મિનિટમા આટલો માલ સાફ થઈ જાય છે. યંત્રિક બળ વાપરવા અને પૈસા ખર્ચવા અમેરિકન રાજસભા જરા પણ પાછુ વાળી જોતી નથી તેમજ નકામુ ખર્ચ પણ થતું નથી.

નહેર ઉપર કોઈ પણ જાતનું કિલ્લે બંધી કામ નહિ કરવા અંગ્રેજ સરકારે અમેરિકન સરકારને કહેલુ, છતા અમેરિકનો કહે છે કે અમને કોઇનો ભરોસો નથી અને અનાદ્ય હુકમ છતા કિલ્લેબંધી કરી છે. વળી અંગ્રેજોનું કહેવું એવું પણ હતું કે શાંતિ હોય કે લડાઇનો વખત હોય પણ દરેક પ્રજાના વહાણ ત્યા થઈને જવા દેવા, આ સલાહને પણ અમેરિકનો સ્વીકારતા નથી. આ નહેરથી આસપાસ કોઇ સ્થળે બીજી કંપની બીજી નહેર નહિ કરે માટે નિકારાગુવાની સરકારને અમેરિકનોએ ૩૦૦૦૦૦ ડોલર આપી સલાહ કરી છે.

નહેરનું ખોદાણ—ખોદાણ કામ કરવુ ઘણું અઘરૂ હતું. કુબેરના આગળ ૧૯૧૨ મા ૬૦૦ અમેરિકન તથા ૭૩૦૦ બીજી પ્રજાના મજુરો કામ કરતા હતા અને આખી નહેર ઉપર એકદર ૪૦૦૦૦ મજુર રોજના કામ કરતા. અહીં આશરે ૬૦૦૦૦૦૦ પૌડની કિમતનો ડાઇનેમાઇટ દારૂ દરસાલ વપરાય છે. અહીં ૧૧૫ વિજળીના એજીનો અને ૨૦૦૦ ગાડીઓ કામ કરે છે. અત્યાર સુધી દુનિયા પરના સપ્તાશ્ચર્યોમા ગણાતા મિસરના પિરામિડોનેજ લોકો મોટું કામ સમજતા હતા. પરંતુ આ નહેરનું જે ખોદાણ થાય છે તેમાથી ૨૧,૭૨,૨૭૦૦૦ ઘન ગજ માટી, પત્થર નીકળે છે, જ્યા દરરોજ ૬૦૦૦૦૦ ઘન વાર ખોદાણકામ થાય છે, આથી જે માટી, પત્થર વગેરે નીકળે છે તેથી ૬૩ પિરામિડો બની શકે તેમ છે. વળી જે તેનો એક જગામા ઢગલો કરવામા આવે તો ૯ મૈલ જગાનું રોકાણ થાય. પૃથ્વીપરના સપ્તાશ્ચર્યોમા ચીનની ભીંત પણ આવી જાય છે. આ ભીંત ૧૫૦૦ મૈલ લાબી છે પરંતુ પનામામાથી નિકળેલી ચીજો વડે જો ભીંત બાંધી હોય તો તેથી સાન્ફ્રાન્સીસ્કોથી ન્યુયોર્ક સુધી આના જેવી ૨૫૦૦ મૈલ લાબી ભીત થાય. વળી એમાથી નીકળેલા કચરાને એક ટ્રેનમા ભરવા આ આવેતો એ ટ્રેન પૃથ્વીના ઘેરાવાથી ચારગણી લાંબી થાય.

હવાપાણી—શરૂઆતમા ત્યાની આબોહવા ખરાબ હતી, જેથી મજુરોની તબીયત બહુ બગડતી હતી અને ઘણા મરી ગયા હતા. આમા સુધારો કરવા માટે ઘણો ખર્ચ આપ્યા પછી તેમા સુધારો થયો છે, ૯

ખાસ કરી કાઠિયાવાડના સંસ્થાનોના તાબાના અને એજન્સિ તાબાના શિક્ષક બન્ધુઓ તો આ યોજના જરૂર ઉપાડી લેવા જેવી છે. જો મહાશય તાલુકા મારતર સાહેબો પોતપોતાની તાબાની નિશાળો પુરતા મેળા મંડળ કરી એક અમુક સભ્યોનું મહામંડળ સ્થાપી આ યોજના અમલમાં મુકે તો ઘણું સારૂ પરિણામ આવવા આ લખનાર આશા રાખે છે. સુજ્ઞેષુ કિંબહુના

સુ. ઉના. કાઠિયાવાડ. તા ૩. ૮. ૨૨.

લી. સેવક
રેવાશંકર પ્રભુરામ-રાવળ.
તાલુકા મારતર.

જાહેર ખબર.

સરકારે જપ્ત કરેલા ચોપાનીઆં, પાનીઆ, પુસ્તકો વગેરેની યાદી.

	નામ.	હુકમનો નમ્બર તારીખ.
૧	'હયાતે કૌમી' (પ્રજાની હયાતી) નામનું ઉર્દુ ચોપાનીઉ-(સંયુક્ત પ્રાન્તોના મુસીફાબાદી, રૈસુલ-અસફર બીલાફત મૌલા કાઝી બીઝનુરનાએ, પ્રસિધ્ધ કરેલું.)	
૨	મૌલાના અબ્દુલ કલામ આઝાદનું " ફૌજે મુલાઝે મત " (લશ્કરી નોકરી)	
૩	" અંગ્રેજોકા દુહ અદમ આરૂફ ફૌજ ઔર પોલીસકી નોકરી હરામ" મૌલવી મઝફરૂદ્દીન એન્ડ સન્સ શીઆળકોટ "	નં. ૬૭૮ તા. ૫-૪-૨૨
૪	'નાલ-એ-બેકસ' (નિરાધારનો વિલાપ) ઉર્દુ ચોપાનીઉ સેરામપુર સંયુક્ત પ્રાન્તના મુનશી મહમદ મહયા સાહેબ બાદીએ પ્રસિધ્ધ કરેલું	
૫	'ફતવા' ઉર્દુ ફાગણીઉ મૌલાના અશરફઅલીનું અને નાયેબ બીલાફત કમિટિના મેનેજરે પ્રસિધ્ધ કરેલુ.	
૬	સ્વરાજ્ય દર્શન ભાગ ૧ લો અને સ્વરાજ્ય દર્શન ભાગ ૨ જો એ નામનું ચોપાનીઉં. (મે. એ. ઇ. સા. ઉ. ભાગનો તા. ૨૮-૭-૨૨ નો પત્ર	નં. ૪૭૨૬)
૭	રાષ્ટ્રીય કીર્તન ગાન ભાગ ૧ લો-ધર્મવીર વર્માએ પ્રસિધ્ધ કરેલુ હિંદી ચોપાનીઉ કે તેનું ભાષાંતર.	
૮	અંગ્રેજોકી અકરૂ Englishmen's movings હસેનગંજ લખનૌના મહમદ રસીદખાને પ્રસિધ્ધ કરેલું ઉર્દુ ચોપાનીઉ અથવા તેનો તરજુમો.	
૯	ઝાવીમોકે બેદાદ મઝલુમોકી ફર્યાદ જેની શરૂઆત	

'જનાબ અહમદો હૈદરકો કૌન' ન પ્યારા હે, શબ્દોથી થાય છે અંતે હે માઓ એનો કાંતો અપને મકાનમેં ચરખા' એવા શબ્દો છે તે ઉર્દુ ચોપાનીઉં.

૧૦ ગઝબકી હોલીયા રાષ્ટ્રીય ફાગ Storming Holi or National Phag.) હિંદી ચોપાનીઉં અગર તેનો તરજુમો ભારતી કાનપુરમા પ્રસિધ્ધ થએલું.

૧૧ પંજાબી ચોપાનીઉં નોકરશાહીકા કરતુત નાથાસિંહ રામગ્રહે પ્રસિધ્ધ કરેલું.

૧૨ સ્વદેશીમાળા સ્વરાજ વ્રત નામનું ક્રિયામાનું ચોપાનીઉં જે 'જનની જન્મની ભૂમિ' શબ્દોથી શરૂ થાય છે અને અંતે 'બંધન હો યનારો' એમ લખેલું છે એવું.

૧૩ "સ્વરાજ્યકી હામ"–હિંદી ચોપાનીયું જેની શરૂ આતમાં" સ્વરાજ્ય હરમનુષ્યકા હક હે " અને અંતે " ઉરપર દસ્તખત કર દેવે ઔર સેવક બન જાવ એવા શબ્દો છે.

૧૪ " ભારતકા બંબગોળા–અર્થાત સુતકા પોલ નામનું હિંદી ચોપાનીયું જેની શરૂઆતમાં "હમતો ચરખેસે" અને છેડે "દ્રોહી ન બનના ચાહીએ" એ શબ્દો આપેલા છે.

૧૫ " સ્વરાજ્ય સાધન " નામનું બંગાળી ચોપાનીઉં નં. ૭૫૨ બાબુ વિજયલાલ ચટોપાધ્યાયે પ્રસિધ્ધ કરેલું. તા. ૧૮-૪-૨૧

૧૬ " રોઝના આઝાદ અકાલી " (ગુરૂમુખીમાં છાપેલું " પાનીયું.)

૧૭ " ફીદાએ કૌમ "–મૌલ્વી અહમદ હસન બુકસેલર સીઓહારા–જિલ્લે બિજનોરનાએ રચેલું ઉર્દુ પુસ્તક કે તેનો તરજુમો. "

૧૮ " ભારી પોલ અસહયોગ ફાગ " બ્રહ્મભટ્ટ રામલાલ હકીમ ઓરહારવાળાએ રચેલું હિંદી ફાગણીયું કે તેનો તરજુમો.

૧૯ " જોશએ ઇમાન " અર્થ " અલી બાધઓકી સભા " એ નામનું ઉર્દુ ચોપાનીયું કે તેનો તરજુમો. કાનપુર ચોક બજારના અહમદ મુસ્તાક ધલાહીએ પ્રસિધ્ધ કરેલું.

૨૦ અમરોહ જિલ્લે મુરાદાબાદના રિયાઝુદીને પ્રસિધ્ધ કરેલું " ધરલામી ઝંડા નામનું ચોપાનીયું કે તરજુમો.

૨૧ બાબુ ગુમનલાલ જૈની શહારાનપુરનાએ લખેલું. "મુલ્ક ઔર કૌમકી હાલત ઔર જૈનીઓકા ફર્ઝ" નામનું ઉર્દુ ચોપાનીયું અથવા તરજુમો.

૨૨ પંડિત જગતનારાયણ શર્મા મરાદાબાદનાએ રચેલું

અને પ્રકટ કરેલું " ભારતકા ચરખા " નામનું હિંદી ચોપાનીયું અથવા તરજુમો.

૨૩ (૧) " ગુરૂબરએ જન્નત " નામનું ઉર્દુ ચોપાનીયું નં ૭૯૯ તા. જેમાં "રોતી હે ભારત" એ શબ્દોથી શરૂઆત અને છેવટે ૨૭-૪-૨૨ " કલમ રખતે નહિ " એમ લખ્યું છે. (૨) " મુલ્ક હિંદ કે ઝંડેકા " શબ્દોથી શરૂ થતું અને " અબસે તરાનેકે લીયે " થી પુરૂં થતું " કોમી ઝંડા " નામનું હિંદી ચોપાનીયું.

૨૪ " સભીન્કે ગાંધીજીકે " શબ્દોથી શરૂ થતું અને " દીજેગા ઝરૂર બનાઈ" " શબ્દોથી પુરૂ થતું " વાણી પ્રકાશ " નામનું હિંદી ચોપાનીયું.

૨૫ ઉર્દુ ચોપાનીયાં (૧) " બોયકોટ " અને (૨) નં. ૬૦૭ તા. "હિંદુસ્તાનપર હુમલા ઔર મુસલમાનોકી ફરજ" (Attack on India and the Duties of the Musalmans) અહમદ કાયમ દાઉદ બશાબત, મીરતનાએ પ્રસિધ્ધ કરેલું.

(મે. ઉ. વિ. ના એ. ધ. સાહેબના તા. ૨૮-૭-૨૨ ના હુકમ નં. ૪૭૨૬ ને આધારે)

(મે. ઉ. વિ. ના. એ. ધ. સાહેબના હુકમ નં. ૬૨૮૫ તા. ૫-૯-૨૨ ઉપરથી)

૧ રાષ્ટ્ર જાગૃતિ, મુલશી સત્યાગ્રહ અને દારૂની પટે ભાગ ૧ લા કર્તા. યાદવગીર ગુરૂધર્માગીર ગોસાવી.	હોમ. ડિપા. નં. ૬૦૪ પોલ તા. ૧૬-૫-૨૨
૨ "મુંબઇના મુસલમાનોને વિનંતિ" એ નામનું ઉર્દુ (ગુજરાતી લીપીમાં છાપેલું) પાનીયું કતેમહંમદ અબદુલ લતીફની સહીવાળુ.	નં. ૬૬૬ પોલ તા. ૩૦-૫-૨૧
૩ અંગ્રેજીમાં છાપેલો " હીરપાણુનો ઇતિહાસ " (શીખ ધર્મ ઉપર અંગ્રેજ સરકારની હેરાનગતી) નો નમુનો—	નં. ૧૦૪૬ પોલ " તા. ૬-૬-૨૨
૪ "સ્વરાજ-એ-હદ નામનું ઉર્દુ ચોપાનીયું—	નં. ૧૦૭૭ પોલ તા. ૮-૬-૨૨

૫ " દર્દીજી દનહાન ઉર્ફ સ્વરાજ જો સદ " નામનું"
સિંધી ચોપાનીયું એટલે—" દુઃખનું રૂદન અથવા નં. ૧૦૬૬ પોલ
સ્વરાજ્ય માટે આહવાન " તા. ૧૨-૬-૨૨

૬ ઉર્ફ ચોપાનીયું. !" શીકવા-એ મુસ્લીમ " (મુસલ-
માનોની ફરિયાદ) નં. ૧૦૬૭ પોલ
તા. ૧૨-૬-૨૨

ખોરાકનું રસાયન.

શાળા પત્રના આ અંક સાથે જોડેલો ૧-૨૦ પાનાનો લેખ દરેક શિક્ષકને, વિશેષ કરીને. શિક્ષિકાને, મનન કરવા જોગ છે. આખો લેખ અગત્યનો છે, પરંતુ તેમાં પણ વધુ અગત્યનો ભાગ પેરા ૧૧ માનો છે, કારણ કે ખોરાકના પ્રકાર અને તેના જુદા જુદા પૌષ્ટિક તત્વોનું સારૂં જ્ઞાન હોય છતાં રાંધવાનું-રાંધવાની કળાનું જ્ઞાન ઘરમા સ્ત્રીને કે રસોઇઆને ન હોય તો તે સઘળું નષ્ટ થઇ જાય છે. આપણા લોકો ઘઉંના લોટનું થુલું, ચોખાનું ભુસું, ચણાના છોડા, કેટલાંક શાક ઉપરની છાલ વગેરે કાઢી નાખે છે અને તેનાં પાષ્ટિક તત્વોનો નાશ કરે છે, રાંધવામાં પાણીનું પ્રમાણ જાણવતા નથી, તથા ધીરા તાપે રસોઇ થવી જોઇએ એ વાત જાણતા નથી. એ સઘળાનું જ્ઞાન પગારદાર રસોઇઆને તો નજ હોય, પણ આપણા ઘરની સ્ત્રીઓને આવું જ્ઞાન હોય તો પોતે સારૂં કામ કરી શકે એટલું જ નહિ પણ રસોઇઆ પાસેથી પણ તે પ્રમાણે કામ લઇ શકે છોકરીઓની દરેક શાળામા પાક શાસ્ત્રનું એટલે કે અમુક વાનીઓ કેમ બનાવવી તેનું નહિ, પણ તે શાસ્ત્રીય રીતે કેમ બનાવવી તેનું જ્ઞાન અવશ્ય અપાવું જોઇએ. આને માટે પાક શાસ્ત્રનાં પુસ્તકો તથા કન્યા વાચનમાળામાં પાઠો તો ઘણા છે, પરંતુ આપણી દરરોજની આવાની વસ્તુઓ શાસ્ત્રીય રીતે કેવી રીતે રાંધી શકાય તેનું જ્ઞાન આપનારૂં ગુજરાતી સારૂં પુસ્તક અદ્યાપિ પર્યંત અમારા જાણવામાં નથી.

શાળાપત્રનો એક મહત્વનો ઉદ્દેશ વિજ્ઞાનની માહિતી ફેલાવવાનો છે. વિજ્ઞાનના પ્રચારાર્થે જે સંસ્થાઓ કાર્ય કરે છે તેમા સાહિત્યપરિષદ વિજ્ઞાનસમિતિ પણ એક છે. એ સમિતિનો રિપોર્ટ, શિક્ષકોની જાણ માટે તા. ૨૧ થી ૨૪ પાના સુધીમાં આ સાથે પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

અધિપતિ.

ખોરાકનું રસાયન. *

લેખકઃ—રા. રા. ચોપટલાલ ગોવિંદલાલ શાહ,
એમ. એ., બી. એસસી.

મનુષ્યના જીવનની શરૂઆતથીજ ખોરાક ખાવાનું અને તે સંબંધી તૈયારી કરવાનું કામ ઘણુંજ અગત્યનું ગણાયું છે. મનુષ્યને ખોરાકની જરૂર ન હોત તો તે કોઈ પણ પ્રકારનું કામ કરવાને તૈયાર થાત કે નહીં એ શંકાસ્પદ છેઃ ખોરાકને માટે, પેટ ભરવાને માટે સમાજની સાધારણ પ્રવૃત્તિ હોય છે એ નિર્વિવાદ છે; પેટ ભરવાનું પ્રાથમિક કામ થયા પછીજ મનુષ્યને ઉચ્ચ આશાઓ અને ભાવનાઓ સૂઝે છે. તેથીજ "ખાવું તે જીવવા માટે" કે "જીવવું તે ખાવા માટે" એ પ્રશ્ન ઘણીવાર દૃષ્ટિએ પડે છે. કેટલાએક શોખીનો ખાવું તે ખાવાનેજ માટે એવો આદર્શ ધરે છે. કલા તે કલાનેજ માટે, વિજ્ઞાન તે વિજ્ઞાનનેજ માટે, તેવી રીતે ભોજન તે ભોજનના સ્વાદનેજ માટે એ આદર્શ કાંઇ હલકો ગણી શકાય નહીં! પરંતુ આવો આદર્શ પ્રજાના સઘળા ભાગને રાખવો અશક્ય છે.

વિજ્ઞાનની દૃષ્ટિએ તો ભોજન તે ખોરાકના પુષ્ટિકારક તત્ત્વો માટે. આ વિચારથીજ આપણે આજે આપણો વિષય ચર્ચી શું. તે સંબંધમાં રાસાયનિક દૃષ્ટિએ ખોરાક એ શું છે, અને ખોરાકનો ઉપયોગ શરીરમાં શું થાય છે તે જોઇશું. હાલની સખ્ત મોંઘવારીના વખતમાં ખોરાકની આર્થિક અને તેની વાસ્તવિક રાસાયનિક કીમત સ્પષ્ટ રીતે સમજવાની જરૂર છે. ખાવાની વસ્તુઓ માટે પૈસા ખરચતાં છતાં તેમાંથી શરીરને જોઇતી શક્તિ અને પુષ્ટિ ન મળે તો તેમાં આપણોજ વાંક અને આપણુંજ અજ્ઞાન. આ અજ્ઞાન દૂર કરવાનો અને ખોરાકના રાસાયનિક ગુણોના જ્ઞાનનો રોજના જીવનમાં ઉપયોગ કેવી રીતે કરવો એ સમજાવવાનો આ ભાષણનો હેતુ છે.

૨. શરીર અને ભઠ્ઠી—આપણા શરીરને ભઠ્ઠીની સાથે ઘણી વખત સરખાવવામાં આવે છે, અને તે ઉપમા ઘણી રીતે બંધબેસતી છે. ભઠ્ઠી કોલસા કે બળતણ વગર ઠંડી પડી જાય છે; તેવીજ રીતે શરીરને પણ નિયમિત ખોરાક ન મળે તો શરીરની પ્રવૃત્તિ મંદ થઇ જાય છે અને છેવટે

* ગુજરાત સાહિત્ય પરિષદની વિજ્ઞાન સમિતિ તરફથી સુરતમાં અપાયેલા એક ભાષણની નોંધ ઉપરથી.

ભુખમરાથી શરીરનો નાશ થાય છે. ભઠ્ઠીમાં બળતા હવા જવાનો રસ્તો બંધ થાય અથવા તેમાં રાખોડી કે કચરો ભરાઈ જાય તો સંપૂર્ણ તાપ મળી શકતો નથી; તેવીજ રીતે શરીરમાં પણ કચરો ભરાવાથી શરીરની પ્રવૃત્તિ શિથિલ થઇ જાય છે. પરંતુ ભઠ્ઠી અને શરીર વચ્ચે બીજી રીતે ઘણો ફેર રહે છે તે ભુલી જવું જોઇએ નહીં. ખોરાક લેવાથી ફક્ત શરીર ગરમ રહે છે એટલુંજ નહીં પણ ઘસાતું શરીર ફરીથી બંધાય છે અને શરીરની નવી વૃદ્ધિ થવાને પણ સ્થાન મળે છે. એટલે કે માણસનું વજન કામ કરવા છતાં પણ એટલું ને એટલુંજ રહે છે અને ઘણીવાર વધે છે; આ વર્ધનશક્તિ ભઠ્ઠીમાં જોવામાં આવતી નથી. વળી ભઠ્ઠીમાં તાપ એક સરખો રહી શકતો નથી, પરંતુ આપણા શરીરમાં ગરમી એક સરખીજ રહે છે. અને એક દશાંશ ડીગ્રી જેટલો પણ તેમાં ફેરફાર થતો નથી. સાધારણ રીતે ૯૮.૪૦ ફે૦ ડીગ્રી જેટલું ઉષ્ણામાન આપણા શરીરમાં રહે છે અને શરીરમાં રોગ ન પેસે ત્યાં સુધી તેમાં કાંઈ ફેરફાર થતો નથી. એક નિર્જીવ વસ્તુને હમેશ આટલી ગરમ રાખવાને કેટલું બળતણ જોઇએ તેનો ખ્યાલ આપણને સહેજમાં આવે તેમ નથી. તે સંબંધી વધારે વિચાર આપણે પછીથી કરીશું. પરંતુ હાલમાં તો શરીર અને ખોરાક સંબંધી બે મુખ્ય વાતો યાદ રાખવી જોઇએ. શરીરની ગરમી–ઉષ્મા–હંમેશાં એક સરખી સાચવવા માટે, અને કામ કરવાથી શરીર ઘસાતું જાય તે ફરીથી બંધાવા માટે ખોરાકની જરૂર પડે છે. આ પ્રમાણે ખોરાકના બે મુખ્ય ઉપયોગ છે; એક તો શરીરને હમેશ ગરમ રાખવાનું અને બીજું શરીર ઘસાતું અટકાવવાનું. તેથી ખોરાકના મુખ્ય બે વર્ગ છે. એક તો શરીરને ગરમી–ઉષ્મા–અને કામ કરવાની શક્તિ આપનાર બીજા વર્ગમાં શરીરને ઘસાતુ બચાવવાને માટે નવું શરીર બાંધનાર આ બે વર્ગો વિષે હવે જરા વધારે વિગતથી તપાસ કરીએ.

૨. ખોરાકના વર્ગ—શરીર બાંધનાર પદાર્થોમાં "પ્રોટીડ" નામે ઓળખાતા પદાર્થોનો સમૂહ મુખ્ય છે; ગુજરાતીમાં આપણે તેમને 'કોષદ' કહીશું. શરીરના બંધારણમાં સ્નાયુઓ અને તંતુઓ હોય છે અને તે બધામાં "કોષ" સામાન્ય હોય છે. જેવી રીતે ઈંટો ગોઠવીને ઘર બંધાય છે તેવી રીતે "કોષો" ગોઠવીને શરીરની રચના થાય છે. ઈંટોના બંધારણમાં માટીનો ભાગ મુખ્ય હોય છે તેવી રીતે કોષોના બંધારણમાં આ કોષદ પદાર્થ મુખ્ય હોય છે. તેમનામાં નાઇટ્રોજન નામના રાસાયનિક તત્ત્વની હાજરીને લીધે તે શરીરના બંધારણમાં ઘણા ઉપયોગી થઇ પડે છે, અને તેથીજ તે ઘણા પૌષ્ટિક ગણાય છે. બદામ, પીસ્તા, મગફળી, દાળ, કઠોળ,

દૂધ, ઈંડાં, અને માંસ વિગેરેમાં આવા કોપદ્ધ પદાર્થો સારા અંશમાં મળી આવે છે તેથી તે ખોરાક પુષ્ટિ આપનાર ગણાય છે. તેમનામાં બીજી એક ખુબી છે કે શરીર બાંધવા ઉપરાંત કેટલેએક અંશે ગરમી-ઉષ્મા-અને કામ કરવાની શક્તિ આપે છે.

ઘી, તેલ અને માખણ એ **ચરબીવાળા પદાર્થોનો** એક જુદો વર્ગ છે; તેમનાથી શરીરમાં ગરમી ઉત્પન્ન થાય છે પરંતુ તેમાં નાઇટ્રોજનનો ભાગ નહીં હોવાથી છુટી ચરબી શિવાય શરીરમાં કાંઈ નવું બંધારણ થઈ શકતું નથી.

સાકર, ખાંડ, અને ગોળ એ પદાર્થો પણ નાઇટ્રોજન વગરના હોવાથી તેમનો મુખ્ય ઉપયોગ શરીરને ગરમી આપવામાં થાય છે. તે પાણીમાં જલદી ઓગળી શકતા હોવાથી શરીર થાકેલું હોય તે વખતે ખાસ ઉપયોગી થઇ પડે છે. તેમને અંગ્રેજીમાં "**કાર્બોહાયડ્રેટ્સ**" કહેવામાં આવે છે.

કઠોળ શિવાયના બીજા અનાજમાં આવા કાર્બોહાયડ્રેટ ઉપરાંત કોપદ્ધ પદાર્થો પણ મેળા હોય છે. ઘઉં, બાજરી, ચોખા, મકાઈ અને એવા અનાજમાં આવા સ્ટાર્ચવાળા પદાર્થો ઉપરાંત નાઇટ્રોજનવાળા કોપદ્ધ પદાર્થો હોય છે. ઘઉંના લોટને મલમલની એક નાની પોટલીમાં બાંધીને કાચના ગ્લાસમાં રાખીએ તો પાણીમાં બારીક મેદા જેવો પદાર્થ નીકળી આવે છે; આ સફેદ મેદાને સુકવી નાંખીએ તો સ્ટાર્ચ-આર બને અને પોટલીમાં રહેલી વસ્તુ જરા ચીકણી હોય છે તેમાં ગ્લુટન નામનો કોપદ્ધ પદાર્થ મુખ્ય હોય છે. આ પદાર્થને લીધેજ લોટની અને કણેકની ચીકાશ રહે છે.

ઉપરના તત્વો શિવાય **પાણી**, લોહીના તંતુઓ અને સ્નાયુઓના બંધારણમાં ઉપયોગી થઈ પડે છે. વળી મીઠા જેવા ક્ષારો, અને ખનિજ પદાર્થો શરીરનાં હાડકાં અને કઠણ તંતુઓના બંધારણમાં ઉપયોગી હોય છે. ઘણુકરીને આ ખનિજ ક્ષારો ફુલ અને વનસ્પતિમાંથી મળી આવે છે.

આ ઉપરાંત ખોરાકમાં "**વિટામીન**" નામના એક નવા સત્વની શોધ થઈ છે. તે ઘણી સૂક્ષ્મ રૂપમાં અને થોડા પ્રમાણમાં હોવા છતાં શરીરની જીવનશક્તિ અજબ રીતે વધારી શકેછે. લીંબુ, કેટલાંએક તાજાં ફળ અને શાક, પલાળેલા કઠોળ, ઘઉં અને ચોખાના ઉપરની છોલમાં, તાજાં દૂધ અને માખણમાં, ઈંડાં, માછલી વિગેરે પદાર્થોમાં આ તત્વ મળી આવે છે. રાંધતી વખતે એકદમ તાપ લાગવાથી આ તત્વોનો નાશ ન થાય તેની સંભાળ રાખવી પડે છે.

આ બધા પદાર્થોનુ નીચે પ્રમાણે વર્ગીકરણ થઈ શકે —



૪ ખોરાકનું પાચન—જેવી રીતે કાર્બોહાયડ્રેટ, કાપદ, અને ચરબી વાળા પદાર્થોના સમૂહો રાસાયનિક રીતે ભિન્ન છે, તેવી રીતે શરીરની અંદર તેમની ઉપર થતી રાસાયનિક ક્રિયા—ખાસ કરીને પાચનક્રિયા ભિન્ન પ્રકારની હોય છે આપણુ શરીર તે એ મોટુ રાસાયનિક કારખાનુ છે તેમાં કેટલીએક રાસાયનિક ક્રિયા પછી ખોરાકનુ રક્ત—લોહી—બને છે અને આ રક્ત મારફત કામ કરવાથી ઘસાઇ ગયેલા શરીરના અવયવોને પુષ્ટિ મળે છે રક્તનો અને શરીરનો મોટો ભાગ પાણીનો છે,—આપણા શરીરના કુલ વજનનો ૭૦ ટકા જેટલો ભાગ ફક્ત પાણીનો છે, અને શરીરના અવયવો, અંદરની ઇંદ્રિયો, તંતુઓ અને કોષો હમેશ પાણીથી ભરપૂર રહે છે ખોરાકના સત્ત્વો લોહી મારફત આ તંતુઓ અને કોષોને પહોંચે છે શરીરના કોઇપણ ભાગને પોષણ મોકલવુ હોય તો ખોરાકને પહોંચવા પાણી સાથે એકરસ કરવો જોઇએ—ખોરાકનુ પાણીમાં દ્રવણ કરવુ જોઇએ આથીજ પ્રવાહી ખોરાક—પાણીવાળો ખોરાક જેવો કે દાળનુ પાણી દૂધ, રાબડી વિગેરે જલદીથી પચી શકે છે દરેક પ્રકારના ખોરાકને પ્રવાહી રૂપમાં લાવવા માટે શરીરમા સારી ગોઠવણ છે પહેલાં તો નક્કર પદાર્થને ચાવીને બારીક કરવાને માટે મોંમા દાંત આપેલા છે તેની સાથેજ મોંમાથી નાળ જેવો એક રસ નીકળે છે આ રસમા 'ટાયલીન' નામનુ એક સત્ત્વ રહે છે તેનાથી ઘઉં, ચોખા, મકાઈ એવા અનાજના સ્ટાર્ચ [મેંદા] વાળો ભાગ ખાંડને મારફર જેવો મીઠાશવાળો બને છે તેથી ખોરાક ચાવીને ખાવાથી તેની મીઠાશ વધે છે, અને જલદી પચે છે

સ્ટાર્ચ [મેદા] વાળા પદાર્થોનું પાચન મોમાંથીજ શરૂ થાય છે ઉપર કહેલા ટાયલીન રસના નર્યા ખોરાક મોમાંથી જઠરમા જ્યાં સુધી ચાલુ રહે છે જઠરમા થોડીવાર રહ્યા પછી ત્યાંના આમ્લ રસોને લીધે આ ટાયલીન રસ નકામો થાય છે, પરતુ જઠરની બહાર ગયા પછી નાના આતરડામા એમીલોપ્સીન નામના રસની મદદથી મેદા જેવા પદાર્થોમાંથી મીઠાશવાળા દ્રવ્ય પદાર્થો બને છે આ નવા પદાર્થોમા ખાડના ગુણ હોવાથી અને પાણીમા સંપૂર્ણ રીતે ઓગળી શકતા હોવાથી સહેલાઇથી લોહીના ભેગા જઈ શકે છે

તેલ અને ઘી જેવા ચિકટ પદાર્થો ઉપર મ્હોમા કે જઠરમા કાઇ ખાસ ફેરફાર થતો નથી કેવલ જઠરની અદરની ધીમી ધીમી ગતિથી તેમનો એક રસ બને છે જઠરની બહાર નીકળતાજ આતરડાના શરૂઆતના ભાગ મા "પેનક્રીઆસ" નામની ગ્રથીમાંથી પેનક્રીઆટીક રસથી અને ત્યાજ ભેગા થતા પિત્તાશયમાંથી નીકળતા પિત્તના જોરથી થોડા ફેરફાર થાય છે, અને પછી આતરડામા તે સઘળાનુ સંપૂર્ણ મિશ્રણ [ઇમલ્શન] થાય છે અને તે રૂપમા પાચન થાય છે 'કોટના ઇમલ્શન' એ દવાથી ઇમલ્શન શબ્દ ઘણાને જાણીતો હશે તેમા ચિકટ પદાર્થો એવા બારીક રૂપમા હોય છે કે તે પાણી માંથે એક રસ લગભગ ઓગળી ગયેલા જેવા લાગે છે દીવેલ ચાહાની માંથે દોણીને આપવામા આવુ ઇમલ્શન થાય છે, દૂધની અદર પણ ઘીના બારીક રજકણો આવા ઇમલ્શનના રૂપમા રહે છે આવા રૂપમા ચરબીવાળો ખોરાક આતરડામા પાચન થાય છે, ત્યાંથી બારીક નલિકાઓ વાટે લોહીમા દાખલ થઇ શકે છે, અને લોહી મારફત શરીરના જુદા જુદા અવયવોમા તેમનો સંચય થાય છે આ સંચિત થયેલી ચરબી શરીરના સ્નાયુ, તતુઓ કે લોહીના કોષમના બધારણમા ઉપયોગી થતી નથી. પરતુ કસરત થવા કામ કરતી વખતે તે વપરાય છે, અને તેમાંથી શરીરને જોઇતી ગરમી અને કામ કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે

હવે ત્રીજા પ્રકારના ખોરાકની પાચનક્રિયા તપાસીએ. કોષદ પદાર્થોને મ્હોમા ચાવવાથી ફક્ત બારીક કણો સિવાય બીજો કાઈ રાસાયણિક ફેરફાર થતો નથી. પેટમા—જઠરમા ગયા પછી જઠર હાનુ રહે છે અને તેથી ખોરાકનુ સંપૂર્ણ મિશ્રણ થાય છે, અને તેમાંથી ઝરતા ખાટા રસો અને પેપ સીન નામના તત્વોથી કોષદ પદાર્થો ઓગળી—દ્રવી—જાય છે અને દૂધ જેવો રસ તૈયાર થાય છે, આ રસ દ્રવણ—આતરડામા જતાંજ લોહી માંથે મળીને શરીરને પોષણ આપવાને તૈયાર રહે છે આથી કોષદ પદાર્થોનો ખોરાક

ખાધા પછી સુસ્તીને બદલે; જાગ્રતિ આવે છે એમ કહેવાય છે. પણ આ જાગ્રતિ કાયમની નથી હોતી. થોડીવાર પછી શરીરમાં મંદતા દેખાય છે. તેથી કેવળ કોષદ્–માંસદ–ખોરાક ખાનારાને દારૂ જેવા માદક અને ઉત્તેજક પદાર્થની વધારે જરૂર પડે છે.

કોષદ પદાર્થોનું પાચન ઘણુંખરૂં જઠરમાંજ પુરૂ થાય છે; આ પાચન પુરૂ ન થાય એટલે ખોરાકનો એકરસ ન થાય ત્યાં સુધી ખોરાક જઠરની બહાર જઈ શકતો નથી. હલકો ખોરાક એક બે કલાકમાં પેટની બહાર નીકળીને નાનાં આંતરડાંમાં જઈ શકે છે, પરંતુ ભારે ખોરાકને ચાર પાંચ કલાક લાગે છે. જઠરમાં ખાટા રસો વધારે નીકળે છે, અને આંતરડાંમાં ખારા–ઉસ જેવા–રસો નીકળે છે; તેથી બંને જગ્યાએ પાચનક્રિયા જુદા પ્રકારની હોય છે, અને તે કારણથી એકજ પ્રકારનો ખોરાક લેવાને બદલે કોષદ પદાર્થો અને સ્ટાર્ચ–ભેદા વાળા પદાર્થોનું બંનેનું મિશ્રણ લેવાય તો બંનેનું પાચન સરલ થાય છે. સ્ટાર્ચવાળા પદાર્થોનું પાચન મ્હોમાંથીજ ટાયલીન નામના તત્વની મદદથી શરૂ થાય છે; જઠરમાં કોષદ પદાર્થો ન હોય તો આ ટાયલીનનો ત્યાંના ખાટા રસોથી નાશ થઈ જાય, અને સ્ટાર્ચવાળા પદાર્થોનું પાચન અટકી પડે. વળી આંતરડાંમાં કોષદ પદાર્થો એકલા હોય તો તે ત્યા સડે છે અને તેમાંથી દુર્ગંધમય વાયુ ઉત્પન્ન થાય છે, પણ તેમની સાથે સ્ટાર્ચવાળા પદાર્થો હોય છે તો બંનેની પાચનક્રિયા સ્હેલી થાય છે. આવાં કારણોથી એકલો કોષદ પદાર્થોનો ખોરાક અને એકલો સ્ટાર્ચ-વાળો ખોરાક ખાવા કરતાં બંનેનું મિશ્રણ વધારે ઇષ્ટ છે. એથીજ દાળભાત, ખીચડી, રોટલોભરો, પુલાવ, વિગેરે ખોરાકની યોજના સારી ગણાય છે. માંસાહારી પ્રજાઓમાં પણ પહેલાં માંસ ખાવાનો અને છેવટે મીઠાશવાળી વસ્તુ ખાવાનો રીવાજ પણ આવાં કારણોથી નિર્ણીત થયેલો હશે.

૫. ખોરાકની પોષકશક્તિ—ખોરાક કેવી રીતે પાચન થાય છે તે જોયા પછી, ખોરાકમાંથી કેટલું પોષણ મળે છે—તે કેવી રીતે માપી શકાય છે તે જોઇએ. સાધારણ રીતે મોંઘી ચીજો સારી–વધારે પુષ્ટિકારક એમ કહેવાય છે. પરંતુ વાસ્તવિક રીતે એ તદ્દન ખરૂં નથી. ઘણીએ મોંઘી ચીજોનો સ્વાદ સારો હોવા છતાં તેમની પોષક શક્તિ ઘણીજ ઓછી હોય છે. મોંઘાં શાક અને ફળ કરતાં અનાજમાંથી વધારે પોષણ મળે છે; શાકમાં અને ફળમાં પણ વધતી ઓછી પોષક શક્તિ જોવામાં આવે છે. નારંગી કે સફરજન કરતાં કેળાં વધારે પુષ્ટિકારક ગણાય છે. ચુલાવાળા ઘઉંના લોટ કરતાં ભેદ્યા ભેગા હોવા છતાં પણ તેમાં વધારે પોષક તત્વો હોતા નથી;

ઉલટું મોંઘું પડવામાં ભારે રહે છે એ તો સાધારણ અનુભવની વાત છે. તેવીજ રીતે ઘઉં કરતાં સારા ચોખા મોંઘા હોવા છતાં પ્રમાણમાં વધારે પુષ્ટિકારક હોતા નથી.

ખોરાકની વાસ્તવિક કિંમત અને ઉપયોગ તપાસવામાં અનેક દૃષ્ટિએ જોવું પડે છે. રાસાયનિક રીતે જોતાં ખોરાકમાં મુખ્ય પોષક તત્ત્વોનું કેટલું પ્રમાણ છે તે જોવાય છે. ભૌતિકવિદ્યાની દૃષ્ટિએ ખોરાકના અમુક વજનમાંથી કેટલી ઉષ્માશક્તિ મળી શકે છે તે જોવાય છે. શરીર વ્યાપારશાસ્ત્રની દૃષ્ટિએ જોવાનું કે ખોરાકનું પાચન કેવી રીતે અને કયા પ્રમાણમાં થાય છે, અને કેટલો ભાગ પચ્યા વિના નીકળી જાય છે. આર્થિક દૃષ્ટિએ જોવાનું કે પાકશાસ્ત્રની કલા અને જીભના સ્વાદને માટે ખોરાકનો નકામો ગણાતો ભાગ નાંખી દીધા પછી ખોરાકની વાસ્તવિક કીંમત મોંઘી પડે છે કે કેમ? આ બધી રીતે તપાસ કરવાનો આજે વખત નહીં મળે, પરંતુ તેમાંથી મુખ્ય બાબતોનું વિવેચન કરીશું.

૬. ઉષ્માશક્તિનું માપ-કેલોરી—ખોરાકની સરખામણી કરવામાં તેમાંથી ઉત્પન્ન થતી ઉષ્મા માપવાનું કામ જરૂરનું છે. તે સમજવા માટે આપણે શરીર અને ભઠ્ઠીની ઉપમા ફરીથી તપાસીએ. ભઠ્ઠીમાં જેમ બળતણ બાળવાથી કાર્બોનીક-ગેસ વાયુ ઉત્પન્ન થાય છે, તેવી રીતે આપણા શરીરમાં ખોરાકનું ભસ્મીકરણ થવાથી—બળવાથી તેજ વાયુ ઉત્પન્ન થાય છે અને આપણા શ્વાસની સાથે શરીરની બહાર નીકળે છે. તેથી એમ અનુમાન થઈ શકે કે બન્નેમાં અંતિમ રાસાયનિકક્રિયા સરખી હોવી જોઇએ. અને જેવી રીતે કોલસા, લાકડાં, અથવા બીજા બળતણની ગરમી આપવાની શક્તિ—ઉષ્મા શક્તિ—માપાય છે તેવીજ રીતે ખોરાકની ગરમી આપવાની શક્તિ માપી શકાય. ખોરાકની વસ્તુના અમુક વજનને હવામાં કે શુદ્ધ પ્રાણવાયુ (ઑક્સીજન)માં બળવા દેવાથી અને તેમાંથી ઉત્પન્ન થતી ઉષ્મા—ગરમીને પાણીમાં શોષાવી દેવાથી આ ગરમીનું માપ થઈ શકે છે. તેવીજ રીતે એક માણસને પણ પુરતી સગવડવાળા મોટા ગંજાવર વાસણમાં રાખીને તેમાં ખાવાનું, પીવાનું, વાંચવાનું, સુવાનું, બીજું બધું રોજનું કામ કરવા દઈને તેમાંથી ઉત્પન્ન થતી ઉષ્માને માપી શકાય છે. આ પ્રમાણે તપાસ કરતાં જે પરિણામ મળે છે તેને "કેલોરી" નામના એકમથી વર્ણવામાં આવે છે. આ કેલોરી શું છે તે સ્પષ્ટ રીતે સમજવાની ખાસ જરૂર છે, કારણ કે તે શબ્દ આપણે હવે પછી ઘણીવાર વાપરવો પડશે.

" કેલોરી " એટલે ઉષ્માશક્તિ માપવાનો એકમ જેવી રીતે વજનના એકમ તરીકે અંગ્રેજીમા 'રતલ' અને 'આમ' વપરાય છે, આપણા દેશમાં શેર અને તોલો વપરાય છે, અને જેવી રીતે અંતર માપવામાં તસુ, ઈંચ, ફુટ, ગજ, વાર વિગેરે એકમ તરીકે વપરાય છે, અને જેમ ઉષ્મા માપવામા શતાંશ (ડીગ્રી, ફાહરનહાઇટ કે સેન્ટીગ્રેડ) વપરાય છે, તેવીજ રીતે ઉષ્માશક્તિ માપવા માટે આ કેલોરી નામનો એકમ વપરાય છે એટ રતલ વજનને એક ફુટ જેટલું ઉચુ લઈ જવાને એક ફુટ-પાઉડ જેટલી શક્તિ જોઇએ, સો રતલ વજનવાળા માણસને ૧૫ ફુટ ઉચા પુલ ઉપર ચઢવાને પંદરસો ફુટ પાઉડ જેટલી કાર્યશક્તિ જોઈએ એક રતલ પાણીને ચાર ડીગ્રી (ફાહરનહાઇટ) જેટલુ ગરમ કરવાને એક કેલોરી જેટલી ઉષ્માશક્તિ જોઇએ આપણા નહાવાના પાણીનો દાખલો લઇએ એક રતલ પાણીને આપણા શરીરના જેટલા ઉષ્મામાને-એટલે લગભગ ૧૦૦ ડીગ્રી જેટલુ ગરમ કરવુ હોય તો લગભગ ૨૫ કેલોરી જેટલી ઉષ્માશક્તિની જરૂર પડે અને નહાવામાં આવા ૪૦ રતલ પાણીની જરૂર પડે તો ૧૦૦૦ કેલોરી જેટલી ઉષ્માશક્તિ વપરાય છે જુદી જુદી જાતના કાર્યમાથી કેટલી ગરમી ઉત્પન્ન થાય છે તે માપવાને " કેલોરી " જેવી રીતે ઉપયોગી થાય છે તે હવે સમજાયુ હશે.

૭ **શરીરનુ રોજનું કામ** આપણા શરીરમા રોજ કેટલી ઉષ્મા શક્તિ ઉત્પન્ન થાય છે અને તેટલી ઉષ્માશક્તિ ઉત્પન્ન કરવાને કેટલો અને કેવો ખોરાક જોઇએ તે સબંધી વિવેચન કરતા પહેલા ઉષ્માશક્તિ અને કાર્યશક્તિનો સબંધ શુ છે તે જોવુ પડશે એક રતલ પાણીને એક ડીગ્રી ફા જેટલુ ગરમ કરવાને જેટલી શક્તિ જોઇએ છે તેટલીજ શક્તિથી એક રતલ ભારને ૮૭૨ ફુટ જેટલી ઉંચાઈએ લઈ જઈ શકાય, અને ચાર ડીગ્રી ફા જેટલુ ગરમ કરવાને એક રતલ પાણીને માટે જોઇતા એક કેલોરી જેટલી ઉષ્માશક્તિમાથી એક રતલ ભારને ૩૦૮૭ ફુટ જેટલી ઉચાઇએ લઈ શકાય. એટલે એક કેલોરી=૩૦૮૮ ફુટ-પાઉડ. સાધારણ મનુષ્ય કસ્ત બપ જેટલીજ મહેનત કરે તો તેના શરીરમાથી રોજ લગભગ ૨૭૦૦ કેલોરી જેટલી ઉષ્માશક્તિ ઉત્પન્ન થાય છે આટલી શક્તિ જો યાત્રિક રીતે ઉપયોગમા લેવામા આવે તો તેમાથી કેટલુ બધુ કામ થઇ શકે તેનો આપણને રહેવાઇથી ખ્યાલ આવે તેમ નથી, કારણ કે તે શક્તિથી ૮૩ લાખ રતલ જેટલો બોજો એક ફુટ ઉચો ઉપાડી શકાય છે અથવા તો એ ટન જેટલો બોજો ૧૮૦૦ ફુટ જેટલી ઉચાઇએ લઈ શકાય છે એટલે કે

દરરોજ માણસના શરીરની ભઠ્ઠીમાં એટલું બધું કામ થાય છે અને એટલી બધી શક્તિનો વ્યય થાય છે કે તે શક્તિથી બે ટન એટલે ૫૬ બંગાલી મણ જેટલો બોજો માથેરાન કે મંડાલાની ટેકરી જેટલી ઉંચાઈએ લઈ જઈ શકાય.

આટલું બધું કામ શા માટે કરવું પડતું હશે ? અને તેથી શરીરને શો લાભ થતો હશે ? એ પ્રશ્નો તમારા મનમાં ઉઠ્યા થયા હશે. એવી ગણતરી કરવામાં આવી છે કે શરીરની પ્રવૃત્તિમાં આટલી બધી કાર્યશક્તિનો ઉપયોગ થશે ખરો શરીરની ગરમી ૯૮·૪ ડીગ્રી જેટલી સ્થિર રાખવાજોગ જણાય છે. જીવંત પ્રાણી અને અચેતન પદાર્થમાં એક મુખ્ય ભેદ તેમની ગરમીનો છે. આ ભેદ સાચવવાને માટે, શરીરની ગરમી અમુક ડીગ્રીએ સ્થિર રાખવામાં એકંદર શક્તિનો લગભગ ૮૩ ટકા જેટલો ભાગ વપરાય છે; ૮ ટકા જેટલો ભાગ શરીરની ઈંદ્રિયો અને તેમના વ્યવહારમાં, પ્રાચનક્રિયામાં, શ્વસનક્રિયામાં, રક્તપ્રસરણ ક્રિયા વિગેરેમાં વપરાય છે. ફક્ત ૯ ટકા જેટલોજ ભાગ બહારનાં કામ માટે એટલે કે હરવા ફરવામાં, મજુરી કે કસરત કરવામાં વપરાય છે. આથી એટલું સિદ્ધ થાય છે કે માણસને હરવું ફરવું ન હોય અને ફક્ત સુઈ રહેવું હોય તો પણ તેના શરીરની ગરમી એક સરખી જાળવી રાખવાને માટે ખોરાકની જરૂર પડે છે; ખોરાક ન મળે તો પણ શરીરની ભઠ્ઠી ચાલુ રહે છે અને ખોરાકના અભાવે તે ભઠ્ઠીમાં શરીરના અવયવો હોમાય છે–શરીરના માંસદ અને ચીકટ પદાર્થો બળી જાય છે અને ધીમે ધીમે શરીર સુકાતું જાય છે. માટે બહારનું કામ કરવું ન હોય તો પણ શરીરના દરેક અવયવને પોષણ મળે, ઘસાતું અટકે, તેનું નિત્યકાર્ય સારી રીતે થઈ શકે, અને શરીરની વાસ્તવિક ઉષ્મા જાળવી શકાય, તેને માટે ખોરાકની જરૂર છે.

૮. રોજનો ખોરાક કેટલો હોવો જોઈએ ? ખોરાક કેટલો ખાવો એ પ્રશ્નનો સૌથી સરલ ઉત્તર એ છે કે ભુખ હોય તેટલું ખાવું. પરંતુ તે ઉત્તર વૈજ્ઞાનિક દૃષ્ટિએ વાસ્તવિક ન કહેવાય. ઓછામાં ઓછું કેટલું ખાવાથી શરીરનો નિર્વાહ થઈ શકે છે–અને શરીર સારી રીતે પોતાનું કાર્ય કરી શકે તેને માટે કેટલો અને કેવા પ્રકારનો ખોરાક આપવો જોઈએ એ પ્રશ્ન ઘણી રીતે અગત્યનો છે. લશ્કરી માણસોને માટે આ સંબંધી ખાસ પ્રયોગો કરીને નિર્ણય કરવામાં આવ્યો છે: માંદાની અને નબળા માણસોની માવજતના સંબંધમા પણ આ પ્રશ્ન અગત્યનો છે; અને તે ઉપરાંત સાધારણ માણસને પણ આ સંબંધી બધું જાણવાની જરૂર છે. ખાસ કરીને બોધવારીના વખતમાં આ સંબંધી બરાબર તપાસ કરવાથી મહેનત, વખત અને પૈસાનો

અભાવ થઈ શકે છે. ખોરાકનું અમુક વજન જોઇએ એ નક્કી થયા પછી કઇ જાતનો કેટલો ખોરાક જોઇએ, અને તેમાંથી કેટલું પૌષ્ટિક તત્વ મળી શકે છે તે જાણ્યા પછી આપણો રોજનો ખોરાક નક્કી કરવામાં આવે તો આપણા જીવનનો એક મ્હોટો, અગત્યનો સવાલ ઉકલી શકાય. આ વિષય સંબંધી યુરોપ અને અમેરિકા વગેરે દેશોમાં નિશાળો અને કૉલેજોમાં સારું જ્ઞાન અપાય છે; ખાસ કરીને સ્ત્રીકેળવણીની સંસ્થાઓમાં આ સંબંધી વધતો ભાર મુકાય છે. આપણા દેશોમાં પણ આ પ્રશ્ન સ્ત્રીઓના હાથેજ ઉકેલાવો જોઇએ. તેમના રોજના વ્યવહારમાં, કયો ખોરાક કેટલો પુષ્ટિકારક અને કેટલી ઉષ્માશક્તિ આપે તેવો છે અને દરેક માણસને કેટલો ખોરાક આપવોજ જોઈએ, તે સંબંધનું જ્ઞાન ઘણુંજ ઉપયોગી છે.

માણસને કેટલો ખોરાક જોઈએ તે સંબંધમાં ઘણું અન્વેષણ થયેલું છે. સાધારણ રીતે આપણે જાણીએ છીએ કે ઠંડીના દિવસોમાં શરીરની ગરમી સાચવવાને માટે, વધારે ખોરાક લેવાય છે; ઉન્હાળામાં વધારે ખોરાકની જરૂર નહિ હોવાથી ઓછોજ ખોરાક લેવાય છે, તેવીજ રીતે ગરમ દેશોમાં ઠંડા દેશ કરતાં ઓછો ખોરાક ખાવો જોઇએ–ઓછા ખોરાકની જરૂર પડે છે. ઈંગ્લંડમાં ત્યાંના હવામાનને લીધે ૩૪૦૦ કેલોરી જેટલી ઉષ્માશક્તિ ઉત્પન્ન થાય તેટલો ખોરાક લેવો જોઇએ એવો નિર્ણય કરવામાં આવ્યો છે. પરંતુ ગુજરાતના હવામાનને માટે ૨૭૦૦ કેલોરી ઉત્પન્ન થાય તેના કરતાં વધારે ખોરાક લેવાની જરૂર નથી. માણસનું વજન વધારે ઓછું હોય, અને મહેનત, મજુરી વધારે ઓછી કરવાની હોય તો ખોરાકનું પ્રમાણ વધારે ઓછું કરવું જોઇએ. વળી પુરૂષ કરતાં સ્ત્રીઓ લગભગ વીસ ટકા જેટલા ઓછા ખોરાકથી તેટલુંજ કામ કરી શકે છે–શરીર ટકાવી શકે છે. પરંતુ બાળકોને–આમ કરીને મોટાં થતાં બાળકોને દોડવા કુદવા માટે અને શરીરની વૃદ્ધિને માટે વધારે ખોરાકની જરૂર છે. આ અપવાદો બાદ કરતાં માણસના વજનના પ્રમાણમાં કેટલા કેલોરી ઉત્પન્ન થાય તેટલો ખોરાક લેવો જોઇએ તે નીચે જણાવ્યો છે.

		કેલોરી.
પથારીમાં સુઇ રહે તો	શરીરના એક રતલ વજન દીઠ—	૧૫
ઘરમાં રહે તો	,, ,, ,, ,, ,,	૧૬–૧૭
થોડી કસરત લેતો	,, ,, ,, ,, ,,	૧૭–૨૦
સાધારણ કસરત લેતો	,, ,, ,, ,, ,,	૨૦–૨૨
ખૂબ મહેનત કરતો	,, ,, ,, ,, ,,	૨૪–૩૦

આ પ્રમાણે ગણત્રી કરવાથી ૧૧૦ રતલ વજનવાળા માણસને માટે સાધારણ રખડપટ્ટીવાળા ધંધામાં લગભગ ૩૪૦૦ કેલોરી ઉત્પન્ન થાય તેટલો ખોરાક જોઇએ, અને ૧૨૦ રતલ વજનના માણસને લગભગ ૨૭૦૦ કેલોરો ઉત્પન્ન થાય તેના કરતાં વધારે ખોરાકની જરૂર રહેતી નથી. માણસને એક મોટા કેલોરીમાપક યંત્રમાં મુકીને તેના શરીરમાંથી નીકળતી ઉષ્મા માપવાથી પણ લગભગ આટલી ઉષ્માશક્તિ ઉત્પન્ન થાય છે, એવું નક્કી થયું છે. વળી માણસોનો સાધારણ ખોરાક માપી જોવાથી પણ લગભગ આવીજ જાતનું પરિણામ સિદ્ધ થાય છે.

૯. ખોરાકના મુખ્ય તત્વો કયા પ્રમાણમાં હોવા જોઇએ ? મનુષ્યના રોજના કામને માટે કેટલી ઉષ્મા ઉત્પન્ન થાય તેટલો ખોરાક લેવો જોઇએ તે આપણે જોયું. હવે આ ખોરાક કઈ જાતનો-કેટલો કાર્બદ, ચિકટ અને મેદવાળા પદાર્થો કયા પ્રમાણમાં હોવા જોઇએ તે જાણવું જોઇએ.

ખોરાકના આ મુખ્ય ત્રણ વર્ગો માટે આપણે પહેલાં થોડુંએક વિવેચન કર્યું હતુ. શરીરમાં આ ત્રણે જાતના ખોરાક ભસ્મ થવાથી ઉત્પન્ન થતી ગરમી માપી શકાય છે. આ પદાર્થોને બહાર હવામાં બાળવાથી તેમનું સંપૂર્ણ ભસ્મીકરણ થઈ શકે છેઃ પરંતુ શરીરમાં ભસ્મીકરણ પુરૂં થઇ શકતું નથી, અને પાચન થયેલા ભાગ જેટલુંજ ભસ્મીકરણ થઇ શકે છે; ખાસ કરીને કાર્બદ પદાર્થો સંપૂર્ણ રીતે પાચન થઇ શકતા નથી. ચિકટ અને મેદવાળા પદાર્થોનો ઘણો ખરો ભાગ વહેલો ઓડો પાચન થઈ શકે છે અને તેમાંથી મળી આવતી ગરમી [ઉષ્મા] વધારે પ્રમાણમાં હોય છે. શરીરની પાચન ક્રિયાની આ ખાસ સ્થિતિની ગણત્રી કરીને એવો નિર્ણય કરવામાં આવ્યો છે કે ખોરાકના મુખ્ય પ્રકારની વસ્તુઓ શરીરમાં પાચન થવાથી નીચે જણાવેલા કેલોરી જેટલી ઉષ્મા ઉત્પન્ન થાય છેઃ—

	એક ગ્રામ જેટલા વજનમાંથી.	એક તોલા જેટલા વજનમાંથી
કાર્બદ પદાર્થો	૪.૧	૪૭.૫
મેદવાળા પદાર્થો	૪.૧	૪૭.૫
ઘી ચરબી.	૯.૩	૧૦૬.૮

ખોરાકની બધી વસ્તુઓનું પૃથક્કરણ થયેલું છે અને દરેક ખોરાકમાં કાર્બદ (પ્રોટીડ), મેદવાળા (કાર્બોહાયડ્રેટ) અને ચરબીવાળા પદાર્થોનું

ટલું પ્રમાણ છે તેનો નિર્ણય થયેલો છે. અમુક પદાર્થમાં આ તત્ત્વોનો ટલો ભાગ છે તે જાણવામાં આવે તો ખોરાકની ઉષ્માશક્તિનો અને તેથી ની પોષક શક્તિનો અંદાજ થઇ શકે. ઘીમા લગભગ સો ટકા જેટલો " ચરબી "–મૂલ સ્નિગ્ધ તત્ત્વ–નો ભાગ હોય છે તેથી એક તોલો ઘી ખાવા-ી ૧૦૭૦ કેલોરી જેટલી ઉષ્મા ઉત્પન્ન થઇ શકે. એટલે ૧૦૭૦ કેલોરી જેટલી ઉષ્મા ઉત્પન્ન થાય તેટલું કામ થઇ શકે. ઘઉંમાં લગભગ ૭૮ ટકા ટાર્ચ અને ૧૧ ટકા કોષદ પદાર્થો હોય છે તે પ્રમાણે એક તોલા ઘઉં-માંથી લગભગ ૬૮ કેલોરી જેટલી ઉષ્મા–શક્તિ મળી શકે. ચોખામાં ૮૦ ટકા સ્ટાર્ચ અને ૭ ટકા કોષદ પદાર્થ હોય છે તે હીસાબે એક તોલા ચોખામાથી ૪૦ કેલોરી જેટલી ઉષ્માશક્તિ મળી શકે, અને ખાંડમાંથી દરેક તોલે ૪૦૭ કેલોરી જેટલી ઉષ્માશક્તિ મળી શકે.

